23124
23124

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SAM-26

23124

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક
શ્રી ગિરીશભાઈ ભટ્ટ
તરફથી ભેટ મળેલું છે.

23124
23124

૨૭૫૫૫
૨૮૬

આ પુસ્તક દિવસ ગણી શકાશે.

24 MAY 1987

ગુજરાત વિદ્યાસભા

વિદ્યાપીઠ

વર્ષ : ૨૬] જાન્યુઆરી : ૧૯૫૧ [અંક : ૧



વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

છૂટક અંક

છ આના

ચલ્યાસ્મની પ્રતિભા

સમાધિયુક્ત ઊંડા અભ્યાસ વિના જ્ઞાન ન સંભવે, અનેક વિષયો પર અનેક પોથીનાં થોથાં વાંચ્યા કરવાથી કશો લાભ થતો નથી. અભ્યાસ વડે પ્રજ્ઞા સ્વતંત્ર અને પ્રતિભાશાળી થવી જોઈએ. બુદ્ધિને નવી ફૂંપળો ફૂટયા કરે, એનું નામ પ્રતિભા. નવી કલ્પના, નવો ઉત્સાહ, નવી શોધ, નવી સ્ફૂર્તિ — એ બધાં પ્રતિભાનાં લક્ષણો છે. આ પ્રતિભા ઠગલાબંધ પોથીનાં વાંચનથી અવશ્ય મરી જાય. સમાધિ એ અભ્યાસનું મુખ્ય તત્ત્વ છે.

: વિનોબાજી :

: આશ્રયદાતા :

સ્વ. જીવણભાઈ ધોળકિયા

અનુક્રમણિકા

૧. નૂ. બા. સંઘનો રૌપ્ય મહોત્સવ ... તા૦
૨. રજત મહોત્સવ : રૂપરેખા ... નામલે
૩. ક્રીડાંગણનાં સાથનો ... શામજી જમોડ
૪. બાલમંદિરમાં ભાષાશિક્ષણ શેષ નામલે
૫. યુરોપની સંસ્થાઓ ... ... તારાબેન
૬. નૂ. બા. સંઘનો અહેવાલ.....મંત્રીઓ

બા ળ – વિ ભા ગ

૧. સરદાર વલ્લભભાઇ ... જમુભાઇ દાણી
૨. દિવાળીના રંગકડા ... કપિલા ઠાકોર
૩. પચ્ચીસ વરસનો ઉત્સવ ... ... દાણી

—: તંત્રી નોંધ :—

'વી ર'ની વિદાય :

ગયા માસની પંદરમી તારીખે મુંબઇમા વીર વલ્લભભાઇનું અવસાન થયું. શ્રી. વલ્લભભાઇને પ્રજાએ આપેલું 'વીર' અને 'સરદાર'નું બિરદ કેટલું બધું સત્ય હતું એ વાત, એમના અવસાન પછી એમની પડેલી ખોટથી વધુ સ્પષ્ટ થાય છે. પંડિત જવાહર, રાજેન્દ્ર બાબુ અને ચક્રવર્તી રાજગોપાલાચારીથી માંડીને હિંદના એક સામાન્ય ગણાતા માનવીએ પણ એ અવસાનથી ઊંડો આઘાત અનુભવ્યો છે. એ સરદારથી પ્રત્યેનો ઊંડો પ્રેમ અને આદર બતાવે છે. હિંદમા જે કાળે જે વીરતા અને જે સૈનિકતાના પાઠ પઢાવવાના હતા તે એમણે આપ્યા છે. એમનું જીવન દરેક હિંદીમાં એ વીરતા પ્રગટાવી અખંડ રહો!

રૌપ્ય મહોત્સવ :

નૂ. બા. શિ. સંઘના રૌપ્ય મહોત્સવની અનેકવિધ યોજનાઓ ઝડપભેર ચાલી રહી છે. વ્ય. સમિતિ, વિનિયોગ સમિતિ, યોજના સમિતિ એની વિસ્તૃત રૂપરેખા દોરી રહેલ છે આ અંકમાં જ એ વાંચી શકશો. આ આખુ વર્ષ આપણે સૌએ સંઘની સહાય અર્થે, બાળશિક્ષણના વધુ કાર્ય અર્થે, સ્વ. ગિજુભાઇને આપણી સ્નેહભરી કાર્યાંજલિ આપવામાં ગાળવાનું છે. તા. ૧લી માર્ચ પરથી આ મહોત્સવ શરૂ કરવાને બદલે ફેબ્રુઆરીની રજાઓમાં પ્રચાર થઇ શકે એ હેતુથી, તિસે મહોત્સવ–વર્ષ ફેબ્રુ. ૧૫ થી કરવાનું ઠરાવ્યું છે. આપ સૌ એ મંગળ સાદ રાખશો?

[illegible] નોંધ :

પણ વધુ મેળવવાનો પ્રયાસ કરવાની તમને વિનતિ છે. સંઘ સભ્યોનો પ્રયાસ હશે તો બે હજાર ગ્રાહકોમાથી ચાર હજાર ગ્રાહકો થઈ જવા અશકય નથી. સંઘના અનેક કાર્યોમાં સંઘીઓનો સહકાર આવશ્યક છે શિક્ષણ પત્રિકા માટે પણ એ સહકાર ઇચ્છીએ છીએ.

મોમ્બાસાની શિક્ષણ–પત્રિકા :

મોમ્બાસામાં સોમાભાઈ ભાવસાર જે શિક્ષણ–પત્રિકા ત્યાના વાલીઓ માટે ચલાવી રહ્યા છે તેને બે વર્ષ પૂરા થાય છે. બાળકો માટેનો સંદેશ એમણે આ વાહનથી માબાપોને પહોચાડયો છે. શ્રી હેમુભાઈ, વસંતભાઈ નાયક અને અન્ય કાર્યકરોનો એમને સુંદર સહકાર રહ્યો છે. આપણા સંઘને એ પ્રદેશમાં આ મિત્રોએ જીવંત અને જાગૃત રાખ્યો છે. ડિસેમ્બરના અંકમા તેમ ગીતો અને એક બાલનાટિકા છે. એમના પ્રયાસમા આપણી શુભેચ્છા!

શેઠ હી. ગુ. જૈન બોર્ડિંગ :

શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ રજત, મુંબઈની સંસ્થાને પચ્યાસ વર્ષ પૂરાં થતા એનો સુવર્ણ–મહોત્સવ હમણાં જ ઉજવાઇ ગયો. એ પ્રસંગે, સંસ્થાના જૂના વિદ્યાર્થી શ્રી રમણીક વી શાહ, એડવોકેટે જે સુંદર સ્મારક અંક પ્રગટ કર્યો છે એ ખરે જ એક નવી ભાત પાડે છે સંસ્થા અને તેના વ્ય. મંડળ તરફથી ચાલતી અન્ય સંસ્થાઓનો પરિચય, ચિત્રો, અહેવાલ અને ભાવના આમાં રજૂ થયા છે. ઉત્કૃષ્ટ કલાથી અંકિત દરેક પાન જૈન રંગનું અને કલાની વિશિષ્ટતાનું દર્શન કરાવે છે એની પાછળનો [illegible]

[જાન્યુઆરી, ૧૯૫૧

ના

એકાદ પોસ્ટકાર્ડથી પોતાનું
વવું. સાથે સાથે પોતે કઈ
આપવા ઇચ્છે છે, તે પણ
વેભાગના મંત્રીઓ તેમનો
ા કામો સોંપશે.

-ય કરેલી શે. મ. ની યોજના
છાપેલી છે. તે ઉપરથી
પ્રકારનું કામ કરવાનું છે
ાવશે. બા. શિ.ને અંગે જે
મને વેગ આપવાની જરૂર છે.
પને સુસંગઠિત બનાવવાની
,જ હાથ ધરવાં જેવાં કામો
ા છે. આ બધાં માટે નાણાંની
ુ છે. એટલે આ બાર મહિના
ા ધાર્યા કરતાં પણ વધારે
જરૂરી છે. તેમાં સૌ મિત્રોએ
પૂરી વાપરવાની છે.

કરવાનું કામ ઘણાઓને
ંધિમાં ફાળો આપનારા પણ
ા ઉપર નારાજ હોય છે. બીજે
ડુ જ પ્્રેમથી સ્વિકારવામાં
ાત્રો ફાળાની પાવતી-બૂકો
તેમના પ્રત્યે અણગમો બતા-
ને ઘણીવાર જાકારો દેવાય છે.
એવી રીતે ભેગો નથી કરવો
ી અને હોંશથી એમાં ફાળો

આગામી ગુજરાતી શિક્ષણ-પત્રિકા

: આવશ્યક સૂચના :

૧૯૫૧ જાન્યુઆરીથી શરૂ થતા નવા વરસનું આપનું લવાજમ મનીઑર્ડરથી અથવા ચેકથી નીચેના સ્થળે વહેલી તકે મોકલી આપવા વિનંતી છે.

જાન્યુઆરીની આખર સુધીમાં જેમનું લવાજમ નહિ મળ્યું હોય તેમને ફેબ્રુઆરીમાં વી.પી.થી શિક્ષણ-પત્રિકા મોકલવામાં આવશે, જે સ્વિકારી આભારી કરશો.

કેટલીક વેળાએ વી. પી.નો સ્વિકાર થતો નથી તેમ જ વી. પી. ન કરવા માટે સભાસદો તરફથી જાણ પણ કરવામાં આવતી નથી. આવા સંજોગોમાં સંઘને વિનાકારણે ૦-૫-૦નો ખર્ચ થાય છે.

આશા છે કે આપનો સહકાર અમારી સૂચનાના પ્રત્યુત્તરમાં મળશે. લવાજમ મોકલતી વેળાએ આપનો સભાસદ નંબર અવશ્ય જણાવશો. લવાજમ ચેકથી મોકલવાનું હોય તો ચેક "સેક્રેટરી નૂતન બાળ-શિક્ષણ સંઘ"ના નામે લખશો.

બાબીબેન મૂલજી
વ્યવસ્થાપિકા

'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન,
વાલકેશ્વર **મુંબઇ, ૬.**

ેપ્ય મહોત્સવના કામમાં જોડાવા માટે તેમણે એકઠો કરવાનો છે. જે કંઇ આપણી ઇચ્છા અને

૧. નૂ. બા. સંઘનો રૌપ્ય
૧. રજત મહોત્સવ : ૩૫૩
૩. ક્રીડાંગણનાં સાથનો ..
૪. બાલમંદિરમાં ભાષાશિ
૫. યુરોપની સંસ્થાઓ ..

'વીર ૨'ની વિદાય :

ગયા માસની પંદરમી
વીર વલ્લભભાઈનું અવસાન થયું
પ્રજાએ આપેલું 'વીર' અને
કેટલું બધું સત્ય હતું એ વાત,
પછી એમની પડેલી ખોટથી ચ
પંડિત જવાહર, રાજેન્દ્ર બાબુ ર
ગોપાલાચારીથી માંડીને હિંદન
ગણાતા માનવીએ પણ એ
આઘાત અનુભવ્યો છે. એ સરદા
પ્રેમ અને આદર બતાવે છે. હિ
વીરતા અને જે સૈનિકતાના પાઠ
તે એમણે આપ્યા છે. એમનું જી
એ વીરતા પ્રગટાવી અખંડ રહે

રૌપ્ય મહોત્સવ :

નૂ. બા. શિ. સંઘના
અનેકવિધ યોજનાઓ ઝડપભે
વ્ય. સમિતિ, વિનિયોગ સમિતિ
એની વિસ્તૃત રૂપરેખા દોરી રહે
ત્યાં જ એ વાંચી શકશો. આ અ
રૌપ્ય સંઘની સહાય અર્થે, બ
કાર્ય અર્થે, સ્વ. ગિજુભાઈને અ
પુષ્પાંજલિ આપવામાં ગાળવાનું
પરથી આ મહોત્સવ શરૂ કર
રીની રજાઓમાં પ્રચાર થઈ
તિએ મહોત્સવ-વર્ષ
કરવાનું ઠરાવ્યું છે. આ
લાભ લેશો?
હું આશા રાખું છું.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૬ : અંક ૧] મુંબઇ [જાન્યુઆરી, ૧૯૫૧

નૂતન બાલશિક્ષણ સંઘનો

: રૌપ્ય મહોત્સવ :

ગયા અંકમાં વ્ય. મંડળનો રૌપ્ય મહોત્સવ અંગેનો ઠરાવ સૌના વાંચવામાં આવ્યો હશે. તે વખતે ૧૯૫૧ની શરૂઆતથી જ મહોત્સવ અંગેનું કામકાજ શરૂ કરવાની તેમની ઇચ્છા જાણી હશે. પણ પ્રત્યક્ષ કામ ચાલુ કરવાની દૃષ્ટિએ, જ્યારે યોજના વિચારવા બેઠા ત્યારે પૂર્વ તૈયારી માટે વધારે વખત જોઇએ એ વાત ધ્યાનમાં આવી. તેથી હવે યોજનાનો વીગતે વિચાર કરવા માટે તા. ૧૦–૧૨–૫૦ના રોજ મુંબઇમાં વ્ય. મંડળની બેઠક મળી હતી. ત્યારે એ વિચાર ફેરવવામાં આવ્યો છે. ૧૯૨૬ના માર્ચમાં સંઘ તરફથી શિ. પ. નો પહેલો અંક બહાર પડયો એટલે ૧૯૫૧ના માર્ચથી મહોત્સવના કામની શરૂઆત કરી, ૧૯૫૨ના માર્ચમાં મહોત્સવની પૂર્ણાહુતિ કરવી એવો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે હવે કાર્યકરોની સાથે સંપર્ક સાધી કામની રૂપરેખા આલેખવા માટે પૂરતો વખત છે.

ગયાં ૨૫ વર્ષમાં થોડો અથવા વધારે જેમનો સંબંધ સંઘ સાથે થયો અને જેમના મનમાં સંઘના આ બાળકેળવણીના કામ સંબંધે પ્રેમ ઉત્પન્ન થયો છે એ સૌ સંઘના કાર્યકરો જ છે. વચ્ચે અમુક દિવસ કદાચ કોઇ કારણસર સંબંધ અટકી ગયો હોય અથવા માત્ર પત્રિકાના વાચક તરીકે જ સંબંધ રહ્યો હોય તો ય સૌએ આ વર્ષે એ સંબંધ તાજો કરવાનો છે. સૌ બાળપ્રેમીઓને હું આગ્રહપૂર્વક વિનતિ કરું છું કે રૌપ્ય મહોત્સવના કામમાં જોડાવા માટે તેમણે આગળ આવવું અને એકાદ પોસ્ટકાર્ડથી પોતાનું સરનામું મને જણાવવું. સાથે સાથે પોતે કઇ રીતે કામમાં મદદ આપવા ઇચ્છે છે, તે પણ જણાવવું એટલે તે વિભાગના મંત્રીઓ તેમનો સંપર્ક સાધી તેમને કામો સોંપશે.

વ્ય. મંડળે માન્ય કરેલી રૌ. મ. ની યોજના આ અંકમાં બીજે છાપેલી છે. તે ઉપરથી મહોત્સવ અંગે કયા પ્રકારનું કામ કરવાનું છે તે સૌના ધ્યાનમાં આવશે. બા. શિ.ને અંગે જે કામ ચાલે છે એ કામને વેગ આપવાની જરૂર છે. તેમને વ્યવસ્થિત અને સુસંગઠિત બનાવવાની પણ જરૂર છે. તેમ જ હાથ ધરવાં જેવાં કામો પણ ઘણાં જ દેખાય છે. આ બધાં માટે નાણાંની જરૂર છે એ સૌ જાણે છે. એટલે આ બાર મહિના સતત પ્રયત્ન કરીને ધાર્યા કરતાં પણ વધારે નિધિ ભેગો થાય એ જરૂરી છે. તેમા સૌ મિત્રોએ પોતાની શક્તિ પૂરેપૂરી વાપરવાની છે.

નિધિ ભેગો કરવાનું કામ ઘણાઓને અપ્રિય લાગે છે. નિધિમાં ફાળો આપનારા પણ નિધિ કરવાવાળાઓ ઉપર નારાજ હોય છે. બીજે પ્રસંગે જેમને બહુ જ પ્રેમથી સ્વિકારવામાં આવે છે તે જ મિત્રો ફાળાની પાવતી–બૂકો લઇને આવે ત્યારે તેમના પ્રત્યે અણગમો બતાવવામાં આવે છે. અને ઘણીવાર જાકારો દેવાય છે. આપણે આ નિધિ એવી રીતે ભેગો નથી કરવો પણ ઘણા જ પ્રેમથી અને હોંશથી એમાં ફાળો એકઠો કરવાનો છે. જે કંઇ આપણી ઇચ્છા અને

ઉમંગથી આપવામાં આવે તે આપણાં બાળકો માટે છે. એ રીતે પ્રેમથી ભેટ મળે એ જોવાનું છે. એ દૃષ્ટિએ વ્ય. મંડળે નિધિ માટેની જે યોજના ઘડી છે, તેમાં નીચેની બાબતો તરફ કાર્યકરોનું ધ્યાન ખેંચીએ છીએ.

(૧) બા. શિ. અંગે જનતાની સેવા કરીને આ દાન મેળવવાનું છે. એટલે આ વર્ષ જેટલું નિધિ ભેગો કરવા કામનું છે તેનાથી વધારે શિ. પ. ના પ્રચારકાર્યનું છે. બા. શિ. નગરો, સંસ્કાર વર્ગો, વ્યાખ્યાન–માળાઓ, બાળકો અંગે મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે સલાહકેન્દ્રો– વગેરે જાત જાતના કાર્યક્રમો જુદાં જુદાં શહેરોમાં અને ગામડાંઓમાં યોજાશે. આ બધા કાર્યક્રમોને પરિણામરૂપે તે તે સ્થાનોમાથી આ શિક્ષણદાનમાં લોકો પોતાની ખુશીથી જે કંઇ અર્પણ કરશે તે લેવામાં આવશે.

(૨) દાન માટેની ટિકિટો ઉપર નજર ફેરવતાં દેખાશે કે એક આનાથી ટિકિટોથી શરૂઆત છે; અને વધારેમાં વધારે ૧૦૧ સુધી એ પહોંચ્યા છે. એટલે દાન આપવામાં અને તેમ કરીને બા. શિ. ના કાર્ય માટે પોતાની સહાનુભૂતિ નોંધવામાં નાના વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ તથા સર્વ સામાન્ય, સર્વ લોક ભાગ લઈ શકશે. જેમને વધારે રકમ આપવાની સ્ફુરિત થાય તેમને માટે અવકાશ રાખ્યો છે. પણ મુખ્ય ભાગ ૧રૂા. ૧૦રૂા. ૨૫, ૫૦, કે ૧૦૦રૂા. સુધી આપી શકે એમના ઉપર છે. એટલે આ નિધિમાં પોતાની ઊર્મિને ભેળવતાં કોઇને પણ ભારે પડવાનું નથી.

નિધિ ભેગો કરવા નિકળનાર સ્વયંસેવકોનું પણ અમે આ વાત તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ કે કોઇની પાસેથી અજુગતું દબાણ લાવીને અથવા કુમને નાની કે મોટી રકમ પડાવવી નહિ; પણ તેમનાં બાળકોની સેવા કરીને વધારેમા વધારે રકમ આપવાની ઇચ્છા લોકોમાં પેદા કરવી.

અમે આશા રાખીએ છીએ કે સ્વ. ગિજુભાઇના તથા સંઘના જૂના મિત્રો હજારોની સંખ્યામાં આગળ આવી આ કાર્યમાં સક્રિય મદદ આપશે.

પૂર્વ તૈયારી તરીકે જુદી જુદી જગાએ શિક્ષક માટે તથા કાર્યકરો માટે સંસ્કારવર્ગો અને શિબિરો ફેબ્રુઆરીના આખરના ભાગમાં ખોલવામાં આવશે. તેમાં તે તે વિભાગના લોકોએ ઉમંગથી જોડાવું અને માર્ચની ૧લી તારીખથી સૌએ આ કામ ઉપર ચડી જવું જોઇએ. આ ૧૯૫૧–૫૨ની સાલ આપણ સૌને માટે એકલી ઉઘરાણીની સાલ નથી પણ અત્યંત જુસ્સાથી કામને વેગ આપી બાળશિક્ષણનુ કાર્ય, ક્ષેત્રવિસ્તારમાં, જથામાં તથા ગુણમાં વધારેમાં વધારે કરી છૂટવાનું વર્ષ હોઇ તે અત્યંત મંગલ કાર્યક્ષમ વર્ષ છે; તેથી આપણા દેશ ઉપર **ભાવિ પ્રજાના** આપણા બાલ–દેવોના આશીર્વાદ ઉતરશે.

તારાબેન મોડક

નૂ. બા. શિ. સંઘના

રજત મહોત્સવ–કાર્યની રૂપરેખા

(તા. ૮–૧૨–૫૦ ના રોજ સાંજે મુંબઇમા ચોપાટી ઉપર એલોરા ફર્નિશર્સમાં યોજના-સમિતિની બેઠક મળી હતી. સમિતિએ એક-મતથી આ યોજના વ્ય. મં. આગળ મૂકવાનો નિર્ણય લીધો હતો, અને તેને વ્ય. મંડળે મંજૂરી આપી હતી.)

આજ સુધી સંઘનો વિકાસ વિધાયક કાર્ય કરીને જ થયો છે. તેના વિકાસની આ વિશેષતા સંઘની ૨૫ વર્ષની ઉંમરે ઉજવાતા રજત-મહોત્સવમા પણ રહે અને રજતમહોત્સવનો કાળ વટાવ્યા પછી, સંઘ અત્યારે જે રીતે કાર્ય કરી

રહ્યો છે તેના કરતાં પણ વધારે કાર્યક્ષમ અને સુસંગઠિત બને તે જ રજતમહોત્સવની યોજનાનું મુખ્ય લક્ષ રહેવું જોઇએ.

સંઘને વધારે કાર્યક્ષમ અને સુસંગઠિત કરવાની દૃષ્ટિએ સંઘના મધ્યસ્થ અને શાખાનાં કેન્દ્રોમાં સંઘના કાર્ય માટે પોતાનું જીવન અર્પી શકે એવા કાર્યકર્તાઓનું બળ ઊભું કરવાની યોજના થવી જોઇએ.

ગિજુભાઇએ શરૂ કરેલું કાર્ય અવિરતપણે ચાલુ રાખવા માટે સંઘને અનુકૂળ એવાં મકાનો અને જગ્યાનો પ્રબંધ પણ થવો જોઇએ. અને પૂ. બાપૂજીએ સ્વ. ગિજુભાઈનું કાર્ય ઊગી નીકળશે એવી જે શ્રદ્ધા વ્યકત કરી તેને મૂર્ત-સ્વરૂપ આપવા પ્રયત્ન કરવો જોઇએ.

સંઘની સાથે ગુજરાતી, મરાઠી અને હિંદી પ્રદેશોમાં ૧૦૦ જેટલી બાળકેળવણીની સંસ્થાઓ છે; તેના પ્રશ્નો ધ્યાનમા લઈ તે સંસ્થાઓને સંગઠિત અને કાર્યક્ષમ કરવાની યોજનાઓ પણ હાથ ધરવી. આ દૃષ્ટિએ દરેક વિભાગમા બાળઅધ્યાપન મંદિરો ખોલવા, શિક્ષકો, માબાપો, વાલીઓ માટે શિક્ષણ-ક્રમો યોજવા અને સંસ્કાર-વર્ગો વખતો વખત ચલાવવા. એ બાળમંદિરોને યોગ્ય સાધનો મળતા રહે તેવી વ્યવસ્થા કરવી. શહેરોમાં અને ગામડાઓ માટે બાળકોની દૃષ્ટિએ ઉપયુકત વસ્તુઓના /અને સાધન-સાહિત્યનાં વેચાણ-કેન્દ્રો ચલાવવા. આ બાળમંદિરોનું નિરીક્ષણકાર્ય વ્યવસ્થિત કરવું. જરૂર પડે ત્યાં આર્થિક સહાય પણ કરવી અને એ બાળમંદિરો દ્વારા સમાજનાં ગરીબ બાળકોની કેળવણીના પ્રશ્નો હાથ ધરવા. બાળકો, શિક્ષકો અને વાલીઓ સારુ પ્રકાશનો કરવા. શિક્ષણ-પત્રિકાને વ્યવસ્થિત અને લોકભોગ્ય બાયાપર મૂકવી; વગેરે અનેક કાર્યો સંઘ પાસે છે. અને તેને પાર પાડવા માટે આ રજત-મહોત્સવના પર્વમાં ગુજરાતી, મરાઠી અને હિંદી વિભાગોમા સંઘના કાર્યનો વ્યાપક પ્રચાર કરીને બની શકે તેટલો મોટો નિધિ એકત્ર કરવાની શિકસ્ત કરવી, આ યોજના નીચે પ્રમાણે છે.

૧. ઉપર જણાવ્યા મુજબના કાર્યનો પ્રચાર અને સંઘમાટે નિધિ મેળવવાનું કાર્ય ગુજરાતી, મરાઠી અને હિંદી પ્રાંતોમાં ૧લી માર્ચથી સંઘના સ્થાપના-દિનથી શરૂ કરવું.

૨. સંઘના જે કોઇ કેન્દ્રમાં પ્રચારનું અને નિધિ મેળવવાનું કાર્ય શરૂ થાય તે કેન્દ્રની આજુ બાજુના પ્રદેશમાંથી સંઘના શિક્ષકો, સભાસદો તથા કાર્યકર્તાઓના એક સપ્તાહ માટે શિબિરો, અથવા સંસ્કાર-વર્ગો યોજવા, એ શિબિરોના એક કાર્યક્રમ તરીકે બાળશિક્ષણ નગર યોજવું અને સાથેસાથે તે કેન્દ્રમાંથી સંઘ-માટે નિધિ ઉઘરાવવાની યોજના પણ હાથ ધરવી.

૩. મુખ્ય કેન્દ્રોમાં એ રીતે બાળશિક્ષણ નગર યોજાયા પછી નાનાં કેન્દ્રોમાં પણ એ જ રીતે નાના પાયાપરનાં બાળકેળવણીનાં પ્રદર્શનો કે નગરો યોજવાં અને ફાળો મેળવવાના પ્રયત્નો, પ્રાદેશિક રજત-મહોત્સવ સમિતિએ ચાલુ રાખવા.

૪. ત્રણે ભાષીય પ્રદેશોમાં એ રીતે ૧લી માર્ચે પ્રચાર અને નિધિનું કામ શરૂ થાય તેની પૂર્વ તૈયારી કરવાનું કામ એક મધ્યસ્થ રજત-મહોત્સવ સંચાલન કાર્યાલય દ્વારા કરવું. એ મધ્યસ્થ સંચાલન કાર્યાલય મુંબઈમા રાખવું. તે માટે યોગ્ય વૈતનિક કાર્યકરો રાખવા. આ કાર્યાલય દ્વારા પૂર્વ તૈયારી તરીકે નીચેના કામો હાથ ધરવાં.

રજત મહોત્સવ નિમિત્તનો પ્રચાર અને નિધિનું કામ વ્યવસ્થિત રીતે શરૂ થઇ શકે એ દૃષ્ટિએ કેટલુંક પ્રચાર સાહિત્ય અને નિધિ ઉઘરાવવા માટેની ટીકીટો છપાવી લેવી.

(અ) પ્રચાર-સાહિત્યમાં બધે ઉપયોગી થાય એવું, એક રજત મહોત્સવની યોજના જાહેર કરતું અને બાળકેળવણીનો પ્રચાર

કરતું પોસ્ટર બનાવવું અને તેની ૧૨।। હજાર નકલો કાઢવી.

(આ) સંઘ શું છે અને શું કરવા માગે છે વગેરે સંઘનો પરિચય આપતું એક હસ્તપત્ર ત્રણ ભાષામાં છપાવવું; દરેક ભાષા માટે ૫૦૦૦ નકલો.

(ઇ) સંઘના કાર્યનો સહેજ વિસ્તારથી ખ્યાલ આપતી પરિચય-પુસ્તિકા હિંદીમાં ૧૦૦૦ નકલો, અને અંગ્રેજીમાં ૧૦૦૦ નકલો છપાવવી.

(ઉ) સંઘના પ્રચાર માટે પ્રચાર–ટિકિટો અને સ્લીપો છપાવી લેવી અને સંઘના કાર્યમાં રસ લેતા બધા સભ્યોને પોતાના પત્રવ્યવહારમાં એ ટિકિટોનો ઉપયોગ કરવાની વિનતિ કરવી.

નિધિ–ટિકિટો વિશેની વિગત:–

દર	નંગ	પુસ્તકોનાં વેચાણ થયે પાન	રકમ
રૂા. ૧૦૧	૨૦૦૦	૫	૨,૦૨,૦૦૦
,, ૫૧	૨૦૦૦	૫	૧,૦૨,૦૦૦
,, ૨૫	૪૦૦૦	૧૦	૧૦૦,૦૦૦
,, ૫	૧૦,૦૦૦	૧૦	૫૦,૦૦૦
,, ૧	૨૦,૦૦૦	૨૫	૨૦,૦૦૦
,, ૧/૧૬	૧,૬૦,૦૦૦ (વાવટાઓ)	૧૬	૧૦,૦૦૦
			૪,૮૪,૦૦૦

રૂા. ૧૦૧ કરતાં વધારેની રકમો માટે વિશેષ રીતે છપાવેલી રસીદો આપવાની વ્યવસ્થા કરવી.

એવી રસીદોની પાંચ પાંચ પાનાંઓની એક પુસ્તિકા બનાવવી. કુલ ૧૦૦૦ રસીદો છપાવવી. આ પ્રકારની પૂર્વતૈયારી કરવા માટે મધ્યસ્થ સંચાલન કાર્યાલયના ખરચનો અંદાજ કરીને સાધારણ રીતે હાલ તુરત રૂા. ૧૫,૦૦૦નું ખરચ મંજૂર કરવામાં આવે. આ ખરચ જરૂર પડે તેમ કરતા જવું.

સંચાલન–કાર્યાલયની ઓફિસ ૧ લી જાન્યુઆરીથી શરૂ કરવી. અને તે માટેની પૂર્વ તૈયારી અત્યારથી જ શરૂ કરવી. મધ્યસ્થ કાર્યાલયે એક હિંદી ટાઇપ રાઇટર પણ ખરીદવું.

પગારદાર મુખ્ય પ્રચારક તરીકે બાલ–શિક્ષણના કોઇ નિષ્ણાતને એક વર્ષ માટે મેળવવાનો પ્રબંધ કરવો. એવા પગારદાર પ્રચારક ન મળે ત્યાં સુધી શ્રી. નામલે અને શ્રી. કારિયાને એક બે મહદનિશો આપીને અત્યારે કામની શરૂઆત કરવી.

આ કાર્યાલયનું કાર્ય નૂ. ખા. શિ સંઘના વ્ય. મંડળના માર્ગદર્શનથી થઈ શકે તે માટે, વ્ય. મંડળે **એક મધ્યસ્થ રજતમહોત્સવ સંચાલન સમિતિ નીમીછે;** એ સમિતિ દર પંદર દિવસે મળીને કાર્યાલયના કામનો અહેવાલ લે અને તેને સલાહ સૂચન કરે.

વ્ય. મંડળે નીચે પ્રમાણે સંચાલન–સમિતિ નીમી છે.

(૧) શ્રી તારાબેન મા. પ્રેમચંદ પ્રમુખ
(૨) શ્રી બાબીબહેન મૂળજી (આવાહક)
(૩) શ્રી સરોજબહેન યોધ
(૪) શ્રી ચંદુલાલ મો. ઝવેરી
(૫) શ્રી તારાબહેન મોડક
(૬) શ્રી પ્રભુભાઈ ઉપાધ્યાય
(૭) શ્રી જમુભાઈ દાણી
(૮) શ્રી સરલાતાઇ દેવધર

એ ઉપરાંત જરૂર પડે તો બહારના વધુ સભ્યો લેવાની એ સમિતિને સત્તા આપવામા આવી છે.

રજતમહોત્સવના વર્ષમાં જે નિધિ ભેગો થાય તેના વિનિયોગ જે ધોરણસર કરવાનો છે તેની ચોકસ વીગતો પર વિચારણા કરવા માટે વિનિયોગ સમિતિ નીમવી. એ સમિતિમાં દરેક શાળા તરફથી એકેક પ્રતિનિધિ લેવા અને અત્યારનું વ્ય. મંડળ એ સમિતિ બને.

વ્ય. મંડળે નીચે પ્રમાણેની સમિતિ નીમીછે.

(૧) શ્રી સરલાદેવી સારાભાઈ–ટ્રેઝરર, વિશ્વસ્ત મંડળ.
(૨) શ્રી તારાબહેન પ્રેમચંદ–સભ્ય
(૩) શ્રી ચંદુલાલ ઝવેરી ,,
(૪) શ્રી તારાબહેન મોડક–આવાહક,
(૫) શ્રી બાબીબહેન મૂલજી મંત્રીઓ
વ્ય. મંડળ.

એ ઉપરાંત આ સમિતિને, જરૂર જણાય તો બહારના કોઇને સલાહકાર તરીકે અથવા સમિતિના સભ્ય તરીકે લેવાની સત્તા આપવામાં આવી છે. તેમ જ એ જ ક્ષેત્રમાં કામ કરતી કોઈ સંસ્થાઓના પ્રતિનિધિઓને સભ્ય બનાવવા હોય તો તેમ કરવાની પણ સત્તા આપવામાં આવી છે.

આ સમિતિ નીચેના મુદ્દાઓ ઉપર વિચાર કરીને પોતાની યોજના વહેલામાં વહેલી તકે વ્ય. મંડળ આગળ મંજૂરી માટે રજૂ કરશે.

મુદ્દાઓ :

(૧) આ નિધિમાંથી કયા પ્રકારનાં કામ હાથ ધરવામાં આવે અને તેની વ્યવસ્થા કોને સોંપવામાં આવે ?

(૨) શાખાઓ અને મધ્યસ્થમાં નિધિની વહેંચણી કયા ધોરણસર કરવામાં આવે ?

નોંધ :– ઓછામાં ઓછો અને વધારેના વધારે કેટલો નિધિ થાય તેની અપેક્ષાએ ઉપરના બંને મુદ્દાઓ વિશેના નિર્ણયો લેવાવા જોઇએ.

(૩) સંઘની બહારની સંસ્થાઓ નિધિ ભેગો કરવામાં કોઈ શરતે ભાગ લેવા ઇચ્છતી હોય તો કયા પ્રકારની શરતો રાખવી.

રજતમહોત્સવના પ્રચાર અને નિધિ માટે જે બાળશિક્ષણ નગરો યોજાય તેનું ખરચ બાળ-શિક્ષણ નગરના પ્રવેશ-દ્રવ્યમાંથી નીકળે તે જોવું.

પ્રચાર માટે દરેક કેન્દ્રમાં રજતમહોત્સવ મંડળો રચવાની હિલચાલ મધ્યસ્થ સંચાલન કાર્યાલયમાંથી થવી જોઇએ; અને તે માટે સંચાલન સમિતિના સભ્યોએ જુદા જુદા પ્રદેશો જુદા જુદા કાર્યકર્તાઓને સોંપવા જોઇએ. અત્યારે એ રીતે પ્રત્યક્ષ ક્ષેત્ર-કાર્યકર્તાઓ (Field-workers) નૂ. બા. શિ સંઘના મધ્યસ્થ તરફથી નીચેની જુદી જુદી શાખામા તથા વિભાગમાં જઇને બાલશિક્ષણનગરો યોજવાનું કાર્ય તે તે વિભાગના કાર્યકર્તાઓની મદદથી કરશે.

શ્રી તારાબેન મોડક, શ્રી શેષ નામલે, શ્રી સ. આ. કેળકર અને શ્રી તારાબાઈ દેવધર, શ્રી અનુતાઈ વાઘ, શ્રી શાંતિભાઈ રાવળ.

એ ઉપરાંત હજી આઠેક અથવા અમુક સમય આપી શકે એવા કાર્યકર્તાઓ મેળવવાનો પ્રયત્ન કરવામા આવે છે. જેમ જેમ મળતા જશે તેમ તેમ તેમના નામો ઉમેરવામા આવશે.

મુંબઈ, અમદાવાદ જેવા મુખ્ય મુખ્ય શહેરો માટે જુદી સ્વતંત્ર યોજના વિચારાશે.

મધ્યસ્થ સંચાલન કાર્યાલયે તાત્કાલિક કરવા જેવાં કામો :–

(૧) ટિકિટોની છપામણીની વ્યવસ્થા.
(૨) બાળકેળવણી પ્રદર્શનો માટે જોઇતા ચાર્ટસ, ચિત્રો–સાધનોની યોજના. ત્રણે ભાષામાં બે સેટ્સ બનાવી લેવા.
(૩) પોસ્ટર્સ તૈયાર કરાવવા.
(૪) પ્રસિદ્ધિ–સમિતિ નીમવી–પગારી માણસ રાખીને કામ શરૂ કરવું.
(૫) સિમ્બોલ્સ, ચિહ્નો વગેરે યોજવા.
(૬) સત્કાર–વર્ગોની યોજના કરવી.
(૭) પત્રવ્યવહાર માટે સ્લીપો અને પ્રચાર–ટિકિટો છપાવવી.
(૮) મુંબઈ અને અમદાવાદમાં નગરોની જુદી યોજના કરવી.

—શેષ નામલે
મંત્રી, યોજના સમિતિ.

ક્રીડાંગણનાં સાધનો

૩. લપસણું :

બાળકનું શરીર જેમ જેમ વિકસતું જાય છે, તેમ તેમ તેને મોટેના સાધનો પણ તેના શરીરને પોષક એવાં હોવાં જોઈએ. સાધનાનું બાળક માત્ર સહેજ ઊંચે ચઢવા પ્રયત્ન કરતું હતું; તો પછી એ સીડી પર ચડતું થાય છે અને પોતાના જોરે પોતે હીંચકા પર બેસીને કે ઊભું રહીને હીંચકા ખાઈ શકે છે.

લગભગ ૩ થી ૪ વર્ષનું બાળક સીડી પર ચડી શકે છે ને ઊતરી શકે છે. બાળકને માટે સીડી પર ચડવું સહેલું છે પણ નીચે ઊતરવાની ક્રિયા અઘરી, મુશ્કેલ થઈ પડે છે. સીડી પરથી નીચે ઊતરવા માટે હાથ પગ ઉપર વધારે કાબૂ હોવાની જરૂર છે. પણ તેની આ ઉંમરે એ કાબૂ પ્રમાણમાં ઓછો હોય છે; જેથી બાળક સીડી કે દાદર ઉપર ચડી જાય છે ખરું, પણ ઊતરી શકતું નથી, આથી મોટેરાં તેને તેડીને અથવા તો ઝાલીને ઊતારે છે.

જો કે બાળક સ્વપ્રયત્નથી સીડી કે દાદર પરથી ઊતરવા મથે છે ખરું, પરંતુ જે બાળકને એ સમયે માત્ર ચડવાનું જ ગમતું હોય છે તો તે સમયે આ લપસણાની જરૂર પડે છે. લપસણું એ એવું સાધન છે કે સીડી પરથી બાળકે ઊંચે ચડવાનું અને પછી બીજી તરફ બેસીને પાટિયા પરથી, ઊંચેથી નીચે લપસી પડવાનું.

બીજી રીતે વિચાર કરીશું તો જણાઈ આવે છે કે આ ઉમરે બાળક માના ખોળામાંથી સરી પડતું હોય છે, કાખમાંથી પણ લપસી પડતું હોય છે. ઘોડિયામાંથી પણ ઉમળકો મારીને સરી પડતું હોય છે. સહેજ મોટી ઉંમરનાં બાળકો દાદરના કઠેડા પરથી લપસે છે. આ રીતે લપસી પડવું તેને ગમે છે ને લપસે છે ત્યારે જ તેને આનંદ આવે છે.

આ કારણથી આપણે બાળકને લપસવા માટેની સગવડતા કરી આપવી જોઈએ. સીડી પર અદ્ધર ચડે અને ઉપરથી ઢાળ પડતા પાટિયા પરથી બેસીને સરરર નીચે લપસી પડે છે. સીડી પર ચડે ને વળી લપસી પડે. આ પ્રવૃત્તિ તે વારંવાર એટલા માટે કરે છે કે તેનો લપસવું ગમે છે. લપસતી વખતે પણ બાળકે પોતાના હાથ પર કાબૂ રાખવો પડે છે.

લપસણાં જાત જાતનાં બનાવી શકાય.

(૧) એક તરફ સીડી ને બીજી તરફ લપસવા માટે પાટિયું.

(૨) ચોરસ માંડવો; એક બાજુ સીડી, બીજી ત્રણ તરફ લપસણાં.

(૩) સર્પાકાર લસપણું

(૪) સીડી પર ચડીને સળિયાને હાથથી પકડીને લપસવાનું.

(૫) સીમેન્ટનાં પણ લપસણાં બનાવી શકાય છે.

લપસણાંની ઊંચાઈ ૮ થી ૧૦ ફૂટ કરતાં વધારે રાખવી નહિ. જ્યાં બાળક લપસીને પડે ત્યાં રેતી કે બીજી પોચી જમીન રાખવી.

આ લપસણાં, બાળકોને ગમે તેવાં સુંદર રંગોથી રંગાવીને રાખવાં. દરેક શાળામાં અને દરેક બાલક્રીડાંગણમાં જાત જાતનાં આવાં લપસણાં રાખવાની જરૂર છે.

શામજી જમોડ

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

[લેખાંક ૧૧ મો : પ્રતીકોની રમતો]

આ લેખમાં નામનાં વચન અને જાતિની પ્રતીકોની રમત વિષે વિચાર કરીશું. મૌખિક રમતો દ્વારા એકવચન, બહુવચન અને નરજાતિ, નારીજાતિ ને નાન્યતરજાતિની કલ્પના બાળક પાસે પહોંચી ગઈ છે. પ્રતીકોની રમત દ્વારા એ કલ્પના વધુ દૃઢ થાય છે.

એકવચન-બહુવચનનાં પ્રતીકોની રમત

હેતુ: નામનાં એક વચન અને બહુવચનના રૂપમાં થતો ફેર બાળકના લક્ષમા લાવવો.

સાધન: વચનની આઠ પ્રકારની ડબ્બીઓ.

વર્ણન: સાધારણ રીતે ૬"×૨"×૧॥" આકારની ડબ્બી હોય છે; તેની અંદર બે ભાગ —બાનાં હોય છે. તેની અંદર એક ભાગમાં એકવચનની અને બીજા ભાગમાં બહુવચનની ચિઠ્ઠીઓ રહી શકે એ માટે આવી સગવડ હોવી જરૂરી છે; ચિઠ્ઠીનું માપ ૨"×૧"નું રાખવું. બન્ને બાનાંની ચિઠ્ઠીઓનો રંગ જુદો હોવો જોઇએ. એવીજ એક ચિઠ્ઠી ઉપર એક કાળો ત્રિકોણ કરવો અને બીજી ચિઠ્ઠી ઉપર એક કરતાં વધારે કાળા ત્રિકોણો કરવા એટલે અનુક્રમે, એકવચનનું અને બહુવચનનું પ્રતીક બનશે. દરેક વચનની ડબ્બીઓ સાથે આ બન્ને પ્રતીકો આવશ્યક છે.



એકવચનનું પ્રતીક.

બહુવચનનું પ્રતીક.

પહેલી ડબ્બી: "ઇ" કારાન્ત નારીજાતિનાં નામો; દા. ત. બિલાડી–બિલાડીઓ; ચકલી–ચકલીઓ; ચોપડી–ચોપડીઓ; વગેરે.

બીજી ડબ્બી: "અ" કારાન્ત નારીજાતિનાં નામો. દા. ગાય–ગાયો; ભેંસ–ભેંસો કોયલ–કોયલો.

ત્રીજી ડબ્બી: "અ" કારાન્ત નરજાતિનાં નામો; દા. ત. માણસ–માણસો; શિક્ષક–શિક્ષકો; દેશ–દેશો.

ચોથી ડબ્બી: "ઓ" કારાન્ત નરજાતિનાં નામો. દા. ત. છોકરો–છોકરાઓ; કૂતરો–કૂતરાઓ; વાદરો–વાદરાઓ.

પાંચમી ડબ્બી: "ઉ" કારાન્ત નાન્યતરજાતિના નામો. દા. ત. બારણું–બારણાં; તાળું–તાળા; છોકરું–છોકરાં.

છઠ્ઠી ડબ્બી: "અ" કારાન્ત નાન્યતર જાતિનાં નામો. દા.ત. બતક–બતકો; હરણ–હરણો; જંગલ–જંગલો.

સાતમી ડબ્બી: દ્રવ્યવાચક નામો. દા. ત ઘઉં–ઘઉં; સોનુ–સોનું; પાણી–પાણી; આ નામોનું બહુવચન સરખું રહે છે.

આઠમી ડબ્બી: ભાવવાચક નામો. એ નામનું બહુવચન પણ સરખું જ રહે છે. પ્રેમ–પ્રેમ; દયા–દયા; ક્રોધ–ક્રોધ. જે નામોના **એકવચન અને બહુવચન** સરખા જ હોય તેની બે ચિઠ્ઠીઓ પણ જુદા રંગની રાખવી. એક, એકવચનના પ્રતીક નીચે મૂકવા, અને બીજી બહુવચનના પ્રતીક નીચે મૂકવા માટે.

દરેક નામની દશ ચિઠ્ઠીઓ રાખવી. એટલે એટલે એકવચન અને બહુવચન મળીને વીશ ચિઠ્ઠીઓ થશે.

સ્વાધ્યાય-નિદર્શન:

શરૂઆતમા ૧ થી ૬ ડબ્બીઓ રમવા માટે પસંદ કરવી. ત્યાર પછી સાતમી અને આઠમી પેટીનો ઉપયોગ બતાવવો.

ટેબલની વચમાં એકવચનનું પ્રતીક અને એની બાજુમાં બહુવચનનું પ્રતીક મૂકવું. પછી એક ચિઠ્ઠી ઉપાડીને વાંચવી. એકવચનની હોય તો એકવચનના પ્રતીક નીચે મૂકવી. પછી એ જ નામનું બહુવચન શોધી, એની ચિઠ્ઠી એની બાજુમાં, બહુવચનના પ્રતીકની નીચે મૂકવી. એ જ પ્રમાણે બધી ચિઠ્ઠીઓથી રમવું.

દરેક પેટીની રમત ઉપર પ્રમાણે જ રહેશે. બાળકની વય: ૫ થી ૬.

હવે નરજાતિ, નારીજાતિ અને નાન્યતર-જાતિની કલ્પના વધુ દૃઢ કરવા માટેની પ્રતીકોની રમત નીચે પ્રમાણે યોજી શકાય.

નરજાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિની પ્રતીકોની રમત.

હેતુ: નામની જાતિમાં થતો ફરક બાળકના લક્ષમાં લાવવો.

સાધન: આ રમત માટે પણ વચનની ડબ્બીઓ જેવી જ ડબ્બીઓનો ઉપયોગ કરવો. એની પણ, એક જાતિની દશ ચિઠ્ઠીઓ રાખવી; અને બન્ને ખાનાંની ચિઠ્ઠીઓનો રંગ જુદો રાખવો. તેમાં નીચે પ્રમાણેની ડબ્બીઓ રાખી શકાય.

પહેલી ડબ્બી: "અ"કારાંત નરજાતિનાં નામો. દા. ત. શેઠ–શેઠાણી; પટેલ–પટલાણી; ભીલ–ભીલડી.

બીજી ડબ્બી: "ઓ"કારાંત નરજાતિના નામો. દા. ત. ઘોડો–ઘોડી; છોકરો–છોકરી; કૂતરો–કૂતરી.

ત્રીજી ડબ્બી: "ઈ"કારાંત નરજાતિનાં નામો. દા. ત. કોળી–કોળણ; ધોબી–ધોબણ; હાથી–હાથણ.

ચોથી ડબ્બી: કેટલાંક નરજાતિનાં નામો-જેની નારીજાતિ જુદા જ શબ્દથી બને છે. દા. ત. બોર–ઢેલ; બળદ–ગાય; પોપટ–મેના.

પાંચમી ડબ્બી: બહુવચન નરજાતિનાં નામો. દા. ત. કૂતરાઓ–કૂતરીઓ; કુમારો–કુમારીઓ; વિદ્યાર્થીઓ–વિદ્યાર્થિનીઓ.

એક ચોરસ ચિઠ્ઠી ઉપર કાળા ત્રિકોણ ઉપર છોકરાનું ચિત્ર ચોંટાડવું અને બીજા ઉપર છોકરીનું ચિત્ર ચોંટાડવું, એટલે અનુક્રમે, એ નરજાતિ અને નારીજાતિનું પ્રતીક થશે.

સ્વાધ્યાય–નિદર્શન: આ ડબ્બીઓનું સ્વાધ્યાય–નિદર્શન એકવચન અને બહુવચનની ડબ્બીઓ પ્રમાણે જ રહેશે.

આ પાંચે ડબ્બીઓથી પરિચિત થયા પછી બાળકને નાન્યતરજાતિનો ખ્યાલ આપવો. એને માટે નીચે પ્રમાણેનું સાધન બનાવી શકાય.

સાધન: ૮"×૨"×૧૫" ની ત્રણ ખાનાં-વાળી ડબ્બી કરવી. ત્રણે ખાનામાં જુદા જુદા રંગની ચિઠ્ઠીઓ રાખવી; તેમાં અનુક્રમે નરજાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિની ચિઠ્ઠીઓ મૂકવી. દરેકની દશ ચિઠ્ઠીઓ રાખવી. ચોરસ ચિઠ્ઠી ઉપર કાળા ત્રિકોણ ઉપર ઝાડનું ચિત્ર ચોંટા-ડવું; એ નાન્યતરજાતિનું પ્રતીક બનશે. ત્રણે પ્રતીકો આ ડબ્બીઓ સાથે રહેશે.

નાન્યતરજાતિના ખ્યાલ માટે બે પ્રકારની ડબ્બીઓ યોજી શકાય.

પહેલી ડબ્બી: એકવચનનાં નામોની નરજાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિની ચિઠ્ઠીઓ; દા ત. કૂતરો–કૂતરી–કૂતરું.

છોકરો–છોકરી–છોકરું.

બીજી ડબ્બી: બહુવચનનાં નામોની નર-જાતિ, નારીજાતિ અને નાન્યતરજાતિની ચિઠ્ઠીઓ. દા. ત. ચકલાઓ–ચકલીઓ–ચકલાંઓ.

બકરાઓ–બકરીઓ–બકરાઓ.

સ્વાધ્યાય–નિદર્શન: આગળની ડબ્બીઓ પ્રમાણે જ.

બાળકની વય: ૫ થી ૬.

—શેષ નામલે

યુરોપની થોડીક સંસ્થાઓ

દક્રોલી શાળા

એટ્‌જીઅમની સંસ્થાઓ અમને બહુ યાદ રહી જાય તેવી લાગી છે. આમા પણ બ્રસેલ્સની ડો. દક્રોલીની પદ્ધતિએ ચાલતી જે ત્રણ શાળાઓ જોઇ એ જોતાં તો એમ જ થયું કે બે ત્રણ મહિના અહીં આવીને એનો વધુ-સારો અભ્યાસ કરવો જોઇએ અને અનુભવ લેવો જોઇએ.

અમે જે પહેલી શાળા જોઈ તે નર્સરીથી માંડીને સાત ધોરણ સુધીની સંપૂર્ણ શાળા હતી; બીજી, નર્સરીથી શરૂ કરીને આર ધોરણ સુધીની હતી; ત્રીજી, મંદબુદ્ધિવાળાં બાળકોની હતી. ત્યાં પણ ત્રણથી ૧૪ વર્ષ અને તેની ઉપરનાં બાળકો હતાં. ત્રણેયમાં પદ્ધતિ એક જ પ્રકારની હતી. મંદબુદ્ધિનાં બાળકોની શાળાના કમ્પાઉન્ડમાં જ ડો. દક્રોલીના પત્ની અને તેમની એક પુત્રી રહે છે. તે અમને મળ્યા. તેમની મોટી પુત્રી જે એની મા સાથે રહે છે તે મંદબુદ્ધિનાં બાળકોની શાળામાં શિક્ષણનું કામ કરે છે ડો. પુત્રી બાળકોના વૈદકીય અને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ તપાસ કરે છે. આ ઉપરાંત, આ શાળામાં, ડો. દક્રોલીની સાથે પ્રથમથી કામની શરૂઆત કરીને એના મૃત્યુ પર્યંત જેણે સહાય કર્યા કરી હતા અને જે અત્યારે પણ શિક્ષણનું કામ કરે છે એવી એક શિક્ષિકા મળી.

જ્યાં ૧૦ વર્ષ સુધીના જ બાળકો હતાં એવી શાળામાં મુખ્ય શિક્ષિકા આ ડો. દક્રોલીની પટ્ટશિષ્યા હતી. તેણે ડો. દક્રોલીની પદ્ધતિ વિષેનાં પુસ્તકોનું અંગ્રેજી ભાષાંતર કર્યું છે એમ અમે જાણ્યું; જો કે એ પુસ્તકો તો અમને કયાંયથી મળ્યાં નથી.

પહેલી શાળામાં શાસ્ત્રીય દૃષ્ટિથી બૂબ જ સુંદર રીતે પ્રયોગ ચાલુ છે. મુખ્ય ધ્યાન ખેંચે તેવી વાત એ હતી કે બધા શિક્ષકોને આ નવી પદ્ધતિના પ્રયોગમાં પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ હતા. બીજી વાત એ જોઇ કે સારા ધનિક લોકોનાં બાળકો પણ અહીં આવતાં; એનો અર્થ એ કે લોકોમાં એ નવી પદ્ધતિ વિષે શ્રદ્ધા જાગી હતી અને સૌનો સારો મત હતો. વળી સારી ફી ભરીને માબાપો બાળકોને આમાં મોકલતા એથી સરકારનો પણ આ સંસ્થા માટે આદર વધ્યો. નવાઈની વાત તો એ હતી કે બ્રસેલ્સની બહાર એન્ટવર્પની શાળામાં દક્રોલીની પદ્ધતિનું નામ નિશાન ન હતું બીજે કયાંય આ પદ્ધતિની શાળા હતી કે નહિ તે બબર નથી; પણ એમ તો લાગે જ છે કે આ જાતની શાળાઓ ઘણી ઓછી હશે. કારણ, અમે યુરોપના નવ દેશમાં ફર્યા પણ આ પદ્ધતિ માત્ર બ્રસેલ્સમા જ અમે જોઈ. જીનીવાની નર્સરી શાળાના સંચાલકે અમને બ્રસેલ્સની દક્રોલીની શાળા જરૂર જુઓ એવી સૂચના કરી પણ તે શાળામાં આ પદ્ધતિમાંનું કાઈ જ ન હતું.

દક્રોલી પદ્ધતિનાં મૂળતત્વો, આપણે ત્યાંની બૌદ્ધિક પદ્ધતિને ઘણા મળતા આવે છે. શ્રી સૈયદૈનના Activity School ના પુસ્તકમાં ડો. દક્રોલીની શાળાનો બૂબ ઉલ્લેખ આવે છે. ૧૯૩૮ ની સાલમાં એ પુસ્તક વાંચ્યું ત્યારે દક્રોલીનું નામ જાણ્યું હતું પણ આ બે પદ્ધતિને આટલો નિકટનો સંબંધ છે એ વાત ત્યારે તો લક્ષમાં આવેલી નહિ.

દક્રોલી પદ્ધતિ અને મોન્ટેસોરી પદ્ધતિના મૂળ સિદ્ધાંતોમાં ઘણું સામ્ય છે, એ વાતો પરથી, પણ જણાઈ આવે છે. હોલેન્ડમાં મીસીસ જ્યુસ્ટન સાથે અમે દક્રોલી શાળાની વાત કરતા હતા ત્યારે એમણે પણ આમ જ કહ્યું. એમણે પોતે, એક વાર બ્રસેલ્સમાં ગયેલા ત્યારે ત્યાંના શિક્ષકો પાસે મોન્ટેસોરી પદ્ધતિ વિષે એક વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન પૂરું થયા બાદ કેટલાક શિક્ષકોએ આવી એમને કહ્યું,

"આજ તમે દક્રોલી પદ્ધતિ ઉપર કેટલું સુંદર વ્યાખ્યાન આપ્યું! અમે આટલા વખતથી આ શાળાના પરિચયમાં છીએ પણ આટલી સ્પષ્ટ કલ્પના અમને કોઇ દિવસ ન હતી." મીસીસ જ્યુસ્ટને પછી સ્પષ્ટ કર્યું કે એમણે તો મોન્ટેસોરી પદ્ધતિ વિષે સમજાવ્યું હતું; ત્યારે એ મંડળીએ કહ્યું કે મૂળતત્વોમાં અને એના આચારમાં ખૂબ જ સામ્ય રહેલું છે. મોન્ટેસોરી સાધનોવાળી શાળામાં ગણિત, લેખન, વાચન વગેરે વધુ દેખાઈ આવે છે જ્યારે દક્રોલીની શાળાઓમાં ઉદ્યોગ વધુ તરી આવે છે; અને પ્રથમ દર્શને એમ લાગી આવે છે કે આ બે વચ્ચે કાંઈ મેળ નથી. પણ જૂની શિક્ષણપદ્ધતિની સાથે તુલના કરતાં આ બે પદ્ધતિઓ ખૂબ જ નજીકની છે એમ લાગે છે. આ બેઉ પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે અમે દક્રોલી પદ્ધતિનું મૂળ પુસ્તક મેળવવા ઘણો પ્રયત્ન કર્યો પણ અમને એ પુસ્તક મળ્યું નહિ.

અમે દક્રોલી શાળા જોવા ગયા ત્યારે એક શિક્ષકે અમને એ પદ્ધતિની થોડી માહિતી આપી અને પછી શાળા બતાવવા લઇ ગયા. એ પદ્ધતિની માહિતી નીચે પ્રમાણે છે.

એમાં શિક્ષણના અમુક વિષય અથવા અમુક માહિતી શિખવવાનો ભાર નથી હોતો. પણ શિક્ષણનું કેન્દ્ર જીવન હોવું જોઇએ. બીજી વાત એ કે બાળકોના પ્રત્યક્ષ અનુભવને પ્રથમ સ્થાન આપવું જોઇએ. પછી બીજાઓએ કહેલું જ્ઞાન, અને છેવટે અનુમાનથી મેળવેલા જ્ઞાનને અવકાશ છે. તેમનો વર્ષનો અને છ માસનો અભ્યાસ નક્કી હોય છે અને તેમાં પ્રત્યક્ષ અનુભવ અથવા પરિચયથી મેળવેલા ઇતર જ્ઞાનને કેટલું સ્થાન મળે છે તે સંબંધી મોટા મોટા ચિત્રયુકત નકશાઓ બતાવવામાં આવ્યા.

આખું જીવન કેન્દ્રસ્થાની હોવા છતા એના ચાર વિભાગ પાડવામાં આવે છે. ૧. અન્ન ૨. ઘર અથવા વાસ ૩. જીવનશત્રુ અને ૪. ઉદ્યોગ. જગતની અંદર પ્રથમ જરૂરી વસ્તુ એટલે અન્ન અને ત્યાર પછી ઘર, રહેવાનું સ્થાન. આ પ્રમાણે જગતની કેટલીક મુશ્કેલીઓ, રોગ અને માંદગી વગેરેને જીવનના શત્રુઓ ગણવામા આવે છે. પછી, પ્રથમની બે ચીજો મેળવવાના અને ત્રીજાનું નિવારણ કરવાનું માનવીએ, પોતાના ઉદ્યોગથી સાધ્ય કરેલું છે. ઉદ્યોગમાં આપણે જેને હસ્તઉદ્યોગ કહીએ છીએ તેનો તથા એને માટે માહિતી મેળવવી, માપવાનું શિક્ષણ અને ગણિત. વિજ્ઞાન વગેરેનો સમાવેસ થાય છે.

બેલ્જીઅન બાઇએ અંગ્રેજમાં જે કાંઈ કહ્યું અને ચિત્ર, નકશા વગેરે જોવાથી જે સામાન્ય કલ્પના આવી તેમાંનો થોડો પરિચય ઉપર આપ્યો છે. તેની ઉપરથી આ પદ્ધતિના મૂળભૂત તત્વોનો ખ્યાલ આવી શકશે. પ્રત્યક્ષ શાળાઓ, ચાલુ શાળાઓ કરતાં નવીન એવી ઘણી વાતો એમાથી અમે જોઇ.

સુથારી કામને ખૂબ જ મહત્વનું સ્થાન અપાય છે એ અમે ત્યા જોયું. ઉપરના વર્ગોનાં બાળકોને, નીચલા ધોરણના માસ કરીને નર્સરી શાળાનાં બાળકોને ફર્નિચર કરી આપવાનું બહુ ગમે છે, એમ દેખાય છે. નીચેના ધોરણોના ફર્નિચર પરથી તે ધંધાદારી સુથારે કરેલું નથી એ તરત દેખાઈ આવતુ. પોતાના વર્ગો માટેનાં કબાટો, ટેબલ વગેરે આવશ્યક વસ્તુઓ બનાવેલી જોઇ. પ્રોજેકટ પદ્ધતિમાં હોય છે તેમ, શું શું બનાવવું, એ નકકી કર્યા પછી તેને માટે કેટલું લાકડું, કેવું લેવું જોઇએ; બીજું શું જોશે, તેનો

અર્ચ કેટલો થશે એની માહિતી મેળવવાની યોજના કરાય છે. એ છ અર્ચમાં તે થઇ શકશે કે ક્રમ એ વિષે શિક્ષકો અને અનુભવી-ઓના મત લેવાય છે અને પછી કામ શરૂ થાય છે. નર્સરી માટે સ્ટેજ, થિયેટર, પેટીઓ, સસલાં વગેરેનાં ઘરો–વગેરે બનાવવું તેમને બહુ ગમે છે.

વિજ્ઞાનના પ્રયોગો પણ ઘણા ચાલતા હતા એ અમે જોયું. આ ઉપરાંત, છાપખાનાનું કામ પૂર્ણ જોસમાં ચાલતું હતું. ચિત્રોના બ્લોકો તૈયાર કરવાનું પણ ત્યાં જ થતું. એ લોકો પોતાનાં માસિકો પણ જાતે જ છાપી કાઢતાં. ફ્રેન્ચ ભાષાનાં દક્કોલી પદ્ધતિનાં પુસ્તકો ત્યાં જ છપાતાં હતાં. તેનાં ફોર્મ્સ અમે અહીં લેતા લેતા આવ્યા છીએ.

રસોઇઘર અને તેને લગતું કામકાજ, શાકભાજીની વાડીઓ વગેરે કામોને સ્વાભાવિક રીતે જ મૂળ મહત્વનું સ્થાન મળવું દેખાતું હતું.

ભાષા બરાબર આવડે નહિ તેથી અને થોડા વખતમાં બધું જોઇ લેવાનું હોવાથી બરાબર સમજવાનો સંતોષ થયો નહિ. પણ એકંદરે ત્યાંની આ શાળાઓ આપણે ત્યાંની જીવન-શિક્ષણની દૃષ્ટિવાળી અથવા મૂલોદ્યોગ શાળાઓ જેવી જણાઇ. આપણે ત્યાં જે પ્રયોગ ચાલે છે એ દૃષ્ટિએ ત્યાંની શાળાઓમાં ત્રણ ચાર મહિના રહીને કોઇ અભ્યાસ કરી આવે તો આપણને મૂળ જ મદદરૂપ થઇ શકે. દરેક વર્ગમાં નકશાઓ, ચાર્ટસ, (તક્તાઓ, કોષ્ટકો, વગેરે) અનુભવ અને અનુમાનની દૃષ્ટિએ ભૂગોળ, ઇતિહાસ એ વિષયોને પણ ઊંચું સ્થાન આપેલું દેખાયું. ઓછી બુદ્ધિવાળાં બાળકોની નિશાળતાં, છોકરાં-ઓમાં પણ જાગતી જિજ્ઞાસા અને કામ કરવાની હોંશ દેખાઈ આવી.

અમે હિંદુસ્થાનમાંથી આવીએ છીએ એ જાણતાં એમના મનમાં અનેક પ્રશ્નો ઊઠવા લાગ્યા. વર્ગમાંથી બહાર નીકળતાં જ કેટલાંક બાળકો બહાર આવી માહિતી માગી જતાં; ખાસ કરીને વિમાનના પ્રવાસ માટે અને ચાર જ કલાકમાં અમે આવી ગયા એ વાત કહેતા, એ લોકોને બીજી ઘણી માહિતી મેળવવાની ઇચ્છા જાગી હતી એમ દેખાતું હતું. જ્યારે જિલ્લો, પ્રાંત, દેશ એ ક્રમમા શાળાની સાધારણ પદ્ધતિ મુજબ ભૂગોળ શિખવવામા આવતી હતી ત્યા હિંદુ-સ્તાનની વાત પરથી તો શું પણ વિમાનની વાત પરથી પણ છોકરાઓની જિજ્ઞાસા જાગી નહિ.

ચિત્રકામ, માટીકામ વગેરે કળાત્મક કામોને પણ સારું એવું સ્થાન આપવામા આવ્યું છે એમ જણાયું. ત્યાં ખરી કળાનું શિક્ષણ અપાય છે એમ અમે જોયું. બાળકોની સ્ફૂર્તિ, પ્રતિભા, કલ્પના, સૌંદર્યદૃષ્ટિ અને અભિરુચિ અમે એમના કામોમાથી જોઇ. છેક નર્સરી શાળાથી માંડીને ચિત્રકળા અને શિલ્પકળા માટે પણ છોકરાંઓમાં અભિરુચિ ઊભી થઇ હતી, એ અમે જોઈ શકયા.

તે જ પ્રમાણે પ્રત્યેક વર્ગમાં એક નાનું થિયેટર જોયું. પડદા, વિગ, જાતજાતનાં રંગીન ચિત્રો–બધામા બાળકોનું કામ જોઇ આશ્ચર્ય થયું. સારાશ એ કે આ પદ્ધતિની શાળામા ખરું જીવંતપણું અને જીવનને ઉપયોગી એવુ શિક્ષણ છે એનું પ્રત્યક્ષ દર્શન અમને ત્યા થયું.

તારાબેન મોડક

નૂ. બા. શિ. સંઘ

૧૯૪૮–'૪૯–'૫૦નો અહેવાલ

(ગયા અંકથી ચાલુ)

સંઘની શાખાઓ :

સંઘની શાખાઓમાં આ ત્રણ વર્ષમાં કંઈક શિથિલતા આવી છે; તેમાં દ. ગુજરાત, મધ્ય–ગુજરાત, સૌરાષ્ટ્ર શાખા, ઇંદોર શાખા અને નાગપુર શાખા એ શાખાઓનું કામ લગભગ સ્થગિત જેવું થઈ ગયું હતું. પણ આ વર્ષે જુન–જુલાઈમાં ઇંદોર શાખાની પુનર્રચના થઇ છે. ત્યાં જે એ ત્રણ જુદી જુદી સંસ્થાઓ જુદા જુદા સંઘ સ્થાપીને બાલશિક્ષણનું કામ કરી રહી હતી; એ બધા હવે એકત્ર થઇને સંઘની શાખા તરીકે ઇંદોરમાં કામ કરે છે. ત્યાંના બાલનિકેતનમાં સંઘે ગયે વર્ષે એક અધ્યાપન મંદિર પણ ચલાવ્યું હતું. તેમ જ તેમણે પોતાનું મકાન પણ બંધાવ્યું છે; એનું ઉદ્‌ઘાટન એ માસ ઉપર શ્રી સરદાર સાહેબના હસ્તે થયું છે. ત્યાં બા. શિ. સંઘે એપ્રિલ મહિનામાં એક પ્રદર્શન ભર્યું હતું. ઇન્દોરની જનતાને એ ઘણું જ ઉપયોગી અને બોધપ્રદ લાગ્યું હતું. ઇન્દોરમાં શ્રીમતી કોચરેકર બા. મંદિર તેમ જ બીજાં એ ત્રણ બા. મંદિરો ચાલુ છે. એ બધાંયે એકત્ર મળી નૂ. બા. શિ. સંઘની શાખા સ્થાપન કરી છે. કામ કરવા માટે સારા, ઉત્સાહી અને વિદ્વાન લોકો ભાગ લઈ રહ્યા છે, અને તેને શ્રી તાત્યાસાહેબ સરવટે જેવા અનુભવી અને સેવા-ભાવી-મધ્યભારતના પ્રસિદ્ધ કાર્યકર્તાની પ્રમુખ તરીકે દોરવણી મળી છે. હવે પછી સંઘના કામનો જે વિકાસ થાય, તેમાં હિંદી ભાષાને વિભાગીય રીતે પ્રથમ સ્થાન આપવું જોઇએ. કારણ કે ભારતમાં ઘણા મોટા મોટા પ્રાંતોની બોલાતી ભાષા હિંદી છે. એ ઉપરાંત, એ અખિલ ભારતની રાજભાષા પણ છે. આગળ જતાં સંઘના વિશાળ કાર્યક્ષમનું મધ્યસ્થળ – મધ્યભારત દુષ્યમ રાજવાનીનું ઇંદોર જેવું મધ્યસ્થળ થાય તે ઇચ્છવા જેવું છે.

નાગપુર શાખાનું કામ જરા મંદ પડ્યું દેખાય છે, પરન્તુ ત્યાંના બા. શિ. પ્રેમીઓ તદન નિષ્ક્રિય છે એમ નથી. – ૧૯૪૮–૪૯ માં તેઓએ એક અધ્યાપન મંદિર ચલાવ્યું હતું, તેમ જ બાલમંદિર માટે પૈસા કરીને બા. મંદિરના કામને યોગ્ય એવું મકાન પણ તૈયાર કર્યું છે આ વર્ષે કોઈ કારણસર વિદ્યાર્થીની સંખ્યા ઓછી હોવાથી અધ્યાપનમંદિર ચલાવી શકયા નથી; શાખાની બેઠકો બોલાવી શકયા નથી; અને શાખા તરફથી કોઇ કાર્યક્રમ કર્યો નથી, પરન્તુ એ શાખા થોડા પ્રયત્નથી કાર્ય કરતી થઈ જશે, એવી આશા રાખી શકાય છે.

સૌરાષ્ટ્ર શાખા પણ આ જુલાઇ મહિનાથી જ ફરીવાર વ્યવસ્થિત થવા માંડી છે. એ શાખામાં સૌરાષ્ટ્ર રાજ્ય તરફથી ચાલતાં બાલ-મંદિરોનું સંચાલન અમુક શરતે સંઘને સોંપવાની વાતો ચાલી રહી છે.

મધ્ય ગુજરાત અને દ. ગુજરાતમાં પણ ટૂંક વખતમાં ચેતન આવી જશે, એવી આગાહી કરી શકાય છે. આ વખતે સામાન્ય સભા તેમ જ કાર્યકર્તાઓનું સંમેલન અહીં વડોદરામાં મળ્યું છે, તેથી પણ આ બાજુના કાર્યને જોઇતો હતો તે વેગ મળી જશે, એમ આશા રાખી શકાય છે.

ઉ. ગુજરાત શાખા પહેલા જેટલી નહિ, તો પણ ઘણાં કામોમાં કાર્યક્ષમ રહી છે. ઉપરાંત ફેબ્રુઆરીમાં ત્યાં મોટા પાયા ઉપર બા. શિ. નગરનો ઉપક્રમ યોજવાનો તેમનો વિચાર છે.

મુંબઇ શાખા ૩ વર્ષ દરમ્યાન સારી રીતે કાર્ય ચલાવતી રહી છે. શિક્ષકોનાં સંમેલનો ત્યાં નિયમિત રીતે વર્ષમાં ચાર વાર થાય છે. તે વખતે બા. મંદિરોના સંચાલકો તથા શિક્ષકો એકબીજા સાથે બેસીને બા. મંદિરોના તેમ જ શિક્ષકોના જીવનના પ્રશ્નો ચર્ચે છે. સાથે જમે છે

અને આનંદ ઉત્સવ પણ કરે છે. આ વર્ષે, ફેબ્રુઆરીમાં મલાડમાં કાર્યકર્તાઓનું એક સંમેલન બોલાવવામાં આવ્યું હતું, એ બહુ જ સફળતાથી પાર પડયું હતું. બા. શિ. નગરનો ઉલ્લેખ ઉપર આવ્યો જ છે. નૂ. બા. શિ. સંઘનું કાર્ય કરવાના ઉદ્દેશથી બાલશિક્ષકોનો પણ એક સંઘ સ્થાપવામાં આવ્યો છે. એ મુંબઈ શાખા સાથે મળીને એ સંઘ ઘણું સારું કાર્ય કરે છે. સંઘના જુવાન કાર્યકર્તાઓને આવી રીતે એકત્રિત કરીને તેમનાં સુખદુઃખમાં ભાગ લઈને, તેમની ઊછળતી શક્તિ બાળ-શિક્ષણના કામમાં જોડી દેવાનું શ્રેય શ્રી. શેષ નામલેને છે. ત્યાં અને બીજે પણ દરેક શાખામાં આવા બાલશિક્ષક સંગઠનો ઊભાં કરવાની ખાસ જરૂર દેખાય છે. આપણાં, ૨૫ વર્ષ પહેલાં શરૂ થયેલાં કાર્યો, વધુ જોશભેર આગળ ચલાવવા માટે તરુણ લોહીની સેંકડોની સંખ્યામાં ખાસ જરૂર છે. મુંબઈમાં શરૂ થયેલાં આ કાર્યો આખા દેશવ્યાપી થઈ જાય એવું અમે ઇચ્છીએ છીએ.

પુના શાખા પણ સતત કાર્યક્ષમ રહી છે. તેમણે મરાઠી શિ. પત્રિકાની વ્યવસ્થાનું કામ લીધું છે. પોતની શાખાના કામ માટે નાનો એવો નિધિ પણ ભેગો કર્યો છે. તેમાંથી હવે એક વાચનાલય શરૂ કર્યું છે. એ ઉપરાંત નાનાં મોટાં કાર્યક્રમો ગામમાં યોજતા રહે છે. બંધારણીય રીતે અત્યંત વ્યવસ્થિત રીતે આ શાખા છે. મહારાષ્ટ્રના બીજા વિભાગમાં પણ સંઘની શાખાઓ શરૂ કરવાનાં કામો એ કરે છે. મરાઠી વિભાગમાં ભાષામંત્રી શ્રી કમલિનીબાઇ દામલે માંદગીને કારણે કામ કરી શકતાં નહતાં તે કામ પણ આ શાખાએ ઉપાડી લીધું છે. ગુજરાતી ભાષાવિભાગ માટે શ્રી કમળાશંકર પંડિતે ભાષામંત્રી તરીકે જુદી જુદી શાખા સ્થાપવાનું તેમ જ ત્યાં સંમેલનો, સંસ્કારવર્ગો વગેરે ગોઠવવાનું કાર્ય લગભગ પાંચ વરસ બહુ જ ખંતથી કર્યું; ત્યાર પછી તેમની તબિયતને કારણે એ કામ છોડવું પડયું. વચ્ચે લગભગ એકાદ વર્ષ બીજા ભાષામંત્રી મળ્યા ન હતા. હવે શ્રી શાંતિભાઇ રાવળે એપ્રિલ માસથી આ કામ ઉપાડી લીધું છે અને ઘણું વ્યવસ્થિત કર્યું છે. તેમના જ પ્રયત્નથી ગુજરાતની શાખાઓ હવે વ્યવસ્થિત થતી જાય છે. અમદાવાદના કાર્યકર્તાઓ પણ સંઘના કામમા રસ લેતા થયા છે. ખરું જોતા, અમદાવાદની શાખા ત્રણ વર્ષ પહેલા જ સ્થપાઇ ગઈ હોત; પણ ૧૯૪૭ મા સ્વ. ગિજુભાઇ જયંતિ વખતે ભેગા થયેલા અમદાવાદમા રહેતા સંઘના સભ્યોએ અમદા-વાદમા સઘની શાખા સ્થાપવાનું નકકી કર્યું હતું અને તે સબંધમાં ઘણો ઉત્સાહ પણ જણાયો હતો. ત્યાર પછી બંધારણીય રીતે અમદાવાદવાસી બધા સભ્યોને આમંત્રણ આપી તેની સ્થાપના કરવાની વિધિ થવી જોઇતી હતી તે વાત ત્યાના કાર્યકર્તાઓની ધ્યાનબહાર ગઇ. તેથી સંઘના વ્યવસ્થાપકોએ પોતાની તા. ૨૫-૧-૪૮ ની બેઠકમા ઠરાવ નં ૧૯૨ મુજબ, નીચે પ્રમાણે તેની નોંધ લઇ યોગ્ય કરવા સૂચના આપી હતી.

"અમદાવાદમેં સ્વ. ગિજુભાઇ જયંતિકે દિન અમદાવાદકે બાલમંદિરોંકે શિક્ષક ઔર સંચાલકોંકા જાહિર સંમેલન નૂ. બા. શિ. સંઘકે અમદાવાદ શાખાકી પુનઃ સ્થાપનાકા જો નિર્ણય કિયા હૈ ઉસકા બડી ખુશીકે સાથ સ્વાગત કરતા કરતા હૈ। ઔર નૂ. બા. શિ. સંઘકે અધ્યક્ષ, મંત્રી ઔર ભાષામંત્રી ઇસ ઑર શીઘ્રહી કદમ ઉઠાયેંગે ઐસા ઉસ સભા સંયોજકોંકો આશ્વાસન દેતા હૈ।"

પરન્તુ તે વખતે અમદાવાદના કાર્યકર્તા-ઓને શાખા–સ્થાપનાની યોગ્ય વિધિ કરવામાં કંઈ અજુગતું લાગતું હતું; કારણ કે સ્વ. ગિ. જયંતિના અહેવાલમા શાખા સ્થાપન થયાનું શિ. પ. માં. જાહેર થઈ ગયું હતું. એટલે એ વાત એમને એમ રહી ગઈ છે. પણ હવે બધી ગેર સમજુતી દૂર થઈ છે, એટલે વહેલામાં વહેલી તકે એ શાખાની સ્થાપના થશે અને મુંબઈની જેમ જ અમદાવાદની શાખા પણ ગુજરાત વિભાગમાં આગળ પડતું કામ કરતી શાખા થઈ જશે, એવી આશા છે.

મંત્રીઓ.

બા. ૬. વિ. ૬ા. ૩૬

જાન્યુઆરી ૧૯૫૧

સરદાર વલ્લભભાઈ

હિંદમાં કયો એવો વિદ્યાર્થી હશે કે જેણે ગુજરાતના જ નહિ, પણ હિંદના લાડીલા સરદારનું નામ નહિ સાંભળ્યું હોય! એ સરદારજી ડિસેમ્બરની પંદરમી તારીખે આપણને છોડી સ્વર્ગે સિધાવ્યા. એમનું શરીર હવે આપણે નહિ જોઈ શકીએ; પણ એમનું જીવન, એમનાં સુંદર કામો તો આપણને સદાય એમની યાદ આપશે. અને તો સરદાર અમર જ રહેશે ને!

'સરદાર' આપણા સાચા સરદાર હતા. એમના દિલમાં કોઈ દિવસ બીક ન હતી; એ કદી નિરાશ ન થતા; એ કદી હિંમત ન હારતા; એ કોઈ દિવસ હારવાનું શીખેલા નહિ. મુશ્કેલીમાં એમને મજા આવતી. દુઃખો સહન કરવામાં એ આગળ ઊભા રહેતા. એ બોલે એટલે સો એમ જ કરે. સરદાર આપણા સરદાર હતા.

વલ્લભભાઈ એટલે સાચા બોલા. એ કોઈ દિવસ અન્યાય, જુલમ, અત્યાચાર જોઈ શકતા નહિ. ગમે તેવી મુશ્કેલીઓ આવી પડે છતાં માનેલા સત્યને છોડે નહિ; દુઃખ સહેવા તૈયાર પણ તાબે થવા તૈયાર નહિ. સરકારની કે જેલમાં જવાની બીકની પણ એ પરવા કર્યા વગર સૌને સાચું સંભળાવી દેતા. સરદાર એવા સાચા માણસ હતા.

સરદાર એટલે દેશને માટે બધું આપી દેનાર સિપાઈ. પૈસો, પદવી, નામના, સુખ—બધું એમણે દેશને માટે આપી દીધું. આથી જ ગાંધીજીના એ બહાદુર સૈનિક બન્યા. ગાંધીજી એના સેનાપતિ. ગાંધીજીનો બોલ એટલે છેલ્લો હુકમ. એને ખાતર એમણે જેલો ભોગવી; દુઃખ અનુભવ્યાં; કષ્ટો વેઠ્યાં. પણ બધું હસતાં હસતાં. એ આપણા દેશના સાચા શહિદ હતા.

સરદાર જબરદસ્ત હતા. મોટા મોટા રાજાઓને એ પળવારમાં હાથ કરી લેતા. ભલભલાનાં રાજ્ય એ જરા વારમાં દેશને કાજે છોડાવી લેતા. તોફાનીઓનાં તોફાન અને હિંસકની હિંસા એમના શબ્દો સાંભળતાં અને એમની આંખ જોતાં શમી જતાં. સરદારની પાસે ગયેલો માણસ એમને વશ થઈ જતો. સરદારનો એવો જાદુ હતો.

એમને બાળકો પણ એટલાં જ ગમતાં. મોટાંઓ એની પાસે જતાં કદાચ ડરે, પણ બાળકો તો એમને જોતાં દોડીને એમના ખોળામાં પડે. બહારથી કડક દેખાતા વલ્લભભાઈ ખરેખર હૃદયથી તો બહુ પ્રેમ-વાળા હતા.

એ સરદાર હવે શરીર છોડી ચાલ્યા ગયા છે. પણ એમનાં કામોને આપણે યાદ

કરવાં જોઇએ; એવાં કામો કરવા તૈયાર થવું જોઇએ; તો જ એ અમર થવાના.

સરદારે દેશને ખાતર ભોગ આપ્યા; ગાંધીજીને ખાતર જીવનનું સુખ છોડ્યું; લોકોને ખાતર દુઃખ સહન કર્યાં; ખેડૂતોને ખાતર લડાઈ લડી; સ્વરાજ ખાતર જેલ ભોગવી; દેશના બંધુઓને સુખી કરવા રાત-દિવસ કામ કર્યું; પંડિત જવાહરના એ જમણા હાથ હતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે હિંદનો અને હિંદીઓનો વિચાર કર્યા કર્યો. એ સરદાર વલ્લભભાઇ! એમનું નામ અને કામ અમર રહો.

જમુભાઇ દાણી–

દિવાળીનાં રમકડાં

ગોપીનાથ સિપાઇને બે વર્ષથી લડાઈમાં આમ તેમ લડવા જવું પડતું હતું. હમણાં એના હાથ, પગ ઘાયલ થયા હતા એટલે લડાઇના સિપાઈની ઈસ્પીતાલમાં એ પડયાં હતાં. સાંજ પડે ત્યારે ખાટલામાં પડયા પડયા એને રોજ એના બે છોકરાં યાદ આવતાં. છોકરાનું નામ હતું હર્ષ ને છોકરીનું નામ હતું ઈંદિરા. બે દિવાળીઓ ચાલી ગઈ પણ ગોપીનાથથી કાંઇ છોકરાંઓને મોકલાયું ન હતું. ન મિઠાઇ કે ન રમકડાં. આ વખતે તો ગોપીનાથે નક્કી કર્યું હતું કે બંને બાળકોને કંઇક મોકલવું. ઈંદિરા માટે ઢીંગલી અને હર્ષ માટે ફૂટબોલ.

પણ ગોપીનાથ તો ખાટલે પડયો; કોને કહેવાય? એની સેવિકા બેન એને પાટા બાંધતી, દવા આપતી. એ આખો દિવસ કામમાં રહેતી. એની સાથે કોઇક વાર એનો છોકરો કિશોર આવતો. ગોપીનાથે આ છોકરા સાથે વાતો કરવા માંડી. કિશોરને, ગોપીનાથ વાર્તા કહે તે સાંભળવી બહુ ગમતી. ગોપીનાથનો પણ કિશોર સાથે વાત કરતાં વખત નીકળી જતો. એક વાર ગોપિનાથે કિશોરને કહ્યું "કિશોર, તારે મારું એક કામ કરવાનું છે."

"શું, ગોપીનાથ કાકા"?

"મારાં બે બાળકોને દિવાળીનો પત્ર ને ભેટ મારે મોકલવાં છે. તું મને મદદ કરશે?"

"જરૂર, ગોપીનાથકાકા, હું કાલે કાગળ પેન્સીલ લેતો આવીશ."

બીજે દિવસે કિશોરે ગોપીનાથ કાકાને પત્રલખી આપ્યો.

સૈનિક ઈસ્પીતાલ,
સૈનિક દળ નં. ૫૦.

વહાલાં ઈંદિરા ને હર્ષ;

દિવાળી આવી. આ દિવાળી પર હું તને ને હર્ષને બે રમકડાં મોકલું છું. ઈંદિરા માટે ઢીંગલી ને હર્ષને માટે ફૂટબોલ. મેં આ બે મહિનામાં સિગરેટ બહુ જ થોડી પીધી છે. આથી પૈસા સારા બચ્યા છે. એમાંથી તમારાં માટે બે રમકડાં ખરીદ્યાં છે. આશા છે કે તમને વખતસર મળી જશે. બાકીના બચેલા પૈસા પણ હું મનીઓર્ડરથી મોકલીશ. તેના ફટાકડા લેજો. બધાં મજામાં હશો.

લી૦ બાપુ

કિશોરને ધીમે ધીમે ગોપીનાથે પારસલ કરતાં શિખવ્યું. કિશોર સોય, દોરો, ગુંદર બધું લાવ્યો હતો; ઢીંગલી અને દડો એક કોથળીમાં મૂકી, સીવી લીધાં; પહેલી જ વાર કિશોરને થયું કે રમકડાં પરગામ આમ મોકલાય. એણે ઉપર ઈંદિરા–હર્ષનું સરનામું કર્યું. બીજી બાજુ "ગોપીનાથ તરફથી" એમ લખ્યું.

હસ્પીતાલમાં ગોપીનાથનો મિત્ર કાશીનાથ પણ માંદો આવેલો હતો. એણે પણ આ જોઇ કિશોરને કામ સોંપવા ઇચ્છા કરી.

કિશોરભાઇ, જરા મારો પત્ર ને પારસલ પણ લઇ જશો ને!"

"હા જરૂર" કિશોરે કહ્યું.

એણે પત્ર લખાવ્યો:—

વહાલી વીણા,

તને નાનપણથી લાલ કોટ ને ટોપી પહેરવાની હોંસ હતી. એ મને અહીં ખાટલામાં પડ્યાં પડ્યાં સાંભરે છે. આજે હું તારે માટે લાલ ઊન મોકલું છું. બા તને એનાં ટોપી કોટ ગૂંથી આપશે. બે ત્રણ મહિના પછી હું પાછો તમારી પાસે આવીશ અને સાથે રમતો થઇ જઈશ. બધાં સારાં હશે

લી૦ બાપુ.

કિશોરે આવા થોડા પત્રો લખ્યા. કોઇક સૈનિકનાં પારસલોનાં વજન કરાવ્યાં; કોઇક વાર ટિકીટો ખૂટી હોય તો પોતાની મા પાસેથી માગી એ લગાવી દેતો. કિશોરને થયું કે દેશ માટે લડતાં ઘાયલ થયેલાં સૈનિકની સેવા કોણ ન કરે!

ગોપીનાથ અને કાશીનાથે પણ કહ્યું: "કિશોર, તેં પારસલ મોકલવામાં અમને મદદ કરી અને ઘેર પહોંચતા કર્યાં તેથી તારો પાડ. અમારાં બાળકો હરખઘેલાં થઇ જશે, અને તારો ઉપકાર માનશે."

તરત જ કિશોરે કહ્યું, "એમાં તો મને મજા પડી છે. તમે દેશ માટે લડી હાય પગ ગુમાવ્યા, તો હું આવું નાનું કામ કરી મદદ કરું એમાં શું! મારે પણ ભવિષ્યમાં દેશસેવક થવું છે.

કપિલા ઠાકોર

પચીસ વરસનો ઉત્સવ

ગિજુભાઇનું નામ તમે સાંભળ્યું છે. એમણે એક મંડળ કાઢેલું. એનું નામ 'નૂતન બાલશિક્ષણ સંઘ'. એને પચીસ વર્ષ પૂરાં થાય છે. એટલે આ આખું વર્ષ ખૂબ ખૂબ આનંદ કરવાનો. ઠેર ઠેર નાટકો કરવાનાં. બધાંએ ભેગાં મળી મજા કરવાની. ગિજુભાઇની વાર્તાઓ વાંચવાની. એમને ગમતાં ગીતો ગાવાનાં. પોતે લહેર કરવાની અને બીજાને લહેર કરાવવાની. આમ આખું વરસ ગાળવાનું. એનું નામ 'રજત મહોત્સવ'. તમે એ જરૂર યાદ રાખજો.

જમુભાઈ દાણી–

બાપ જી કેવા સારા થૈ કિ હવૌ હૂ

[લે. સ્વ. ગિજુભાઈ]

લક્ષ્મીદાસ ડોકટર હતા. ધીકતી પ્રેકટીસ હતી. ઘડીની ફુરસદ ન હતી. બાળકો ઊઠે તે પહેલાં નાહી, ધોઈ, દૂધ પી તૈયાર થઈ જતા. સવારે ઘરમાંથી બહાર નિકળ્યા પછી સાડા બારે બાંડ ઘેર આવતા.

બપોરે બે કલાક વિશ્રાંતિ લેતા; પણ ચાર વાગ્યા પછી તો તે ભાગ્યે જ ઘરમાં મળે. દવાખાનું અને બીજાંટો. લક્ષ્મીદાસ કલબના શોખીન હતા. હરદીને ભૂલે પણ કલબને ન ભૂલે; બ્રીજ અને બિલિયડ તે કદી પણ પડવા ન દે. રમવામાં અને રમવામાં રોજ નવ વાગે જ; પણ કોઈવાર દસ પણ થઈ જાય.

નાનાં છોકરાંને ઊંઘ આવતી હોય ને મોટાંઓને ભૂખ લાગી હોય એટલે ઘરમાં રસોઈ તો વહેલી થઈ જતી. ઘરમાં સૌથી નાનો રસિક હતો. લક્ષ્મીદાસને તે બહુ વહાલો હતો. લક્ષ્મીદાસ રાત્રે આવે ત્યારે તે સૂતો હોય, અને જાય ત્યારે તે ઊંઘતો હોય.

એક દિવસ ગમ્મત થઈ. બગાસીમાં સૌ બેઠાં હતાં. નાનો રસિક કહે, "બા, આ કોણ છે?" લક્ષ્મીદાસ કહે, "હું તો અહીં જ રહું છું." રસિકે બાને પૂછયું, "હું બા, આ સાચી વાત છે?"

બાએ જરા કટાક્ષમાં કહ્યું, 'એ તો રાતે રોજ કલબમાં જાય છે. તું ઊંઘી જાય ત્યારે આવે છે. કોઈવાર તો બહુ મોડા આવે છે.'

બાને કલબ નહોતી ગમતી. આખો દિવસ પ્રેકટીસ માટે બહાર રહેવું પડે એ તો ઠીક; પણ મોડી રાત સુધી કલબમાં રહેવું તે તેને સારું નહોતું લાગતું. બાએ આ પ્રસંગે લાગ જોઈને આટલો કટાક્ષ કર્યો. લક્ષ્મીદાસને આટલા કટાક્ષની જરૂર ન હતી. તેણે અંતરમાં વિચાર કરવા માંડયો. તેની નજર આગળ તેનું આખા દિવસનું કાર્ય આવ્યું. એક વાત તેને સ્પષ્ટ દેખાઈ. જે બાળકો માટે પોતે આખો દિવસ કામ કરે છે તેમને પૂરું મળાતું પણ નથી: રસિક સૂતો હોય ત્યારે બહાર જવાનું—અને ઊંઘતો હોય ત્યારે ઘેર આવવાનું; એ સ્થિતિ કેવી શોચનીય અને ભયંકર!' બાનાં કર્યા હું એના આનંદી બોલનો લહાવો લઈ શકું છું! કર્યા હું એના ઊછળતા બાલજીવનમાં આનંદ અને રસ ભરી શકું છું? મારાં પ્રિય ફરજન્દોની સાથે રમવા, ખેલવા અને તેમની સાથે આનંદ અનુભવવાનો લહાવો હું હાથે કરીને જ છોડી દઉં છું!

"જો રસિક! હવેથી હું કલબમાં જવાને બદલે દવાખાનેથી સીધો ઘેર આવીશ. પછી આપણે સૌ સાથે ફરવા જઈશું. તે દિવસથી જ લક્ષ્મીદાસભાઈએ પ્રેકટીસને બહુ વિશાળ કરવાનું માંડી વાળી ઘરમાં રહેવું, બાળબચ્ચાંઓ સાથે આનંદ લેવો એ બધું શરૂ કર્યું.

મોન્ટેસોરી શિક્ષણ

પ્રચાર માળા

લે : ગિજુભાઈ અને તારાબેન

દરેક શિક્ષણ-સંસ્થામાં જોઈએ. દરેક માબાપ પાસે જોઈએ. દરેક બાળશિક્ષક પાસે જોઈએ

બાલમાનસની અને બાલવ્યવહારની અનેક દૃષ્ટિઓ એમાંથી મળશે.

પાન : ૧૭૧ કિંમત ૧-૮-૦

લખો: શ્રી. બાબુભાઈના મુનીમજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬.

REGD. NO. 2241

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ પાલવ અને પાટલીપાલવથી સુશોભિત

તદ્દન નવો જ સ્ટોક

આજે જ પધારો

ધી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કું. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઇ નં. ૧.

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ – દરિયાઇ – રેલ્વેની દેશપરદેશની

મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાથી

મેસર્સ લી એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૨૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતા પહેલા અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલમંદિરોને ૬⅓ ટકા કમિશન.

લખો–મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્ક્સ લિ૦

સુરેન્દ્રનગર – સૌરાષ્ટ્ર

આગ–અકસ્માત–જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકારા

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫–૩૨૧ ગ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબુભાઈ મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્ક્સ, ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

બાલશિક્ષણ અંક

શિક્ષણ પત્રિકા

૯ : ૨૬] ફેબ્રુઆરી : ૧૯૫૧ [અંક : ૨



વાર્ષિક લવાજમ

ચાર રૂપિયા

છૂટક અંક

છ આના

મૂલ્યવાન પગલાં

માનવીમાં મૂલ્યવાનાં દર્શન કરવાનો એક માર્ગ કેટલાક લોકોને આજે જડી રહ્યો છે. તેઓ બાલકમાં પ્રભુનું દર્શન કરે છે. આજે દરેક દેશ બાલકલ્યાણની યોજનાઓ વિચારી રહેલ છે. બાળકો ભવિષ્યના નાગરિકો છે એટલા જ માટે નહિ, પરંતુ એમનામાં મોહક, સુંદર, આકર્ષક, પ્રેરક અને આકર્ષાત્મક 'કાંઈક' રહેલું છે એટલા માટે દરેક રાષ્ટ્ર બાળકમાં નવો રસ લઈ રહેલ છે. આવતી કાલની સંસ્કૃતિમાં બાળકો મૂલ્યવાનું દર્પણ બનશે. જગત ધીરે ધીરે એ ભવ્ય યુગ તરફ પગલાં માંડી રહ્યું છે.

સી. જે.

: આદ્યસ્થાપક :

સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :

તારાબેન મોદક

: સહસંપાદક :

જયભાઈ દવે

અનુક્રમણિકા

૧. બાળશિક્ષણનો બરો આખી ... ગિરીશ
૨. વાર્તા–શિક્ષણ... ... ...રમેશ કોઠારી
૩. વ્યક્તિ અને સમાજ ... ગોવિંદ યાજ્ઞિક
૪. શિ. પ. ના. વાચકોને... ... તારાબેન
૫. રૌપ્ય મહોત્સવનાં મંગલાચરણ...નામલે
૬. આપણી કેળવણીના પ્રશ્નો... ... શે..ના.
૭. હીરાઓ જરી પડયા ... ... તા.
૮. નિધિ–વિનિયોગ સમિતિના કરાવે.

બાળ–વિભાગ

૧. બાળકની શુભેચ્છા ... ... અ. યાજ્ઞિક
૨. અશોકનો આભાર ... કપિલા કોકો

: તંત્રી ની નોંધ :

રૌપ્ય મહોત્સવ અંક

માર્ચ ૧૯૨૬માં નૂતન બાળ-શિક્ષણ સંઘનો (તે વખતે મોન્ટેસોરી સંઘ) શિક્ષણ-પત્રિકાનો પ્રથમ અંક પ્રગટ થયો હતો. એટલે માર્ચ ૧૯૫૧નો અંક શિ. પ. નો રૌપ્ય મહોત્સવ અંક ગણાય. સંઘે નક્કી કરેલા રૌ. મ. ના કાર્યક્રમની દૃષ્ટિએ પણ એ અંક, મહોત્સવનો ગણાય. આ વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ચાર મહોત્સવ અંકો પ્રગટ કરવાની ધારણા છે. આ ચાર અંકો 'સંઘ અને તેનું કાર્ય' 'ગામડાઓનું બાલ-શિક્ષણ' 'મૂંઝવતાં બાળકો' અને 'પૂર્ણાહુતિ અંક' એ પ્રમાણે, વિશિષ્ટ વિષયોના લેખો સાથે પ્રગટ થશે. આમાંનો પ્રથમ અંક 'સંઘ અને તેનું કાર્ય' માર્ચમાં પ્રકાશિત થશે. ત્રણેય પત્રિકામાં આ લેખો આવે એવી ઇચ્છા છે એટલે લેખકોને વિનતિ છે કે તેમના લેખો (ટૂંકા) જલદી રવાના કરી અમને સહાય કરે.

રૌપ્ય મહોત્સવનો ઘંટનાદ

પૂના અને વીસનગર આ માસથી મહોત્સવનું મંગળાચરણ કરે છે, એ આનંદની વાત છે. બેઉ સ્થળે ઉત્સાહી અને અનુભવી સંઘકાર્યકરો છે અને કામ જોશભેર ચાલે છે. જ્યાં સાચી લગન અને સેવાની ભાવના છે ત્યાં સફળતા તો આવવાની જ. જે ભાઇ-બહેનો આ બે સ્થળે જઇ શકે તેમને, ત્યાં જઈ યથાશક્તિ સહાય કરવા આમંત્રણ આપીએ છીએ.

રૌપ્ય મહોત્સવ નિધિ

સંઘનું કાર્ય વધુ પાંગરે અને પથરાય એ માટે નિધિ આવશ્યક છે, એ આપણે ન ભૂલીએ. આ આખા વરસ દરમિયાન દરેક સંઘી પ્રયાસ કરે એટલી જ અમારી ભિક્ષા છે. કેટલું મળે છે તે ગૌણ છે. ગિજુભાઇનાં કંઈ કંઈ અધૂરા સ્વપ્ના ને યોજના એ નિધિથી આપણે પૂરાં કરવાનાં રહે છે.

ન્યૂ ઇરાનો 'બાલ-કલા' અંક

મુંબઈની ન્યૂ ઇરા સ્કૂલે શિક્ષણના ક્ષેત્રમાં સારા એવા પ્રયોગો કરેલા છે. દર વરસે વિદ્યાર્થીઓ તરફથી પ્રગટ થતા 'ઉષા' વાર્ષિકનો ૧૯૫૦નો અંક 'બાલકલા' નામે પ્રગટ થયો છે. બાળકોની કલ્પનામા અને એમની જ રીતે સર્જન પામેલાં, વિવિધ વિષયનાં અને વિવિધ રંગોથી દીપતા ૩૫ ચિત્રોની આ કલા-પુસ્તિકા દરેક ઘર અને શાળાના બાળકને નવી ચિત્રપ્રેરણા આપે તેમ છે. લેખોમા રુકિમણીદેવી, ડો. કઝીન્સ, વેન્કટાચલમ, મુલ્કરાજ આનંદ, વગેરેનો સહકાર એમને મળ્યો છે. આ અતીવ સુંદર બાલકલા માટે શ્રી વ્યાસ, કલાકાર મધુભાઈ અને ચિત્રકાર બાળકોને અભિનંદન .....

જ.

——×+×——

? શિક્ષણ-પત્રિકાનું લવાજમ મોકલ્યું ?

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૬ : અંક ૨] મુંબઇ [ફેબ્રુઆરી, ૧૯૫૧

બાળ શિક્ષણનો

બૂરો બાબો

બાબો આવો એટલે આખા–રાખ આખે શરીરે ચોળે અને લંગોટી સિવાય, નાગા ઉઘાડા રહે એવા આવા. આવા રાખ–માખ ચોળી રહેતા અને આપણી વચ્ચે હરતા ફરતા બાબો આવ્યો, પોતાની પાસે કાંઇ રાખતા નથી અને કોઇ કાંઇ આપે તો તે લેતા નથી. આવા આવા 'બૂરા બાબો' કહેવાય છે

એકવાર મારા પાડોશી રેવાશંકર ભાઇએ મને પોતાને ઘરે બોલાવી કહ્યું: આ મહેમાન છે રંગૂનથી આવ્યા છે અને તેને તમારું બાળ-મંદિર જોવું છે. તમે દક્ષિણામૂર્તિમા જાઓ ત્યારે આ મહેમાનને તેડતા જજો.

એ પ્રમાણે હું તો મહેમાનને તેડતો ગયો ને દશેક મિનિટમાં અમે દ. મ્ મા. આવી પહોંચ્યા. થોડી વારે મહેમાનને લઇ હું બાળ-મંદિર પહોંચ્યો.

'ટેકરીને શિખરે મંદિર અમારું, દેશની જાણે ધજાય' એવું અમારું બાળમંદિરિયું હતું. ચારે કોર જ્યાં તમારી નજર ઠરે ત્યા બધે લીલું છમ. આઘે આઘે દરીઓ દેખાય; એક બાજુ બાબો જેવા બોબરાના ડુંગરા કળાય; એક કોર બોર તળાવનાં પાણી પથરાયા હોય; લાલ લીલા મહેલના મિનારા ડોકિયા કરતા હોય ને એક પડખે ભાવનગરનાં નકરા બોરડા. આ બધાની વચ્ચે એક નાનકડી ટેકરી. અને ટેકરી ઉપર બાળમંદિર. એટલી શાંતિ, એટલી શાંતિ કે જાણે ભૂખ્યાં ને તરસ્યા ત્યા બેસી જ રહીએ.

બાળમંદિરની ત્રણ બાજુ બોસરી, પછી બોરડા. બોરડામાં બાળમંદિરનું કામ ચાલે. બારણા બંધ એટલે કામ ચાલતું હોય ત્યારે કોઇથી અંદર ન પેસાય. એક ગિજુભાઇનો બોરડો, બીજો બહેનનો અને આ ત્રીજામાં મોઘીબહેન બાળકોને વાર્તા કહે. બારીઓ ઊઘાડી રહે એટલે મેં મહેમાનને બોસરીમા બધે ફેરવી અંદરનુ બધુ કામ બતાવ્યું. પણ અંદર બધા પોતાનુ કામ કરવામા એટલા ગુલતાન કે અમારી સામુ શેના જુએ? અને જુએ તો બોલે શેના? પાછળથી ગિજુભાઇ પાસેથી જાણેલું કે તેમણે અમને જોયેલા પણ **'કામ ચાલતું હોય ત્યારે અમે કયાંઇ ધ્યાન આપતાં નથી'** એમ કહી મેં મલકાવેલું.

કોઇએ અમને આવકાર દીધો નહિ; અમારી સાથે બે શબ્દો કોઈ બોલ્યું નહિ અને અમને બોંવાસોવા કર્યા નહિ. અમે ટેકરી પરથી નીચે આવ્યા પછી તો મહેમાનને દક્ષિણામૂર્તિના બીજા વિભાગો બતાવી રવાના કર્યા.

સાજે હું ઘેર આવ્યો અને રેવુભાઈ મારે ત્યાં આવી, મારી પર પ્રેમથી ગુસ્સો કરી બોલ્યા: "તમે પંતુજીઓ સાવ મૂરખા! આજે તમે બે હજાર રૂપિયા ગુમાવ્યા"! મેં કહ્યું: 'બે હજાર રૂપિયા! મેં તો બે હજારનું મોં પણ જોયું નથી તો ગુમાવું શી રીતે?" રેવુભાઇ કહે: "તમે એટલે તમારી દક્ષિણામૂર્તિ! પેલાં અમારા મહેમાન બે હજાર રૂપિયાની નોટોનો થોકડો બિસ્સામા

લઈને આવ્યા હતા પણ તમે લોકોએ એને કાંઈ મોંમન દીધું નહિ એટલે તો એ રકમ પાછા લાવ્યા ને મને બધી વાત કરી; અને અત્યારે તો ગાડીમાં ગયાય તે. હું રવાના કરીને જ આવ્યો છું, હવે તમને ઠપકો દેવા." મેં કહ્યું: "એવું અજુગતું અમે કાંઈ જ કર્યું નથી. મેં પૂરા વિનય-વિવેકથી બધું જાતે બતાવ્યું ને પહેલેથી છેલ્લે સુધી હું જ સાથે ફર્યો હતો." રેવુભાઈ કહે: "પણ તમારા કોઈ મોટાએ તો બહાર આવી એ શબ્દ મીઠાશથી બોલવા જોઈતા હતા! તમારા ગિજુભાઈ તો ભાઈ, બહુ અતડા." મેં કહ્યું: "ઠીક, હવે હું સમજ્યો"! રેવુભાઈ બોલ્યા: "એ ભાઈ પોતાના વતનથી ખાસ ગિજુભાઈને મળવા આવ્યા હતા અને એમને બાળમંદિરને જ ખાસ મદદ કરવી હતી." આ સાંભળી હું વિચાર કરી રહ્યો: આ ગિજુભાઈ જ ખરો આખી બીજાને ખૂંચવાની કયાં પરવા કરે છે? એ તો એના રંગમાં જ મસ્ત હોય છે. પાછળથી મેં ગિજુભાઈને આ વાત કરી ત્યારે કહે: "એ કાંઈ થોડાક જ મને પૈસા દેવા આવ્યા હતા"!!

—ગિરીશ

વાર્તા—શિક્ષણ

(શિક્ષણ-કાર્યમાં એનું સ્થાન)

'આંબે આવશે મોર ને વાત કહીશું ખરોર'... એ વાત કહેવાની પ્રથા તો જાણે સાવ ઓસરી ગઈ. હવે તો બાળક રાત્રે સૂતી વખતે કે નવરું પડે ત્યારે બા પાસે વાર્તાની માગણી કરે તો આજકાલની બા બિચારી માથું ખંજવાળે કે પછી કોઈક અંગ્રેજી, ગુજરાતી છાપામાંથી વાર્તા કહેવાનો યત્ન કરે પણ બાળકને સંતોષ ન વળે. વળી શિક્ષકને પણ ભારે આફત! બાળકો રોજ ને રોજ કાંઈક વાત માગે. વાત સાંભાળવી એ માનવસ્વભાવમાં યુગોથી ચાલી આવેલી જરૂરત છે. આમ જોઈએ તો આપણા ઇતિહાસ, ભૂગોળ ને સાહિત્ય વાત નથી તો બીજું શું છે? ને શિક્ષકોને તો ખબર હશે કે ગમે તે વિષય, વાત કહેતા હોય એ રીતે રજૂ કરે તો એ વિષય કેટલો સરળ ને રસપ્રદ બની જાય છે! આજે નહિ, પણ જગતના મહાન શિક્ષકોએ તો વાર્તાને જ પ્રાધાન્ય આપ્યું છે. વેદકાળના સાહિત્યમાં જુઓ કે બુદ્ધના સાહિત્યમાં જુઓ. રામાયણ જુઓ કે મહાભારત જુઓ. યુરોપમાં ય વાર્તાદ્વારા જન-સમુદાયને જ્ઞાન અપાયું ને હજુય આફ્રિકાના આદિવાસીઓ પોતાની વાતો પોતાનાં છોકરાને કહે છે. પ્રાચીન કાળમાં ઉપનિષદોની વાર્તાઓ દ્વારા વિદ્યાર્થીને આધ્યાત્મિક જ્ઞાન અપાતું. તો આજના વિજ્ઞાનને કે રાજકારણને સમજાવવા પણ શિક્ષક વાર્તા વાપરી શકાય. વાર્તા એટલે છાપામા કાળા અક્ષરે છાપેલી જ નહિ સારી વાર્તા એટલે માનવીને મોઢે બોલાયેલી વાર્તા. એ વાર્તાના શબ્દે શબ્દમા પ્રાણ હોય ને વાક્યે વાક્ય બાળકના અંતરને સ્પર્શી જાય એવુ તત્વ હોય. હાવભાવનું ય એમાં પ્રાધાન્ય હોય. હાવભાવ વાર્તામાં વધારે ચેતન રેડે છે. મેં એક શિક્ષક પાસે જોયું કે પરભાષાના બાળકને જરાય ન સમજાય એવા શબ્દોના અર્થ, એ સુંદર હાવ-ભાવથી જ રજૂ કરતા. બાળપણમાં શીખેલા એ શબ્દોના અર્થ હજુય મને એટલા જ તાજા છે. એનાથી એક ડગલું આગળ જઈએ તો વાર્તા દ્વારા બાળકોને 'અર્થશાસ્ત્ર' જેવા ગંભીર ને કઠણ વિષય પણ સરળ રીતે શીખવાતા મેં જોયાં છે. એક પરદેશી મિત્ર બાળકોને વિજ્ઞાન અને રસાયણ પણ વાત વાતમાં શીખવતાં. આ રીતે

વાર્તાનું ક્ષેત્ર સીમા વગર વિસ્તરે છે. શિક્ષકનું તો એ અમોઘ શસ્ત્ર જ કહેવાય.

શિક્ષણને સરળ અને જોરદાર બનાવવા વાર્તાને શિક્ષણમાં વાપર્યે જ છૂટકો છે વાર્તા કહેનારે નીચેના થોડા મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે. જો કે આ મુદ્દાથી જ માત્ર સફળ વાર્તા કહેનાર થઈ શકાય એવું નથી જ; પરંતુ આ નીચેની નોંધ મદદ રૂપ તો થશે જ.

વાર્તા કહેવાનો હેતુ શો? (૧) વાર્તા કહેતી વેળાએ વર્ગ સાથે શિક્ષક એકતા સાધી શકે. વચમાં વાર્તા પ્રત્યે દરેક બાળક પોત પોતાનો અભિપ્રાય અનાયાસે આપે જ; ને આથી શિક્ષક બાળકનું મન પારખી શકે. (૨) બાળકોને આનંદ થાય. (૩) વિષય (જો વિષય સરળ બનાવવાના હેતુથી કહેવાય તો) સરળ બને, (૪) સત્ય કથન રજૂ થાય તો બાળકને જીવન તરફની સુરુચિ ઊભી કરી આપી શકાય. (૫) કાલ્પનિક વાર્તાઓથી બાળકોની કલ્પના સતેજ થાય. આ પ્રમાણે આ પાંચ મુદ્દાઓ ધ્યાનમાં રાખી વાર્તાકાર વાર્તા કહે તો એની મહેનત વધારે સફળ થાય છતાંય વાર્તા કહેતી વખતે એટલું તો ધ્યાનમા રાખવુ જ જોઈએ કે દરેક બાળકને જુદી જુદી વાર્તાની જરૂર હોય છે. આથી આપણી વાર્તા જેમ બને તેમ વધારે બાળકોની રુચિને પોષે એવી બનવી જોઇએ. ભૂત, પ્રેત કે રાક્ષસ જેવા ભયજનક પાત્રો રજૂ કરવામાં ભય છે જ; માટે એ પાત્રોનો જેમ બને તેમ ઓછો ઉપયોગ કરવો. કારણ કે 'બી'ક લાગવી– એ બાળકો માટે ખૂબ સામાન્ય છે; જો કે થોડા બાળકોને આવી જ વાર્તાઓ ગમે છે જીવનની સત્ય કથાઓ, બાળકના જીવન માટે દૃષ્ટિબિંદુ રજૂ કરે એવી જોઇએ. અભ્યાસ માટે (ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન,) રજૂ કરાએલી વાર્તામાં, ભૂલથીય વાર્તા મુખ્ય ન થઇ જવી જોઇએ; પણ વિષયને રસિક બનાવવાના સાધન તરીકે જ માત્ર વપરાવી જોઇએ. વાર્તાના પ્રમાણમા, ઉમર જોઇને સત્યકથા ને કાલ્પનિક કથાની સમતુલા જાળવવી જરૂરી છે. રમૂજ આવે એવી કથાઓથી બાળકોનો થાક ઊતરી જાય છે પણ ખરેખર રમૂજ આવે એવી વાર્તા બહુ જ ઓછી આજે તો મળી આવે છે.

પણ, આ વાર્તા ક્યાંથી મળે? આ પ્રશ્ન આપણને મૂળ ગૂંચવે છે. જરા વિચોર કરીએ તો પૃથ્વી આખી ય વાર્તાથી ભરેલી છે. ઝાડપરનું ફૂલ, હવામા ઊડતું પાન, તોફાનના પવન, વાદળને વરસાદ, સવાર ને સાજ, તમારું ઘર ને મારી ચોપડી બધાયની વાર્તા બની શકે. આપણે રોજ બરોજના વ્યવહારમાં એક બીજાને વાર્તાઓ નથી કહેતા તો બીજું શું કરીએ છીએ? છતાંય સામાન્ય વાર્તા કહેનાર માટે, આપણા શિક્ષણ-ક્ષેત્રના કાર્ય કર્તાઓએ વાર્તાઓની વીગતવાર નોંધ કરવી જોઇએ, દાખલા તરીકે: કૃષ્ણની વાર્તાઓ:– ગીતામાથી, મહાભારતમાંથી, લોકવાર્તાઓમાંથી; ચકલીની વાર્તાઓ: ચકલી ચોખાનો દાણો લાવી, મ્યુઝીઅમની ચકલી. આ રીતે આખાય વાર્તા-સાહિત્યનું સમગ્ર અવલોકન કરીને એનો સંગ્રહ કરી શકાય આ સંગ્રહમા ધર્મપુસ્તકો, લોક-વાર્તાઓ, અર્વાચિન સાહિત્ય ને બીજાં બધાય સાધનોનો, વિના સંકોચે ઉપયોગ કરવો રહ્યો. આ વાર્તાની માહિતી–પત્રમાં આપણે પરદેશની વાર્તાઓનો પણ સમાવેશ કરવો પડશે. જો કે પશ્ચિમમા તો અભ્યાસીઓએ લોકકથા ને લોક–ગીતોને મૂળ જતન કરીને સાચવ્યાં છે. તે વાર્તાના આખાયે વિષયની વૈજ્ઞાનિક રીતે છણાવટ કરે છે.

આ વાર્તાઓ કહેવાય કઈ રીતે? એકવાત સાચી છે કે વાર્તા કહેવાની રીત એક નથી હોતી; વળી એ રીત પુસ્તકમાં લખવાથી બીજાને સમજાય નહિ. આમ છતા નીચે થોડી, ધ્યાનમા રાખવા જેવી વીગતો છે. ડુંગરોમા વસતા આપણા ભીલ વાર્તાકારો જેવા મેં કોઈ વાર્તાકારો સાભળ્યા નથી. જો કે વાર્તા કેમ કહેવી એ વિષે એમણે એકેય લેખ કદીય વાચ્યો હોતો નથી

(૧) વાર્તામાં રસ જન્માવવા વર્ણન, વસ્તુ, અવાજ વગેરે નાટ્યના તત્વોનો સંપૂર્ણ ઉપયોગ

કરવો જોઇએ. (૨) વાર્તા કહેનારા પાસે વિશાળ વાંચન હોવું જોઇએ. એકવાર વાંચ્યે પુસ્તકનું તમે સત્ય પામી જાવ એ શકય નથી. વારંવાર વાચી નાખો તોય પુસ્તકમાં ઘણાય મુદ્દા તમારે માટે નવા જ બીજેવખતે રહેશે. બાસ પુસ્તકોમાં રામાયણ, મહાભારત, પંચતંત્ર, હિતોપદેશ, ઈસપની વાતો કે પશ્ચિમના ટોલસ્ટોય, એન્ડરસન, કે ગ્રીમ જેવા લેખકોનાં પુસ્તકો. (૩) રોજ બરોજના જીવનમા બનતા પ્રસંગોમાથી વાર્તાઓ પકડી લેવાની ટેવ કેળવો. (૪) વાર્તાઓની એક નોંધપોથી રાખો. (૫) તમારી વાર્તાઓને મોઢે જ યાદ રાખો. યાદ રાખવાની પ્રથા જરાય અઘરી નથી. થોડો યત્ન કરો ને તમને સમજાશે કે યાદ રાખવુ તો સાવ સહેલું છે ને આનંદપ્રદ છે (૬) તમારી વાર્તાનો મૂળ અભ્યાસ કરો. એનો શબ્દે શબ્દ કેમ બોલવો, એમાંથી લોકો સમક્ષ કયો ભાવ રજૂ કરવો એ બધુંય બાસ જરૂરી છે. કારણ કે શબ્દનો અર્થ તમે કેવી રીતે બોલો તેની પર આધાર રાખે છે.

વાર્તામાં અવાજનો ઉપયોગ કઈ રીતે થઈ શકે?...માનવીના કંઠમાં અજબ શકિત છે. એક જ કંઠમાથી આખા વાતાવરણને કંપાવી નાખે એવી ત્રાડ પડે છે ને બીજી જ ક્ષણે એ જ કંઠમાંથી અંતરને રડાવી દે એવી કરુણ રાગિણી પણ ઉદ્ભવી શકે છે, વાર્તા કહેનારે આવાજની એ મૂબીઓ કેળવવી જોઇએ; સંગીતના સાજને જેમ વગાડતા શીખવું પડે છે એમ પોતાના અવાજનો ઉપયોગ કરતા પણ શિક્ષકે શીખવું પડે છે. થાકયા વિના, લાંબો સમય બોલવાની ટેવ પડે છે ને અવાજનું માધુર્ય કેળવવું પડે છે. વાર્તા કહેતા કહેતાં શ્વાસોચ્છવાસ નાક દ્વારા જ નિયમિત થાય એ બાસ જરૂરનુ છે. થોડા મહાવરા પછી આ બધુ સહેલું થઇ જાય છે. જરૂરીને પ્રસંગે અટકી જઇને થોડો વિરામ લઇ શકાય. આપણો અવાજ બરાબર છે કે નહિ એ વર્ગના રસ પરથી પણ જણાઈ શકે. આમ છતાં અવાજ જ એક વસ્તુ નથી કે તમારી વાર્તાને રસિક બનાવે. બાસ મુદ્દો તો વાર્તા સાથે તમારી તન્મય થવાની ને બીજાને તન્મય બનાવવાની શકિત છે ને તમારી પાસે આ શકિત હોય તો તમે જરૂર સફળ વાર્તાકાર થઇ શકો.

અંતમા, અભિનય વિષે પણ એક સૂચના. અભિનય વાર્તા સાભળનાર વર્ગની ઉંમર પર આધાર રાખે છે; સાવ નાના બાળકોને જરા વધારે પડતો અભિનય રુચે ને પ્રૌઢથી ઉપરનાં બાળકો ને જરૂર પડતો જ, કુમાશભર્યો ને સરળ અભિનય ગમે

વાર્તા, શિક્ષણ આપવાનુ શ્રેષ્ઠ સાધન છે. એનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ આપણા દેશને બાસ જરૂરનો છે જે દેશમા વાર્તાસાહિત્યના અખૂટ ભંડાર પડયા છે, તે જ દેશનાં આપણા હિંદી બાળકો 'વાર્તા...વાર્તા...' કરતાં ટળવળે એ કેમ ચાલે?...

—રમેશ કોઠારી

વ્યકિત અને સમાજ

સમાજ એટલે જનસમૂહના વ્યકિતત્વનો પડઘો. દરેક વ્યકિત સામાજિક બંધારણનો સક્રિય સભ્ય છે. દેશની પ્રતિષ્ઠા સમાજની ઉપર અવલંબે છે. બાધારણ રીતે જે દેશ પૈસે ટકે, આચારે વિચારે, ઉન્નત હોય તે દેશ ઉન્નત ગણાય. દરેક દેશને રાષ્ટ્ર-લક્ષણો (National character) હોય છે; અને એ જ દેશનું સાચું ધન છે. આચારે, વિચારે ગરીબ દેશ ધનવાન હોવા છતાં તેની પડતીને નિવારી નહિ શકે.

આપણે આપણી સસ્કૃતિના યશોગાન ગાતા ધરાતા નથી. જવાહર અને વીર વલ્લભનું અભિમાન ધરાવીએ છીએ. દુનિયાના સર્વશ્રેષ્ઠ માનવરત્ન આપણે ત્યાં છે એટલે આપણું રાષ્ટ્ર લક્ષણ ઊંચું એ માનવાને કારણ નથી. National character ની ગણતરીમા આપણું સ્થાન કદાચ છેલ્લુ હશે! આજ સુધીની આપણી શાળા મહા-

શાળાઓ એ શિસ્ત અર્પી શકી છે? જવાબ નકારમાં આવે છે. સાચા શિસ્ત માટે આપણાં વિદ્યાલયોને ધરમૂળથી ફેરવી નાખવા પડશે. જૂના, કેળવણીના સિદ્ધાંતોને પણ નવું સ્વરૂપ આપવું રહ્યું. શિસ્તને સંસ્કૃતિ સાથે નિકટનો સંબંધ છે. શિસ્ત એટલે ફકત શિસ્તના અર્થમા નહિ પણ Cultural activity of civilisation ના અર્થમા વિચારવાનું છે; એટલે સંસ્કૃતિ વિશે પણ વિચાર કરવો રહ્યો.

આજે પાશ્ચિમાત્ય સંસ્કૃતિ પ્રધાન પદે છે. સૌ કોઇ તેનાથી અંજાયા છે. છતા તે કીર્તિ–શિખરે પહોંચે તે પહેલા જ તેના પાયા ખરવા મંડયા છે. પાશ્ચિમાત્ય સંસ્કૃતિ દૈહિક સુખ તરફ વધારે ઢળે છે. જરિયાત વધારવામાં જ પ્રગતિ અને સંશોધન ઉદ્ભવે છે તેમ એ માને છે. પણ તે બધું ટૂંકજીવી રચનાકાર્ય છે. તે સંસ્કૃતિ, સ્થળ દૃષ્ટિએ રચાયેલ છે તેમા વિચારનું ઊંડાણ નથી જણાતુ. સ્થળ દ્રષ્ટિએ રચાયેલી આજની સંસ્કૃતિનાં ઘોર પરિણામો આપણે પૂરા માણી ચૂકયા છીએ.

હવે કાર્યદ્રષ્ટિ કેન્દ્રમા રાખી સંસ્કૃતિની રચના કરવી પડશે ને એવી સંસ્કૃતિ રચવી કે જે ચિરંજીવ રહી શકે. તે માટે આપણે આપણી જૂની સંસ્કૃતિ તરફ નજર કરવી પડશે. આપણું વિજ્ઞાન ભૂતકાલમાં ઘણું જ વિકસિત હતું. પણ કાર્યદ્રષ્ટિએ વિચારતાં તેને દફનાવી દેવામા જ ધન્યતા માની છે. આપણી સંસ્કૃતિએ નૈતિકતા, અહિંસા અને પ્રેમની સુરાવલી સુણાવી છે. તેમાંથી જ આધ્યાત્મિક રાજ્યની મહાન ઘોષણા ભારતે જગાવી છે. આ દ્રષ્ટિએ જ આપણી કેળવણીની રચના કરવી જરૂરી છે. ભારતે એવી સંસ્કૃતિ આપવાની છે કે જેમાં વિશ્વપ્રેમી નાગરિકો ઘડાય અને જનકલ્યાણ થાય; કુદરત માનવને માનવ બનાવવા માગે છે. છતા સામાજિક વ્યવસ્થા માણસને રાક્ષસ બનાવે છે. તે સુધારવા કેળવણી શકિતમાન છે. નવીન કેળવણીમાં સ્વાશ્રય, પ્રેમ અને મુકત સ્વાતંત્ર્ય વણી લેવા પડશે. પણ જો સ્વતંત્રતાનું દાન કરવાની ઉદારતા કરાશે તો અનિષ્ટો જ ઉપસ્થિત થવાનાં છે. સ્વતંત્રતાનું દાન ન થાય પણ એની મેળે જ સ્વતંત્રતા અને સ્વતઃનિયમન આવે તેવી કેળવણીને ઉત્તેજન આપવુ જરૂરી છે.

ઉપરના સિદ્ધાંતને અનુલક્ષી કેળવણીની રચના વિચારતા બાળકેળવણીને ઉત્તેજન આપવુ જરૂરી છે. તેમા પ્રયોગો દ્વારા એવા સાધનો રચાયા છે કે તે પ્રવૃત્તિમાંથી જ સ્વતંત્રતા અને સ્વતઃ નિયમન આવે. વ્યકિતગત શિક્ષણદ્વારા બાળક એનો સર્વાંગી વિકાસ સાધી શકે. આમા આ પણી સંસ્કૃતિને અનુરૂપ સ્વાશ્રય અને પ્રેમ છે જ. પરંતુ જો બીજું કઇ ઉમેરવા જેવુ લાગે તો ઉમેરી પણ શકાય. આ માટે આજે ચાલતાં બાળ-મંદિરોને વ્યવસ્થિત કરવાનું જરૂરી છે. બીજાં નવાં બાળમંદિરો ઉઘડે તેવું ઉત્તેજન પણ જરૂરી છે. આ બાળમ દિરો માનવજીવનની માનવતાની પ્રયોગશાળાઓ છે. પરંતુ દિલગિરીની વાત છે કે આજે પ્રયોગશાળા પવિત્રતા છોડી બજારની હાટડીનું સ્વરૂપ પકડે છે. તે કારણે એવો જ મત પ્રવર્તે છે કે બાળમંદિર એટલે બાળકોને રમાડવાનું અને એકડે એક ઘુંટાવવાનુ વ્યવસ્થિત કારખાનુ; તેમાં નાસ્તાનો લાભ પણ મળે! આ માટે યોગ્ય સંચલન અને આર્થિક તંગી નિવારવી જોઇએ. આજની હાઇસ્કૂલ, કોલેજોમાં બીન જરૂરી હજારોનો ધૂમાડો થાય છે. તેમાં કરકસર કરી અને બાલમંદિરો ઉઘાડવામાં આવે તો મહાશાળાઓ કરતાં બાળમંદિરો વધુ સારી અને પવિત્ર સેવા બજાવશે.

આજે શિક્ષકો ફરિયાદ કરે છે કે છોકરાઓ એકધ્યાન નથી થતા, તોફાન કરે છે. તે કયાંથી થાય? નાનપણથી જ તેને સ્નાયુપર કાબૂ આવે તેવાં સાધનોની કેળવણી મળી નથી. પછી એકાગ્રતા કયાંથી આવે? શાળાના સ્વાધ્યાયો વગેરે પણ વિદ્યાર્થીમાનસને અનુલક્ષીને રચાયા નથી હોતા. પરિણામે વિદ્યાર્થીઓનું તોફાન, શિક્ષકોની કડકાઈ, શિક્ષા વગેરે વધ્યા છે અને બિચારો વિદ્યાર્થી ચોર, ઢોંગીલો, હઠીલો અને

ડરપોક બને છે. ડગલે ને પગલે તે સ્વમાનભંગ થાય છે. છેવટે બાળકમાંથી સભ્યતાના ગુણો નાશ પામે છે. ગંદું વાતાવરણ એને સદી જાય છે. શરમની વૃત્તિ ખૂટી થઈ જાય છે. શિખવવાનો ઇજારો લઇ બેઠેલ શિક્ષકો વિદ્યાર્થીની સ્વતંત્ર વિચારશક્તિને હણે છે. જીવતું જાગતું ઘેટું બનાવે છે. આવા વાતાવરણમાં ઉછરેલ યુવાન ઉચ્ચ શિક્ષણ લે તો પણ તેનામાં નાગરિકતાની ખામી રહેવાની. ઘણાએ એવા ઉચ્ચ શિક્ષણ પામેલા યુવાનો છે કે જે સ્વતંત્ર વિચાર કરી શકતા જ નથી. પહેલાના ખરાબ વાતાવરણથી બંધાયેલ ખરાબ ગ્રંથીઓને લીધે સામાજિક વ્યવસ્થાને થંભાવી દેવામાં અને અવ્યવસ્થા ફેલાવી દેવામાં કામે લાગી જાય તેમાં નવાઇ નહિ.

માટે આપણે યાદ રાખીએ કે

દુનિયાનો મહાન ગર્તમાંથી ઉદ્ધાર કરનાર, બાલમંદિર અને બાલશિક્ષક છે.

સંસ્કૃતિના ઘડવૈયા અને સાચા પૂજક. બાલમંદિર અને બાલશિક્ષક છે.

પ્રેમના પયગંબર અને પ્રેમ સામ્રાજ્યના અધિકારી, બાલમંદિર અને બાલશિક્ષક છે.

વ્યકિતનો વિકાસ એ સમાજનો વિકાસ છે સમાજનો વિકાસ સાચી રીતે થાય તો આપણે બધા આતરરાષ્ટ્રિય ભેદો ભૂલી એક અને અખંડ શન્તિનું સામ્રાજ્ય સ્થાપવાનું સ્વપ્ન સિદ્ધ કરી શકીએ.

—ગોવિંદભાઇ યાજ્ઞિક

— પત્રિકાના વાચકોને —

(૧)

પત્રિકાના ગ્રાહકોની યાદી જોઉં છું ત્યારે પહેલા વર્ષના પહેલા મહિનાથી ત્યાં નામ છે એવાં ઘણાં નામો ચાલ દેખાય છે. એ સૌને પત્રિકા વિષે અને જેનું એ મુખપત્ર છે તે સંઘ વિષે વિશેષ પોતીકાપણું લાગે તે સ્વાભાવિક છે. ઘણા નવા ગ્રાહકો પણ એવા છે કે જે જૂનાની જેમ જ સંઘના કાર્ય સાથે ભળી ગયા છે. એ સૌને આગ્રહભરી વિનતિ છે કે પત્રિકામાથી જે કાંઇ થોડું યા ઘણું તમે પોતે મેળવી શકયા હશો તે આ રૌપ્ય મહોત્સવના કાર્ય તરીકે તમારા સગાં સંબંધીઓ અને મિત્રોને છૂટે હાથે આપજો. એની ખેરાત કરવા માટે જ એ વિચારો છે. તો તમે તે તમારી આજુબાજુના લોકોમા જરૂર વેરજો.

બીજી એક માગણી કરું? અત્યાર સુધી ઘણીવાર કરી છે તે ફરીવાર ભાર દઇને કરું છું. આ શિક્ષણ–પત્રિકાને તમારું પોતાનું માસિક બનાવી લેજો. તમારા પોતાના વિચારો, અનુભવો, મુશ્કેલીઓ અને મુશ્કેલીમાંથી પાર પડવાના ઉપાયો વગેરેથી આ પત્રિકાને પોતાની કરી લેજો. અત્યાર સુધી તંત્રીએ ને બીજા લેખકોએ લખવાનં ને તમારે વાંચવાનું એવો એક ઘણો જ થઈ ગયો છે. હવે તે બદલી નાખીએ. અમે જાણીએ છીએ કે પત્રિકાના વાચકોમાંથી ઘણાંઓએ આ વિષયનો ઊંડો અભ્યાસ કર્યો છે. ઘણાં અનુભવથી સમૃદ્ધ છે. ઘણાં દેશ પરદેશ ફરેલાં છે. ઘણાં અંગ્રેજી ને બીજી ભાષાઓનાં છાપાંઓ ને માસિકો વાંચે છે. એ બધાંઓએ પત્રિકામા પોતાના વિચારો, લેખોદ્વારા દર્શાવવા જોઇએ. પત્રિકામાં લખવા માટે સાક્ષરોની મોટી વિદ્વત્તા, જ્ઞાનપ્રચુર ભાષાની જરૂર નથી. અહીં તો આપણે આપણા બાળકોની વાતો જે લાગણીથી આપણે અનુભવીએ છીએ, જેવી આપણી નજરે પડે છે ને તેના ઉપરથી આપણા મનમાં જે વિચાર–વમળો જાગૃત થાય છે તે બધાને કાગળ ઉપર ઊતારવાનું છે. એક બીજાં સાથે અનુભવની અને વિચારોની આપણે કરવાની છે. અમે તો મનપૂર્વક ઇચ્છીએ છીએ કે આ માસિક સાચા અર્થમાં માતપિતા, શિક્ષકો અને બાળકોનું માસિક બને. તેને તેવું બનાવવા માટે અમને અમારા વાંચકોના સાથની અપેક્ષા છે. આશા છે કે સૌ આ પત્રિકાને પોતાની પત્રિકા બનાવશે.

છેલ્લે સૌ સંઘીઓને નૂ. બા. શિ. સંઘના રૌપ્યમહોત્સવમા અંતઃકરણપૂર્વક ભાગ લેવાની આગ્રહપૂર્વક વિનતિ કરું છુ. સંઘને પચીસ વર્ષ પૂરાં થયાનો આનદ આપણુને સૌને છે. સઘનું કાર્ય મૂળ વિસ્તાર પામે અને સાથે સાથે સંગીન બને એવી આપણી સૌની ઈચ્છા છે. માટે આપણે સૌએ સંઘે ધારેલા **મહોત્સવ નિધિની પાંચ લાખની રકમ પૂરી કરવામાં આપણાથી બને તેટલી વધારેમાં વધારે મદદ કરી છૂટવાનું છે.** સંઘના બધા સભ્યો અને મિત્રો ધારે તો, દરેકજણ માત્ર સો રૂપિયા મેળવવાનું બીડુ ઝડપે તો—પાંચ લાખ ભેગા જરૂર થઇ જશે. અને તેમ થાય તો કોઇને વધારે ભારે પડયા વગર એ કામ થઇ જશે. અને તે કામ બરોબર સઘનું કામ થયું એટલે સંઘના સભ્યોએ મળીને કરેલુ સહકારી કામ થશે. તેજ સંઘને વધારે શોભે અને તેથી જ સંઘનું બળ વધશે. કારણુ તેની પાછળ રહેલુ મનુષ્યબળ પણુ તેમા દેખાશે.

સૌ નિશ્ચયથી, ઉમંગથી અને બાળકો વિષેના પ્રેમ અને તેમના હિતની ધગશથી આ કાર્ય ઉપાડી લેશે અને હાથોહાથ, ધાર્યા કરતા અર્ધા વખતમાં જ એ પૂરું થશે અને ધાર્યા કરતાં બમણી રકમ એકઠી થશે એવી અમે આશા રાખીએ છીએ

(૨)

૧૯૨૬ના માર્ચની પહેલી તારીખે શિ. પ. નો પહેલો અંક બહાર પડયો. ૧૯૫૧ ના માર્ચમાં તેને ૨૫ વરસ પૂરા થાય છે. આજનો આપણો આ અંક આ ૨૫ વરસના ગાળાનો છેલ્લો અંક છે. આજે કેટલીયે વાતો આંખ આગળ તરી આવે છે. મારી જેમ—આ કાર્યની શરૂઆતથી અત્યાર સુધી તેને નજીકથી નિહાળતા આવેલા કાર્યકરો, સ્નેહીઓ અને હિતેચ્છુઓ સદ્‌ભાગ્યે ઘણા હયાત છે. તેમનું સૌનું હૈયું આજે લાગણીથી ઉભરાઈ આવતુ હશે. ગયાં ૨૫ વરસનો ઇતિહાસ ઘણા સારા નરસા પ્રસંગોથી ભરેલો છે. મુખ્યત: એક વાત સૌને અત્યંત દુઃખપ્રદ લાગી આવે છે; તે એ કે આ પ્રસંગે આપણે આટલા બધા છીએ છતાં કાર્યના મૂળ સ્થાપનકર્તા અને તેને પોતાના જીવનથી જેમણે પાળ્યું, પોષ્યું તે — પ્રિય ગિજુભાઇ આપણી વચ્ચે સદેહે હાજર નથી. છતાં તેમના પુણ્યાત્માએ જ એ કાર્યને આગળ ધપાવવાને આપણુને સૌને પ્રેર્યા છે અને આજે પણુ આ મહોત્સવમાં તે આત્મા આનંદથી રાચતો હશે જ. ૨૫ વરસ જેવા નાના કાળખંડથી એ કાર્ય અટકે નહિ પણુ બીજાં અનેક ૨૫ વર્ષો એ ચાલુ રહે એવી સ્ફૂર્તિ સૌને તે આપે છે. કારણુ તેમના મનમા એ કાર્યની કિમત ઘણી જ મોટી હતી. સમાજ આખાને નવા પાયા ઉપર, નવે સરથી રચવાની સમાજના નવા ફૂટતા અંકુરોની મારફત એ નવરચના કરવાની તેમની હામ હતી. તેમનુ સ્નેહાળ, કોમળ અંતર બાળકના આંસુથી, બાળકના અપમાનથી, તેની નિરાશાથી દુભાતું હતુ. તે સાચા બાલપ્રેમી હતા તે ખરું, પણ તેટલા જ કારણે તેમને સંઘના કાર્યની મહત્તા દેખાઇ ન હતી. તેઓ એક દ્રષ્ટા હતા. ભાવિના ગર્ભમાં તેઓ દૃષ્ટિક્ષેપ કરતા હતા. મનુષ્યની પ્રગતિનો રસ્તો તેમને ચોખ્ખો દેખાતો હતો; અને તેથી તેમણે આ સંઘની સ્થાપના કરી. **"સંઘીઓ થઇને ચાલો"** એમ સૌને હાકલ કરીને તેઓ પોતે આગળ દોડવા લાગ્યા. ૧૩ વરસ સુધી તેમણે પૂરતી ઊંઘ પણુ લીધા વિના સતત વેગથી આ કામ કર્યું. સૌને જાગૂત કર્યા, દેખતા કર્યા; બાળક તરફ જોવાની સાચી દૃષ્ટિ આપી. 'બાળકનો વિકાસ રોકવો એટલે મનુષ્ય જાતિનો વિકાસ રોકવા બરાબર છે.' એ વાત, સૌને સમજાવી ઘણીવાર કડક શબ્દો વાપર્યા. ઘણીવાર રસાળ વાણી થી કહ્યું; ઘણી વાર દુઃખી હૃદયથી કહ્યું, અને ઘણી વાર ઉત્સાહ અને સ્ફૂર્તિ-દાયક શબ્દો એમણે વાપર્યા. તેમણે આપેલા પ્રચંડ વેગને લીધે જ સંઘનું ગાડું આજે અહી સુધી આવી પહોંચ્યું છે. એ જ વેગથી તે કાર્ય આગળ ચલાવવાનું હવે આપણા સૌને માથે છે. ઈશ્વર આપણુને એ બળ આપે.

તા.

નૂતન બા. શિ. સંઘના રૌપ્યમહોત્સવનાં મંગલાચરણ

માર્ચ ૫૧ થી માર્ચ ૫૨ સુધીના આખા વર્ષ દરમ્યાન નૂતન બાળશિક્ષણ સંઘના રૌપ્ય મહોત્સવની ઉજવણી તેની જુદી જુદી શાખાના પ્રદેશમાં કેવી રીતે કરવી તેની વિચારણા દરેક શાખામાં થઈ રહી છે. આખું વર્ષ ચાલુ રહેનાર આ ઉપક્રમના મંગલાચરણ તરીકે ઉત્તર ગુજરાત શાખાએ વિસનગરમા અને પૂના શાખાએ પૂનામાં, સંઘની આજ સુધીની પ્રણાલિકાને શોભે તેવા કાર્યક્રમોની યોજના જાહેર કરી છે. તા. ૧૮ ફેબ્રુઆરી થી તા ૨૮ ફેબ્રુઆરી સુધી મુંબઈ રાજ્યમા કેળવણીની સંસ્થાઓને પરીક્ષાઓની રજા છે. આ તકનો લાભ લઈને **વિસનગર અને પૂનામાં તા ૨૦ મીથી અને તા. ૧૮ મીથી બાળાશિક્ષણ નગરો** અથવા સર્વાંગી શિક્ષણ-પ્રવૃતિના પ્રદર્શનો બાળકો, વાલીઓ અને શિક્ષકો માટે ખુલ્લા મુકાશે. સાથેાસાથ તે તે શાળાના શિક્ષકો માટે સંસ્કાર-વર્ગો પણ ચલાવવામા આવશે. રૌપ્ય મહોત્સવ પર્વના આ પહેલ વહેલા ઉપક્રમો હોવાને લીધે બન્ને કાર્યક્રમો માટે તે તે ભાષાની શાખાઓમાં આ કાર્યક્રમ માટે એક પ્રકારનું કુતૂહલ ઉત્પન્ન થયું છે. વિસનગરના કાર્યક્રમમાં કચ્છ, સૌરાષ્ટ્ર, અને સમસ્ત ગુજરાતની શાખાઓના ચુનંદા પ્રતિનિધિઓ આવશે. તેમ જ પૂનાના કાર્યક્રમમાં નાગપૂરથી બેલગાંવ સુધીના, મહારાષ્ટ્રના બાળકેળવણીના કાર્યકર્તાઓ આવશે, એમ જણાય છે. દરેક શાખામા રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિઓ સ્થપાય છે, અને તેના તરફથી બની શકે તેટલા પ્રતિનિધિઓ તે તે ભાષી વિભાગના કાર્યક્રમોમા ભાગ લેવા મોકલવા એ જાતની ભલામણ સંઘની મધ્યસ્થ સંચાલન સમિતિ તરફથી થઈ છે. એ રીતે શાખા તરફથી જનાર પ્રતિનિધિઓ માટે ઉતારાની વ્યવસ્થા ઉત્તર ગુજરાત શાખાના પ્રમુખ શ્રી ઈશ્વરાચાર્ય કરશે. કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ પોતાનાં નામો **શ્રી ઇશ્વરાચાર્ય** C/o. ચકુભાઇ બાળમંદિર, વિસનગર, ઉત્તર ગુજરાત એ સરનામા પર તા ૧૫ મી પહેલાં મોકલી આપવા અથવા જણાવવા અને એમણે કરેલી વ્યવસ્થા માટેનો ખ્યાલ મેળવી લેવો.

વિસનગરનો કાર્યક્રમ :

ઉત્તર ગુજરાત શાખાની રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિએ મહેસાણા જિલ્લાના કાર્યકર્તાઓનો સરસ સહકાર મેળવ્યો છે, અને તે વિસનગર પછી, શાખાના બાળકેળવણીના અન્ય મુખ્ય મુખ્ય કેન્દ્રોમા બાળશિક્ષણ નગરોનો કાર્યક્રમ કેવી રીતે ઉજવવો તેની વિચારણા કરી રહી છે. વિસનગરના કાર્યક્રમ માટે વિસનગર જનતાનો ઘણો સહકાર દેખાય છે. વિસનગર રૌપ્ય મહોત્સવ મંડળનું સ્વાગતાધ્યક્ષનું પદ વિસનગર કોલેજના પ્રિન્સિપાલ શ્રી. પવાર સાહેબે સ્વીકાર્યું છે. મહેસાણા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ શ્રી. સાકળચંદભાઇનો સંપૂર્ણ સહકાર ઈશ્વરાચાર્યને મળ્યો છે. તે જ પ્રમાણે વિસનગર સરકારી દવાખાનાના ઉત્સાહી ડૉ. આચાર્ય તેમના સહકારીઓનો સાથ લઈને ત્યાનાં બાળકોની તંદુરસ્તી-તપાસની એકા યોજના કરી રહ્યા છે. તે જ પ્રમાણે ત્યાંની કોલેજના વનસ્પતિ વિજ્ઞાનના પ્રો. શ્રી દવે. બાળશિક્ષણ-નગરના વિજ્ઞાન વિભાગને મદદ આપવાના છે. એ સિવાય પાટણના કિલ્લોલ બાળમંદિરના આચાર્ય શ્રી. પુનમચંદભાઈ તથા ભાવનગર બાલઅધ્યાપનમંદિરના મુખ્યાધ્યાપક શ્રી. નરેન્દ્રભાઈ બધેકા, શિશુવિહાર બાલઅધ્યાપન મંદિરના મુખ્યાધ્યાપક શ્રી. નામલે તેમના સહકારી અધ્યાપકો શ્રી હેમલતા માળવી તથા શ્રી મંજરીબેન રાયજી વગેરે મંડળીએ સંસ્કાર વર્ગ ચલાવવાની જવાબદારી સ્વીકારી છે. બાળશિક્ષણ નગરના દિવસો દરમ્યાન વિવિધ મનોરંજન કાર્યક્રમો ગોઠવાઇ ગયા છે. અમદાવાદના વાડિયા બાળમંદિરના આચાર્ય શ્રી દીપકભાઇ વિસનગરની જનતાને કેળવણી વિષયક ચિત્રપટો

બતાવવાની યોજના કરી રહ્યા છે. કાર્યકર્તાઓના આ ઉત્સાહને વધાવવા દક્ષિણામૂર્તિના તથા ગ્રામદક્ષિણામૂર્તિના સ્થાપક અને આપણા પ્રખર કેળવણીકાર પૂજ્ય શ્રી નાનાભાઈ ભટ્ટ બાળશિક્ષણ-નગરનું ઉદ્ઘાટન કરવા પધારનાર છે. નૂ. બા. શિ. સંઘની આજના પ્રેરણાસ્વરૂપ બનેલા મુ. શ્રી. તારાબેન મોડક બોર્ડીથી વિસનગરના કાર્યકર્તાઓને પ્રોત્સાહન આપવા આવશે. નૂ. બા. શિ. સંઘના જન્મથી આજ સુધી સંઘને જેમની દોરવણી મળી છે તે શ્રી સરલાદેવી સારાભાઇ સંસ્કારવર્ગ અને બાળશિક્ષણ નગરના કાર્યને આશીર્વાદ આપવા અમદાવાદથી પધારશે. સંઘના ભાષામંત્રી શ્રી શાંતિભાઇ રાવળ આ માસની પહેલી તારીખથી જ વિસનગર જઈને કામે લાગી ગયા છે.

વિસનગરનો સંસ્કાર–વર્ગ

સંસ્કારવર્ગનું ઉદ્ઘાટન તા. ૨૦મી એ થશે. તા. ૨૧ મી ફેબ્રુઆરીથી તા. ૨૬ સુધીના ૬ દિવસોમાં કુલ ૧૮ વ્યાખ્યાનો તથા નિદર્શનોની તેમાં યોજના કરી છે. તા. ૨૭ મીને દિવસે સંસ્કારવર્ગમાં જોડાયેલા શિક્ષકો માટે કસોટીઓ યોજવામાં આવશે. આ કસોટીમાંથી પસાર થનાર શિક્ષકોને પાછળથી પ્રમાણપત્રો આપવામાં આવશે, અને પૂર્ણાહુતિનો કાર્યક્રમ યોજાશે. વ્યાખ્યાનોનો કાર્યક્રમ રોજ સવારે ૮ થી ૧૧ માં રાખવામાં આવશે. બપોરે ૧ થી ૪ સુધી બાળ-શિક્ષણ નગરમાં વ્યાવહારિક તાલીમ લેવાની રહેશે. સવારનાં વ્યાખ્યાનોમાં એક વ્યાખ્યાન બાળકેળવણીરસિક જનતા, વાલીઓ અને શિક્ષકોની દૃષ્ટિએ યોજેલું રહેશે. બાકીનાં બે વ્યાખ્યાનો ખાસ શિક્ષકો માટે જ રહેશે.

બાલશિક્ષણ નગર

આ નગર તા. ૨૦ મીની સાંજે પૂ શ્રી નાનાભાઈને હસ્તે ખુલ્લુ મુકાશે અને તા. ૨૧ મી થી ૨૭ મી સુધી, દરરોજ બપોરે ૧ થી ૪ બાળકો અને વાલીઓ માટે ખુલ્લું રહેશે. રોજ રાત્રે વાલીઓ તથા મોટાં બાળકો માટે વિવિધ મનો-રંજનનો તથા બાળકેળવણી વિષેના વાર્તાલાપનો કાર્યક્રમ રહેશે.

પૂનાનો કાર્યક્રમ

તા. ૧૮ મીથી પૂનામાં વિસનગરની જેમ જ સંસ્કારવર્ગ તથા બાળશિક્ષણ નગરનો કાર્યક્રમ યોજાયો છે પૂના શાખાના પ્રમુખ શ્રી. સૌ. માલિનીબાઇ પગંજપે, મંત્રી શ્રી. સૌ. સુનંદાબેન કાનેગાંવકર, મરાઠી ભાષામંત્રી શ્રી મંગલાબાઇ કરંદીકર, શ્રી. ભાસ્કરરાવ કર્વે, શ્રી જોગળેકર વગેરે બાળશિક્ષણરસિક કાર્યકર્તાઓ કામે લાગી ગયા છે. બોર્ડીથી શ્રી તારાબેન, શ્રી અનુતાઈ તથા મુંબઇથી શ્રી સૌ. સરલાતાઈ અને શ્રી શાલિનીતાઈ વગેરે મંડળી પૂનાના કાર્યક્રમમાં ભાગ લેવા જનાર છે.

ગુજરાતી અને મરાઠી ભાષાવિભાગોના આગમા વર્ષના કાર્યક્રમની રૂપરેખા આ મંગલા-ચરણના કાર્યક્રમમાં જ નક્કી કરવામા આવશે.

મંત્રીઓ, રૌપ્યમહોત્સવ
મ. સંચાલન સમિતિ.

આપણી કેળવણીના મૂળભૂત પ્રશ્નો

ગ્રામ દક્ષિણામૂર્તિ : આંબલા.

કેળવણીના ઘડ વિચારોને ભેદી જનારું તે દૃશ્ય હતું. બાલ અધ્યાપન-વિદ્યાર્થીઓ સાથે અમે કેળવણીની સંસ્થાઓ જોવા માટે પ્રવાસે નિકળ્યા હતા. જાન્યુઆરીની આગમરના શિયાળાના દિવસો હતા. સવારના આઠથી નવ વાગ્યાનો સમય હતો. અમે બધા મુંબઈના એટલે ઠંડીથી ટેવાયલા નહિ, આથી કાઠીયાવાડની ઠંડીનો સામનો કરવા ચઢાવી શકાય તેટલાં કપડાં ચઢાવીને શ્રી. મૂળ-શંકરભાઈની પાછળ પાછળ અમે જતા હતા. તેઓ અમને આંબલાની ગ્રામ દક્ષિણામૂર્તિના કાર્ય

ક્ષેત્રનો ખ્યાલ આપતા હતા. ગોશાળામા જ લોક-શાળાની યોજના હતી. ગોશાળા અને લોકશાળા જોતાં જોતાં અમે ગોશાળાના પાછળના ભાગમાં ગયાં. કંપોસ્ટ ખાતરના ચાર પાચ મોટા મોટા ખાડાઓ હતા. દરેક ખાડામા જુદી જુદી પ્રવૃત્તિ ચાલતી હતી: દશથી ચૌદ વર્ષની ઉંમરના લોક-શાળાના વિદ્યાર્થીઓ આ ખાડાઓમાં કામે લાગી ગયા હતા. એક ખાડામા તૈયાર થયેલુ ખાતર ખોદી ખોદીને તેમાંથી ટોપલા વડે બળદગાડામા નંખાતું હતું. એક ઠેકાણે મોટા ખાડામા છાણમા પાણી રેડીને તેને ભેળવવા માટે કેટલાક વિદ્યાર્થીઓ તેને પગથી ખૂંદતા હતા. કેટલાક વિદ્યાર્થીઓ રબડી જેવું થએલું એ છાણ, ડોલો ભરી ભરીને એક બીજા ખાડા તરફ લઇ જતા હતા. ત્યાં એ ખાડામાં કચરા સાથે આ છાણની રબડી તેમની સાથે ભેળવી દેવામાં આવતી હતી. કામમાં ઝડપ હતી. દરેક બાળક તંદુરસ્ત લાગતુ હતુ કોઈના મોઢા પર ગંદકીની સૂગ ન હતી. કપડાં ચઢાવીને આવેલાં છતાં ટાઢથી થથરતા મહેમાનોને બાળ-કોએ સ્મિતવદનથી આવકાર્યો. શ્રી. મૂળશંકરભાઇ આ લોકશાળાના વિદ્યાર્થીઓની દિનચર્યા કેવી હોય છે તે, અમને સમજાવતા હતા. મહેમાનોને જોઇ કુતૂહલમાં થોડીવાર વિરમી ગયેલા બાળકો ફરીથી કામે લાગ્યાં હતાં.

'આ છે સાચી નવી કેળવણી' એક ભાઇ બોલ્યા. કાળા જોડે ધોળું આવે એટલે જેમ બંને રંગોની સ્પષ્ટતા ખીલે છે તેમ, આ લોકશાળાની કેળવણીનાં દ્રષ્યો સાથે ચાલુ કેળવણીનાં અમારા મનમાં વસેલાં દ્રષ્યોની કંઈક વધારે સ્પષ્ટતા અમને થવા લાગી. 'આપણી ચાલુ કેળવણી શોષક કેળ-વણી છે.' બીજા ભાઇ બોલ્યા, 'અહીંની કેળવણી સર્જનાત્મક છે. જુઓને આ દરેક બાળકના મોઢા પર આવી, ગંદી મનાતી જતી પ્રવૃત્તિમાં પણ જીવનનિર્મિતીનો આનંદ કેવો દેખાય છે? અને જુઓને આપણાં ઉત્પાદકોનાં શ્રમપર જીવનારા અને કેળવણીની ચર્ચાઓ કરનારાનાં મોઢાં? માનસશાસ્ત્રની ચર્ચાઓથી અને ચોપડીઓના ગોખણથી આપણે કેળવણીનો મર્મ જાણી શકવાના છીએ?

કિલ્લોલ : પાટણ, ઉત્તર ગુજરાત

... અને હવે અમે ઉત્તર ગુજરાતમા આવેલા પાટણ પહોચ્યા હતા. શ્રી. પ્રેમચંદભાઇએ હરિજનવાસમા એક બાલવાડી શરૂ કરી હતી. સાજના સાત સાડાસાત વાગ્યાનો સમય હતો. ગામની ગંદકી સાફ કરીને અને પછી નાહી ધોઇને અને પરવારીને હરિજન ભાઈ બહેનો પોતપોતાના ઝૂ પડામા આરામ ને વાતચીત કરતા હતા. એટ-લામા બે ચાર ફાનસો લઇને બાળવાડીના શિક્ષકો આવ્યા, અને ઝ પડા વચ્ચેની એક ખુલ્લી જગામા સાફસુફી શરૂ થેઈ. ઓટલા જેવી આ જગા ઊંચી હતી. શિક્ષકો ને ફાનસોની હિલચાલ જોઇને ઝૂંપ-ડાઓમાથી 'પરમાનંદભાઈ, 'પરમાનંદભાઈ' કરીને બાળકો દોડતા આવ્યા. બારથી સોળ વર્ષના કેટલાક છોકરાઓ અને છોકરીઓ આવ્યાં. થોડી વારમા ઓટલાની સાફસુફી થઇ અને કેટલાક બાળકો અને મોટેરાઓ સ્લેટો અને પેનો લઇ પોત પોતાના આસને બેસીને કામે લાગી ગયા. કોઇ ઠેકાણે ચિત્રકામ તો કોઇ ઠેકાણે માટી-કામ ચાલતુ હતુ. કોઇ ઠેકાણે રંગોળી અને કોઇ ઠેકાણે ગોઠવણી ચાલતી હતી. દરેકને પોતાની પ્રવૃત્તિમાં જીવનરસનો અનુભવ થતો હોય એવુ લાગતુ હતું. મહેમાનોને જોઇને કેટલાએક વડીલો પણ ત્યાં ભેગા થયાં હતાં. કલાક દોઢ કલાકની આ પ્રવૃત્તિ પછી અંતકડીની રમત શરૂ થઇ. અંતકડીની રમત બધેય પ્રચલિત છે પરંતુ તેમાં સંસ્કારી ગીતોને બદલે સિનેમા રેડિયોના અથવા પાઠ્યપુસ્તકોનાં અનેકવાર ગાઈગાઇને ચવાઇ ગએલાં જ ગીતો, મોટે ભાગે ગવાય છે. આ હરિજન વસ્તીનાં બાળકોના ગળા-માંથી એક પછી એક ઝડપભેર નિકળતા શુદ્ધ અને સંસ્કારી ગીતોથી અમને એક આશ્ચર્યભર્યો ધક્કો બેઠો. કાન અને આંખો પર વિશ્વાસ રાખવો કે કેમ એમ થઇ પડયું. થોડી વારમાં ગરબી અને ગરબાઓનો કાર્યક્રમ શરૂ થયો. યુવાન છોકરીઓ

અને છોકરાઓ તેમાં ભેગા હતા. સવર્ણ શિક્ષકો અને હરિજનો સાથે હતા. સવર્ણ અને અસ્પૃષ્ય સ્ત્રીઓ ને પુરુષો વચ્ચેના ભેદાભેદની દિવાલો અદ્રષ્ય થઇ હોય એવું અહીં ભાન થતું હતું.

પ્રવાસમાં એવા કેટલાય ઉદ્બોધક દ્રષ્યો અમને જોવા મળ્યાં હતાં, અને તે બધાં અમને કેળવણીના મૂળભૂત પ્રશ્નો તરફ દોરી જતા હતા. આપણા દેશની સામે આજે જે પ્રશ્નો રાવણ સ્વરૂપમાં ઊભા છે તે જ પ્રશ્નો આજને તબક્કે મને લાગે છે કેળવણીની સામે પણ ઊભા છે. ગરીબી, ભેદાભેદ, શોષણ, અસ્વચ્છતા, અશ્રદ્ધા અને સહાનુભૂતિનો અભાવ આ ષડ્રિપુઓ દેશવ્યાપી બન્યા છે અને તેથી આખો દેશ જે જાતની મૂંઝવણ અનુભવી રહ્યો છે તે જ જાતની મૂંઝવણ આજની કેળવણી પણ અનુભવી રહી છે. આ મૂળભૂત પ્રશ્નોનો સામનો કરવા માટે વાતાવરણની જ્યાં સુધી જમાવટ કરી શકીશું નહિ ત્યાં સુધી કેળવણીનું એક ડગલું પણ આગળ વધી શકાવાનું નથી.

શેષ નામલે

હીરાઓ ખરી પડયા !

મહિના સવા મહિનાના કાળમાં ભારતના બહુમોલ હારમાંથી ઝપાઝપ એક પછી એક હીરાઓ ખરી પડયા ! ને દેશ આખો દુઃખમાં ડૂબી ગયો.

યોગીરાજ અરવિંદબાબુના અવસાનથી જાણકાર લોકોના મનને આઘાત લાગ્યો છે. એ લોકો પણ કાંઇ ઓછા ન હતા. એક વખત તેઓ પણ ઝળહળતા પ્રકાશમા હતા જ તો. પછી તેમણે શાંત, એકાત સ્થાન શોધી જાતને લોકોની નજરમાંથી ખસેડી લેવાનો પ્રયત્ન કર્યો. તો પણ તેમના આધ્યાત્મિક પ્રભાવથી ને તેમના પ્રેરક વિચારોથી તેમની આસપાસ તેમની પાસેથી સ્ફૂર્તિ, પ્રાણપોષણ અને ઉચ્ચ કક્ષાએ જીવવાની પ્રેરણા મેળવવા માટે ટોળાં ને ટોળા ભેગા થયા; ને એમ કરતાં તેમનો મૂક સ દેશ દેશભરમા વ્યાપ્યો. તેથી તેઓ ગયા એટલે દેશે, પોતાનો આધ્યાત્મિક આધાર ખૂટયો હોય એવી અસહાયતા અનુભવી. નિરાધાર પણે આંસુ સાર્યાં.

પણ હજી તો એ આંસુ સૂકાયા પણ નહિ, ત્યાં તો દેશ આખાને એક બીજો વીજળીક ધક્કો વાગ્યો, અને તે **સરદાર વલ્લભભાઇનો**. જેમના બળવાન ખભા ઉપર આખા દેશનો મોટા ભાગનો ભાર હતો તે ખભો જ એકાએક જતો રહ્યો. દેશ હતાશ થયો. એકાદ અસહાય, નિર્બળ બાળક જેમ મા જવાથી મોટો આઘાત સહે છે તેમ દેશ આક્રંદ કરી ઊઠયો. અત્યંત મુશ્કેલીઓમાંથી, અચ્યલતાથી, દૃઢ નિશ્ચયથી, જરા પણ અચકાયા વગર દેશની આવડી ભારે ધુરા અણોલ પણે વહી જનારા ધીરગંભીર નેતા ગયા! હજી તો પંચોતેર વર્ષનો જન્મ દિવસ મોટા સમારંભથી ઉજવાયો ને પ્રજા આખીએ પ્રેમથી દીર્ઘાયુ – ચિંતનના પહેરાવેલા હાર પૂરા સુકાયા પણ નહિ હોય ત્યાં જ કાળે તેમને ઝડપી લીધા! દેશ નિરાધાર થયો.

હજી દુઃખ વ્યકત કરીને કે રડીને જરા હલકું હૃદય કરવાનો પ્રયત્ન થાય છે; હજી સરદાર ગયા એટલે શી ખોટ પડી ? એની પૂરતી કલ્પના કરવાનો પ્રયત્ન થાય છે ત્યા તો ત્રીજો ધક્કો આવ્યો

શાત, પ્રેમાળ, પડદા પાછળ રહીને માત્ર સેવાની જ વૃત્તિ ધરાવવાવાળા આપણા **ઠક્કરબાપાને** કાળ હરી ગયો. દલિત, અસ્પૃશ્ય, આદિવાસી, સ્ત્રીઓ, બાળકો - સર્વ અબળાના તેઓ સબળ આધાર હતા કુસુમથી કોમળ અંતઃકરણ છતાં શિસ્ત અને વ્યવસ્થામાં તલવારથી તીક્ષ્ણ સિદ્ધાંતપાલનમાં પર્વતની જેમ અડગ એવા તે ભારતના આદર્શ સેવક હતા. કેવળ પોતાની અથાક સેવાથી જ તેઓ દેશભરમાં જાણીતા થયા. આજે તે પણ ગયા !

આજે તેજસ્વિતા, રાજકારણની વીખરતા ને અડગતા સેવાની નમ્ર ઉચ્ચતાને લીધે આ ત્રણે પોતપોતાના ક્ષેત્રમાં અલૌકિક હતા. દેશને તે જોઈતા હતા.

હૃદય કંપે છે ! આપણું શું થશે ? આવી રીતે જો એક પછી એક અમારા આધારસ્થંભ પડી ભાંગશે તો અમે કોને આધારે ઊભા રહીશું ? આ હમણાં જ ચણવા શરૂ કરેલી ઈમારતને ઊભી કરવાનું કામ કેમ થશે ?

અત્યાર સુધી ગયા દોઢ સૈકાથી આપણે ગુલામીમાં હતા; પારતંત્ર્યમાં હતા. પોતાનું તંત્ર જેવું આપણી પાસે ન હતું. પોતાના જોરપર ઊભા રહી શકતા ન હતા. સતત બીજાને આધારે જીવવાની આપણને ટેવ પડેલી હતી.

હવે આપણું કેમ થશે ? એ વિચાર અસહાયતાનો છે. હવે આપણે આપણા બળ-ઉપર ઊભા રહેવાનું છે. પોતે જ પોતાના આધાર થવાનું છે. પોતાના કર્તૃત્વ ઉપર જીવન રચવાનું છે.

એ આપણું સદ્‌ભાગ્ય છે કે આપણને સીધો, સરળ, સહેલો ને સાચો માર્ગ દેખાડનાર આપણા મહાન દેશનેતાઓ ધ્રુવતારાની જેમ આપણી સામે ચળકે છે. ઈહલોકમાંથી તેમના પાર્થિવ દેહ ચાલ્યા ગયા તો પણ તેઓ હિંદના આકાશમાં તારાની માફક સતત પોતાના પૂર્ણ તેજથી ચળકે છે.

નેતાઓના ઉપર આપણો આખો ભાર નાખીને તેમની ભૂલો કાઢયા કરવાનું હવે આપણું કામ નથી. પણ તેમનો ભાર પોતાના શિરપર, ખભાપર, પીઠપર ને પેટપર લેવાનું આપણું કામ છે.

આજે તીક્ષ્ણ કાળે તીક્ષ્ણ હાથે જખમ કરીને આપણને આ વાતનું ભાન કરાવ્યું છે કે નેતાઓના ઉપરનો ભાર આપણે ઉપાડી લેવાનો છે. આપણા હાથપગ ને હૈયામાં બળ લાવવાનું છે. પોતે ઊઠીને કામે લાગવાનું છે. આંસુ સારવા એ કાયરનું કામ છે. જે ગયા તેમના ઉપર સ્તુતિ-સુમનનો વર્ષાવ કરીને, શ્રદ્ધાંજલી અર્પણ કરીને કૃત્યકૃત્ય થઈને જ બેસી રહ્યે ચાલશે નહિ. આપણે આપણા જીવનમાં નૈતિક, આધ્યાત્મિક અને સેવાનું બળ આણવું એ જ ખરી શ્રદ્ધાંજલિ !

સ્વ. સૌ. આનંદીબાઇ કર્વે :

ઉપરના ત્રણ મહાન નેતાઓની જ હારમાં અમારા સાદા, ભોળાં આનંદીબાઈ જઈને બેઠાં. તેમણે પણ તેમની સાથે જ અમારી વિદાય લીધી. એ ત્રણ તો ઘણાં મહાન ને અલૌકિક ! પણ આનંદીબાઇ - અમારી બાયા - તો તમારા અમારા જેવી. નાના છતાં તે નાના જ રહીને મહાન કેમ થવાય એનો પાઠ આપણે લઇ શકીએ એમના જેવાની પાસેથી એક જ કાર્ય તેમના મનમાં વસ્યું. કેમ વસ્યું ? પોતાના પતિએ તે જીવનકાર્ય બનાવ્યું તેથી નહિ. પણ તેના પોતાના મનને તે સાચું લાગ્યું તેથી. અસહાય સ્ત્રીઓની શી હાલત થાય છે, કેવાં દુઃખ તેમને માથે આવી પડે છે. તે તેમણે જાણ્યું. તેમનુ હૃદય વિંધાયું. બસ એક વાર મનમાં વસ્યું એટલે વસ્યું. કેડ વાંકી વળી પણ મન ન વાંકુ વળ્યું. એકનિષ્ઠાથી તેને છેવટની ઘડી સુંધી વળગી રહ્યાં. મહાનતાનાં આથી જુદાં કેવાં લક્ષણો હોય !

તા.

નૂ. બા. સંઘ રૌપ્ય મહોત્સવ

વીસનગર અને પૂનામાં

* મંગલાચરણ *

રૌપ્ય મહોત્સવના આ મંગળ વર્ષમાં

સંઘના સભ્યો વધારો | પત્રિકાના ગ્રાહકો વધારો | શિક્ષણના રસિકો વધારો | નિધિના દાતાઓ વધારો

ગામે ગામે બાળકોને આનંદ કરાવો
શહેરે શહેરે માતાઓને રસલેતી કરો
ગિજુભાઇનો પ્રેરણા-સંદેશ
ઘેરે ઘેર અખંડ ગૂંજતો કરો

વધુ માહિતી માટે: મંત્રી, સંઘ રૌપ્ય મહોત્સવ—શિશુવિહાર, દાદર, મુંબઈ નં. ૧૪.

સંગીતમાં શાંત

સંગીતમાં રોજ મારી પાસે આવી મંજીરા, અંજરીની માગણી કરનાર અને તબલાને જોરથી પછાડનાર અનિરુદ્ધભાઇ આવીને સીધા આજે પહેલી હારમાં બેઠેલા હતા.

મારી પાસે મંજીરાની જોડ પણ બાલી જ પડેલી. સાથે ખંજરી પણ હતી. મેં રોજના નિયમ પ્રમાણે સંગીતના ઓરડાના સ્ટેજ પર બેસી સંગીત શરૂ કર્યું. મને મનમા થયું કે આજ અનિરુદ્ધભાઇ કેમ કંઇ માગતા નથી ! આજ એમને સંગીતનો રસ નથી કે શું ? મેં કહ્યું 'અનિરુદ્ધભાઇ, આવો ! મંજીરાં નથી વગાડવાં? ' અનિરુદ્ધભાઇએ મૂંગે મોઢે ઇસારાથી મને ના પાડી.

સંગીત ચાલુ જ હતું. અનિરુદ્ધ તાલમાં તાલી આપે અને અવાજ કોઇને સંભળાય નહિ એમ, જે ગીત ગવાતું હોય તે પ્રમાણે પોતાના હોઠ ફફડાવે. બે ત્રણ ગીતો બાદ મને થયું કે માનો ન માનો આજ અનિરુદ્ધને કંઇક થયું છે ! નહિતર સંગીતમાં તેની પાસેથી શાંતિની આશા આટલી બધી રખાય જ નહિ.

મેં શરૂઆતથી જ તે દિવસે અનિરુદ્ધનું સંગીત પૂરતું જ અવલોકન કરવા માંડેલુ જ્યારથી સંગીત શરૂ થયું ત્યારથી તે થોડી થોડી વારે ઝીણી નજરે પાછળની બાજુ જોતા અને તાલમાં વ્યવસ્થિત રહેતા. સંગીત પૂરું થતાં સુધી તેમણે આમ જ કર્યા કર્યું. છેલ્લા તાલની રમત આવી, તેમાં તે રોજ દાંડિયા માટે ખૂમો મારતા જ હોય; તેને બદલે આજ તે બેઠેલા તે જગ્યાએથી ઊભા પણ ન થયા, અને રમત પૂરી થતાં સુધી પોતે પોતાની જગ્યા ઉપર જ પોતાના હાથથી તાલ આપ્યા કર્યો.

આનું મૂળ કારણ એ હતું કે આજ તેમના "બાપુજી" તેમના નાના ભાઇને બાલમંદિરમા મૂકવા આવેલા અને તે બાળકોની પાછળ, સંગીતમાં બેઠેલા હતા. થોડી થોડી વાર એ પાછળ જોતા; વિચારતા કે હું બરાબર છું એવી છાપ બાપુજીને પડે છે કે નહિ ? હું શાંત છું એવો ખ્યાલ બાપુજીને આવે છે કે નહિ ? હું સરખી રીતે બાલમંદિરમાં રહું છું એમ લાગે છે કે નહિ ? આવી બધી છાપ બાપુજીના મન પર પાડવા અનિરુદ્ધે સંગીતમાં ખૂબ સંયમ જાળવી શાંતિ રાખી.

ખરે જ બાળકની ધીરજ અને તે દિવસની તેની સ્થિરતા માટે ધન્યવાદ; પણ આવુ કેમ ? તે તો દરેક મોન્ટેસોરી શિક્ષકને લાગે જ ! અને તેનો અભ્યાસ કરે જ. તે પ્રમાણે મારા મગજમાં આ વાત ચાલ્યા જ કરતી કે આમ કેમ ? મોંઘીબહેન પાસે વાત કરતાં જાણવા મળ્યું કે તે બાળકના ઘરના લોકો 'કડક શિસ્ત' માં માનનાર છે. ખાસ કરીને આ તેના પિતાજી છે તેથી તે બાળક પર અસર થાય એ સ્વાભાવિક છે.

મને લાગેલું જ કે બાળકો માટે ઘરનું વાતાવરણ મુક્ત નહિ હોય, અને તેને લઇને અનિરુદ્ધભાઇને લાગ્યુ હશે કે બાપુજી ને હુ મંજીરા વગાડીશ તે ગમશે ? હુ જોરથી ગાઇશ તે ગમશે ? હું મંજરી માગીશ તે ગમશે ? હું તાલમાં રમવા ગોળ ઉપર ઉભો થઇશ તે ગમશે ? આ બધા જ વિચાર તેમના મનમાં આવ્યા હશે. આખરે એમણે નિર્ણય કર્યો હશે કે આજ બધું જ જવા દો; શાંતિથી બેસો આજની અનિરુદ્ધભાઇની શાંતિએ મને ખૂબ જ અભ્યાસ કરાવ્યો.

માબાપો બાળકોને કડક શિસ્ત પાળવામા અને વિવેકી બનાવવામા બહુ જ ખોટે રસ્તે હોય છે. આ રસ્તો તે પોતાની વાકનો. પણ માબાપોએ સાથે સાથે સમજવું અને વિચારવું રહ્યું કે બાળકના વિકાસમા આપણે તેને રૂંધીએ તો બાળકને ખૂબ નુકસાન કરીએ છીએ અને તેને ભવિષ્યમા વિકસવાનો માર્ગ રોકીએ છીએ. બાળક પોતે માદા જેવો અને નિષ્ક્રિય અને માયકાંગલો, ડરપોક તેમ જ જૂઠો બને છે. આપણે તેને વિવેકી બનાવવા અને શિસ્ત જળવાવવા ધમકી, માર અને આંખોનો ઉપયોગ કરીએ છીએ પણ તેમાય ખૂબ જ ભૂલ છે. પછી બાળક પોતાનો સ્વયંવિકાસ કરી શકતું નથી. તેને હર વડીએ, 'વડીલ ને ગમશે કે કેમ' તેની શંકા જ રહ્યા કરે છે ને તેથી તે જાતે કંઇ કરતો નથી. અને બીજા કરતા હોય તેમાં ભાગ લઇશ તો વડીલને ગમશે કે કેમ, તેની શંકામાં બીજાના કાર્યમાં પણ પોતે ભાગ ભજવતો નથી. ઉપરના અવલોકન પરથી આ વાતનો સચોટ જવાબ મળશે.

જયંત શુકલ

'હાલતાં ચાલતાં'

હું નાનાંમોટાં બાળકોને સાથે લઈ બહાર તળાવ ગયો. બાલમંદિરની આ જૂની પ્રથા છે. મહિનામા એકાદ વાર ભાતાં લઈ પ્રવાસે જઈએ ને બહાર કુદરત વચ્ચે રહીએ. જ્યાં ગયાં હોઈએ ત્યાં રમીએ, ફરીએ, ઝાડે ચડીએ; પછી ભેગાં મળીને ખાઈએ. વાતો ચાલે, વખતે રાસ જામે, વખતે લોકગીતો ઉપડે. દિવસ પૂરો થવા આવે એટલે સાંજે ઘેર આવીએ. બીજે દિવસે અમે અને બાળકો સાવ નવાં બનીને કામે લાગીએ.

હું મોટાં બાળકોની મંડળીને લઈને તેમની સાથે નીકળ્યો. તળાવ ખૂબ ભરાયું હતું. પવન ખૂબ હતો, એટલે પાણી ઉછળી ઉછળીને કાંઠાની સાથે જોસથી અફળાતું હતું. કેટલાયે વખત સુધી બાળકોએ આ જોયું. અમે ઝૂલતા પૂલ ઉપર આવ્યાં. ઝૂલતો પૂલ એટલે એક મિજબાની. પણ તે દિવસે પવન સખત હતો; પૂલ ઉંચો નીચો અસાધારણ ઉછળતો હતો. મને થયું કે આજે આ છોકરાંઓને ઉપર જવા દેવામાં જોખમ છે.

મેં પૂલની સ્થિતિ જોઈને મનમાં ઠરાવ કર્યો કે જવાનો હુકમ ન આપવો.

નરહરિ મને કહે: "ગિજુભાઇ, પૂલ ઉપર જવા દો."

મેં કહ્યું: "ના, આજે નહિ. આજે પૂલ ઉપર જવું જોખમભરેલું છે.

બચુ કહે: "બસ, પૂલ ઉપર જવું જ છે. ભલે પૂલ ઊછળતો."

મેં કહ્યું: "તમને શું ખબર પડે? બહુ જોખમ છે.

નરહરિ અને બચુએ કહ્યું: "અમે જઈશું."

મેં કહ્યું: "તો તમારે મારી સાથે નહોતું આવવું. આવ્યા પછી મારો હુકમ જ માન્ય હોય."

નરહરિ-બચુ જવાનાં ઊંચાનીચા થવા લાગ્યા. મારી સામે જુએ, પૂલ સામે જુએ; પણ મારી હુકમ કરતી આંખો જોઈને પાછા હઠે.

નરહરિ કહે: "ગિજુભાઇ, તમે જ ચાલો જોઈએ. તમે પૂલ ઉપર ચાલતાં ચાલતાં ગોથું ખાઈને પડો એટલે પછી જોઈએ, તમારી કેવી રેવડી થાય છે! ચશ્માં પડી જાય, ને..."

અંદરનો નરહરિ બીજાયો. મને થયું કે નરહરિ મારા ઉપર વેર વાળે છે. હું એને પૂલ ઉપર જવા દેતો નથી એટલે તે ઇચ્છે છે કે મારી રેવડી થાય; હું એને ન ગમ્યો. એની દૃષ્ટિએ એ બરાબર જ હતું.

પણ બચુ તો મારો દીકરો છે. એનેય હું ગમ્યો તો નહિ જ હોઉં, પણ બાપની વિરુદ્ધ વિચાર કેમ લાવી શકાય? એનું મન વધારે રૂઢિગત નીતિના વિચારોને માનનારું (conventionally moral) નહિ હોય?

રકઝક ચાલતી હતી એટલામાં રસ્તો સાફ કરનારી મજૂર છોકરીઓ આવી ને દોડતી દોડતી પૂલ ઉપર ગઈ. વચ્ચે જઈને પૂલ ખૂબ હલાવીને પાછી આવી.

મારી સામે નરહરિ-બચુએ જોયું. મારી આંખમા 'હા' જોઈને તેઓ પૂલ ઉપર ઉપડ્યા.

પછીથી નરહરિ કહે: "ગિજુભાઈ! એ તો તમે પોતે બહીતા હતા એટલે 'પૂલ જોખમભરેલો છે' એમ કહેતા હતા. પેલી છોકરીઓએ તમારી બીક કાઢી નાખી ત્યારે તમે અમને જવા દીધા!"

નરહરિએ મારી પર શબ્દોનો ભારે વા કર્યો! અને તે બરાબર હતો. હું જાણીને ખુશી થયો કે છોકરીઓ પાસેથી મને પૂલ ઉપર જવા દેવાની હિંમત મળી.

× × × ×

[ગિજુભાઈના અતિ સુંદર 'હાલતાં ચાલતાં' નામના પુસ્તકમાંથી]

બા. લ. વિ. ભા. ૭
ફેબ્રુઆરી ૧૯૫૧

બાલકની શુભેચ્છા

બાળક બાળક બાળક મોટો થઇશ.
શાળાએ હું તો જઈને
શાંતિથી ભણીશ.
નાની મારી ચોપડીના,
સુંદર પાઠ લખીશ;
પાઠોનાં તો ચિત્રો જોઇ
મનમાં હું હરખાઇશ.....બાળક.

ગુરુ શિખવે તેની ઉપર
દિલથી ધ્યાન દઈશ;
સૂર્ય, ચંદ્રની કળા વધે તેમ
આગળ હું એ વધીશ.....બાળક.

વિવેક, વિચારો મનમાં લઇને
નેતાને ય નમીશ;
આઝાદીનાં ગીતો ગાઇ
બહાદુર થઇને રહીશ.....બાળક.

મોટો નેતા થઇને હું તો
સારાં કામ કરીશ;
ભારતની આબાદી માટે
તનમન ને ય ધરીશ.....બાળક.

—અંબાપ્રસાદ ર. યાજ્ઞિક

અશોકનો આભાર

"ઊઠો ઊઠો બબન, બાબુ, સવાર પડી જશે ને ફૂલ રહી જશે." એટલું બોલી બબન ને બાબુની બા કામે લાગ્યાં.

બબન ને બાબુ ચોરપગલે નંદલાલ શેઠની મોટી વાડીમાંથી ફૂલ લેવા નીકળી પડયાં.

અંધારી સવારે બબન-બાબુના ચોર-પગલાં કોઇવાર સંભળાતાં. બંગલામાં માલિક અને એમનું આખું કુટુમ્બ સૂતું હતું. અશોક નંદલાલશેઠનો મોટો પુત્ર હતો. એની બારી પાસે રોજ આ અવાજ આવતો. એક દિવસ અશોકે નક્કી કર્યું કે જરા જોઈ તો લઉં કે રોજ આજ- વખતે આ અવાજ ક્યાંથી આવે છે?

બીજે દિવસે સવારે બીમેથી અશોક દાદર ઊતર્યો. એણે છૂપા રહી, અવાજ આવતો હતો ત્યાંથી જોવા માંડયું. બબન ને બાબુ ફૂલ વીણી રહ્યાં હતાં. ઉતાવળે હાથે નાનાં બે છોકરાં, ઠંડી સવારે, ફૂલ વીણતાં હતાં. ઘડીમાં આમતેમ રખે કોઇ જોઇ જાય તેવી નજર નાખતાં.

અશોકને આણી કહેતો તે યાદ આવ્યું: "સાહેબ" સંધ્યાકાળે ફૂલ જોઉં છું, કોઈ સવાર પહેલાં તોડી જાય છે."

અશોક આજે આ જોઈ ગયો. બીજે દિવસે પણ એ ઊતર્યો ને એણે છોકરાંઓને ધીમેથી સાદ પાડયો.

"અલ્યા છોકરાંઓ, તમે કોણ છો?"

છોકરાંઓ તો આ અવાજ સાંભળી ગભરાઇ ગયાં. ભાગવા જતાં હતાં પણ અશોકે તરત જ રોકી લીધાં.

"અહીં આવો, તમારું નામ શું? ક્યાંથી આવો છો? શા માટે અંધારી રાત્રે ફૂલ લઇ જાઓ છો?"

"સાહેબ, અમને માફ કરો; અમે હવે નહીં લઇ જઇએ". બંનેએ ફૂલની ઝોળી નીચે નાંખી દીધી. બંને જણાં ગભરાઇ ગયાં હતાં. બાબુ ગભરાયો અને બબન જરા નાનો હતો, તે રડી પડયો.

"પણ હું તમને ધમકાવતો નથી. તમે મારાથી ગભરાશો નહીં."

બબનમાં જરા હિંમત આવી. એણે બોલવા માંડયું: "મારું નામ બબન છે; આ મારા ભાઇનું નામ બાબુ છે."

"તમે આ ફુલનું શું કરો છો?" અશોકે પૂછ્યું.

"અમે આ ફુલ અમારી માને આપીશું. આકડાના ફુલની માળા મારી મા અમને બનાવી આપશે. બીજાં ફૂલોમાં પાંદડાં નાંખી મારી મા સફેદ હાર કરશે. હું હનુમાનની દેરી પાસે ઊભો રહીશ; અમે બંને આ હાર વેચશું પૈસા મળશે તે માને આપશું. પછી અમે નિશાળે જઇશું. આ પૈસામાંથી અમને મા અમારી ભણવાની ચોપડીઓ અપાવે કે ફી આપે. આમ અમારું વરસ નીકળી જાય છે."

અશોકે તરત જ કહયું:, "બાબુ અને બબન તમે જરૂર આ બે ચાર ઝાડનાં ફૂલ, રોજ લઈ જાઓ છો તેમ લઇ જજો. પ્રભુને ચોરેલાં ફૂલ ધરાવવાં નહીં. કાલથી તમે વગર બીકે સવારના આવી લઇ જજો. અંધારે ઊઠીને આવશો નહીં. તમને આ ફુલ હું જ લેવા દઉં છું. ચોરેલાં ફુલ પ્રભુને ચરણે ધરાવાય નહીં.

બાબુ-બબન તો આભાં જ થઇ ગયાં. અશોકભાઇને પગે પડવા જતાં હતાં પણ તરત જ અશોકે રોકયા. નમસ્કાર કરી બંને બાળકોએ કહયું, "બાપુ, તમારો પાડ."

બાબુ-અને બબન હવે કદી અશોકના બાગનાં ફુલ ચોરતાં નથી. અંધારી રાતે આવતાં નથી.

એમની માએ પણ આ વાત સાંભળી ત્યારે માને પણ થયું કે મારાં છોકરાંઓને હવે દેવનાં ફુલ ચોરવા જવું નહીં પડે; હવે ચોરેલાં ફુલ દેવને ધરાશે નહીં ને મારા છોકરાં ચોર થતાં બચશે. અશોકભાઇનો આભાર.

— કપિલા ઠાકોર

નૂતન બાલ-શિક્ષક સંઘ : રૌપ્ય મહોત્સવ નિધિવિનિયોગ સમિતિની પહેલી બેઠક

તા. ૭–૧–૫૧ બપોરે બાર વાગે શિશુવિહાર દાદર - મુંબઈમા રૌ. મ. નિધિ-વિનિયોગ સમિતિની પહેલી બેઠક શ્રી સરલાદેવી સારાભાઇના પ્રમુખપદે મળી હતી. તેમાં નીચેના સભ્યો હાજર હતા.

શ્રી સરલાદેવી સારાભાઈ	પ્રમુખ,	વિશ્વસ્ત મંડળ.
શ્રી તારાબેન પ્રેમચંદ	સભ્ય	,,
શ્રી ચંદુલાલ મો. ઝવેરી	,,	,,
શ્રી તારાબેન મોડક	સંઘ મંત્રી	
શ્રી બાબીબેન મૂળજી	સંઘ મંત્રી	,,
શ્રી કમળાશંકર પંડિત	પ્રતિનિધિ	(મધ્ય ગુજરાત શાખા)
શ્રી માલિનીબાઇ પરાંજપે	,,	(પૂના શાખા)
શ્રી કુસુમબહેન શાહ	,,	(દક્ષિણ ગુજરાત શાખા)
શ્રી ઈશ્વરાચાર્ય	,,	(ઉત્તર ,, ,,
શ્રી પૂનમચંદ શાહ	,,	(,, ,, ,,)
શ્રી માવજીભાઈ ચૌહાણ	,,	(કચ્છ શાખા)
શ્રી કાંતિલાલ કારિયા	,,	(મુંબઈ શાખા)
શ્રી રેવાંશંકર કામેશ્વર	,,	(બા. કે. મ. અમદાવાદ)
શ્રી નામલેભાઇ	,,	(ખાસ આમંત્રણથી)

આ સભામા નિધિવિનિયોગ અંગેના બધા મુદ્દાઓની વીગતવાર ચર્ચા કરીને, એકબીજાના દૃષ્ટિબિંદુ બરાબર સમજી લઇને, નીચે પ્રમાણે નિર્ણયો એકમતથી લેવાયા હતા.

ઠરાવ ૧ – રૌ. મ. અંગે ભેગા થનાર નિધિની વ્યવસ્થા નીચે પ્રમાણે કરવી.

(૧) રૌ. મ. નિધિને અંગે શાખાએ ભેગા કરેલા નિધિમાની તેમણે કરેલા ખર્ચની રકમ બાદ કરવી.

(૨) સંઘના મધ્યસ્થે રૌ. મ. અંગે જે ખર્ચ કર્યો હોય તે રકમ તે શાખામા ભેગા થએલા નિધિના પ્રમાણમાં, તે શાખાને ભાગે જેટલી રકમ આવી હોય તે બાદ કરવી.

(૩) બાકી વધેલી રકમના ૫૦ ટકા તે શાખા-વિભાગમાં ખર્ચવા માટે ૫૦ ટકા મધ્યસ્થ યોજના માટે ગણવા.

(૪) કેવળ મધ્યસ્થ યોજનામાં જ વપરાય એ શરતે કોઈ દાન આપે તો તે સ્વીકારી શકાય.

(૫) દર મહિને દરેક શાખાના ખજાનચીએ પોતાના અહેવાલ સાથે ભેગી થએલી બધી રકમ સંઘના વ્યવસ્થાપક મંડળના ખજાનચી શ્રી તારાબેન પ્રેમચંદ ઉપર મોકલી આપવી.

(૬) સામાન્ય સમજણ એમ રાખવી કે પોતપોતાના વિભાગમાં કરેલા બા. શિ. નગર, પ્રદર્શન કે રંજન કાર્યક્રમ વિગેરે કાર્યક્રમોના પ્રવેશદ્વાર ઉપર જે નાણાં ભેગા થાય તેમાંથી તે તે શાખાનું પ્રચાર-કાર્ય ચલાવવું. વર્ષ આખરે એમાંથી જે કાંઇ વધે તે સામાન્ય ફાળામાં આપવુ. જો ખર્ચ કરતાં એ રકમ ઓછી થાય તો તે વિભાગે એ વટ પૂરી પાડવી.

(૭) જ્યાં-શાખા નથી એવા વિભાગમા જે નિધિ ભેગો થાય તે મધ્યસ્થ ફાળામાં જાય.

(૮) રજત મ. નિધિ ભેગો કરવાનું કાર્ય તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૯૫૨ થી શરૂ કરવું અને ૩૧મી માર્ચ ૧૯૫૨ સુધીમાં તે પૂરું કરવું.

(૯) તા. ૧ લી એપ્રિલ ૧૯૫૨થી એ નિધિના વિનિયોગ સંબંધેનું ધોરણ, યોજના વગેરે નક્કી કરવા માટે કાયમી વ્યવસ્થા, તે વખતે કરવામા આવે.

(૧૦) ઉપરની શરતે, જે આપેલા નિધિ સંઘ પાસે ભેગો થાય તે સંઘના ટ્રસ્ટીમંડળને સોંપવો.

REGD. NO. 2241.

બેંગલોરની ક્રેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવોજ સ્ટોક

—x+x—

આજે જ પધારો

ધી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કું. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ નં. ૧.

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ —

હવાઈ – દરિયાઇ – રેલ્વેની દેશપરદેશની

મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાંથી

મેસર્સ : ધી એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી
શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય,
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક
સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં
સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે
લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા
અવશ્ય મુલાકાત લ્યો.

જેવંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઈ ૧

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં
અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની
નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-
મંદિરોને ૬૦ ટકા કમિશન.
લખો–મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ
આર્ટ વર્ક્સ લિ૦
સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર

આગ–અકસ્માત–જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોરપોરેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબુભાઈ મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬
મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્ક્સ, ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

ઘટના બાલશિક્ષણ પત્રિકા

રંગમંચ

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૬] માર્ચ : ૧૯૫૧ [અંક : ૩

શૈક્ષ્ય મહોત્સવ અંક : ૧. સંઘનું કાર્ય

લાખો બાળકોનો પ્રશ્ન

આપણી સામે લાખો બાળકોનો પ્રશ્ન છે અને તે મોટા પાયાપર ઉકેલવો જોઇએ.

આ પ્રશ્ન બાનગી સાણસનો નથી; સાત એક શ્રીમંતનો નથી; એકાદ કલ્પક શિક્ષકનો નથી; એકલા કેળવણી ખાતાનોય નથી; આ પ્રશ્ન એક બાજુથી સઘળાં રાજ્યોનો અને બીજી બાજુથી આખી પ્રજાનો છે.

ગિજુભાઇ

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

આ અંકના
આઠ આના

: આશ્રયદાતા :
સ્વ. ગિજુભાઇ બધેકા

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઇ દાણી

રૌપ્યમહોત્સવ–વર્ષ પ્રથમાંક

અનુક્રમણિકા

૧. નૂ. બા. સંઘ ૨૫ વર્ષનું સિંહાવલોકન. તા. –

૧. પૂર્વ ઇતિહાસ.
૨. સંઘની સ્થાપના.
૩. શિક્ષણ – પત્રિકા.
૪. બીજું મોન્ટે. સંમેલન
૫. ૧૯૩૯ પછી
૬. ભાવનગર સંમેલન
૭. મેડમનો સત્કાર.
૮. નામમાં ફેરફાર.
૯. છેલ્લાં ૧૧ વર્ષ.
૧૦. નિરીક્ષણ.
૧૧. ગ્રામીણ બાલશિક્ષણ.
૧૨ ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર.
૧૩. શિ. પ પ્રકાશન.
૧૪ બંધારણ અને પ્રચારકાર્ય.
૧૫. સાહિત્ય – પ્રકાશન.
૧૬ નાણાંકીય પરિસ્થિતિ.
૧૭. સંઘનો રૌપ્યમહોત્સવ

---

૨. સંઘની બાલવાડી ... ... કાકાસાહેબ
૩. આદ્યપ્રણેતા ગિજુભાઈ ... ... જમુભાઈ
૪. સંઘપ્રમુખ સરલાદેવી..... તારાબહેન
૫. વીસનગર રૌપ્યમહોત્સવ ..... પ્રભુભાઈ
૬ બાળવિભાગ ... ... જમુભાઈ દાણી

: તંત્રી ની નોંધ :

'સંઘનું કાર્ય' : આર્ય અંક

અગાઉ જાહેર કર્યા મુજબ આ મહિને શિ. પ. નો ખાસ અંક રજૂ કરીએ છીએ. પચ્ચીસ વર્ષમાં સંઘે જે વિવિધ ક્ષેત્રમાં કાર્ય કર્યું છે તેનો આછો અહેવાલ ને ઉલ્લેખ એમાં છે. શિક્ષકોને, માબાપોને તથા શિક્ષણરસિકોને એ રસપ્રદ જણાશે એવી આશા છે. એમાં વધુ ચિત્રો મૂકવા હતાં; ઉપર કલાત્મક પ્રતીકચિત્ર આપવું હતું. પ્રતિકૂળ સંજોગોને લીધે એ નથી થઈ શકયું તો ક્ષમા કરશો. આ અંકની નકલો ખરીદી આપ સૌ સંઘનો પ્રચાર કરશો એવી વિનતિ છે.

સંઘના કાર્યકરો :

હવેથી પત્રિકામાં અવારનવાર જુદાં જુદા સંઘકાર્યકરનો પરિચય આપવાનું ધારીએ છીએ. આ વેળા આદ્યપ્રણેતા ગિજુભાઈ અને સંઘપ્રમુખ સરલાબેન એ બે વિષે ટૂંકો પરિચય આપવામાં આવ્યો છે. આને અંગે તમારાં સૂચનો મળશે તો અમને આનંદ થશે.

રૌપ્ય મહોત્સવનાં પગરણ :

ગયા માસથી મહોત્સવનાં પગરણ શરૂ થઈ ગયાં છે. વીસનગરમાં અને પૂનામાં એની ઉજવણી થઈ ગઈ. બેઉ સ્થળે લોકોમાં સારો ઉત્સાહ જગવી શકાયો છે. માબાપો સમજવા તૈયાર છે એમ લાગે છે. આ અંકમાં વીસનગરના મહોત્સવનો અહેવાલ પ્રગટ કરીએ છીએ; આવતે અંકે, પ્રનારાખાના આ રસમય પ્રસંગોનો અહેવાલ આપવામાં આવશે. બેઉ સ્થળોએ સંઘના ઉત્સાહી કાર્યકરોએ જે જહેમત ઉઠાવી સફળતા આણી છે એ માટે એમને અમારાં અભિનંદન છે.

સંઘની શાખાઓ :

આટલાં વરસોમા સંઘની શાખાઓએ જે જે કામો કર્યાં છે તેની હકીકતોનો સંચય શરૂ થયો છે અને જુદા જુદા અંકમા એમના એ કાર્ય વિષે નોંધ રજૂ થશે. એ વાંચતા એમ લાગે છે કે સંઘવૃક્ષની શાખા-પ્રશાખા ઠીક વીસ્તરી રહી છે.

બાલમિત્રોને :

કોઈ કોઈ વાર બાળવિભાગનાં પાનાં અમારે ચોરી લેવાં પડે છે એ અમારી ધ્યાન બહાર નથી. આ વેળા પણ એક પાનથી સંતોષ માનવો પડયો છે. પણ મિત્રો! ધીરજ રાખો. શ્રી તારાબેન કૉલ દે છે કે આ રૌપ્ય મહોત્સવ વર્ષે તમને પત્રિકામા એક ખાસ અંક ભેટ આપશું. બસ, હવે ખુશ ને

ભ. દા.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

રૌપ્ય-મહોત્સવ-વર્ષ ફેબ્રુઆરી '૫૧ થી ફેબ્રુઆરી '૫૨

વર્ષ ૨૬ : અંક ૩] મુંબઈ [આર્ય, ૧૯૫૧

નૂતન બાલશિક્ષણ સંઘ

૨૫ વરસનું

સિંહાવલોકન

થોડોએક પૂર્વ ઈતિહાસ

આજે આપણી પત્રિકાને પચ્ચીસ વરસ પૂરાં થાય છે. આથી આપણે આજથી સંઘનો રૌપ્ય મહોત્સવ ઉજવવા લાગ્યા છીએ. આ વખતે આપણે જરા પાછા વળીને આપણા કામ ઉપર નજર ફેંકીએ તે યોગ્ય ગણાય. પત્રિકાના એવા કેટલાક વાચકો છે કે જેમની નજર, મારી જેમ શરૂઆતથી અત્યાર સુધી જે એકએક વરસ ગયું તેનું એકએક પાનું મારી સાથે ફેરવશે અને જૂનાં સ્મરણો તાજાં કરી આ સ્મરણ - યાત્રામાં મારી સાથે આવશે. બીજાં કેટલાંએક તદ્દન નવાં પણ હશે; જેમને આ સિંહાવલોકન ઘણું રસિક અને બોધપ્રદ લાગશે અને તેમના જુવાન હૈયામાં નવી સ્ફુર્તિ પ્રેરશે.

આ સંઘની સ્થાપના તો ૧૯૨૬ માં થઈ. એના મુખપત્રે ૧૯૨૬ના આર્યમાં પહેલ વહેલો દુનિયાનો પ્રકાશ જોયો; છતાં એ કામની શરૂઆત કેટલાંયે વરસ પહેલાં થઈ ગઈ હતી.

વઢવાણમાં સ્વ. ગિજુભાઈ વકીલાત કરતા હતા. મિત્રો સાથે બેસતા ઊઠતા અને ગપાંટપ્પામાં આનંદનો કાળ વિતાવતા હતા. તે વખતે એમને ત્યાં બે બાળકો ઉછરતાં હતાં. એમનો બચુ બે-ત્રણ વર્ષનો થયો હતો અને તે પિતાને અનેક રીતે કસોટીએ ચડાવતો હતો. તેના પ્રશ્નોએ તેની હિલચાલ અને અનેક અડપલાંએ તેમ જ તેના શારીરિક ને માનસિક વિકાસે પિતાનું ધ્યાન સારી રીતે ખેંચી લીધું અને તેમને ભાન થવા લાગ્યું કે આપણે આપણા બાળકની પ્રગતિમાં જોઈએ તેટલી મદદ કરી શકતા નથી. આપણે તેને બરા-બર સમજી શકતા નથી. આપણું એટલે આપણા બધા વડીલોનું-તેની સાથેનું વર્તન બરાબર હશે કે કેમ એની પણ તેમને શંકા થવા લાગી. તેમને ત્યારે શ્રી. ગોપાળદાસ દરબાર સાહેબનું માર્ગદર્શન મળ્યું. વાતવાતમાં તેમણે મોન્ટેસોરી પદ્ધતિના સિદ્ધાંતો વિશે અને તેનાં સાધનો વિશે ગિજુભાઇના મનમાં કુતૂહલ ઉત્પન્ન કર્યું અને તે સંતોષવાનાં સાધનો પણ, પૂરાં પાડ્યાં. દરબાર સાહેબે **મોન્ટે-સોરી પદ્ધતિનું** પુસ્તક તેમને વાંચવા આપ્યું અને પોતાની પાસેનાં સાધનો તેમને વાપરી જોવા આપ્યાં. બસ તે ઘડીથી નૂ. બા. શિ. સંઘનો સાચો પાયો નંખાયો.

સ્વ. ગિજુભાઇને વકીલાતમાં રસ ન પડ્યો. પોતાના મામાએ, સ્વ. મોટાભાઈએ શરૂ કરેલા શિક્ષણકાર્ય તરફ ગિજુભાઈ ખેંચાયા. મુ. નાના ભાઈએ તેમને દેશસેવાના કામમાં ખેંચ્યાં. સ્વ. ગિજુભાઇનો શિક્ષણશાસ્ત્રીનો પ્રાણ, અનેક જુદા જુદા માર્ગોમા અટવાતાં અટવાતાં પોતાના

સ્વસ્થાને આવી પહોંચતાં, પોતાનું જીવનકાર્ય હાથ લાગ્યું અને તે ત્યાં સ્થિર થયા. ઉમંગથી અને જોશભેર તેમણે એ કાર્ય આગળ ધપાવ્યું.

શિક્ષણના ક્ષેત્રમાં તેઓ આવ્યા ત્યારે શ્રી. દક્ષિણામૂર્તિ ભવન એક છાત્રાલય માત્ર હતું. હાઇસ્કુલમાં ભણતા છાત્રોને ચારિત્ર્યનું, ધાર્મિક ભાવનાનું કે કોઇપણ પ્રકારના ઉચ્ચ જીવનનું શિક્ષણ મળતું નથી; તેઓ માત્ર ભણેલા પણ આદર્શ રહિત એવા પંડિતો થાય છે; તો તેમને ઉચ્ચ ધાર્મિક અને નૈતિક જીવનના સંસ્કારો પણ સાથે સાથે મળવા જોઇએ. આ દૃષ્ટિથી આ ભવન સ્વ. મોટાભાઇ અને મુ. નાનાભાઇએ ભાવનગરમાં શરૂ કરેલું. ગામની શાળામાં જઇને વિદ્યાર્થીઓ ભણતા પણ મુ. નાનાભાઇ સાથે રહીને જીવન વિષેના ઉચ્ચ વિચારો મેળવતા. સ્વ. ગિજુભાઇ એમાં જોડાયા. બીજાપણ શ્રી. હરભાઇ જેવા કાર્યકર્તાઓ મળ્યા, અને શ્રી દક્ષિણામૂર્તિભવનને પોતાની શિક્ષણસંસ્થા શરૂ શરૂ કરવાની ઇચ્છા થઇ. તેમાં કુમાર મંદિર તથા વિનય મંદિર સ્થપાયાં. સ્વ. ગિજુભાઇએ ત્યાં શિક્ષણશાસ્ત્રની અદ્યતન પદ્ધતિનો અભ્યાસ કરી તેના પ્રયોગો પણ આદર્યા. એમ કરતાં કરતાં અહીંયાં આવતા પહેલાં બાલશિક્ષણ સંબંધેનું જે બીજ તેમના મન ઉપર થોડાં એક વર્ષો પહેલાં પડયું હતું તે ઊગી નીકળ્યું અને તેમને આ બધાની સાથે બાલમંદિર હોવું જ જોઇએ, એમ ઇચ્છા થઇ. તે વખતે શ્રી દક્ષિણામૂર્તિના ઉત્સાહી, જુવાન કાર્યકર્તાઓ, એ નવા નવા વિચારો કરવા ને તે અમલમાં મૂકવાની ઇચ્છા બતાવવી અને મુ. નાનાભાઇએ તેમના એ કોડ પૂરા કરવા, એવો જાણે ધારો જ પડયો હતો. આવા પ્રયોગોને માટે જોઇતાં નાણાં લાવવા માટે શ્રી નાનાભાઇ દૂરદૂરના પ્રવાસ ખેડે અને સ્વ. ગિજુભાઇ, શ્રી હરભાઇ, શ્રી ગિરીશભાઇ, શ્રી ગોપાળરાવ તથા માધવજીભાઇ અને તેમના બીજા સાથીઓ અહીં ઉછળી-ઉછળીને પ્રયોગો કરવામાં રાચે એવા એ એ દિવસો હતા. પછી ૧૯૨૦મા શ્રી દ. મૂ ભવનના બાળમંદિરનો પ્રયોગ શરૂ થયો.

બાળમંદિર એક ભાડાના મકાનમાં શરૂ થયું. સ્વ. ગિજુભાઇ બપોરે બાલમંદિર ચલાવે, રાગે ને પરોઢીએ મોન્ટેસોરીના પુસ્તકનું અધ્યયન કરે અને તેમાં વર્ણવેલા પરિણામો આપણે ત્યાં કેમ કરીને દેખાય તે માટે ચિંતન કરે; પોતાની કયાં ભૂલ થાય છે અથવા શું રહી જાય છે એ તપાસે, અને બીજે દિવસે કામમા ફેરફારો કરે. એ રીતે તેમની બાળશિક્ષણની સાધના અહીં શરૂ થઇ, પૂ. કાકાસાહેબે જેને ફૂલનાં પારસલો કહીને વર્ણવ્યાં હતાં તે બાળકોના નીકટ સહવાસથી સ્વ. ગિજુભાઇની સામે માનવજીવનનાં કેટલાંયે અણ ઉઘડયાં પાનો, તેમની આંખ તળેથી જવા લાગ્યાં અને તેઓ વિકાસના ગૂઢ રહસ્યને ઊકેલવા લાગ્યાં. ડો. મોન્ટેસોરીએ બાળવિકાસના જે પ્રત્યક્ષ દર્શન કર્યાં તે જ પોતાને પણ થાય એની તમન્ના તેમનામાં જાગી હતી. આખરે રાતદિવસના મનન, ચિંતન, વિચાર અને પરિસ્થિતિ સ્વ. ગિજુભાઇએ તે પોતાની નજરે જોવાનું ભાગ્ય પ્રાપ્ત કર્યું અને તેમનો આત્મા એ મહદ્‌દર્શનથી મસ્ત બન્યો.

એ કાળમાં ભાવનગરના એક સંસ્કારી, શિક્ષણપ્રેમી, દેશપ્રેમી વેપારી અને સ્વ. ગિજુભાઇના મિત્ર શેઠ શ્રી હીરાલાલભાઇ, અમૃતલાલ શાહ સ્વ. ગિજુભાઇની પાસે જઈ ચડયા. ત્યારે સ્વ. ગિજુભાઇ માનવવિકાસનું મહાનદર્શન કર્યાનો અદ્‌ભુત આનંદ અનુભવતા હતા. તેનો ચેપ તેમના આ મિત્રને ય લાગ્યો. શ્રી હીરાલાલભાઇ આ નાના પ્રયોગની મહત્તા સમજી ગયા. તેમને શ્રી દ. મૂ. ભવનના આ પ્રયોગમાં પોતાનો ફાળો ઉમેરવાની સદઇચ્છા જાગી. તેમણે રૂા. ૩૦,૦૦૦ની સખાવત પોતાના માતુશ્રીના નામથી આપી અને આ પ્રયોગ માટે સુંદર મંદિર બંધાવ્યું. એ મંદિરના પૂજારીને માટે પણ મકાન બંધાવી આપ્યું અને એ બાળમંદિરને સાધનસમૃદ્ધ પણ બનાવ્યું.

આજે આખા દેશમાં બાળમંદિર માટે ઉત્તમમાં ઉત્તમ સ્થળ તરીકે એ હજી પોતાના ગૌરવ સાથે ઊભું છે. સ્વ. ગિજુભાઈના પરમ મિત્ર કવિહૃદયી શ્રી જુગતરામભાઈએ તેને વિષે જે ગાયું તે શબ્દે શબ્દે યથાર્થ જ છે.

બાલમંદિરિયું, બાલમંદિરિયું,
અમારું સુંદર સોહાય,
વહાલું મારું મંદિરિયું.
ટેકરીને શિખરે મંદિર અમારું,
દેહરાની જાણે ધજાય,
સવારે સૂરજ સોનલા રે વેરતા
સાંજે ગુલાબ ઢોળી જાય—વહાલું મારું.

બાલશિક્ષણના ક્ષેત્રમાં કામ કરતી કોઈ પણ વ્યક્તિ આજે ત્યાં જઈ ચડે તો એ સ્થળથી મુગ્ધ બનીને, એને ઊભું કરનાર સ્વ. ગિજુભાઈ અને શ્રી હીરાલાલભાઈ શાહ તથા તેમને પ્રોત્સાહન આપનાર મુ. નાનાભાઈને ધન્યવાદ આપ્યા વગર રહેતું નથી.

આ બાલમંદિરમાં સ્વ. ગિજુભાઈએ છ વરસ અનેક પ્રયોગો કર્યા, અનેક અનુભવ કર્યા, અનેક પાઠો લખ્યા, વાર્તાઓ કહી, ગીતો ગાયાં અને બાળકો સાથે નૃત્ય કર્યું, નાટકો ભજવ્યા, પ્રવાસો કર્યા, અનેકવિધ કાર્યક્રમોથી એ બાલમંદિર સદા ગાજતું રહ્યું. સ્વ. ગિજુભાઈના આ અવનવા પ્રયોગની સુવાર્તા આજુબાજુમાં ફેલાવા લાગી. તેમની પાસેથી એ સંબંધીનું શિક્ષણ લેવા આવવા માટે વિદ્યાર્થીઓ ઇચ્છા કરવા લાગ્યા. વઢવાણથી શ્રી ભોગીભાઈ પરીખને ત્યાં મોકલવામાં આવ્યા; અમદાવાદથી શ્રી વજુભાઈ હવે આવ્યા, શ્રી ગોવિંદભાઈ આવ્યા, રાજકોટથી શ્રી તારાબહેન મોડક આવ્યાં, એ ઉપરાંત ગામમાંથી સ્વ. ગિજુભાઈને શિષ્યો મળ્યા જ હતા. શ્રી નર્મદાબહેન રાવળ, શ્રી મોંઘીબહેન બધેકા, શ્રી તારાબહેન વગેરે અનેક એમની સાથે રહીને આ બાલશિક્ષણનું કામ કરતા હતા અને કરતાં કરતાં શિખતા હતા. ભાવનગર રાજ્યમાંથી સ્વ. ગિજુભાઈએ શ્રી મનુભાઈને પણ પોતાની મદદ માટે લઈ લીધા હતા. એમ સ્વ. ગિજુભાઈની આસપાસ એક અધ્યાપન વર્ગ, એમના ધાર્યા વગર શરૂ થઈ ચૂકયો હતો. આસ્તે આસ્તે તેમને લાગ્યું કે આ બાલમંદિર સાથે એક રીતસરનું અધ્યાપન મંદિર શરૂ કરવાની જરૂરિયાત લોકોને દેખાવા લાગી છે. ઉપરાંત એમને એમ પણ લાગતું હતું કે બાળકોના વિકાસનુ જે દર્શન તેમણે કર્યું હતું તે ફેલાવવા તથા બાળકો ઉપરના અન્યાયો, દબાણો, એમની સાથેનું ક્રૂરતાભર્યું વર્તન વગેરે તેમને જે જે અસહ્ય થઈ પડયું હતું તે દૂર કરવા માટે એક મોટી સેના ઊભી થવી જોઈએ કે જેમની મદદથી એ સંબંધની લોકોમાં જાગૃતિ લાવી શકાય અને બાળકો માટે બાલમંદિરો પણ વધારે પ્રમાણમાં ઠેરઠેર ઊભાં કરી શકાય.

આ વિચારથી શ્રી દ. મૂ બાલમંદિરની સાથે બાસ અધ્યાપન મંદિર શરૂ કરવાનો વિચાર પાકો થયો મુ. નાનાભાઈ અને વિદ્યાસભાની સંમતિ મળી અને અધ્યાપન મંદિરની શરૂઆત થઈ. સ્વ. ગિજુભાઈ જે બે હાથ વાળા હતા તે હવે સો હાથ વાળા અને આખરે હજાર હાથ વાળા થયા. સ્વ. ગિજુભાઈના મગજમાંથી વિચારો નીકળે, યોજનાઓ ઘડાય, ત્યાંથી બધા વિદ્યાર્થીઓ ઉપર ફરમાન નીકળે અને વિદ્યાર્થીઓ તે માથે ચડાવે. આ છે સંઘની પૂર્વ ભૂમિકા.

: ૨ :

સંઘની સ્થાપના

આ પ્રમાણે અધ્યાપન મંદિર શરૂ થયે બે ત્રણ વરસ થયાં અને સ્વ. ગિજુભાઈના મનમાં કલ્પના આવી કે આપણે એક મોન્ટેસોરી સંમેલન કરવું જોઈએ અને એ દિશામાં કામ કરનારાઓનો સંઘ સ્થાપવો જોઈએ. શ્રી દક્ષિણામૂર્તિ ભવનના નિયામક અને તેમની પાસેનાં બધાં ચક્રો, એ વિચાર અમલમાં મૂકવાને માટે રજૂ થયાં. શ્રી દક્ષિણામૂર્તિના કાર્યકર્તાઓ આવા અવનવા પ્રયોગો અને તેને અંગેનાં સંમેલનો કરવા માટે હંમેશ તૈયાર જ હતા. શ્રી દક્ષિણા

મૂર્તિને આંગણે મોન્ટેસોરી સંમેલન બોલાવાયું. આ સંમેલન માટે યોગ્ય પ્રમુખશ્રીનો વિચાર ચાલ્યો. પોતાનાં બાળકોના શિક્ષણ માટે વર્ષો સુધી પ્રયોગો કરનાર, અને જાતે અભ્યાસ કરીને બરાબર શાસ્ત્રીય રીતે વિચાર કરીને તે અમલમાં મૂકવાના પ્રયત્નો કરનારા, આદર્શ માતા અને મોન્ટેસોરી પદ્ધતિના ઉપાસક અને દૃઢ શ્રદ્ધાવાળા શ્રી સરલાબહેન સારાભાઈની એ પદ માટે વરણી થઈ. ત્રણ દિવસ સુધી એ સંમેલન ચાલ્યું. અનેક પ્રશ્નો ચર્ચાયા; શંકાનું સમાધાન થયું. અને કામના પ્રત્યક્ષ પાઠો અપાયા. ભાગ લેનારાઓ બધાના મનમાં એક બીજા પ્રત્યે વિશેષ નજીકતાનો અનુભવ થયો. સૌને માનવવિકાસના મૂળમાં જઈને વિચારો કર્યાનો અનુભવ થયો. આને પરિણામે સંઘની સ્થાપના થઈ. આ જાતનો એક સંઘ સ્થાપન થાય અને બધાં સંઘીઓ મળીને આ કામે લાગે અને આખી જનતાને બાળકો સંબંધેના વિચાર કરતી કરે એમાં સૌ સંમત હતા. પ્રશ્ન નીકળ્યો, "આ સંઘનું નામ શું રાખવું?" સ્વ. ગિજુભાઈએ સૂચવ્યું : "મોન્ટેસોરી સંઘ." નામ કેટલાકને ઠીક લાગ્યું જ્યારે કેટલાકને બિલકુલ પસંદ ન પડ્યું. તે દિવસો હતા રાષ્ટ્રીય જાગૃતિના. કોઈ કહે "શું! પરદેશી નામના જોડાણ વગર આપણે કંઈ કરીજ શકવાના નથી?" કોઈ કહે: "ગિજુભાઈએ પોતે જે દર્શન કર્યું છે તેને માટે બીજાનું નામ શું કામ જોઈએ?" કોઈ કહે : આ સ્વદેશીના જમાનામાં પરદેશી નામ ન ખપે." અનેક જણાઓએ અનેક વાંધાઓ ઊઠાવ્યા અને અનેક નામો સૂચવ્યાં પણ સ્વ. ગિજુભાઈને એમાંથી એક પણ પસંદ ન પડ્યું. તેમનું કહેવું એક જ હતું કે જગત આખામાં જે બાળકો સંબંધેની જાગૃતિ જે વ્યક્તિએ કરી છે, જેણે મૌલિક વિચારો કર્યા અને પ્રયોગો કર્યા છે તેની આ બાલહિતની પ્રવૃત્તિમાં આપણે સાથે રહેવું જોઈએ. જેના પાસેથી તેમણે પોતે સ્ફૂર્તિ અને પ્રકાશ મેળવ્યો તેની આંતરરાષ્ટ્રીય સંસ્થાની સાથે રહેવામાં આપણા દેશને બિલકુલ વાંધો ન હોઈ શકે; તેમાં અરાષ્ટ્રીયત્વ કે પરદેશીપણું છે જ નહિ. આખરે તો આપણે સૌને એક જ જગતમાં જીવવાનું છે, વગેરે. આ વિષય પર ઘણી ચર્ચા થઈ. આખરે સ્વ. ગિજુભાઈએ જણાવ્યું કે જે ગુરુ પાસેથી મેં દિક્ષા લીધી છે તેનું નામ દેવામાં હું આનાકાની કરું તો હું નગુણો કહેવાઉં; મને એ ન ગમે. આખરે સૌએ એમની ભાવનાને માન આપ્યું અને સંઘનું નામ 'મોન્ટેસરી સંઘ' રખાયું.

સંઘને મોટું બંધારણ કે એવાં કશાની જ જરૂર ન હતી. કામની સાથે કામ હતું. એટલે તે વખતે ચાર હોદ્દેદારો નિમાયા અને કામની શરૂઆત કરી દેવાનું નક્કી કરવામાં આવ્યું. સંઘને એકી સાથે ૫૧ રૂ. આપે તે આજીવન સભ્ય ગણાય અને વાર્ષિક ૧ રૂ. આપે તે સાદા સભાસદ ગણાય; તે બધાને સંઘનું મુખપત્ર શિક્ષણપત્રિકા મહિને મહિને મોકલવામાં આવે, એમ નક્કી થયું. પહેલા હોદ્દેદારો એ જ હજી પણ સંઘના હોદ્દેદારો રહ્યા છે. શ્રીમતી સરલાદેવી સારાભાઈ પ્રમુખ, શ્રી નાનાભાઈ ભટ્ટ ઉપપ્રમુખ, શ્રી ગિજુભાઈ અને શ્રી તારાબેન મોડક મંત્રીઓ નીમાયા હતા. એ જ હજી સુધી ચાલુ છે. એમાં માત્ર સ્વ. ગિજુભાઈની ખોટ પડી છે.

તરત તે જ મહિનાથી શિ. પત્રિકા શરૂ થઈ અને સંઘના સભ્યો કરી લેવાની પ્રવૃત્તિ શરૂ થઈ. સંમેલન માટે આખું સારાભાઈ કુટુંબ આવ્યું હતું. તે ૧૦ જણા, પહેલા આજીવન સભ્યો બન્યા. ત્યાર પછી બીજા સભ્યો બનાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ. સ્વ. ગિજુભાઈએ શ્રી દક્ષિણામૂર્તિના કાર્યકર્તાઓમાં ફરીને સંઘના ઘણા બધા સભ્યો બનાવી દીધા. ઘરના સ્ત્રી પુરુષોએ પોતપોતાના નામથી સભ્ય થવું જોઈએ એ તેમનો નિયમ હતો. એ પ્રમાણે બધા પાસેથી ઘર દીઠ બબ્બે રૂપિયા સ્વ. ગિજુભાઈ ઊઘરાવી આવ્યા, અને સંઘીઓના નામની નોંધણી થવા લાગી. સ્વ. ગિજુભાઈના કાગળો એમના શિષ્યો તથા મિત્રો ઉપર જવા

લાગ્યા, અને જોતજોતામાં એક વર્ષની અંદર સંઘીઓની સંખ્યા ત્રણ હજારે પહોંચી ગઈ.

: ૩ :
શિક્ષણ પત્રિકા

અમદાવાદમાં નવજીવન પ્રેસમાં શિક્ષણ પત્રિકા છપાતી અને સંઘીઓ ઉપર ભાવનગરથી મોકલાતી. અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ, પત્રિકાના સરનામાં લખવાવાળા, ચોંટાડવાવાળા, અને પરચુરણ કામ કરવાવાળા બની ગયા. શ્રી દ. મ. બાલમંદિર એ એનું કાર્યાલય અને બાલમંદિરના કાર્યકર્તાઓ એના હિસાબ રાખનારા, અને લેખો લખનારા બની ગયા. એટલે છપામણી, કાગળ વગેરે સિવાય કશો ખર્ચ પત્રિકા ઉપર ચડતો જ ન હતો. પત્રિકાને એક નવુ જન્મેલુ બાળક સમજીને બધાએ એને ઉછેરીને પ્રેમથી સંભાળ્યું.

અત્યાર સુધી સ્વ. ગિજુભાઈએ જે જે અનુભવ્યું હતું, વિચાર્યું હતું, આજુબાજુમાં જોયું હતું, નાનપણથી જે મનમાં સંઘર્યું હતુ, જે તીવ્ર લાગણી મનમા અનુભવી હતી તે બધુ હવે તેમની કલમ દ્વારા કાગળ પર ઉતારવા માંડયું. તેમના લખાણ વિશે એક વાર સ્વ. મેવાણીએ એવા ઉદગારો કાઢેલા કે "પત્રિકા હાથમા આવે અને અમે વાંચવા લાગીએ કે એમ થાય છે કે શું ગિજુભાઇ અંધાર–પિછોડો ઓઢી રાત્રે નગર સંચાર કરવા નીકળતા હશે ! કે તેઓ અદ્રશ્ય થઇને અમારાં ઘરોમાં ફરી શકતા હશે ! અમારા ઘરમાં જે જે બને છે, અમે અમારાં બાળકોને જેમ વઢીએ-છીએ, ગાળો ભાંડીએ છીએ, એમનુ અપમાન કરીએ છીએ એ બધું કેમ ગિજુભાઈ જાણી જાય છે, અને તરત પત્રિકામાં છપાવી દે છે." ખરું જોતાં એ વખતે તો ગિજુભાઈ ભાગ્યે જ બહાર નીકળતા અને લોકોમાં ભળતા. પણ નાનપણથી જોયેલું, જાણેલું, સાંભળેલું બધું એમના મન ઉપર ઠસી ગયેલું. અત્યારે એમની લેખિની દ્વારા બહાર નીકળતું હતું એટલે તેમની, બાળકોના વકીલ થવાની તૈયારી નાનપણથી જ થતી હતી. આજે આટલાં વર્ષે તે પરિપકવ રૂપમાં જનતા આગળ દેખાતું હતું. આ પ્રમાણે લોકોના હૃદયને સ્પર્શતા લેખો દ્વારા તેમણે બાળકોનો કેસ રજૂ કરવાની શરૂઆત કરી. રોજના ઘેર ઘેર બનતા બનાવોમાંથી, રોજ હજારો ઘરોમાં હજારો બાળકો જે દુઃખ અનુભવે છે, જે તિરસ્કાર ખમે છે, જે અપમાન સાંખે છે, તે બધું તેમની નજર આગળ ચિત્રપટની જેમ તરતું હતું અને પત્રિકામાં છપાતું હતું. ગિજુભાઈને પોતાને પણ કયાં ખબર હતી, કે તેઓ એક લોકહૃદયને સ્પર્શતી નવી ભાષા ઘડતા હતા! નવી શૈલી ઉપજાવતા હતા ! જેમ જેમ પત્રિકાના વાંચકો વધ્યા અને તેમના તરફથી પ્રત્યુત્તરો મળતા ગયા તેમ તેમ સ્વ. ગિજુભાઈનુ લખાણ ચડતું ગયું. આ રીતે તેઓ માબાપના જગતમાં બાળકોના બેલી તરીકે ઓળખાયા. આમ સતત તેર વરસ સ્વ. ગિજુભાઇની લેખનધારા ચાલી. તેમણે ઘણા માબાપોને વિચાર કરતા કર્યા. ઘણાઓને બાળકો તરફ જોવાની નવી દ્રષ્ટિ આપી. ઘણા શિક્ષકોને સ્ફુર્તિ આપી. ઘણા કાર્યકર્તાઓને આને જીવનકાર્ય બનાવવાની પ્રેરણા આપી. સંઘનું કાર્ય બીજા પ્રાંતોમાં પણ ફેલાવા લાગ્યું. બીજી ભાષાઓમાં પત્રિકા નીકળવી જોઇએ એમ લાગવા લાગ્યું. અને ૧૯૩૩માં એટલે આઠ વરસ પછી, ઈદોરમાં શ્રી કાશીનાથજીએ હિંદીમાં શિક્ષણ–પત્રિકા કાઢવી શરૂ કરી. તે જ અરસામા ઉમરાવતીથી શ્રી તારાબહેને મરાઠી શિક્ષણ–પત્રિકા શરૂ કરી. આમ સંઘના કાર્યનો પ્રચાર અત્યાર સુધી કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને બૃહદ્‌ગુજરાતમાં હતો તે હવે મરાઠી અને હિંદી ભાષીય પ્રાંતમાં પણ શરૂ થયો. શરૂઆતમાં આ બંને પત્રિકામાં સ્વ. ગિજુભાઈના લખાએલા ગુજરાતીનાં ભાષાંતરો જ આવતાં હતાં. પછી સ્વતંત્ર લેખો પણ આવવા લાગ્યા. આજ સુધી એ પત્રિકાનું કામ એકધારું, એક જ વિષયને લક્ષીને એક જ ધોરણે ચાલી રહ્યું છે. આજે ગ્રાહકોની સંખ્યામાં અનેક કારણોને લઇને

વટાડો દેખાય છે; પણ એકંદરે જોતાં એની ઉપયોગિતા લોકોએ જાણી છે અને એને વધાવી છે એમ કહી શકીએ. પત્રિકાને પહેલે વર્ષે રંગુનના વેપારી શ્રી ગલિયારાએ સ્વ ગિજુભાઈને આ જાતનું માસિક કાઢવા બદલ, અભિનંદન આપી રૂા. ૧૦૦) ભેટ મોકલી આપ્યા હતા. તેમાંથી બારમે મહિને બાળકો માટે એક ભેટ અંક નીકળવા લાગ્યો. શ્રી ગલિયારાએ ભેટ તરીકે મોકલેલી રકમ ખલાસ થયા પછી તેમણે ભેટ અંક માટે દર વર્ષે રકમ મોકલવાનું કેટલાંય વરસ સુધી ચાલુ રાખ્યું હતું. તે વખતે સ્વ. ગિજુભાઈના માત્ર એક કાગળથી કેટલાયે જિલ્લાબોર્ડોએ, કેટલીએ મ્યુનિસિપાટીએ અને કેળવણી ખાતાએ શિક્ષણપત્રિકાની નકલો લેવાનું શરૂ કર્યું હતું. કાઠિયાવાડના વિદ્યાધિકારી પોતાની તમામ શાળાઓ માટે અંકો તો લેતા જ પણ પોતે શાળાનું નિરીક્ષણ કરવા જતા ત્યારે એમાં આવેલા લેખો ઉપર શિક્ષકોને પ્રશ્ન પૂછતા કે જેથી શાળાના શિક્ષકોને વાંચી રાખવાની તેમ જ બને તો કંઈ પ્રયોગ કરવાની ઈચ્છા થતી.

: ૪ :
બીજું મોન્ટેસોરી સંમેલન

બે વરસ પછી અમદાવાદમાં સંઘ તરફથી બીજું મોન્ટેસોરી સંમેલન ભરવામાં આવ્યું હતું. એ સંમેલનની આખી જવાબદારી શારદામંદિરે માથે લીધી હતી. અમદાવાદની સ્વાગત સમિતિએ સ્વ. ગિજુભાઇને જ પ્રમુખસ્થાને નિયોજ્યા હતા. શ્રી ભોગીભાઇ ઠાકર તે જ વર્ષે યુરોપનો પ્રવાસ કરી આવ્યા હતા. મેડમ મોન્ટેસોરીને મળીને તેમના સહવાસમાં કેટલોએક કાળ ગાળ્યો હતો. લોકારનોમાંની શિક્ષણપરિષદમાં પણ તેમણે હાજરી આપી હતી. એટલે તેમણે અને શ્રી સવિતાબેન ત્રિવેદીએ તથા તેમની સંસ્થાના બધા કાર્યકર્તાઓ તથા તેમના મિત્રોએ, તેને યશસ્વી કરવા માટે ખૂબ જ મહેનત લીધી હતી. એની સાથે સુંદર પ્રદર્શન ગોઠવ્યું હતું, તેમ જ ત્રણ દિવસના રાત્રિકાર્યક્રમો પણ સુંદર યોજાયા હતા. બહારગામના ઘણા મહેમાનો ત્યાં આવ્યા હતા અને ગામના ઘણા લોકોએ ખૂબ રસપૂર્વક આ સંમેલનમાં ભાગ લીધો હતો. શ્રી ભોગીભાઇના લખવાથી મેડમ મોન્ટેસોરીનો ખાસ શુભ સંદેશો આ પરિષદ માટે આવ્યો હતો. તે વખતે મેડમ મોન્ટેસરીની એક સુંદર છબીની નકલો સોને વહેંચવામાં આવી હતી.

આ પ્રમાણે સંઘનું કાર્ય વધારે વિસ્તાર પામવા લાગ્યું હતું. ત્યાર પછી દેશના સંજોગો બદલાતાં ફરીવાર સંમેલનો થઇ શકયાં નહિ પણ સંઘનું કાર્ય અબાધિત રીતે ચાલુ તો રહ્યું જ. સ્વ. ગિજુભાઇના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં દર વર્ષે તૈયાર થઇને નીકળતા હતા અને બહાર જઇને મોટાં શહેરોમાં તથા નાનાં ગામોમાં અને નાનાં ગામડાંઓમાં પણ બાલમંદિર સ્થાપન કરતા હતા. દરેક જગાએ સ્વ. ગિજુભાઇ એની ઉદ્‌ઘાટનક્રિયા કરી આશીર્વાદ આપવા જતા. વાર્ષિક સમારંભો કે એવા પ્રસંગોએ સ્વ. ગિજુભાઇ ત્યાં જઇને ગામલોકોમાં અને ખાસ કરીને માતાઓમાં બાલશિક્ષણના નવા વિચારોનાં બી રોપતાં. છેલ્લે, ૧૯૩૮ની સાલમાં સ્વ. ગિજુભાઇએ રાજકોટમાં સ્વતંત્ર અધ્યાપન મંદિર ચલાવ્યું. પણ તે જ વખતે તેમને ગંભીર માંદગી આવી. તે ચાલુ હતી છતાં વર્ગ પૂરો કરવો જ જોઇતો હતો તેથી ખાટલા ઉપર પડયા પડયા પણ વ્યાખ્યાનો આપ્યાં અને એ વર્ગ પૂરો કીધો. પછી માંદગીએ ઉથલો ખાધો અને તે જીવલેણ નીવડી. આ પ્રમાણે ૧૯૩૯માં ૧૩ વરસ સુધી સંઘની રાતદિવસ સેવા કરી બાળકોને અનેક દિશામાં પોતાથી બનતું બધું કરી છૂટી તેમણે દેહ છોડયો.

: ૫ :
૧૯૩૯ પછી

અત્યાર સુધી સંઘના કાર્યનો ઇતિહાસ એટલે સ્વ. ગિજુભાઇના કાર્યનો ઇતિહાસ હતો. સ્વ. ગિજુભાઇના દુઃદ અવસાનને કારણે સંઘની જવાબદારી, સંઘની પાછળ રહેલા હોદ્દેદારો પર આવી પડી. અત્યાર સુધી સ્વ. ગિજુ-

ભાઈએ જેમ એકલે હાથે બધું કામકાજ સંભાળી લીધું હતું. તેમ હવે શકય ન હતું એટલે શ્રી સરલાબેન સારાભાઈ, શ્રી નાનાભાઇ ભટ અને શ્રી તારાબહેન મોડકે મળીને એક નાની એવી સમિતિ કરીને કામકાજ કરવાનું નકી કર્યું. શ્રી તારાબહેનને મંત્રી નીમવામાં આવ્યા અને એમની સાથે સહમંત્રી તરીકે કામ કરવાની શ્રી સરોજબહેન શેાધને વિનતિ કરવામાં આવી. ખજાનચી તરીકે શ્રી રામજીભાઈ હંસરાજને વિનતિ કરવામાં આવી. તે બંનેએ સહકાર આપવાનું સ્વીકાર્યું. આથી આ પાંચ જણા કામકાજ જોવા લાગ્યા. લોકો તરફથી પણ બંધારણીય રીતે કામકાજ થાય એવી ઇચ્છા દર્શાવાઈ. સમિતિને પણ એની આવશ્યકતા લાગી. આથી બંધારણ ઘડવાનું કામકાજ પહેલવહેલાં હાથ ધરવામાં આવ્યું. એ સંબંધમાં નામદાર મંગળદાસ પકવાસાની સલાહ લેવામાં આવી અને તેમ જ બંધારણ ઘડવાનું કામ સોંપવામાં આવ્યું. તેમણે બેત્રણ વાર સમિતિની બેઠકમાં હાજરી પણ આપી. એના ઉપર ચર્ચા કરી સંઘનું બંધારણ ઘડી આપ્યું. એ બંધારણ ઘડાતું હતું એ દરમ્યાન એમને કારાવાસમાં જવું પડેલું; પણ કારાવાસમાંથીય એમણે સલાહ સૂચના આપવાનું તથા સુધારા સૂચવવાનું કામ કરી આપ્યું.

: ૬ :

ભાવનગર સંમેલન

તે જ વખતે સંઘના કાર્યકર્તાઓનું એક સંમેલન બેાલાવવાની આવશ્યકતા જણાઈ. એટલે ૧૯૪૦માં સંઘનું સંમેલન ભાવનગરમાં દ. મૂ. બાલમંદિરમાં જ બેાલાવવામાં આવ્યું. તે વખતે સ્વ. ગિજુભાઈના ઘણાખરા જૂના શિષ્યેા અને સંઘના કાર્યકર્તાઓ ભેગા થયા હતા. બધાએ મળી સંઘના કાર્યને આગળ કઈ રીતે ચલાવવું એ વિશે વિચારણા કરી.

તે વખતે એક વાત ખાસ જોવામાં આવી કે સ્વ. ગિજુભાઈની હયાતીમાં બાલમંદિરોને વખતો વખત માર્ગદર્શન તથા સલાહસૂચના તેમના તરફથી મળતાં હતાં. તેની ખોટ હવે સંઘે પૂરી પાડવાની જરૂર દેખાઇ. તે માટે સંઘ સાથે બાલમંદિરો જોડાય અને સંઘ તરફથી તેમનું નિરીક્ષણ થાય અને માર્ગદર્શન થાય એ જાતની યેાજના થવી જોઇએ.

અત્યાર સુધા સંઘનું કાર્ય મેાટેભાગે શહેરેામાંજ થયું હતું એટલે ગામડાંઓમાં એ કામ કેવી રીતે લઈ જવામાં આવે, એનું માર્ગદર્શન મળે એ માટે એ સંમેલનમાં શ્રી નાનાભાઈ ભટ અને શ્રી જુગતરામભાઈ જેવાને ખાસ બેાલાવવામાં આવ્યા હતા. તેમના ભાષણેા પછી, ગામડામાં સંઘ તરફથી પ્રયેાગેા કરવા જોઇએ એમ સૌને લાગ્યું. સંઘના પ્રમુખ શ્રી સરલાબહેનને જ એ સંમેલનનું પ્રમુખપદ આપવામાં આવ્યું હતું. તેમણે એ પ્રયેાગની શકયતા કરી આપી. તેમણે તે વખતે જાહેર કર્યું કે ત્રણ જગાએ ત્રણ વરસ સુધી એ પ્રકારના પ્રયેાગેા થાય અને ત્રણ વરસ પછી એ પ્રયેાગેા ઉપરથી જે અનુભવ મળે તે ઉપર સંઘે આગળનું પગલું લેવું. આ પ્રયેાગ કરવા માટેનેા બધેા ખર્ચ તેમના તરફથી કરવામાં આવશે, એ નકી થતાં આંબલામાં શ્રી નાનાભાઈને હસ્તે, વેડછીમાં શ્રી. જુગતરામભાઈને હસ્તે અને મુંબઈમાં શ્રી તારાબહેનને હસ્તે આ પ્રયેાગ કરવામાં આવે એમ નકકી કરવામાં આવ્યું.

: ૭ :

મેડમ મોન્ટેસોરીનો સત્કાર

૧૯૩૯માં જાહેર થયું હતું કે આ વર્ષે મેડમ મોન્ટેસોરી હિંદુસ્તાનમાં આવવાના છે. ઉપર આપેલા બીજા સંમેલન પછી મેડમને સંઘ તરફથી હિંદુસ્તાનમાં અધ્યાપનમંદિર ચલાવવા બેાલાવવાનેા પ્રયત્ન શ્રી. ભોગીલાલ ઠાકરની મારફત સ્વ. ગિજુભાઈ કરી રહ્યા હતા. પરન્તુ એ આખેા ખર્ચ સંઘની શક્તિની બહારનેા જણાતાં એ વિચાર છોડી દેવેા પડયેા હતેા. લગભગ ૧૦ વર્ષ પછી, ગિજુભાઈનું એ સ્વપ્નું

અઘારની થી. સોસાયટીના પ્રમુખ ડો. એરુન્ડલને હાથે પૂરું થવાનું હતું. સ્વ. ગિજુભાઈને આ ખબરથી ખૂબ જ આનંદ થયો હતો. તે વખતે તેમના મિત્રો આગળના તેમના ઉદ્‌ગારો હતા કે અહો! મારું કેવું સદ્‌ભાગ્ય કે મારા ગુરુના પ્રત્યક્ષ દર્શન કરીશ. તેમની આગળ સમિત્-પાણિ લઈને જઇશ અને મારું બધું કાર્ય તેમને ચરણે અર્પણ કરીશ. પણ ઈશ્વરને એ નહિ ગમ્યું, એટલે સ્વ. ગિજુભાઈની આશા મનમાં ને મનમાં જ રહી ગઈ! મેડમ મોન્ટેસોરી ઓકટોબર નવેમ્બરમાં આવવાના હતા, તે પહેલાં જુન માસમાં જ સ્વ. ગિજુભાઈનો દેહવિલય થયો! બીજા સંમેલન વખતે સ્વ. ગિજુભાઈ અને મેડમ જેટલાં નજીક આવ્યાં હતાં તેવો સંબંધ ત્યાર પછીના કાળમા તેમનો રહ્યો ન હતો. સંમેલન પછી થોડા જ વખતમાં હિંદુ-સ્તાનના કોઈ મિત્રો તેમને મળ્યા, અને તેમના તરફથી જે વાતો જે સ્વરૂપમાં ગઈ તે ઉપરથી સ્વ. ગિજુભાઈના કામ સંબંધે મેડમનો મત બદલાઈ ગયો અને સ્વ. ગિજુભાઈ એટલે આપણું નામ વાપરીને રળી ખાનાર કોઈ વ્યકિત છે એવો તેમને પૂર્વગ્રહ બંધાયો. પાશ્ચાત્ય માનસને, પોતાનું નામ વાપરનાર અને એમનાં પુસ્તકોનું ભાષાન્તર કરનાર, એમની રજા પણ ન લે એ અસહ્ય ગુનો લાગ્યો. સ્વ. ગિજુભાઇને કામની ધૂનમાં અને ઉત્સાહમાં એ બાબતની વેપારી બાજુનું ધ્યાન જ રહ્યું ન હતું. આ કામથી કે લખાણથી તેઓ એક પૈસો પણ અંગત રીતે કદી રળ્યા ન હતા. એમની ધૂન તો માત્ર બાળકોના મુકત વિકાસની જ હતી. એટલે એક વખતના વકીલી માનસને પણ આ વ્યવહારની બાજુ ધ્યાનમાં આવી નહિ. પાશ્ચાત્ય માનસને આ વાત બહુ જ ભયંકર અને અનૈતિકસ્વરૂપની લાગી. તેથી આ બે વસ્તુ પહેલાંના જેટલી મૈત્રીનો સંબંધ રહેવા પામ્યો નહિ. છતાં સ્વ. ગિજુ-ભાઇના હૃદયનો પૂજ્યભાવ અને ગુરુભકિત જરાયે ઓછાં થયાં ન હતાં તે તેમના, ઉપર આવેલા ઉદ્‌ગારમાંથી સ્પષ્ટ થાય છે.

મેડમ હિંદુસ્તાનમાં આવ્યાં અને તેમણે અઘારમાં પોતાનો વર્ગ શરૂ કર્યો તે વખતે નૂ. બા. શિ. સંઘને એવું લાગ્યું કે મેડમને આમંત્રણ આપી યોગ્ય રીતે સત્કાર કરવો જોઈએ. તે ઉપરથી, અમદાવાદ શહેરમાં તેનો સત્કાર કરવો અને તે માટે આમંત્રણ આપવા માટે શ્રી તારાબહેન મોડકે પોતે જવું એમ ઠરાવવામાં આવ્યું. શ્રી તારાબહેનની સાથે અમદાવાદના શ્રી ભોગીભાઇ ઠાકર અને સ્વ. ગિજુભાઇ સ્મારક-નિધિના મંત્રી શ્રી પોપટલાલ ચુડગર વગેરે ગયાં હતાં.

મેડમના આ પહેલા વર્ગમાં સંઘ તરફથી સ્વ ગિજુભાઈન દીકરા શ્રી નરેન્દ્ર બધેકા અને શ્રી. વજુભાઇ દવેને સ્કોલરશીપ આપીને મોકલ-વામાં આવ્યા હતા. આ સિવાય સ્વ. ગિજુભાઈના જૂના વિદ્યાર્થી પૈકી અનેક ભાઇ–બહેનો આ વર્ગ માટે ત્યાં એકઠાં થયા હતા. તે રીતે અઘારમાં સ્વ. ગિજુભાઈના વિદ્યાર્થીઓનું જ મોટું જૂથ–સંમેલન–એકઠું થયું હોય એમ લાગતું હતું. મેડમની સાથે થએલી પ્રથમ ભેટથી સ્વ. ગિજુભાઈ સંબંધેના જે પૂર્વગ્રહ હતા તે વિષયની જ ચર્ચા થઈ. તે વખતે અમદાવાદનું આમંત્રણ સ્વીકારશે કે કેમ તે સંબંધમાં શંકા ઉત્પન્ન થાય એવું વાતાવરણ પેદા થયું. પરન્તુ, તે વડી તરત પલટાઇ અને અમદાવાદનું આમંત્રણ તેમણે સ્વીકાર્યું. ઘણી બાબતનો ત્યારે ખુલાસો કરવામાં આવ્યો તેથી મેડમને તત્કાળ પૂરતું તો સમાધાન થયું; પણ તેનો ખટકો, તેની અસર, મનમાંથી ગએલી ન હતી એમ માલમ પડતું હતું.

અઘારનો કોર્સ પૂરો થયા પછી ૧૯૫૦ના માર્ચમાં ત્રણ દિવસ સુધી મેડમનો અમદાવાદમાં બહુમાનથી સત્કાર થયો. મેડમ, મિ. મોંટેસરી, તેમના સેક્રેટરી તથા સંઘના બીજા મહેમાનો એ સર્વ મંડળી શ્રી સરલાદેવીના મહેમાનો હતાં. સત્કારસમારંભ, મેડમનાં ત્રણ વ્યાખ્યાનો, અમદાવાદની શાળાનાં બાળકોના કામનું પ્રદર્શન,

: ૮ :

નામમાં ફેરફાર

સ્વ. ગિજુભાઇના અવસાન પછી એક મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો હોય તો તે સંઘની નામબદલીનો છે. સંઘનું નામ નકકી કરતી વખતે કેટલીક ચર્ચા થઇ, તે ઉપર આવી ગયું છે. એટલી ચર્ચા પછી કેવળ સ્વ. ગિજુભાઇની ઇચ્છાને માન આપી જે નામ નક્કી કરવામાં આવ્યું હતું તે નામ તેના મૃત્યુ પછી બદલવાનો નિર્ણય સંઘને કરવો પડયો. એ જરા વિચિત્ર તો જણાયું, પરંતુ છેવટનાં વર્ષોમાં સ્વ. ગિજુભાઇની પણ તેવી જ ઇચ્છા હતી. તેને અનુસરીને આ ફેરફાર કરવામાં આવ્યો હતો. તેનું એક કારણ, મેડમને તેમના સંબંધમાં થએલી ગેરસમજ. તેમનું નામ વાપરી સ્વ. ગિજુભાઇએ તેમને કંઇ અન્યાય કર્યો છે એવી તેમની દૃઢ ભાવના હતી. તેથી તે નામ છોડી દેવા તૈયાર થયા હતા. આથી પહેલાં, અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને 'મોન્ટેસોરી શિક્ષક' ગણીને સર્ટિફીકેટ આપતા હતા તે 'નૂતન બાલશિક્ષક' એવું સર્ટિફિકેટ આપવા લાગ્યા. આ પ્રમાણે સંઘના નામમાંય ફેરફાર કરવા માટે તે તૈયાર થયા. આમ છતાં તેની ગુરુભકિતમાં જરાપણ અંતર પડયું ન હતું. મેડમ આવવાના છે એમ જાણ્યું તે વખતે કાઢેલા ઉદગાર ઉપરથી એ વાત સ્પષ્ટ માલમ પડે છે.

નામ બદલવાના નિર્ણય કરવાનાં બીજાં પણ કારણો હતાં. એક તો શિક્ષણપદ્ધતિનું નામ આપવાથી તેની પ્રણાલિકા જ શિક્ષકોને બાંધી લેતી હતી. હિંદુસ્તાનમાં તે સમયે રાષ્ટ્રિય દ્રષ્ટિએ શિક્ષણનો સ્વતંત્ર પ્રયોગ કરવાનો હતો. તે માટે પ્રણાલીઓ બાંધી ન લેતાં, પ્રયોગ કરવાની પ્રત્યેક દેશમાં નક હોવી જોઇએ; આ વિચાર તેમાં મુખ્ય હતો. સિવાય મેડમ મોન્ટેસોરી સ્વત: હિન્દુસ્તાનમાં આવ્યા હોવાથી તેમની કેટલીક સંસ્થા સ્થાપન થવાનો હવે સંભવ હતો; અને

સરલાદેવીના બંગલામાં સર્વ બાળમંદિરનાં બાળકોનું થયેલું સમેલન, અમદાવાદના નાગરિકોને, મેડમને માટેનાં સન્માનાર્થ, શ્રી સરલાદેવીએ આપેલ એટહોમપાર્ટી, આ સર્વ સમારંભનાં મુખ્ય અંગ હતાં.

આ સિવાય પૂ. ગાંધીજીની ઇચ્છાથી સાબરમતી આશ્રમનાં હરિજન બાળકો માટે એક બાલમંદિરનું ઉદઘાટન મેડમને હસ્તે કરાવવામાં આવ્યું હતું. સત્કારસમારંભમાં સર્વ તરફથી એક સુંદર થેલીમા મેડમને માનપત્ર અર્પણ કરવામા આવ્યું હતુ. અમદાવાદની અનેક સસ્થાઓ તરફથી તેમને પુષ્પહાર અર્પણ કરવામા આવ્યા હતા. બાલમંદિરના બાળકોનું સંમેલન એ એક અપ્રતિમ દ્રષ્ય હતું. આછામાં ઓછી ૩૦–૪૦ સંસ્થાનાં બાળકો મેડમની આગળ જઇ તેમને વંદન કરીને હારબંધ પસાર થયાં. પછી બાળમંદિરે એક એક મનોરંજન કાર્યક્રમ કરી બતાવ્યો. પછી સર્વ બાલમંદિરોએ પોતપોતાનાં બાળકોને નાસ્તા માટે બેસાડયાં. આ વખતે તેનું સુશોભન તથા ગોઠવણી કરવામાં દરેકે વિશિષ્ટતા બતાવી હતી. તે વખતે મેડમ તથા મિ. મોન્ટેસોરીને દરેક બાલમંદિર તરફથી ભેટ આપવાનો કાર્યક્રમ હતો. સારાભાઇ કુટુંબના બંગલાનું સુશોભન તથા વાદ્યવાદન અને સર્વ વ્યવસ્થા પરાકાષ્ટાએ પહોંચ્યા હતાં. ગુજરાત વિદ્યાપીઠ, સાબરમતી આશ્રમ અને પૂ. ગાંધીજીનું નિવાસસ્થાન મેડમે અત્યંત આદરભાવ અને પ્રેમભાવથી જોયાં હતાં. આશ્રમમાંથી તેમને એક રેંટિયો પણ અર્પણ કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં સ્ત્રીવર્ગ માટે તેમનું ખાસ ભાષણ ગોઠવવામાં આવ્યું હતું. એકંદર રીતે આ સમારંભ બહુ જ ઉત્તમ રીતે પાર પાડવામાં આવ્યો હતો. આ સમારંભનો સર્વ ખર્ચ–લગભગ દોઢ હજાર – શ્રી સરલાદેવીએ ઉદાર ભેટ તરીકે આપ્યો હતો. આ પ્રમાણે સંઘે એના આદ્યસ્થાપક ગુરુનું મોટા ઉત્સાહથી સ્વાગત કરી, તેમની અપૂર્ણ રહેલી ઇચ્છા થોડીવણી પાર પાડી.

તે સંસ્થાઓમાં તેમનું નામ હોવું જોઇએ અને તે ઘણું ઉચિત. મોન્ટેસોરી અવિકૃત સંસ્થામાં અને આ સંસ્થામાં લોકોનો વિરોધ હોય નહિ એવો પણ એક વિચાર હતો. આ પ્રમાણે મેડમ મોન્ટેસરી સંબંધી આદરબુદ્ધિ અથવા એમના પ્રત્યેની કૃતજ્ઞતા અને ગુરુભક્તિ એમાં જરા પણ ફરક ન પડે એ રીતે સંઘનું નામ બદલવામાં આવ્યું હતું. મેડમ અહિંયાં હતા ત્યાં સુધી (તેટલા દિવસ) અને તે યુરોપમાં પાછા ફર્યા પછી પણ, સંઘનો અને તેમનો સ્નેહસંબંધ પૂર્વવત્ રહ્યો હતો. અને આજ સુધી સંઘ તેમનું જ કાર્ય કરનારી, તેમની મિત્રસંસ્થા તરીકે રહેલી છે.

: ૯ :
છેલ્લાં ૧૧ વર્ષ

૧૯૪૦ થી તે આજ સુધી સંઘના કાર્યની માહિતી વાચકોને બરોબર તાજી છે. આ વસ્તુ સંઘમાં આવેલા કાર્યકર્તાઓ જાણે છે. એટલે તે શરૂઆતના જેટલું વિસ્તારથી લખવાની જરૂર નથી. ૧૯૪૦ સાલથી આજ સુધીના કાળમાં મુખ્ય ઘટનાનો નામનિર્દેશ કરીએ તો પૂરતું છે.

: ૧૦ :
નિરીક્ષણ

૧૯૪૦ની સાલના સંમેલનમાં ઠરાવ્યા પ્રમાણે ચાલુ બાલમંદિરોને સંઘ સાથે જોડી દેવામાં આવ્યાં અને તેનું નિરીક્ષણકાર્ય શરૂ થયું. પ્રથમ તો શ્રી તારાબહેને 'એકસ્થાની' પોતાની સગવડ પ્રમાણેના સમયમાં કાઠિયાવાડથી તે નાગપુર સુધીની સંસ્થાઓનું ૩-૪ વખત નિરીક્ષણ કર્યું – તેમના નિરીક્ષણમાં નીચે પ્રમાણે વાતો કરવામાં આવતી હતી. (૧) શિક્ષકનું કામ જોઇ તેમને પ્રત્યક્ષ સૂચના કરવામાં આવતી અને જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં પ્રત્યક્ષ કામ ચલાવી બતાવવામાં આવતું. શિક્ષકો સાથે સંભાષણ કરીને તેમને તેમના કામમાં કરવી જોઇતી સુધારણા અથવા ફેરફાર સમજાવી દેવામાં આવતા અને તેમની અડચણ શું છે તે સમજી લેવામાં આવતી હતી. (૨) ત્યાર પછી સંચાલકોને બોલાવી શિક્ષકોને પક્ષેથી તેમની અડચણ તેમની આગળ રજૂ કરવામાં આવે અને સંચાલકોનું તે સંબંધી શું કહેવું છે તે સમજી લેવામાં આવતું. સંચાલકોને જે સુધારણા કરવાની હોય અને સગવડ કરવાની જરૂર હોય તે તેમને સ્પષ્ટ કહેવામાં આવતું. વળે ઠેકાણે સંચાલકોની પ્રવૃત્તિ નિરીક્ષકોની સૂચના અમલમા લાવવાની છે. સંચાલકો વતી શિક્ષકોને કેટલીક સૂચના આપવી અવશ્ય લાગવાથી તે પણ અપાતી જાતી હતી. આ સિવાય બાલમંદિરનાં બાળકોના માતાપિતાની અને ગામલોકોની સભા કરીને જાહેર ભાષણ કરવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવતો. આ પ્રમાણે એક દિવસમાં આ ત્રિવિધ કાર્યક્રમ કરીને શિક્ષક, સંચાલક અને પાલક આ ત્રણે વર્ગનો સંબંધ સાધીને કામ કરવાનું ધોરણ રાખવામાં આવ્યું હતું.

પહેલાં પહેલાં, કામ વધુ હોવાથી શ્રી તારાબહેનને બધી બાજુ વારંવાર જવાની જરૂર લાગતી. તે માટે તેમની મદદમાં બીજા નિરીક્ષકો લીધા. શ્રી સરલાતાઇ દેવધર, શ્રી નર્મદાબહેન રાવળ, શ્રી રામભાઇ પાઠક, શ્રી કેળકર, શ્રી માલિનીબાઇ પરાંજપે, શ્રી સરોજબહેન પોદ્દાર અને શ્રી નામલે વગેરેની મદદથી આજ સુધી ચાર-પાંચ વર્ષ નિરીક્ષણનું કામ ચાલુ છે. એટલા જણની મદદ લઇને પણ તે કામ હજુ સંપૂર્ણ સંતોષકારક થતું નથી. કારણ કે તે દરેક પોતપોતાના કામમાં હોવાથી વળે ઠેકાણે જઈ શકે નહિ. મુંબઇ, પૂના, અને મધ્ય ગુજરાતમાં શાળાનું નિરીક્ષણ ઘણું જ નિયમિત રીતે થયું છે, પરંતુ સોરાષ્ટ્ર, ઉ. ગુજરાત, કચ્છ, વગેરે ઠેકાણે જવાની કોઇનેય ફુરસદ નથી. નાગપુર, મદ્રાસ જેવા ઠેકાણે નિયમિતપણે જવાનું થતું નથી. જ્યાં દર વર્ષે નિયમિત રીતે નિરીક્ષણ થાય છે ત્યાં પણ તેટલાથી શાળાને સંતોષ થતો નથી એમ અમને જણાયું છે. તેમનું વર્ષમાં એક વાર નિરીક્ષણ કરીને તે ઉપરથી સૂચન લખીને આવે

એટલાથી શાળાને સંતોષ થતો નથી. તેમને એ સિવાય પણ આવું અધિક માર્ગદર્શન જોઈએ છે. આજે તો સંઘ સાથે જોડાતાં બાલમંદિરોની સંખ્યા ખૂબ જ વધતી જાય છે. અત્યારે મુંબઈ તળની જ, ૨૫ જેટલી સંસ્થાઓ તો જોડાએલી છે. આ ઉપરાંત, મદ્રાસ, પૂના, નાગપૂર, સિકંદરાબાદ. બરાકપુર, ઈંદોર અને ગુજરાત – સૌરાષ્ટ્રમા વડોદરા, કાલોલ, વસો, કપડવંજ, રાજપીપળા, ડભોઈ, અમદાવાદ, દહેગામ, માણસા, પાટણ, ભાદરણ, આણંદ, ધરમજ, સંખેડા, આંકલાવ, ખંભાત, સિનોર, સોજિત્રા, ચાણસમા, વીસનગર, નાર, મોગરી, સુરત, પીજ, નડીઆદ, મહેસાણા, ભાવનગર, બગસરા, પોરબંદર, જામનગર, મહુવા, રાજુલા વગેરે સ્થળોનાં બાલમંદિરો સંઘની પાસેથી નિરીક્ષણદ્વારા સહાય માગતાં ઊભાં છે. એ આખું કામ સ્વતંત્ર નિરીક્ષક નીમ્યા સિવાય થવાની શકયતા નથી, એ ઉઘાડું જ છે. તે સંબંધી પણ હમણાં વ્યવસ્થાપક મંડળ વિચાર કરે છે. સ્વતંત્ર નિરીક્ષકવર્ગ નીમવા માટે પૈસાની તો જરૂર છે જ. પણ નિરીક્ષક મળવા એ કાંઈ સહેલું નથી. તે માટે એક અલગ વર્ગ ચલાવી નિરીક્ષકો તૈયાર કરવા પડશે એમ લાગે છે.

: ૧૧ :

ગ્રામીણ બાલશિક્ષણ

૧૯૪૦ના સંમેલનમાં ભાવનગરમાં ઠરાવ્યા પ્રમાણે ત્રણ ઠેકાણે ગ્રામીણ બાલશિક્ષણનો પ્રયોગ કરવામાં આવ્યો. ત્યાર પછી સંસ્થાના પ્રમુખ પાસેથી આ પ્રયોગ ઉપર ઓછામાં ઓછા નવ–દસ હજાર રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો. ૧૯૪૬ નો નવેમ્બરમાં બોર્ડીમાં ગ્રામ બાલશિક્ષાકેન્દ્ર સ્થાપવામાં આવ્યું. આ ત્રણ ઠેકાણેના પ્રયોગોમાં આંબલામાં સ્થાનિક અડચણવાળી પરિસ્થિતિને લીધે મોટા પ્રમાણમાં કામ થઈ શકયું નહિ. તો પણ જે કંઈ અનુભવ મળ્યો તે સંઘના આગળ વધનારા કામમાં ઉપયોગ હતો જ. વેડછીમાં જે પ્રયોગ થયો તે ૧૯૪૨ની ચળવળને લીધે ચાલુ રહી શકયો નહિ. તો પણ તે પ્રયોગ ઘણો જ યશસ્વી અને મહત્વનો થયો. મુંબઈમાં પ્રયોગની શરૂઆત જરા મોડી થઈ, તો પણ ત્યાં તે શહેરમાં પણ પછાત વર્ગની દ્રષ્ટિથી ઘણો જ યશસ્વી અને માર્ગદર્શક એવો થયો. મુંબઈના પ્રયોગનો યશ મુખ્યત્વે સ્વ. શ્રી ભગવતીપ્રસાદ શેલતને ઘટે છે. આ પ્રયોગ મુંબઈમાં ભગિની સમાજે ચલાવેલા એલાસીસ રોડ ઉપર ભંગી વસ્તીમાં આવેલા સેવામંદિરમાં થયો. એમાં ભગિની સમાજનો અમને પૂર્ણપણે ઉત્કૃષ્ટ સહકાર મળ્યો.

: ૧૨ :

ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર

મુંબઈથી ૮૦ માઈલ ઉપર દહાણું અને ઉંબરગાંવ વચ્ચે બી. બી. સી. આઈ રેલ્વે ઉપર એક નવું સ્ટેશન છે. ત્યાંથી બે માઈલ પર આવેલું બોર્ડી નામનુ સમુદ્ર કિનારે આવેલું ગામ છે. ત્યાં આ કેન્દ્રની સ્થાપના નામદાર બાળાસાહેબ ખેરને હસ્તે ૧૯૪૫ની સાલમાં થઇ. બોર્ડીમાં ગોખલે એજ્યુકેશન સોસાયટીની હાઈસ્કૂલ અને તેમના કાર્યકર્તા વિશેષતઃ શ્રી આચાર્ય ભીસે સુપ્રસિદ્ધ સમાજ–કાર્યકર્તા છે. કે. ના. સાનેગુરુજીના બંધુ અહીંઆ હાઈસ્કૂલમાં શિક્ષક હોવાથી ગુરુજીની પણ અહી પુષ્કળ અવરજવર રહેતી અને લાભ મળતો. એવી રીતે આ સ્થળ અનેક દ્રષ્ટિએ બાલશિક્ષણના કાર્યને માટે યોગ્ય લાગવાથી સંઘે પોતાનું કેન્દ્ર અહીં સ્થાપ્યું. આ કેન્દ્રમાં એક સ્થાનિક બાલવાડી અને બીજે ચારપાંચ ઠેકાણે સાંજના સમયની બહારની બાલવાડીઓ ચાલુ કરી છે. સ્થાનિક બાલવાડીમાં ગામનાં બાળકો આવે છે. કેન્દ્રની બાજુમાં વસનારા હરિજન, કુંભાર, ભંડારી અને મુસલમાનની થોડી વસ્તી છે. એક બે ફર્લાંગની અંદર ગામની ભરચક વસ્તી શરૂ થાય છે. શરૂઆતમાં હરિજનનાં બાળકો આવતાં હોવાથી, ગામનાં બાળકો મોકલવા માટે લોકો તૈયાર ન હતા. પરન્તુ આજ પાંચ વર્ષે ગામના દરેક જાતિનાં બાળકો અહીંઆ આવતાં થયાં છે. બહારની બાલવાડી વસ્તીથી દૂર હોવાથી આદિવાસીઓમાં તથા બીજી વસ્તીમાં

ચલાવવામાં આવે છે; ત્યાં ઓછામાં ઓછા ખર્ચે, બને તો વિના સાધને, બાળકોની બાલવાડી કેવી રીતે ચલાવવી, એ સંબંધેનો પ્રયોગ કર્યો છે. અહીં બાલવાડીના શિક્ષક તૈયાર કરવા માટે એક ગ્રામ બાલ અધ્યાપન મંદિર છે.

પ્રથમ કસ્તુરબા ટ્રસ્ટ તરફથી, આખા હિન્દુસ્તાનમાંથી વિદ્યાર્થિનીઓને અહીંઆ મોકલવામાં આવતી હતી. પણ બીજા પ્રાંતના શિક્ષકો ભાષાની મુશ્કેલીને લીધે જોઇએ તેટલો લાભ લઇ શકતા નથી. આથી અત્યારે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યભારત અને મધ્યપ્રદેશમાંથી વિદ્યાર્થીઓ આવે છે. આ સિવાય બહારના વિદ્યાર્થીઓ સંસ્થા તરફથી તથા પોતાને ખર્ચે આવતા હતા. અત્યાર સુધી નૂ. બા. શિ. સંઘ તરફથી તેઓની પરીક્ષા લેવામાં આવતી હતી. પણ હવેથી તેમને સરકારી પૂર્વ પ્રાથમિક શિક્ષણ સર્ટિફિકેટ પરીક્ષા મંડળ અને પૂર્વ પ્રાથમિક અધ્યાપન નિયંત્રણ સમિતિની તરફથી લેવામાં આવતી પરીક્ષામાં બેસાડવામાં આવે છે. આ સંસ્થાની સાથે જોડેલી એક મૂલ ઉદ્યોગ પદ્ધતિએ ચાલતી શાળા પણ હતી.

એ સંસ્થા શરૂ થઇ તે વખતે સૌરાષ્ટ્રના કાર્યકર્તા શ્રી રામનારાયણ પાઠકે બે વર્ષ સુધી એ સંસ્થાને ઊભી કરવાનું, અને તેને સ્થિર કરવાનું કામ કર્યું. મુંબઇનો પ્રયોગ યશસ્વી કરી બતાવનાર શ્રી શેલતભાઇને પણ અહીંઆ નીમવામાં આવ્યા હતા. પરન્તુ દુર્ભાગ્યે તેમને અચાનક માંદગી આવી અને થોડા જ વખતમાં તેમનું અવસાન તેમની સેવાનો લાભ સંસ્થાને બેચાર મહિના પણ મળી શકયો નહિ. ગામડામાં બાલશિક્ષણનું કામ કરવાના ઉત્સાહવાળા શ્રી અનુતાઈ વાઘ પોતાની પૂનાની નોકરી છોડીને મહારાષ્ટ્રના કસ્તુરબા સ્મારક ટ્રસ્ટમાં જોડાયા. પરન્તુ ટ્રસ્ટ તરફથી તે વખતે બાલશિક્ષણનું કામ થઇ શકતું ન હતું તેથી તેમની પાસેથી સંઘે શ્રી અનુતાઇને પોતાના કેન્દ્ર માટે બોલાવી લીધા. શ્રી સ. આ. કેળકરે પણ ત્રણેક વર્ષ આ કેન્દ્રમાં દુય્યમ અધ્યાપક તરીકે કામ કર્યું. આ સિવાય બાલવાડીના શિક્ષકો અહીના અધ્યાપન મંદિરમાં જ તૈયાર થયા હતા. શ્રી ચંપુતાઇ રાઉત, શ્રી ખંડુભાઇ પટેલ અને શ્રી દ્વારેશ્વર ગાંગુર્ડે અહીં કામ કરી રહ્યાં છે શ્રી ગોવિદભાઇ પટેલે મૂલ ઉદ્યોગ પદ્ધતિની અને શિશુવિહાર અધ્યાપન મંદિરની ટ્રેનીગ લીધેલી હોવાથી તેમને સુરત જિલ્લા લોકલબોર્ડ પાસેથી મૂલ ઉદ્યોગના પ્રયોગ માટે ખાસ માગવામાં આવ્યા હતા. મુખ્ય સંચાલિકા તરીકે શ્રી તારાબહેન મોડક કામ કરે છે. આ કેન્દ્રમાં ગ્રામીણજીવનની દૃષ્ટિએ, બાલશિક્ષણને કેવુ સ્થાન આપવું જોઇએ તે સંબંધમાં અનેક અનુભવો થાય છે અને અનેક પ્રયોગો ચાલે છે. એક મુખ્ય અનુભવ એ થયો કે ગામડાંઓમાં ખાસ કરીને પછાત વસ્તીમા એક જ પ્રકારનું કામ લઇને બેસવુ તે ચાલે નહિ તેમણે બીજા અનેક પ્રશ્નોના ઉકેલ પણ કરવા જોઇએ. એ માટે પ્રયત્ન કરવા વિના ચાલે જ નહિ. તેમની દરિદ્રતા અને અજ્ઞાન ભરેલી રૂઢિઓ વગેરે બાબતો આ કામની આડે પુષ્કળ આવે છે. તેમની સામાજિક રૂઢિ અને જાતિભેદ વગેરે સંબધીની રૂઢ કલ્પના બદલવી એ મોટું ને કઠણ કામ છે. કારણ તે એમની પ્રગતિને આડે આવે છે.

એકંદર પાંચ વર્ષના પ્રયોગ પછી સંચાલકોને એવું જણાઈ આવ્યું છે કે આ પરિસ્થિતિમાં તદન જુદા જ પ્રકારની સંસ્થા કાઢવી જોઇએ. ત્યાં છેક નાનાં બાળકોથી તે પ્રાથમિક શાળામા જતી ઉંમરનાં બાળકો સુધીનાં બાળકોનો શિક્ષણનો પ્રશ્ન હાથ ધરવો જોઇએ.

અહીં બીજો એક પ્રયોગ, સાધન સંબંધી કરવામાં આવ્યો. પ્રયોગને અંતે એવું જણાયું કે બાલશિક્ષણ માટે વપરાતાં ઘણાંખરાં-સાધનો થોડી મહેનતે શિક્ષકો પોતે જ તૈયાર કરી શકે છે. થોડીઘણી રાહત સ્થાનિક સુતાર તરફથી મેળવે તો વાંધો નથી. તેમ કરવાથી એ ઘણું સસ્તું પડે છે. ટકવાની દૃષ્ટિએ તે ઓછો વખત ચાલે તો પણ, શિક્ષક પોતે જ તૈયાર કરવાની હથોટી

સાધ્ય કરી લે તો પછી ફરીથી તે બનાવી શકશે અથવા દુરસ્ત કરી લેશે. આ બાબતમાં હજી પુષ્કળ સંશોધન કાર્ય બાકી છે.

આ સંસ્થાનો પહેલા વર્ષનો ખર્ચ–ક્રમમાં કમ સાડા સાત હજાર રૂપિયા–સંઘના પ્રમુખ તરફથી કરવામાં આવ્યો હતો. ત્યાર પછીનો બધો ખર્ચ સંઘ તરફથી કરવામા આવ્યો છે. બાર હજારનો વાર્ષિક ખર્ચ અત્યારે આવે છે એમાં સરકારી મદદ અને વિદ્યાર્થીઓની ફીમાંથી ઓછામાં ઓછો ત્રણ ચતુર્થાંશ ખર્ચ મળી રહે છે; અને બેત્રણ હજારની વર્ગણી લવાજમ તથા ફંડ કરીને બાકીનો ખર્ચ પૂરો કરવો પડે છે. સરકારે આ કેન્દ્રને વિશેષ પ્રયોગ કરનારી સંસ્થા ગણી લીધી છે, અને તેથી કેટલીક વિશેષ ગ્રાંટ આપવામાં આવે છે. પૂર્વપ્રાથમિક શિક્ષણના ગ્રામ–વિભાગના પ્રયોગની દૃષ્ટિએ મધ્યવર્તી સરકારનું પણ ધ્યાન આ સંસ્થા પ્રત્યે હવે ગયું છે, અને તેમના તરફથી મોકલવામા આવેલા હોદ્દેદાર મહેમાનોને આ સંસ્થા પ્રગતિ કરનારી માલમ પડી છે.

: ૧૩ :

શિક્ષણ–પત્રિકા : પ્રકાશન

૧૯૩૯ની સાલમાં સ્વ. ગિજુભાઈ ગયા પછી તે વખતે શિક્ષણ–પત્રિકા ત્રણ જુદે જુદે સ્થળેથી પ્રસિદ્ધ થતી હતી. ભાવનગરથી ગુજરાતી, ઈંદોરથી હિંદી અને મુંબઈથી મરાઠી નીકળતી હતી હિંદી શિ. પ. ની સ્થિતિ જરા ચિંતાજનક હતી. તેને સ્વ. ગિજુભાઈ બંધ કરવાનો વિચાર કરતા હતા. પણ સંઘે એવો વિચાર કર્યો કે દિવસે દિવસે હિંદીનું મહત્વ વધતું જાય છે અને ભવિષ્યમાં હિંદી મારફત જ આખા હિંદુસ્તાનમાં પ્રવેશ મળી શકવાનો છે; આથી હિંદી પત્રિકાની ઉપર થોડો વધારે ખર્ચ કરવા લાગ્યા; અને અને તે ખર્ચ વેઠીને પણ હિંદીપત્રિકા ચાલુ રાખી ત્રણે પત્રિકા એક જ ઠેકાણે આણીને, એક જ વ્યવસ્થાપકને સોંપીને, તેની વ્યવસ્થા કરી. આ હેતુથી તે વખતે ત્રણે પત્રિકા મુંબઈમા લાવવામાં આવી હતી અને શ્રી તારાબેનની દેખરેખ નીચે શ્રી ચંદુલાલ ભટને વ્યવસ્થાપક નીમવામા આવ્યા. એક વર્ષે શ્રી ચંદુભાઇ બિમાર પડવાથી તેમણે એ કામ છોડી દીધું. પછી શ્રી ગોપાળરાવ વિદ્વાંસને વ્યવસ્થાપક તરીકે નીમ્યા. આગળ ૧૯૪૨ સાલની મુંબઈની પરિસ્થિતિ ઘણી જ ચિંતાજનક થઇ હતી. તેથી શ્રી ગોપાળરાવ વિદ્વાંસના હાથમાંથી પત્રિકાની બધી વ્યવસ્થા વડોદરાથી કરવામાં આવી. ૧૯૪૬ની સાલ પછી તે ફરીથી મુંબઇ લાવવામાં આવી. શ્રી. ગોપાળરાવ કુલકર્ણીએ આ વખતે સંપાદનકાર્યમા ખૂબ જ સહાય કરી. શ્રી બાબીબહેન મૂળજી તે વખતે સંઘના સહમંત્રી હતાં તેથી, તેમને એ વ્યવસ્થા સોંપવામા આવી તેઓ અત્યાર સુધી ખૂબ મહેનત લઇને એ કાર્ય સુંદર રીતે કરી રહ્યા છે. ગુજરાતી પત્રિકાના સંપાદનકાર્યમાં બેએક વર્ષથી જમુભાઈ દાણી શ્રી તારાબેનને સહાય કરે છે

ભાષાની દૃષ્ટિએ પત્રિકાનુ વિકેન્દ્રીકરણ કરી, તે તે ભાષાના મુખ્ય સ્થાનથી પત્રિકા છાપવામાં આવે તો ઘણુ સારુ થાય એમ લાગવાથી, હિંદી પત્રિકા ઇંદોરમાં શ્રી કાશીનાથજી ત્રિવેદીની દેખરેખ નીચે ત્રણ વરસ પહેલા લઇ જવામા આવી. તેના સહસંપાદક શ્રી કાશીનાથજી અને શ્રી બંસીધરજી રહ્યા છે. તેવી જ રીતે મરાઠી પત્રિકા પૂનામાં લઇ જવામા આવી. એની જવાબદારી પૂના શાખાએ લીધી. પૂનામા એક સંપાદકમંડળ સ્થાપવામા આવ્યું. તેમા સૌ. માલિનીબાઈ પંજપે, શ્રી ભાસ્કર ઘોડો કર્વે અને શ્રી કમલિનીબાઈ દામલે છે. પત્રિકાની વ્યવસ્થા શ્રી માલિનીબાઈ પરાંજપે કરે છે, અને છાપખાનાની વ્યવસ્થાનુ સર્વકામ શ્રી ભાસ્કરરાવ કર્વે જુએ છે

૨૫ વર્ષ પૂર્વેના કાળમાં અને આજના કાળમા ઘણો જ ફેર પડયો છે. બાલશિક્ષણ સંબંધી વાચક વર્ગનું જ્ઞાન ઘણું જ વધ્યું છે. એકંદર જનતા ઘણા વિચાર કરવા લાગી છે. એ

દ્રષ્ટિએ અત્યારે પત્રિકાનું સ્વરૂપ બધી દ્રષ્ટિએ બદલવાની ખાસ આવશ્યકતા છે. સંઘ આ જાણે છે. એને ફેરવી નાખવાનો વિચાર પણ કરે છે. સભ્યોની સંખ્યા છેલ્લાં કેટલાંક વરસથી ઓછી થઇ છે તો પણ તે સ્થિર રહી છે. મુંબઇ, સૌરાષ્ટ્ર, મધ્યભારત, રાજસ્થાન વગેરે જુદીજુદી સરકારો તરફથી પત્રિકાની કેટલીક નકલો લેવામાં આવે છે. કેટલીક મ્યુનિસિપાલિટી પોતાની શાળાઓ માટે પત્રિકાઓ લે છે. નિરીક્ષણની માફક પત્રિકાનું કામ પણ આજ સુધી અમારાં બીજાં કામોની સાથે, પુરસદના વખતમાં ચાલે છે. તેને માટે ખાસ પગારદાર માણસો હજુ સુધી રાખ્યા નથી. હવે આ એક જ કામ લઇને બેસે એવા તંત્રીની ખાસ જરૂર જણાવા લાગી છે.

: ૧૪ :

બંધારણ અને પ્રચારકાર્ય

સંઘનું કાર્યક્ષેત્ર દિવસે દિવસે વધવા લાગ્યું, તેથી પહેલાં એમ લાગ્યું કે જુદા જુદા કાર્યકર્તાઓને સોંપવું. બંધારણમાં તે પ્રમાણે યોજના કરવામાં આવી. આ મુજબ પહેલે વરસે કાર્યકર્તાઓની ચૂંટણી પણ કરવામાં આવી. આ વ્યવસ્થા ત્રણ વરસને માટે હતી. એ દરમિયાન એવો અનુભવ થયો કે જે હેતુથી કાર્યકર્તા મંડળ ચૂંટવામાં આવ્યું હતું તે પાર પડી ન શકયું. કારણ, ઘણા ખરા કાર્યકર્તાઓ અમદાવાદમાંથી ચૂંટાઇને આવ્યા હતા. તેઓમાંથી કોઈપણ પોતાનું અંગત કામકાજ છોડી દૂર દૂરના વિભાગમાં જઈને પ્રચારકાર્ય કે સંઘનુ કોઇ પણ કાર્ય કરી શકયું નહિ. એટલે ત્રણ વરસ પછી બંધારણમાં ફેરફાર કરવામાં આવ્યો. પહેલાં વ્યવસ્થાપક મંડળના પાંચ સભ્યો હતા તેને બદલે હવે અગિયાર સભાસદો રાખવા અને તે બધાં ચૂંટાઈને આવે એમ ઠરાવવામાં આવ્યું. ચૂંટણી પછી તેઓએ અંદર અંદર હોદ્દેદારો નીમી લેવા એમ પણ નક્કી થયું. આ નિમણૂક પછી મુખ્ય મંત્રીએ ત્રણ ભાષાવિભાગ માટે ત્રણ ભાષામંત્રી નીમવા. એવી રીતે નીમાયેલા ભાષામંત્રી વ્યવસ્થાપક મંડળના સભ્ય પણ ગણાય. આમ ત્રણ ભાષામંત્રીઓની મદદથી મુખ્ય મંત્રીએ તે જુદા જુદા વિભાગનું પ્રચારકાર્ય તેમજ બાલશિક્ષણનું કામકાજ સંભાળવું. એ ભાષામંત્રીઓને તેમના ભાષાવિભાગમા જુદી જુદી શાખાઓ સ્થાપવાનો અધિકાર આપવામાં આવ્યો; એટલે તે તે ભાષાવિભાગમાંથી જુદી જુદી શાખાઓનું કામ એક ધોરણે થાય અને તેમનો સમન્વય સધાય; એ કામ ભાષામંત્રીઓ દ્વારા થઈ શકે. ૧૯૪૧મા કાર્યકર્તાઓની જે ચૂંટણી થઇ તેમાંથી તે વખતના બંધારણ મુજબ બે કાર્યકર્તાઓ વ્યવસ્થાપક મંડળ ઉપર એમના તરફથી આવ્યા; તે શ્રી વજુભાઇ દવે અને નરેન્દ્રભાઇ બધેકા. તે વખતે સાત સભ્યોના વ્યવસ્થાપક મંડળે સઘનું કામ સંભાળ્યું. ૧૯૪૪માં બીજી ચૂંટણી નવા બંધારણ પ્રમાણે થઈ અને ૧૧ જણનું વ્યવસ્થાપક મંડળ અસ્તિત્વમાં આવ્યું. મુખ્ય મંત્રી શ્રી તારાબેને નીચે પ્રમાણે ભાષામંત્રીઓ નીમ્યા. શ્રી કમળાશંકર પંડિત ગુજરાતી ભાષા માટે, શ્રી કાશીનાથજી ત્રિવેદી હિંદી માટે અને શ્રીમતિ કમલિનીબેન દામલે મરાઠી માટે.

આ ત્રણ જણાએ લગભગ ગયા વરસ સુધી એ કામ સારી રીતે સંભાળ્યું. હમણા હમણા બીજા કામના દબાણને લીધે અથવા પ્રકૃતિના અસ્વાસ્થને લીધે એ ત્રણેને એ કામ છોડવું પડયું છે. એમની જગ્યાએ ગુજરાતી વિભાગ માટે શ્રી શાંતિભાઇ રાવળને સચેતન રાખવામા આવ્યા છે. મરાઠી વિભાગનું કામ પૂના શાખાને સોંપવામાં આવ્યુ છે અને હિન્દી વિભાગનુ કામ ઇન્દોર શાખાને સોંપવા બાબત વાટાઘાટ ચાલી રહી છે.

નવા બંધારણ મુજબ ગુજરાતી ભાષા વિભાગમાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, અને કચ્છ એમ પાંચ શાખાઓ સ્થાપન થઈ. મરાઠી વિભાગમાં નાગપુર અને પૂના એમ બે, અને હિન્દી વિભાગમાં

ઈન્દોરમાં શાખા સ્થપાઈ. થોડાં વરસ પહેલાં પૂર્વ આફ્રિકામાં ત્યાંના કાર્યકર્તાઓએ સંઘની એક શાખા સ્થાપન કરી. મુંબઈમાં ગુજરાતી અને મરાઠી મળીને એક શાખા ચાલે છે. અને અમદાવાદમાં સ્થપાવાની છે. દરેક શાખાનું સ્વતંત્ર ચૂંટાયેલું વ્યવસ્થાપક મંડળ હોય છે અને તેઓ અંદર અંદર હોદ્દેદારો ચૂંટે છે. મધ્યસ્થ સંઘ તરફથી દરેક ભાષામંત્રીના પ્રવાસ અને ટપાલ ખર્ચ માટે વાર્ષિક રૂા. ૩૦૭ ની રકમ મંજૂર કરવામાં આવે છે. શરૂઆતમાં ત્રણ વરસ સુધી દરેક શાખાને મધ્યસ્થ તરફથી અઢીસો રૂપિયા ખર્ચના આપવામાં આવ્યા હતા. ત્યાર પછી દરેક શાખાએ પોત પોતાનાં ખર્ચ માટેની રકમ તે તે વિભાગમાંથી તે તે વ્યવસ્થાપક મંડળે મેળવી લેવી એમ નક્કી કરવામાં આવ્યું. કોઈ શાખાઓનું કામ વિશેષ જોરમાં તો કોઈનું જરા મંદ આમ કામ ચાલુ છે. વણીખરી શાખાઓની સ્થાપના જાહેર સંમેલન કરીને તે વખતે જ થઈ છે. આ શાખાઓ મારફત અનેક જગ્યાએ સંમેલનો, સંસ્કારવર્ગો વગેરે યોજવામાં આવ્યા છે. વર્ષમાં એકવાર બધી શાખાઓના પ્રમુખ અને મંત્રીઓને વ્યવસ્થાપક મંડળમાં આમંત્રણ આવે છે. હમણાં બે વરસથી જુદી જુદી શાખાના કાર્યકર્તાઓ અને મધ્યસ્થના કાર્યકર્તાઓનું સંયુકત સંમેલન પણ યોજાય છે. ૧૯૫૦ ના નવેમ્બરમાં દરેક શાખાના ત્રણ ત્રણ કાર્યકર્તાઓ અને બીજા કેટલાએક કાર્યકર્તાઓ મળીને વડોદરામાં એક મોટું સંમેલન મળ્યું. તે બધાએ એકાવનની સાલનો રૌપ્ય મહોત્સવ કેવી રીતે ઉજવવો એ વિશે ચર્ચા કરી અને તેની રૂપરેખા દોરી. સંઘના આજના બંધારણમાં કોઈ ફેરફાર કરવા જોઈએ કે કેમ એ વિષય ઉપર પણ ચર્ચા થઈ હતી. આ બધી શાખાઓના સ્વતંત્ર અહેવાલો હવે પછીની શિક્ષણપત્રિકાના અંકોમાં આવશે.

: ૧૫ :

સાહિત્ય – પ્રકાશન

સંઘની પાસે નાણાનું જોર ન હોવા છતાં આટલા વર્ષોમાં બાલશિક્ષણ–સાહિત્યનાં પ્રકાશનોનું કામ, સ્વ. ગિજુભાઈની હયાતિમાં તો ખૂબ જ જોરથી ચાલી શકયું હતું. દક્ષિણા–મૂર્તિનું પ્રકાશન મંદિર આ પુસ્તકો પ્રગટ કરતું અને સર્વત્ર એનો વ્યાપક પ્રચાર થઈ શકયો હતો. 'શિક્ષણ–સાહિત્ય માળા' 'કિશોરકુમાર વાચન માળા', 'દ. મૂ. બાલસાહિત્ય માળા' 'બાલસાહિત્ય ગુચ્છ' 'ધર્મશિક્ષણ માળા' 'અક્ષર જ્ઞાન યોજના માળા' વગેરે મારફત ગિજુભાઈનો શિક્ષણસંદેશ ગુજરાત અને મહાગુજરાતમા વ્યાપી ગયો હતો. પછી તો દ. મૂ. બંધ થતાં એ બધા પ્રકાશનો શ્રી. આર. આર. શેઠની કંપનીને અપાયા અને આજે એ સંસ્થા જ આ પ્રકાશનોનું કામ હાથ ધરી રહી છે. આમ છતા સંઘનું પ્રકાશન મંદિર પણ એક કાળે પગભર બને એ હેતુથી થોડા વખત પહેલાં જ ગિજુભાઈ સ્મારક પ્રકાશન યોજના હાથ ધરવામાં આવેલી છે. આ કાર્ય માટે, ગિજુભાઈના અવસાન બાદ ચાલીસ મિત્રોની મહેનતથી રૂા. ૧૨ હજારની જે રકમ એકઠી થયેલી તે આ કાર્ય માટે સંઘને આપવામાં આવી છે એ આનંદની વાત છે. મુંબઇના બાળશિક્ષણ નગર વખતે સ્વ. ગિજુભાઈની ,'બીકણ–સસલી" વાર્તા ત્રિરંગી ચિત્રોમાં ત્રણ ભાષામાં પ્રગટ કરવામાં આવી હતી અને એનો સારો સત્કાર થયો છે. આ ઉપરાંત, બાલશિક્ષણ માટેનું ભાષા, ગણિત વગેરે વિષયો ઉપરનું સહાયક સાહિત્ય પણ પ્રગટ કરવામા આવ્યું છે અને અસંખ્ય બાલમંદિરો એનો લાભ લઈ રહ્યા છે. અને છતા, આ સ્મારકનિધિની રકમ વધતી જાય તો જ નવા પ્રકાશનો શકય બને. હજુ અક્ષરજ્ઞાન યોજના માટે, બાળકોની ચિત્રપોથીઓ માટે, માબાપોના માર્ગદર્શન માટે ઘણા ઘણા પુસ્તકો આવશ્યક છે. આ મહાકાર્યમાં શિક્ષણ–સિકોનો સક્રિય સાથ અમે સહાય પ્રાર્થીએ છીએ

: ૧૬ :

નાણાંકીય પરિસ્થિતિ

અજબ જેવી વાત એ છે કે સંઘે પચીસ વર્ષ સુધી એકધારું કાર્ય કર્યા કર્યું છે પણ

એની પાસે ધનના ઢગલા નથી થયા. અને છતાં, સંઘનું કાર્ય જે શુભ ભાવે ચાલે છે એ અટકયું નથી જ. જાત જાતની મુશ્કેલીઓ અને નાણાંનો અભાવ છતાં સંઘે એનું કાર્ય સંકોર્યું નથી, પણ વિસ્તાર્યું છે. આજે તો હવે સરકારે, કસ્તુરબા ટ્રસ્ટે, પ્રજાએ એના આ મૂંગા કાર્યની કદર કરવા માંડી છે અને સારા પ્રમાણમાં, ચાલુ ખર્ચ પૂરતી સહાય મળ્યા કરે છે. પણ જ્યારે જ્યારે સંઘ આર્થિક મુશ્કેલીમાં આવેલું છે ત્યારે શ્રી સરલાદેવીએ કરેલી સહાય કદી ભૂલી શકાય એમ નથી. એમની સહાયના બળે જ કાર્યકરો હિંમતથી આ કાળ પસાર કરી શકયા છે.

પણ આજે સંઘનું કાર્ય માત્ર મુંબઇ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્રમાં જ નથી રહ્યું પણ સારા ભારતમાં વિસ્તાર પામી રહ્યું છે. પ્રાંતે પ્રાંતે સહાય મગાય છે. વધુ અધ્યાપનમંદિરોની, જથ્થાબંધ સંગીન બાલસાહિત્યની, પ્રચારકોની અને વકતાઓની, શિક્ષકશિબિરોની, બાલ નગરોની, માબાપોના વર્ગોની–વિવિધ માગણીઓ સંઘની પાસે આવીને પડેલી છે આજે તો આ બધા જ કાર્યને પહોંચી શકવાની યોજના કરવા બેસવા માટે સંઘ પાસે સારું મકાન પણ નથી; સારા કાર્યકરોને, જરૂર લાગે તો સવેતન રાખવાની શકયતા નથી.

આ હેતુથી, રૌપ્ય મહોત્સવના આ વર્ષમાં શકય બને તો એક મોટો નિધિ લેગો કરવો એવી યોજના શિ. પ. માં અગાઉ પ્રગટ કરવામાં આવી છે. આ નિધિસંચયમાં સંઘ દરેક સંઘીની, દરેક ભિક્ષણુરસિકની, દરેક વાલીની મદદ માગે છે. પચ્ચીસ વર્ષ સુધી સંઘે જે એકધારું શિક્ષણુકાર્ય કરેલું છે તેની કદર સૌ કરશે જ એવી શ્રદ્ધા છે.

: ૧૭ :

સંઘનો રૌપ્ય મહોત્સવ

સંઘના રૌપ્ય મહોત્સવનો કાર્યક્રમ બધી શાખાઓ પોતપોતાના વિભાગમાં મોટા પાયા ઉપર યોજવાનો છે જ્યા શાખા નથી ત્યાં નવી શાખાઓ સ્થપાવાનો પણ સંભવ છે અને મંદ ગતિએ ચાલતી શાખાઓ ફરીવાર વેગવંત થશે.

આ પ્રમાણે ગયાં પચ્ચીસ વરસમાં સંઘનું કાર્ય કેવી રીતે વિકાસ પામતું ગયું તેનું અહીં દિગ્દર્શન કર્યું છે. કાર્યકર્તાઓની આગળ અનેક કામો હોય છે અને તે બધાં બૂબ વેગથી ચાલવાં જોઇએ એમ તેમને લાગ્યા કરે છે. તેથી, કંઇ જ થયું નથી એવો અસંતોષ તેમના મનમાં લાગ્યા કરે છે તટસ્થ દૃષ્ટિએ જોતાં આપણા પચ્ચીસ વર્ષના ગાળાના પ્રમાણમાં સંઘના મૂળિયા ઠીક ઠીક ઊંડા ગયાં છે અને તેના ડાળ, પાન પણ પ્રસર્યાં છે એમ કહી શકાય. આવતાં પચ્ચીસ વરસમા એ કાર્ય વિશેષ ઊંડું અને વિસ્તૃત થશે તેમ જ આ કાર્યને જ જીવનકાર્ય બનાવ્યું હોય એવા કાર્યકર્તાઓ, ઘણી મોટી સંખ્યામા મળી રહેશે એવી આશા સેવીએ. આ કાર્યની શરૂઆતની પ્રેરણા, સ્ફુર્તિ અને ત્યાગ ભવિષ્યના કાર્યકર્તાઓને માર્ગદર્શક અને પ્રેરક થાઓ.

તારાબેન

સંઘ–પરિચય ને પ્રચાર

નૂ. બા. શિ. સંઘના આ રૌપ્ય મહોત્સવ–વર્ષમાં સંઘનો
પરિચય કરાવવા અને એના કાર્યનો પ્રચાર કરવા
આ પત્રિકાની નકલો સત્વર ખરીદો

૦ – ૮ – ૦

મંત્રી : નૂતન બાલશિક્ષણ સંઘ, શાંતારામ લેન, વાલકેશ્વર, મુંબઇ ૬.

સંઘનું બાલવાડી – કાર્ય

મારા મિત્ર સ્વ.-ગિજુભાઇ અને શ્રીમતી તારાબેન એ બે વ્યક્તિઓએ પચ્ચીસ વર્ષની અંદર કેટલી બધી ક્રાન્તિ કરી બતાવી! બાળ-શિક્ષણનો સવાલ એટલે નવા ભારતનો સવાલ. એ સવાલના ઊંડાણમાં ઊતરી એમણે જે હિલ-ચાલ કરી તે ફકત શાળા કે શિક્ષક પૂરતી ન હતી. ઘેર ઘેર, બાળકોના માબાપોને અને સમાજના નેતાઓને તેમણે વિચાર કરતા કરી મૂક્યા અને એક નવો આદર્શ ગુજરાત અને મહારાષ્ટ્રનાં ઘરોમાં વાવી દીધો. મહાત્મા ગાંધીજીની પ્રેરણા પામીને તારાબેન હવે બાલશિક્ષણનો એ સંદેશો, પ્રત્યક્ષ ક્રિયા દ્વારા ગામડાંઓમાં પહોંચાડવા મથે છે. એમની ક્રાન્તિકારી શિક્ષણ-પ્રવૃત્તિનો આજે હું બીજો યુગ ગણું છું. જે પ્રવૃત્તિ પ્રથમ મોન્ટેસોરી શિક્ષણને નામે શરૂ થઇ અને નૂતન બાળશિક્ષણને નામે વિકસિત થઈ તે હવે બાલવાડીને નામે ગામડે ગામડે, પહોંચે છે. આપણું યુગ-કાર્ય પૂ. ગાંધીજીએ કલ્પેલા અહિંસક સમાજની સ્થાપના કરવાનું છે. બાલવાડી દ્વારા નવી પેઢીનું જીવન એટલું સ્વાશ્રયી, ઉદ્યોગી અને સંતોષી કરવાનું છે કે યુદ્ધની કલ્પના જ અસહ્ય થઈ જાય; માણસ માણસને પીડે અને નીચોવે એ વસ્તુ પીડનાર અને પીડાનાર બન્નેને માટે શરમ ભરેલી છે, એ વસ્તુ નવી પેઢીના સ્વભાવમાં ઊતરી જાય ત્યારે જ અહિંસક સમાજની સ્થાપના થશે. સામાજિક ન્યાય, આર્થિક ન્યાય, માનસિક ન્યાય, એ જ આજના યુગની હાકલ છે. યુધ્ધો દ્વારા, બંધારણ દ્વારા, કે કેળવણી-ઉપદેશ દ્વારા એ કામ સિદ્ધ નથી થવાનું; કેળવણી દ્વારા જીવન-પરિવર્તન કરવાથી જ એ થવાનું છે. આ યુગકાર્યમાં શ્રીમતી તારાબેનનો ફાળો નાનો સૂનો નથી. અમુક દેશોમાં અને અમુક જમાનામાં લોકો કેળવણીનું કામ પણ લશ્કરી પદ્ધતિએ કરવા મથે છે. સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ અને માનવતા વિના કેળવણીનું કાર્ય સફળ થવાનું નથી. બાલવાડીની તમામ પ્રવૃત્તિઓમાં આ ત્રણે તત્ત્વોને પહેલેથી પ્રધાનપદ આપેલું છે. આ નવી કેળવણીમાં ઊછરેલાં બાળકોમાં ઊંચ-નીચ ભાવ કે આપ પરભાવ હોઈ જ ન શકે. ઉજળિયાત કોમનું બેઠાડુ જીવન નવાં બાળકોને સહન જ ન થાય અને સંસ્કૃતિને નામે જે સંકુચિતતા કેળવાય છે તેનાથી પણ આ બાળકો દૂર જ રહેશે. સંસ્કૃતિનો અર્થ જ એ છે માનવ સંસ્કૃતિની દુનિયામાં જેટલી વિવિધતા છે તે સંગીતના રાગોની વિવિધતા જેવી પરસ્પર પોષક છે.

રશિયા અને અમેરિકા મળીને દુનિયાનો નાશ કરે તે પહેલાં માનવતામૂલક અહિંસક સમાજની સ્થાપના કરવાનું કામ કેળવણી દ્વારા સિદ્ધ કરવાનું છે; તેથી નૂતન બાલશિક્ષણ સંઘની બાલવાડી-પ્રવૃત્તિનો વિકાસ ઝડપભેર થાય એમ હું ઇચ્છું.

કાકા કાલેલકર

ભાવભરી ભેટ

સંઘનું સુંદર મકાન	ત્રણ ભાષાની શિક્ષણપત્રિકા	ગિજુભાઇ પ્રકાશન
ચિત્રપોથીઓ	અધ્યાપનમંદિરનાં છ કેન્દ્રો	શિક્ષણ-સાધનો
બાલવાડીઓ	સંસ્કારવર્ગો	પ્રચાર-પ્રવાસો

આ બધાં સંઘકાર્યો માટે તમારી ભાવભરી ભેટ
સંઘ પ્રાર્થે છે.

સંઘના આદ્ય પ્રણેતા

સર્વપ્રિય ગિજુભાઇ

છેલ્લી પચ્ચીશીના હિંદભરના શિક્ષણક્ષેત્રમાં જે લોકોએ અત્યંત મહત્વનો અને ચિરસ્મરણીય ભાગ ભજવ્યો છે તેમાં સ્વર્ગસ્થ ગિજુભાઇનું નામ અતિ શ્રેષ્ઠ પદે છે અને રહેશે. ખાસ કરીને બાળશિક્ષણના ક્ષેત્રમાં તો તેઓ લાંબો કાળ અજોડ રહેશે, એ વાત તો નિર્વિવાદિત છે.

ગિજુભાઇની ખરી ખૂબી અને વિશિષ્ટતા એ હતી કે, તેઓમાં ઘણી ઘણી સુંદર શક્તિઓ, ગુણો, અને અપાર જ્ઞાન અને ઊંડુ દર્શન હતું છતાં એ અહમ્ વિનાના સાદા રહી શકેલા. કોઈ વ્યક્તિને ગિજુભાઇની સાથેનો સંબંધ બગાડવાનો વારો આવ્યો ધ્યાનમાં નથી. આ વસ્તુ દુન્યવી જીવનમાં અતિ વિરલ છે.

એમની આંખ અને દિલ માણસને પળવારમાં પારખી લેતા. સામી વ્યક્તિમાં છૂપી રહેલી શક્તિને એ અલ્પ પરિચયમાં પણ જગાડતા અને અજબ પ્રેરણા આપતા. દિલ દિલની ગૂઢ વાતોમાં એક બનતા અને સૌને એ પોતાના સરખા સ્વજન, સ્નેહીજન લાગતા.

સંસારમાં એ ઘૂડાઘૂડ દેખાતા છતાં સંસારથી પર હતા. એમની જીવનઝંખના બાલશિક્ષણની રહેલી. સ્વપ્નામાં પણ એમણે એ જ જોયા કરેલું; જીભે એ જ ઉચ્ચારેલું; મને એવી જ વિચારણા કરતા, હાથે અને પગે એની જ સેવા કરતા ઘણા અંગત મિત્રોને, નિકટના સ્વજનોને, સંસારરંગી સગાંઓને ગિજુભાઇ પાગલ લાગતા. ગમે તે ક્ષેત્રનો, ગમે તે વિષયમાં રસ લેતો માનવી એમની પાસે જતો ત્યારે એ એમને બાલશિક્ષણમા રંગી નાખતા. જીવનભર એમના પરિચયમાં આવેલી સર્વ વ્યક્તિઓ કોઈ અજબ સુવાસ લઈ એમની પાસેથી જતી.

એક લેખકે એમને 'બાબી' કહી સંબોધ્યા છે તે તદન ખરું છે. એમની રોમ રોમની અહાલેક એક જ હતી અને તે બાલશિક્ષણની. અબોલ દેખાતા બાળકની દિવ્યતા એમને ઉકેલવી હતી. બાળકનું અજબ દર્શન એમને સમાજ પાસે ધરવું હતું. બાળકનો આત્મા પ્રફુલ્લે અને પાંગરે એ માટે એમને સર્વ કામો કરવાં હતાં. એ ન જોતા રાત કે ન જોતા દિવસ. ઘીમું હરિકેન સળગાવી એ રાતે બે વાગે પણ લખતા હોય, અને બપોરની વૈશાખની ગરમીમા પણ એવા જ કામમાં તલ્લીન હોય. એમના પત્ની એમના આ સ્વરૂપને સમજી ગયેલા અને એમના કાર્યમાં વધુ રસથી સહાય આપતા. શિક્ષણ સિવાય એને રસ ન હતો. એના ચિંતન સિવાય એમને બીજી અભિલાષા ન હતી. બાળકોને સૌ સમજે અને એમના વિકાસને સહાયક બને એ જ એક હાકલ એમણે જ્યાં ત્યાં કર્યા કરી. તખ્તેશ્વર પ્લોટની નાની ટેકરી ઉપરની બાલશિક્ષણસેવકની ગાદી ઉપર બેઠેલા ગિજુભાઇ કોઇ અવધૂત મહંત લાગતા.

સર્વ કોઇ એમને મન શિક્ષક હતા. સૌની પાસેથી એ શિખવા તૈયાર રહેતા. જન્મથી જ એ સાચા શિક્ષક હતા. બાળક પાસેથી શિખવામાં એમનો ઉત્કટ રસ, ડો. મોન્ટેસરી જેટલો જ હતો. બાલસેવા એ જ એમની પદ્ધતિ હતી. એમનું જીવન અને બાળકો સંગેનું વર્તન એમની શિક્ષણ પદ્ધતિ બનતી; બાલપ્રેમ ભરી એમની વાતો બાલશિક્ષણના મહાન સિદ્ધાંતો બનતા. એમનું દર્શન અલૌકિક હતું અને એની પાછળ એમણે ફનાગિરી લીધેલી.

ડો. મોન્ટેસોરીના પુસ્તકથી એમને નવો પ્રકાશ લાધ્યો. અંદર હતું તે પાતાળઝરે પ્રગટી ઊઠ્યું. ગુરુને ગુરુદક્ષિણા અર્પવા એમણે 'મોન્ટેસોરી સંઘ' સ્થાપી ગુરુનામને અમર કરવા ધાર્યું. જેને નજરે નિરખેલા નહિ એના બાલદર્શન પાછળ એ મુગ્ધ બન્યા અને જીવનભરની સેવાદીક્ષા એમણે લઇ લીધી. પછી તો એમણે ભગીરથકાર્યો આદર્યાં. બાલમંદિરમા બાળકો સંગે નાચે અને રાચે; ભણે અને ભણાવે; આનંદે અને આનંદાવે. બાળકો જાય તો શિક્ષકોને પાઠ આપવા બેસે. પ્રાતઃસંધ્યાએ સ્વાધ્યાય કરવા માંડે. અધ્યાપન મંદિરના અસંખ્ય વિદ્યાર્થીઓને એ એકલા કામ આપી આપી થકવી નાખે પણ અડધી રાતેય એતો એવા જ પ્રફુલ્લ અને ઉલ્લાસભર્યા. કામ કરવાની અને લેવાની એમની શકિત અપ્રતિમ હતી અને તે જોઇ કાળ પણ જરા વાર થંભી જતો અને એમના ઉત્સાહને અભિનંદતો.

ધાર્યું હોત તો ગિજુભાઇ હિન્દભરમાં વધુ નામના મેળવી શકત. ઇચ્છયું હોત તો સ્થળે સ્થળેથી એમને હારતોરા મળ્યા હોત. સ્વીકાર્યું હોત તો શહેરે શહેરે એમને માન, ભેટ અને ચાંદ મળ્યા હોત. પણ એતો ફકીર જ રહેવા ઇચ્છતા. સત્કારથી એ શરમાતા અને માનપાનથી આઘે ભાગતો. એ કહેતા કે "ઇ આપણને ફાવે કરે નહિ." સેંકડો પુસ્તિકાઓ લખી અને પ્રગટ કરી પણ પાઇની ય ઇચ્છા એમણે દક્ષિણામૂર્તિ પાસેથી કલ્પી નહિ. તિક્ષણશાસ્ત્રીઓ આવી એમનુ કામ જોઇ, મુગ્ધ બનતા પણ એનાં પ્રશંસાવચનો સાંભળવા એ ઉભા ય નહોતા રહેતા. એમના જીવનની એ સરળતા અને સાદાઇથી ગિજુભાઇ સૌને વધુ પ્રિય લાગતા.

ભાવનગરમાં અધ્યાપનવર્ગ ચલાવી એમણે શિક્ષણક્ષેત્રમાં ભાવના સાથે કામ કરનારા લોકોની મોટી સેના ઊભી કરી. જ્યાં જ્યાં એમનો સૈનિક ત્યા ત્યાં બાલમંદિરો ઊભાં થયાં અને બાલશિક્ષણનો સંદેશ વહેવા લાગ્યો. શિબ્યોની હાકલ આવતી અને એ ચાલી નીકળતા. આજે બાલમંદિરનું ઉદ્‌ઘાટન કરે તો કાલે ત્યાં માબાપોને સંબોધે તો ત્રીજે દિવસે કયાંક બાળકો સંગે વાતો કરવા બેસે. બાળક, બાલશિક્ષણ અને ગિજુભાઇ એકરૂપ થઇ ગયેલા.

ગિજુભાઇ મહાન દાનવીર હતા. પાસે હતું તે આપી દેવામા માનતા. એમને શિક્ષણનું નવું દર્શન થયેલું. એમને મળેલો એ પ્રકાશ એમણે સર્વત્ર પાથર્યો. હિંદના શિક્ષણક્ષેત્રમાં એમણે પ્રગટાવેલો બાલશિક્ષણનો એ જ્યોતિ અખંડ રાખવાનું કાર્ય સૌ શિક્ષકોનું છે. એ કરવાનું આપણને પ્રભુ બળ અર્પો, ગિજુભાઇ અને તેમનું જીવન તથા કાર્ય આપણને ચિરપ્રેરણા અર્પો.

જયુભાઇ દાણી

સંધના પ્રમુખ
શ્રી સરલાબેન સારાભાઇ

પચ્ચીસ વરસ પહેલાં ભાવનગરમા શ્રી દ. મૂ. ભવન તરફથી મોન્ટેસોરી સંમેલન બોલાવવામાં આવ્યું ત્યારે, એ સંમેલનના પ્રમુખસ્થાન માટે કોની પસંદગી કરવી એ વિચારતાં કાર્યકર્તાઓની આંખ અમદાવાદ તરફ વળી ત્યાં કેટલાંયે વરસોથી પોતાનાં બાળકોના શિક્ષણ વિશે વિચાર કરી, આદર્શ કેળવણી આપવા માટે એક આદર્શ માતા મથી રહ્યા હતા. શ્રી દ. મૂ. ભવનમાં મોન્ટેસોરી પદ્ધતિએ ચાલતું બાલમંદિર જ્યારે શરૂ થયું ત્યારે, સ્વાભાવિક રીતે સ્વર્ગસ્થ ગિજુભાઇ એ પદ્ધતિએ બીજી કોઇ જગ્યાએ પ્રયોગ થાય છે કે કેમ તે જોવા લાગ્યા; ત્યારે તેમનો શ્રી સરલાબેન સારાભાઇ સાથે પરિચય થયો તે વખતે શ્રી સરલાબેન પોતાને ઘેર મોન્ટેસોરી

પદ્ધતિના નિષ્ણાત એક અંગ્રેજ શિક્ષકને રાખી જાતે એ કામ ઉપર દેખરેખ રાખતા હતા. એ જણા એક જ ગુરુના જીવનસ્પર્શી સિદ્ધાંતોથી હાલી ગયેલાં હતાં. બંનેની બાળકેળવણી સંબંધેની જિજ્ઞાસા પોતાનાં બાળકોના યોગ્ય વિકાસના વિચારમાંથી ઉત્પન્ન થઇ હતી. બંનેમાં શાસ્ત્રીય દૃષ્ટિએ પ્રયોગ કરી જાતઅનુભવથી એ સિદ્ધાંતો અમલમાં મૂકી જોવાની તીવ્ર ઇચ્છા હતી. એથી આ બે જણાનો પરિચય થતાં વેંત સમદૃષ્ટિએ કામ કરવાવાળાં તરીકે તેમણે એક બીજાને ઓળખી લીધાં હતાં. આથી મોન્ટેસોરી સંમેલનના પ્રમુખપદ માટે એમને પૂછવામાં આવ્યું. એ કાળે શ્રી સરલાબેન જાહેર કામમાં આગળ આવ્યા નહોતા; એટલે પ્રમુખસ્થાન સ્વિકારવાની પણ એમની ઇચ્છા નહોતી. પણ ગિજુભાઇનો આગ્રહ અને આ કાર્ય પ્રત્યેનો એમનો પ્રેમ એમને ત્યાં ખેંચી લાવ્યો. તેઓ ત્યારે તો માત્ર સંમેલનના પ્રમુખ થવાની દૃષ્ટિએ જ આવ્યાં હતાં પણ બાલ-શિક્ષણના કાર્યમાં ત્યારથી કાયમને માટે જોડાઇ ગયા.

સંઘની સ્થાપનાથી અત્યાર સુધી તેઓ સંઘના પ્રમુખ રહ્યા છે. સંઘના નવા બંધારણ મુજબ હવે તેઓ બે વાર ચૂંટણીમાં ઊભા રહીને ચૂંટાઇ આવેલા પ્રમુખ છે. સંઘના વિશ્વસ્ત મંડળના બજાનચી તરીકે પણ તેઓ કામ કરે છે. ઉપરાંત, ગયાં ત્રણ ચાર વરસથી સંઘનો ચાલુ હિસાબ રાખવાનું કામ પણ તેમણે સ્વિકારી વ્યવસ્થિત કર્યું છે.

સ્વર્ગસ્થ ગિજુભાઇના ગયા પછી, ૧૯૪૦થી અત્યાર સુધીના સંઘના કાર્યના વિકાસમાં તેમણે મૂળ લગનથી સક્રિય ભાગ લીધો છે. સંઘ તરફથી ગામડાંના બાલશિક્ષણનો પ્રયોગ કરવામાં તેમના તરફથી આર્થિક સહાય અને પ્રોત્સાહન મળ્યાં તેથી જ એ પ્રયોગ કરવાનું શકય બન્યું હતું. તે પ્રયોગોમાં તેમણે મૂળ રસ લીધો, ઝીણવટથી તપાસ્યા અને વખતો વખત સલાહ સૂચન પણ આપતાં રહ્યાં છેલ્લાં ચાર પાંચ વરસથી તેઓ કસ્તુરબા ટ્રસ્ટના, ગુજરાત કાઠિયાવાડ માટેના પ્રતિનિધિ નીમાયા છે ત્યારથી, તેમણે આ પ્રદેશના ગામડાંમા ઘણો પ્રવાસ કરી ગામડાંની સ્ત્રીઓ તથા બાળકોની પરિસ્થિતિનો પ્રત્યક્ષ પરિચય મેળવ્યો છે. ગામડાંના બાલશિક્ષણ વિષેનો એમનો રસ આથી વધારે ઊંડો થયો છે. કસ્તુરબા ટ્રસ્ટની મારફત પણ તેમનાં બીજાં કામોની સાથે ગામડાંનાં બાલશિક્ષણનું કાર્ય તેઓ સંગીન પાયા ઉપર રચી રહ્યા છે.

છેલ્લાં બાર વરસ દરમિયાન અનેક જગ્યાએ સંઘ તરફથી યોજાયેલાં સંમેલનોના પ્રમુખ-સ્થાનેથી તેમણે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપી આ કાર્યને શુદ્ધ સ્વરૂપમા ચાલુ રાખવા બાબતનો સંદેશો આપ્યો છે. સંઘની વધતી જતી જવાબદારી પાર પાડવામાં તેમણે વ્યવસ્થાપક મંડળની સભામાં હાજર રહી યોગ્ય દોરવણી આપી છે તેમ જ આર્થિક મુશ્કેલીને વખતે ઉદાર હાથે સહાય કરી છે.

સંઘના ઘણા બધા સભ્યો પણ કદાચ જાણતા નહિ હોય કે સંઘના પ્રમુખ પચ્ચીસ વર્ષથી સંઘના કાર્યમાં કેટલો સક્રિય અને સતત ભાગ લઇ રહ્યા છે! તેમની ચોકસાઇ, ઝીણવટ, દરેક બાબત જાતે તપાસવાની રીત અને સૌથી મહત્વની તેમની સામાજિક કાર્યકર્તાતરીકેની ઊંચી નૈતિક ભૂમિકા સાચે જ આદર્શરૂપ છે. સંઘને તેમના જેવા મોવડી ગયાં પચ્ચીસ વર્ષસુધી લાધ્યા તે સંઘનું મહદ્ ભાગ્ય ગણાય. પ્રભુ તેમને દીર્ઘાયુ આપી તેમને દેશની ઊંચી ને વધુ સેવા કરવાની તક આપે.

તા.

વિસનગરમાં રૌપ્યમહોત્સવ

વિસનગરને આંગણે નૂતન કેળવણી કરવા પાટીદાર હાઇસ્કુલના નવા મકાનમાં નૂ. બા. શિ. સંઘના રૌપ્ય મહોત્સવ અંગે બાળશિક્ષણ નગર તા. ૨૦ – ૨ – ૫૧ થી તા. ૨૬ – ૨ – ૫૧ સુધી ભરવામાં આવ્યું હતું. સાથે સાથે બાળશિક્ષકોનો સંસ્કારવર્ગ પણ રાખવામાં આવ્યો હતો.

તા. ૧૮ – ૨ – ૫૧ ની સવારે અગીઆર વાગે મુંબઇની મંડળી શ્રી નામલેબાઇ સાથે આવી પહોંચી અને બાલશિક્ષણ નગરની ગોઠવણી કામ શરૂ થઇ ગયું. ઊંઝાથી ભાષામંત્રી શાંતિલાલ રાવળ અને પાટણથી શ્રી પૂનમભાઈ અને તેમની મંડળી આવી પહોંચી.

વીસનગરના કાર્યનિષ્ઠ બાળસેવક શ્રી ઈશ્વરાચાર્ય અને તેમના મિત્ર શ્રી સાંકળચંદ પટેલ અને તેમનું કાર્યકર્તા જૂથ ખડે પગે કામે લાગી ગયું. ન જોઇ રાત અને ન જોયેા દિવસ. બે દિવસમાં તો બાલશિક્ષણ નગર વ્યવસ્થિત ગોઠવાઇ ગયું. મધ્ય ગુજરાતમાંથી અને ઉત્તર ગુજરાતમાંથી મળી કુલ ૧૦૦ કાર્યકરો આવી પહોંચ્યા. કોંગ્રેસ સેવાદળના સૈનિકોએ શ્રી મોતીલાલ ચૌધરીની સરદારી હેઠળ બાળશિક્ષણ નગરની વ્યવસ્થા અંગે તેનો કબજો લેવા પોતાની નાનકડી શિબિર ઊભી કરી.

ચાર વાગ્યા. બાળકો, આમંત્રિત સજ્જનો અને સન્નારીઓ આમ સમુદાય વ્યવસ્થિત રીતે ગોઠવાઇ ગયો. શરણાઈ અને ટકોરખાનાના સૂરે અને ઠેર ઠેર કરાયેલા ગ્રામ શણગારોથી વાતાવરણ ઉલ્લાસપ્રેરક બની ગયું.

પ્રાર્થના થયા બાદ ભાષામંત્રી શ્રી શાંતિભાઈ રાવળે પ્રમુખપદ માટે શ્રી ઉમાશંકર જોશીની દરખાસ્ત મૂકી, તેમની ઓળખાણ કરાવી. શ્રી રતિલાલ જોશીએ દરખાસ્તને અનુમોદન આપ્યું અને પ્રમુખશ્રીએ સભાનું કામકાજ શરૂ કર્યું. સ્વાગત પ્રમુખ શ્રી પ્રિન્સિપાલ ડો. પવારે સર્વનું સ્વાગત કરતાં બાલશિક્ષણ નગરની મહત્તા જણાવી.

શ્રી નામલે ભાઇએ નૂ. બા. શિ સંઘનો પરિચય આપતાં જણાવ્યું કે નૂ. બા. શિ. સંઘ ૨૫ વર્ષ પહેલાં સ્વ. શ્રી ગિજુભાઇએ સ્થાપ્યો હતો. તેની પાછળ સાચી સમાજપલટાની કલ્પના હતી. ગિજુભાઇએ, બાળકોને ઘડનાર બાળકની અંદર જ બેઠા છે માટે તેને અનુકૂળ વાતવરણ આપો અને બાળકોની કેળવણી દ્વારા દેશમાં ક્રાંતિ લાવો એમ કહી પ્રચંડ આંદોલન જગાવ્યું હતું.

શ્રી પુનચંદભાઇએ બાળશિક્ષણ નગરની કલ્પના આપતાં જણાવ્યું કે બીજા પ્રદર્શનની જેમ અહીં ફકત એકલું જોવાનું જ નથી; તેમાં મૂકેલાં સાધનોને ઉપાડીને, અડકીને કામ કરવાનું છે. બાળકો એનો ઉપયોગ કેમ કરે છે તે માબાપોએ, વાલીઓએ અને શિક્ષકોએ જોવાનું છે. બાળકોને પ્રવૃત્તિ મળતા તેઓ કેવી રીતે વર્તે છે, એ પ્રત્યક્ષ બતાવવાનુ કામ બાળશિક્ષણ નગરનું છે.

શ્રી ઇશ્વરલાલ આચાર્યે વીસનગરની બાળપ્રવૃત્તિ ઉપર બોલતાં જણાવ્યું કે ગિજુભાઇ પાસે બાળકેળવણીની દીક્ષા લીધા પછી જ્યારે વીસનગરમાં મેં બાળમંદિર માટેની પ્રવૃત્તિ આદરી ત્યારે હું મંજીરાં વગાડતો, બાળકો એકઠાં કરતો; કોઇ ઓટલા ઉપર બેસતો અને બાળકો સાથે વાતો કરતો. એમાંથી બાળમંદિરની સ્થાપના થઇ છે. હું મારા માટે આ કરતો નથી પણ બાળકો માટે કરું છું એમ કેટલાક ભાઇઓને પ્રતીતિ થતાં સારી એવી નાણાંકીય મદદ મળી અને બાળમંદિર સારા પાયા ઉપર ચાલી રહ્યું છે.

આ પછી પ્રમુખશ્રીએ પ્રવચન કર્યા બાદ બળાશિક્ષણ નગરને ખૂલ્લું મૂકાયલું જાહેર કરતાં

સાંકળચંદ પટેલે પ્રમુખશ્રીનો, મહેમાનો અને હાજર રહેલાં ભાઈ-બેનોનો, બાળકોનો આભાર માન્યો હતો.

બાળશિક્ષણ નગર

બાળશિક્ષણ નગરની રચનામાં નીચે મુજબ ખંડો રાખવામાં આવેલા:

૧. મુકત વ્યવસાય અને ઈંદ્રિયશિક્ષણ. ૨. ભાષાશિક્ષણ અને ભૂગોળ-પરિચય. ૩. વિજ્ઞાન-શિક્ષણ. ૪. ગણિત–શિક્ષણ. ૫. ચિત્ર–શિક્ષણ. ૬. હસ્ત વ્યવસાય. ૭. માબાપ ને વાલીઓનો. ૮. એમાં નાનાં બાળકો માટે રેતીનાં ચોકઠાં, લપસણું, ક્રોદાળી, પાવડા, દોરડાં કૂદવાં, પાણી કાઢવું, ગાડી ખેંચવી, દોરડાની નિસરણી વગેરે, હતું. ૯. બાળ પુસ્તકાલય.

૧૦. **કળાકારીગરી :** તેમાં વાંસણના નકશીદાર નમૂના, પંખીઓ, પ્રાણીઓ, સુંદર ભરત, ગૂંથણનું કામ ગોઠવવામાં આવ્યું હતું.

૧૧. **જીવન–વ્યવહારનાં કામો માટેનાં સાધનો :** જેવાં કે દળવું, શાક સમારવું, તોળવું, છીણવું, પાણી ભરવું, પાટલી ઉપર ચાલવું, વગેરે ગોઠવ્યાં હતા.

૧૨. **ઉપાહારગૃહ :** તેમાં નોનરેશનિંગ ચીજોની બનાવેલી સારી સારી વાનીઓ વેચાતી હતી. બધું જ કામ બાળકો કરતાં હતાં. જે ચીજ જોઈતી હોય તેની કિંમત ભરી પાસ કઢાવ્યા બાદ એ વસ્તુ મળી રહેતી.. જમ્યા પછી પોતાનાં સાધનો રકાબી – પ્યાલો કે વાટકી જમનારે પોતે જ ઊટકીને સાફ કરવાનાં હતાં.

અંતમાં, નીચે ઊતરતાં નાનકડો ખાદી ભંડાર નજરે ચઢતો હતો; બાજુમાં જ નૂ. બા. શિ. સંઘની માહિતી તથા બાલસાહિત્યનાં પુસ્તકો અને બાલમંદિરમાં ઉપયોગી થઈ પડે તેવાં ભાષા, ગણિત, ભૂમિતિ વગેરેનાં સાધનોના વેચાણ માટેનો સ્ટોલ હતો.

બહાર નીકળતાં બાળકોનું મોટું ક્રીડાંગણ હતું; તેમાં હીંચકા, લપસણું, કૂદવાનું ઊંચું સ્ટેજ, દોરડાની સીડીઓ અને રેતીના ઢગ મૂકવામા આવ્યા હતા. સામે જ ચકડોળ રાખવામા આવ્યો હતો.

પ્રદર્શનમાં રમવાની, કામ કરવાની તથા જોવાની કાંઈ જ પરી રાખવામાં આવી નહતી. બધાં જ બાળકો અને મોટાંઓ છૂટથી બાલશિક્ષણ નગરનો લાભ લેતાં અને અનુભવતાં હતાં.

સંસ્કારવર્ગ

બાલશિક્ષણ નગરની સાથે સાથે જ સંસ્કાર વર્ગ રાખવામાં આવ્યો હતો. ઉત્તર ગુજરાત અને મધ્યગુજરાતના મળીને ૩૬ શિક્ષકોએ લાભ ઉઠાવ્યો હતો. તેમની, સવારથી તે સાંજ સુધીની આખીએ દિનચર્યા બહુ જ વ્યવસ્થિત ગોઠવાઈ હતી. ગૃહપતિ શ્રી પ્રભુભાઈ ઉપાધ્યાય હતા. સફાઈ, પાણી ભરવું, પીરસવું, બધાં જ કામો પોતપોતાની સ્વેચ્છા મુજબ સહુએ ઉપાડી લીધાં હતાં.

સવારના ૬ વાગે ઊઠી પ્રાર્થના વિધિસ્નાન કપડાં ધોવાનાં પતાવી સાડા આઠ વાગે સંસ્કાર વર્ગનાં ભાષણો શરૂ થતાં અને અગિયાર વાગ્યા સુધી ચાલતાં. અગીઆરથી બારે જમ્યા પછી અડધો કલાક આરામ લઈ, બધા બાળશિક્ષણ નગરની પૂર્વતૈયારીમા જોડાતાં. બરાબર એક વાગે બાળકોને અને પ્રેક્ષકોને બાળશિક્ષણ નગરમાં દાખલ કરવામાં આવતાં.

ચાર વાગ્યા સુધી બાલશિક્ષણ નગરનું કાર્ય ચાલતું. પછી અડધો કલાક વિશ્રાંતિ લઇ સાડા ચાર વાગેથી ફરી પાછો સાડા પાંચ સુધી ભાષણનો કાર્યક્રમ ચાલતો. સાડા પાંચથી સાડા છ સુધી શિક્ષકો ઓરડામાં મૂકેલાં સાધનોની નોંધ કરતા તથા અંદરો અંદર તેને કેમ રજૂ કરવાં તે સમજી લેતા.

ત્યાર બાદ એકધો કલાક આરામ–ફરવાનું પતાવ્યા પછી સાત વાગે જમવા બેસતા.

સાડા આઠ વાગે મનોરંજન કાર્યક્રમ જુદા જુદા શિક્ષક ભાઈબેનો અને બાલમંદિરો તરફથી રજૂ થતો અને રાતના અગિયાર વાગે સહુ સૂઈ જતાં.

સંસ્કારવર્ગમાં શ્રી નામલેભાઈ, શ્રી તારાબેન, શ્રી નરેન્દ્રભાઈ, શ્રી પૂનમભાઇ. શ્રી હેમલતાબેન અને શ્રી પ્રભુભાઈ વગેરેએ ઇંદ્રિયશિક્ષણ, ભાષા, વ્યાકરણ, ગણિત, જીવનવ્યવસાય, બાળઆરોગ્ય અને શારીરિક શિક્ષણ વિશે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

તા. ૨૧–૨–૫૧ને રોજ વીસનગરની પ્રાથમિક શાળાના શિક્ષકોએ બાળશિક્ષકોનું સ્વાગત કર્યું હતું. શ્રી નર્મદાબેન રાવળે પ્રમુખસ્થાન સ્વિકાર્યું હતું.

શ્રી નામલેભાઈ, નરેન્દ્રભાઈ, પૂનમભાઈ, હે. મા., સોમપ્રસાદ તથા પ્રભુભાઈનાં ટૂંકાં પણ મુદ્દાસરનાં પ્રવચનો બાદ પ્રમુખ નર્મદાબહેન રાવળે સૌને સાથે મળી કામ કરવા જણાવ્યા બાદ બેઠાં વિખરાયાં હતાં.

રંજન કાર્યક્રમોમાં ભાવનગરવાળા અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ, પાટણ કિલ્લોલ બાળ-મંદિરના કાર્યકર્તાઓ અને બાળકો, વીસનગરનાં બાળકો, મહેસાણા બાળમંદિરનાં બાળકો, મુંબઇના કાર્યકર્તાઓ વગેરેએ સાથ આપ્યો હતો.

છેલ્લે દિવસે સંસ્કાર વર્ગની પૂર્ણાહુતિ પ્રસંગે રૌપ્યમહોત્સવની સફળતા માટે ઉત્તર ગુજરાતના કાર્યકર્તાઓએ ઉદ્બોધન કર્યું હતું. અંતમા એક બીજાની હૂંફ મેળવી, વિચારોની આપ લે કરી, એક બીજાની નિકટતા અનુભવી સૌ છૂટાં પડયાં હતાં.

બાળશિક્ષણ નગરની પૂર્ણાહુતિ પ્રસંગે ડો. શ્રી આચાર્યે પ્રમુખસ્થાન લીધું હતું. શરૂ-આતમા પ્રાર્થના થયા પછી શ્રી શાંતિભાઇ રાવળે બાળશિક્ષણ નગરનો જનતા સમક્ષ ટૂંકો રિપોર્ટ રજૂ કર્યો હતો. ત્યાર બાદ પ્રમુખશ્રીએ બાળ-શિક્ષણની અને બાળશિક્ષણ નગરની મહત્તા પરત્વે બે બોલ કહી સૌને પોતાનાં બાળકો બાળમંદિરમાં મોકલવા વિનતિ કરી હતી અને મહેમાનો અને વીસનગરની જનતાનો આભાર માન્યો હતો.

શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાયે આવેલા મહેમાનો તરફથી પ્રમુખ શ્રી, ઈશ્વરભાઇ, અન્ય મિત્રકાર્ય-કર્તાઓનો આભાર માન્યો હતો. અંતમાં શ્રી ઈશ્વરલાલે બાળશિક્ષણ નગરને સફળ બનાવવામાં સાથ આપનાર સૌ ભાઇ-બેનો, મહેમાનો અને સ્વયંસેવકોનો આભાર માન્યા બાદ પૂર્ણાહુતિનું કાર્ય પૂરું કર્યું હતું.

પ્રભુભાઇ ઉપાધ્યાય

ન્. બા.–શિ. સંઘની શાખાઓ

૧. ઉત્તર ગુજરાત

લગભગ એકત્રીસ વર્ષ પહેલાં ભારતમાં બાલયુગનો અરુણોદય થયો. એ યશમાધારી બાલયુગપ્રવર્તકે ધીકતી વકીલાત છોડી અને બાળકોની વકીલાત સ્વિકારી. દક્ષિણામૂર્તિની ટેકરી પરથી એણે અનેક યુવાન યુવતીઓને આકર્ષ્યાં અને બાલોદ્ધારની પ્રેરણા પૂરી. એ પ્રેરણા લઇને તેમના શિષ્યોએ અનેકવિધ ક્ષેત્રોમાં બાલસેવકનું કામ આરંભ્યું.

મહેસાણા પ્રાંતમાં એનાં આંદોલનો જાગ્યાં અને સ્વ. ગિજુભાઈની પ્રેરણાથી એમના શિષ્ય શ્રી ઈશ્વરાચાર્યે ૧૯૩૪માં "નૂતન બાલશિક્ષણ સંસ્થા" ને જન્મ આપ્યો. પૂરાં એક દાયકા સુધી આ સંસ્થાએ આચારધર્મ પ્રત્રિકા, બાલ-અધ્યાપન મંદિર, પ્રૌઢ શિક્ષણ વર્ગ, બાલવાડીઓ, બાલપુસ્તકાલય વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજને બનતી સેવા આપી છે.

ઉપરોકત ચાલી રહેલ કાર્યને ૧૯૪૫માં નવોજ વેગ મળ્યો. નૂતન બાલશિક્ષણ સંઘના વધતા જતા કાર્યપ્રદેશને વ્યવસ્થિત કરવા તેના ભાષાવાર વિભાગો કરવામાં આવ્યા અને કામની સક્રિયતા અને સફળતા માટે ગુજરાત વિભાગના પણ પેટા વિભાગ કરવામાં આવ્યા પૂ. તારાબહેન તરફથી માગણી થતાં શ્રી પૂનમભાઇએ તે કામ સ્વીકાર્યું અને પાટણ કિલ્લોલ બાળમંદિરમાં પૂ. તારાબહેનના પ્રમુખ સ્થાને તા.–૧–૭–૪૫ના રોજ ઉત્તર ગુજરાતના શિક્ષણ પ્રેમી ભાઇ-બહેનોનું

એક સંમેલન બોલાવવામાં આવ્યું તે જ દિવસથી ઉત્તરગુજરાત શાખા કામ કરતી થઈ.

શાખાની બધી જ પ્રવૃત્તિઓ નવેસરથી શરૂ કરવાની હતી. તેનું પહેલું કામ, અલગઅલગ કામ કરતી શિક્ષણસંસ્થાઓની શક્તિને સંગઠિત કરવાનું હતું. અંગત સંપર્ક, પ્રવાસો તથા પ્રચાર દ્વારા આ દિશામાં સારી એવી પ્રગતિ કરી. નૂતન બાલશિક્ષણ સંસ્થાને લેવડદેવડનો હવાલો લઈ શાખા સાથે જોડી દીધી. આમ એકજ ક્ષેત્રમાં કામ કરતી વ્યક્તિઓનું સંગઠન થતાં કામને સુંદર વેગ મળ્યો.

કાર્યકર્તાઓના સારા પ્રયાસે અનેક સ્થળે બાલમંદિરો ઉઘડી શકયાં છે. તાલીમ પામેલ શિક્ષકોનો અભાવ છે. છતાં હમણાં જ વિસનગર, પાટણ, લાડોલ, વગેરે સ્થળેથી લગભગ ૧૦ શિક્ષક ભાઈ–બહેનો તાલીમ લઈ આવ્યા છે. પ્રચારની દૃષ્ટિએ શાખાની કારોબારી, કાર્યાલયને સ્થાને નહિ બોલાવતાં જુદે જુદે સ્થળે બોલાવવામાં આવે છે. અને બાલમંદિરના કાર્યકરો તેમ જ જનતા સાથેનો સંપર્ક સાધવામાં આવે છે. સમયની અનુકૂળતાએ અવારનવાર જુદાં જુદાં બાલમંદિરોનાં નિરીક્ષણો પણ થાય છે. અને સભાઓ દ્વારા તથા અંગત સંપર્ક દ્વારા પત્રિકાના ગ્રાહકો નોંધી શિક્ષણ પ્રવૃત્તિને વેગ અપાય છે. દર વર્ષે એક વખત આ પ્રદેશમાં કામકરતા ભાઈ-બહેનોનું સંમેલન બોલાવવામાં આવે છે, અને વર્ષ દરમ્યાન કામની સમાલોચના થાય છે, અને નવા વર્ષના કાર્યની રૂપરેખા નક્કી થાય છે. તે અનુસાર આજ સુધીમાં ત્રણ સંમેલનો થયાં છે. (૧) કિલ્લોલ પાટણ (૨) લાડોલ બાલમંદિર તથા (૩) માતુશ્રી ચકુબાઈ બાલમંદિર વિસનગરમાં; અનુક્રમે તારાબહેન મોડક, શ્રી હરભાઈ ત્રિવેદી અને શ્રી શેષનામલે પ્રમુખપદે ભરાવામાં આવેલાં. આ વર્ષે પણ વિસનગર મુકામે બાલશિક્ષણ નગરનો કાર્યક્રમ મોટા પાયાપર સારીરીતે ઉજવવામાં આવનાર છે.

વિભાગીય કાર્યકર્તાઓ બાલમંદિરોની મુલાકાત લે છે. પણ તે ઉપરાંત મધ્યસ્થળ શાળા તરફથી શ્રી નર્મદાબેન રાવલ તથા શ્રી રામનારાયણ નાગરદાસ પાઠકે વિભાગીય પ્રમુખ તથા મંત્રી-સાથે ત્રણ અઠવાડીઆં સુધી જુદી જુદી સંસ્થાઓનું નિરીક્ષણ કર્યુ હતું. ખૂબ જ સંતોષ વ્યકત કર્યો હતો. એમના જ શબ્દોમાં કહીએ તો આ વિભાગનું કામ એક ધારું અને પધ્ધતિસરનું ચાલી રહ્યું છે.

ઉત્તરગુજરાતમાં ૧૫ બાલમંદિરો અને ૬ બાલવાડીઓ મળી ૨૧ શિક્ષણસંસ્થાઓ છે. સંઘ સાથે ૬ બાલમંદિર જોડાયેલાં છે. બાકીનાં તાલીમ પામેલા શિક્ષકોના અભાવે તથા વહીવટી મર્યાદાઓને લીધે જોડવામાં આવ્યાં નથી. આમ લગભગ ૫૦૦ થી ૬૦૦ બાળકો બાળકેળવણીનો લાભ લઈ રહ્યાં છે.

સ્વ ગિજુભાઈએ જીવનની ક્ષણેક્ષણ બાળકોના ઉધ્ધાર અર્થે જ ખર્ચી છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી પણ તે જ સ્વપ્નાં સેવ્યાં છે. મુ તારાબહેન મોડક તથા બીજા સહ કાર્યકર્તાઓ પણ તે કાર્યને જીવન ધ્યેય તરીકે અપનાવ્યું છે. ઉત્તરગુજરાતમાં પણ સદ્‌ભાગ્યે શ્રી ઈશ્વરચાર્ય, પૂનમભાઈ શાહ. શાન્તિભાઈ રાવલ, વગેરે સારા કાર્યકર્તાઓનો મોટો લાભ છે. તેઓ પણ નવા નવા અખતરા કરી બાલશિક્ષણની જ્યોત વધુ જ્વલંત બનાવી રહ્યા છે. હમણાં શ્રી ઈશ્વરચાર્ય આશ્રમમાં રહી ગામડાની દૃષ્ટિએ બાલવાડીમાં પ્રયોગ કરી રહ્યા છે. આમ શકય તે બધા પ્રયત્નો થઈ રહ્યા છે.

ગોવિંદભાઇ યાજ્ઞિક
મંત્રી
નૃ. બા. શિ. સંઘ. ઉત્તર ગુજરાત શાખા.

મુંબઇને આંગણે નવી શાળા

સહકારી વિદ્યામંદિર

મોડેલ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીએ તારદેવ રોડ ઉપર ઊભા કરેલા
ભવ્ય, 'સહકાર નિવાસમાં' એપ્રિલથી શરૂ થશે.

બાલમંદિર તથા **પ્રાથમિક વર્ગો**

અનુભવી ને યોગ્ય તાલીમ પામેલા ભાવનાશાળી શિક્ષકો જોઇએ છે.
બાળકોનાં નામ નોંધવાનું ચાલુ છે.
સમય:– બપોરે ૩ થી ૫.
...મળો અથવા લખો...

જમુભાઈ દાણી : પ્રિન્સિપાલ, સહકારી વિદ્યામંદિર,
સહકાર નિવાસ, ૧૭, તારદેવ રોડ, મુંબઈ ૭.

બા. ૬ ઠ્ઠિ. ભા. ૭

માર્ચ ૧૯૫૧

પચ્ચીસ વરસનો ઉત્સવ

પ્રિય બાલમિત્રો,

તમે વાર્તાઓની, ગીતોની સારી સારી ચોપડીઓ વાંચી હશે. ઘણી વાર એમાં ગિજુભાઇનું નામ પણ જોયું હશે. એ ગિજુભાઇ તો સ્વર્ગવાસી થયા છે; પણ એમણે આજથી ૨૫ વર્ષ પહેલાં એક મંડળ ઊભું કરેલું. એ મંડળનું નામ "નૂતન બાલશિક્ષણ સંઘ'. એમાં જોડાનાર સૌ તમારા-બાળકોનો જ વિચાર કરે;તમને કેમ સરસ ભણાવવું, તમને કેમ રાજી રાખવાં, તમને કેમ હોશિયાર બનાવવાં આ બધાની વિચારણા એ લોકો કરતા.

એ સંઘ તરફથી ગિજુભાઇ આ 'શિક્ષણપત્રિકા' નામનું માસિક ચલાવતા. બાળકોને માટે, માબાપો માટે, શિક્ષકો માટે એમાં સારું સારું લખતા.

ઉપરાંત, ઠેક ઠેકાણે ગિજુભાઇ સંમેલનો ભરતાં, નાનાં બાળકોને આનંદ સાથે અભ્યાસ કરાવવા બાલમંદિરો ખોલતાં અને સરસ પુસ્તકો છપાવી વહેંચતા.

એમના આ કામમાં એમને અમદાવાદવાળા શ્રીમતી સરલાબેન, ભાવનગરવાળા શ્રી નાનાભાઇ, મુંબઇવાળા શ્રીમતી તારાબેન મોડક વગેરે ઘણા ઘણા લોકો સહાય કરતા.

અને પછી તો આ સંઘની શાખાઓ બીજે પણ નીકળવા લાગી. હિંદુસ્તાનનાં મોટાં મોટાં શહેરમાં પણ એવી મંડળીઓ નીકળી અને ગિજુભાઇનો ઉપદેશ ફેલાવા લાગ્યો.

હવે આ સંઘને પચીસ વર્ષ પૂરાં થયાં છે. એટલે આ એક વરસ સુધી જુદે જુદે ઠેકાણે, જુદે જુદે વખતે આ સંઘ તરફથી ઉત્સવો ઉજવાશે. એમાં બાલશિક્ષણ નગર કરી પ્રદર્શનો કરશે; નાટકો બતાવશે; સારાં સારાં પુસ્તકોનું પ્રદર્શન કરશે; બાળકો માટે અઠવાડિયા, પંદર દિવસની "મનોરંજન શાળા" ચલાવશે; બાળકો માટે ક્રીડાંગણો કરશે અને આમ બધે ઠેકાણે, ખાસ કરીને તમારો જ વિચાર બધા કરશે.

આ પત્રિકાના તંત્રી-સંપાદક શ્રીમતી તારાબેન છે. એ ગિજુભાઈના સાથીદાર હતા. દસ, વીશ, ત્રીશ વર્ષથી સંઘનું જ કામ રાત દિવસ કર્યા કરે છે. હમણાં બોર્ડી ગામમાં ગામડાંનાં ગરીબ બાળકો માટે બાલમંદિર ચલાવે છે અને મોટાંઓને ય ત્યાં ભણાવે છે.

અને આ ઉત્સવનું વરસ છે; માટે તમને ખુશ કર્યા વગર ચાલે! એટલે તમારે માટે એકવાર 'શિક્ષણપત્રિકા'નાં બધાં પાનાં વાર્તા, ગીતો પ્રવાસવર્ણનો વગેરેનાં આપવાની એમની ઇચ્છા છે તો પછી તમે રાજી ને?

જુગુભાઇ

REGD. NO. 2241

બંગલોરની ક્રેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ પાલવ અને પાટલીપાલવથી સુશોભિત

જુદ્દુ જુદ્દુ જ સ્ટોક

—×+×—

આજે જ પધારો

ધી બોમ્બે સ્વદેશી ક્રોએાપરેટિવ

સ્ટોર્સ કં. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,

ફોર્ટ, મુંબઇ નં. ૧.

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ – દરિયાઇ – રેલ્વેની દેશપરદેશની

મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી વીગતો,

અમારે ત્યાંથી

મેસર્સ લી એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ મુંબઈ ૧

બાલમંદિરો માટે સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતાં પહેલાં અમારું સૂચિપત્ર મંગાવો.

દરેક સાધન, શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની નજર તળે બનાવવામાં આવે છે.

સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલમંદિરોને ૬૦ ટકા કમિશન.

લખો–મંગાવો.

નૂતન શિક્ષણ-સાધનાલય એન્ડ આર્ટ વર્ક્સ લિ૦

સુરેન્દ્રનગર – સૌરાષ્ટ્ર

આગ–અકસ્માત–જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન

સર્વ પ્રકારનું વીમાકામ

સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીએન મૂલજી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬

મુદ્રણ સ્થળ: રમેશ પ્રિન્ટીંગ વર્ક્સ, ૮ પારેખ સ્ટ્રીટ, પ્રાર્થના સમાજ, મુંબઈ ૪

ઘર બાલશિક્ષણ સંસ્કાર
શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૬] એપ્રિલ : ૧૯૫૧ [અંક : ૪

સંત રોપ્ય મહોત્સવ વર્ષ

સ્વ. ગિજુભાઈ

☆

વાર્ષિક લવાજમ :
બાર રૂપિયા

☆

છૂટક : ૭ આના

☆

શિક્ષકોને

"શિક્ષકો દિલથી કામ નહીં કરે તો. શિક્ષણનું કાર્ય અટકી જશે. શિક્ષક હડતાલ પાડવાનું કહે છે ત્યારે સંસ્કૃતિ હડતાલ પાડે છે એમ હું માનું છું. શિક્ષકોએ વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતર ઉપર વધુ ધ્યાન આપવું જોઈએ. શિક્ષકો એ લોકસેવકો છે. ચારિત્ર્યના પાયો શિક્ષકો અને સમાજસેવકોએ નાખવો પડશે. જીવનના ઝંઝાવાતમાં ઊભા રહીએ અને કસોટી થાય ત્યારે ટકવું, એ માટે બુદ્ધિની સ્થિરતા જરૂરી છે. આવી સંસ્થાઓ અનેક ન થાય તેનો વાંધો નથી. એક હશે તો પણ તેની અસર દેખાવાની છે.

મોરારજીભાઈ દેસાઈ

: આશ્રયદાતા :
સ્વ. ગિજુભાઈ બધેકા

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઈ દાણી

અનુક્રમણિકા

૧ આપણું કાર્ય..... તારાબેન મોડક

૨. બાળકની જીવનલીલા..... ઉમાશંકર જોશી

૩. બાલમંદિરમાં ભાષાશિક્ષણ..... નાંમલે

૪. સંઘના કાર્યકર્તાઓ.....
નાનાભાઈ; સરોજબેન.....જ. અને તા.

૫. અમદાવાદ બાળશિક્ષણ નગર.....ની.

૬. સંઘની શાખા– પૂના; ઈંદોર.....

બાળવિભાગ

૧. સાતરંગી ચક્ર.....તા.

૨. સો રૂપિયાની નોટ.....નરસિંહ પરમાર

: તંત્રી ની નોંધ :

રૌપ્ય મહોત્સવ

ભાઈશ્રી નાનાલે ગયે મહિને અમદાવાદ જઈ આવ્યા અને ગુજરાતના એ પાટનગરના ઉત્સાહી કાર્યકર્તાઓને મળી આવ્યા. ત્યાં એમને, સંઘના કામ માટે અનેરો ઉત્સાહ જણાયો. સૌના સાથથી, આવતા ઓક્ટોબરમાં અમદાવાદને શોભે તેવું સુંદર 'બાળ-શિક્ષણ નગર' ઊભું કરવાની વિસ્તૃત યોજના પણ વિચરાઈ. એને અંગે આ અંકમાં જ અન્યત્ર રૂપરેખા રજૂ કરીએ છીએ...એ કાર્યમાં પૂર્ણ સફળતા મળે એમ અમે ઇચ્છીએ છીએ. અમદાવાદની પ્રવૃત્તિઓ ગુજરાત અને સૌરાષ્ટ્રને હંમેશા પ્રેરક રહી છે. આ નગરથી વધુ પ્રેરક બનો. પણ રૌપ્ય મહોત્સવનું કાર્ય અને પ્રચાર માત્ર થોડી વ્યક્તિઓ ઉપર જ ન રહેતાં બધાએ વહેંચી લેવું જોઈશે. કેન્દ્રના કાર્યવાહકો બધે સ્થળે ન પહોંચી શકે છતાં સ્થાનિક શિક્ષણરસિકોનો, અન્ય સંસ્થાઓનો સાથ મેળવી કાર્યને ગુંજતું કરવું જોઈશે.

સાચા પ્રશંસક

સંઘના એક આજીવન સભ્ય. વરસોવાનિવાસી જેશંગભાઈ ભોગીલાલ ચિનાઈના પત્રથી સૌ સંઘીઓને અત્યંત આનંદ થાય એવું છે. માત્ર શિક્ષણ પત્રિકામાં પ્રગટ થયેલ રૌપ્ય મહોત્સવની તથા નિધિની યોજના વાંચી, આટલાં વરસોથી ચાલતા સંઘના કાર્યની પ્રશંસા કરી એમણે વણમાગ્યે રૂપિયા એક સોની ભેટ મોકલી આપી છે, વધુમાં, સ્વ. ગિજુભાઈના અને તારાબેન મોડકના શિક્ષણના કાર્યનો એમણે યોગ્ય સત્કાર કર્યો છે અને ઊંડી લાગણી પ્રદર્શિત કરી સંઘને સાફલ્ય ઇચ્છ્યું છે. આવા મિત્રોનો, આવો સાચો ભાવ સંઘના કાર્યકરોને માટે ખૂબ જ પ્રેરણાપ્રદ બને છે. સંઘના રૌપ્ય મહોત્સવ કાર્યમાં આવા મિત્રોનો સાથ અમૂલો છે અમે સંઘ તરફથી એમનો આભાર માનીએ છીએ.

ગિજુભાઈનું બાલમંદિર

આ રૌપ્ય મહોત્સવ વર્ષમાં સ્વ. ગિજુભાઈનું પ્રાણપ્યારું ભાવનગરનું બાલમંદિર અને તેનું અધ્યાપન મંદિર વધુ સુંદર અને સંગીન બને એ માટે સંઘમંત્રી શ્રીમતી તારાબેન ફરીથી ત્યાં પહોંચી ગયા છે, જેમ અમદાવાદ, રૌપ્ય મહોત્સવના કાર્ય માટે ગાજતું ગુંજતું થઈ ગયું તેમ, સૌરાષ્ટ્ર રોજ્યમાં આપણા જૂના કાર્યકર્તાઓના અદમ્ય ઉત્સાહ અને ભાવના તથા ભક્તિથી અને હમણાંની તારાબેનની ત્યાંની હાજરીથી નવું જીવન જાગશે. થોડા જ વખતમાં ત્યાંના રૌપ્ય મહોત્સવની યોજના પ્રગટ થશે. ગિજુભાઈના જીવનકાર્યક્ષેત્રને અનુરૂપ મહોત્સવ ત્યાં ઉજવાશે. ગિજુભાઈનું અધૂરું રહેલું કાર્ય ત્યાં જલદી વિકસે એવી ત્યાંના કાર્યકરોની ભાવનાને પ્રભુ સત્વર સફળતા બક્ષો.

જ. દા.

શિક્ષણ–પત્રિકાના ગ્રાહક વધ્યા ?

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૬ : અંક ૪] મુંબઇ [એપ્રિલ, ૧૯૫૧

આપણું કાર્ય

તા. ૨૩-૨-'૫૧ના રોજ વીસનગર સંસ્કાર-વર્ગને ઉદ્દેશીને
શ્રી. તારાબેને નીચેનું વ્યાખ્યાન આપ્યું હતું..

બાલશિક્ષણ પરત્વે 'આંધળાઓ ને હાથી' ની વાર્તા જેવી આપણા સમાજમાં સ્થિતિ પ્રવર્તે છે. કોઇ કહે છે કે બાળકનું ઘડતર બાળમંદિરમાં થાય છે; કોઇ કહે છે કે તેના ઘરમાં થાય છે; કોઇ કહે છે કે સમાજમાં થાય છે. ખરું જોતાં, બાળકનું ઘડતર ઘર, કુટુંબ, સમાજ અને શાળા બધાયમાં થાય છે. એટલે કોઇ આપણે બધાંએ બાળમંદિરના કામ ઉપર આધાર રાખી બેસી રહેવાનું નથી; પરંતુ, બાળકદ્વારા ઠેઠ તેના ઘર સુધી પહોંચાડવાનું છે. કસ્તુરબા ટ્રસ્ટના અને અમેરિકાના શિક્ષણશાસ્ત્રીઓ પણ આજે એ જ કહી રહ્યા છે કે બાળક એ અમારું સાધ્ય નથી પણ બાળકોદ્વારા તેમનું ઘર-માતા અને સમાજ એ અમારું સાધ્ય છે. તે બધામાં પલટો ન આવે ત્યાંથી બાળકના જીવનમાં પલટો આવવાનો નથી. એટલે બાળકોના ઘડતર માટે બાલમંદિર કરતાં ઘર જ યોગ્ય છે.

એ માટે આપણે શું કરી શકીએ? ગિજુભાઈ માતાઓની મિટિંગો કરતા. શિશુવિહારમાં હું પણ માતાઓ અને વાલીઓની સભા કરતી. મુંબઇની માતાઓ એમ માને છે ને કહે છે કે "અમે તો ભણેલી ગણેલીઓ છીએ; એટલે બાળકો સાથે ઘરમાં કેમ વર્તવું એ અમે સારી રીતે જાણીએ છીએ. તમે તમારી મેળાએ બાળમંદિરમાં બાળકો સાથે કેમ વર્તવું એ જ સંભાળોને!"

ગિજુભાઇની સભાઓમાં, માતાઓને ઘરકામમાંથી પરવારીને આવવાનો વખત ન મળે તેથી આવી શકતી નહિ. એ રીતે સભાઓદ્વારા માતાઓને કેળવવાનું મુશ્કેલ બન્યું. પણ બાળકો ઘેર જઇને બાળમંદિરની વાતો કરે. એ દ્વારા આપણે આપણો સંદેશો તેમના ઘરમાં થોડે અંશે પહોંચાડી શકીએ છીએ. તેથી વધુ આપણે રંજન-કાર્યક્રમમાં માબાપોને નિમંત્રી તેમને આપણી વાતો કહી શકીએ.

રંજન-કાર્યક્રમ શરૂ થતા પહેલાં આપણા બાળમંદિરમાં થતું રોજ બરોજનું કામ આપણે બતાવીએ તો માબાપો પ્રત્યક્ષ જોઇ શકે. મુંબઇમાં અમે સાધનોની પેટીઓ ભરી જુદા જુદા લત્તાઓમાં આ બાળશિક્ષણ નગરની નાની નાની આવૃત્તિ કરી છે અને બાળકો સાથે કેમ વર્તવું એ બતાવ્યું છે. ત્યારબાદ માનસશાસ્ત્રની દ્રષ્ટિએ માતાઓ સાથે વ્યક્તિગત રીતે તેમનાં બાળકો સંબંધે ચર્ચા થઇ શકે. સમૂહમાં થતી ચર્ચા પ્રત્યે તેમને અણગમો છે. બાળકોનાં નામ દઇને તમે વાત કરો એ પણ તેમને ગમતું નથી. એટલે આનગીરીતે વાત કરવી. એમ કરતાં બાળશિક્ષણ માટેનું વાતાવરણ તૈયાર થશે. ફક્ત જલદી ભણી જવા માટે, માતાને બે ત્રણ કલાક આરામ મળે એવી દ્રષ્ટિ મોટે ભાગે બાળકોને બાળમંદિરમાં મોકલવામાં હોય છે. એ દ્રષ્ટિ બદલી બાળકોને તેમના ઘડતર માટે બાળમંદિરમાં મોકલવાનું ખાસ મહત્વ છે એ સમજાવવું જોઇએ.

મ્યુનિ૦માં, લોકલ બોર્ડોમાં, ધારાસભાઓમાં અને શિક્ષણ ખાતામાં અને સમાજક્ષેત્રોમાં કામ કરનારાઓના બાળશિક્ષણના ખ્યાલ સામાન્ય જનતા કરતાં ખાસ વિશેષ હોતા નથી; એ, તેવાં બધાંની સાથે કામ કરતાં મને સ્પષ્ટ દેખાયું છે. તેમને આપણી જેમ

બાળશિક્ષણનું મહત્વ હૃદય સોંસરું પેસી ગયું નથી. આથી તેમની પાછળ આપણે બરાબર પડવું પડશે.

આપણી શિક્ષકોની તૈયારી પણ ઓછી છે. તમે બધા મનથી બરાબર નક્કી કરી લો તો આ કામ આગળ વધશે. આપણે આપણા કામમાં કચાશ ન રાખવી જોઈએ. આપણી દૃષ્ટિમાં ધરમૂળથી જ ફેરફાર થવો જોઇએ. સાધનોનો ક્રમ બરાબર સમજી તમે કામ શીખી લેશો અને કરવા માંડશો; છતાં ય કામ યોગ્ય નહિ થાય. ખરું, તો, બાળકોને સમજવું જોઈએ, દૂર રહી ધીરજથી બાળકનું અવલોકન કરી તેને બને ત્યાં સુધી ખોટી રીતે અટકાવ્યા વગર કામ કરવા દેવું જોઇએ. શિક્ષકે કાર્યશીલ રહેવું જોઇએ, પણ તેને વખતો વખત સૂચનાઓ ન આપ્યા કરવી અને શીખવી દેવાનો લોભ ન રાખવો. માળી જેમ છોડને પાણી, ખાતર, પ્રકાશ આપી કેવો દૂરથી જોયા કરે છે, એમ બાળકને દૂર રાખી આપણે જોતાં શીખવું. શાસ્ત્રીય-દૃષ્ટિથી બાળકને કેમ જોવું એટલું તમે શીખશો તો બસ છે. આપણે તેને શીખવવા કરતાં શીખવા દેવાની ભૂમિકા પર બરાબર રહેવું જોઇએ.

કેટલાંક વર્ષ પહેલાં અમે મુંબઇમાં એક ચર્ચા ગોઠવી હતી. તેમાં વિષય એ હતો કે આપણા બાળ-મંદિરોમાં કર્મકાંડીપણું ઘૂસી ગયું છે. કર્મકાંડીપણું એટલે સમજ્યા વિના કર્મ કર્યા કરવું તે; પણ આપણે સમજતા નથી માટે કામ કરવાનું છોડી દેવાનું નથી પણ તેનો હેતુ જાણી લેવાનો છે, અને આપણે બરાબર કર્મનિષ્ટ બનવાનું છે. અફાટ દુનિયામાં બાળકને એકલું છોડી દેશો તો અટવાઇ જશે; તેને પોતાના ધ્યેય પર પહોંચવા માટેના રસ્તા તો શિક્ષકે બતાવવા પડશે. નિયત સ્થાને પહોંચવા માટે તેણે જરૂર ચાલવું જોઇએ, તમારે ત્યાં કબાટમાં સાધનો પડ્યાં રહ્યાં હોય તે બહાર કાઢજો અને બાળકોને તેના ઉપર કામ કરવા દેશો. સાધનો એ સાધનો જ છે; પરંતુ તે આવશ્યક છે એ ખાસ યાદ રાખશો.

રૌપ્ય મહોત્સવના કાર્યને પાર પાડવાનું કામ તમારું બધાનું, શિક્ષકોનું છે. બધાં બાળમંદિરો એ આપણા કિલ્લાઓ છે, અને તમે બધા કિલ્લેદારો છો. એ બાળ-શિક્ષણને આગળ વધારવા શું કર્યું તેની રોજબરોજની ડાયરીઓ રાખજો અને ધગશથી એ કાર્ય આગળ ધપા-વજો. આપણાં કાર્યો માટે કોઇ મોટા નેતાને બોલાવી માત્ર દેખાવ કરવાથી આપણું કામ આગળ વધવાનું નથી. એકલા બાળમંદિરોમાં બેસીને કામ કરવાથી પણ આપણું કામ આગળ વધવાનું નથી. પરંતુ દર શનિ, રવિવારે ગામના જુદા જુદા લત્તાઓમાં જઇ આપણા કામને બતાવવા તમારે બાળકોનું પ્રત્યક્ષ કામ કરવું પડશે; ત્યારે જ બાળશિક્ષણનો બરાબર પ્રચાર થશે. આ રૌપ્ય મહોત્સવનો પ્રસંગ દરેક માબાપને જાગૃત કરવાનો છે. ૬૦ની લડત વખતે હું અને મોંઘીબેન અને બીજા અધ્યાપન મંદિરનાં વિદ્યાર્થીઓ સવાર પડે જુદે જુદે ગામ પહોંચી જતા અને સ્વદેશી સંબંધી નાનકડી સભાઓ કરતા; તૈયાર કરેલાં ભાષણો કરતાં અને તે સંબંધી વાતચીતો કરતાં અને જમવા ટાણે ફરી પાછાં ઘેર આવી જતાં.

આ બાળશિક્ષણનો પ્રચાર કરી આપણે ખાલી હાથે પાછા ફરવાનું નથી. થોડાક પૈસા પણ ભેગા કર-વાના છે. એ આપતાં કોઇ આપણને ગાળો ન દે, થોડું પણ પ્રેમથી આપણને આપે તે આપણે ભેગું કરવાનું છે. નિધિની મર્યાદા ઓછામાં ઓછી પાંચ લાખની નક્કી થઈ છે. દરેક બાળશિક્ષક ઓછામાં ઓછા સો રૂપિયા તો જરૂર ભેગા કરે. તેમ કરતાં આપણો નિધિ જરૂર ઉલકાઇ જશે. પ્રભુ આપણને એ કામ માટે જરૂર બળ આપશે.

મોન્ટેસરી પધ્ધતિ કે અનુસાર ચોથા તાલીમ વર્ગ બાલ-શિક્ષા-શિક્ષકોં કે લિયે

સ્થળ : મુંબઇ

સંચાલક : શ્રી કે. યુ. ભામરા, એમ. એ. ડિપ્લોમા મોન્ટે. પ્રાયમરી વ એડવાન્સ

ડો. મોન્ટેસોરીને મંજૂર કિયા હુઆ–હિન્દી ઔર ગુજરાતી માધ્યમસે

તાલીમ વર્ગ : ૧૬ એપ્રિલ સે ૧૫ જુલાઇ ૧૯૫૧ તક–જ્યાદા જાણકારી કે લિયે લિખો.

શાન્તિભાઇ પંડ્યા, C/O ગોરધનદાસ બાલમંદિર, ૩૩૦, વડગાદી મુંબઇ ૩

બાળકની જીવન લીલા

વીસનગરના બાળશિક્ષણ નગરના ઉદ્‌ઘાટન પ્રસંગે કવિ શ્રી. ઉમાશંકર જોશીએ આપેલું વ્યાખ્યાન

આ નૂતન બાળશિક્ષણ સંઘ તરફથી ભરવામાં આવેલા બાળશિક્ષણ નગરનો ઉદ્‌ઘાટન વિધિ પૂજ્ય નાનાભાઈને હસ્તે થનાર હતો—તેઓ ૩૦ ની લડત વખતે અમારા સરદાર હતા. સૂર્યની ગેરહાજરીમાં જેમ કોડિયું તેમનું કામ કરે છે તેમ એઓશ્રીને બદલે હું અત્રે આવ્યો છું અને મારા પ્રત્યેનું એમનું ઋણ અદા કરું છું.

માબાપોને બાળશિક્ષણ સાથે સીધો સંબંધ છે, એ ન્યાયે હું પણ મારા બાળકનો પિતા છું અને બાળશિક્ષણમાં રસ લઉં છું.

આપણા દેશના વડાપ્રધાન શ્રી. જવાહરલાલ નેહરૂને હમણાં જ અમદાવાદમાં મેં સાંભળ્યા; પણ તેમાં ચાર પાંચ વખત તેઓ બોલ્યા કે આપણા દેશની વસ્તી મોટા પ્રમાણમાં વધી રહી છે. એટલે કે આપણા મુખ્યીઓને આપણું બાળજન્મ પ્રમાણ જોતાં દુઃખ થાય છે. આપણે ત્યાં બાવાનું નથી ને બાનાર તો જન્મેજ જાય છે.

આપણા દેશમાં બાળકો જન્મે છે તેમાં કેટલાંક જન્મતાં જ મરી જાય છે. ને જે જીવે છે:તેની સંભાળ લેવાતી નથી ને ઘણી જ ભૂંડી રીતે ઉછરે છે. એવાં બાળકો ઉપર આપણા દેશની સ્વતંત્રતા ટકાવી રાખવાનો આધાર છે. સ્વતંત્ર હવામાં જન્મ પામવું એ ગૌરવની વાત છે. છતાં વિશ્વની પરિસ્થિતિમાં સ્વતંત્રતા જાળવી રાખવી એ સાચે જ વિકટ છે.

આજની હવામાં કાળાં બજાર અને અવનતિનું ભારોભાર ઝેર ભરેલું છે. તેની ટીકા કરવાથી તેમાં સુધારો નહિ થાય પરંતુ દરેક જણ, જેને જે જણાય તે નક્કી કરી લે અને સુધરે તો જ સમાજ સુધરશે. એ દ્વારા જ આપણે ભવિષ્યની પ્રજાને સુધારી શકીશું.

આપણા દેશને સુધારનાર કોઇ પણ હોય તો તે શિક્ષકો છે. નુ. બા. શિ. સંઘનો વિચાર મોટી પ્રેરણારૂપ છે. ગિજુભાઇનું નામ સાંભળતાં મને તેમના પ્રત્યે મીઠો ગુસ્સો ને રોષ ચઢે છે કે હું નાનો હતો ત્યારે તમે કેમ બાળમંદિરોની હવા નહોતી ઊભી કરી! મારે કેવી મુશ્કેલીમાં—માર બાઇને અપમાનો સહન કરીને—ભણવું પડ્યું. આજે કેવી મજા છે. ગિજુભાઇ એ બાળકેળવણીની આપણી મહાન વિભૂતિ હતા. એમનું કામ આજે ઊગી નીકળ્યું છે. એમનું સાહિત્ય કેટલું સહજ સરળ—નાનકડો, નજીવો પ્રસંગ હોય 'ગામડે જઇ આવ્યા,' તો તેની નાનકડી ચોપડી લખી કાઢે અને તે વાંચતાં બાળકના મન આગળ આખુંય ગામડું આવીને ઊભું રહી જાય

નુ. બા. શિ. સંઘના રજતમહોત્સવ યજ્ઞમાં મને આવવાનું મળ્યું એને હું સાચે જ મારુ સદ્‌ભાગ્ય સમજું છું.

આ વીસનગર એ ફુલેલું ગામડું છે. પણ ખરે-કેળવણીનું ધામ છે. બાળશિક્ષણનગર આવી જગાએ જ ભરાવું જોઈએ. આવાં શાંત સ્થળોમાં આવા સમારંભો યોજવા જોઈએ.

બાળકેળવણી પરત્વે મારા પણ વિચારો છે. અલબે તે શાસ્ત્રીય ન હોય.

બાળકને કેળવવાને બહાને તેને આપણે વિકૃત કરીએ છીએ—ખાસ કરીને આજના સંજોગોમાં આપણી કેળવણી પલટો માગી રહી છે. એ વાત તો રાજીજી, રાજેન્દ્રબાબુ, આઝાદ સાહેબ બધા જ કહે છે. પણ એ પલટો કરે કોણ? સરકાર કરી શકતી નથી. હાલની કેળવણી, પ્રજાની અંદર રહેલી કૂતાનો ઢાંકપિછોડો કરવા માગે છે. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો બીજાની પીઠ ઉપર કેમ ચઢી બેસવું તેની કળા શિખવાડનાર આજની કેળવણી છે. હાલના મનુષ્યને માણસાઈ ખપતી નથી. આપણી પશુતાનો ઢાંકપિછોડો કરે નહિ પણ આપણામાંની સાચી માણસાઈ ઉપર લાવે એ જ સાચી કેળવણી છે.

સરકાર ઉપર આધાર રાખી બેસી રહેવાથી કંઇ વળે તેમ નથી. એટલે સાચા શિક્ષકોએ બીજાના ઉપર આધાર રાખ્યા વિના પોતાનું કામ શરૂ કરી દેવાની ખાસ જરૂર છે. નુ-ખા-શિ. સંઘે જે પ્રદેશોમાં પોતાનો પાયો નાંખ્યો છે એ કામમાં કોઇની મદદની આશા સિવાય તેણે તેમાં બરાબર રીતે મંડયા જ રહેવું જોઇએ, બાળકોને બહુ શીખવી દેવાનો દંભ છોડી દેવો જોઇએ પણ તેને શીખવા દેવું જોઇએ. ઓછામાં ઓછી ડખ્ખલ-અંકુશો જે સરકાર-રાજ્ય કરે તે જ સારી સરકાર કહેવાય. એમ જે શિક્ષક વાતાવરણ જ સર્જીને દૂર ઊભો રહે અને બાળકોને પોતાનો વિકાસ પોતાની મેળે સાધવા દે તે જ સાચો શિક્ષક કહેવાય.

મુ. નાનાભાઇનું એક વાકય જે તેમણે વળીઆ દેવડીમાં એક વર્ગમાં કહ્યું હતું કે જ્યારે બાળક માતાને ધાવે છે તે એકલું ધાવતું નથી પણ માની આંખો સામું જોઇ એમાંથી અમી-પ્રેમ મેળવે છે. માના પ્રેમમાંથી તે પોતાનું પોષણ મેળવે છે.

પ્રેમ એ જ મોટામાં મોટો શિક્ષક છે. શિક્ષણમાં માર પીટને બિલકુલ સ્થાન નથી જ.

જસોદામાતાએ કૃષ્ણને 'માટી ન ખાધી હોય તો મોં બતાવ જોઇએ' એવું જ્યારે કહ્યું ત્યારે કૃષ્ણના મોં ઉપર જસોદાજીએ શું જોયું? વિવશતા, અસહાયતા, નિરાધારતા; માતાના વાત્સલ્યની તરસ, એનું નામ બ્રહ્માંડ.

બાળકો એ જસોદામા છે. દેવડીમાનાં બાળકો-બીજાનાં બાળકો તમારી પાસે આવ્યાં છે. તેને મરાય નહિ-ધમકાવાય નહિ.

કૃષ્ણની પૂતના આપણા દેશમાં પાયા નંખાયા ત્યારથી જ બાળકેળવણીના પાયા અહીં નંખાઇ ચૂકયા છે. માતા એ જન્મદાતા છે. તાલીમ આપવાનું કામ શિક્ષકોનું છે. એ મોટામાં મોટી ગૌરવની વાત છે.

કવિ ભાલણ કહે છે કે કૃષ્ણ મોટા થઇ દેવકી પાસે જાય છે ત્યારે જસોદાજીને દુઃખ લાગે છે; છતાં મન કઠણ કરી બોલે છે કે ભલેને કૃષ્ણ હવે મોટો રાજા થઇને દેવકી પાસે રહે. છતાં ગાયો ચરાવતો-દહીં માખણ ખાતો-છોકરાંના ટોળામાં ઘૂમતો, ઝાડે ચઢીને બંસી બજાવતો મેં જોયો છે ને જે આનંદ મેં લીધો છે એવો આનંદ કંઇ દેવકીને મળવાનો છે! નાનાં બાળકો સાથે કામ કરવું અને તેમના આનંદને નિરખવો એમાં જ જીવનની ધન્યતા છે.

આજે બાળકના દૃષ્ટિબિન્દુથી બહુ જ ઓછા જણ વિચાર કરે છે. મહેમાન આવે ત્યારે બેબીને નૃત્ય કરાવવું અને પોતાની મહત્તા વધારવી એ યોગ્ય નથી. બેબીની ઇચ્છા હોય તો ભલે કરે પણ આગ્રહથી નૃત્ય તો ન જ કરાવાય. તેમ કરવાથી તેનું વ્યકિતત્વ હણાય છે. બાળકને આપણે ઓળખીએ-તેને માન આપીએ-વર્તીએ એ બાળકેળવણીનું મહત્વનું કામ કર્યું ગણાશે.

ભાગવતમાં એક મંત્ર છે. નમઃ શિશુભ્યઃ। નમું એટલે 'નમું આત્મા ઢાળી નમન' ભળતી દેહ નમ્રતો' બાળકને અપંગ કર્યા સિવાય, એનો આપણે વિચાર કરીને વર્તીએ અને બાળકોની શકિતને કુંઠિત ન કરીએ તો એને નમન કર્યું ગણાશે.

બાળમંદિરમાં જીવનવ્યવસાય કરે-બૂટ પોલિશ કરે-વાસણ ઊટકે, સાફસુફ કરે પણ ઘેર જઇ જો તે કામ ન કરે તો એ બધું નકામું જશે.

બાળમંદિર રમતથી કામ કરવાનું શરૂ કરે અને તેની પૂર્ણાહુતિ રોજ બરોજના કાર્યમાં પરિણામે, એ જ તેની ખરી કેળવણી છે.

નાનું બાળક રમે છે ત્યારે લીલા કરે છે. કલાકારો કલા કરે ત્યારે વેઠ કરતા નથી. તેમાં તેનું વ્યકિતત્વ વ્યકત થાય છે.

વાસણ માંજવાં-વાળવું-વગેરે કામ કરવું એ બાળક પ્રેમથી કરે છે. પ્રેમના સામ્રાજ્યમાં વિચરે છે. એમાં રમતનું મુખ્ય તત્વ છે. એ જ પ્રમાણે તે જ્યારે તેના સંસારમાં પ્રવેશે અને જીવનનાં કામ, 'લીલા' જેમ કરે તો જ તેની સાર્થકતા છે.

બાળકોને સમજવામાં માનસશાસ્ત્ર અત્યંત મહત્વનું હોવા છતાં અત્યંત ગહન છે. બાળકો સાથે કામ કરતાં ઉતાવળાં અનુમાનો બાંધવાં નહિ. માનસશાસ્ત્ર કરતાં પ્રેમશાસ્ત્ર એ મોટામાં મોટું શાસ્ત્ર છે. બધા શિક્ષકો એનો આશરો લે તો આપણી હાલની કેળવણીમાં પલટો આણવો સરળ છે. પ્રભુ એ પરત્વે શિક્ષકોને જાગ્રત કરે અને તેવી રીતે વર્તવાનું બળ આપે એ જ પ્રાર્થના.

બાલમંદિરમાં ભાષાશિક્ષણ

લેખાંક ૧૪ મો : પ્રતીકોની રમતો : વાક્યપૃથક્કરણ : સાદાં વાક્યો

લેખાંક છઠ્ઠામાં યોજ્યએલું દરેક પદ, વાક્યના અર્થનું સ્પષ્ટીકરણ કરવા માટે કઈ રીતે ઉપયોગી હોય છે, તે બાળકના ધ્યાનપર લાવવા માટે મૌલિક રમતોની યોજના કરી હતી. હવે બાળકને વાંચતા આવડી ગયું છે તેથી મૌલિક વાક્યોને બદલે આપણે લખેલાં વાક્યો તેને આપી શકીશું અને તેથી વાક્ય–પૃથક્કરણની કેટલીક નવી રમતો યોજી શકીશું.

રમતનો ઉદ્દેશ :

વાક્યમાં યોજાયેલા દરેક શબ્દનો, ક્રિયા સાથે રહેલો સંબંધ સ્પષ્ટ કરવો.

સાધનનું વર્ણન : (૧) ૨॥" વ્યાસવાળું એક જાડા પૂઠાંનું વર્તુળ. તેની એક બાજુ લાલ અને બીજી બાજુ સફેદ. સફેદ બાજુપર 'ક્રિયાપદ' અથવા 'વિધેય' એવો શબ્દ લખવો. (૨) ૨" વ્યાસવાળું બીજું એક વર્તુળ; જેની એક બાજુ કાળા રંગવાળી અને બીજી બાજુ સફેદ, સફેદ બાજુ પર 'કર્તા' અથવા 'ઉદ્દેશ્ય' એવો શબ્દ લખવો, (૩) ૬" લાંબી અણીવાળી એક સફેદ પટી. આ પટ્ટી પર પ્રશ્નો નીચે મુજબ.

કરે છે તે કોણ? કોણે કર્યું છે?

લખવા. (૪) ૧" વાળું કાળું વર્તુળ, જેની એક બાજુ સફેદ રાખવી અને તેના પર 'કર્મ' લખવું (૫) ૨" લાંબી અણીવાળી બીજી પટી (જેની જગા વર્તુળની ડાબી બાજુએ છે.)

કરે છે તે શું છે?

(૬) એ સિવાય બાળકને માર્ગદર્શન માટે એક ૬"×૧૨" પૂંઠાપર નીચે બતાવ્યા મુજબ, સામે રાખવાનો એક તકતો બનાવવો. પ્રશ્નો લાલ શાહીથી લખવા.

કરે છે તે કોણ? કોણે કર્યું?

(૭) સકર્મક અને અકર્મક સાદાં વાક્યો શરૂઆતમાં કેવાં લેવાં તે બતાવવા માટે નીચે થોડાંએક વાક્યો આપું છું.

અકર્મક	સકર્મક
મંજુ રડે છે.	વિમળા પાણી આપે છે.
હાથી ડોલે છે.	આનંદ ચોપડી વાંચે છે.
અમે છૂટા પડયા.	રમાએ સુશોભન કર્યું.
હું નહાઉં છું	છોકરાં કવિતા ગાય છે.

એવાં વાક્યો કાગળની કાપલીઓ પર લખી રાખવાં અથવા બાળકો પાસેથી લખાવવાં. કાપલીની પહોળાઇ ૧" લંબાઇ જોઇએ તેવી. (૮) નાની કાતર.

સ્વાધ્યાય-નિદર્શન :

પ્રથમ એક વાક્ય લઇને તેમાંથી કાતર વડે ક્રિયાપદ છૂટું કરવાની સુચના આપવી. પછી મોટું લાલ વર્તુળ લઈ તેના પર આ ક્રિયાપદની ચિઠ્ઠી ગોઠવવી. પછી મોટી પ્રશ્નપટ્ટી ગોઠવવી (સામે રાખવાના તકતામાં બતાવ્યા મુજબ) અને ક્રિયાપદને ઉદ્દેશીને તેના પરનો પ્રશ્ન શિક્ષકે છટાથી વાંચી બતાવવો. દાખલા તરીકે. **હાથી ડોલે છે** એ ચિઠ્ઠી છે તો **એમાંથી ડોલે છે**નો ભાગ કાપવો અને તે લાલ વર્તુળ પર મુકીને પ્રશ્ન વાંચવો.

કરે છે તે કોણ? ડોલે છે તે કોણ? અને તેનો જવાબ જે હોય તે શબ્દ, ચિઠ્ઠીમાંથી કાપી કાઢવો. પ્રશ્નપટ્ટી આગળ કાળું વર્તુળ ગોઠવવું અને તેના પર તે શબ્દ ગોઠવવો. આપણા દાખલામાં એ જ શબ્દો છે, એટલે એક શબ્દ કપાઇ ગયા પછી બીજો શબ્દ પોતાની મેળે છૂટો પડે છે. પરંતુ જે વાક્યમાં વધારે શબ્દો હોય તેમાં નિશ્ચિત શબ્દ શોધીને કાપવાનું રહેશે. દા. ત. 'હાથી ગોળ ખાય છે.' એ વાક્યમાં 'હાથી ગોળ' એ શબ્દોમાંથી યોગ્ય શબ્દ શોધવાનો રહેશે. હવે પછી એક શબ્દ-રહ્યો. તે માટે બીજી પ્રશ્નપટ્ટી, મોટી પ્રશ્નપટ્ટી પર ચિત્રમાં બતાવ્યા મુજબ–ગોઠવવી. ક્રિયાપદને ઉદ્દેશીને તેના પરનો પ્રશ્ન વાંચવો. કરે છે તે શું છે? ખાય છે તે શું છે?' પ્રશ્નો જવાબ ગોળ આવે. આ શબ્દ મોટી પટ્ટી પરની જગામાં, કર્મનું વર્તુળ ગોઠવવું અને તેના પર મુકવો.

શરૂઆતમાં આ રીતે નાનાં સકર્મક અને અકર્મક વાક્યો લીધાં પછી વાક્યોની લંબાઇ વધારવી અને તે માટે સાધનમાં જોઇતો વધારો કરવો.

આગળ પ્રગતિ.



આગળ પ્રગતિ માટે ઉપર બતાવ્યા મુજબ સંદર્ભ તકતો બનાવવો. તે માટે ૮'×૧૬'નું પૂઠું રાખવું. સૌથી નાનાં વર્તુળો પોણા ઈંચ વ્યાસવાળાં રાખવાં. વિધેય વિસ્તારના વર્તુળો નારંગી રંગનાં અને ઉદ્દેશ્ય અથવા કર્મવિસ્તારનાં વર્તુળો વાદળી રંગનાં યોજવાં. નાની પ્રશ્નપટીઓ ૧॥" લાંબી રાખવી. સંદર્ભતકતામાં બતાવ્યા મુજબ ઉપરની રમતમાં બતાવ્યા મુજબ કૂદડું સાહિત્ય તૈયાર કરી લેવું. એવા સાધન સાથે હવે નીચે મુજબનાં મોટાં વાક્યોની ચિઠ્ઠીઓ વાક્ય–પૃથક્કરણ માટે લઇ શકાય,

'સામેના ઘરેથી આજે એક નાની છોકરી સ્કૂલમાં આવશે.'

આ વાક્યમાં 'આવશે' એ વિધેય છે; તે કાપીને લાલ વર્તુળ પર મુકવું; પછી સૌથી મોટી પ્રશ્ન–કાપલી ઉપાડીને ગોઠવવી અને વિધેયને ઉદ્દેશીને પ્રશ્ન પરવો.

કરે છે તે કોણ...આવે છે તે કોણ?

જવાબ છોકરી; એ શબ્દ કાપીને ઉદ્દેશ્યનું વર્તુળ ગોઠવીને, તેના પર મુકવો. પછી વિધેયને ઉદ્દેશીને એક નાની, પ્રશ્ન–કાપલી ઉપાડીને વાંચવી; જે કાપલીના પ્રશ્નનો જવાબ મળે તે તે શબ્દો વિધેયની પ્રભાવળમાં ગોઠવી દેવા.

ક્યારે?	પ્રશ્નથી	આજે
ક્યાંથી	,,	સામેના ઘરેથી
ક્યાં?	,,	સ્કૂલમાં

ઉપરના શબ્દો પ્રશ્ન–કાપલીની આગળ નારંગી વર્તુળો ગોઠવીને તેના પર ગોઠવી શકાશે. તેમ જ ઉદ્દેશ્યને અનુલક્ષીને બીજી નાની પ્રશ્ન–કાપલીઓ ગોઠવવી પડશે. વિધેયવિસ્તારના પ્રશ્નોની કાપલીઓ પર પ્રશ્નો, નારંગી શાહીથી લખવા અને ઉદ્દેશ વિસ્તારના પ્રશ્નોની કાપલીઓ પરના પ્રશ્નો વાદળી શાહીથી લખવા જોઇએ.

કેવી છોકરી? નાની.

કેટલી? એક

ઉદ્દેશ્યની પ્રભાવળમાં પ્રશ્નકાપલીઓ અને તેની આગળ વાદળી વર્તુળો ગોઠવવાં અને તેના પર આ જવાબના શબ્દો મૂકવા.

ઉદ્દેશ્યને અથવા કર્મને અને વિધેયને ઉદ્દેશીને કેવા કેવા પ્રકારનો પ્રશ્નો હોઈ શકે તેની કલ્પના લેખાંક ૮ અને ૧૦ પરથી મળી શકશે.

આગળ જઇને સામાન્ય શાળામાં જે રીતે વાક્ય પૃથક્કરણ માટે ખાનાંઓનો ઉપયોગ કરવામાં આવે છે તેવાં ખાનાંઓનો ઉપયોગ કરવો. તે વખતે ચિઠીઓ કાપવાને બદલે બાળકો દરેક શબ્દનું સ્થાન શોધીને તે તે ખાનામાં તે તે શબ્દ લખે, એવી સુચના આપવી. આ રીતે સાદાં વાક્યોનું પૃથક્કરણ બાળકો કરતાં થાય છે. આ સાધનનું અને તેની સાથેની ક્રિયાનું વર્ણન લાંબું થાય છે, પરંતુ પ્રત્યક્ષ રમત ખુબ જ સહેલી અને બાળકોને ગમે એવી બની જાય છે.

સંયુકત વાક્યોનું પૃથક્કરણ આગળના લેખમાં વિચારી લેશું.'

શેષ ના અલે

નોંધ–સમયનો અભાવ, ખર્ચ મર્યાદા અને છપાઇ મુશ્કેલીને કારણે આ લેખમાં વધુ બ્લોક મુકયા નથી તો સમજી લેવા વિનતિ છે.

સંઘના કાર્યકર્તાઓ

૩. મુ. નાનાભાઈ ભટ્ટ

જીવનના યૌવનકાળથી ભાવના અને આદર્શોમાં કલ્પનાવિહાર કરી, એની સિધ્ધિ અર્થે જીવન અર્પવાનાં સ્વપ્નાં સેવી છેવટે શિક્ષણના ક્ષેત્રમાં એ શકિત અને સ્વપ્નાંઓને ઉતારનાર વિરલ વ્યકિતઓમાં મુ. નાનાભાઇ ભટ્ટનો સમાવેશ હું કરું છું.

૧૯૧૯–૨૦માં હું દક્ષિણામુર્તિમાં વિદ્યાર્થી તરીકે ગયો ત્યારે મેં એમને પ્રથમ જોયા. નાનું બાંડિયું, માથે ચોટલી, ઊંચું ધોતિયું, કપાળમાં ત્રિપુંડ–કોણ જાણે કેમ મને એ વિચિત્ર લાગ્યા. પછી હું ભવનમાં રહયો ત્યારે જ મેં એમની સાચી સુંદરતા જોઈ. સાદાઈ એમનું સરસ લક્ષણ. ચીપી ચીપીને પ્રશ્નોરી રીતે બોલે, પણ એમની ભાષા બહુ મીઠી. તારાઓથી ભરેલા આકાશી ચંદરવા નીચે એ પરદેશી ઇતિહાસની. ગ્રીક અને રોમની વાતો કહેતા. એનાં નામ અને ઠામ તો ત્યારે કે આજે ય મને યાદ નથી પણ એ કથામાં એ ભારે રંગાઇ જતા એ બરાબર યાદ છે. હિંદના ઇતિહાસ ને રામાયણ અને મહાભારતના પ્રસંગોને અને વ્યકિતઓને એ આબાદ મુર્તિમંત કરી શકતા. આજે તો હવે આખું ગુજરાત એમની એ કથા–કલાને પિછાની શકયું છે.

નાનાભાઇ મુળ તો બિલખાનિવાસી શ્રીમંત્ નથુરામશર્માના પ્રિય શિષ્ય. પેલી શીખ જેવી દેખાતી બગલાની પાંખ જેવી પાઘડી, આજે પણ આંખ આગળ એવી જ સ્પષ્ટ તરે છે. મુ. મોહાભાઇ પણ એવા જ ભકત. બીજી બે વ્યકિતઓ પણ ત્યારે જુવાનીના જોરમાં, ઉત્સાહથી કામ કરતી દેખાતી, અને તે સંઘના આદ્યસ્થાપક સ્વ. ગિજુભાઇ અને 'ધરશાળા'ના આજના નિયામક શ્રી હરભાઇ.

મુ. મોટાભાઇ તો લાંબું ન જીવ્યા પણ બાકીની ત્રિપૂટિએ દક્ષિણામુર્તિ સંસ્થાનો વિકાસ કરી હિંદમાં એક અમૂલી શિક્ષણસંસ્થા રજૂ કરવા ભગીરથ પ્રયાસો શરૂ કર્યા. મુ. નાનાભાઈ સંસ્કૃત, ઇતિહાસ શીખવે; હરભાઇ ગુજરાતી શીખવે અને ગિજુભાઇ ડાયરેકટ મેથડથી અંગ્રેજી શીખવે. એ દિવસો કાંઇ અનેરા હતા.

દક્ષિણામુર્તિની આખી સંસ્થાનું મુખ્ય સુકાન ત્યારે મુ. નાનાભાઇના હાથમાં હતું; અઢળક ખર્ચને પહોંચી વળવા અને ગિજુભાઇ– હરભાઈના શિક્ષણ–પ્રયોગોને સફળ બનાવવા આર્થિક સંચય અર્થે નાનાભાઇ હિંદમાં અને આફ્રિકા સુધી પણ પ્રવાસે ફરતા.

પછી તો ૧૯૨૬ થી ગિજુભાઇએ મોન્ટેસોરી શાળા વિભાગ શરૂ કરી ગુજરાતને નવું બાલદર્શન આપવાનું શરૂ કર્યું અને નાનાભાઇ એમની પીઠ થાબડી, ઉત્સાહ પ્રેરી સાથ આપતા રહ્યા. તુરત જ "મોન્ટેસોરી સંઘ" નામની સંસ્થાની સ્થાપના થઈ અને શ્રીમતી સરલાબેનને પ્રમુખ અને મુ. નાનાભાઈને ઉપપ્રમુખ નીમ્યા...આજસુધી મુ. નાનાભાઈ એ પદે રહયા છે અને આજના "નુતન બાલ શિક્ષણ સંઘ"ને, દુર બેઠા છે છતાં જરૂરી સહાય કરે છે અને સંઘના વિકાસમાં રસ લે છે.

પછી તો કાળે જુદા પલટા લીધા અને ત્રિપુટિએ

જુદા માર્ગો લીધા. દક્ષિણામુર્તિ સંસ્થા બંધ થઇ પણ બન્નેએ પોતપોતાનું વિશિષ્ટ કાર્ય આગળ ધપાવ્યું. નાનાભાઇએ સોનગઢ પાસેના આંબલા ગામમાં "ગ્રામ-દક્ષિણામુર્તિ" શરૂ કરી, ખેડુતોની વચ્ચે રહી, ગામડાના લોકોમાં સંસ્કાર અને શિક્ષણ રેડી નવી સેવા શરૂ કરી. એમની આસપાસ નવું કાર્યમંડળ રચાયું. પૂજ્ય ગાંધી-જીની કૃપા એમના ઉપર સારી રહેલી. અવારનવાર ઊઠતા-અનેક શિક્ષણ–પ્રશ્નોમાં, હરિજન પ્રશ્નોમાં ગાંધીજી, નાનાભાઇના વિચારોને સારું સ્થાન આપતા; પછી તો નાનાભાઇને શહેર કરતાં ગ્રામસેવાનો છંદ લાગ્યો...એના ઉધ્ધારમાં જ હિંદના ઉધ્ધારનું દર્શન એમણે જોયું. બેઝિક શિક્ષણમાં ઊંડો રસ એમને જાગ્યો અને એ દિશામાં ઘણી સલાહ સુચનાઓ આપી. આજે તો મુંબઇ સરકારે નીમેલા બેઝિક એજ્યુ. બોર્ડના તેઓ પ્રમુખ છે.

૧૯૩૯ માં સ્વ. ગિજુભાઇ પછી સંઘનું કાર્ય બીજાઓને માથે આવી પડયું. આ વેળા એ કાર્યને સંગીન સ્વરૂપ આપવામાં નાનાભાઈએ ખુબ જ સહાય કરી. એ કાળે તો દુર હોવા છતાં સંઘના વ્યવસ્થાપક મંડળની સભાઓમાં એ નિયમિત હાજરી આપતા અને એમના અનુભવ અને અભ્યાસનો લાભ આપતા

જ્યારે સંઘે નવું બંધારણ તૈયાર કરવાનું ઠરાવ્યું ત્યારે મુ. શ્રી પકવાસાની સાથે એમણે પણ એ કાર્યમાં સહાય કરી અને તે ઘડવામાં મોટો ફાળો આપ્યો. તટસ્થ વૃત્તિથી, પીઢ દૃષ્ટિથી નાનાભાઇ બધી વાતોનો વિચાર કરી મત પ્રદર્શિત કરતા અને તેથી એમનું માર્ગદર્શન ખુબજ સહાયભુત બનતું. ૧૯૪૨માં બંધા-રણના પુનઃ સંસ્કરણ વખતે તેઓ રાજકોટમાં જેલમાં હતા છતાં મુ. ઢેબરભાઇની સાથે બેસી એમણે એ તપાસી આપ્યું, અને કેદની દીવાલો પાછળથા પણ સંઘને મદદ કરી.

સંઘની શરૂઆત, એના કાર્યનો વિસ્તાર અને ગુજરાતભરમાં એના સંદેશનો પ્રચાર–એ બધામાં નાના-ભાઇ ખુબ જ સહાયક બન્યા છે. ગિજુભાઇની આર્થિક ચિંતા પોતાને માથે લઇ એમણે બાળશિક્ષણના નવા પ્રયોગો કરવા દીધા; સહકાર આપ્યો. કોઇ કોઇ વાર એમને મતભેદ રહેતા પણ ગિજુભાઈની નિષ્ઠા અને નિઃસ્વાર્થતા તથા કામ પાછળની ઘેલછા, એ જોતા અને પોષતા, અને જ્યારે જ્યારે જરૂર લાગતી ત્યારે અન્યત્ર પ્રમુખસ્થાન લઇને કે બીજી રીતે પણ કાર્યને વેગ આપતા.

છેલ્લાં દસબાર વર્ષથી મુ. નાનાભાઇ એમના ગ્રામ-શિક્ષણ પ્રયોગમાં વધુ સમય અને શક્તિ રેડી રહ્યા છે અને છતાં જરૂર પડયે સંઘની એ અતિ નિકટ લાગ્યા છે અને રહે છે. આજે તેઓ જુએ છે કે સંઘના નવા કાર્યકર્તાઓ પોતાનું કામ ચલાવી રહ્યા છે તેથી દુર બેઠા પણ આનંદે છે.

૧૯૪૦માં સંઘે શ્રી. સરલાદેવીના આર્થિક મદદના વચનથી બોડી, વેડછી અને આંબલામાં ગ્રામશિક્ષણના પ્રયોગો કરી જોવાનું ઠરાવ્યું. પણ મુ. નાનાભાઇ આંબલામાં એની સિધ્ધિ મેળવે તે પહેલાં અભણ અને જુનવાણી ગ્રામલોકોનો વિરોધ ઊભો થયો અને એ પ્રયોગ અધુરો જ રહ્યો.

થોડા વખત પહેલાં જ્યારે તેઓ સૌરાષ્ટ્ર સરકારના શિક્ષણપ્રધાન હતા ત્યારે તેમણે સંઘની સંસ્થાને ગ્રાન્ટ અપાવવામાં, અને સંઘના પ્રચાર–કાર્યમાં સહાયક થતા સારો એવો પ્રયાસ કર્યો હતો.

ગુજરાતના શિક્ષણમાં, શિક્ષણસંસ્થાના ઘડતરમાં અને બાળશિક્ષણમાં સ્વ. ગિજુભાઇને જોન રીતે પણ જે સહાય કરી છે એ આપણા સંઘઇતિહાસમાં જરૂરી હકીકત તરીકે નોંધવા જેવી છે. નાનાભાઇનું આટલું પીઠબળ ન હોત તો ગુજરાતને આંગણે મોન્ટેસોરી પધ્ધતિનો અને ગિજુભાઇના વિરલ બાલદર્શનનો અને શિક્ષણનો ઉદ્ભવ અને પ્રગતિ સરળ ન બનત.

મુ. નાનાભાઇએ જીવનની શરૂઆત શિક્ષક તરીકે કરી અને આજ સુધી વિશાળ ભાવે પણ એ જ અનોખું કાર્ય કરી રહ્યા છે અને સમય અને શક્તિઓથી શિક્ષણકાર્યને જોસ આપી રહ્યા છે. મુ. નાનાભાઇના સહકારથી, આપણું સંઘ સદા ઋણી રહેશે.

જયંતિલાલ દાણી

૪. શ્રી સરોજબેન ચોધ

સ્વ. ગિજુભાઇના દુઃખદ અવસાન પછી નૂ. બા. શિ. સંઘનું કામ–જેનું નામ તે વખતે મોન્ટેસોરી સંઘ હતું–પાછળ રહેલા પ્રમુખ, ઉપ–પ્રમુખ ને એક મંત્રીને સંભાળવું પડયું; ત્યારે બીજા એક મંત્રી જોઇએ એમ સૌને લાગ્યું. વિચાર કરતાં શ્રી સરોજબેનનું નામ તરત સૂઝયું તેઓ એટલી શાંતિથી અને પાછળ રહીને કામ કરનારા છે કે ત્યારે ઘણાઓને નવાઇ લાગી કે એમને કેમ મંત્રી તરીકે લીધાં હશે!

ગુજરાતના મહાન સાક્ષરોમાંના એક વિદ્વાન પ્રોફેસર કેશવ હર્ષદ ધ્રુવના તેઓ દીકરી છે. એવા સંસ્કારી કુટુંબમાં તેઓ અમદાવાદમાં ઊછર્યાં. ડો. ચોધ જેવા સહૃદય અને સમાજસેવાપ્રેમી પતિના સહવાસમાં તેમણે જેટલું શીખવાનું મન હતું તેટલો અભ્યાસ કરી લીધો. બાર્સિલોના અને લંડનમાં મોંટીસોરીનો બે વાર કોર્સ કર્યો. અને રશિયા સુધ્ધાં યુરોપના દેશની મુસાફરી કરીને, બહુશ્રુત થઇને, પાછા ફર્યા. ત્યારપછી ચીન ને જાપાનની યાત્રાએ જઇ ત્યાંની આંતરરાષ્ટ્રીય શિક્ષણ–પરિષદમાં જઇ આવ્યા. એમ તેમણે લગભગ જગતનો પ્રવાસ કર્યો છે એમ કહીએ તો ચાલે.

પોતાના શિક્ષણનો ઉપયોગ પ્રથમ તેમણે પોતાનાં બાળકોને ઉત્તમ રીતે ઉછેરવામાં કર્યો. તેમના મોટાં પુત્રી શ્રી મેધાબેનની બૌદ્ધિક પ્રગતિ, નૃત્ય અને સંગીત કલાની પ્રગતિ તેમજ સમાજસેવાનાં કામોમાં હોંશથી ભાગ લેવાની વૃત્તિ મુંબઇની જનતાને જાણીતી છે.

તેમણે સાથે સાથે પોતાના શિક્ષણનો લાભ બીજાં બાળકોને પણ આપવાનો નિશ્ચય કર્યો. લગભગ ૧૬/૧૭ વર્ષથી તેઓ ભગિની સમાજનું બાલમંદિર ચલાવે છે. શરૂઆતનાં વર્ષોમાં તો તેઓ જાતે કામ કરતાં હતાં. બાળકોને બાલમંદિરની પ્રવૃત્તિઓ ઉપરાંત, ઘરનો પ્રોજેક્ટર લાવી સિનેમા બતાવતાં, પ્રવાસે લઇ જતાં અને પોતે સંગીત વગેરે પણ શિખવતાં. તે પોતે નિર્વેતન કામ કરતાં પણ બાલમંદિરને જે જે જોઇએ તે, સંસ્થા પાસે નાણાં ન હોય તો પોતાને ખર્ચે પૂરું પાડતાં. આ રીતે તેમણે તે બાલમંદિરને તન, મન ને ધનથી વિકસાવ્યું.

નૂ. બા. શિ. સંઘે મુંબઇમાં નૂતન શિક્ષણનો પ્રયોગ પછાત ને ગરીબ વર્ગનાં બાળકોમાં કરવાનો વિચાર કર્યો ત્યારે શ્રી સરોજબેનના જ પ્રયત્નથી ભગિની સમાજનાં બીજાં કાર્યકર્તાઓએ શ્રી જયશ્રી બેન રાયજી, શ્રી લીલાવતીબેન બેંકર વગેરેએ આ પ્રયોગમાં જાતે રસ લીધો અને સંઘને બધી સગવડ આપી. આ પ્રયોગમાં શ્રી સરોજબેને ઘણો મોટો ભાગ લીધો હતો. તેઓ કોઇ પણ કામ હાથમાં લે તો તેની બધી જરૂરિયાતો, સરસ રીતે પૂરી પડવી જોઇએ એ માટે તેઓ પ્રયત્નશીલ હોય છે. અને તેમ કરવામાં નાણાંની ખોટ આવવા દેતા નથી. તેમના અને શ્રી. શેલતના પ્રયત્નથી જોતજોતામાં સેવામંદિરના બાલમંદિરના રૂપ-રંગ ફરી ગયા.

શ્રી સરોજબેનને મંત્રી તરીકે લેવાનો વિચાર આવવાનું કારણ તેમણે 'ઘરમાં બાળક' એ પ્રદર્શનમાં લીધેલો આગળ પડતો ભાગ. પ્રદર્શનના એક મંત્રી તરીકે તેઓ રાતદિવસ મહેનત લેતા હતા. તેની આખી યોજનામાં, કાર્યક્રમમાં તેમની વિચારની ઊંચી કક્ષા, સંસ્કારિતા અને મોટામોટાં કામોની જવાબદારી પાર પાડવાની કાર્યશક્તિ દેખાણી. ત્યાર પછી તેઓ સંઘમાં આવ્યા પછી સંઘના અનેક આવાં નાનાં મોટાં કામો તેમણે જવાબદારીથી ઉપાડ્યાં છે અને પોતાની વિકસિત કલાવૃત્તિ કાર્યશક્તિ અને લાગવગનો લાભ સંઘને છૂટે હાથે આપ્યો છે. તેમના હૃદયની સત્શીલતા ને સૌજન્ય, કામ માટેની આસ્થા અને જે કામ માથે લે તે અમુક ઊંચી ભૂમિકાથી અને સરસ રીતે થવું જોઇએ તેનો આગ્રહ–એને લીધે સંઘના ઘણાં કામો ઉત્તમ રીતે પાર પાડ્યાં છે.

૧૯૩૯ પછી નૂ. બા. શિ. સંઘે જે નાનાં મોટાં કાર્યો ઉપાડ્યાં અને સુયશ મેળવ્યો તે શ્રી સરોજબેન અને તેમના જેવી બીજી ઉત્તમ કાર્યશક્તિ ધરાવવાવાળી બેનોને આભારી છે.

મેડમ મોંટીસોરીની સાથે તેમનો સંબંધ ઘર જેવો છે. નૂ. બા. શિ. સંઘ અને મંડળ વચ્ચે જે કેટલાંએક સાંધનારા સાંકળ રૂપે છે તેમાં શ્રી સરોજબેને ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે, એમાં શંકા નથી.

એટલું બધું કરવા છતાં સંઘના સભ્યોમાં તેમને પૂરેપૂરી રીતે થોડાં જ ઓળખે છે તેનું કારણ તેમની નમ્રતા ને વિનય અને પડદા પાછળ રહેવાની ઇચ્છા હોય છે.

નૂ. બા. શિ. સંઘ આવા નવા કાર્યકર્તાઓ મેળવવા ભાગ્યશાળી થયા છે.

તા.

સંઘની શાખાઓ

૨. ઇંદૌર શાખા.

ઇંદૌરમાં બાલશિક્ષણનો પ્રારંભ કરવાનું શ્રેય શ્રી. ઈંદિરાબહેન ભાગવતને છે કે જે શિક્ષણ વિભાગ, ઇંદૌરનો માર્ગદર્શક–ડાયરેક્ટર જેવો થઈ રહ્યો છે. એમના પ્રયત્નથી સને ૧૯૪૨માં સરકાર તરફથી "નર્સરી સ્કુલ" (બાલ વિનય મંદિર) સંસ્થાની સ્થાપના કરવામાં આવી. એ સંસ્થા આદર્શ બાલશાળા તો નહીં બનવા પામી, પરંન્તુ એ ઉચ્ચ કક્ષાએ પહોંચવા પ્રયત્નશીલ છે. એની પહેલાં "મંજુલાશ્રમ" નામની સંસ્થા આ જ ક્ષેત્રમાં નાના મોટા પ્રયોગો કરી રહી હતી, ઘણા લોકોને બાલ શિક્ષણમાં વ્યક્તિગત રીતે પણ સાચા દિલથી રસ પડવા લાગ્યો. તેઓએ ડો. મોન્ટેસોરી તથા પૂ. ગિજુભાઇના શિક્ષણકેન્દ્રમાં શિક્ષણ લઇને ઇંદૌરના શિક્ષિત સમાજમાં એક જાતનું વાતાવરણ નિર્માણ કર્યું છે.

નર્સરી સ્કુલનો બધો ખર્ચ સાધારણ માણસને માટે બહુ ભારી લાગ્યો. થોડી બાલશાળાઓ એવી સ્થાપવી જોઇએ કે જેનાથી બહુ ખર્ચ ન આવે, અને સાધારણ માણસ પણ પોતાનાં બાળકોને એનો લાભ આપી શકે. આથી સન ૧૯૪૫માં શ્રી શાલિની મોઘેએ "બાલ નિકેતન"ની સ્થાપના, એની દ્રષ્ટિ સામે રાખીને કરી. આ બાલશાળા પણ ઉચ્ચ આદર્શ સુધી પહોંચાડવાને માટે જોઇએ તેટલાં સાધનોથી ઉપલબ્ધ થઇ શકી નહિ, પણ એના સંચાલકોના આદર્શ તથા જાગૃતિની ભાવના એને ધ્યેય સુધી પહોંચવામાં જરૂર મદદ કરી રહી છે.

સદ્‌ભાગ્યે સન ૧૯૪૬માં નૂતન બાલ. શિ. સંઘ મુંબઇએ પોતાનું હિંદી વિભાગનું સંમેલન ઇંદૌરમાં ભરવાની ઇચ્છા પ્રગટ કરી. ડિસેમ્બર ૧૯૪૬માં એનું ઉદ્‌ઘાટન માનનીય શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારીએ કર્યું. એનું સંચાલન શ્રી તારાબહેન મોડક, શ્રી શેષ નામલે અને બીજા બાલશિક્ષણ ચિંતકો તથા વિચારકોએ કર્યું. એમાં ઇંદૌરના શ્રધ્ધેય વિ. સી. સરવટે અને બીજા નેતાઓ તથા શિક્ષણમાં ઉંડો રસ લેવાવાળા સજ્જનોની પ્રેરણા તથા સહકારતો હતો જ. સંમેલનમાં બાલશિક્ષણના વિવિધ વિષયો પર પૂરેપૂરો વિચાર વિનિમય કરવામાં આવ્યો હતો. સંમેલનની સાથે જ બાલસાહિત્ય તથા બાલશિક્ષણના સાધનોનું એક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનથી લોકોને બાલશિક્ષણના વિષયમાં પ્રત્યક્ષ ખ્યાલ આવ્યો, તથા તેઓ એના મહત્વને થોડો ઘણો વધુ સમજી શકયા. આ સંમેલનને સફળ બનાવવા મધ્યભારતની સંઘ સાથે જોડાએલી સંસ્થાઓ ઇંદૌરની બાલશિક્ષાપ્રેમી જનતા તથા સરકારે પણ પૂરેપૂરો સહકાર આપ્યો હતો ઇંદૌરના જીવનમાં બાલશિક્ષણ સંબંધી એવી મોટી વ્યવસ્થાનો આ પહેલો અવસર હતો. સાચું તો છે કે આ સમેલન ઇંદૌરની બાલશિક્ષણ ઈતિહાસની એક ઘણી જ મહત્વ પૂર્ણ ઘટના છે. ઇંદૌરના નાગરિકોએ સંમેલનમાં થએલી ચર્ચાઓ, ભાષણો, વગેરેને ઘણી જ રસથી સાંભળી અને પ્રદર્શનનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. એનાથી નિશ્ચિત રૂપમાં એક અનુકુળ વાતાવરણ બન્યું તથા એવું ભાન થવા લાગ્યું કે આ ભૂમિકાના આધાર પર બાલશિક્ષણના કાર્યને ઘણું પ્રોત્સાહન અને બળ મળશે. આ અવસરે નૂતન. બાલ. શિ સંઘની શાખા ઇંદૌરમાં સ્થાપવાને માટે નાની સરખી સમિતિ નીમવામાં આવી.

ઇંદૌરમાં જ નહિ આખા મધ્યભારતમાં આ સમેલનથી બાલશિક્ષણ પ્રત્યે એક પ્રકારનું આકર્ષણ પેદા થયું. કેટલીએ જગાએ બાલશિક્ષણ સંસ્થા ખોલવાનાં ચિહન નજરે પડવા લાગ્યાં. પાલકોની તરફથી પણ એ કાર્યમાં ઉત્સાહ મળ્યો. કેટલેક ઠેકાણે બાલશાળાઓ ઊઘડી પણ ખરી. શરૂઆતથી જ આ દિશામાં એક સરખો મેળભર્યો પ્રયત્ન થઇ શકે તથા બધાં કામોમાં સારો સંબંધ તથા સુસંગતતા આવી શકે એ દ્રષ્ટિએ બાલનિકેતનના સંચાલકો તથા સહાનુભૂતિ રાખવાવાળાઓએ તથા બીજા બાલશિક્ષણ પ્રેમી સજ્જનોના સહકારથી સન ૧૯૪૭ જુન માં "બાલનિકેતન સંઘ" નામની રજીસ્ટર્ડ સંસ્થા સ્થાપિત કરી. એનો ઉદ્દેશ બાલશિક્ષણના ક્ષેત્રમાં સંશોધન તથા પ્રયોગ કરવાને

અને એના આધાર પર શાસ્ત્રશુદ્ધ સિધ્ધાંત તથા પદ્ધતિદ્વારા બાલશિક્ષાનો પ્રચાર કરવાનો અને બાલશિક્ષાને માટે ઉપયોગી શિક્ષકો તથા માતાઓના શિક્ષણની વ્યવસ્થા કરવાનો રહ્યો છે. હમણાં એ સંસ્થાદ્વારા બે બાલનિકેતન, એક બાલ અધ્યાપન મંદિર તથા એક પ્રાયોગિક બુનિયાદીશાળા ચલાવવામાં આવે છે. હવે એને એનું પોતાનું પણ મકાન થઇ ગયું છે.

૧૯૪૬ના સંમેલનને વખતે ન. બા. શિ. સંઘની શાખા ઇંદોરમાં સ્થાપવા માટે જે સમિતિ નીમી હતી એનું પુનર્જીવન કરવું તથા બીજી નવી સમિતિદ્વારા સંઘની શાખા સ્થાપવાના કાર્યની આવશ્યકતા તીવ્ર તાથી સ્પષ્ટ થવા લાગી, એ માટે જુન ૧૯૫૦માં શ્રી તારાબહેન મોડક ઇંદોર આવ્યા, અને તેમણે સમસ્ત બાલશિક્ષણ સંસ્થાઓ તથા કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરીને ત્રણે. શિ. પ. ના ગ્રાહકો અને અન્ય બાલ શિક્ષણ પ્રેમીઓની એક બેઠક તા. ૨૮ જુન ૧૯૫૦માં બોલાવી હતી. એમાં બધાંની સંમતિથી ન. બા શિ. સંઘની શાખા ઇંદોરમાં સ્થાપવમાં આવી. પ્રચાર વગેરે કાર્ય કરવાવાળો 'બાલ–શિ–સંઘ' નવી શાખામાં વિલીન થઇ ગયો– અને શિશુવિહાર દાહરની જેમ 'બાલ નિકેતન સંઘ' નવી શાખાને પૂરી મદદ તથા સહકાર આપવા લાગ્યો. આ સંઘના બધા જ પ્રમુખ, કાર્યકર્તા જેમ કે શ્રધ્ધેય વિ. સી, સરવટે, પૂ. વૈજનાથજી મહોદય, શ્રી શાલિની મોંઘે, શ્રી માણેકચંદ કટારિયા અને શ્રી. શ્યામસુંદર ઝંવર સર્વાનુમતિએ નવી શાખાના કારોબારીમાં ચૂંટાઇ ગયા, શ્રધ્ધેય વિ–સી. સરવટે અધ્યક્ષ અને શ્રી–શ્યામ સુંદરભાઇ ઝંવર તથા શ્રી ભગીરથ શર્મા મંત્રી તરીકે નીમવામાં આવ્યા. કારોબારીમાં એમના તથા શહેરના બધાં બાલશાળાઓના સંચાલકો તથા સંચાલિકા વગેરેને પણ રાખવામાં આવ્યા છે. નૂતન બાલશિક્ષણ સંઘના ભાષામંત્રી શ્રી. કાશીનાથજી ત્રિવેદી પણ ઉત્સાહી સભ્ય છે.

નવી શાખા પૈસાના અભાવે તથા પોતે નવી જન્મેલી હોવાથી મોટા પાયા ઉપર કાર્ય કરી શકતી નથી. પરન્તુ દરેકના સહકારથી બાલશિક્ષણ પ્રચાર, તથા પ્રસારની દૃષ્ટિએ શાખાએ તા. ૩૧ ઓગસ્ટ ૧૯૫૦ મોન્ટેસોરીની તથા ૧૫ નવેમ્બર ૧૯૫૦ સ્વ. ગિજુભાઈની જયંતિઓ ઉજવી હતી; જેનાથી ખૂબ પ્રોત્સાહન મળ્યું છે. મોન્ટેસોરી જયંતી શ્રધ્ધેય સરવટે સાહેબનાં પ્રમુખપણા હેઠળ ઉજવવામાં આવી હતી. તથા એ વખતે શ્રી કાશીનાથજી ત્રિવેદી અને શ્રધ્ધેય સરવટે સાહેબનાં ભાષણો થયાં હતાં. મધ્ય ભારતમાં બાલમંદિરોની યોજનાના આંકડા વગેરે રજૂ કર્યા હતા.

સ્વ. ગિજુભાઇ જયંતિના અધ્યક્ષ મધ્યભારતના શિક્ષણમંત્રી મા. મનોહરસિંહજી સહેતા હતા. એ અવસર ઉપર શ્રી. કાશીનાથજી, પ્રો. શિવકુલારે દુબે અને પં. પ્રભાકર દુબેનાં ભાષણ થયાં હતાં. અધ્યક્ષ મહોદયે બાલ શિક્ષણ કાર્યમાં સરકારી મદદ કરવાનું આશ્વાસન પણ આપ્યું. બંને સમારંભોમાં સરકારી શિક્ષણ વિભાગનો પૂરો સહકાર રહ્યો અને ઘણી સંખ્યામાં પાલક અને શિક્ષક પણ ઉપસ્થિત રહ્યાં હતાં. મોન્ટેસોરીનાં ચિત્રો અને બાલશિક્ષણ સાહિત્યનું એક નાનું સરખું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

હમણાં થોડા સમયમાં જ એક બાલક્રીડાંગણ શરૂ કરવામાં આવવાનું છે. તેમ જ હિંદી–શિક્ષણ પત્રિકાના ગ્રાહક બનાવવા, શહેરના અને મધ્યભારતનાં ગ્વાલિઅર, અર, ગૌન, બડવાની, પાલિયા વગેરે સ્થાનો પર ચાલી રહેલાં બાલ મંદિરોને સંઘ સાથે સંબંધ કરાવવો, સંઘના રજત જયંતિના મહોત્સવમાં યોજનાપૂર્વક કામ કરવું, બાલ શિક્ષણનગરનું આયોજન કરવું, બીજી દરેક રીતે બાલ શિક્ષણનો પ્રચાર તથા પ્રસાર કરવાને માટે શાખા તરફથી એક નકકર શરુઆત કરવામાં આવી છે. એક રૂ. સભ્ય ફીની સ્વીકૃતિ અને રજત જય'તી મહોત્સવની છાપેલી ટિકિટ આપીને સભ્ય બનાવવા અથવા ટિકિટ વેચવાનું કામ પણ હાથમાં લઇ લઇશું, અને આમ સંઘની સેવા કરવા ભાગ્યશાળી થઇશું.

૩. પુના શાખા

પુના શાખાની સ્થાપના ૧૯૪૭ ના ડિસેમ્બરની તા. ૨ ને રોજ કરવામાં આવી હતી.

પ્રાસ્તાવિક

ન-ખા-શિ-સંઘ ગયા કેટલાક વર્ષોથી મહારાષ્ટ્ર બહાર ઘણા જ મોટા વેગથી કામ કરે છે. મહારાષ્ટ્રમાં આ શિક્ષણનો પ્રચાર થયો ન હતો. શિક્ષણ સાર્વત્રિક બધે જ ફેલાવું જોઇએ એ ઉદ્દેશથી આ બાલશિક્ષણના ઘણા જ મોટા આચાર્ય શ્રી તારાબહેન મોડક, સંઘના પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઇ અને અનેક બીજી વ્યક્તિ એમના ઉત્સાહથી જ શહેરમાં આ સંઘની શાખાની સ્થાપના થઇ. ૨૭-૧૨-૪૭ ને રોજ આજ વર્ષમાં પુનામાં આ સંઘે એક મોટું એવું સમેલન આ સંમેલનથી જ શાખાનો જન્મ થયો.

આ શાખાના પ્રમુખપદે સૌ માલિનીબાઇ પરાંજપે આજીવન કામ કરી રહ્યાં છે. સમાજના કાર્યકર્તા એને સાર્વજનિક સંસ્થાઓને સુંદર રીતે ચલાવવા માટે એ જાણીતા છે. મંગલાબાઈ બજાજની અને ભાષામંત્રી તરીકે કામ તપાસે છે.

સૌ. સુનંદાબાઇ કાનેગાંવકર તથા શ્રી વિ. દિ. જોગલેકરે પણ ખૂબ મદદ કરી છે ભાષામંત્રીનું કામ કેટલાંક વરસ સુધી શ્રી. કમલિનીબાઈ સંભાળતા હતાં. પ ન્તુ શારીરિક પ્રકૃતિની અસ્વસ્થતાથી તે કામ તેમને છોડવું પડ્યું. પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ તરીકે શ્રી બકુલાબાઇ અભ્યંકર ઘણા જ ઉત્સાહથી એ કામ સંભાળે છે. તેવી જ રીતે કાર્યકરો, સભાસદો પણ શાખાનું કામ શોખથી, ઉત્સાહથી કરતા આવ્યા છે. શ્રી ભા સ્કર રા વ કર્વે, સૌ તા રા બા ઇ ધા રપુ રે, સૌ. માલિનીબાઇ સુલાખે, સૌ. શાંતાબાઇ આઠવલે, સૌ. કોલ્હટકર, સૌ. મનોરમાબાઇ ગોખલે, શ્રી. ચંદ્રકલાબાઇ કુલકર્ણી, સૌ. ઇંદિરાબાઈ ચૌહાણ એ મંડળી કામ કરે જ છે.

આ શાખાએ ત્રણ વર્ષમાં શૈક્ષણિક પ્રગતિ, આર્થિક પ્રગતિ, વ્યવસ્થિત અને મકકમ પણાથી ચલાવી છે. ગયાં ત્રણ વર્ષની વિશેષ ખાસ ઉલ્લેખ કરવા જેવી બાબતોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે; નાની બાબતોને લીધી નથી.

આ શાખાએ અત્યાર સુધી કરેલું કાર્ય

(૧) દરેક વખતે ભરેલા જુદાં જુદાં સંમેલનોમાં, પરિષદોમાં વખતો વખત ભાગ લઈને સંઘમાં પોતાનું સ્થાન કાયમ કર્યું છે. મુંબઇ, ઇંદોર, મલાડ, બોરીવલી, વડોદરા, પુના એ દરેક ઠેકાણે સંઘે વિશેષપણે કરેલા કામમાં શાખાએ ભાગ લીધો છે.

સ્થાનિક કાર્ય-પુનામાં

(૧) સ્વ- ગિજુભાઇ જયંતિ, (૨) વ્યાખ્યાનો (૩) વાચનાલય-સાધનો અને (૪) પુસ્તકવેચાણ (૫) વાર્ષિક સ્નેહ સંમેલનો (૬) પ્રવાસ (૭) બાળશિક્ષણની શાખા વધારવી- (૮) શાળાને માર્ગદર્શન (૯) આર્થિક પરિસ્થિતિ સુધારણા (૧૦) શિક્ષણપત્રિકા વ્યવસ્થા એ કાર્ય આજ સુધી ચલાવવામાં આવે છે. શાખાએ નવીન યોજના પણ ઘડેલી છે, પરન્તુ આ સર્વ યોજના આર્થિક પરીસ્થિતિ અને નવીન જોમવાળી કામ કરનારી મંડળી મળે તેના ઉપર અવલંબે છે. હમણાં પુના શહેરમાં (કોર્પોરેશન સહિત ૧૫-૧૬ આ પદ્ધતિથી ચાલવાવાળી શાળા છે. દિવસે દિવસે આ શાળાની સંખ્યા વધે છે. શિક્ષક, પાલક, બાલક, એકત્ર મળે એવા ઉપક્રમો આ શાખાએ વખતો વખત ચલાવ્યા છે. આર્થિક પરિસ્થિતિ સુધારણા માટે કેટલીક યોજના શાખાએ યશસ્વી રીતે પાર પાડી છે; કરી બતાવી છે. પ્રભાકર નાટ્ય મંડળ મંડળીનું સંગીત, મૃચ્છકટીક-આ પ્રયોગ કરીને આર્થિક સુંદર મદદ કરી છે. આ કામ માટે પુના શહેરના નાગરિકોએ, પાલકોઓ, શિક્ષકોએ સંસ્થાનાં બાળકોને સુંદર મદદ કરી છે. આર્થિક પ્રમાણે જ શૈક્ષણિક બાબતો પણ એક એક પછી આગળ ચાલે છે. શિક્ષણનાં તાત્વિક વ્યાખ્યાનો, ડો. કામત, ડો. ભાગવત, શ્રી ભાસ્કરરાવ કર્વે, સૌ માલતીબાઇ જોષી, શ્રી કદમ,

શ્રી તારાબાઈ મોડક, સૌ મરાઠે એવા શિક્ષણ તજ્ઞોના વ્યાખ્યાનો થયાં. જુદે જુદે ઠેકાણે પરિષદો, સંમેલનમાં સભા, શાખાની કાર્યવાહક મંડળની પોતાની કાર્યવાહી સંઘ આગળ વખતો વખત મૂકવામાં આવે જ છે. સર્વ મહારાષ્ટ્ર ભરમાં મરાઠી શાખા કાઢવાનું ભાષાનું મંત્રી-કાર્ય ચાલુ છે.

સંઘનાં પચ્ચીસ વર્ષ પૂરાં થયાં તેથી જલદી મોટા પ્રમાણમાં જ્યુબિલી સમારંભ યોજવાનો છે. તે માટે પ્રયત્ન કર્યા સિવાય રહેવાના નથી. પુનામાં બાલ નગર થવાનું છે તે આનંદ વાત છે. પુના નગર શૈક્ષણિક બાબતોની જન્મદાત્રી છે. આ પુના શહેરમાં—નાગરિકો વગેરે દરેકને ગમે એવું જ કાર્ય શાખાએ કરવાનું છે. શાખાને હાથે થયેલું પ્રત્યેક કાર્ય ઉત્તમ રીતે પાર પડ્યું છે, આ અહેવાલ ઘણો નાનો આપી, ફક્ત ઉલ્લેખ કર્યો છે.

આ સંધની શાખાને જે જે, દ્રશ્ય અદ્રશ્ય વ્યક્તિએ શારીરિક, માનસિક બૌધ્ધિક, આર્થિક મદદ કરી છે એવા નાના મોટા કારોબારીના સર્વ સભાસદોએ કરેલાં કાર્ય બદલ તેમનો, તથા શ્રીમતી સરલાદેવી સારાભાઈ, શ્રી તારાબહેન મોડક એમણે શાખા કાઢીને અમોને કામ કરવાની તક આપી એ માટે એમનો પરમેશ્વરનો આભાર માનીને આ અહેવાલ પૂર્ણ કરીએ છીએ.

લી,

(૧) સૌ. સુનંદા કાનેગાંવકર
(૨) સૌ. ચિ. દ. જોગળેકર
મંત્રી, નૂ. બા. શિ. સંઘ, પુના

અમદાવાદમાં બાળશિક્ષણ નગર

નૂ. બા. શિ. સંઘના રૌપ્ય મહોત્સવના એક કાર્યક્રમ તરીકે સ્થાનિક શાખાના ઉપક્રમથી આવતા ઓક્ટોબર માસમાં અમદાવાદમાં બાળશિક્ષણ નગરની યોજના-વિચારણા ચાલી રહી છે.

બાળશિક્ષણ નગર એટલે બાળકેળવણીનો સમગ્ર અને મૂર્તરૂપે ખ્યાલ આપતું એક નવા પ્રકારનું પ્રદર્શન—મુંબઇમાં યોજાયું હતું અને ત્યાંના આબાલવૃધ્ધોને અનેક રીતે ઉપયુક્ત લાગ્યું હતું. પચીસ હજાર જેટલા વાલીઓ, શિક્ષકો અને બાળકોએ તેનો પંદર દિવસ દરેક પ્રકારનો લાભ લીધો હતો. મેડમ મોન્ટેસોરીએ એ પ્રદર્શન જોઇને કહ્યું હતું 'કદાચ આખી દુનિયામાં આ પ્રકારનું બાળકેળવણીનું પ્રદર્શન પહેલ વહેલું જ હશે! આ પ્રકારનાં શૈક્ષણિક, ક્રિયાત્મક પ્રદર્શનો દરેક શહેરમાં કાયમી સ્વરૂપમાં રાખવાં જોઇએ;' જુદાજુદા કેળવણીકારોએ, શિક્ષકોએ અને વાલીઓએ મુકતકંઠે પ્રદર્શનનાં વખાણ કર્યાં હતાં. હવે મુંબઇના પ્રદર્શન પછી બરાબર ત્રણ વર્ષે અમદાવાદમાં બાળશિક્ષણ નગરની યોજના વિચારાય છે.

બાળશિક્ષણ નગરની વિશેષતા

અમદાવાદનું બાળશિક્ષણ નગર એ બાળકોની કેળવણીનું એવું પહેલવહેલું નગર બની જાય કે એ નગરની નગરપાલિકા બાળકોની જ બનેલી હશે તેનો મેયર અથવા પ્રમુખ પણ બાળક જ હશે. બાળકોની એ નગરપાલિકાની નગરસભા હશે. નગરનો કારભાર ચલાવવા માટે જુદાં જુદાં ખાતાં હશે અને જુદાં જુદાં ખાતાંના મંત્રીઓ પણ હશે; મદદનીશો હશે, સ્વયંસેવક દળ હશે. બાળશિક્ષણ નગરમાં તે માટે છ થી નવ વર્ષનાં ૧૦૦ થી ૧૫૦ બાળકોની એક શિબિર ચલાવવામાં આવશે. એ અઠવાડિયાં સુધી બાળકો એ છાવણીમાં રાત દિવસ રહેશે. સવારથી સાંજ સુધી એ બાળકોની દિનચર્યા કેળવણી નગરને છાજે એ રીતની રહેશે.

શિક્ષણ પ્રવૃત્તિઓનું પ્રદર્શન

કોઇ પણ પ્રદર્શનમાં સામાન્ય રીતે વસ્તુઓની, ચિત્રોની અથવા પ્રાત્યક્ષિકોની ગોઠવણી પ્રેક્ષકો દૂરથી જોઈ શકે એ દૃષ્ટિથી કરવામાં આવે છે: એવા પ્રદર્શનમાં બાળકો જ્યારે જોવા જાય છે ત્યારે દરેક બાળકને વસ્તુઓને અડવાનું મન થાય છે. ફરીને જોવાથી બાળકના મનને સંતોષ થતો નથી. બાળકોનું એ સ્વાભાવિક વલણ ધ્યાનમાં લઇને આ પ્રદર્શનના કેટલાક વિભાગોમાં જે વસ્તુઓ ગોઠવવામાં આવશે તે માત્ર દૂરથી જોવા માટે નહિ પરંતુ દરેક બાળક તે

સ્તુઓને અડકે, તેની સાથે રમે અથવા તો તેનો ાગ્ય ઉપયોગ કરે તે માટેની વ્યવસ્થા રહેશે.

સ્વયંશિક્ષણના સિધ્ધાન્ત પર રચાએલાં સાધનો

બાળશિક્ષણ નગરના પ્રવૃત્તિવિભાગમાં શિક્ષણના જુદા જુદા વિષયો માટે જુદા જુદા ખંડો યોજવામાં આવશે અને તે દરેક ખંડમાં તે તે વિષયના સ્વયં-શિક્ષણના સિધ્ધાન્તો પર રચાએલાં સાધનો મૂકવામાં આવશે. શિક્ષકોના આવશ્યક માર્ગદર્શનથી ત્રણથીબાર વર્ષ સુધીનાં બાળકો, એ સાધનો પર કામ કરી શકશે; અને એ રીતે શિક્ષણ-પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલાં સાધનો પર બાળકો, કેવી રીતે કામ કરે છે તે વાલીઓ તથા શિક્ષકો જોઈ શકશે. તે માટે દરેક ખંડમાં પ્રેક્ષકો માટે લોબી જેવું રાખવામાં આવશે.

બાળમંદિરો અને બુનિયાદી તાલીમ

ત્રણથી બાર વર્ષના સમયમાં કેળવણીના પૂર્વ પ્રાથમિક (શિશુવિભાગ) તથા પ્રાથમિક (બાલવિભાગ) વિભાગોનો સમાવેશ થાય છે. નૂતન બાળશિક્ષણ સંઘે, મુખ્યત્વે કરીને મોન્ટેસોરી સિધ્ધાંતોને અનુસરીને પૂર્વ-પ્રાથમિક ક્ષેત્રમાં કામ કર્યું છે. તે જ રીતે ગુજરાત નઈ તાલીમ સંઘે ૭ થી ઉપરનાં બાળકોમાં નઈ તાલીમના પ્રયોગો કર્યા છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આ બન્ને ક્ષેત્રોનો વિકાસ થયો છે. આ બન્ને કેળવણીનાં ક્ષેત્રોની પ્રવૃત્તિમાં કેવી રીતે એકસૂત્રતા રહી છે તે મૂર્તરૂપમાં બતાવવાનો પ્રયત્ન આ પ્રદર્શનમાં કરવામાં આવશે. પ્રવૃત્તિખંડોના-શિશુવિભાગમાં (૧) સંગોપન-વિભાગ (કેશ) (૨) મુકત વ્યવસાય Free activities ૩) ઇન્દ્રિય કેળવણી (૪) જીવન વ્યવહાર અને સામાજિક તાલીમ (૫) હસ્ત વ્યવસાય, મૌખિક ભાષા, વ્યાકરણ, શરૂઆતનું ગણિત, લેખનાદિ પ્રવૃતિ; બાલ વિભાગમાં ૧) જીવન વ્યવહાર (૨) મૂલોદ્યોગ (૩) કલા વિભાગ (૪) વિજ્ઞાન વિભાગ (૫) ભાષા વિભાગ (૬) ગણિત વગેરે રજૂ કરવામાં આવશે.

વાલીઓની કેળવણીનો પ્રશ્ન

બાળકની પહેલી કેળવણી ઘરમાં શરૂ થાય છે બાળકના વાલીઓ તેના મુખ્ય શિક્ષકો છે. ઘરના માણસોના આચાર, વિચારો અને વાતાવરણ એ માનવીના જીવનની પહેલી નિશાળ છે. એ દૃષ્ટિએ, પ્રવૃત્તિ-ખંડોની શરૂઆતમાં જ વાલી-વિભાગ યોજવામાં આવશે. આ વાલી વિભાગમાં ખાસ કરીને કામગાર જીવનનો ખ્યાલ અને અભ્યાસ રજૂ કરવામાં આવશે. જન્મથી માંડીને ત્રણ વર્ષ સુધીમાં બાળકનો વિકાસ કેવી રીતે થાય છે, તેની કુદરતી જરૂરિયાતો શી છે? બાળકના વિકાસમાં ઘર શી રીતે મદદ કરી શકે, બાળકનું શારીરિક અને માનસિક આરોગ્ય શી રીતે સાચવી શકાય, તેના ખ્યાલો રજૂ કરવામાં આવશે. બાળકેળવણીનો પ્રશ્ન પણ તેના વ્યાપક સ્વરૂપમાં રજૂ કરવામાં આવશે.

જુદા જુદા પ્રદર્શન ખંડો:

બાળશિક્ષણ નગરના બીજા ભાગમાં ત્રણથી બાર વર્ષના બાળકની દૃષ્ટિએ ૧. વનસ્પતિ જીવનદર્શન ૨. પ્રાણીજીવનદર્શન ૩. ભૂગોલ-દર્શન ૪ ભારત-દર્શન ૫. આપણો દેશ અને દુનિયા-વગેરેના ખ્યાલ આપતા પ્રદર્શનખંડો ગોઠવવામાં આવશે. સાથોસાથ ઉદ્યોગ-દર્શનના પ્રદર્શનની ખાસ યોજના કરવા વિચાર છે.

ક્રીડાંગણ અને આનંદ બજાર:

ક્રીડાંગણમાં બાળકોની શારીરિક અને માનસિક તપાસની યોજના વિચારાય છે. આનંદ બજારમાં બાળકોને ઉપયોગી એવી દરેક પ્રકારની વસ્તુની ખાસ દુકાનો યોજવામાં આવશે. સાથો સાથ વાલીઓ માટે, બાળકો માટે, ચિત્રપટ મનોરંજનના અને વ્યાખ્યાનોના કાર્યક્રમો ગોઠવામાં આવશે.

ઓકટોબર એટલે શરદોત્સવોનો માસ. મનોરંજન વિભાગમાં અમદાવાદની કેળવણીની સંસ્થાઓનો સહકાર સાધીને કાર્યક્રમની યોજના થશે. બાળશિક્ષણ નગરની બધી પ્રવૃત્તિ શિક્ષકો, વાલીઓ અને કેળવણી રસિક જનતાનો સંપૂર્ણ સહકાર માગે છે અને તે માટે અમદાવાદનાં શિક્ષકો, બાલમંદિરો, પ્રાથમિક તથા માધ્યમિક સંસ્થાઓ, નગરપાલિકાઓ તથા જુદી જુદી વિદ્યાપીઠો, ગુજરાત વિશ્વવિદ્યાલય, સ્ત્રી સંસ્થાઓ, સ્વયંસેવક દળો, મજૂર, તથા અન્ય મહાજનો, મિલમાલિક મંડળ અને સર્વ સામાન્ય નાગરિકોના સહકારનું એક સુંદર દર્શન નૂ. બા. શિક્ષણ સંઘના આ રૌપ્ય મહોત્સવના કાર્યક્રમમાં થશે એવી અપેક્ષા છે.

વિહારી

બાલ હિંદ બાલ ગુર્જરી

વર્ષ ૨૬ : એપ્રિલ : ૧૯૫૧ : અંક ૪

સાતરંગી ચક્ર

બાપુજી :– 'અરે ચિમન, શું કરે છે?'

ચિમન :– બાપુજી, કાલે બાલનગરમાં જોયેલું તેવું ચક્ર બનાવું છું.

બાપુજી :– ત્યાં જઈને તું કયું ચક્ર બનાવવાનું શીખી આવ્યો ? અશોક ચક્ર બનાવે છે ?

ચિમન :– ના બાપુજી, ત્યાં મેં એક નવી જાતનું ચક્ર જોયું. તે બનાવવા પ્રયત્ન કરું છું.

બાપુજી :– એવું તે વળી નવી જાતનું ચક્ર કયું છે? આ વિમળા પણ ચક્ર બનાવે છે ?

ચિમન :– બાપુજી, આ ચક્ર તો જુદી જાતનું હતું. એક બાજુથી જોઈએ તો જુદા જુદા રંગના પટાઓ દેખાય જો આ ચક્રને જોરથી ફેરવીએ તો બધા પટા દેખાતા બંધ થઈ, માત્ર સફેદ રંગ દેખાય. પહેલા મેં આ વાત સાચી માની નહિ. હું ચક્ર ફેરવતો હતો અને વિમળા જોતી હતી મને લાગ્યું કે વિમળા મને બનાવવા માટે જૂઠું બોલતી હશે. ખાતરી કરવા મેં વિમળાને કહ્યું, "તું ચક્ર ફેરવ તો ! વિમળાએ જોરથી ફેરવવા માંડયું અને રંગના પટાઓ દેખાતા બંધ થયા; માત્ર સફેદ રંગ દેખાયો. પછી ધીરે ધીરે વિમળાએ ગતિ ઓછી કરવા માંડી તેમ તેમ, જુદા રંગના પાછા પટાઓ દેખાવા લાગ્યા. આ પ્રયોગ મારે માટે ખૂબ જ નવાઇ ભર્યો હતો.

બાપુજી :– ત્યારે શું તું રંગના પટાઓ બનાવે છે ?

ચિમન :– હા બાપુજી, એ ચક્રનું નામ સપ્તરંગી ચક્ર હતું. મારે એવું ચક્ર બનાવવું છે. પણ તેને ફેરવવું કેવી રીતે તે સમજતું નથી. મોટી બેનના રંગોળીના રંગ છાનોમાનો ઉપાડી લાવ્યો છું. બાપુજી, તમે મોટીબેનને કહેશો કે મને વઢે નહિ!!

બાપુજી :– પણ ચિમન, કયા રંગો લાવ્યો છે ?

ચિમન :– એ તો મને ગમ્યા તે ઊંચકી લાંવ્યો છું.

બાપુજી :– ચિમન, એમ ગમે તે સાત રંગ ન લેવાય. એ તો પેલા મેઘધનુષ્યમાં હોય છે તે સાત રંગ લેવા જોઇએ.

ચિમન :– હા, બાપુજી, એકવાર બાએ ચોમાસામાં મને મેઘધનુષ બતાવ્યું હતું. પણ મને એ બધા રંગ યાદ નથી આવતા.

(બાપુજી ઘરમાં જઈ વિજ્ઞાનની એક ચોપડી લઈ આવે છે. મેઘધનુષનું ચિત્ર તેમાંથી બતાવે છે.)

વિમળા :– બરાબર આવું જ મેઘધનુષ બાએ બતાવ્યું હતું. મને બરાબર યાદ છે.

ચિમન :– બરાબર આવું જ હતું. પણ બાપુજી, મને કહોને; કયા રંગો લેવાય ! મને સમજ નથી પડતી.

બાપુજી :– કાગળ લે અને લખી લે તેવા રંગના પછી પટા બનાવજે.

લાલ, નારંગી, પીળો, લીલો, ભૂરો, વાદળી, અને જાંબુડી.

ચિમન :– વારુ, વારુ બાપુજી, અમે ચિત્રકામ કરીએ છીએ ત્યારે આ રંગો બનાવીએ છીએ,

વિમળા :– હા બાપુજી, અમને રંગો બનાવતાં આવડે છે. ચિમનભાઈ, ચાલ, આપણે એ સપ્તરંગી ચક્ર જલ્દી બનાવીએ. ગ.

સો રૂપિયાની નોટ

'બાપુ, એક પૈસો આપો પ્રભુ તમારી કીર્તિ અમર રાખે.' એમ બોલતો એક દુબળો ગરીબ ભિખારી છોકરો રસ્તે ચાલતા માણસો સામે હાથ લંબાવી ભીખ માગતો હતો.

આજ સવારથી તે પોતાની ફરજ પર ચડી ગયો હતો. એની ફરજ એ હતી કે ભીખ માગવી. સાંજ થવા આવી હતી પણ એક રાતી પાઈ મળી ન હતી. આ પ્રમાણે તેને બે દિવસ થયા હતા. પણ આજે તેનું નસીબ ઉઘડી ગયું હતું. તે ઘેર જતો હતો તેમાં તેના પગ સાથે એક રંગીન, સુશોભિત કાગળનો ટૂકડો અથડાયો. આ કાગળ લઈને રસ્તે જતાં એક સદ્‌ગૃહસ્થને તેણે પૂછ્યું. 'ભાઈ, આ શું છે?' પેલા સદ્‌ગૃહસ્થે કહ્યું, 'આ 'આ સો રૂપિયાની નોટ છે.' એમ કહીને તે ચાલતો થયો.

ભિખારી તો સો રૂપિયાની નોટ જોઈ આનંદમાં આવી ગયો. મનમાં વિચાર કરવા લાગ્યો કે, આજે મારું નસીબ ઉઘડી ગયું. એકાએક સુંદર વિચાર આવ્યો એને થયું મને આ નોટથી આનંદ થાય છે પણ જે માણસની આ નોટ ખોવાઈ હશે તે કેટલો ચિંતામાં હશે?

'લાવ, હું તે માણસને શોધીને આ આપી દઉં. આ પૈસા મારે ન જોઈએ. આટલા પૈસા કમાતા તેને કેટલી મહેનત તથા કેટલો વખત લાગ્યો હશે?" એમ મનમાં બોલતો એ ચાલતો થયો.

પેલા માણસે ઘેર જઈને જોયું તો પૈસા નહિ. તે એકદમ ગભરાઇ ગયો. પોતાના પતિને ગભરાયેલ જોઈ તેના સ્ત્રીએ કહ્યું, 'આમ રઘવાયાની જેમ કેમ ફરો છો?" "શું કરું, પગારના પૈસા ખોવાઇ ગયા તે શોધું છું. હાથમાં આવેલો મોટલો પણ સરી ગયો." એમ બોલી તે ઘરની બહાર નીકળ્યો. જે રસ્તે આવ્યો હતો તે જ રસ્તે ગયો. ચારે બાજુ પૈસાની જ શોધમાં એ હતો. ભિખારીના છોકરાએ આ જોયું. તે તેની પાછળ ગયો. પાસે જઇ શાંતિપૂર્વક કહ્યું. "ભાઇ, તમો આમ કેમ ફરો છો?" પેલો માણસ કાંઈ પણ જવાબ આપ્યા વગર પોતાની નોટ શોધવા લાગ્યો. આથી છોકરાને થયું કે પૈસા આ જ માણસના હશે. એટલે ફરીથી પૂછ્યું "તમો શું શોધો છો? મને કહો હું તમને તમારી ખોવાએલી વસ્તુ શોધવા માટે મદદ કરીશ." ત્યારે તેણે કહ્યું, હું સાંજે મીલમાંથી પગાર લઇને જતો હતો; તે પગારમાંથી સો રૂપિયાની નોટ પડી ગઇ છે. હું ગરીબ છું, મારે પાંચ છોકરાં છે હવે હું કેવી રીતે બધાનું ભરણ પોષણ કરી શકીશ?"

છોકરાએ કહ્યું, "ભાઇ, તમારા પૈસા મારી પાસે છે. તમો આ રસ્તેથી ગયા ત્યારે તમારી બીસામાંથી એક રંગીન કાગળ ઊડી મારા પગ સાથે અથડાયો. તે લઈ મેં એક સદ્‌ગૃહસ્થને પૂછ્યું; તેણે જવાબ આપ્યો કે આ સો રૂપિયાની નોટ છે. તેથી હું તમોને શોધતો હતો. સદ્‌ભાગ્યે તમોજ મળી ગયા." એમ બોલી છોકરાએ રંગીન કાગળ તેના હાથમાં મૂક્યો. પૈસા જોતાંની સાથે તે માણસ આનંદમાં આવી ગયો, અને કહ્યું, 'તારું નામ શું છે?"

છોકરાએ કહ્યું હું ભિખારી છું.

તે માણસ છોકરાને પોતાના ઘેર લઇ ગયો અને તેને ભાવપૂર્વક જમાડ્યો. જમી રહ્યા બાદ તેણે તેને દશ રૂપિયા આપ્યા. તે લઈ છોકરો પોતાને ઘેર ગયો. પેલા માણસને થયું કે કેવો પ્રામાણિક છોકરો છે! જો બીજાના હાથમાં એ નોટ ગઇ હોત તો પાછી આવત નહિ. દશ રૂપિયા જોઇને છોકરાને આનંદ આનંદ થઇ ગયો. એને થયું કે પ્રામાણિકતાની કેવી ભેટ!

નરસિંહ અગનજીભા પરમાર

બૃહત્ મુંબઈનું બાલશિક્ષક સંમેલન

રવિવાર તા. ૧–૪–૫૧ ના રોજ બોરિવલીના રાષ્ટ્રીય ઉપવનમાં મુંબઇ અને ઉપનગરોના બાળશિક્ષકોનું એક સ્નેહ સમેલન મુંબઇના નૂતન બાલશિક્ષક સંઘના ઉપક્રમે યોજવામાં આવ્યું હતું. ૧૨૫ ઉપરાંત ગુજરાતી અને મરાઠી બાળશિક્ષકોએ તેમાં ઉત્સાહભર્યો ભાગ લીધો હતો. મંગલ પ્રાર્થના પછી સંમેલનનું મુખ્ય પ્રવચન જાણીતા બાળકેળવણીકાર શ્રી તારાબેન મોડકે કર્યું હતું. સિક્ષક સંઘના કાર્યના વિકાસની બાબતમાં સંતોષ વ્યકત કરતાં, મુંબઇનાં હજારો બાળકોની કેળવણી પ્રત્યે શ્રી તારાબેને લક્ષ દોર્યું હતું. પ્રવચન પછી નૂતન બાલશિક્ષણ સંઘના રૌપ્ય મહોત્સવના કાર્યક્રમ સંબંધે એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. તેમાં શ્રી નામલે, શ્રી. શાંતિભાઇ રાવળ તથા શ્રી તારાબેન મોડકે એ મહોત્સવની ઉજવણી અંગે જુદી જુદી કલ્પનાઓ રજૂ કરી હતી. નૂ. બા. શિ. સંઘનાં વિવિધ કાર્યો માટે રૌપ્ય મહોત્સવ નિધિની આવશ્યકતા સમજાવવામાં આવી હતી અને સૌએ રૌપ્ય મહોત્સવમાં પોતાનો–ફાળો કેવી રીતે આપવો તેનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો. બપોરના સમયમાં વનભોજન અને સમૂહ રંજન–કાર્યક્રમો તથા રસપાન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સૌ એક બીજાની લાગણીનો અનુભવ કરી છૂટા પડયા હતા.

☆

બાળ–લેખકોને

જુનના 'બાળક અંક' માટે આમંત્રણ

માર્ચનો અંક આપણે 'સંઘનું કાર્ય' એ વિષય માટે રાખ્યો હતો; હવે આવો બીજો અંક જુન માસમાં પ્રગટ કરવાનું નકકી થયું છે. ઘણાં વર્ષો બાદ આપણે આવો અંક આપીએ છીએ તેથી સૌ સંસ્થા, લેખકો અને શિક્ષણરસિકોનો સહકાર આવશ્યક બને છે. પ્રાનસંખ્યાની મર્યાદા છતાં નીચેના વિવિધ વિષયોનો એમાં સમાવેશ કરવાની ઇચ્છા છે આપ એમાંથી શકય હોય તે લખી મોકલી આભારી કરશો? આપનો લેખ–કૃતિ ૧૫ મી જુલાઈ સુધીમાં મોકલી આપશો તો આનંદ થશે.

બાલજીવનના પ્રસંગો	કલ્પના વિહાર	બાળકોના લેખો
પંખીકથા	રમતો	જાણવા જેવું
પ્રાણીકથા	સાદાં ચિત્રો	ગણિત ગમ્મત
વનસ્પતિકથા	મહા પુરુષો	નવી શોધો
સ્વપ્નકથા	રમ્ય સ્થળો	આરોગ્ય
પ્રવાસ	પુસ્તકપરિચય	ટૂચકા
ભૌગોલિક વર્ણન, વિજ્ઞાન પરિચય	દેશદેશના લોકો	નાટિકાઓ

: લેખો માટે.

તારાબેન મોડક
શિશુ વિહાર,
દાદર, મુંબઇ ૧૪

જમુભાઇ દાણી
બ્લેવેટસ્કી લોજ
ક્રેન્ચ બ્રિજ મુંબઇ. ૭

Regd. No. 2241.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જોયંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

સંઘ-પરિચય

નૂ. ગા. શિ. સંઘના આ રૌપ્ય મહોત્સવ-વર્ષમાં સંઘકાર્યનો પરિચય ને પ્રચાર કરવા ઉપલી પત્રિકા મગાવો

૭-૮-૦

મંત્રી : નૂતન બાલશિક્ષણ સંઘ
શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ. ૬

બાગ-બગીચા-જિંદગી

મોટર હરિયાઇ વર્કર્સ-સ કોમ્પેન્સેશન ઝર્ખ પ્રકારનું વીમાકામ સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મગાવો.

ધી ઇન્ડીઅલ ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.
—: હેડ ઓફિસ :—
૬૧૫-૩૨૧ પ્રોસપેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

એંગલોરની કેપ અને જ્યોર્જેટની સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ પાલવ અને પાટલીપાલવથી ભરપૂર બાલકો
તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

ધી ગોધ્રા સ્વદેશી કોઓપરેટિવ સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ નં. ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પુના અને સિકંદરાબાદ

હવાઇ-હરિયાઇ-રેલ્વેની દેશપરદેશની મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી વિગતો,

અમારે ત્યાંથી

મેસર્સ થી. ઓન્ડ કુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

મુદ્રક અને પ્રકાશક : શ્રી ખાખીભેન મૂલજી ઠક્કર, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ-૬

ઉદય બાલવિકાસ મંડળ
નિર્દેશિકા

વર્ષ : ૨૬] ઈ. સ. : ૧૯૫૧ [અંક : ૧;

સંઘ રૌપ્ય મહોત્સવ વર્ષ ત્યાં

: પ્રમુખશ્રી :

સ્વ. જીવુભાઈ

વાતાવરણ

સર્જનને પોષે તેવું વાતાવરણ કંઈ પૈસાથી જ થાય એમ નથી. લોટકાની ફૂલદાની બને; રમપાતરમાં કે તાજ, લીલાં પાંદડાંમાં આવાનું અવાય; આસપાસનાં ઝાડોનાં પાંદડાં અને વનફૂલોથી શાળાને રોજ શણગારી શકાય; ને કલામંદિરમાં શંખલાં, છીપલાં, પીંછાં, રંગબેરંગી પથ્થરો, કુંભારનાં ભાત-ભાતનાં ઠામ, ચાકળા ચંદરવા—આવું ઘણું, વિના મૂલ્યનું કે થોડા મૂલ્યનું, મૂકી શકાય. કલાયુક્ત વાતાવરણનું રહસ્ય જાણનાર શિક્ષક વગર પૈસે સુંદર વાતાવરણ રચી શકે.

ગિજુભાઈ

: સંપાદક :
ગિજુભાઈ

: સહસંપાદક : જે.
ગિજુભાઈ દાણાવરણ

અનુક્રમણિકા

૧ મુક્ત વ્યવસાય..... તારાબેન મોડક
૨. ધરતીકંપથી યે પ્રજળ... કાન્તિલાલ કારિયા
૩. ક્રીડાંગણનાં સાધનો.....શામજી જમોડ
૪ શિસ્તપાલનમાં સહકાર...પ્રાણલાલ ઉપાધ્યાય
૫. યુરોપનો પ્રવાસ... .....તારાબેન
૬. મુંબઇનું શિશુવિહાર કેન્દ્ર.....
૭ રૌપ્ય મહોત્સવ ... ... (અમરે)
૮. પ્રેરણાને પ્રતાપે..... શાંતિભાઇ ગવળ

બાળવિભાગ

૧. એકડૂત-બાળ.....અનંત શાહ
૨. તકલી અને મોરલો ... ...પુ. હ. પટેલ
૩. લાકડાંની ભારી ..... કપિલા ઠકકર

: તંત્રી નોંધ :

જુનાગઢ 'બાલક અંક'

શિ. પ. નો આગામી અંક માત્ર બાલભોગ્ય વાંચનથી ભરેલો આપવાનો મનોરથ છે. અનેક કવિ, લેખક મિત્રોનો સહકાર ઇચ્છયો છે. એને માટે યોગ્ય પ્રયાસ થઇ રહ્યો છે. શકય તેટલા પ્રમાણમાં એ અંકને સચિત્ર પણ કરવો છે. નાનાં બાળકોના પોતાના લખેલા લેખો પણ મેળવવા પ્રયત્ન થાય છે. સૌ મિત્રો વેળાસર પોતાના ટૂંકા લેખો લખી મોકલે એટલી વિનંતિ છે.

રૌપ્ય મહોત્સવ નિધિ

"વખત બારીક છે" એ વાત સાચી છે. અને છતાં . બા. શિ સંઘે સંગીન કાર્ય કરી ગતિ સાધવી હોય તો નિધિ જરૂરી છે. સંઘ ગિજુભાઇના ભકતોની સંખ્યા સહેજે ૫ જ ગણીએ તો ય એમાંના દરેક જણ દસ ને મળી સો રૂપિયાનો સંચય કરી આપે ા ય રમતમાં એક લાખ ભેગા થઇ શકે. અને ધાં બાલમંદિરો સરસ કોન્સર્ટ કરી પાંચસો-ચસો એળવી આપે તો ય વાત કયાં પહોંચે! લ્લે અમારી વિનતિ છે કે મિત્રમંડળો રચો ને કામે લાગી જાઓ.

'વસંત' - કૂલન અર્થી

ત્રણ દાયકાથી શિક્ષણના ક્ષેત્રમાં અનેક મૂલી સેવા આપનાર શ્રી. દાસની અધ્યાપ ક હાઇસ્કૂલમાંથી નિવૃત્તિ ો અર્ત

પ્રશંસકો માટે ભારે દુઃખનો વિષય બન્યો છે. શુકલતીર્થના જૂના નર્મદાઆશ્રમને એમણે ઘડયો હતો; છેલ્લાં અર્ધી હાયકાથી આ સંસ્થાને એ અનેરું સ્વરૂપ આપી રહ્યા હતા. ચોટી, લોટી અને દોરીના આદર્શ રાખી શિક્ષણ-કાજે ભેખ લેનાર થોડાસાંના શ્રી. દાસ પણ એક છે. સાદાઇ, સંયમ ને સુસ્કારિતાભર્યા નાગરિકોના ઘડતરમાં એમનો ફાળો ઘણો મહાન છે. વિદાયવેળાએ પ્રગટ કરેલ વિદ્યાર્થીઓનો 'વસંત" અંક કઇ કંઇ સુંદરતા ને સુવાસથી મઘમઘે છે.

અમેરિકાનો ઇતિહાસ

જગતના લોકોને અમેરિકાની પ્રગતિ અને પ્રવૃત્તિનો પૂરો ખ્યાલ મળી રહે એ માટે અમેરિકન સરકાર હમણાં પૂર્ણ પ્રયાસ કરી રહેલ છે. થોડા વખત પહેલાં "યુમીસ" તરફથી હિન્દીમાં પ્રગટ થયેલ "અમેરિકન ઇતિહાસ કી રૂપરેખા" આવો સરસ પ્રયાસ છે એમાં ૧૬૦૭ થી શરૂ કરી ૧૯૪૯ સુધીનો અમેરિકાનો ઇતિહાસ સંચય કરવામાં આવ્યો છે અસંખ્ય ચિત્રોથી એ સુશોભિત છે. આજે હિંદ હવે સ્વતંત્ર થયું છે અને વિશ્વનાં મહારાજ્યોમાં સ્થાન પામી રહ્યું છે ત્યારે જગતના વિવિધ દેશનાં બાળકોને હિંદ વિષેનો આવો, પરિચય-ગ્રંથ અપાય તો કેવું

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબુભાઇ મૂલજી દફ્તરી, શાંતાગમ નારાયણ લેન, વાલકેશ્વર, મું
મુદ્રણ-સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી, ગામદેવી મુંબઇ-૭

મૂલ્ય બાબતમાં સંપર્ક

શિક્ષણ પત્રિકા

વર્ષ ૨૬ : અંક ૫] મુંબઇ [મે, ૧૯૫૧

મુક્ત-વ્યવસાય

'મુક્ત વ્યવસાય' આ શબ્દ અંગ્રેજીના 'ફ્રી એક્ટીવીટી'ના ભાષાંતરરૂપે આપણી શાળામાં પ્રચાર પામ્યો છે. મોન્ટેસોરી પદ્ધતિએ ચાલનારા બાલ-મંદિરમાં આનો એક વિશેષ અર્થ હોય છે. મોન્ટે-સોરીના ઇન્દ્રિયશિક્ષણના અને ગણિતભાષાના ખાસ યોજાયેલાં સાધનો અમુક જ રીતે વાપરવાનાં હોય છે. એ સિવાય બીજી કોઇ રીતે બાળક સ્વેચ્છાથી એ સાધનોની સાથે રમે તો તે અટકાવવામાં આવે છે. તેમ કરવાનાં ખાસ કારણો પણ હોય છે. આ પ્રમાણે અમુક જ રીતે વાપરવા જોઇએ એવાં સાધનોની સાથે, બાળકને ફાવે તેમ વાપરી શકે એવાં સાધનોની જરૂર રહે છે. જેમ કે, બાળક રંગની તકતીઓ લઇને તેનો બંગલો બનાવે તો શિક્ષક તેને અટકાવશે; પણ રંગની તકતીઓ પાછી લઇને, તેની જગ્યાએ બંગલા પેટી અથવા રંગ રંગની તકતીઓ તેને આપશે; જેમાંથી બાળક બંગલો, આગગાડી કે કોઇ રંગીન આકૃતિ કરી શકશે. એટલે માર્ગદર્શિત (directed) વ્યવસાય સાથે મુક્ત વ્યવસાય રાખવાની જરૂર રહે છે.

આ રીતે બાળકને ફાવે તેમ રમી શકે એવાં અનેક સાધનો બાલમંદિરમાં રાખવામા આવે છે અને તેનો જુદીજુદી રીતે ઉપયોગ થાય છે. તેથી એ સાધનો બધાં જ મહત્વનાં ગણવાં જોઇએ.

પહેલો ઉપયોગ

તદ્દન નવું બાળક જ્યારે બાલમંદિરમાં દાખલ થાય ત્યારે તે અમુક રીતે કંઇક મૂંઝાએલી મનસ્થિતિમાં હોય છે. બાલમંદિરના શિક્ષકો અને બાળકોથી તે અપરિચિત હોય છે. નવી જગ્યા પણ તેને અપરિચિત લાગે છે. અહીં રમવાનો કે એક બીજાની સાથે વર્તવાના નિયમો અને રીત-ભાત તેના ઘરથી ઘણી જુદી પડે છે. તે અજાણ્યું હોવાથી જ તેને બીક અને સંકોચ લાગ્યા કરે છે; એટલે અહીંના માણસો, વસ્તુઓ તથા રીતભાતથી પરિચિત થાય ને વાતાવરણમાં ભળી જાય ત્યાં સુધી એક રીતે અસ્વસ્થ અને મૂઝાએલું રહે છે. આવે વખતે બાળકના મનમાં સ્વસ્થતા અને આત્મવિશ્વાસ પેદા થવાને માટે મુક્ત-વ્યવસાય ઘણો જ ઉપયોગી થઇ પડે છે. આ સાધનોથી રમતી વખતે કોઇને કંઇ બતાવવુ પડતું નથી, કોઇ શિક્ષકની વચ્ચે ડખલ થતી નથી અને બાળક સીધું સાધન સાથે તેને ગમે તે રીતે રમે છે. તેને શિક્ષક-વર્ગમાંથી અજાણ્યા માણસો પોતાની પાસે આવે કે પોતાને કંઇ સૂચના આપે તે શરૂ-આતમા પસંદ પડતુ નથી. તેથી એકલા એકલા અથવા તેની સાથે દોસ્તી કરવા ઇચ્છતા કોઇ બાળકની સાથે રમ્યા કરવું વધારે ફાવે છે. પોતાની રમતોમાં રસ પડે તેટલો વખત રમવું, નહિ તો મૂકી દેવું; બીજા શુ કરે છે, તે જોવું, શિક્ષક કેવા છે, કોઇને મારે છે કે કેમ, વઢે છે કે કેમ એ બધું બાળક દૂરથી જોયા કરે છે. આસ્તે આસ્તે તેના મનની બીક અથવા શરમાળ-પણું અને અજાણ્યાપણું નીકળી જાય છે અને તે શિક્ષકની સાથે કામ પાડવા માટે મનથી અભિમુખ થાય છે. આ જ સ્થિતિમાં શિક્ષકે કોઇ સારી વાર્તા કહી હોય, કોઇ રમત રમાડી હોય, કોઇ વાતચીત કરી હોય, કોઇ સમુહગત પાઠ લઇને સાધનથી કેવી રીતે રમવું એ બતાવ્યું હોય તો તે બધું જોવાની અને ગ્રહણ કરવાની મનસ્થિતિમાં બાળક આસ્તે આસ્તે આવે છે. આ પ્રમાણે નવાં બાળકોને હેળવવામાં, વાતાવરણ

સાથે તેની ઓળખાણ કરાવવામાં મુકત-વ્યવસાય ઘણી જ મદદરૂપ થાય છે એને જ મેડમ મો-ટે-સોરી બાળકને નોર્મલાઈઝ થવા દેવું એમ કહે છે એટલે વાતાવરણમાં સ્વાભાવિકપણું લાગે અને તે ઘરની જેમ છૂટથી અને સ્વસ્થતાથી રમવા લાગે એ બનવું જોઇએ.

બીજો ઉપયોગ

બાળકને અમુક સાધનો અમુક જ રીતે વાપર્યા પછી થોડોક આરામ તરીકે મુકત-વ્યવસાય લેવાની ઇચ્છા થાય છે. આમાં ઝીણવટથી તુલના કરવી પડે કે વિચાર કરવો પડે એવું કંઇક હોતું નથી; મનને ફાવે તેમ, ગમે તે રચના અથવા રમત બાળક કરી શકે છે. તેથી બાલમંદિરોમાં આપણે જોઇએ છીએ કે ઈન્દ્રીય-શિક્ષણના કે ભાષા, ગણિતનાં સાધનો ઉપર ધરાઈને રમી લીધા પછી ઘણાં બાળકો નાના ઓરડામાં જઇને બંગલાપેટીથી રમે છે અથવા મોતી પરોવવાનું કામ લે છે.

ત્રીજો ઉપયોગ

દરેક બાળકમાં કંઇક કલાત્મક સર્જન અથવા કંઇ રચના કે યોજના કરવાની સર્જનાત્મક વૃત્તિની ઇચ્છા હોય છે. મુકત-વ્યવસાયમાં ઘણી વાર એ વૃત્તિને સંતોષવાનો અવકાશ બાળકને મળે છે. જેમકે, બાળક એક માળનું કે બે માળનું મકાન બાંધે; કેટલાંએક બાળકો પાયખાનાં બનાવે છે, પુલ બાંધે છે, બજાર ગોઠવે છે, જાતજાતની કલાત્મક આકૃતિઓ બનાવે છે. માટી કામમાં નવી નવી કલ્પના દોડાવે છે. આ રીતે તેમને છૂટથી પોતાની કલ્પના પ્રત્યક્ષમાં ઉતારવાની તક મળે છે. આગળ જતાં જ્યારે તેઓ ચિત્રકામ કે માટીકામ, શિવણકામ, મોતીકામ, એવા રીતસરના હસ્તવ્યવસાય કરતાં શીખે છે ત્યારે એ અમુક રીતે કરવું જોઇએ તો જ તે સરસ અને બરાબર થઇ શકે છે. જ્યારે તેઓ મુકત-વ્યવસાય તરીકે પાટિયા ઉપર લીસોટા કરે કે રંગોળીથી કંઇક આકાર ઉપજાવે છે જેમાં મુખ્ય તફાવત મુકતપણાનો હોય છે, હસ્ત વ્યવસાય તરીકે તેમને તે કળાની ટેકનીક એટલે કારીગરી બાજુ શીખવાની હોય છે જ્યારે મુકત-વ્યવસાયમાં કલ્પનાને છૂટી મૂકીને જેમ ફાવે તેમ કરવાની છૂટ હોવાથી બાળકની યોજના, રચના, કલ્પકતા વગેરેને વિશેષ અવકાશ મળે છે.

ચોથો ઉપયોગ

બાળકને કાલ્પનિક રમતો રમવાની પણ આમાં છૂટ હોય છે. જેમકે કોઇ વસ્તુની આગગાડી બનાવવી કે મોટર માની લઇને પોં પોં કરતી ફેરવવી વગેરે. આ રીતે પોતાની કલ્પનાથી કોઇ વસ્તુને અમુક માનીને એની સાથે રમવાની તક જે બાળકને મળે છે તે પણ તેના-કાલ્પનિક પુનરાવર્તનોમાં ઉપયોગી હોય છે. જેમકે, કોઇવાર આકાશમાં વિમાન જતુ બાળક જુએ તો તે જ દ્રષ્ય ફરી ફરીથી મનની આંખ આગળ લાવવું બાળકને ગમે છે અને તેના આધાર તરીકે બાળક લાકડાના બે કટકા એક બીજા ઉપર મુકીને તેને વિમાન માની શકે છે. એ જ રીતે ઘોડો કહે છે, સિંહ વાઘનાં પિંજરાં બનાવે છે. એ બધામાં બાળકને ગમેલી વસ્તુ અથવા ગમેલાં દ્રષ્યોનું કલ્પનામાં પુનરાવર્તન હોય છે. તેથી જ બાળક, વાસ્તવિક જગતની મન ઉપર પડેલી છાપ ફરી ફરીથી તેનું સ્મરણ કરી પાકી કરે છે; તેમ કરવામાં કાલ્પનિક વસ્તુઓ તેને મદદ રૂપ થાય છે.

પાંચમો ઉપયોગ

આ બધા સિવાય એક ઉપયોગ પણ મુકત વ્યવસાયમાં દેખાઇ આવે છે. બાળકની દબાએલી અથવા કચરાઇ ગએલી ભાવનાઓને વ્યકત કરવાના રસ્તાઓ બાળક ઘણી વાર મુકત વ્યવસાયમાં શોધે છે. જેમકે બાળક કોઇ વસ્તુમાંથી રાક્ષસ બનાવે છે અને તેનું માથું ઉડાવે છે; સિંહનો શિકાર કરે છે; એના મનમાં જે બરાબ માણસો હોય તેની જગ્યાએ લાકડાના કટકાઓ મૂકીને તેને બંદૂકથી ઉડાવી દે છે. એ રીતે કેટલીએક કાલ્પનિક રમતોથી મનને ત્રાસ આપતી વસ્તુઓને અથવા તો વાતોને બહાર કાઢી મનની સ્વસ્થતા અને શાંતિ મેળવે છે, આ પ્રકારની રમતો બાળકના માનસિક સ્વાસ્થ્ય માટે બહુ જ

આવશ્યક હોય છે. શિક્ષક તેમની રમતો પરથી બાળકોની મૂંઝવણો અને મુશ્કેલીઓ જાણી શકે છે અને તેને પ્રેમ, સહાનુભૂતિ અને સહકાર આપીને તેની મુંઝવણો દૂર કરવામાં મદદરૂપ થઇ શકે છે.

ઉપર આપેલા ચોથા અને પાંચમામાં જે કાલ્પનિક રમતોનો લાભ ગણાવ્યો છે તેમાં એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે એ કલ્પનાઓ બાળક તરફથી જ કરવામાં આવવી જોઇએ. કિન્ડર ગાર્ટન શાળામાં કલ્પનાશક્તિનો વિકાસ કરવા માટે બાળકો પાસે શિક્ષકે યોજેલી કાલ્પનિક રમતો રમાડવામાં આવે છે, અથવા તરંગી રમતોને ઉત્તેજન આપવામાં આવે છે. તેથી કલ્પનાશક્તિનો કંઇ વિકાસ થતો નથી. અથવા બાળકને કાલ્પનિક પુનરાવર્તન થતું નથી કે બાળકની દબાયેલી મૂંઝવણો બહાર આવતી નથી. એ તો બાળકો તરફથી જ અંદરનાં કારણે બાળકો કલ્પના કરે છે, તે કલ્પના કરનાર બાળકને ઉપયોગી હોય છે. પણ એકની કલ્પના તેને પોતાને માટે ઉપયોગી હોય હોય તો તે બીજાને માટે થશે એમ કહી શકાય નહિ. જેમકે, સરકસ જોઇ આવેલું બાળક સરકસની ઘણી વાતોનું પુનરાવર્તન કરતું હોય તે બીજાં બાળકોને અર્થશૂન્ય જણાય એ સંભવિત છે. તેમ જ, પડોશીના છોકરાને રોજ મિઠાઇ ખાતાં જોઇને પોતે ખાવા વિશેની અતૃપ્તિ અનુભવતું બાળક માટીના પેંડા, જલેબી, લાડવા બનાવીને ઢગલા કરે અને ખોટું ખોટું ખાવાનું પણ નાટક કરે; તે તેમ કરનાર બાળક માટે જરૂરનું છે; ત્યારે બીજાં બધાં બાળકોને માટે તે બીન જરૂરી હોય. એટલે મુકત-વ્યવસાય એ કોઇપણ દ્રષ્ટિએ લાભકારક થવાને માટે તે ખરેખર મુકત હોવો જોઇએ; તેમાં શિક્ષકનું માર્ગદર્શન અથવા સુચન કામનું નથી.

આમ બાળકને શાળામાં હેળવવાના કામમાં તથા આગળ જતાં પણ અનેક રીતે ઉપયોગી થાય એવા મુકત-વ્યવસાયો દરેક બાલમંદિરમાં કેટલું અગત્યનું સ્થાન ભજવે છે તે ઉપરના મુદ્દાઓથી ધ્યાનમાં આવશે.

—તારાબેન

ધરતીકંપથી એ પ્રભાત

માર્ચની ૮ મીએ રાત્રે ૨॥ વાગે સૌ પથારીમાંથી જાગી પડયા અને કેટલાક તો પોતાનાં મકાનો છોડી છોડીને સલામત જગ્યાએ જઇને બહાર ઊભાં. કારણ એમ હતું કે ધરતીકંપનો એક હળવો આંચકો લોકોએ અનુભવ્યો./ પણ જીવનમાં એવા ઘણાયે આંચકાઓ આવે છે અને લોકોને જાણ થયા વગર જ કયાં ચાલ્યા જાય છે એની જાણ પણ રહેતી નથી. 'તેજીને ટકોરો ને ગધેડાને ડફણું', એ કહેવત પ્રમાણે કેટલાક લોકોને દુનિયામાંથી કોઇ પણ એક ખૂણામાં કોઇ પણ મનુષ્યને સ્પર્શતો એકાદ આંચકો મહાન આઘાત પહોંચાડે છે, અને એનું દિલ હચમચાવી મુકે છે. ત્યારે બધી ઇન્દ્રિયોને સંકોચીને બેસી ગયેલા માબાપોને, તેની નજર સામે લાગતા ભયંકર આંચકાઓની પણ જાણ થતી નથી, ધરતીના આંચકાને બીજે જ દિવસે સવારમાં મારું પાડોશી બાળક દોડતું દોડતું મારી પાસે આવ્યું અને કહેવા લાગ્યું :

"મામા, મામા, તમે કાંઇ સાંભળ્યું?"

"શું ?"

'રાતે ધરતીકંપ થયો હતો."

"શું તું પણ જાગ્યો હતો?" તને કંઇ અનુભવ થયો ?"

"હા ! મારી બા અને બાપા બંને ઊઠી ગયા હતા અને હું પણ ઊઠયો હતો. મારા બા અને બાપા કહેતા હતા કે જરાક વધારે આંચકો લાગ્યો હોત તો બધાં મકાનો પડી જાત. વાતો કરતા કરતા બધા સુઇ ગયા પણ મને તો ઊંઘ આવે જ નહિ."

"કેમ ભલા, બી ગયો હતો કે શું ?"

"ના, ના, મને થતું હતું કે આ ધરતીકંપથી મારી નિશાળ પડી ગઇ હશે કે નહિ?"

"કેમ નિશાળ પડી ગઇ હોય તો તમને બહુ દુઃખ થાય, ખરું ને !" મેં કહ્યું.

'ના, મામા, ના; હું તો ભગવાન પાસે પ્રાર્થના કરતો હતો કે આ આંચકાથી મારી નિશાળ પડી ગઈ હોય તો કેવું સારું.'"

"આથી તને શો લાભ?"

"નિશાળ મને કડવી ઝેર જેવી લાગે છે."

"તો તો તું ઠોઠ નિશાળિયો હોવો જોઈએ."

"મામા, મને તો અભ્યાસની નિપુણતા માટે ગેરીટ ફાડ મળે છે; તો હું ઠોઠ કેમ કહેવાઉં?"

"તો તારી શાળા તને આટલી બધી અપ્રિય કેમ છે? તારી એક શાળા પડી જાય તો તારે બીજી શાળામાં જવું પડે; અને તે શાળામાં જવું ન ગમે એટલા માટે કેટલા બધા માણસોને નુકશાન પહોંચાડવાને ઈશ્વર પાસે તું પ્રાર્થના કરી રહ્યો હતો, શાળામાં તને શિક્ષક ભણાવે-છે કે શિક્ષિકા?'

"શિક્ષક"

"તમને મારે છે? તમે એનાથી ડરો છો?"

"ઓ મા રે! બહુ જ ડરીએ છીએ."

"તમે શાંતિથી તમારો અભ્યાસ કરતા હો તો આ જમાનામાં શિક્ષક તમને મારે, એ હું માનતો નથી. ચાલી તું તો એક એવી સુંદર ગણાતી શાળામાં ભણે છે કે જે ઘણું ઊંચું સ્થાન ભોગવે છે. ત્યાં બીક, ધાક ધમકી, શિક્ષા એવું હોઈ શકે એ હું માનતો જ નથી."

"મામા, અમે જરાક અવાજ કરીએ કે તોફાન કરીએ તો અમને ઓફિસમાં મોકલે છે. કલાકોના કલાકો અમને ઊભા રાખે; ક્યારેક શિક્ષક પણ શિક્ષા કરે. જુઓને ઘરમાં આખો દિવસ જરાકે અવાજ કરીએ તો ભાભી વઢે; આને બબર પડે તો માથું વગર મૂકે જ નહિ. નિશાળમાં જઈએ તો મારતર 'શાંતિ' શાંતિ' કરીને જીવ ખાય. અને જો જરાક તોફાન થઈ ગયું તો ભોગ જ લાગ્યા. તો પછી અમારે રમવું ક્યાં?"

ધરતીકંપના આંચકાથી યે વધારે ભયંકર આંચકો બાળકની આ વાતમાં નથી? આઝાદ ભારતને સુદૃઢ અને નીડર શહેરીઓની ભેટ ધરવા માગતા ઓ મોભાધો! શાળાના શિક્ષકો, અને નિયામકો, આ વાતથી જરાક હળવો આંચકો અનુભવી જરા સામાન્ય જીવનમાંથી માથું ઊંચું કરી હળવા બાળકોના પ્રશ્ન તરફ જરાક દૃષ્ટિ કરો અને એક બીજા ઉપર દોષારોપણ કર્યા વિના કાંઈ પણ કરી શકો તો કરવા તત્પર બનો. એમાં જ છે આઝાદ ભારતની સેવા.

ગણાતી શાળામાં ભણે છે કે જે ઘણું ઊંચું

કાંતિલાલ કારિયા

ક્રીડાંગણનાં સાધનો

૪. ચકડોળ

સાવ નાનાં બાળકોનું નિરીક્ષણ કરતાં જાણવાનું મળે છે કે કોઈ પણ ફરતી ચીજ બાળકોને વધારે ગમે છે. ગતિવાળી વસ્તુ બાળકોને વધુ આકર્ષે છે. જેમકે દડો, ભમરડો, ચકડોળી, ચાલણગાડી વગેરે. આ સાધનોમાં જે ગતિ પેદા થાય છે તેમાં બાળકને રસ પડે છે, ચકડોળ પણ એમાનું જ એક સાધન ગણાવી શકાય.

કોઈપણ જાતની ગતિ બાળકના મનને ખેંચે છે. ઝોડતું, પંખો, દોડતી મોટર, આગગાડી કે સાઈકલ. એ જ પ્રમાણે ઘરમાં લટકતો હિંડોળો, ઘોડિયું કે બીજી એવી કોઈ ચીજ. આ ગતિવાળી ચીજો અથવા તો ફરતી ગતિ જ બાળકને પ્રિય હોય છે. એનું કારણ એ છે કે બાળક પોતે પણ આ કાળે ગતિમાન હોય છે. તેને પોતાને સ્થિર રહેવું ગમતું નથી. ગતિએ ગતિનો સહચાર થવાથી એકતા ઊભી થાય છે. તેથી જ બાળક ગતિમાન ચીજ વસ્તુઓ તરફ આકર્ષાય છે ને રાજી થાય છે.

એ જ પ્રમાણે ગતિમાન બીજી ચીજો-જેવી કે ભમરડો, ચકડોળી, લખોટા, ફરફરિયા વગેરેને ફરતાં જોઈને બાળક રાજી રાજી થાય છે ને તેનાથી રમવા લલચાય છે. આ પ્રમાણે બાળક નાની ઉંમરમાં માત્ર દર્શન, અવાજ અને ગતિને જોઈને આત્મસંતોષ અનુભવે છે. આ રીતે એના મનનો વિકાસ પણ એટલો પૂરતો થાય છે. માટે માબાપોએ અને બીજાઓએ બાળકોને આવી વસ્તુઓ અવશ્યનવાં પ્રબંધો બની શકે તો તેનો જાત-

અનુભવ કરાવવો. જુદી જુદી ગતિવાહક ચીજ વસ્તુઓનો અનુભવ દર્શનથી કરાવવો જોઇએ.

પરંતુ બાળક ચાર, પાંચ કે સાત વર્ષ જેટલું મોટું થાય છે ત્યારે માત્ર તે ગતિ જોઇને સંતોષ માનતું નથી. હવે તો તેના શરીરના અવયવો પણ ઠીક પ્રમાણમાં વિકસ્યા હોય છે. અથવા એમ કહીએ તો પણ ખોટું નથી કે ગતિવાળાં રમકડાં કે બીજાં સાધનોથી રમીને શરીરના અવયવો યોગ્ય રીતે વિકસાવવાની ઇચ્છા હોય છે

જેમકે; ૨।।, ૩ વર્ષનું બાળક લાકડાની નાની ચકકરડી ફેરવવાનો પ્રયત્ન કરે છે. વાર'વાર ફેરવવાથી તે સ્વયં ફેરવતાં શીખે છે. આ સાધન દ્વારા બાળક પોતાની આંગળીઓના સુયોગીકરણથી અને શક્તિથી ચકકરડી ફેરવે છે. જ્યારે તેનાથી ચકકરડી ફરે છે ત્યારે ગતિ પેદા થાય છે. ચકકરડી ફરવા માંડે છે અટકે છે વળી ફેરવે છે. ગતિ બાળકને ગમે છે, તે આપણે જાણી લીધું છે. અથવા બાળક નાની ઉમ્મરમા બીજાએ પેદા કરેલી ગતિ જોઇને રાજી થતું હતું; હવે તો તે પોતાના હાથ વડે જ પેદા કરેલ ગતિ નીરખે છે. અને ત્યારે તેના આનંદનો પાર રહેતો નથી.

આ રીતે બાળક ચકકરડી ફેરવીને પોતાના હાથના સ્નાયુઓનો અને મનનો વિકાસ થોડા પ્રમાણમાં સાધતો જાય છે. એ પ્રમાણે પાંચ વર્ષનું બાળક ભમરડો પણ ફેરવે છે. ભમરડામાં બાળક વધારે ચતુર, ચાલાક અને અંદાજવાળો બને છે. ભમરડાની અનેક જાતની રમતો શરીરનાં જુદાંજુદાં અંગોને કેળવે છે. ખાસ કરીને મુખ્યત્વે નિશાનતાકની અને ધાર્યો ઘા કરવાની કેળવણી ભમરડાની રમતોમાંથી સાધ્ય કરી શકાય છે.

પણ આપણે તો આજે જે વાત વિચારવાની છે તે પૈડાંની. માણસના ઉત્ક્રાંતિવાદમાં સૌથી પ્રથમ કોકોએ મોટા પથ્થરને એક જગાએથી બીજી જગાએ લઇ જવા પ્રયત્ન કર્યો. પથ્થર ઉપાડ્યો ઉપડે તેમ ન હતો. તેથી તેઓ તેને ઉથલાવીને દેડવીને લઇ જવા લાગ્યા. આમ અનેકવાર ઉથલાવવાથી પથ્થરના ખૂણા તૂટી ગયા ને પથ્થર ગોળ થયો. એ પછી પથ્થર થોડી મહેનતે દડવા લાગ્યો આવી જાતની ક્રિયા તેઓએ નદીમાં દડતા પથ્થર, ડુંગર પરથી એની મેળે દડતા પથ્થર વગેરેમાં જોઇ. બસ આ દિવસથી પૈડાંની શોધ થઇ હોય એમ આપણે માનીએ. વળી ખૂબીની વાત એ છે કે આ પૈડાંના વિકાસમાં તો આજે દુનિયા વિજ્ઞાનની ટોચે પહોંચી ગઇ હોય એમ લાગે છે. પરંતુ આજે આપણે બાળકોને ફેરવવાનાં પૈડાંની વાત કરવી છે.

આપણે આગળ જોઇ ગયા કે બાળકને ગતિ ગમે છે; પછી તેણે પોતાની શક્તિથી ગતિ શરૂ કરી એ જ વાતને આગળ લઇએ તો તે પછી આવે છે. લોખંડના સળિયાના ગોળ પૈડાં ૭-૮ વર્ષનાં બાળકોને ફેરવવાનું બહુ ગમે છે. વળી પૈડાંની સાથે બાળકે પણ દોડવું પડે છે એટલે બાળકના પગ કસાય છે અને દોડવાની કસરત આપોઆપ મળી રહે છે.

આ રીતે પૈડાંનું સાધન બાળકના શરીર-વિકાસ માટે અતિ ઉપયોગી છે. બાળકની ઉંમર પ્રમાણે પૈડાં નાનાં–મોટાં રાખવા. પૈડાં હાથથી તેમ જ આંકડાથી પણ ફેરવી શકાય છે. પૈડા એ કાંઈ નાનાં બાળકો માટેની જડ રમત નથી પણ બાળકના શરીરવિકાસનું એક ઉત્તમ સાધન છે. માટે બાળકોને મોટેરાંઓએ પૈડાંથી વંચિત રાખવાં જોઇએ નહિ.

—શામજી જમોડ

શિક્ષણપાલનમાં બાળકનો સહકાર

નાનું બાળક રિસાઇને અથવા રડવને અડકવા જાય તો આપણે તેને અટકાવીએ છીએ. અણીદાર અથવા ધારવાળી વસ્તુ બાળક માગે તો પણ આપણે તે આપતા નથી. તે વખતે બાળક હઠ કરે અને રડે તો આપણે તેને બીજી વસ્તુ આપીને અથવા બીજું કશાકે લઈ જઇને, ચૂપ વસ્તુ ભુલાવવા પ્રયત્ન કરીએ છીએ; તેમ છતાં બાળક હઠ મૂકે નહીં તો તેને રડવા દઇએ છીએ પણ તેને સ્વચ્છંદ પ્રમાણે વર્તવા દેતા નથી. કારણ કે, આપણે જાણીએ છીએ કે સ્વચ્છંદી

વર્તનથી તેને નુકસાન થશે. આપણા બાળક ઉપરના પ્રેમને લીધે જ આપણે તેની ઇચ્છાથી વિરુધ્ધ જઇને તેને નુકસાનમાંથી બચાવીએ છીએ.

પણ બાળપણમાં માબાપો બાળકની સલામતી માટે જેટલી દરકાર રાખે છે તેટલી દરકાર બાળક મોટું થયા પછી નથી રાખતા, એવા દાખલા મેં જોયા છે. બાળક મોટું થવા માંડે પછી જરા વાગે તો વાંધો નહીં એ વાત ખરી, પણ તેનામાં ખોટી ટેવનાં મૂળ બંધાવા માંડે તે તો નહીં જ પરવડે. છોકરો હઠ કરે એટલે ચોકલેટ આપ્યા જ કરવી; માગે તેવાં રમકડાં ખરીદ્યા કરવાં; માગે તેટલા પૈસા ગજવાખરચ માટે આપ્યા જ કરવા; ઉધ્ધતાઇભર્યું બોલે ત્યારે હસી કાઢવું અને મક્કમતાથી શિખામણ આપવી જ નહીં; નિશાળ ચાલુ હોય ત્યારે સિનેમા જોવા લઇ જવો; શાળા ચાલુ હોય ત્યારે પણ ક્રિકેટ મેચ જોવાની ટિકિટ લઇ આપવી—આ બધું કરવાથી બાળકને અયોગ્ય ટેવો પડે છે અને તેનું ભણતર તથા વ્યક્તિત્વ બંને ઉપર ખોટી અસર થાય છે. માબાપ બાળકનું કહ્યું કર્યા જ કરે તો શરુઆતમાં થોડો વખત માબાપ અને બાળક વચ્ચે થોડો પ્રેમ વધતો દેખાશે પણ આ લાડથી થોડા જ વખતમાં બાળક હઠીલો થઇ જશે અને જ્યારે માબાપ તેને શિખામણ આપવા જશે ત્યારે તે નહીં માને. પહેલાં હઠીલો થશે અને અંતે ઉધ્ધતાઇભર્યું વર્તન પણ કરશે. કોઇપણ માબાપ, આવી સ્થિતિ આવે તે ઇચ્છતા નથી, છતાં ઘણા આવી ભૂલ કરતા હોય છે.

ઘરમાં મોટી ઉમ્મરનાં સ્ત્રીપુરુષો ગુસ્સે થઇને કે ઉધ્ધતાઇથી બોલે તો તે સાંભળીને બાળક બોલવા ટેવાય છે. મોટાંને જૂઠું બોલતાં સાંભળે તો જૂઠું બોલતાં શીખે છે. મોટાને અસ્વચ્છ રહેતાં જુએ તો તે સ્વચ્છતા માટે બેદરકાર રહે છે. સ્વતંત્ર પ્રજાસત્તાક દેશના નાગરિકો તરીકે આપણાં બાળકોમાં શિસ્ત કેળવાય એ ઇચ્છવા જોગ છે. આપણે એમ માનીએ કે બાળક બધી રીતભાત નિશાળમાં જ શીખશે અને ઘરમાં તેના ઉપર દેખરેખ રાખવાની જરૂર નથી, તો તે માન્યતા ખોટી છે. આ ખોટી માન્યતાથી છેલ્લાં કેટલાંક વર્ષોમાં હિન્દના વિદ્યાર્થીઓને સ્વચ્છંદતા, ઉધ્ધતાંઇ, આળસ અને ખોટી બડાઇ મારવાની ટેવો પડી છે. માબાપ, સગાંઓ અને શિક્ષકવર્ગ-બધાં મોટી ઉમ્મરનાં સ્ત્રીપુરુષો તરફ જે સભ્યતા અને માન વિદ્યાર્થીઓએ અને બાળકોએ બતાવવાં જોઇએ તેમાં કંઇક ઉણપ લાગે છે. ઘરમાં અને નિશાળમાં સ્વતંત્રતા અને પ્રેમ સાથે શિસ્ત પણ કેળવાવું જોઇએ.

વિદ્યાર્થી અવસ્થામાં બાળકોએ પણ ફરજ બજાવતાં શીખવું જોઇએ અને અભ્યાસપૂર્વક વર્તતાં શીખવું જોઇએ.

નિશાળમાં વિદ્યાર્થીઓના અભ્યાસ અને વર્તન વિષે ચોક્કસ નિયમો હોય છે. તેનો હેતુ એ છે કે વિદ્યાર્થી ભણવામાં અને વર્તનમાં ઉત્તમ બને. હવે જે વિદ્યાર્થી ઘરના વર્તનમાં આ નિયમો તોડતો થયો હોય તો તેનામાં એ નિયમો તોડવાની ખોટી ટેવ પેસી જાય છે, અને નિશાળમાં પણ તે યોગ્ય વર્તન બતાવી શકતો નથી અને શિક્ષકો ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ ઘરનું વાતાવરણ સુધરે નહીં ત્યાં સુધી વિદ્યાર્થીનું વર્તન પછી પૂરેપૂરું સુધરતું નથી.

નીચેની બાબતોમાં જો બધાં માબાપ ધ્યાન આપે તો બધાં બાળકોનું વર્તન ઉત્તમ થાય :—

(૧) બાળકોને ખોટા લાડ ન લડાવવા. (૨) તેમનાં શરીર, કપડાં અને પુસ્તકો સ્વચ્છ રહે છે કે નહીં તેની દેખરેખ રાખવી. (૩) મોટાં સાથે સભ્યતાપૂર્વક બોલવાની અને કર્યા વગર સાચું બોલવાની ટેવ પાડવી. (૪) સમય પ્રમાણે અને ચોકસાઇથી બાળક કામ કરે છે કે નહીં તેની દેખરેખ રાખવી. (૫) તેનામાં પ્રમાણિકપણે તથા બધા સાથે હળીમળીને કામ કરવાની ટેવ પડે તેવા પ્રયત્નો કરવા. (૬) તે રોજ જોઇતો અભ્યાસ કરે છે કે નહીં તે જોતા રહેવું. (૭) તેને ચોરાટ કર્યા વગર રમતાં અને કામ કરતાં શીખવવું. (૮) નિશાળમાંથી અભ્યાસ અને વર્તન માટે જે

નોંધે આવે તે ઉપર ધ્યાન આપવું. (૯) નિશાળના નિયમો બાળક પાળી શકે તે માટે બનતી સહાય કરવી. (૧૦) નિશાળના નિયમો માટે તમારો જે અભિપ્રાય હોય તે સીધો આચાર્યને કાગળ લખીને જણાવવો પણ બાળક સાથે તેની ચર્ચા કરવી નહીં. (૧૧) તમારા બાળકના મિત્રો સારા છે કે નહીં તેની તપાસ રાખતા રહેવું. (૧૨) તે બધા વિષયો સરખા ભણે છે કે કોઇ વિષયમાં બેદરકાર છે તેની તપાસ રાખવી. (૧૩) તેને ગંદા વિષયોવાળાં પુસ્તકો અથવા ચોપાનિયાં વાંચતો અટકાવવો અને યોગ્ય પુસ્તકો વાંચવા આપવાં. (૧૪) તબિયત બગડે એવો ફરિયાદો પાસેનો ખોરાક ન આવતી બાળકોને સુચના આપવી અને પુષ્ટિકારક સ્વચ્છ ખોરાક ખાવાની સલાહ આપવી.

આવી બાબતો માટે માબાપોનો સહકાર મળે તો શાળાઓનો પ્રયત્ન વધારે સફળ થાય, અને આપણે વધુ જવાબદાર નાગરિકો ઘડી શકીએ.

—પ્રાણલાલ ઉપાધ્યાય

ઝૂંપડીનાં બાળ

મેં તો જોયું ઝૂંપડીનું બાળ;
એ તો લોટતું'તું કંથામાં કમાલ....મેં તો—
વેંત શી ઝૂંપડીમાં આવ્યું માનવી;
કરવા માડીનાં એ રૂડાં કામ....મેં તો—
ચોગ્ગી ચણુક એ દીસંતી ઝૂંપડી;
એમાં હસી રહ્યાં નાનેરાં બાળ....મેં તો—
હેતે નિતરતું કુટુંબ એ બેસતું;
ઝૂલાવે હૈયાના હીરે એ બાળ...મેં તો—
ધરતીનાં છોરુ ને હિંદનાં લાડીલા;
કોડે બને એ મહેનતનાં મહેમાન...મેં તો—
ગાંધાજીને ગમતાં વહાલાં ને દવલાં;
ચાલો સમજીએ ઝૂંપડીનાં બાળ....મેં તો—

— મૂળદેવ પંડ્યા

યુરોપનો પ્રવાસ

એ. એસ. નીલની સમરહિલની સ્વતંત્ર શાળા

ભાવનગરમાં હું ૧૯૩૨માં ગઇ તે સમયે દક્ષિણામૂર્તિ ભવનમાં ત્રણ પાશ્ચાત્ય લેખકોનાં પુસ્તકો ખૂબ રસપૂર્વક વંચાતાં હતાં એક તો ડો. મોન્ટેસોરી, બીજા સિગ્મન ફ્રોઇડ અને ત્રીજા એ. એસ. નીલ. ડો. મોન્ટેસોરીની પધ્ધતિ તો ત્યાંના જીવનમાં વણાઇ ગઇ હતી. બાલમંદિરમાં એ પધ્ધતિ અમલમાં મુકાઇ હતી. અને તેમનાં બધાં સાધનો ત્યાં લાવીને તેનો ઉપયોગ કરી જોવાતાં હતાં. આટલું જ નહિ તો તે એક જીવનસ્પર્શી વિચારસરણી છે એમ સ્વીકારાતું હતું. મનુષ્યપ્રાણીના તે સાચા વિકાસના સિધ્ધાંતો છે, એમ માનવામાં આવતું હતું. કારણ, સ્વાતંત્ર્ય ને સ્વયંસ્ફૂર્તિના વાતાવરણમાં વ્યક્તિગત સંપૂર્ણ વિકાસ સાધી લેવાની તક દરેકને આપવી. પોતાના જ પ્રયત્નો દ્વારા પોતે જ સંપાદન કરેલું તેમ જ પોતે શીખેલું હોય તે જ સાચું શિક્ષણ. પોતાની જ ઇચ્છાથી શિસ્તને આધીન થઇને તેમ જ સંયમ પાળીને, અમલમાં મૂકેલી શિસ્ત તે જ સાચી શિસ્ત, વગેરે મુદ્દાઓ જેટલા બાલ્યવસ્થા માટે સાચા છે તેટલા જ મોટાઓના જીવન માટે પણ સાચા છે. આ પ્રકારના વિચારો તે સમયે ત્યાંના કાર્યકર્તાઓના અને ખાસ કરીને શ્રી ગિજુભાઇના હતા.

પણ ઉપર કહ્યા મુજબ ડો. મોન્ટેસોરીના વિચારો ત્યાંના જીવનવિષયક વિચારોના તાણામાં હતાં અને તાણાની જગ્યાએ એટલે કે વણાટ જે આડા સુતરના તાર નાખીને કાપડ વણવામાં આવે છે, તેમાં ફ્રોઇડ તથા નીલના વિચારોનો પ્રભાવ હતો. હું ભાવનગર ગઇ ત્યારે ડો. મોન્ટેસોરી વિશે થોડું વાંચ્યું હતું. બાકી ફ્રોઇડ તથા નીલનાં નામ પણ સાંભળ્યાં નહોતાં. ફ્રોઇડના IntroductoryLectures નો તો અમે Study circle માં અભ્યાસ કર્યો. નીલનાં પુસ્તકો ખૂબ રસથી ફરી ફરીને વંચાતાં હતાં.

એમનાં પુસ્તકો એટલે માનસશાસ્ત્ર જેવા ગહન વિષય ઉપર છતાં ગંભીર, અરસિક તથા ક્લિષ્ટ શૈલીમાં લખેલા મોટા ગ્રંથો જેવા નથી. પણ વાંચનારાઓને એકાદ નવલકથા અથવા નવલિકાના રસમય પુસ્તકો હોય એવું જ લાગે છે. તેથી જ ઇંગ્લંડ, અમેરિકા, યુરોપમાં તે લોકપ્રિય થયા, એટલું જ નહિ તો આપણે ત્યાં વ્હીલરનાં બુક-સ્ટોલ પર પણ મેં એમનાં થોડાંએક પુસ્તકો જોયાં છે. તેમાં પણ તેમનું "ડોમિનીઝ લોગ" પુસ્તક બહુ જ પ્રખ્યાત છે. અમારા મન પર, આ ડોમિનીનાં પાંચે પુસ્તકોની સાથે ખાસ કરીને 'ગ્રોઇંગ્લેમ ચાઇલ્ડ' એ પુસ્તકે વિશેષ છાપ પાડી. અમારા તે વખતમાં વાંચન તથા અભ્યાસમાં મોન્ટેસોરી પદ્ધતિ સાથે જો આ બે લેખકો ન હોત તો મને એમ જ લાગે છે કે અમે માત્ર મોન્ટેસોરીનાં જ ભક્ત બન્યા હોત. અમને બાલ-શિક્ષણ અને મનુષ્યના ખરા વિકાસ વિષે વિચા-રવાની પ્રેરણા આ ત્રણે લેખકો પાસેથી મળી. મુખ્યત્વે ક્રોધડ અને નીલના ગ્રંથોમાંના પરીક્ષણદ્વારા અમારા વિચાર તથા આચારમાં સમતોલપણું આવ્યું, વિશાળતા આવી અને ડગલે ડગલે વિચાર કરવાની પ્રેરણા મળી. એટલું જ નહીં તો મોન્ટેસોરી પદ્ધતિના સિદ્ધાંતનો ઊંડો મર્મ અને મહત્વ પણ આ બે લેખકો પાસેથી જ સમજ્યો એમ કહીએ તો ચાલે. પણ ખૂબી એ છે કે નીલનાં પુસ્તકોમાં મોન્ટેસોરી પદ્ધતિની ટીકા જ હોય છે તો પણ દક્ષિણામૂર્તિની વિચારપ્રણાલિકામાં આ ત્રણે લેખકોનો ભાગ છે એમાં કંઈ શંકા જ નથી.

આ બેમાંથી નીલની શૈલી મજાની, હળવી પણ મર્મભેદી, વિચારપ્રેરક અને ખાસ કરીને વિનોદી હોવાથી તેનાં પુસ્તકો મેં અનેકવાર વાંચી આનંદ મેળવ્યો છે. અમારી હંમેશની વાતચીતનાં વિનોદમાં સ્વાભાવિક રીતે નીલનું નામ અથવા એના પુસ્તકમાંથી કંઈક વાતોનો ઉલ્લેખ થતો હતો.

મુંબઈ આવ્યા પછી પણ. તેમનું લખાણ મને એટલું જ પ્રિય રહ્યું. That Dreadful School અને Problem Parent' આ નવાં પુસ્તકો વાંચવામાં આવ્યાં. એકંદરે એ. એસ. નીલનું સ્થાન ઉત્તમ શૈલીના લેખક, વિચારક અને જીવન વિષે નિર્ભયપણે નવી જ રીતે વિચાર કરનાર તથા બીજાને વિચાર કરાવનાર તત્ત્વવેતા તરીકે અમારા હૃદયમાં ચિરસ્થાયી થયું હતું.

આથી, વિલાયત જવાનો મોકો મળવાથી નીલને તો મળવું જ અને તેની શાળા જોવી જ એવો મેં નિશ્ચય કર્યો હતો, અને એ વાતની આગળ વ્યક્ત પણ કર્યો હતો. એક સારા શિક્ષણ-વેત્તાએ મને ટોકી હતી કે તમારે શાળા જોવા જવું હોય તો જીવ પણ સહેજ કાબૂમાં રાખજો, તેમની શાળામાં જતું એકાદ્દેક બાળક તમારા ગાલ ઉપર એક તમાચો મારે તો સંભાળી લેજો.

તેમ જ બીજી એક ઇંગ્લંડની મુખ્યા-ધ્યાપિકા બહેન સાથે વાતો કરતાં અમે નીલ માટે પૂછ્યું તો તેમણે કહ્યું, "નીલનું તત્વજ્ઞાન અમને માન્ય નથી. એક વખત અમારા શિક્ષકસંઘમાં વ્યાખ્યાન આપવા માટે આવ્યા અને શરૂઆત જ એવી કરી કે, ધારોકે એક બાળક કાદવથી ખરડેલા બૂટ પહેરીને દિવાનખાનામાં આવે તો શી હરકત છે?" આવા એમના વિલક્ષણ તથા સામાન્ય લોકોને ચકિત કરનારાં વાક્યો કહીને તે અધ્યાપિકા હસતાં હતાં. બીજે પણ એક બે ઠેકાણે તેમના વિક્ષિપ્તપણાની જ વાતો સાંભળી, આથી તેમને મળવાની તથા તેમની શાળા જોવાની મારી જિજ્ઞાસા વધુ તીવ્ર થઈ. કારણ અમે તો તેમના ભક્તો હતા એમ કહીએ તો પણ ચાલે. વિલાયત જતા પહેલાં તેમના સંબંધી ઉત્તેજનાત્મક વાતો ફક્ત એક જ વ્યક્તિ પાસેથી સાંભળી અને તે વ્યક્તિ તે શ્રી. સરલાબેન સારાભાઇના પુત્ર શ્રી ગૌતમભાઇ. 'નીલની શાળા જોયા વગર આવશો જ નહિ એવું' એમણે ખાસ ભારપૂર્વક કહ્યું હતું.

આવો જાતની પ્રાથમિક હોવાથી મારી જિજ્ઞાસા ખૂબ જ તીવ્ર થઈ; તેથી અમે ઇંડિયા ઓફિસમાંનાં મિસ બોઝ જે અમારો કાર્યક્રમ ઘડતા હતા તેમને, નીલને ટેલીફોન કરીને દિવસ નક્કી કરવા માટે કહ્યું. ટેલીફોનમાં જવાબ આવ્યો કે, "અમારાં બાળકોએ પાર્લામેંટમાં ઠરાવ્યું છે કે હવે કોઇ પણ મહેમાનને શાળા જોવા માટે

આવવા દેવા નહિ, કારણ હમણાં ખૂબ મહેમાનો આવી ગયાં હતાં અને એમની ખૂબ કટકટ હોય છે. પહેલાં જે જે સાંભળ્યું હતું તેમાં આવા જવાબથી ઉમેરો થયો પણ આટલે દૂર આવીને નીલને મળ્યા વગર જવું એ ખૂબ દુઃખમય લાગ્યું. આખરે ટેલીફોન પર જ શાળા જોવાની અમારી તીવ્ર ઇચ્છા પ્રગટ કરીને પરવાનગી મેળવી, અને એક રાત ત્યાં રહેવાનું નક્કી કર્યું. થોડો પત્રવ્યવહાર થયો અને જમવાનું, રહેવાનું બધું નક્કી થયું.

અમે ખૂબ જ ઉત્સાહપૂર્વક સમરહિલની શાળામાં ગયા. જતાની સાથે જ દરવાજા પર એ. એસ. નીલ અને તેમની દીકરી અમને મળી. તેમને મળાશે એ વિચારથી ખૂબ આનંદ થતો હતો. તો પણ થોડી બીક પણ લાગતી હતી. પહેલાં જ શું કહેશે કોણ જાણે ! એવું લાગતું હતું. કંઈ પણ વિચિત્ર રીતે બોલીને એક ધક્કો મારશે એવી અપેક્ષા હતી. પણ તેમને જોનાં વિચિત્ર એવું કશું જ દેખાયું નહિ. તેમનું સૌજન્ય, સભ્યતા તથા મળતાવડા સ્વભાવથી તે જ વખતે અમને આનંદ થયો અને મન શાંત થયું.

અમને તરત જમવાના ઓરડામાં લઈ ગયા અને એક શિક્ષકને અમારી જવાબદારી સોંપી. ખોરાક તદ્દન સાદો તથા સાત્વિક હતો. ઓરડામાં અન્ય શિક્ષકો જમતા હતા તથા અંદર અંદર ઠઠ્ઠા મશ્કરી કરતા હતા. અમારી તરફ કોઈ જોતું નહોતું, એટલે અમને ખૂબ સારું લાગ્યું. જમતાં જમતાં અમને એક શિક્ષકે આવીને કહ્યું કે બાળકોની અદાલત (કોર્ટ) ચાલુ છે. માટે જોવી હોય તો તમારી રકાબી લઈને ત્યાં ચાલો. તેથી અમે ત્યાં ગયા. આજે કામ ઘોડું હોવાથી તે જલદીથી પૂરું થશે તેથી અમે ત્યાં ગયા. અમારા આવવાથી બાળકો ગુસ્સે થશે કે શું, એવી બીક હતી જ ! પણ એમણે અમારા તરફ જોયું જ નહિ અને કામ ચાલુ રાખ્યું. છેવટનો કેસ ચાલુ હતો. એક નાના (૯–૧૦ વર્ષના) બાળકે ઊઠીને કહ્યું કે અમુક એક બાળક ગાલે ચીમટા દે છે અને ગાલ ખેંચે છે. અપરાધી હાજર થતાં જ ન્યાયાધીશે તેને કંઈક પ્રશ્નો પૂછ્યા. એમનું બોલવું અમને બરાબર સમજાયું નહિ. પણ પ્રશ્નોત્તરી પછી કહેવામાં આવ્યું કે કોર્ટ આનો નિકાલ પછી આપશે. અને કોર્ટનું કામ પૂરું થયું. અમને થોડી નિરાશા થઈ પણ તેમની પદ્ધતિ થોડી ઘણી જોવા મળી તેથી સમાધાન થયું.

ત્યારપછી એ. એસ. નીલના ઉપરના ઓરડામાં અમે ગયા. સાદી લાકડાની સગડી પાસે બેસીને અમે એક કલાક સુધી વાતો કરી. ગાંધીજી, મોન્ટેસોરી, રવીન્દ્રનાથ વગેરે ઘણી વ્યક્તિઓ વિષે વાતો થઈ. તેમાં પહેલા એને ગાંધીજી અને મોન્ટેસોરીને તો તેમણે વખોડી કાઢ્યા. 'જગતમાં આ મોરેલિસ્ટોએ ખૂબ નુકસાન કર્યું છે.' એમ કહીને ગાંધીજીને તેમણે બાજુમાં મૂકી દીધા, અને મોન્ટેસોરી પદ્ધતિની થોડી ઠેકડી પણ કરી ઈંગ્લંડમાંની એક મોન્ટેસોરી શાળાનો અનુભવ કહીને પોતે ખૂબ હસ્યા. તેમની ને પોતાની વચ્ચે કદી પૂરી ન શકાય એવો ખાડો છે એમ તેમણે કહ્યું.

તે જ પ્રમાણે તેમની શાળાના કેટલાએક અનુભવ અને પદ્ધતિ વિષે તેઓ ઘણું બોલ્યા. તેમની સ્વાતંત્ર્યની કલ્પના વિષે ઘણી વાતો થઈ. તેમના જેટલી આત્યંતિક કલ્પના પ્રત્યક્ષ આચરણમાં મૂકવામાં મુશ્કેલી આવે કે નહિ ને છોકરાઓને પણ સાચેસાચ ફાયદો થાય છે કે કેમ એવો પ્રશ્ન મેં પૂછ્યો, તેમના જ That Dreadful School તેમણે જ જે લખેલું છે તેને ઉદ્દેશીને આ પ્રશ્ન હતો. તેમણે જવાબમાં કહ્યું કે તેમના સ્વાતંત્ર્ય વિષેના વિચારો પર તેમનો પૂરેપૂરો વિશ્વાસ હજી પણ છે અને દિવસે દિવસે અનુભવથી તે વધે છે. તેમણે એક બે દાખલાઓ આપ્યા.

તેમણે કહ્યું કે "અમારા દેશના કાયદાથી ૧૪ વર્ષની નીચેનાં બાળકોને બીડી પીવાની મનાઈ છે. તો તેવો જ કાયદો આપણી શાળાના પાર્લામેંટે પણ કરવો એવો મેં ઠરાવ મૂક્યો. સારું એવું ભાષણ કરીને, એવો કાયદો સરકારે શા માટે કર્યો તે સમજાવ્યું, એટલે બધાંને તે ઠીક લાગ્યું અને તેમણે કાયદો પાસ કર્યો; પરંતુ ૧૫ દિવસની જ

એ કાયદો કાઢી નાખવાની સૂચના આવી. મેં ઘણું સમજાવ્યું પણ અમારા સારા વિચારક વિદ્યાર્થીઓએ જ મારો વિરોધ કર્યો. તેમનો મુદ્દો એ હતો કે આ કાયદો ન હતો ત્યારે થોડાએક છોકરાઓ બીડી પીતા પણ તે છુપી રીતે. જ્યારે હવે, પાયખાનામાં ને ભીંત પાછળ ને એવી રીતે છૂપી રીતે પીએ છે, એ પ્રસંદ કરવા જેવું નથી. તેમ જ પહેલાંના કરતાં વધારે પ્રમાણમાં છોકરાઓ બીડી પીવા લાગ્યા છે, સિવાય, બીડી પીવાથી છોકરાઓને જેટલું નુકશાન થાય તેના કરતાં કાયદો તોડીને ચોરી કરવાથી નૈતિક નુકશાન વધારે પહોંચે છે. એટલે મારી હાજરીમાં તેમણે વધુમતિથી કાયદો પસાર કર્યો. અને ત્યારથી બીડી પીવાનું કાંઈક ઓછું પણ થયું છે; તો પણ કેટલાંએક છોકરા એવા છે કે જે પોતાની બીસો-અરચીમાંથી ચોકલેટ કે એવું લેવાને બદલે સિગરેટનું પાકીટ જ લે છે. બીડી પીવાથી તેમને શારીરિક નુકશાન થાય છે કે કેમ તે એક પ્રશ્ન જ છે.

તેમના કથનમાં મુખ્ય વાત એ હતી કે આજ કાલ બધી શાળામાં પાર્લમેન્ટ હોય છે તે વિદ્યાર્થીઓની પોતાની સરકાર હોય છે પણ તેઓએ મશ્કરી જ હોય છે. શિક્ષક જ પડદા પાછળથી બધી વ્યવસ્થા કરતા હોય છે. તેમને ત્યાં બન્યું તેમ, મુખ્ય શિક્ષકની વિરુદ્ધ થઈને કોઇપણ વિદ્યાર્થીમંડળ પોતે વિચાર કરીને મક્કમતાથી કાયદો કરી કે ઉથાપી શકતાં જ નથી. એટલે કે બરું સ્વાતંત્ર્ય ત્યાં હોતું જ નથી.

ત્યારપછી તેમનાં પુસ્તકો વિષે થોડીએક વાતો થઈ. ડોમિનીનાં પુસ્તકોમાં બરી બનેલી ઘટનાઓ તથા વ્યક્તિઓ કેટલી છે ને કાલ્પનિક કેટલી છે? ડોમિની ડિસમિસ થયા હતા કે કેમ? તેમાં લખ્યું છે તેમ તેઓ પરણ્યા હતા કે કેમ? ડેવિડ કોણ છે? વગેરે. તેઓ પોતે કોઈ જગ્યાએથી ડિસમિસ થયા ન હતા તેમ જ તે રીતે પરણ્યા પણ ન હતા. ડેવિડ સાચો છોકરો છે. હજી ભણે છે વગેરે વાત થઈ.

તેમની સ્વતંત્ર શાળાનો મુખ્ય લાભ તેમને એ દેખાયો છે કે તેમનાં છોકરાંઓ હિંમતમાં વધે તેમ મનથી પણ મોટાં થતાં જાય છે. બીજા ૨૫ વર્ષનાં છોકરાંઓ અમુક બાબતમાં મોટાં હોય છે પણ કેટલીએક બાબતોમાં તદ્દન છોકરવાદી હોય છે. તેમના વિનોદો કે ગમત રમત કે વર્તનની રીત અમારા છોકરાઓને ઘણી જ વિચિત્ર લાગે છે. તેનું કારણ તેમના મત પ્રમાણે એ હોય છે કે બાલ્યાવસ્થામાં કેટલીએક રમત ગમત કરી લેવાની હોય તે તેમની રહી ગએલી હોય છે. તેમ જ ઘણી જિજ્ઞાસા દબાવેલી હોય છે.

ત્યારપછી અમે તેમની સાથે સંસ્થા જોવા નીકળ્યાં. વસતીગૃહના બે ચાર ઓરડાઓ જોઇને અમે એક ઓરડામાં કામ ચાલતું હતું ત્યાં થોભ્યા. ઓરડાઓ બતાવતાં તેઓ બોલ્યા, "આજે આશ્ચર્યની વાત છે કે ઓરડા પ્રમાણમાં ઘણાં જ સ્વચ્છ ને વ્યવસ્થિત છે!"

વરસાદને લીધે બહારની રમતો બંધ હતી. તેથી ઓરડાઓમાં જેને જે ફાવે તે તે કરતું હતું. તેમાંના એક ઓરડામાં સીવણ, બીજામાં હસ્તવ્યવસાય ચાલતાં હતાં. ત્યાં અમે જોવા બેઠાં. એક બાટલા પર એક ૧૩/૧૪ વર્ષનો છોકરો સૂતો સૂતો વાંચતો હતો. બીજાં કેટલાંએક એ લે, તે લે એમ કરતાં હતાં. જ્યારે કેટલાંએક સીવણ વગેરે કામમાં હતાં. જે પાસ કાંઈ કરતાં ન હતાં ને બાલી જોયા કરતાં હતાં તેમાંથી એક ૯/૧૦ વર્ષની છોકરી જોરથી અવાજ કરવા લાગી. એટલે શિક્ષિકાએ જરા કડક શબ્દોમાં તેને સમજણ આપી કે એ ન ચાલે. તેને બાલી જોવું હોય તો જુએ, પણ રાડો પાડવી હોય તો બહાર જાય. તે જરા શરમાઇને દબાઇ ગઇ

અમે જરાવારમાં ઊઠ્યાં, એટલે તે પણ ઊઠી. મેં તેને પૂછ્યું કે અમને આખી સંસ્થા બતાવશો કે? તેણે તે ઘણી જ ખુશીથી કબૂલ કર્યું. અને ઘણી જ સભ્યતાથી અને જવાબદારીપૂર્વક એક કલાક સુધી ફરીને અમને સંસ્થા બતાવી. અમને તે તે વિભાગના મુખ્ય માણસ પાસે એ લઈ જતી અને ત્યાંનું અમારું કામ પૂરું થાય ત્યાં સુધી શાન્તિથી રાહ જોતી. એક જગ્યાએ અમે જરા વધારે વખત થોભ્યાં હતાં. અમારું

કામ પૂરું થયું ત્યારે તે અમને દેખાઇ નહિ એટલે અમને લાગ્યું કે તે કંટાળીને ચાલી ગઇ હશે. એટલે અમારી સાથે ફરવા માટે બીજું કોઇ માણસ આપવામાં આવે એવી અમે તે બાઇને વિનંતી કરી. કોણ આવી શકે તે જોવા માટે તે બાઇ બહાર આવ્યા એટલે તરત પેલી છોકરી દોડતી આવી અમને પૂછવા લાગી. "તમારું કામ પૂરું થયું શું? હવે ચહાનો વખત થયો છે એટલે ચાલો ત્યાં જઇશું." અમને તેની દક્ષતાનો તેમ જ જવાબદારીથી કામ કરવાની રીત જોઇ ઘણો જ આનંદ થયો.

પછી અમે ચહાની જગ્યાએ ગયાં. છોકરાઓ વ્યવસ્થાની સાથે પણ છૂટથી એક પછી એક આવતાં અને પોસ્ટની થારી જેવી એક થારી-માંથી પોતાનો ચહાનો પ્યાલો અને પાઉં, બીસ્કીટ લઇને જમવાની જગ્યાએ જઇને બેસતા હતાં. તેઓ અંદર અંદર છૂટથી વાતો કરતાં હતાં. મહેમાનો આવ્યાનું ભાન રાખી વિશેષ સભ્યતાથી વર્તન કરવાનો પ્રયત્ન જરાય દેખાતો નહતો. તેમ જ કોઇ શિક્ષક તેમને વ્યવસ્થિત કરવા માટે કે આંખથી પણ ધાક દેખાડવા માટે ત્યાં હતા નહિ. છતાં બધા છોકરાઓ અને છોક-રીઓ લગભગ આઠથી સોળ સુધીની ઉંમરના સભ્ય, સ્વસ્થ અને શાંતિથી તેમ જ સ્વાભાવિક-તાથી વર્તતા હતા એમ જોવામાં આવ્યું. તેમાંથી કોઇ અમારા મોઢા ઉપર તમાચો મારશે એવું દેખાયું નહિ. અમે કોઇને કંઇ કોઇને કંઇ એમ પૂછીને થોડીઘણી વાતચીત પણ તેમની સાથે કરતાં હતા અને તેઓ સીધી રીતે જવાબ આપતા હતાં. તે ઉપરથી અમને આશ્ચર્ય લાગ્યું કે બહારના લોકો આ શાળા વિષે આટલી બધી ગેરસમજ કેમ રાખતાં હશે? છોકરાઓની હાર-માંથી અમે પસાર થતાં હતાં ત્યારે" "જરા જવા દેશો" એમ અમે કહ્યું ત્યારે છોકરાઓએ તરત જ એક બાજુએ બેસીને ચાલવાની જગ્યા કરી આપી.

અમે ત્યાંના શિક્ષકોની સાથે ચહા લીધી. તે વખતે ઘણી છૂટથી વાતો થઇ. હિંદુસ્તાન વિષે તેમાંના બધાઓને અનેક જાતની જિજ્ઞાસા હતી. પણ રીતસરની ઓળખાણ વગેરે કોઇએ કરી આપી નહિ. મિસિસ નીલ અને તેમની દીકરી પણ ત્યાં હતાં. તેમણે અમને ચહા કાઢી આપી પણ વધારે કાંઇ બોલ્યાં નહિ. છતાં બીજાઓની તેમ જ એમની દીકરીઓની સાથે વાત કરવામા તેમનું સૌજન્ય દેખાતું હતું.

ચહા પછી નીલે અમને તેમની વર્કશોપ બતાવી. છોકરાંઓ કઇ રીતે કામ કરે છે, બગાડ કટલો થાય છે અને તેથી હમણા તેઓ તાળું મારવા લાગ્યાં છે વગેરે બધી બાબતો તેમણે કહી.

રાત્રે કશોજ કાર્યક્રમ ન હતો એટલે રાત્રિ ત્યાં ગાળવાની જરૂર જાગી નહિ તેથી અમે ત્યાંથી તે જ સાંજે પાછા ફર્યાં.

ત્યાં શક્ય હોત તો મહીનો પંદર દિવસ રહીને વધારે ઊંડાણથી બધું જોવું જોઇએ એમ

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

[સ્થાપના : ૧૯૨૧]

હેડ ઓફિસ : ૧૬, એપોલો સ્ટ્રીટ ફોર્ટ, મુંબઇ

શાખાઓ : અમદાવાદ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ અને કેંદ્વાર

દરેક જાતના ઉદ્યોગો માટે

કેમિકલ્સ, ટેકસટાઇલ્સ, ડાઇઝ, મીલ સ્ટોર્સ, સાઇકલીંગ મટીરીયલ્સ, સર્જકર્સ, ફ્રીલાઇઝર્સના હિંદુસ્તાનના

સૌથી મોટા અને ભરોસાપાત્ર ઇમ્પોર્ટર્સ અને સ્ટોકિસ્ટસ

ટેલીગ્રામ્સ : "નન્નીબાલા, મુંબઇ" ટેલિફોન : ૨૬૮૯૯/૨૪૬૬૬

તો અમને લાગ્યું છતાં જેટલું જોવાનું મળ્યું-અને ખાસ કરીને એ ત્રણ કલાક નીલ સાથે ગાળવાની તક મળી તેથી મને ખૂબ જ ધન્યતા લાગી.

પોતાના મતો સ્પષ્ટતાથી બોલી બતાવવા અને તેથી ય વધુ તો તે મત પ્રમાણે આચરણ કરવાનું ધૈર્ય, નિશ્ચય તેમ જ ગમે તેટલું નુકસાન સહન કરવાની તૈયારી એ ગુણ નીલના અસાધારણ વ્યક્તિત્વનાં દર્શનરૂપ છે. તેઓ જરા ય પડદા રાખ્યા વગર તદ્દન છૂટથી જે કહેવું હોય તે કહે છે અને છતાંય તેમના બોલવા ચાલવામાં ઉદ્ધતાઈ અથવા સામા માણસને ખૂંચે એવી બોલવાની ઢબ જરાય ના લાગી. ઊલટાં, તેઓ અત્યંત સ્નેહાળ અને સભ્ય લાગ્યાં. લોકોને કદી પણ ગમશે નહિ એવી વાતો તેઓ સ્પષ્ટપણે બોલી નાખે છે છતાં તેમને વિષે આદર ઉત્પન્ન થાય છે; કેમકે તેમ બોલવામાં તેમની પોતાના વિચાર ઉપરની દૃઢ શ્રધ્ધા, તેમને આચરણમાં મુકવાનું ધૈર્ય અને જે પરિણામ આવે તે સહન કરવાની તૈયારી જોઈને તેમને વિષે માન ઉપજે છે. જગતના એક રીતે સાધુ થઈને ફરવું સહેલું છે પરંતુ લોકમાન્ય નીતિ-વિષયો, રૂઢ વિચારોને ધક્કો મારીને તેમાંથી વિરુધ્ધ દિશામાં પ્રયોગ કરવો એ અઘરું છે. તે દૃષ્ટિએ નીલને ઘણું જ ઊંચું સ્થાન આપવું જોઈએ. એ ઉપરાંત તેમની વિચાર કરવાની દ્રષ્ટિ, જગતનું ખરું કલ્યાણ શેમાં છે, મનુષ્યપ્રાણી તનથી અને મનથી ખરા તાકાતવાન કેવી રીતે બને, તેમાંજ સમાજ અને વ્યક્તિનો સંબંધ કેવો હોવો જોઈએ વગેરે જનહિતનો અથવા સર્વોદયનો વિચાર કરવાવાળા તેઓ છે. અને તે વિચાર તેમણે માનસશાસ્ત્રનો અદ્યતન વિકાસ ધ્યાનમાં લઈને કરે છે. તેમને હેમરલેન, બર્ટ્રેન્ડરસેલ, સુઝેન આઇઝેક વગેરે વ્યક્તિ વિશે ઘણો જ આદર છે. ખાસ કરીને હેમરલેનના પ્રયોગો અને ગુનાહિત બાળકો સાથે વર્તન કરવાની રીત અને તેમને સુધારવાના પ્રયત્નો તેમને ઘણા જ આદરણીય લાગે છે.

આ કારણસર જ તેમના બધા વિચારો આપણને માન્ય ન થાય તો પણ વ્યક્તિ, સામાજિક કાર્યકર્તા તેમ જ લેખક તરીકે તેઓ માનને પાત્ર લાગે છે. તેથી જ આ મુલાકાત મને ચિરસ્મરણીય લાગી છે.

—તારાબેન

મુંબઇનું શિશુવિહાર કેન્દ્ર

લાંબી રજાઓ પછી તા. ૧૨-૬-૫૧ના રોજ શિશુવિહાર તથા બાલ અધ્યાપન મંદિર ખૂલશે. ગયા વર્ષે શિશુવિહાર બાલ અધ્યાપન મંદિરમાં કુલ ૧૩૫ ભાઇ બહેનોએ તાલીમ લીધી હતી; નવા વર્ષ માટે સારા પ્રમાણમાં પ્રવેશ માટેની અરજીઓ આવી રહી છે.

ચાલુ વર્ષમાં, સરકારી પૂર્વ પ્રાથમિક શિક્ષક પ્રમાણ પરીક્ષા અથવા 'બાલશિક્ષણ પ્રાવિણ્ય' શિક્ષણક્રમના બે વિભાગો કરવામાં આવ્યા છે.

અત્યાર સુધી પ્રાવિણ્ય શિક્ષણક્રમ માત્ર મેટ્રિક પાસ વિદ્યાર્થીઓ જ લઇ શકતા હતા. આ વર્ષથી શાળાની પરીક્ષા અથવા વર્નાકયુલર ફાઇનલ પાસ વિદ્યાર્થીઓ પણ પ્રાવિણ્ય શિક્ષણક્રમ લઇ શકે એવી વ્યવસ્થા સરકારી ધોરણ મુજબ કરવામાં આવી છે. સરકારી શિક્ષણ ખાતાના ધોરણ મુજબ મેટ્રિક પાસ વિદ્યાર્થી 'પ્રાવિણ્ય શિક્ષણક્રમ' એક વર્ષમા કરી શકે છે; ત્યારે વી. એફ. પાસ વિદ્યાર્થી તે બે વર્ષમા કરી શકશે. પરંતુ એના વિદ્યાર્થીઓને પ્રાવિણ્યના શિક્ષણક્રમ ઉપરાન્ત ગુજરાતીના બે પ્રશ્નપત્રો અને ઇતિહાસ ભૂગોળનો એક પ્રશ્ન આપવા પડશે. પણ એમ કરવાથી, વી. એફ. વિદ્યાર્થીઓ બે વર્ષને અંતે સંપૂર્ણ પ્રાવિણ્ય શિક્ષણક્રમ સરકારી ધોરણે કરી શકશે.'

પહેલાનાં બાળક્રીડાંગણના શિક્ષણક્રમને હવે 'બાલઅધ્યાપન પ્રવેશ' કહેવામાં આવશે અને તે પૂર્ણ કરવા માટે પણ હવે પછી એક વર્ષની મુદત રાખવામાં આવી છે. બાલ અધ્યાપન પ્રવેશમાં વી. એફ. સુધી ભણેલા વિદ્યાર્થીઓની એક દાખલ પરીક્ષા લઇને તેમા પાસ થનાર વિદ્યાર્થીઓને લેવામાં આવે છે.

બાલ અધ્યાપન પ્રવેશની એ દાખલ પરીક્ષા જુનના પહેલા અઠવાડિયાના અંતમાં યોજવામાં આવે છે. આ સંસ્થામાં દાખલ થવા માગતા વિદ્યાર્થીઓ સંસ્થાનું માહિતીપત્રક, બે આનાની ટિકિટો બીડીને–મુખ્યાધ્યાપક શિશુવિહાર બાલ અધ્યાપન મંદિર, ૧૧૮ હિંદુ કોલોની, દાદર મુંબઇ ૧૪, ના સરનામેથી મંગાવે.

રૌપ્ય મહોત્સવ

ટૂંકી નોંધો :

વિશ્વનગર અને પૂનાનાં બાળશિક્ષણ–નગરોના કાર્યક્રમ પછી તરત જ જુનાગઢ અને ભાવનગરના કાર્યક્રમોની હિલચાલ શરૂ થઇ હતી પરંતુ એક યા અન્ય કારણોને લીધે, આ બન્ને ઠેકાણેના કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે. ભાષા-મંત્રી શ્રી. શાંતિભાઇ જુનાગઢ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની શાખાઓના કાર્યકર્તાઓને મળ્યા છે અને દરેક શાખામાં રૌપ્ય મહોત્સવ અંગે સંઘનું કાર્ય શી શી રીતે વિકસાવવું તે બાબતમાં વિચારવિનિમય કરી રહ્યા છે. મે માસમાં ઉ-તર ગુજરાતમાં ઘણા બધા કાર્યક્રમો થવાની વકી છે. કલોલ, ચાણસમા અને પાટણમાં તે માટેની તૈયારીઓ ચાલી રહી છે. વડોદરામાં સ્વતંત્ર શાખા સ્થાપીને, સ્થાનિક બધાં બાળમંદિરોનું સંગઠન કરીને, 'ગિજુભાઇ નગર' ભરવાની યોજના વડોદરાના કાર્યકરો વિચારી રહ્યા છે. ગયા માસમાં વડોદ-રાના સ્થાનિક કાર્યકરો, શિશુભારતીમાં અવિધિ-સર રીતે શ્રી. નામલેબાઇને મળ્યા હતા. બધામાં કાર્યનો ઉત્સાહ જણાઇ આવ્યો હતો. શ્રી. કમળા શંકરભાઇ, શ્રી. પ્રભાવતીબેન પજવાણી, શ્રી. નટુભાઇ, શ્રી. નવીનભાઇ તથા અન્ય ભાઇબહેનોએ દરેક પ્રકારનું કામ કરવાની તૈયારી બતાવી હતી. મરાઠી વિભાગમાં કાર્ય કરનાર શ્રી. અનુતાઇ વાઘ વસઇ, પાલઘર અને બોડીની આજુબાજુના વિસ્તારમાં ફરી વળ્યા છે અને પાલઘરનો કાર્યક્રમ આ માસમાં જ યોજવાનો વિચાર નક્કી થયો છે એવું જણાય છે.

હિંદી વિભાગમાં શ્રી. શ્યામસુંદર ઝંવર અને શ્રી. ભાઉ સાહેબ કેળકર બન્નેના કાર્યક્રમોનો તથા હિંદી વિભાગના કાર્યકર્તાઓનો સંપર્ક સાધી રહ્યા છે, અને હિંદી વિભાગના કાર્યક્રમની વિચારણા ચાલી રહી છે.

મધ્યસ્થ સંચાલન સમિતિ તરફથી હવે પોસ્ટરો, વિનંતી પત્રકો, સંઘના બંધારણની રૂપરેખા તેમ જ જુદા જુદા પ્રકારની દાન બાબ-તીઓ વગેરે સાહિત્ય સંપૂર્ણ રીતે તૈયાર થઇ ગયું છે. શાખાઓ તરફથી જે જે માગણી આવે છે તે પ્રમાણેનું આ પ્રચારસાહિત્ય મોકલ-વામાં આવે છે. કલકત્તા અને બિહારમાં સંઘની શાખાઓ કેવી રીતે સ્થાપી શકાય એ અંગેની પૂછપરછ કરવામાં આવી છે. રૌપ્ય મહોત્સવના કાર્યક્રમમાં બે વિભાગો પણ પોતાનો ભાગ ભજવવા માગે છે.

—વિહારી

નૂ. બા. સંઘ અને મુંબઇ રાજ્યે માન્ય કરેલો

મોન્ટેસોરી બાલશિક્ષણક્રમ

તા. ૧૨–૬–'૫૧ થી શિશુવિહાર કેન્દ્રના બાલ અધ્યાપન મંદિરમાં શરૂ થશે

મેટ્રિક અને વર્ના. ફાઇનલ પાસ થયેલાઓને પ્રવેશ.

વધુ વીગતો માટે બે આનાની ટિકિટ મોકલી માહિતી મંગાવો.

મુખ્ય અધ્યાપક, શિશુવિહાર કેન્દ્ર, ૧૧૮, હિંદુ કોલોની,

દાદર, મુંબઇ ૧૪.

પ્રેરણાનો પ્રતાપ

કેટલાક પ્રસંગો જીવનને સુવાસિત અને યાદગાર બનાવે છે. હમણાં - નૂતન બાળશિક્ષણ સંઘના રૌપ્ય મહોત્સવના કાર્ય માટે ગુજરાતી ભાષી પ્રદેશમાં મારે ઠીક ઠીક ફરવાનું બને છે. આ પ્રવાસમાં વર્ષોથી નહીં મળેલા એવા વિવિધ ક્ષેત્રમાં કામ કરતા મિત્રોને મળવાની સુંદર તક પણ મને મળે છે.

સ્વ. ગિજુભાઈના વિદ્યાર્થીઓ ઠેરઠેર તેમનાં થાણાં જમાવીને બેઠા છે. બાલ શિક્ષણના ક્ષેત્રમાં પ્રત્યક્ષ કામ નહીં કરતા એવા પણ ઘણા મિત્રો મને મળે છે. આ પ્રથાના સહવાસમાંથી અને તેમની વાતચીતમાંથી મને એક સ્પષ્ટ દર્શન થયું છે કે તેમણે બાળશિક્ષણને જીવનનું પવિત્ર કાર્ય તો માન્યું જ છે.

બાર બાર વર્ષનાં વહાણાં આજે વહી ગયાં છે. જીવન કંઈક અવનવા રંગે રંગાયું છે, કહે-વાતા વહેવાર નામના પ્રપંચમાં સૌ કોઈ આછે-બન્તે અંશે પકડાયા છે. છતાં મારા જેવા બેકાદ મિત્રને જોતાં કે મળતાં વર્તમાનના પ્રપંચી જીવનને ભૂલી, ભૂતકાળના ભવ્ય જીવનની સ્મરણયાત્રાના સોનેરી દ્રશ્યોમાં ગરકાવ બની જાય છે.

આ છે જીવનના સુખદ પ્રસંગો.

ઊંડે અંધારે ઓરડે કચરો કાઢતાં...એને નિસરણીએથી જ મારા અવાજને પારખી મને ચડતાં જ ઓળખી લીધો હતો. પોતાના માડીજાયા ભાઈને મળતા જે સ્નેહ, લાગણી અનુભવાય તે જ ઊર્મિથી મને તેમણે આવકાર્યો હતો. એમના પતિ પણ મારા મિત્ર જ હતા સ્વ. ગિજુભાઈની પ્રેરણા બંનેએ ઝીલેલી હતી. અમે સૌ એહાં, અગમનિગમની વાતે ચડ્યા; ભૂતકાળની ભવ્યતામાં અમે સ્વ. ગિજુભાઈનો આત્મા પ્રસન્ન વદને આશીર્વાદ આપતો હોય તેમ અનુભવ્યું હતું. સારું યે વાતાવરણ પ્રસન્ન અને બાળશિક્ષણની અવનવી પ્રયોગગાથાથી ભરપૂર બન્યું હતું. મારા આગમનનું કારણ તો તેઓએ અમારી વાતોમાંથી જ જાણી લીધું હતું. 'સંઘ એ તો ગિજુભાઈનું કાર્ય છે. એ કાર્યને પોષવાનું અને રક્ષવાનું કામ આપણું સૌનું છે એમ માની સંઘના રૌ. મ. ફાળામાં એ સ્નેહી યુગલે રૂા. ૨૫૧ પચીસ જેવી રકમ અર્પણ કરી કૃતાર્થતા અનુભવી હતી. આ સ્નેહી યુગલ પાસેથી તેમના પ્રદેશના કેટલાક મિત્રોના સમાચાર મેં જાણ્યા જ હતા.

'ગિજુભાઈ પાસેથી સ્વતંત્ર માનવી કેમ જીવી શકે તેટલું જ હું તો શીખી આવ્યો છું' એમ કહેતાં...ભાઈએ આ મંદિરની સ્નેહરમણોની શરૂઆત કરી અને રૂા. ૫૧) એકાવનની ઉદાર ભેટ રૌ. મ. ફાળામાં આપી અને હવે પછીના બાળશિક્ષણના દરેક ફાળામાં અને બાળશિક્ષણની પ્રવૃત્તિથી વાકેફ રાખવાની મારી પાસે માગણી પણ કરી. શિ. પત્રિકાનો એક જોતાં જ લવાજમ આપી સંઘના સભ્ય પણ તે થઈ ગયા. આ છે પ્રેરણામૂર્તિ સ્વ. ગિજુભાઈ તરફની ભક્તિ

ભાઈલેક ચાલી બીજા મિત્રના ગામડે હું સાંજના ૫ વાગે પહોંચ્યો. ઘણાં વર્ષે જોતાં જ નવાઈ અને હર્ષની મિશ્રિત લાગણીથી મને તેમણે આવકાર્યો. અમે બંને જણે ક્ષેમ કુશળના સમાચારો પૂછી ભૂતકાળના મુક્ત અને સુખી - દિવસોની વાતમાં મઝાના બે કલાક વિતાવ્યા. રાત્રે એક બીજા મિત્રને મળવા તેમને ત્યાં અમે બંને ગયા. ત્યાં પણ નૂતન બાલ શિક્ષણ સંઘ અને ગિજુભાઈની કાર્યશક્તિની મુક્તકંઠે પ્રશંસા કરી. આજુબાજુના ભાઈબહેનોને બાલ શિક્ષણની થોડીક વાતો સમજાવી. રૌ. મ. ફાળાની બાકી રહેતી બુક તે ભાઈને સોંપી અમે અમારા ઉતારે પાછા આવ્યા. મારા તે મિત્રે ફાળામાં રૂા. ૨૦ ની ભેટ આપી ગુરુ તરફની ભક્તિ પ્રદર્શિત કરી. આ છે સ્વ. ગિજુભાઈની પ્રેરણાનો પ્રતાપ બાલશિક્ષણનું ભાવિ ઉજળું છે.

બાલશિક્ષણની દુનિયામાં સ્વ. ગિજુભાઈ એ મંત્રદાતા છે. નૂતન બાલ શિક્ષણ સંઘે એ મંત્ર ઝીલ્યો છે, અને આના રૌપ્ય મહોત્સવ પ્રસંગની સફળતામાં સ્વ. ગિજુભાઈના આશીર્વાદ અને પ્રેરણા હોય એ જ શુભાષા.

— શાંતિભાઈ રાવળ

બાલ કેળવણી

વર્ષ ૨૬ : અંક ૫ : ઈ. ૧૯૫૧

ખોટું-ખાણ

છરર છરર છમ,
છરર . છરર છમ—કરતી છાશ ઊડે રે
ઘરર ઘરર ઘમ,
ઘરર ઘરર ઘમ—કરતી ગોળી ગાજે રે.

વહેલી સવારે જાગી રે ઊઠતો,
છાશની ગોળી જોતાં મલકાતો,
રોટલો–માખણ ખાતાં હરખાતો.....છરર છરર છમ.....ઘરર

બાપુની સાથે ખેતર જતો;
ધરતી ખેડતા બાપુ નિરખતો,
ડીલે પરસેવો રેલે નિતરતો....છરર છરર છમ

બળતા બપોરમાં "રૂડકી" આવતી;
છાશ ને ઘેંસની મટકી લાવતી,
"મોહનભાઇ" ને હોંસે જમાડતી ..છરર છરર છમ....
ઘરર ઘરર ઘમ કરતી.....

– અનંત શાહ

તકલી અને મોરલી

કૃષ્ણ ભગવાનને ઘણો મોહન કહેતા. તેમને મોરલી વગાડવાનો ઘણો જ શોખ. ગાયો ચરાવવા જાય ત્યારે મોરલી લેતા જાય અને વગાડે.

ગાંધીજીનું પૂરું નામ જાણો છો? તેમનું નામ મોહનદાસ કરમચંદ ગાંધી છે. આપણે તેમને ગાંધીજીના ટૂંકા નામથી ઓળખીએ છીએ: તેમનું નામ પણ મોહન!

સુધીર નામનો એક છોકરો હતો. તે કૉલેજમાં ભણતો હતો. તેને પણ કૃષ્ણ ભગવાનની માફક મોરલી વગાડવાનો શોખ હતો: બપોરના વખતે એ તકલી વડે કાંતતો પણ હતો.

મેજ ઉપર મોરલી અને તકલી પડ્યાં હતાં. સુધીરે બહારથી ટેબલ ઉપર કોઇની વાત થતી સાંભળી. સુધીર બહાર રહીને સાંભળતો હતો:– તકલી કહે, "હું મોટી;" અને મોરલી કહે, "હું!"

તકલી કહે– રહેવા દે હવે! હું ગાંધીજીની માનીતી છું, અને મારાથી રૂ કંતાઈને તૈયાર વસ્ત્ર બધાં પહેરે છે.

મોરલી કહે– હું તો કનૈયાને ઘણી વહાલી છું. તેમણે મને વગાડી, વગાડી

ઘણાંયને આનંદ આપ્યો છે. એટલે હું જ મોટી ગણાઉ.

સુધીર આ બંનેની વાતો સાંભળી તેમની પાસે આવ્યો અને કહ્યું, "નાહક શા માટે તમે લડો છો? તમે તો બંને મોહનના હાથમાં છો. એટલે તમે બંને સરખી રીતે મહાન છો."

સુધીરનું કહેવું સાંભળી તકલી અને મોરલી ચૂપ થઇ ગયાં.

પુરૂષોત્તમ હરિભાઈ પટેલ

લાકડાંની ભારી

"લખમણિયા! જરા વહેલો વહેલો જશે તો બે ત્રણ ભારી લાકડાં મળી જશે." લખમણિયાની માએ લખમણિયાને કહ્યું. લખમણિયાનો પગ લંગડો હતો. એ એડીની ઘુંટી પર ચાલતો હતો. લંગડાતો લંગડાતો લખમણિયો ઝાડ પડયાં હતાં ત્યાં પહોંચી ગયો, ત્યાં બીજા ઘણા માણસો લાકડાં વીણવા આવી રહ્યાં હતાં. બધાની ભારી જલદી જલદી મોટી થતી ગઈ,—પણ લખમણિયાની ધીમે ધીમે થતી.

ઉપર રમુ, તારા, સુશીલને વિનુ ઊભાં ઊભાં રાતના થયેલાં વાવાઝોડાની વાતો કરતાં હતાં. "ને તો રમુ, આકાશ તો જો કેવું લાલ લાલ છે!" તારાએ કહ્યું.

"અરે, પણ ઝાડ તો જો; મૂળિયાં સાથે જ ઉખડી આવ્યું છે."

એટલામાં સુશીલ દોડતો આવ્યો ને બોલ્યો "દરિયા પરના બાંકડા બધાજ બસી ગયા છે. ખરું તોફાન થયું." આવી વાતો ચાલતી હતી. એટલામાં તારાનું ધ્યાન પેલા લંગડા લખમણિયા પર પડયું. "વિનુ, વિનુ ચાલ નીચે; ચૂપચૂપ ઊતરી જઇએ. પેલા લંગડા છોકરાને વીણી આપીએ. આપણને પણ મજા પડશે. એ બિચારો લંગડાતો-લંગડાતો માંડ માંડ વીણી શકે છે." "ચાલ, સુશીલ! તું આવે છે?" તારાએ પૂછ્યું.

"ના, ભાઇ; મને તો શરમ આવે છે. બધાં જ આપણને જોયાં કરશે." સુશીલે કહ્યું.

તારા અને વિનુ ઉતરી પડયાં. બંનેએ મળી લંગડા લખમણિયાને લાકડાં વીણી આપ્યાં. એની ભારી પણ મોટી થઇ. પછી તો સુશીલનું મન ન રહ્યું; તે પણ ઊતરી પડયો.

લખમણિયાને બહુ જ અચંબો થયો; એ મનમાં બોલતો હતો,

"શેઠિયાના છોકરાંએ તો હદ કરી!"

ભારી તો ભારે થઇ ગઇ. હવે લખમણિયાથી એ ઊંચકાય કેમ? આસપાસના માણસો અદેખી નજરથી જોયા કરતા હતા. એમાંના એકે કહ્યું:

"ભારી તો ભારે થઇ; હવે કહે તારા શેઠિયાના દીકરાને કે તારે ઘેર મૂકી જાય."

બિચારો લખમણિયો આ સાંભળી રહ્યો; પણ તારા એ સમજી ગઇ. બધાં છોકરાંઓએ એ સાંભળીને બરોબર જ ભારી ઘરે પહોંચાડી.

લખમણિયાની મા આનંદી આ જોઈ જરા આભી થઈ ગઇ ને બોલી.

"લખમણિયા! આ શેઠિયાના દીકરા પાસે તેં ભારી ઉંચકાવી?"

"મા, મેં એમને ક્યાં કહ્યું હતું? મેં તો એમને બહુ-ના પાડી."

તરત જ તારા બોલી:

"ના, ના, અમે જ લખમણિયાને મદદ કરવાનો વિચાર કર્યો હતો; અમને તો એમાં ખૂબ મજા પડી છે."

લખમણિયાની મા આનંદી માલણ હતી. એ બુઢ્ઢી હતી ને એના બાપને બાંસી આવ્યા જ કરતી. બંને વેર જેવી બગીચાનું ધ્યાન રાખતાં.

લખમણિયો એક દિવસ થોડાં બોર વીણી શેઠિયાના છોકરાને આપવા ગયો. સાથે આનંદી માલણે પણ થોડાં ફૂલગોટા બનાવી છોકરાઓને આપ્યાં ને કહ્યું, "લ્યો બાપુ, આપની મહેરબાની માટે આટલી ભેટ લ્યો."

બંકિમ ઠાકોર

સૌરાષ્ટ્ર શાખા

થોડા વખત પહેલાં જ આ શાખાના કાર્યવાહકોની ચૂંટણી થઈ. એમાં નીચે મુજબ હોદ્દેદારો નીમાયા છે. જાદવજીભાઈ મોદી—પ્રમુખ, નર્મદાબેન રાવળ—ઉપપ્રમુખ, નરેન્દ્ર બધેકા અને પ્રેમશંકર ભટ્ટ—મંત્રીઓ. અન્ય સભ્યો—દરબાર શ્રી ગોપાલદાસ ભાઈ, બકુભાઈ શાહ, કરસનદાસ ચિતલિયા, કેશુભાઈ વળીઆ, હરભાઈ ત્રિવેદી, શાંતાબેન ચુનગર, પોપટલાલ શેઠ, લાલચંદ વોરા, ચંદુલાલ ભટ્ટ, જેસંગભાઈ અને રતિલાલ વ્યાસ છે. આ ચૂંટણી બાદ કાર્યમાં નવો વેગ આવતો જણાય છે.

ઇ. મૂ બાલમંદિર

ઇ. મૂ બાલમંદિર અને બાલ અ. મંદિરના વાર્ષિક સમરંભનો રસિક અહેવાલ સ્થળસંકોચને લઈને નથી આપી શકાતો; પણ એ વાંચતાં ખૂબ આનંદ થાય છે. નિવેદિત કાર્યકર્તાઓની ધગશથી કેટલી પ્રગતિ સાધી શકાય છે એ એથી જોઈ શકાય છે. ભાવનગરના આ બા. અ. મંદિરને સૌરાષ્ટ્ર રાજ્યે માન્ય કર્યું છે. મુંબઈ રાજ્યના પૂર્વ પ્રાથમિક પરીક્ષક મંડળે એની પરીક્ષા લીધી છે મુંબઈ સરકારનો કોર્સ જ ત્યાં ચાલુ રાખવામાં આવ્યો છે અને આમ, સૌરાષ્ટ્રના ઉત્સાહી શિક્ષકોને મુંબઇ જેટલે દૂર આવ્યા વગર તાલીમ લેવાની તક મળી છે. સૌરાષ્ટ્ર એનો પૂરો લાભ લે...

આફ્રિકામાં નર્સરી સ્કૂલ

આવું પ્રથમ સાહસ ભાઈ વસંત નાયકે કરેલું; હમણાં શ્રી. શારદાબેન ને હેમુભાઇ રાજગોરે આવો બીજો પ્રયોગ શરૂ કર્યો છે. એનો વિધિસરનો ઉદ્‌ઘાટનવિધિ ગિજુભાઇના સ્વર્ગવાસી દિને થશે. જ્યાં જ્યાં આવા સંઘમિત્રો કામને વિકસાવી રહ્યા છે ત્યાં ત્યાં સંઘનું જીવન વિસ્તરી રહ્યું છે. ગિજુભાઇના જીવનમાંથી પ્રેરણા પામી, મંત્ર ઝીલી, આફ્રિકામાં આવા સૌ મિત્રો જે કામ કરી રહ્યા છે તેમને અભિનંદન! સફળ હો તમારી બાલસેવા!

"જૈન પ્રકાશ"—બાલ અંક

શ્રી. અ. ભા. શ્વે : સ્થા. જૈન કોમનું "જૈન પ્રકાશ" મુખપત્ર છે અને જૈન લોકોમાં વિશાળતા ભરી ધર્મભાવના પોષવામાં સારો ફાળો આપી રહેલ છે. ભગવાન મહાવીરનો જીવનસંદેશ માત્ર જૈનોને જ નહિ પણ આખા વિશ્વને આજે આવશ્યક છે. આવે કાળે આ બાલ અંકથી ઘણી ખોટ પૂરી પડે છે. ભગવાન મહાવીરના વિવિધ જીવનપ્રસંગોને વિવિધ લેખકોએ સુંદર ન્યાય આપ્યો છે. હૃદયમાં સંકુચિત સાંપ્રદાયિકતા ન આવી જાય એ માટે આવા પ્રયાસો વધુ પ્રશંસાપાત્ર છે. અમે એના તંત્રી શ્રી. ચુનિભાઇ કામદારને અભિનંદન આપીએ છીએ.

જ. દા.

બાલશિક્ષણનું યાત્રાધામ

ભાવનગરમાં બાલઅધ્યાપન મંદિર

જુનથી નવા વર્ગો શરૂ

મુંબઇના શિશુવિહારના અભ્યાસક્રમ મુજબ, અડીના કોર્સને પણ મુંબઇ અને સૌરાષ્ટ્રરાજ્યે માન્ય કરેલ છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ અર્થે સૌરાષ્ટ્રનું સુંદર કેન્દ્ર

વીગતો માટે લખો : શ્રી નરેન્દ્ર બધેકા, ઇ. મૂ. બાલ અધ્યાપન મંદિર ભાવનગર (સૌ. રા.)

Regd. No. 2241.

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

શ્રી બાગ્યે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઈ નં. ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પુના અને સિકંદરાબાદ

હવાઇ–દરિયાઇ–રેલ્વેની દેશપરદેશની

મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી વિગતો,

અમારે ત્યાંથી

મેસર્સ લી. એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

બાલમંદિરો માટેનાં સાધનો

બાલમંદિરો માટે સાધનો ખરીદતા પહેલાં
અમારું સૂચિપત્ર મંગાવો.
દરેક સાધન શાસ્ત્રીય પદ્ધતિથી નિષ્ણાતોની
નજર તળે બનાવવામાં આવે છે.
સૂચિપત્રમાં જણાવેલા ભાવ ઉપર બાલ-
મંદિરોને ૬⅓ ટકા કમિશન.
નૂતન શિક્ષણ–સાધનાલય એન્ડ
આર્ટ વર્ક્સ લિ૦
સુરેન્દ્રનગર–સૌરાષ્ટ્ર

આગ–અકસ્માત–જિંદગી

મોટર ઇન્શ્યોરન્સ વર્કમેન્સ કોમ્પેન્સેશન
કોઈ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિ
મગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્શ્યુરન્સ કું.

—: હેડ ઓફિસ :—
૬૧૫–૩૨૧ પ્રેસ્ટેજ ચેમ્બર્સ, હોર્નબી
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાલીએન મૂલજી હસાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬
મુદ્રણ–સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી,, ગામદેવી, મુંબઇ–૭.

બાળ શિક્ષણ અને સંસ્કાર

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૬] જુન : ૧૯૫૧ [અંક : ૬

બાળક અંક

બાળકોના મિત્ર

: ગિજુભાઇ :

બાળકો જ છે

જગતના સાચા ઘડવૈયા

આ અંકના આઠ આના

☆

: સંપાદક :
તારાબેન મોડક

: આવતંની :
ગિજુભાઇ બધેકા

: સહસંપાદક :
જમુભાઇ દાણી



અનુક્રમણિકા

૧. નૂ બા. શિ. સંઘ .. .. તારામેન
૨. ઝગમગ તારલિયા ... ... પુષ્પા-વકીલ
૩. પિંજરો ... . તં.
૪. ગુલાબનો છોડ ... ... બાબીમેન
૫. ગોરા કુંભાર... ... ... તા.
૬ સર્વધર્મ જ્ઞાતિ મંડળ ... . પ્રેરણા દાણી
૭. આપણું ઘર-દેવઘર ... ગિરિજાશંકર હેબળે
૮. ઘડિયાળની આત્મકથા ... પંકજ દેસાઈ
૯. રોકેટ ના ... ... તારામેન જમોડ
૧૦. ઘડો ભરીને અક્કક્ક ... તારામેન જમોડ
૧૧. મેય માર બાધો હતો ... જ્યોતીન્દ્ર દવે
૧૨. રામદાસ ... ... પ્રભુભાઈ ઉપાધ્યાય
૧૩. ગદા હાથ અને સાફ હાથ ,. શામજી જમોડ
૧૪. રૌપ્ય મહોત્સવ : બાળશિક્ષણનગર

તંત્રીની નોંધ

બાળક અંક : અનેક જાતની મુશ્કેલી અને મર્યાદાઓ વચ્ચે આ એક પ્રગટ થાય છે. ધાર્યા લેખો, કાવ્યો અને ચિત્રો એમાં નથી આપી શકાયાં, પણ બને તેટલું વિવિધ વાચન આપવા પ્રયાસ છે, જેમણે એ અંક માટે સાથ આપ્યો, એના અમે આભારી છીએ.

રૌપ્ય મહોત્સવ : ભાઈ નામલે અને બીજા કાર્યકરો જુદે જુદે સ્થળે પ્રયાસ કરી મહોત્સવનું કાર્ય કરી રહ્યા છે. કોઈ સ્થળે નિધિસંચાલન કામ પણ શરૂ થયું છે. અને છતાં, હજુ એ બધું પારોરામાં પૂણી જેટલું જ ગણાય રૂ. પાંચ લાખ સંચયની આપણી મુરાદ વધુ ઉત્સાહ, વધુ કાર્ય અને વધુ પ્રચાર માગે છે.

બાળશિક્ષણનો રસ : દિવસે દિવસે બાળ શિક્ષણના અભ્યાસનો રસ વધતો જાય છે, એ આનંદની વાત છે: બાલક્રીડાંગણના શિક્ષકો હમણાં જ બહાર પડ્યા. થોડા વખતમાં શિશુવિહાર અને બોડીનાં અધ્યાપન મંદિરો શિક્ષકોથી કલ્લોલતાં થઈ જશે. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ અને ઘરશાળા અધ્યાપન મંદિર જુનથી ચાલુ થાય છે. મુંબઈમાં, પ્રો. ભામરા ચોથો મોન્ટેસોરી કોર્સ લઈ રહ્યાં છે અને સારી સંખ્યામાં શિક્ષકો લાભ લે છે. આ બધું આશા આપે છે કે સ્વ. ગિજુભાઈના આદેશનું કામ વધુ સંગીન બનાવવામાં એટલો વેગ, ઉત્સાહ વધશે.

શિશુવિહાર: ભાવનગરથી ચાર બાલ તબો પ્રગટ થતું આ બાલ પાક્ષિક ઠીક પ્રગતિ કરી રહ્યું છે એ માટે એ સૌને અભિનંદન ઘટે છે. વધુને વધુ ચિત્રો, વિવિધતા એમાં વધતાં જાય છે. હવે તો પુસ્તક-પ્રકાશનનું કાર્ય પણ જોરમાં છે એમ લાગે છે. બાળશિક્ષણના તીર્થક્ષેત્રમાં આવું ઘણું ઘણું હજી બાળકોને મળો.

ત્રણ નગરો. રૌપ્ય મહોત્સવ અગે મે માસમાં ત્રણ બાળશિક્ષણ નગરો ભરાયાં. સારસામાં સાક્ષ શ્રી રમણલાલ દેસાઈએ, પાટણમાં શ્રી હરભાઈ ત્રિવેદીએ અને ચાણસમામાં શ્રી જયશંકર દાંદાએ એનું ઉદ્ઘાટન કર્યું. એ સ્થળોમાં વિધિ માટે પણ પ્રયાસ થયો છે. લોકોએ સર્વત્ર સારો ઉત્સાહ બતાવ્યો છે.

શિશુભારતી: વડોદરામાં 'શિશુભારતી'ના શિક્ષકો માટે શ્રી. કમળાશંકરભાઈ અને શ્રી સ આ. કેલકરે એક તાલીમવર્ગ ચલાવ્યો હતો. પરીક્ષામાં બેઠેલા પાંચ જણમાંથી નીચેના ચાર ઊતીર્ણ થયા છે. અનસુયાબેન ક. પંડિત, ઇંદુમતીબેન રાજુલકર, વિદ્યાગૌરી રા. પંડ્યા, નિર્મળાબેન ન શાહ. એ સૌને અભિનંદન

જ. દા

(પાનું ૨૧-૨૪ વાંચો)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

બાળક અંક

વર્ષ ૨૬ : અંક ૬] મુંબઇ [જુન, ૧૯૫૧

નૂતન બાલશિક્ષણ સંઘ

આજનો આખો અંક બાળકો માટે જ છે. હંમેશ તો તમારે માટે બે ચાર જ પાનાં હોય છે; બહુને? બાકીનાં બધાં જ પાનાં નાના, બારીક અક્ષરથી છાપેલાં હોય છે. પણ એમ કેમ? બબર છે?

નાનાં બાળકોને ભણાવવાં કેવી રીતે? ઉછેરવાં કેવી રીતે? તેને વાર્તા, ગીત, કહેવાં કેવી રીતે? બાળકો હઠ કરે, ચોરી કરે, તે વખતે શું કરવું? એવું એવું બધું ખૂબ ખૂબ એ ઝીણા અક્ષરોમાં લખેલું હોય છે. એ હોય છે મોટાંઓને માટે, બાને માટે, બાપુજીને માટે. દર મહિને આ પત્રિકા આ પ્રમાણે નીકળે છે.

પણ તે કોણ કાઢે છે, એ બબર છે? ૨૫ વરસ પહેલાં એક સંઘ સ્થાપન થયો; એનું નામ "નૂતન બાલ શિક્ષણ સંઘ." બાળકોને નવી રીતે ભણાવવા જોઇએ એવું માને તે બધાં આ સંઘમાં જોડાય છે. બાળકોને માટે બાલમંદિરો જોઈએ, સારા શિક્ષકો જોઇએ, સારાં સાધનો જોઈએ, ગામડાંના દરેક બાળકને માટે રમવા સારુ સુંદર બાગ જોઈએ, પશુ, પક્ષીનું સંગ્રહાલય જોઇએ, લપસણું તથા હીંચકા જોઇએ, એવું બધું મેળવવા કરવાનું કામ આ સંઘના સભ્યો કરે છે. આ લોકો બાળકોને માટે બાળશિક્ષણનગર પણ ઊભાં કરે છે.

આ અમારો સંઘ; એને ૨૫ વરસ પૂરાં થયાં એટલે આ આખું વર્ષ એનો ઉત્સવ ચાલુ છે. તો એ ઉત્સવમાં બાળકોને માટે પણ કંઈક પ્રસાદી તો જોઈએ ને? તો લ્યો આ પ્રસાદી! આજનો આ આખો અંક તમારો જ છે. ગીતો, વાર્તા, પાઠો, ગમ્મત બધું જ છે. વાંચો ને વાંચી બતાવો. હવે અમારે આ સંઘના કામ માટે ખૂબ પૈસા ભેગા કરવાના છે; સમજ્યાને? બાળકોને માટે એક એક આનાનો બિલ્લો છે, તે લઈને છાતી ઉપર લગાવો; અને બીજાને લગાડવાનું કહો. તો આ લગાવીને શું કહેશો? "નૂતન બાલ શિક્ષણ સંઘ, મુબારક!"

તારાબેન



આંગણિયે આવો આલેથી,
રમવા નીચે તારલિયા!

ઊંચા આકાશેથી ઊતરો;
રમવા નીચે તારલિયા!

ઝગમગતાં ટંગમગતાં ધીમા
તેજઝરંતા ડગલા દેતાં

ચમકારા કરતાં આંગણિયે
આવો મારે તારલિયા!

ગગનતણા ઘુમ્મટને ભરતાં
ગીતો ગાતાં હર્ષ છલકતાં;

મલકાતાં મુખડે ઊજળો,
આંગણ મારૂં તારલિયા!

થનગનથનગન નર્તન કરતાં;
તેજકુંવારે નભને ભરતાં

અંધારાં ઊલેચો આવી
આંગણેથી તારલિયા!

પુષ્પા ચંદ્રાણી



ટંગ, ટંગ, ટંગ !

અવાજ શેનો ? અમે જોવા દોડ્યા. રસ્તા પર પીંજરો ઊભો હતો. પોતાની પીંજણની તાંત એકતારાની જેમ વગાડતો હતો. "ગાદલાં ભરવાં છે કે?" અમે દોડીને અંદર ગયા અને બાને કહેવા લાગ્યા, પેલો માણસ પૂછે છે કે "ગાદલાં ભરવાં છે?" "કોણ પીંજરો આવ્યો છે ? હા, ભરવાં તો છે પણ અત્યારે મને વખત નથી !"

પેલી બાજુથી બાપુજી બોલ્યા, "હું ગાદલાં કાઢી આપીશ. પણ બોળિયાં તૈયાર છે ? બાની સીવણપેટી પર બોળિયાં હતાં. અમે તે લેવા દોડ્યા. ગટુએ એક ગાદલું પણ ઉપાડ્યું. મેં એક ઉપાડ્યું. ઝપાટાબંધ ગાદલાં, બોસીકાં, બોટલા ઉપર લાવ્યાં.

પીંજરો પીંજણ ખીંટીએ ટાંગીને જૂનાં ગાદલાંમાંથી રૂ બહાર કાઢવા લાગ્યો; આજે ગટુ અને હું ત્યાં જ બેસી રહ્યા.

ટંગ ટંગ ટિણંગ ટંગ પીંજરાએ પીંજણ શરૂ કરી. જેત જેતામાં બંધાઈ ગએલું રૂ છૂટું થયું. પહેલાં કેટલું મેલું હતું ! હવે ધોળું ફૂલ જેવું થયું. કેટલું સરસ દેખાતું હતું ! ઢગલો તો બૂબ મોટો થયો. અમને થયું કે આટલું બધું રૂ આટલા નાના બોળિયામાં કેમ સમાશે ? અમે બાપુજીને પૂછવા લાગ્યા. 'આટલા બોળિયાથી નહિ ચાલે; બાપુજી ! બા તો રસોઈ કરે છે. બીજું કોણ સીવી દેશે? 'બાપુજી' કહે "જોઈએ કરશું કંઈક."

અમે પીંજેલો પોલ થોડો થોડો લીધો ને ગાલને અડાડ્યો; હવામાં ઉછાળ્યો, પણ એ કંઈ દડાની જેમ નીચે આવ્યો નહિ.

એ તો હવામાં ઊડવા જ લાગ્યો. અમને તે હળવા પોલની ખૂબ મઝા આવી. અમને થયું કે આખા ઢગલા ઉપર ચડીને તેમાં આળોટીએ; પણ પીંજરો અમને પાસે આવવા દે તો ને! 'એક કોર જરા થોભો, હમણાં, ગાદલું ભરી દઉં; પછી આળોટો.'' અમે જોતા બેઠા કે કયારે ગાદલું ભરાશે અને કયારે આળોટશું.

પીંજરાએ વાંસની સળીથી રૂ ઉપાડીને ગાદલામાં ભર્યું; કેટલો ધીમેથી એ ઉપાડતો હતો!

અમારાં ગાદલાં તો મોટાં થયાં; પહેલાં તો એ પાતળાં હતાં પણ હવે તો જાડાં જાડાં થઇ ગયાં. અમે આળોટવા માટે આગળ ગયા ત્યાં પીંજરાએ અમને પાછા અટકાવ્યા; ''ઊભા રહો, ઊભા રહો, આ જરા સીવી દઉં અને વચ્ચે ટાંકા મારી દઉં; પછી આળોટજો.'' ગટુ કહે ''બાપુજી, વચ્ચે ટાંકા શું કામ?'' મેં કહ્યું ''તારાની જેમ સરસ શોભા લાગે છે; નહિ બાપુજી! પીંજરો હસ્યો. ''આ ટાંકા નહિ મારીએ તો આ બધું રૂ એક બાજુએ આવશે.' પીંજરાએ મોટા સોયાથી ઝટપટ ગાદલાં સીવ્યાં. એના ઉપર હાથ થાબડી બોલ્યોઃ ''લ્યો સાહેબ! પોઢો હવે રાજની જેમ કેવું ફૂલ જેવું થયું છે!'' અમે એના ઉપર ખૂબ આળોટ્યા, બાપુજી કહે 'કેમ ગટુ, વધારે બોળિયાં જોઇતાં હતાં ને?'' મેં કહ્યું ''અરે આટલું બધું રૂ આમાં કેમ સમાયું?'' ગટુ કહે 'તેં જોયું નહિ કેવું દબાવી દબાવીને ભર્યું તે!'' આજે આખો દિવસ અમારા કાનમાં ટંગ ટંગ એવો અવાજ આવતો હતો. અમે મોઢેથી પણ વચ્ચે વચ્ચે અવાજ કરતા હતા— ટંગ ટંગ ટીંડાંગ ટંગ.

તા.

આજે મીના આનંદમાં હતી. એના બાપાજી ગુલાબનો છોડ લાવ્યા હતા.

મીનાને બાપાજીએ કહ્યું, "દીકરી, આ છોડને હવે તું ઉછેરજે; એની ઉપર સુંદર, ગુલાબી ફૂલ થશે."

મીના તો રાજી રાજી થઇ ગઇ.

મીના કહે, "બાપુજી, તમે જોજો તો ખરા કે આ છોડને હું કેવો રાખું છું તે."

પછી મીના તો રોજ સવારે વહેલી ઊઠે. ઝટ ઝટ દાતણ પાણી કરી, નાહી લે અને બાગમાં દોડી જાય; ગુલાબના છોડને રોજ પાણી પાય. દિવસે દિવસે છોડ મોટો થવા માંડ્યો. મીનાનો હરખ તો સમાય જ નહીં. છોડને નાની નાની કળીઓ આવી. જોઇ જોઇને મીના તો નાચવા લાગી. ગુલાબની કળીઓ મોટી થતી ગઇ.

મીનાએ મનમાં કહ્યું કે, "હવે તો જરૂર ગુલાબના છોડને ફૂલ આવશે." અને બરોબર બીજે દિવસે સવારે બાગમાં જઇને જુએ છે તો સુંદર મજાનું એક ફૂલ ખીલ્યું હતું.

મીના છોડની પાસે જઇને બેઠી. એને થયું કે, "ચાલને આ ગુલાબના ફૂલની સાથે વાત કરું."

મીનાએ ગુલાબના ફૂલને પૂછ્યું, "ફૂલ, ફૂલ, તું કેટલું સુંદર છે? તું મારી જોડે વાત કરશે? હું તો તારી મિત્ર છું."

ફૂલ હસ્યું; એણે કહ્યું, "મીના, હું તો સહુ કોઇનો મિત્ર છું."

મીનાએ પૂછ્યું, "ગુલાબ, તું સહુ કોઇનો મિત્ર કેમ થઈ શકે છે?"

ગુલાબ કહે, "મીના, એ તો મારી છાની વાત છે. છતાં હું

તને કહું છું. સાંભળ, મેં મારા મનથી નક્કી કર્યું છે કે, મારે હંમેશાં સહુના મિત્ર થઈને રહેવું."

તરત મીના બોલી ઊઠી, "તને કોઈ તોડે, તને કોઈ ચૂંગદી નાખે તોય તું તેનો મિત્ર થાય?" ફરી ફૂલ હસ્યું, "હા, મીના, મને કોઈ પાણી પાય, કોઈ બાતર નાખે કે ફૂલદાનીમાં મૂકે; કોઈ મારી એક એક પાંખડી છૂટી કરીને તેની માળાઓ બનાવે; કોઈ મારી વેણી બનાવીને અંબોડામાં ગૂંથે કે કોઈ વેળા નાનાં બાળકો મને તેમના પગ તળે છૂંદી પણ નાખે, તોયે એ બધાનો હું તો મિત્ર જ રહું છું."

મીનાએ કહ્યું, "એમ તો ન બની શકે. તારી વાત તો માની શકાય તેવી નથી." અને પછી મીના પોતાના ઘરમાં જતી રહી.

સાંજે એ બાળમંદિરેથી પાછી આવી ત્યારે એણે જોયું કે, એની બાએ એ ગુલાબફૂલ તોડીને દેવને ધરાવ્યું હતું. મીનાને થયું કે "હવે જરૂર ફૂલ ચીઢાયું હશે." એણે ફૂલને પૂછ્યું, "ફૂલ, ફૂલ, તને હવે કેવું લાગે છે? હવે તું કોનો મિત્ર છે?" ફૂલે કહ્યું, હું તારોયે મિત્ર છું, અને તારી બાનો પણ મિત્ર છું. તારી બાએ મને તોડીને દેવને ન ધરાવ્યું હોત તો હું દેવના દર્શન કેમ કરત?"

મીનાને લાગ્યું કે ફૂલની વાત સાચી છે. એની બાએ એને તોડ્યું હતું ખરું પણ એ દેવને ધરાવવા માટે; એટલે ફૂલ તો રાજી જ થાયને?

બીજે દિવસે સવાર જ્યારે એ ઊઠી ત્યારે તો બાએ દેવમંદિર સાફ કરીને કરમાયેલાં ફૂલને કચરાની ટોપલીમાં નાખી દીધાં હતાં. મીનાએ જ્યારે કરમાયેલાં, સુકાયેલાં ફૂલને કચરાની ટોપલીમાં પડેલાં જોયાં ત્યારે એની આંખમાં આવી ગયાં.

એણે ફૂલને કહ્યું, "ફૂલ તને બાએ બહુ દુઃખ દીધું ખરું ને? કાલે સવારના તું કેવા આનંદમાં હતું, અને આજે તારા કેવા હાલ થયા છે!"

ફૂલે કહ્યું, "મીના, હું તો આજે પણ આનંદમાં જ છું; અને તારી બાનો મિત્ર છું. હું આજે જઉં છું પણ તું જોજે ને; હું કાલે જ પાછું આવીશ. તને ગમે તો તું મને તારા ખોળામાં મૂકજે."

વળતે દિવસે જ્યારે મીના એના બાગમાં ગઇ ત્યારે ગુલાબનું એક સુંદર ફૂલ ખીલ્યું હતું. મધુર સુગંધ ફેલાવતું આનંદથી પવનની લહેરો સાથે નાચતું હતું. ફૂલે કહ્યું, "મીના, જે હું આજે પણ અહીં જ છું."

બાબીબેન મૂલજી દયાલ

ગોરા કુંભાર

ગોરા કુંભારના આંગણામાં આજે સંતો ભેગા થયા હતા. ભજનો ને અભંગ ગવાતા હતા. પ્રેમ ઉભરાતો હતો. ભક્તિની ભક્તની થોડી વારે વાતો ચાલી. બધા સંત કોને કહેવા એ વિષે ગોરા કુંભારે વાત કરી. તે બોલ્યા કે અમે જેમ માટલાં કાચાં ને પાકાં તપાસીએ છીએ તેમ સંતોને પણ તપાસવા જોઇએ.

બધા કહે "ગોરોબા! તમે સૌથી મોટીલ છો, તો તમે તમારી થાપી લઇને કરોને અમારી પરીક્ષા!" ગોરાએ થાપી લીધી. એ દરેકના માથા ઉપર થાપી લગાવતા જાય અને મોટેથી કહેતા જાય "વાહ સરસ, બરાબર પાકું છે; ઠીક ઠીક!"

આમ કરતાં એ નામદેવ પાસે આવ્યા. નામદેવને આ ગમ્યું નહિ. એને લાગ્યું એ શું! છોકરાઓની રમત કરે છે! ગોરાએ થાપી મારી તો તેને જરા ક્રોધ ચઢયો, પણ તે શાંત રહ્યો.

ગોરાએ ટપ ટપ થાપી મારીને "કાચું કાચું રે કાચું; માટલું-સાવ કાચું."

બીજા પૂછવા લાગ્યા, "કેમ, કાચું, કેમ છે?" ગોરો કહે "ગુરુનો ઉપદેશ લેવો જોઇએ. અંહતા જવી જોઇએ"

બધા નામદેવને કહેવા લાગ્યા: "જા ભાઇ નામદેવ; કોઇને ગુરુ કરી લે. ગોરાએ સૂચવ્યું "વંસોબા ખેચર પાસે જાવ; તે બરાબર ઉપદેશ આપશે."

ખેચરનું સરનામું લઇને નામદેવ નીકળ્યો. તે ઠેઠ તેના ગામે પહોંચ્યો—ત્યાં જઇ તપાસ કરી કે ખેચર ક્યાં રહે છે? લોકોએ તેમને મહાદેવના મંદિરમાં જવાનુ કહ્યું. નામદેવ મનમાં વિચાર કરે છે કે ગુરુ કેવો હશે? અને એ વળી મને શું ઉપદેશ આપશે?

મંદિરમાં જઇને જુએ તો શું? એક ગંદો માણસ મહાદેવના લિંગ ઉપર બંને પગ મૂકીને

સૂતો છે. નામદેવને ક્રોધ ચડ્યો "એ મુરખ! તને કંઇ ભાન છે! જોતો નથી?" મહાદેવ ઉપર પગ મૂકીને સૂતો છે તે!

એ માણસ કંઇ બોલ્યો નહિ. ખાલી ઉં ઉં કર્યું નામદેવ કહે "અહીંના પૂજારી ક્યાં ગયા? લાવ એને જ બોલાવું. તેં મંદિર ભ્રષ્ટ કર્યું છે; તો તે જ તને હવે શિક્ષા કરશે." પેલો માણસ કહે "હું જ પૂજારી છું."

નામદેવ– શું તું પૂજારી? વિસોબા ખેચર ક્યાં છે? પૂજારી તો એ છે.

વિસોબાખેચર– હું જ પૂજારી ને હું જ વિસોબા ખેચર."

નામદેવ– (આશ્ચર્યથી ચકિત થઇ જઇને) "સાચું કહો છો? શું? પણ તમે આ દેવ ઉપર પગ મૂકીને કેમ સૂતા છે?"

વિસોબા– "હું માંદો છું. મારાથી પગ ઊંચકાતા નથી. ભાઇ, તમે જુવાન છો તો એટલું કરશો? ઇશ્વર નહિ હોય એવી જગાએ મારા પગ ઉપાડીને મૂકી દો."

નામદેવને થયું કે ગુરુની સેવા તો કરવી જોઇએ; એટલે તે પગ ઉપાડવા ગયો. એ ગંદા પગને અડતાં તેને ચીતરી ચડી, પણ મન કઠણ કરી પગ ઉપાડ્યા, અને નીચે મૂક્યા; પણ 'આ શું? પગ નીચે તો મહાદેવનું લિંગ છે. નામદેવે ફરીથી પગ ઉપાડ્યા અને બરાબર દૂર પ્રસેડીને મૂક્યા; તો ત્યાં પણ લિંગ. બે-ચાર વાર તેણે ઉપાડ્યા ને મૂક્યા પણ જ્યાં પગ રાખે ત્યાં નામદેવ છે જ! આ શો ચમત્કાર!

વિસોબા બોલ્યા "આ શું ઊંચક ઊંચક કરો છો? ઇશ્વર નથી એવી જગ્યાએ ઝટ મૂકી દોને?"

નામદેવ મનમાં સમજ્યો, વિચાર કર્યો કે ઇશ્વર નહિ એવી કઇ જગ્યા છે? તેણે ગુરુના પગે માથું મૂક્યું "ગુરુદેવ, ક્ષમા કરો; તમે મને સાચો ઉપદેશ આપ્યો. મને તમારી સેવા કરવાની રજા આપો; ગોરોબાએ મને તમારી પાસે મોકલ્યો છે; હું હજી કાચો છું; મારે પાકા સંત થાવું છે."

વિસોબા ઊઠ્યા. નામદેવને ઉઠાડી બાથમાં લીધો. ભાઇ, રહેને તું જેટલા દિવસ રહેવું હોય તેટલું; પણ સેવા મારી નથી કરવાની, આપણે બંને ઇશ્વરની સેવા કરીશું. બંનેની આંખમાં ઝળઝળિયાં હતાં બંનેએ ઇશ્વર પાસે માથું નમાવ્યું.

તા.

શ્રી કેળવણી મંડળ, વીરમગામ
— જોઇએ છે —
બાળમંદિર માટે
મોન્ટેસોરી ટ્રેઇન્ડ અથવા બાલમંદિરના અનુભવી
શિક્ષક અગર શિક્ષિકા
પગાર લાયકાત મુજબ–પ્રમાણપત્ર, અનુભવ વગેરે સાથે પત્રવ્યવહાર કરો
મંત્રી,
શ્રી કેળવણી મંડળ, વીરમગામ.

આપણે એક થઈએ તો

જુદી જુદી કોમના, જુદા જુદા ધર્મમાં માનતા લોકો એક બીજાને ભાઇ માની સંપથી રહે તેજ સાચી એકતા કહેવાય. જે પ્રજામાં એવી એકતા અને એકદિલી હોય તે પ્રજા જ આબાદ અને સુખી થઇ શકે. જો દરેક કોમ એક બીજા પર અવિશ્વાસ રાખે અને સંપથી ન રહે તો તેમાંથી અનેક જાતની તકરારો ઊભી થાય છે.

આપણા દેશમાં વસતી જે બે મુખ્ય કોમો છે તેમાં એવી એકતાના અભાવે આપણે કયાં કયાં પરિણામો સહન કરવા પડયાં છે તે આપણે જાણીએ છીએ. આને પરિણામે શહેરોમાં હુલ્લડો થયાં, કેટલાંય નિર્દોષ સ્ત્રી, પુરુષો અને બાળકોએ પોતાનાં જાન ગુમાવ્યાં, અને કરોડો રૂપિયાનું નુકસાન થયું. તે બધાં કરતાં વધારે દુઃખદ એ બન્યું કે હજારો વર્ષથી અખંડિત રહેલું હિંદ, બે ટૂકડામાં વહેંચાઈ ગયું. અને છેવટે! આપણે આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીન ગુમાવ્યા.

આપણે હિંદુ મુસલમાન પછી છીએ; પ્રથમ તો આપણે સૌ હિંદી છીએ. દેશમાં વસતી દરેક કોમે સંપ અને પ્રેમથી રહેવું જોઇએ, પરસ્પર મદદ કરવી જોઇએ. જો આપણે આમ એકતાથી રહીશું તો હિંદ સમૃધ્ધ અને આગેવાન દેશ બનશે. અને તો છેવટે, એક કહેવતમાં કહયું છે તેમ 'સંપ ત્યાં જંપ' (શાંતિ) આવશે.

શિક્ષણ-પત્રિકાના ગ્રાહક બનો

આપણું ઘર

ઘર ખૂબ મોટું હતું. રાજમહેલ જેવું દેખાતું હતું. ઘરમાં ઠેક ઠેકાણે સુંદર નકશીકામ કરેલું હતું. ભીંત ઉપર તેલિયો રંગ સારેલો હતો. સૂર્યનાં કિરણો એની ઉપર પડતાં અને ઝગમગાટ થઈ જતો. ઘરની શોભા ત્યારે ઓર ખીલી ઊઠતી એકંદરે એ ઘર સુંદર અને ભવ્ય હતું.

પરંતુ હમણાં ઘર ઘણા દિવસથી ગંદું પડયું હતું. ભીંત પર, છત પર બાવા બાઝયા હતા. બારણાંઓ ઉપર ધૂળ જામી હતી. ધૂળથી નકશીકામ ઢંકાઇ ગયું હતું. ઘરની શોભા ચાલી ગઇ હતી.

ઘરમાં નોકર ચાકર તો ઘણા હતા. ઠરાવેલે વખતે એ પોતાનું કામ કરી જતા, પણ એ કામમાં એમનો જીવ ન હતો. કામનો દેખાવ એ કરતા પણ ઘર સાફ નહોતું થતું.

એક દિવસ ઘરની ગૃહિણીએ પોતાનાં બધાં બાળકોને બોલાવ્યાં અને કહ્યું, આપણું ઘર હમણાં ખૂબ ગંદું, ધૂળિયું થઈ ગયું છે. તમને પણ એમ નથી લાગતું !"

બધાં બોલી ઊઠયાં, "હા, હા ! ખૂબ જ ગંદું લાગે છે."

ગૃહિણી બોલી, "તો આપણું આ ઘર આપણે જ એકવાર જાતે સાફ કરીએ તો ! નોકરો ઉપર આધાર રાખી બેસવાથી શો લાભ !"

બધાં બાળકોએ નક્કી કર્યું કે અમે જ ઘર સાફ કરીશું. અમને એમાં ખૂબ મજા આવશે. ઘર જાતે સાફ કરવાના વિચારે કેટલાંક તો નાચવા માંડયાં.

પછી તો બાળકોનું કામ ! એક વાર વાત હાથમાં લીધી કે પૂરી થાય ત્યાં સુધી છોડે જ નહિને ! બધાંએ ઠરાવ્યું કે દીવાળીની રજા આવે કે તુરત આ કામે લાગી જવું.

રજાઓ શરૂ થઇ. બધાંને કામ વહેંચી દીધાં. બધાં બાળકો પોતપોતાના કામમાં લાગી ગયાં.

એક ઓરડાનો સામાન બીજા ઓરડામાં બસેડવા લાગ્યાં. ઓરડો ખાલી કરી ભીંતો ઝાપટી, બારણાં કાઢયા, છત સાફ કરી, બારણાં લૂછ્યાં અને પાણી નાખી ફડકા મારી છો ઘસી કાઢી. બધું ચોખ્ખું ચોખ્ખું થઇ ગયું. થોડી વારમાં તો બધું સૂકાઇ ગયું. ઓરડો જાણે નવો થઇ ગયો.

દરરોજ આમ એક એક ઓરડો સાફ થતો ગયો અને એમાં સાફ કરેલાં બુરશી, ટેબલ અને બીજો સામાન ગોઠવવા લાગ્યા. બધું યોગ્ય જગાએ ચાલી ગયું. ફૂલદાનીમાં ફૂલ ગોઠવ્યાં; બારી બારણાંને નવા પડદા નાખ્યા. ઘર જાણે નવા પ્રકાશથી ભરાઇ ગયું.

આવડા મોટા ઘરને સાફ કરવાનું કામ કેટલું બધું મોટું અને અઘરું ! પણ બાળકોએ તે હાથમાં લીધું, અને કંટાળ્યા વગર પૂરું કર્યું. દરેકે પોતાના કામમાં રસ અને જીવન રેડયું હતું.

દીવાળી આવી. આ સુંદર ઘરમાં દીવાળીની મજા બધાંને જુદી જ લાગી. રંગોળી પૂરવામાં આવી, સૂર્યનાં કિરણો એના ઉપર પડવા લાગ્યાં. સૌ લોકો ઘરની સુંદરતા જોઇ આશ્ચર્યચકિત થઇ જતા.

દેવોનું ઘર

૨

દેવોનું ઘર એટલે આખી પૃથ્વી એ તો કેટલી મોટી અને સુંદર ! એનો એક એક ખંડ એટલે કેટલો મોટો ! દરેક સ્થળને સુંદર બનાવવા માટે જાત જાતની વસ્તુ. જોઇ જોઈને તો લોકો ખુશ થઇ જાય.

પણ આવું મોટું દેવઘર એકવાર ધૂળથી ભરાઇ ગયું. ઘણા દિવસોથી એનું સફાઇ કામ થયું ન હતું. ઝાડો બધાં ધૂળથી ઢંકાઇ ગયાં હતાં. કેટલાંક સુકાઇ ગયાં હતાં. મોટાં મોટાં મંદિરો, મોટી ઇમારતો અને જાણીતા મહાપુરુષોનાં પૂતળાં બધું જ કબૂતરો અને પંખીઓએ બગાડી મૂકયું હતું. ડુંગર, બીણ જંગલ વગેરે સફાઇ વગરનાં, ગંદાં દેખાતાં હતાં.

દેવોએ વિચાર કર્યો કે ઘરની સાફસુફી કરવી જ જોઉએ. સૂર્યદેવ, વાયુદેવ, મેઘરાજ વિજળી દેવી સૌ બાલમંડળી ભેગી થઇ. દેવોની ઇચ્છા મુજબ પૃથ્વીઘરને સુંદર બનાવવું જોઈએ; બધાએ નિર્ણય કર્યો.

પણ આવડી મોટી પૃથ્વી એને સાફ કરવાનું કામ કેટલું બધું મુશ્કેલ ! પણ મુશ્કેલ કામ જોઈને તો દેવબાળોને વધુ ઉત્સાહ ચડયો. બમણા જોરથી સૌએ કામ કરવાનો નિશ્ચય કર્યો.

દેવોએ એમનાં બધાં બાળકોને જુદાં જુદાં કામ વહેંચી દીધાં.

પણ આવડા મોટા ઘરને સાફ કરવા કેટલું બધું પાણી જોઇએ ! એટલે બધાએ એમ ઠરાવ્યું કે સૌથી પહેલાં તો પાણી ભેગું કરવું.

દેવબાળોમાં સૌથી વડીલ દેવબાળ સૂરજ. એણે આ પાણી ભેગું કરવાનું કામ પોતાને માથે લીધું. પોતાના લાંબાં લાંબાં કિરણો ફેંકી એણે દરિયામાંથી પાણી શોષવા માંડયું. એની ગરમીથી પાણી પણ ગરમ થઈ ગયું અને એમાંથી વરાળ બંધાવા લાગી.

વાયુદેવે આવી, એને ધીમે ધીમે ઉપર લઇ જવાનું કામ કર્યું અને જઇને મેઘરાજના કોઠારમાં ભેગું કરવા માંડયું. પાણી ભેગું કરવાનું આ કામ ઘણા દિવસ ચાલ્યું. પૃથ્વી ધોવાય એટલું પાણી ભરાઇ ગયું એટલે બાળમંડળી બીજા કામે લાગી.

ઘરનો સામાન હળવે હળવે ફેરવવા લાગ્યા. એનો ગડગડાટ વધવા લાગ્યો. જોરથી વાયુદેવ ફૂંકાવા લાગ્યા, અને બધેથી ધૂળ ઉડાડવા લાગ્યા. ઝાડપરની ધૂળ, જયાં ત્યાંનો કચરો, સુકાઈ ગયેલાં પાંદડાં બધું ફર ફર લઇ જવા માંડયા. મેઘરાજ પોતાના આછાં વસ્ત્રો જેવાં વાદળોથી પાણીની ધારો વરસવા લાગ્યા અને પૃથ્વી ભીની ભીની થઇ ગઇ. હવે થોડા દિવસ સૂર્યદેવે આરામ

લેવાનું ઠરાવ્યું: હવે મેઘરાજનું કામ જોસ બંધ શરૂ થયું. વાયુદેવે એમના આ કામમાં સહાય કરવા માંડી. મેઘરાજ પોતાની પાણી–ધારા નીચે મોકલતા અને વાયુરાજ એને કોઇ સ્થળે ધીરેથી તો કોઈ સ્થળે જોરથી, કોઈવાર વાંકી અને કોઈ વાર સીધી ધારે વરસવા લાગ્યા.

સૂર્યદેવ આરામમાં હતા અને પૃથ્વી ઉપર અંધારું પથરાઇ ગયું હતું. હવે શું કરવું ! વીજળી દેવીએ થોડો થોડો પ્રકાશ પૃથ્વીને આપી જવાનું સ્વીકાર્યું. પોતાની બેટરીમાંથી એ થોડી થોડી વારે જુદી જુદી જગાએ જઇ ચમકારા કરી જતી અને પ્રકાશ પાથરી જતી.

એના પ્રકાશમાં મેઘરાજ અને વાયુદેવનું કામ સુંદર લાગતું હતું.

પૃથ્વીઘરની સાફસુફીનું કામ જોરમાં ચાલુ હતું. ગિરિશિખર, ડુંગર, બીણો, જંગલ બધું ધોવાવા લાગ્યું. ઝાડ સ્વચ્છ થવા લાગ્યાં. મેઘરાજે તાજમહાલના શિખરથી માંડીને નાનામાં નાની ચીજને ધોઇ સાફ કરી દીધી

ધોવાયેલા પાણીનો પ્રવાહ રસ્તા ઉપર વહેવા લાગ્યો. પાણીની સાથે કચરો, ધૂળ, ગંદવાડ ઘસડાવા લાગ્યો. પાણીથી તળાવ સરોવર, નદી, નાળાં બધું ભરાઈ ગયું ચોખ્ખું, ગંદું–બધું પાણી એક થઇ સમુદ્ર તરફ વહેવા લાગ્યું. જ્યાં જ્યાંથી એ પાણી વહ્યું ત્યાં ત્યાંથી બધી વસ્તુને એ સાફ કરતું ગયું. આમ આખી પૃથ્વી સાફ થઈ ગઇ. પૃથ્વીના એક ભાગમાં સાફસુફીનું કામ પૂરું થતાં મેઘરાજ, વાયુદેવ અને વીજળી પૃથ્વીના બીજા ભાગમાં જતા અને ત્યાંનું કામ શરૂ કરતા. ધુલાઈનું આવું કામ ત્રણ ચાર માસ ચાલ્યું.

હવે ધોવાણનું બધું પાણી સમુદ્ર તરફ વહી ગયું હતું; છતાં ઠેક ઠેકાણે તળાવ અને સરોવર તથા નદીઓ ભરાયેલી હતી. રસ્તા, ડુંગર હજુ ભીનાશવાળા હતા. હવે સૂર્યદેવ આરામ લઇ પાછા પધાર્યા અને બધાને સૂકવી સાફ કરવાનું કામ ઉપાડ્યું. થોડા જ દિવસમાં એ કામ પૂરું થઇ ગયું.

આવડું મોટું પૃથ્વીઘર અને એને સાફ કરવાનું કેવડું ભયંકર કામ! પણ દેવણાળોએ રાતદિવસ જોયા વગર એ કામ થોડા રોજમાં પૂરું કર્યું. કામ પૂરું કર્યાનો સંતોષ બધા દેવણાળોના મોં પર સ્પષ્ટ દેખાતો હતો.

ઝાડો ફરીથી લીલાંછમ દેખાવા લાગ્યાં. જંગલની શોભા વધી ગઇ. ડુંગર, મેદાન સર્વત્ર લીલું કુંજર દેખાવા લાગ્યું.

દીવાળી પાસે આવી. સાફ કરેલી આ પૃથ્વીના આંગણામાં લીલા, પીળા, જાંબલી રંગની રંગોળી પુરવા લાગી; રંગબેરંગી તોરણ લટકવા લાગ્યાં. દીવાળીની દેવઘરની શોભાની શી વાત કરવી!

કેવું સુંદર આપણું ઘર!

કેવું સુંદર દેવનું ઘર!

અનુ. જ. દા. ગિરિજાબાઈ હેબ્બળે

ઘડિયાળ નું આત્મ કથા

મારું નામ ઘડિયાળ છે. હું વખત બતાવવાનું કામ કરું છું મારા વગર લોકોને ચાલે જ નહિ. શાનું ચાલે? હું ન હોઉં તો લોકો આંધળા ભીંત? અરે, એ તો ઠીક પણ વખતસર ગાડી; કોલેજ, નિશાળ વગેરે કેવી રીતે ચાલે?

હમણાં હું છું એવી પહેલાં ન હતી. પહેલાં તો હું ઘડી રૂપે હતી. તમે બધા વિચારશો કે ઘડી એટલે શું? એક પાણી ભરેલી તાંબાકુંડીમાં કાણાવાળો વાડકો તરતો મૂકવો તે. પણ આ તો કંટાળા ભરેલું ત્યાંને ત્યાં બેસી રહેવું પડે, એ કેમ ચાલે? પછી તો લોકોએ એક બીજી શોધ કરી. તેનું નામ છાયાયંત્ર પણ એ છાયાયંત્ર એવું કે સૂર્યનો તડકો હોય ત્યારે જ કામ આવે, પણ ચોમાસામાં શું?

આમને આમ ઘણાં વર્ષો ચાલ્યાં ગયાં. પછી સ્વિટ્ઝર્લેંડના એક માણસે મારી શોધ કરી અને તેણે મારું નામ ઘડિયાળ આપ્યું. મારું નામ ઘડિયાળ શાથી પડ્યું તે બબર છે? પહેલા કલાકનું નામ જ કોણ જાણતું હતું? પહેલા તો ઘડીથી જ વખત મપાતો હતોને!

સૌથી પહેલાં મોટી મોટી ઘડિયાળો જ હતી; હમણાં તમે જુઓ છો તેવી ઘડિયાળનું તો નામ નિશાન ત્યારે ન હતું. ફકત એટ મોટું ઘડિયાળ શહેરની વચ્ચો વચ્ચ રાખવામાં આવતું અને તેમાં મને મૂકવામાં આવતું. હું પણ ત્યારે રોફથી રહેતી. એક કલાક પૂરો થાય ને ડંકા વગાડીએ: ટન, ટન, ટન, આખા ગામમાં એ સંભળાય: ટન, ટન, ટન! લોકો શું ખુશી થાય! પછી તો વર્ષો જતાં ગયાં, અને મારું કુટુંબ મોટું થવા લાગ્યું. ભીંતે લટકાવવાનું ઘડિયાળ, ટેબલપર મૂકવાનું ઘડિયાળ, ગજવામાં રાખવાનું ઘડિયાળ અને હાથે બાંધવાનું ઘડિયાળ થયાં.

હવે થોડું મારી કરામત વિષે કહેવા માગું છું. ત્રણ સો ને સાઠ ડીગ્રીનો એક ગોળાકાર થાય છે,

તેની તમને ખબર છે. તેના બાર ભાગ પાડવામાં આવ્યા છે. તેનું નામ કલાક. પણ એક કાંપેથી બીજે કાંપે જવા માટે બીજો પણ કાંટો, પાછળ ગોઠવેલા યંત્રના આધારે ચાલે છે. આ બંને કાંટાઓ ફરે છે, અને તે તમને વખત બતાવે છે. વળી મારે કમાન પણ હોય છે મારા આખાયે શરી-રનો આધાર આ કમાન પર જ છે. જો એ છટકે તો, બલાસ? પછી તો તમે ગમે તેટલી માથા કૂટ કરો પણ હું તો સીધી થાઉં જ નહિ ને? આવી મારી વાત છે. હજુ મારે વિષે વધુ જાણવાની ઇચ્છા હોય તો જરૂર કોઇ ઘડિયાળીને પૂછી જોજો.

ઉં. વર્ષ ૧૨ પંકજ કે. દેસાઇ.

રોકો ના

જવા દો, મને જવા દો
જલદી જલદી જવા દો.
રોકો ના, મને રોકો ના
જલદી જલદી જવા દો.
બાળ—મંદિરે જવા દો
ભણવા, રમવા જવા દો.
વન વગડે જવા દો
દૂરે દૂરે જવા દો,
ડુંગર ઉપર ચડવા દો
વડલા ઉપર ઝૂલવા દો.
નદી કિનારે ફરવા દો
ગીત મધુરાં ગાવા દો.
પીપગાડીમાં બેસવા દો
મુસાફરીમાં જવા દો.
ગમતું બધું કરવા દો
કુદરતમાં મને ભળવા દો.
રોકો મા મને રોકો મા
જવા દો મને જવા દો.

—તારાબેન જમોડ.

ઘડો ભરીને અકકલ

ઈરાનના બાદશાહનો દરબાર ભરાયો હતો. બીજાબીજા માણસો ભરાયા હતા. ઈરાનના પ્રવાસીઓ પરદેશ ફરી આવ્યા હતા. આજે તેઓ બાદશાહને પ્રવાસની વાતો કરી સંભળાવવાના હતા.

પ્રવાસીઓએ જુદા જુદા દેશોનું વર્ણન કર્યું કોઈ દેશનાં વૃક્ષો તો કોઇનાં ફળફૂલ, પર્વત, નદી, પ્રાણી, પક્ષી, રાજાઓની શ્રીમંતાઇ અને પ્રજાનું સુખ બધું કહી સંભળાવ્યું પણ હિંદુસ્તાનના બાદશાહ અને બીરબલનું તો ખૂબ જ વર્ણન કર્યું. બીરબલની અક્કલની એટલી બધી તારીફ કરી કે ઈરાનના બાદશાહે કહ્યું "શું સાચે જ બીરબલ આટલો હોશિયાર છે? તો આપણે તેની પરીક્ષા કરવી જોઇએ. વજીર ! હિંદુસ્તાનનો બાદશાહ આપણો દોસ્ત છે. તેને એક પત્ર લખો. ખુશી સમાચાર પૂછાવો ને લખો કે અમારા પ્રવાસી તેમનો દેશ જોઇને ઘણા ખુશ થયા છે. આસ કરીને તમારા દરબારના લોકોની અક્કલ જોઇને ઘણા જ ખુશ થયા છે તો મહેરબાની કરી અમને એક ઘડો ભરીને અકકલ મોકલી આપશો?" તરત બરીતો લખાણો અને સાંઢણી-સવાર પત્ર સાથે હિંદુસ્તાન તરફ રવાનો થયો.

હિંદુસ્તાનમાં બાદશાહના દરબારમાં કાગળ પહોંચ્યો. પ્રધાને વાંચી બતાવ્યો. સૌ દરબારી વિચારમાં પડયા.

બાદશાહ હસ્યો અને બોલ્યો "ઈરાનનો બાદશાહ આપણો દોસ્ત છે. તેમણે આવું શું કામ માગ્યું હશે? એમાં કંઇક ભેદ હશે. કેમ બીરબલ, કંઈ અકકલ ચાલે છે? ઘડો ભરીને અકકલ કેમ મોકલાય?"

બીરબલે જરા વિચાર કર્યો અને પછી ઊઠીને બોલ્યો. "આવિંદ ! એમ જવાબ મોકલજો કે છ મહિના પછી અકકલ મોકલશું."

"જોજે હો ! એમ લખીએ તે છ મહિના પછી પણ ઘડો ભરીને અકકલ મળશે નહિ તો મારી ફજેતી થાશે."

"આપણી શું કામ ફજેતી થાય ! એ તો એમની જ થશે. આ બીરબલ પર થોડો વિશ્વાસ રાખો" "ઠીક ત્યારે પ્રધાનજી, મોકલો કાગળ." બાદશાહ બોલ્યા.

બાદશાહના બગીચામાં જોરમાં કામ ચાલે છે! કયારાઓ તૈયાર થાય છે, બીરબલ જાતે દેખરેખ રાખે છે, જાત જાતના વેલા ને શાકભાજી વાવી છે. તેમાં કોળાની વેલની માવજત તો બીરબલ પોતે

જ કરે છે ! કોઇને સમજાયું નહિ કે આ શું ચાલે છે?

થોડા દિવસમાં વેલો મોટો થયો. સરસ, પીળાં ફૂલ બેઠાં, ફૂલની પાછળ ફળ આવ્યાં; બીરબલે માટલાં મંગાવ્યાં; કાણું કાણાંવાળા ઘડાઓ તેણે કુંભાર પાસેથી કરાવ્યા હતા. સારા જોરદાર એવાં ફળો જોઇને તે માટલાંની અંદર જાય એવી રીતે વેલાની સાથે બાંધી દીધાં; કોળાં જોતજોતામાં વધવા લાગ્યાં. બાદશાહ અને બીરબલ રોજ આવીને જુએ. બાદશાહને ઘણી ગમ્મત આવે. "અરે બીરબલ, આ તારું કોળું તો ઘણું વધવા લાગ્યું ! આ માટલું તો ફૂટી જશે!"

"ના સાહેબ, એ પેલો મોટો ઘડો ત્યાં પેલી બાજુ છે ને! તે આપણા પેલા દોસ્તને અકકલ મોકલવાની છે તે કંઈ નાનો ઘડો ચાલે!"

કોળાં મોટાં થયાં છે. માટલાની અંદર સરસ વધ્યાં છે. પેલા મોટા ઘડામાં તો મોટું કોળું થયું છે. બીરબલે તે વેલા પરથી ઉતારી લીધું; માટલું બહુ સાવચેતીથી ઉપાડયું. ને બૂબ સંભાળીને દરબારમાં આણ્યું.

દરબારીઓ જોવા લાગ્યા કે આ શું છે? બીરબલ કહેવા લાગ્યા "આ ઘડો ભરીને અકકલ."

"અરે, પણ આ કોળું, આ ઘડામાં આખુંને આખું ભર્યું કેવી રીતે ?" "ત્યારે એનું જ નામ અકકલ. ઘડામાં કેમ ભર્યું હશે! કરો વિચાર." બાદશાહ જોઇને ખુશ થઇ ગયા.

બીરબલે ઊંડીને કહ્યું "સાહેબ, ઘડો ભરીને અકકલ તૈયાર છે પણ તે બૂબ જ સાચવીને મોકલવી જોઇએ; બીજું, ઇરાનના બાદશાહને એમ પણ લખાવજો કે અકકલ કાઢી લીધા પછી અમારો. અકકલ ભરવાનો ઘડો અમને પાછો મોકલજો.એ જરા નાજુક છે એટલે ફૂટી ન જાય એની સંભાળ લેશો."

ઇરાનનો બાદશાહ દરબારમાં બેઠો છે. કોળાનું માટલું ચાર માણસો હળવેથી ઉઠાવીને લાવે છે. બાદશાહ પત્ર વાંચે છે. ઘડામાં આવડું મોટું કોળું જોઇને સૌ આશ્ચર્યથી ચકિત થાય છે બાદશાહે ઘડો તપાસી જોયો; તે પણ આશ્ચર્ય પામવા લાગ્યો. બીરબલની અકકલની બરોબર તારીફ કરવી પડશે. આ ઘડામાં એણે કોળું કેવી રીતે મૂકયું ! કેમ કોઇની અકકલ ચાલે છે? અને માટલું ફોડયા વિના કોળું અંદરથી કાઢવું કેમ?"

સૌ વિચાર કરવા લાગ્યા. છેવટે કોઇને એટલું તો સૂઝયું કે વેલા ઉપર ફળ નાનું હતું ત્યારે જ માટલું બાંધ્યું હશે. પણ એમાંથી કોળું બહાર કેમ કાઢવું ? એમાં તો કોઇની બુદ્ધિ ન ચાલી. ઇરાનના બાદશાહે બીરબલ માટે પોષાક ને બાદશાહને નજરાણું મોકલ્યું અને કાગળ લખ્યો કે બીરબલની અકકલની પરીક્ષા કરી અને તેની અકકલ જોઇ પોતે ખુશખુશ થયા છે. ધન્યવાદ પાઠવે છે.

— તા.

☆

મેં શ્રી ખાધો

હું અંગ્રેજી ત્રીજા ધોરણમાં. અમારા વર્ગ શિક્ષક બહુ મારકણા હતા. 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ઘમઘમ' એ એમનું માનીતું સૂત્ર હતું. બીજા શિક્ષકો કરતાં એમની ખૂબી એ હતી કે ન આવડે તેવા વિદ્યાર્થીઓને તો એ મેથીપાક જમાડતા જ, પણ આવડે તેને પણ સારી પેઠે હલકો કરતા. આમ, મારવાની બાબતમાં એ બધા પ્રત્યે સમાન દૃષ્ટિ રાખતા.

મારે બે વાર એમના હાથની પ્રસાદી ચાખવી પડી હતી.

'ગરમીથી વસ્તુ પહોળી થાય ને ઠંડીથી સંકોચાઈ જાય, એ વાક્ય અમારા પાઠય-પુસ્તકમાં આવતું હતું, એમણે એ વાક્ય વાંચીને પછી એના કોઈક દાખલા આપવાનું કહ્યું. મેં કશેક વાંચેલું કે કોઈક પાસેથી સાંભળેલું તે મને યાદ આવ્યું. આ દાખલો સાંભળી શિક્ષક ખુશ થઈ જશે એમ માની હું ઊભો થઈ ઉત્સાહભેર બોલ્યો, "સાહેબ, ગરમીની રજા બે મહિનાની હોય છે અને શિયાળાની રજા સંકોચાઈને મહિનાથી ઓછી થઈ જાય છે."

મારો જવાબ સાંભળી બધા વિદ્યાર્થીઓ હસી પડ્યા. શિક્ષકનું મોઢું પણ જરા મલકયું. પણ પછી તરત હોઠ દબાવી એ ગંભીર બની ગયા.

"આમ આવ," એમણે મોટો અવાજ કાઢીને કહ્યું.

હું એમની પાસે ગયો.

"હાથ ધર."

મેં હાથ ધર્યો.

અને પછી એણે પાંચસાત સોટી ચોડી કાઢી.

મારો હાથ ગરમ થઈ ગયો ને થોડો સોજો પણ ચડી આવ્યો. આમ ગરમીથી વસ્તુ વિકાસ પામે છે તેનો તાજો ને બીજો દાખલો મારા હાથે જ પૂરો પાડયો. પણ તેનું તે વેળા મને ભાન નહોતું.

બીજે પ્રસંગે એ કોઇક વિદ્યાર્થીને સોટીનો સ્વાદ ચખાડી રહ્યા હતા. વિદ્યાર્થી બિચારો નાનકડો હતો. એનાથી માર ખમાતો નહોતો તે જોઇને મારાથી 'સી' એવો અવાજ થઇ ગયો.

"શું બોલ્યો?" શિક્ષકે મારા સામું જોઇ પૂછ્યું.

"કંઇ નહીં સાહેબ," મેં કહ્યું,

"કંઇ નહિ કેમ, કંઇ બોલ્યો તો ખરો," એમણે કહ્યું.

"ના, સાહેબ, કંઈ જ નથી બોલ્યો," મેં કહ્યું

"વાનુ ઠીક ઊભો થા." એમ કહી મને ઊભો કર્યો ને જોને પ્રહાર કરતા હતા તે

વિદ્યાર્થીને બીજી બેત્રણ સોટી ફટકારી છોડી દીધો.

હું ઊભો થયો એટલે મને અંગ્રેજી શબ્દોના અર્થ પૂછવા માંડયા. દશ શબ્દ પૂછ્યા. દશેના મારા જવાબ સાચા પડયા.

"આમ આવ."

"કેમ સાહેબ? મારા બધા જવાબ સાચા છે."

"કહ્યું કેની કે આમ આવ, આવે છે કે નહિ?"

હું બીતો બીતો એમની પાસે ગયો.

"હાથ ધર."

"શા માટે સાહેબ? દશે દશ સવાલના જવાબ મેં સાચા આપ્યા છે. મેં શું કર્યું છે સાહેબ?"

"તારામાં અભિમાન આવી ગયું છે કે મને બધું આવડે છે. દશેદશ જવાબ મારા સાચા પડયા તેનો તને ગર્વ થયો છે. હાથ ધર."

મેં હાથ ધરવામાં આનાકાની કરવા માંડી.

"ધર હાથ"

મેં બીતાં બીતાં હાથ ધર્યો.

'અભિમાન તો રાજા રાવણનું નથી રહ્યું, સમજ્યો?' કહીને એમણે સોટી ફટકારવા માંડી.

બે ચાર સોટી એમણે મારી ને વર્ગમાં પહેલો 'નંબર' રાખનાર ને રમત ગમતમાં પણ કુશળ એવો અમારો 'મોનિટર' બોલી ઊઠયો, એનાથી બોલાઇ ગયું :—

"એને શું મારો છો, સાહેબ? આવા નાના સરખા ને નાજુક શરીરવાળા પર શું હાથ ઉપાડો છો?

"એમ? ત્યારે તું આવ," શિક્ષકે કહ્યું. એ વિદ્યાર્થી હિંમતભેર આગળ આવ્યો. મને મુકત કરીને શિક્ષક એના તરફ વળ્યા.

'ધર હાથ, જોઉં!'

"લો, સાહેબ મારવું હોય તેટલું મારી લો." કહીને એ વિદ્યાર્થીએ જરાય ગભરાયા વિના હાથ લંબાવ્યો.

અને પછી શિક્ષકે ઉપરા ઉપરી સોટાઓ ફટકારવા માંડી.

ત્રીસેક પ્રહાર થયા પછી એ વિદ્યાર્થીએ હાથ જરા પાછો ખેંચ્યો.

"કેમ ખંચકાયો કેમ? રોફ તો વધુ મારતો'તો!" શિક્ષકે ટોણો મારતાં કહ્યું.

એ હાથ ખેંચી લઇ વિદ્યાર્થીએ કંઇ પણ બોલ્યા વિના બીજો હાથ ધર્યો.

બીજા હાથ પર પણ પચીસ ત્રીસ સોટી ખેંચી કાઢયા પછી શિક્ષક થાકયા અને એ વિદ્યાર્થીને જવા દીધો.

આટ આટલી સોટી ખમવા છતાં એણે મોંમાથી ઉંહકાર સરખો કાઢયો ન હતો.

પણ એ પ્રકરણ એટલેથી પૂરું ન થયું એ વિદ્યાર્થી કોઇ આશ્રમમાં રહીને ભણતો હતો. આશ્રમના સંચાલકે એનો હાથ બીજે દિવસે બૂબ સૂજી ગયેલો જોઇ તપાસ કરી અને આખું પ્રકરણ ગયું શાળાના મુખ્ય શિક્ષક પાસે. મુખ્ય શિક્ષકે જાતે આવીને તપાસ કરી. પરિણામે અમારા વર્ગશિક્ષકને સખ્ત ઠપકો મળ્યો અને તે પછી, વિદ્યાર્થીઓને વાતવાતમાં મારવાની ટેવ પર એમને અંકુશ મૂકવો પડયો. તો પણ અઠવાડિયામાં બે ચાર વખત એક બે વિદ્યાર્થીને એમની પ્રસાદી મળ્યા વિના રહેતી નહિ.

વિદ્યા ને વેદના, શિક્ષા ને શિક્ષણ એ બંનેનો એક સાથે વિદ્યાર્થીઓને અનુભવ કરાવનાર એ શિક્ષકને આ જ કારણસર શાળામાંથી આખરે છૂટા થવું પડયું.

જ્યોતીન્દ્ર હ. દવે

હાથી ની ઘટના

"હાથી આવ્યો! હાથી આવ્યો! ધૂમ સાંભળી ગોમતી તળાવને કિનારે કપડાં ધોતાં, વાસણ ઉટકતાં ને ન્હાતાં લોક બેબાકળાં બની જાતનું જતન કરવા બોવા-રાનાં પગથીઆં ઉપર ચઢીને ઊભાં.

ડાકોરના ઠાકોર રણછોડ રાયજીનો હાથી ગાંડો થઇ, ત્રણ દિવસથી નાસી ગયો હતો. આજુબાજુનાં ગામડાં અને બેતર ખૂંદી આજે ગોમતી તળાવનાં પાણી ડહોળતો આમથી-તેમ ઘૂમતો હતો ને વાદળ શો ગાજતો હતો.

હાથી ગોમતીમાં પડયો છે એ વાત સાંભળતાં ગામનાં નાનાં મોટાં બધાંય દોડી આવ્યાં-ને બોવારો માણસોથી ઊભરાઈ ગયો.

સૌનાં હૈયાં ધડકતાં હતાં ને સૌ આંખો બેફીટશે હાથી સામે જોઇ રહી હતી; ત્યાં તો ધબાક કરતો મોટો અવાજ થયો ને આભલાને અડવા પાણી ઊંચું ઊછળ્યું!

સૌની નજર ધબાકા તરફ વળી. "પૂલ ઉપરથી કોણે પાણીમાં ભૂસકો માર્યો?" એ પ્રશ્ન સૌને કાને અથડાવા લાગ્યો.

ઊછળતાં પાણી શાંત થયાં. પાણીનાં કુંડાળાં ધીમે ધીમે મોટાં થવા લાગ્યાં. થોડી-વારે એક કાળું માથું બહાર દેખાયું! માથે મોટા વાળ હતા—જટા હતી! સૌ એકે અવાજે બોલી ઊઠયા, "રામદાસ"—"વીર—રામદાસ."

રામદાસ ઊભો તારો તરતો હતો. ધીમે પણ મકકમતાથી હાથી તરફ ધસી રહ્યો હતો.

હાથી મસ્ત બની સૂંઢમાંથી પાણી ઉછાળતો અને પુંફાડા મારતો તળાવની વચ્ચે ઊભો હતો.

રામદાસે બરાબર લાગ જોઈ હાથીનું પૂછડું પકડી લીધું. હાથી પાછળ ફર્યો. સૂંઢ વીંઝી: પણ એક જ પલકારામાં વીજળીની ઝડપે તે હાથીની પીઠ ઉપર ચઢી ગયો ને કેડમાંથી અંકુશ કાઢી હાથીના કુંભસ્થળમાં કચકચાવીને ભોંકી દીધું.

કાનના પડદા ફાડી નાખે એની કારમી કિકિયારી કરી. હાથીએ મદોન્મત્ત બની સૂંઢના ઝપાટા ચોગરદમ વીંઝવા માંડયા. બેપરવા છતાં ચપળ અને ચાલાક રામદાસે હાથીના દાવ ચુકાવી અંકુશના ઉપરા ઉપરી અજબ ઘાથી હાથીને કાબુમાં લીધો. હાથી હાથી મટી બકરી સમો બની, ધીમે ધીમે રામદાસના ઇશારાનું પાલન કરતો, ડોલતો ને ડગ ભરતો ચાલવા લાગ્યો. પાણી કાપતો કાપતો આવ્યો તે હાથી બોવારે, પાણીની બહાર!!!

ગામલોક દોડયું. હાથીની પાસે આવી ઊભું. રસ્તા બધા ચીકાર બન્યા!

હાથી પોતાના સૂંપડા સમા કાનથી પંબો બાતો શાંત ઊભો હતો. રામદાસ માથું ટટાર રાખી હાથમાં અંકુશ પકડી વિજયી સેનાનીની જેમ તેની ઉપર બેઠો હતો. રામદાસની સેવાભાવના, બાહોશી, બહાદૂરી અને હિંમતની કદર અને કિંમત રૂપે સૌના અંતરમાં આભાર અને શાબાશના બોલાતા

બોલને વ્યકત કરતી સૌની આંખો વરસાવતી હતી વણમાગ્યા કળશ રામદાસની રામભાવના ઉપર; સૌ બોલતાં 'શાબાશ રામદાસ! શાબાશ!'

હાથીનો વર્ષો જૂનો ધંધાદારી મહાવત જે કરી ન શકયો તે રામભાવના વડે પ્રેરાઈ રામદાસે કરી બતાવ્યું!

રામદાસ બાર તેર વર્ષની નાની ઉંમરે પંજાબથી નાસી આવી ગોમતીને કિનારે નાનકડા મહાદેવના મંદિર આગળ રહેતો હતો. મગદળ, ઢાલ–લકડી, બંજર, તલવાર કુસ્તીના દાવ બેલતાં પોતાનું શરીર કસતો. ગોમતીમાં ડૂબતાં માણસોને તે તારતો: ને સૌને યથાશકિત મતિ મદદ કરી પોતાનું જીવન ગાળતો.

ગોમતી નહાવા જતાં પ્રત્યેક બાળકને ચોતિકાં કરી ધીમેથી સમજાવતો "રોજ સવારે દૂધ પીઓ કસરત કરી મજબૂત બનો અને દેશ સેવામાં દેહનું દાન દો."

બારના બાલમંદિરમાં જ્યારે રામદાસે બાળકોને આનંદથી નિર્ભયપણે કામ કરતાં જોયાં ત્યારે તેનું હૈયું આનંદથી નાચી ઊઠયું પોતાનું બાલપણ સંભારતાં તેની આંખો આંસુથી છલકાઈ ગઇ અને શાંત થતાં તેણે એક જ વાકય ઉચ્ચાર્યું

"નિશાળમાં મને માસ્તરે માર્યો તે દિવસથી મેં નિશાળ છોડી, માબાપ છોડયાં, ગામ છોડયું. આવું ભણવાનું તે દિવસે નહોતું."

પ્રભુલાઇ ઉપાધ્યાય

ગંદા હાથ અને સાફ હાથ

રમેશના હાથ ગંદા છે.
રમેશના હાથ પર મેલ જામ્યો છે.
રમેશના નખ મોટા છે; નખમાં મેલ જામ્યો છે
રમેશ જ્યાં ત્યાં ધૂળમાં રમીને હાથ ધોતો નથી.
રમેશ જમવા પહેલાં હાથ ધોતો નથી.
રમેશ જમ્યા પછી પણ હાથ ધોતો નથી.
રમેશ નાકમાં આંગળાં નાખ્યાં કરે છે.
રમેશ કાનમાં આંગળાં નાખ્યાં કરે છે.
રમેમ મોંમાં આંગળાં નાખ્યાં કરે છે.
રમેશના ગંદા હાથ રમેશને રોગી બનાવે છે.

મહેશના હાથ સાફ છે.
મહેશ રમીને હાથ ધૂએ છે.
મહેશ જમવા પહેલાં હાથ ધૂએ છે.
મહેશ જમ્યા પછી હાથ ધૂએ છે.
મહેશ નળે જાય છે અથવા પાણી લે છે.
મહેશ સાબુ લે છે અને હાથ ઘસે છે.
મહેશ હાથ ચોળે છે અને હાથ ધૂએ છે
મહેશ હાથ લૂછે છે ને હાથ સાફ રાખે છે.
મહેશના નખ મોટા નથી; તેમાં મેલ પણ નથી
મહેશના સાફ હાથ મહેશને નીરોગી રહેવામાં ઘણા મદદરૂપ બને છે.

શામજી જસોદ

નૂતન બાલશિક્ષણ સંઘ
રૌપ્ય મહોત્સવ

ફેબ્રુઆરીની આખરે જ પૂનામાં બાલ શિક્ષણ-નગર યોજીને રૌ. મ. ની શરૂઆત થઇ. તે જ વખતે ગુજરાતમાં વીસનગરમાં એવી જ રીતે શરુઆત કરવામાં આવી હતી. ત્યારપછી, ગુજરાતમાં બીજે ત્રણ ઠેકાણે એવા ઉત્સવ કરીને નિધિ ભેગો કરવા માટેની શરૂઆત થઇ છે. મહારાષ્ટ્રમાં ત્યારપછી કંઇ જ ચળવળ થઇ નથી. હિંદી વિભાગમાં હમણા શરૂઆત થવાની છે. બાલશિક્ષણના વિષયમાં શ્રધ્ધા તથા સમજણ અને કાર્યશક્તિ મરાઠી અને હિંદી ભાષા વિભાગમાં છે જ, તો પછી આ કામમાં એ બંને વિભાગ છેવટે પાછળ રહેશે નહિ એવી ખાતરી છે. જરા મોડું થયું તો ઉતાવળથી શરૂઆત કરી ઝપાટામાં પ્રગતિ થશે એવી આશા છે.

નૂ બા. શિ. સંઘના વ્ય. મંડળ તરફથી મરાઠી તથા ગુજરાતી હિંદી ભાષા વિભાગ છૂટા કરી-નીચે જણાવેલા ત્રણને પ્રચારકો તરીકે નીમવામાં આવ્યાં છે—શ્રી શાંતિભાઇ રાવળ તથા શ્રી જયંતભાઇ શુકલ ગુજરાતમાં પ્રચાર તથા નિધિનું કામ ઝડપભેર કરી રહ્યા છે. શ્રી અનુતાઇ વાઘ આ. બા. શિ. કેન્દ્રના વધુ કામના રોકાણને લીધે વહેલાં નીકળી શકયાં નથી પણ તા. ૧૫ મી જુનથી તેઓ આ કામ માટે મહારાષ્ટ્ર વિભાગમાં પહોંચી જશે. તો જે જે બાળશિક્ષણ પ્રેમીઓ પોતાને સ્થળે, ગામો કે શહેરોમાં બા. શિક્ષણ અંગેના કાર્યક્રમો કરવાની ઇચ્છા સેવતા હોય તેમણે એ ત્રણે પ્રચારકો સાથે તેમના નીચેના સરનામે પત્રવહેવાર કરવા વિનંતિ. સંઘના બીજા કાર્યકર્તાઓ તેમની મદદમાં છે જ પણ તે સર્વ તેમના બીજાં કામોમાં હોય છે. ફકત કામને વખતે તેઓ આવીને ભાગ લઇ શકશે. પણ હમેશનો પત્ર વહેવાર તથા કાર્યક્રમોની યોજના તૈયાર કરવી, બધાની મુલાકાત કરવી વગેરે કામ માટે તો એક સ્વતંત્ર માણસ તેમના જ જોઇએ તો તે અંગેની નિમણુંક કરવામાં આવી છે.

(૧) **મરાઠી વિભાગ**

શ્રી. અનુતાઇ વાઘ
આ. બા શિ. કેન્દ્ર, મોડી
વાયા ગોલવાડ, જિ. થાણા

(૧) **ગુજરાતી ભાષા વિભાગ**

શ્રી. શાંતભાઇ રાવળ
પો. ઊંઝા

(ઉત્તર ગુજરાત)

(૨) શ્રી જયંતભાઇ શુકલ
પો. સારસા
તા. આણંદ

આ આખું વર્ષ સંઘનુ રૌ મ.નુ હોવાથી ઠેકઠેકાણે બાલશિક્ષણ નગરો ભરીને નૂતન બાલ શિક્ષણ શુ છે તેનો પ્રત્યક્ષ પરિચય લોકોને કરાવી આપવાનો છે. તેનું મહત્વ સમજાવવું એવી સંઘની યોજના છે. તેની સાથે સાથે સંઘના ભવિષ્યના કાર્ય માટે રૂ. પાંચ લાખનો નિધિ એકઠો કરવાનો સંકલ્પ કર્યો છે; તેટલા માટે સર્વ જનતાએ એ ભાર ઉપાડી લેવાનો છે.

આ સંબંધી અત્યાર સુધીમાં જે અનુભવ થયો છે તે ઉપરથી કાર્યકર્તાનું લક્ષ નીચેની બાબત તરફ દોરું છું. પોત પોતાને ગામે બા. શિ. નગર થવાં જોઇએ; અને એમ કરવામાં લોકોનો સહકાર પણ મળે છે એમ બધાને લાગે છે. એ વાત ઘણી સારી છે. એ રીતે ઉત્સાહ પણ વધે છે. પણ એવા કાર્યક્રમોમાં કાર્યકર્તાઓનું લક્ષ જે—બાબત ઉપર રહેવું જોઇએ તે રહેતું નથી. ઉત્સાહના ઉભરામાં, આ કરવું જોઇએ, તે કરવું

જોઇએ, એમ લાગતાં તે કરે છે. પણ એમ કરવામાં ખર્ચનો અંદાજ રહેતો નથી. તેમ જ મહેનતનો પણ અદાજ રહેતો નથી. તેનું પરિણામ એવું આવે છે કે એકાદ ઠેકાણે બા-શિ-નગર થયુ તો તે થઇ રહ્યા પછી કાર્યકર્તા એટલા થાકી જાય છે કે બા-શિ-નગરને લગતા સકેલવાના કામ માટે પણ કંટાળો આવે છે. તેની સામું કોઇ જોવાનો પણ વિચાર ન કરે એવુ કેટલીક વાર બને છે. તે સિવાય નવીન ઠેકાણે જઇને કાર્યક્રમ કરવાની વાત તો બાજુએ રહી જાય છે. ખર્ચ પણ અંદાજ બહારનો થઇ જાય છે અને તેને માટે ગામમાંથી ફંડ ઉઘરાવીને કે બીજા કોઇ ઉપાયથી તે ભરપાઇ કરવાની ચિંતામાં પડે છે. એટલે નિધિ મેળવવા માટે દાન પત્રિકા બપાવવાનું કામ તો બાજુએ જ રહી જાય છે. એને હાથમાં પણ લેવાતું નથી. આપણો સંકલ્પ પ્રચાર કરી નિધિ એકઠો કરવાનો છે એ લક્ષમાં રાખીને પ્રચારનો કાર્યક્રમ તે પ્રમાણે આંકવો જોઇએ. બાલશિક્ષણ નગર બાળકોની દ્રષ્ટિએ જો યોજવામાં આવે તો તેને માટે બીજો નકામો ખર્ચ કરવો જોઈએ નહિ. કોઇ પણ ચાલુ બાલમંદિરનો સામાન લઇ આવી તો સારી એવી મોટી જગ્યાએ જુદા જુદા ઓરડામાં ગોઠવીને ગામનાં બાળકોને તેની ઉપર રમવા માટેની સગવડ કરી આપીએ તો ગામનાં બાળકોને નવીન સાધનો ઉપર રમવાનું મળતાં તેમને ખૂબ આનંદ થશે ગામને માટે એક નવીન આકર્ષક કાર્યક્રમ લાગે છે. વાલી વર્ગને એક નવું જ દૃશ્ય જોવાનું મળે છે. એ રીતે એક કે બે દિવસનું બા. શિ. નગર રાખવામાં કંઇ મોટી મહેનતનું કે ખર્ચનું કામ નથી. પણ એની અંદર બીજી અનેક બાબતો ઉમેરીએ તો તે આખું કામ આપણી શક્તિ બહારનું થઇ પડે છે.

આ વર્ષની યોજના વિસ્તૃત ક્ષેત્રમાં પ્રચાર કરવાની હોઇ અનેકવિધ કાર્યક્રમની યોજના ન કરતાં પ્રચાર અને નિધિસંચયના કામમાં જ લક્ષ કેન્દ્રિત કરવું જોઇએ.

નિધિ તથા ખર્ચ-

તે જ પ્રમાણે બા. શિ. નગર માટે જે ગામમાંથી ફંડ એકઠું કરીએ, તો ફરીથી નિધિ માટે લોકો પાસે જવાનુ શક્ય રહેતુ નથી. તેમ જ બા. શિ. નગર કર્યા પછી લોકો પાસે નિધિ માટે જવુ એમ, આગળથી નક્કી કરીએ તો તે પણ પાછળથી શક્ય બનતું નથી. તો કાર્યકર્તાઓએ પાકા નિશ્ચયથી લોકો પાસે જઇ ગામના પ્રમાણમાં કેટલો નિધિ એકઠો થાય એમ છે તે જોઇને તેના પ્રમાણમાં બા. શિ. નગરની યોજના કરવી જોઇએ. પ્રથમ નિધિ ઉઘરાવી લઇને બા. શિ. નગર અને પ્રચાર કામ માટે કેટલો ખર્ચ થશે તે રકમ યોગ્ય રીતે અંદાજીને તેની હદ બહાર વધુ ખર્ચ ન થાય તેની કાળજી લેવી. સામાન્ય ધોરણ એવું રાખવું જોઇએ કે તે ગામમાંથી દાનની જેટલી રકમ એકઠી થઇ હોય તેના ૧/૪ ભાગ કરતાં ખર્ચની રકમ વધવી જોઇએ નહિ. તે પ્રમાણે ખર્ચ બને એટલો પ્રવેશદ્વારની ટિકિટોમાંથી જ મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. ગામ ઘણું નાનું હોય તો પ્રવેશદ્વાર ઉપર ઘણી રકમ મળે નહિ તો ત્યાં તદ્દન થોડા ખર્ચથી કાર્યક્રમ કરવો જોઇએ. અને જે તેમ કરતાં પણ થોડો વધુ ખર્ચ થાય તો તે ખર્ચ મોટાં શહેરોના પ્રવેશદ્વાર ઉત્પન્નમાંથી લઇ લેવો. આ પ્રમાણે ધોરણ નક્કી કર્યું છે છતાં અત્યાર સુધી તેનો અમલ થયો નથી, એટલે આ બાબત ઉપર કાર્યકર્તાઓનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

નિધિનો વિનિયોગ. સંઘની શાખા પાસે જે નિધિ એકઠો કરવામાં આવ્યો હોય તેનો ૧/૨ ભાગ શાખાના કામ માટે રહેશે અને ૧/૨ ભાગ મધ્યસ્થ કાર્યાલય માટે જમા થશે. શરૂઆતમાં તો દરેક શાખાએ બધો જ નિધિ મધ્યસ્થને મોકલી આપવાનો છે. પછીથી યોજના થશે તે પ્રમાણે અર્ધો ફાળો શાખાને આપવામાં આવશે.

આ પ્રમાણેનું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે; છતાં કેટલાકના મનમાં એવી શંકા આવશે કે "આપણી શાખા માટે જો એક ઘણી જ રકમ રહેવાની હોય તો આપણે અમણી રકમ ઉઘરાવવાની શી જરૂર ! સઘળી રકમ આપણી શાળા માટે તો ન રહે. એ એમ કેમ ?" આ વિચારસરણી સદોષ છે. શાખા એ મુખ્ય સંસ્થાનું અંગ જ છે તેટલા માટે શાખાએ મધ્યસ્થ સંસ્થાને અવશ્ય પોષવી જોઈએ. માત્ર પોતાની શાખા પૂરતો જ વિચાર કરવો યોગ્ય નથી. પણ એ સિવાય બીજી વાત એ કે, મધ્યસ્થ કાર્યાલયની પાસે નિધિનો જે ભાગ જમા કરવામાં આવશે એ શા માટે ? એનો વિચાર કરતાં જણાઈ આવે છે કે શાખાને ઉપયોગી એવાં કેટલાંએક કામોની વ્યવસ્થા મધ્યસ્થ કાર્યાલય મારફતે જ થવાની હોય છે. એટલે એ નિધિ તેને આપવામાં આવે છે. દા. ત. 'શિક્ષણ પત્રિકા' એ માસિકનો ઉપયોગ સર્વ શાખાને છે જ, પરન્તુ તેની વ્યવસ્થા એક ઠેકાણે હોવી જોઇએ. નિરીક્ષણ ખાતું પણ એવા જ પ્રકારનું ખાતું છે કે જેનો લાભ દરેક વિભાગને થવાનો છે; આ પ્રમાણે સંઘના દરેક કામને માટે કહી શકાય. તેથી આપણે ભેગા કરેલા નિધિમાંથી આપણે નિધિનો અર્ધો ભાગ બીજા કોઇને આપી દઇએ છીએ એમ નથી. પણ આપણે જ રાખીએ છીએ. તો આપણા જ કામ કરવા માટે આપણી જ સંસ્થાના 'મધ્યવર્તી' કાર્યાલયને સોંપીએ છીએ એમ સમજવાનું છે.

તારાચંદ મોડક
મંત્રી
સંચાલન સમિતિ
રૌપ્ય મહોત્સવ

ન. ભા. સંઘ રૌપ્ય મહોત્સવ

સારસા બાલશિક્ષણ નગર

મધ્ય ગુજરાત શાખાના ઉપક્રમે સારસા (તા. આણંદ)માં તા. ૨૭-૫-૫૧ થી ૩૦-૫-૫૧ સુધી ચાર દિવસ માટે એક બાલશિક્ષણ નગરની યોજના કરવામાં આવી હતી.

તા. ૨૭-૫-૫૧ ના રોજ સવારે ૯-૩૦ કલાકે ગુજરાતના સુપ્રસિધ્ધ લોકપ્રિય સાહિત્ય સાક્ષરરત્ન શ્રીયુત રમણલાલ વસંતલાલ દેસાઇના શુભ હસ્તે નગરની ઉદઘાટન વિધિ કરવામાં આવી હતી. સ્વાગત પ્રમુખ શ્રીયુત શનુભાઇ મહીજીભાઇએ સ્વાગત કરતાં બાલશિક્ષણ નગરની યોજના માટે આનંદ વ્યક્ત કર્યો હતો. અને મહેમાનોને આવકાર્યા હતા શ્રી શેષ નામલેએ સંઘનો પરિચય અને બાલ કેળવણીનો ખ્યાલ આપ્યો હતો. શાખામંત્રી શ્રી દેવદત્ત પટેલે મધ્ય ગુજરાત શાખાનો કાર્યપરિચય આપ્યો હતો. આ પછી સ્વાગતના પ્રમુખે પ્રમુખશ્રીને બાલશિક્ષણ નગરનું ઉદ્ઘાટન કરવા વિનતિ કરી હતી. આ પ્રસંગે પોતાના જીવન દરમ્યાન કેળવણીની બાબતમાં જે કંઈ અનુભવો થએલા છે અને બાલ કેળવણીની કેટલી આવશ્યકતા છે તેનો સુંદર નિચોડ આપતા, સારસામાં વહેલી તકે બાલમંદિર થાય તેમ ઇચ્છતા બાલ શિક્ષણ નગરને ખુલ્લું મૂકેલું જાહેર કર્યું હતું. (એમનું એ વ્યાખ્યાન જુલાઇ અંકમાં પ્રગટ થશે)

સારસાના બેરિસ્ટર શ્રીયુત રજનીકાન્ત પટેલે ગામના લોકોને વહેલી તકે ગામમાં બાલમંદિર શરૂ કરવા વિનંતી કરી હતી

સારસા બાલશિક્ષણ નગર, પ્રાથમિક શાળાના સાત ઓરડાઓમાં ગોઠવવામાં આવેલું; વિભાગો નીચે મુજબ હતા.

(૧) મુકત વ્યવસાય (૨) જીવન વ્યવહાર

(૩)-ઇન્દ્રિય વિકાસ (૪) ગણિત (૫) ભાષા (૬) વાલીઓ માટે તથા હસ્તવ્યવસાય (૭) વિજ્ઞાન. આ ઉપરાંત ક્રીડાંગણનાં સાધનો પણ તૈયાર કરવામાં આવેલાં. આ માટે કુલ ચૌદ શિક્ષક ભાઇ બેનો રોકાયા હતાં.

ઓરડાઓમાં બાળકો સ્વતંત્ર રીતે કામ કરી શકે અને વાલીઓ જોઇ શકે તેવી યોજના કરવામાં આવી હતી. રાત્રે ફીલ્મ, રંજન કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા હતા.

ચારે દિવસ દરમ્યાન રોજ સરેરાશ નીચે પ્રમાણેની સંખ્યામાં બાળકોએ તથા મોટેરાંઓએ લાભ લીધો હતો.

૩ થી ૬ વર્ષ સુધીનાં બાળકો	૧૦૦
૬ થી ૧૨ વર્ષ ,, ,,	૧૬૫
પુરુષો	૧૫૦
સ્ત્રીઓ	૪૦-

આ દરમ્યાન બધાં ભાઇ બેનોને સાધનોનો પરિચય તથા તેની ઉપયોગિતાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. બાળકોને મૂંઝવતા પ્રશ્નોની વાતો તથા શક્ય એટલા ઉકેલો માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

તા. ૨૯ની રાત્રે રંજન કાર્યક્રમની સાથે વિસર્જન વિધિ કરવામાં આવેલો; તે સમયે સ્વાગત પ્રમુખે લોકો સમક્ષ બાલમંદિર અંગે જે બીજ રોપાઇ ગયેલ છે તે વહેલી તકે ઝાડ થઇ ફૂલે ફાલે તે જોવા માટે લોકોના સહકારની આશા રાખી હતી, અને બહારના સહાયકોનો આભાર માન્યો હતો. બાળકોએ લીધેલો રસ અને એમણે કરેલા કામનો ખ્યાલ આપી, આવી પ્રવૃત્તિઓ આપી બાળકોને સાચી મદદ કરવા વિનંતી કરી હતી.

૨૮મીએ રાતના ફીલ્મના કાર્યક્રમ સાથે ભાષા-મંત્રી શ્રી. શાંતિભાઇ રાવળ તથા ગિજુભાઇના વિદ્યાર્થી અને બાલશિક્ષણના અભ્યાસી શ્રી. મગનભાઇ પટેલે બાલ કેળવણીની ઉપર અસરકારક ભાષણો આપ્યાં હતાં.

સારસાના વતની અને બાલ શિક્ષક ભાઇ જયંતકુમાર શુકલ અને તેમનું આખુંય કુટુંબ બાલ શિક્ષણ નેગર માટે ખડે પગે તૈયાર રહ્યું હતું. બહારથી આવેલા શિક્ષક ભાઈ–બેનો તથા મહેમાનોનું સ્વાગત તથા જમવા રહેવા વગેરેનો બધો પ્રબંધ, જયંતભાઇના ભાવનાશાળી પિતા શ્રીયુત્ શીવશંકરભાઇ શુકલ તરફથી પોતાના ખર્ચે પોતાને ત્યાં કરવામાં આવ્યો હતો; જે ખૂબ જ નોંધપાત્ર છે.

ગામના અન્ય સજ્જનો તરફથી પણ બહારના શિક્ષક ભાઇ–બેનો તથા મહેમાનોનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામ તરફથી રૌપ્ય મ્ર. નિધિમાં રૂા. ૧૨૫ ઓછામાં ઓછા આપવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

દેવદત્ત પટેલ
મંત્રી. મ. જી. શાખા
ન્યૂ બા. શિ. સંઘ

બાળ શિક્ષણનગર

પાટણ : ચાણસ્મા

પાટણના જાગૃતા કિલ્લોલ બાળમંદિરના ચોગાનમાં શ્રી. હરભાઇ ત્રિવેદીને હાથે બા. શિ. નગરનો ઉદ્‌ઘાટન વિધિ થયો હતો સ્વાગત પ્રમુખ શ્રી લક્ષ્મીચંદ્ર ભાઇ હતા. શ્રી. શાંતિભાઇ. પૂનમચંદ, નટુભાઇ અને માણેકલાલ શાહે પાટણની બાળશિક્ષણ પ્રવૃત્તિનો પરિચય આપ્યો હતો. શ્રી હરભાઇના રમૂજી ભાષણે શિક્ષણ, સંઘ, નિધિ વગેરે વિષે સારો પ્રકાશ પાડ્યો હતો. નગરનો લાભ સારી સંખ્યાએ લીધો હતો. એક રંજન કાર્યક્રમમાં શ્રી. ધરમસીભાઇએ સુંદર નૃત્ય પ્રયોગો રજૂ કર્યા હતા. એક દિવસે ત્યાંના જુદા જુદા લત્તાઓમાં છાત્રો, કાર્યકર્તાઓ નિધિ માટે ફર્યા હતા. નગર અંગે થયેલો ખર્ચ કિલ્લોલ કેળવણી મંડળે ઉપાડી લીધો છે એટલે નિધિ સારો એકઠો થશે એવી આશા છે, પાટણના વિદ્વાન શ્રી ભોગીલાલ સાંડેસરાને હસ્તે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઇ હતી. શ્રી. નાગલે ભાઇની જહેમતથી ઊભું થયેલ આ નગર ખૂબ સફળ થયું હતું. પાટણમાં શિક્ષણકાર્ય કરનારો, એમાં ઊંડો રસ લેનારો સારો એવો વર્ગ છે. એ બધાનો સાથ મળતાં અને શ્રી પૂનમચંદભાઇ અને શિક્ષકોની ઉત્સાહભરી સેવા મળતાં નગરકાર્ય સુંદર રીતે પાર પડ્યું હતું.

ચાણસ્મામાં સ્થાનિક પ્રમુખ શ્રી જયશંકર દાદાને હાથે નગર ખુલ્લું મુકાયું હતું. કાર્યકર્તાઓએ અને સ્થાનિક વકતાઓએ શિક્ષણનગરની મહત્તા સમજાવતાં પ્રવચનો કર્યાં હતાં. ત્રણ દિવસમાં હજાર જેટલાં બાળકોએ નગરનો લાભ લીધો હતો. વિવિધ શિક્ષણ પ્રવૃત્તિથી વાતાવરણ આનંદિત બન્યું હતું.

શરૂઆત પ્રચારગીત ફેરીથી થઇ હતી. રાતની એક સભામાં શાંતિભાઇએ બાળશિક્ષણનો મહિમા સમજાવ્યો હતો. ભાઇ પૂનમચંદે પ્રાથમિક શિક્ષક ભાઇઓનો સાથે વાર્તાલાપ રાખ્યો હતો. જૈન ઉપાશ્રયમાં એક સ્ત્રીસભા યોજવામાં આવી હતી અને ત્યાં શ્રી. પૂનમચંદ, શાન્તિભાઇ અને સુરજમલ વકીલે પ્રવચનો કર્યાં હતાં. મહેસાણા જિલ્લાના પ્રાથમિક શિક્ષકોએ એક રાત્રિસભામાં સારો ભાગ લીધો હતો. તેમને નગરનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. રંજન કાર્યક્રમ તથા આ નગરની સફળતાનો મુખ્ય યશ શ્રી સુરજમલ ભાઇને મળે છે. નગરનું બધું કાર્ય સ્થાનિક મંડળે સ્વીકાર્યું છે અને ઠીક નિધિ થશે એવી આશા મળે છે.

વધુ

શિક્ષણ – પત્રિકાના ગ્રાહકો વધાર્યા ?
રૌપ્ય મહોત્સવ નિધિમાં દાન મોકલ્યું ?
સંઘ પરિચય – પત્રિકાનો પ્રચાર કર્યો ?
તો આભાર.

Regd. No. 2241.

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળા અને વિવિધ રંગોમાં વિવિધ પાલવ અને પાટલીપાલવથી સુશોભિત

તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

બી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,

કોટ, મુંબઈ નં: ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ–દરિયાઈ–રેલ્વેની દેશપરદેશની

મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી વિગતો,

અમારે ત્યાંથી

મેસર્સ લી. એન્ડ મુરહેડ (ઈન્ડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,

૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

શિક્ષણ–પત્રિકાના

— ખાસ અંકો —

સંધના, પચીસ વર્ષના કામનો રસિક ઇતિહાસ રજૂ કરતી પરિચય–પત્રિકા.

આઠ આના

☆

બાળકોને માટે સુંદર સાહિત્ય રજૂ કરતો 'બાળક અંક'

આઠ આના

– લખો –

'શિક્ષણ–પત્રિકા' કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન સર્વ પ્રકારનું વીમાકામ સરળ શરતોથી થાય છે.

લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરો સંતોષકારક મહેનતાણું :

એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—

૩૧૫–૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ

મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબુભાઈ મૂલજી દલાલ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬

ગુજરાત બાલશિક્ષણ સંઘ દ્વારા સંચાલિત

બાલશિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૬] જુલાઈ : ૧૯૫૧ [અંક : ૭

: આદ્યતંત્રી :

ગિજુભાઇ બધેકા

બાળકોના મિત્ર

: ગિજુભાઇ :

મારું મારું

આ મારું છે.
મેં તેનું નિર્માણ કર્યું અને પોષ્યું.
મેં તેને ઊછેર્યું અને રક્ષ્યું.
તે મારું છે તેથી મને પ્રિય છે.
તે મારું છે માટે તેને ટકાવીશ.
તે મારું છે તેથી તેને પોષીશ.
માનવ, આ હું પણું છે:
અહંકાર છે.
છોડ તેને–

તા૦

બાળકો જ છે

જગતના સાચા ઘડવૈયા

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જમુભાઇ દાણી



વાર્ષિક લવાજમ : ચાર રૂપિયા

છૂટક નકલ : છ આના

અનુક્રમણિકા

૧. સંઘના શુભેચ્છકોને... ... ... તારાબેન
૨. સ્વરાજ્યનો પાયો ... ... ૨. વ. દેસાઇ
૩. આખરે પન્ના સાચું બોલી ... બાબીબેન
૪. ક્રીડાંગણનાં સાધનો ... ... શામજીભાઇ
૫. બચપણની યાદ ... ... ગિરીશ
૬. ગિજુભાઇ અને નૂ. સંઘ ... .. સોમાભાઇ
૭. સંઘના શાખાઓ ... મંત્રીઓ
૮. મણિનગરમા મહોત્સવ ... વિહારી
૯. નૂ. બા. સંઘ ... થોડા ઠરાવો
૧૦. રૌપ્ય મહોત્સવનો કિલ્લોલ ... ...

તંત્રીની નોંધ

૧. રૌપ્ય-નાદ: રૌપ્ય મહોત્સવની હાકલ દિવસો જતા જાય છે તેમ તેમ, વધુને વધુ પહોંચતી જાય છે અને સર્વત્ર કાર્યકરોને નવો ઉત્સાહ જાગતો જાય છે. હવે તો બાળશિક્ષણ નગરની સાથે સાથે, સંસ્કારવર્ગ અને નિધિ-સંચયનું કામ પણ વેગ પકડે છે એથી ખૂબ આનંદ થાય છે. ગિજુભાઇનો સંદેશ અને પ્રેરણા ઝીલેલા તથા તારાબેન પાસે બેસીને શિક્ષણના પાઠ ભણેલા હજારો ભાઇ-બેનો કટિબદ્ધ થાય અને હિંદભરમાં ફરવા માંડે તો **નિધિસંચય માટેના પાંચ લાખ રૂપિયાની રકમ શું મોટી, અશક્ય ગણાય?** પણ શ્રી. તારાબેનની વિજ્ઞપ્તિમાં છે તેમ, ઉત્સાહ આપણામાં જાગવો જોઇએ; આપણી અંદર હશે તો વાતાવરણમાં પ્રગટતાં વાર કેટલી! સૌને વિનંતિ છે કે નિધિસંચય હાથમાં આવે કે તરત જ કેન્દ્ર-ઓફિસમાં મોકલવા માંડો; ૧૯૫૨નું પ્રથમ પ્રભાત ઊગે તે પહેલાં પાંચ લાખ ભરાઇ જાય તો!

૨. સંઘ અને શિશુવિહાર:

રૌપ્ય મહોત્સવના પુણ્ય વર્ષમાં એક આત મંગળકાર્ય સફળ થવાની પૂરી આગાહી હવે દેખાઇ રહી છે. દોઢ એ વર્ષથી નૂ. બા. સંઘ અને દાદરના શિશુવિહાર મંડળના કાર્યવાહકો વચ્ચે, વિલિનીકરણને અંગે વાટાઘાટો ચાલતી હતી. બેઉ મંડળ એક જ આદર્શની સિધ્ધિ અર્થે વર્ષોથી કાર્ય કરે છે. એક રીતે તો બેઉના મુખ્ય કાર્યવાહકો પણ એક જ છે. આમ તો પરસ્પરના સહકાર અને સદ્‌ભાવને કારણે બેઉ સંસ્થા એક જ જેવી રહી છે, અને બહારના લોકો એમ જ સમજે છે. આ વાતાવરણમાં વ્યવસ્થા, સંચાલન, નીતિ, કાર્ય, પ્રચાર—સર્વથા એક જ બને એ દિન અત્યંત શુભ છે. સૌ ઇચ્છી રહ્યા છે કે કાયદા અને બંધારણની દૃષ્ટિએ જે જે કરવાની જરૂર હોય તે, બેઉ મંડળો સત્વર પૂરું કરે અને નૂ. બા. સંઘની અંદર શિશુવિહારનું વિલિનીકરણ થાય; એટલે બાળશિક્ષણ રસિકો આપણે સૌ આનંદીએ. સ્વ૦ ગિજુભાઇ એ મંગળપળે કેટલા રાચશે! બેઉ મંડળમાં વિલિન થયેલા તારાબેન કેટલા રાચશે!

૩ પુણ્યતિથિ-પુણ્ય કાર્ય: સંઘની પચ્ચીસીની ઉજવણી એટલે ગિજુભાઇના અમર કાર્ય-દેહની ઉજવણી. એ પુણ્યતિથિ પાછી આવે છે. એ પ્રસંગે, આપણે વધુ ભાવથી બાળશિક્ષણનું કાર્ય કરવા મનોરથ કરીએ; એમનો સંદેશ બે પાંચ જણને પણ વધુ પહોંચાડીએ; એમના રસિક બાળસાહિત્યથી બાળકોને આનંદ આપીએ; એમના દ્વિતીયમ્ હૃદયમ્ જેવા નૂ. બા. સંઘની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સાથ આપીએ; એમની 'શિક્ષણ પત્રિકા'ના પ્રચાર કરીએ., ગિજુભાઇની પુણ્યતિથિની ઉજવણી એટલે એમના પુણ્યકાર્યની ઉજવણી...આ માસે, એમના જીવનનો ટૂંકો પરિચય આ અંકમાં પ્રગટ કરીએ છીએ. અમર રહો એ બાલપ્રેમી! અમર રહો એ શિક્ષણપ્રેમી!

૪ સ્વર્ગસ્થ પટવા

હજુ તો હમણાં જ મધ્ય ગુજરાતની શાખાએ

(અનુસંધાન કવરપેજ-૩ ઉપર)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

રૌપ્ય મહોત્સવ વર્ષ



વર્ષ ૨૬ : અંક ૭] મુંબઇ [જુલાઇ, ૧૯૫૧

નૂતન બાળશિક્ષણ સંઘના

શિક્ષકો, કાર્યકર્તાઓ તથા શુભેચ્છક મિત્રોને

આપ જાણો છો કે નૂ. બા. શિ. સંઘના કાર્યને ૨૫ વર્ષ પૂરાં થયાં છે. આ ૨૫ વર્ષમાં સંઘે કયો ધ્યેય રાખ્યો, શું શું કર્યું ને કેવી પ્રગતિ કરી તે આપ જાણો છો.

આ ૨૫ વર્ષમાં કામનો ઘણો વિસ્તાર થયો. સંઘને ઘણા સારા નવા કાર્યકર્તાઓ મળ્યા. પહેલેથી જ સાથે હતા તેઓ પણ વધારે ને વધારે સક્રિય ભાગ લેવા લાગ્યા. છતાં આજે છે તે સ્થિતિ સર્વ રીતે સંતોષકારક છે એમ તો ન જ કહેવાય. ઊલટું, આજે એ સ્પષ્ટ દેખાય છે કે જો સંઘના કાર્યને સારા ને મજબૂત પાયા ઉપર મૂકવામાં આવે તો જ સંઘ હવે પછી સારી સેવા આપી શકશે.

સંઘના કાર્યને સંગીન પાયા ઉપર મૂકી નવેસરથી આખું મંડાણ કરવું જોઇએ. એનું મુખ્ય કારણ તો એ છે કે હું અને મારી ઉંમરના કાર્યકર્તાઓ હવે વધારે દિવસ અને વધારે મહેનતથી કામ આપી શકવાના નથી. નવા માણસો, નવો ઉત્સાહ, ને આજના જમાનાને અનુકૂળ એવા ફેરફારોની સંઘને આવશ્યકતા છે. એટલે નવા, ઉત્સાહી ને લાયક માણસોને તાલીમ આપી, નવા કાર્યકર્તાઓ તૈયાર કરી લેવાની જરૂર છે. તેમ જ, અત્યારે ચાલતાં કામોને ફરી વાર ને નવી રીતે વ્યવસ્થિત કરવાની જરૂર છે. જેમકે :–

"શિક્ષણ પત્રિકા"–સંઘના કાર્યની દ્રષ્ટિએ આ એક અત્યંત આવશ્યક એવું અંગ છે. આજે તે ત્રણ ભાષામાં ચાલે છે. પણ આપણે કલકત્તા, હુબલી, ધારવાડ વગેરે બાજુએ પણ કામ કરવા નીકળીશું; એટલે બંગાળી, કાનડી વગેરે બીજી ભાષામાં પણ આપણે તેની આવૃત્તિ કાઢવી જોઇએ. ઉપરાંત, તેને ખરેખર લોકભોગ્ય અને માબાપને પ્રિય થઇ પડે તેવી કરવી જોઇએ. તે માટે સ્વતંત્ર તંત્રી જોઇએ. આજે તાત્ત્વિક અને શિક્ષકોને ઉપયોગી એવું લખાણ આપી શકીએ છીએ. પરન્તુ, સામાન્ય માબાપને ઉપયોગી ને આકર્ષક કરવા માટે જે વખત, ચિંતન, અભ્યાસ ને વિચારો થવા જોઇએ તેટલો વખત આજના તંત્રીને હોતો નથી. તે માટે સ્વતંત્ર તંત્રી, અને દરેક ભાષા માટે એક એક ઉપતંત્રી નીમીને જો બરાબર કાર્યાલય ઊભું કરવામાં આવે તો "શિક્ષણ પત્રિકા" ખરેખર વધુ લોકોપયોગી થઇ શકશે. આજે હજી તેને માટે મોટ સહન કરવી પડે છે. તેને બદલે આવી વ્યવસ્થા થાય તો તેમાંથી સંઘને ઉપજ થવાનો પણ સંભવ છે. તે માટે પ્રાથમિક ખર્ચ કરવો જ જોઇએ. આજે રાપ્ય મહોત્સવ અંગે જે આપણા કાર્યકર્તાઓ ગામે ગામ ને પ્રાંતે પ્રાંત જાય છે, તેથી આપણો પ્રત્યક્ષ સંબંધ વધે છે. તે ટકાવી રાખવા માટે આપણી પાસે એક જ સાધન છે ને તે આપણી "શિક્ષણ પત્રિકા".

બાલમંદિરોના નિરીક્ષણની પણ તે જ સ્થિતિ છે. આજ દિવસ સુધી સંસ્થાના કાર્યકર્તાઓએ પોતાની રજા અને આરામના વખતનો

ભોગ આપી એ કામ કર્યું. વેકેશનમાં રાત્રે પ્રવાસ ને દિવસે કામ, રજા પૂરી થતાં વેંત પોતાને કામે ચડવાનું. આ રીતે કાર્યકર્તાઓએ લોહીનું પાણી કરીનેય એ કામ કર્યું છે; છતાં નિરીક્ષકોને કે શિક્ષકોને પૂર્ણ સંતોષ થતો નથી. એ કામ સંતોષકારક રીતે થયું એમ ન જ કહી શકાય. એ બાબું પણ વ્યવસ્થિત થવા માટે સ્વતંત્ર નિરીક્ષકો હોવા જોઇએ.

સ્વ. ગિજુભાઇ સ્મારક પ્રકાશનની પણ ઉપર પ્રમાણેની જ સ્થિતિ છે.

ગ્રામ બાલ-શિક્ષા કેન્દ્રના કાર્યકર્તાઓને વારંવાર સંઘના બીજા કામમાં તણાવું પડે છે તેથી, કેન્દ્રનું કામ પણ જોઇએ તેવું ચાલ્યું ન જ કહેવાય. શાખાઓના કામમાં પ્રણ સ્વતંત્ર અને મંત્રી તે કામ માટે માણસ ન હોવાથી શિથિલતા આવે છે.

આ બધાનો-ઉપાય એક જ અને તે નવા કાર્યકર્તાઓ મેળવવાનો. સંઘના જૂના કાર્યકર્તાઓ હવે વૃદ્ધ થતા જાય છે એટલે નવા કાર્યકર્તાઓને એ કામમાં લાવીને, તેમનામાં કાર્યનો રસ જગાવીને, તેઓ હવે પછી સંઘના કામમાં ઓતપ્રોત થઇ શકે એવા સારા કાર્યકર્તાઓ મેળવવા એ અત્યારે ખાસ જરૂરનું છે.

આપણી પાસે જોઇએ એવા કાર્યકર્તાઓ નથી એમ નથી; પણ આજે તેઓ પહેલાંની જેમ, નિર્વેતન કામ કરવા આગળ આવી શકતા નથી, કારણ આજની પરિસ્થિતિમાં જીવન-નિર્વાહનો પ્રશ્ન ઘણો વિકટ થયો છે. સંઘે જીવનનિર્વાહની દૃષ્ટિએ પૂરતો પગાર આપીને યોગ્ય કાર્યકર્તાઓ મેળવવા જોઇએ.

આ બધા વિચાર કરીને જ સંઘના વ્યવસ્થાપક મંડળે રૌપ્ય મહોત્સવના વર્ષ દરમિયાન **પાંચ લાખનો** નિધિ ભેગો કરવાનું નક્કી કર્યું ને તે યોજનાને આપણે સૌએ વધાવી છે.

આપણા રૌપ્ય મહોત્સવના કામની શરૂઆત થયે ચાર મહિના થયા છે. છતાં નિધિ મેળવવાના કામની હજી માત્ર શરૂઆત થાય છે. એકલું પ્રચાર-કાર્ય કરવા સૌ તૈયારી બતાવે છે, પણ તેની સાથે જ નિધિની શરૂઆત થવી જોઇએ; તે થતી નથી. હજી દાન-પત્રિકાઓ લઇને ઝોળી ફેરવવા સેકડોની સંખ્યામાં આપણા કાર્યકર્તા નીકળી પડ્યા નથી. બરું જોતાં, જે નિશ્ચયથી, જે હોંશ અને સ્ફુર્તિથી આપણે યોજના ઘડી તે જ નિશ્ચય અને ભાવનાથી આગળનું કામ ઉપાડવું જોઇએ.

ઝોળીના કામને વેગ કેમ નથી મળતો એમ મારા મનમાં વિચારો ચાલ્યા કરે છે. બીજાં ઘણાં કારણો દેખાય છે પણ મારું મન સાક્ષી પૂરે છે કે બરાં કારણો એ નથી જ. મને તો એક જ કારણ દેખાય છે કે આપણે સૌએ હજી સાચા દિલથી, મન મૂકીને એ કામ સ્વીકાર્યું નથી. **આપણે સૌએ આપણો પોતાનો ફાળો હજી કયાં ઝોળીમાં મૂકયો છે?** ત્યાં સુધી બીજાની પાસે જવા માટે આપણું મન કચવાય તે સ્વાભાવિક છે.

આજે આ જાહેર પત્રથી મારા મિત્રો, શુભેચ્છકો, સહકાર્યકર્તાઓ અને આ ક્ષેત્રમાં કામ કરતાં તમામ બંધુ ભગિનીઓને હું આગ્રહપૂર્વક વિનતિ કરું છું કે આપણી ઝોળી પ્રથમ આપણા જ દાનથી ભરીને પછી બહાર નીકળજો. આપણે આપણથી બને તેટલું વધારેમાં વધારે આપણી ઝોળીમાં મૂકીશું તો બીજાની પાસેથી થોડું ઘણું પણ મેળવી શકીશું. હું જેમને મારા પોતાના, એટલે સંઘના ગણું છું તેમની આગળ હું પ્રથમ હાથ લંબાવું. એક વખત મારી અંગત હોંશ અને પ્રવાસની ઇચ્છા પૂરી કરવા માટે મારા મિત્રોએ અને સહકાર્યકર્તાઓએ મારી ઝોળી ભરી દીધી છે, ને તેથી હું યુરોપનો પ્રવાસ કરી શકી હતી. આજે હું અંગત મારે માટે નહિ પણ મને જે મારી જાત જેટલું જ અંગભૂત છે તે,

સંઘના બાલશિક્ષણના કાર્ય માટે હાથ લંબાવું છું. મને ખાત્રી છે કે મારી ઝોળી તરત છલકાશે.

મારા મિત્રો મારી ષષ્ટ્યબ્ધિ કરવાનો વિચાર સેવે છે, એવી વાત મારે કાને આવી છે. હું ન હોઉં ત્યારે સ્મારકનો વિચાર, પંણ કદાચ થાય. એ રીતે મને પોતાને માન મળે તેમાં મને રસ નથી. સંઘના કાર્યમાં મને રસ છે તે પણ અંગત રીતે નથી. મારી સંસ્થા ચાલવી જોઇએ એવું મને મમત્વ નથી. પણ રાષ્ટ્રોદયની દૃષ્ટિએ, લોકોદયની દૃષ્ટિએ, બાળહિતની દૃષ્ટિએ એ ચાલવું જરૂરી છે. એ વાત મારી રગેરગમાં ઠસી ગઇ છે; માટે મારો આ આગ્રહ છે. મારા મિત્રો પણ એ જ દૃષ્ટિએ આ ઝોળી ભરે એમ ઇચ્છું છું.

સંઘના કાર્યમાં પ્રત્યક્ષ કાર્ય કરનારાં તે આપણે બાલશિક્ષકો. એટલે ઝોળી ભરવાની પહેલી જવાબદારી આપણી છે. હું જાણું છું કે આર્થિક દૃષ્ટિએ આપણે સૌથી છેલ્લી પાયરીના છીએ. તેથી જ આપણાં ઉપર નિધિની શરૂઆત સારી રીતે કરવાની જવાબદારી આવે છે. આપણે સૌ જો એક સો એક રૂપિયાથી શરૂઆત કરીશું તો બીજા જે ઉપલી કક્ષાએ હશે તેમને આપણાથી વધારે આંકડો મૂકવાનો ઉત્સાહ આવશે. તેથી મારા બાલશિક્ષકો પાસે હું એ આંકડો માગું છું. એકી સાથે નહિ તો હપ્તે હપ્તે બે વર્ષમાં પણ એટલી રકમ તેમણે સંઘને ચરણે ધરવી જ જોઇએ. જેને આપણે આપણું જીવનકાર્ય ગણીએ છીએ તેની પાછળ આપણે ત્યાગ પણ કરવો જોઇએ. આપણે એકાદ વર્ષ નવાં કપડાં ન લઇએ કે અન્ય રીતે આપણી જરૂરિયાતોમાંથી જ બચાવીને આ દાન આપીએ તો તે શુધ્ધ, પવિત્ર ને પ્રામાણિક દાનથી આપણા નિધિની કક્ષા ઊંચે ચઢશે. હું તો કેટલી મગરૂર થઇશ! આથી બીજાની પાસે ઝોળી લઇને જવા માટે હૈયામાં હામ ને પગમાં મને જોર આવશે.

આપણે બાલમંદિરના શિક્ષકો પૂ. ગિજુભાઇને ગુરુસ્થાને માનીએ છીએ. ગિજુભાઇએ શરૂ કરેલા અને પોતાના લોહીથી પોષેલા એ કાર્યને આપણે પણ આપણા શરીરના થોડા લોહીનાં ટીપાંથી જ વધાવીએ તે આગળ ચલાવવા માટે બનતું કરી છૂટીએ તો!

મારી ખાતરી છે કે મારા શિક્ષક ભાઇબેનો પાસે મેં જે માગ્યું છે તે તેઓ ઊભરાતે હૈયે મોકલી આપશે.

મારા બીજા સહકાર્યકર્તાઓ અને સંઘના શુભેચ્છક મિત્રો તો એવા છે કે જેમને મન બાલ-શિક્ષણનું મહત્ત્વ પૂરેપૂરું વસ્યું છે. તેમને મારે વધારે કહેવાની જરૂર જ નથી. આ કામ તેમનું જ છે. એટલે પોતે સ્વીકારેલા કામને સફળ કરવા માટે તેમના અંતઃકરણમાં જે કાંઇ ઊગે તે તેઓ ઝોળીમાં મૂકી દેશે એટલે ઝોળીને છલકાઇ જતાં વાર લાગશે જ નહિ.

આપણે સૌને ઝોળી ફેરવતાં આજે જે મુશ્કેલી લાગે છે તે આપણો પોતાનો ફાળો ઉદારહસ્તે આપ્યા પછી લાગશે નહિ.

મારા વિદ્યાર્થી શિક્ષક ભાઇબેનો, સહ-કાર્યકર્તાઓ તથા મિત્રો આગળ હું મારી ઝોળી ધરું છું. જે લાગણી ને ભાવનાથી મેં ઝોળી તમારી આગળ ધરી છે તે જ ભાવનાથી તમારો પ્રત્યુત્તર આવશે જ એવી શ્રધ્ધા સેવું છું.

તારાબેન મોડક

'શિક્ષણ – પત્રિકા'ના ગ્રાહકો વધાર્યા?

સ્વરાજ્યનો પાયો

(સારસા બાલશિક્ષણ નગરના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રમુખસ્થાનેથી ગુજરાતના પ્રસિધ્ધ, લોકપ્રિય સાક્ષરરત્ન શ્રીયુત રમણલાલ વસંતલાલ દેસાઇએ કરેલું ભાષણ.)

આજે પ્રથમ વાર જ સારસા ગામ આવવાનું થતાં ખૂબ જ આનંદ થાય છે. સારસા ગામ ઐતિહાસિક બનાવો અને પુરુષોથી જાણીતું છે. કેળવણીની દૃષ્ટિએ ઘણી વ્યકિતઓ જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરી રહેલી છે. એવા ગામમાં મને બોલાવવા બદલ સૌનો આભારી છું.

આજે બાળકોનો પ્રશ્ન વિચારતાં મારે જણાવવું પડે છે કે 'ઝંઝાવાત' અને 'પ્રલય' નામનાં મારાં બંને પુસ્તકો મારી નિરાશાથી ભરપૂર છે, અને પ્રલય આવશ્યક દેખાય છે. પરંતુ જો દુનિયા સજાગ થાય અને બાળકોનો પ્રશ્ન સારી રીતે હાથ ધરાય તો મારા એ વિચારો બદલાય જ.

આજે માણસની બુધ્ધિ ઘણી વિકાસ પામી છે. ઘણા માને છે કે દુનિયાનું ભલું થવું જોઇએ; પરંતુ તે ચર્ચાઓમાં જ રહી જાય છે. એટલે કે બુધ્ધિની અતિશયતાનો રોગ લાગુ પડયો છે.

આપણે વિચારીએ કે આપણે બીજાનો દોષ કાઢીએ છીએ; પરંતુ આપણે કેટલે અંશે તે સુધારી શકીએ એવી સ્થિતિમાં છીએ! બીજાને કંઇ પણ કહેવું તે કરતાં આપણે પણ તેમના જ વર્ગના છીએ, એ દરેકે ભૂલવું ન જોઇએ.

આપણા દોષોનું પ્રતિબિંબ આપણને આપણાં બાળકો ઉપરથી મળી રહે છે. હવે જો આપણે સુધારણા કરવી હોય તો પ્રથમ બાળકને સુધારવું પડશે. ગિજુભાઇનો આ ક્ષેત્રમાં જે પ્રયોગ છે તે આપણા દેશના સ્વરાજ્યનો મુખ્ય પાયો છે. દેશમાં અનેક વિદ્વાનો હોવા છતાં કોઇની દૃષ્ટિ ગામડાં તરફ ગઇ નથી. તમાંય બાળકો તરફ તો આપણું ધ્યાન જ દુબળું છે. આપણી દૃષ્ટિ પૈસા કમાવા તરફ જ છે. બાળકો જો આપણી છબી હોય તો આપણે કેવા છીએ તે તમો જાણો છો. તો શું આજે આપણે બધા જે રસ્તે જઇ રહ્યા છીએ તે જ રસ્તે બાળકોને લઇ જવાં છે કે કોઇ સારે રસ્તે? ટૂંકમાં, સ્વરાજ્ય ટકાવવું હોય તો ૨ાા થી ૬ વર્ષની વયનાં બાળકોને ખાસ કેળવણી આપવી જ જોઇએ. એટલું યાદ રાખજો કે બાળકોના બાળપણામાં આપણે જેવા હાલ કરીશું તેવા હાલ તે બાળકો ઘડપણમાં આપણા કરશે. આપણે ૨ાા થી ૬ વર્ષનાં બાળકો તરફ બરોબર ઘોર અન્યાય કરી રહ્યા છીએ. માબાપો માટે બાળકો ભારરૂપ હોય તેવી આજે સ્થિતિ છે. બાળકોની કેળવણી એ ખૂબ જ આવશ્યક છે અને તે સિવાય દેશનો ઉધ્ધાર છે જ નહિ. આવી કેળવણી એ જ સાચી કેળવણી છે. આજે મારી ઉંમર ઘણી મોટી થઇ ગઇ છે. આજસુધી મેં જોયું છે, અનુભવ્યું છે, અને જે સાચુ છે તે માટે જો તમોને મારામાં વિશ્વાસ હોય, મને બોલાવવામાં સાર્થકતા માનવી હોય તો આટલું તો કરશો જ કે વહેલામાં વહેલી તકે તમારાં ગામનાં બાળકો માટે બાલમંદિર શરૂ કરી દેજો; અને જ્યારે હું સાંભળીશ કે બાલમંદિર શરૂ થયું છે ત્યારે જ મને અહીં આવ્યાનો સાચો આનંદ થશે. વળી હું મારાથી શકય મદદ પણ કરીશ. આ ઇચ્છા સાથે હું આ ઉદ્‌ઘાટન જાહેર કરું છું.

રમણલાલ વ. દેસાઇ

ગિજુભાઇના બાળસાહિત્યથી અન્યને પરિચિત કર્યા?

આ ખરે તો પન્ના સાચું બોલી

'કેમ આયા! આજે સાંજે બાગમાં ફરતી વેળાએ પન્નાએ શું શું કર્યું? એણે મોઢામાં અંગૂઠો ઘાલ્યો હતો કે નહિ?' રમાબહેને તેમની આયાને પન્ના સાથે ઘરમાં પ્રવેશતાં જોઇને તરત જ ઉપરનો પ્રશ્ન કર્યો.

'હા, બા, પન્નાબહેને આજે પણ મોઢામાં અંગૂઠો ઘાલ્યો હતો. મેં તો ઘણી ના પાડી પણ એમણે માન્યું જ નહિ.' આયાએ કાંઇક અસ્વભાવિક રીતે નમ્રતાથી ઉત્તર આપ્યો.

'પન્ના, તેને મેં આજે મોઢામાં અંગૂઠો ઘાલવાની ના પાડી હતી ને? છતાં તેં સાંજે ફરી મોઢામાં અંગૂઠો નાખ્યો હતો કે? તને આયાએ ના કહી તો પણ તેં કેમ ન માન્યું?' રમાબેન ડોળા કકડાવીને પન્ના તરફ ફર્યા અને તડૂક્યા.

બિચારી પન્ના! એના સુંદર, ગુલાબી મુખ પર ફરકતું સ્મિત રમાબહેનના આ પ્રશ્નથી એકાએક અદૃશ્ય થયું અને એની કાળી કાળી નિર્દોષ આંખોમાં અશ્રુ છવાયાં. એણે ગભરાએલા સાદે પોતાનો બચાવ કર્યો. 'પણ બા! આજે તો મેં મોઢામાં અંગૂઠો લીધો જ નથી. જુઓ મારો હાથ.' એમ કહી પન્નાએ પોતાનો નાનકડો હાથ ઊંચો કર્યો.

પરંતુ રમાબહેન આજ પન્નાનું કહેવું સાંભળે તેમ ન હતાં. એમણે તો પન્નાને ઉધડી જ લીધી.

'ચાલ, ચાલ, જુઠ્ઠી! કહે છે કે મેં મોઢામાં અંગૂઠો નાખ્યો જ નથી! હમણાં આયાએ શું કહ્યું, તે તેં સાંભળ્યું કે નહિ? શું આપણી આયા જૂઠું બોલે? સાચું કહે, તેં અંગૂઠો મોઢામાં ઘાલ્યો હતો કે નહિ?'

રમાબહેનનો સ્વર પળે પળે વધુ ઊંચો અને ગરમ થતો જતો હતો. તેઓ આજે પન્નાને કોઇ મોટી શિક્ષા કરવાના હોય તેવું, એમના ક્રોધાગ્નિથી ભરેલા ચહેરા પરથી પન્નાને દેખાતું હતું.

પન્ના હવે ધ્રૂજવા લાગી. આજે એની બાનો ગુસ્સો એને અસાધારણ લાગ્યો. જ્યારે એની બા કોઇ એક બાળક પર તેના કોઇક વાંક માટે ચિડાતી ત્યારે તેને પકડીને તરત જ નહાવાની ઓરડીમાં જ ગોંધી દેતી; પછી જ્યારે એ બાળક રડી રડીને થાકતું, અને રમાબહેન જે કહે તે કરવા કબૂલ થતું ત્યારે જ તે બાળકનો છૂટકારો થતો.

પન્નાને આ વાતની જાણ હતી. પન્નાએ એના પર તોળાઇ રહેલી આફત જોઇ લીધી.

પન્ના સાંજે બાગમાંથી ફરીને પાછી આવી ત્યારે કેટલી આનંદમાં હતી! આજે જ્યારે બાગમાં એને એની આયા ઝાડ નીચે એકલી રમતી મૂકીને, પોતાની કોઇ બહેનપણી સાથે વાતો કરવા દૂર ચાલી ગઇ ત્યારે અરવિંદ કેવો એની પાસે દોડીને આવ્યો હતો? પછી એ બન્ને જણ આજે કેટલાએ દિવસે પેટ ભરીને જોડે કેવા હેતથી રમ્યાં હતાં? અરવિંદ તોફાની બાળક છે અને રમાબહેનને તોફાની બાળકો ગમતાં નથી તેથી, રમાબહેને તો આયાને કહી રાખ્યું હતું કે 'જોજે, પન્નાને પેલા અરવિંદ જોડે કોઇ દિ' રમવા દેતી નહિ. મને એવાં તોફાની બાળકો નથી ગમતાં. મારી પન્નાને તો મારે ખૂબ ડાહી છોકરી બનાવવી છે; અને આયા કોઇ દિવસ એને અરવિંદની સામું જોવા પણ દેતી નહિ. આજે આયા પન્ના પાસે નહોતી, એ જોઇને અરવિંદ પન્ના જોડે રમવા આવ્યો અને બન્ને જણ રમતમાં એવાં તો મશગુલ થઈ ગયાં કે પન્ના મોઢામાં અંગૂઠો નાખવાનું જ ભૂલી ગઇ.

પણ, આ બધું પન્ના એની બાને કેવી રીતે કહે? કેમ સમજાવે? વળી જો એ કહે કે એ આજે અરવિંદ જોડે રમી હતી તો પણ બા વઢે ને ચિડાય, એટલે પન્ના તો કંઇ બોલી જ ન શકી.

રમાબહેને પન્નાને ફરી ફરીને દબડાવી; પછી મોઢામાં અંગૂઠો નાખ્યાની વાત કબૂલ કરાવવા

માટે એનો હાથ પકડીને એને નહાવાની ઓરડી તરફ લઈ ગયાં. ત્યાં જઈ પન્નાને એ ઓરડીમાં મૂકીને તેનો દરવાજો બંધ કરતાં હતાં તેટલામાં પન્નાએ કાળી ચીસ પાડી દેતાં કહ્યું કે 'બા, મેં અંગૂઠો મોઢામાં લીધો હતો.'

રમા બહેન તરત જ ઠંડા પડયા: 'હવે કેવી ડાહી થઈ ગઈ! પહેલેથી જ ખરી વાત કહી દેવી હતી ને? આજે તો વળી તું ખોટું બોલતાં પણ શીખી આવી છે. દીકરા! આમ ખોટું ના બોલીએ હોં. તું તો મારી ડાહી દીકરી છેને!'

કહીને રમાબહેને પન્નાને માથે વ્હાલભર્યો હાથ ફેરવ્યો અને એના કુમળા ગાલે બચ્ચી લીધી.

પણ પન્ના તો ડુસકે ડુસકે રડી રહી હતી. એણે રાતે વાળુ પણ ન કર્યું. 'મને ભૂખ નથી' કહીને એ નિદ્રાદેવીને આધીન થઈ ગઈ.

રાત્રે નિરાંતે જમીને પાન ચાવતાં ચાવતાં રમાબેને તેમના પતિને, પન્ના વિષેની બધી વાત માંડીને કહી, ને પછી છેવટે સંતોષપૂર્ણ સાદે ઉમેર્યું કે, 'આખરે પન્ના સાચું બોલી!'

બાબુભાઈ મૂલજી દયાલ

☆

બાળક્રીડાંગણનાં સાધનો

ચ ગ ડો ળ

બાળક સીડી પર ચડતાં ઊતરતાં શીખે છે, લપસતાં શીખે છે, લાંબું લાંબું ચાલતાં શીખે છે. એ પછી અથવા તો આ સમયે બાળકને ગોળ-ગોળ કે ચકકર ચકકર ફરવાનું ગમે છે.

આપણે જોઈએ છીએ કે બાળક માતાની ફરતું ફરે છે. થાંભલાને પકડીને ગોળગોળ ફરે છે. અથવા કોઈ વસ્તુની ફરતાં ચાલે છે કે દોડે છે. આમ કરીને બાળક પોતાના શરીરની ડાબી જમણી માંસપેશીઓનો વિકાસ સાધે છે. બીજી રીતે કહીએ તો ગોળ ફરવામાં જે ગતિ પેદા થાય છે તે બાળકને ગમે છે. બીજાને ગોળ ગોળ ફરતાં જોવાની પણ મજા પડે છે, ને ફરવાની પણ મજા પડે છે. માટે આપણે બાળકની આ વૃત્તિ પોષવા માટે ચગડોળનું સાધન આપવું જોઈએ.

જૂના વખતમાં અને હજુ પણ ગામડામાં અથવા શહેરમાં જ્યા ગ્રામજીવીઓ વસે છે ત્યાં ક્રિચુડો જોવામાં આવે છે. આ સાધન માટે કશું ખર્ચ કરવામાં આવતું નથી. એક ઊભું લાકડું જમીનમાં ખોડવામાં આવે છે તેના ઉપલા છેડાને અણીવાળો રાખવામાં આવે છે. બીજું એક આડું લાકડું જોઈએ; તેની મધ્યમાં ખાડો પાડી પેલા ઊભા અણીવાળા લાકડા પર મૂકવામાં આવે છે. બંને બાજુ બે બાળકો બેસે છે ને એક બાળક તેને ધકેલીને ફેરવવા માંડે છે. આડા લાકડાના ખાડામાં કોલસો મૂકવામાં આવે છે; તેથી તે ફરતાં ક્રિચૂડ ક્રિચૂડ અવાજ થાય છે. આ ક્રિચુડાનું જ સુધરેલું સ્વરૂપ તે આપણો ચગડોળ-ચગડોળ એ ત્રણ જાતના હોય છે.

(૧) આડો ફરતો ચગડોળ
(૨) ઊભો ફરતો ચગડોળ
(૩) ટીંગાઈને ફરતો ચગડોળ
(૪) આખો ગોળ ફરતો ચગડોળ

નાનાં બાળકો માટે ક્રિચુડા જેવો ચગડોળ ઘણો ઉપયોગી થઈ પડે છે. પેલો લાકડાનો ક્રિચુડો લાંબો સમય ચાલતો નથી. તૂટી જતાં તેને વાર લાગેતી નથી. વળી આપણે શાળા કે ક્રીડાંગણમાં આવતાં ઘણાં બાળકો તેનો ઉપયોગ કરવાના હોઇ એવું સાધન પોસાય નહિ. તેથી લોખંડનું બોલબેરીંગવાળું ચગડોળ ઉપયોગી થઈ પડે છે.

બાળકોને ગોળગોળ ફરવાની વૃત્તિને પોષવા માટે આપણી દરેક શાળામાં અને દરેક ક્રીડાંગણમાં બાળકોની ઉંમરના પ્રમાણમાં નાના-મોટા ઊંચા-નીચા ચગડોળ વસાવી લેવાં જોઈએ.

શામજી જમોડ

બાલ્યપણની યાદ

સૌને પોતાના બાળપણનાં સ્મરણો ચગળવા ગમે છે.

યાદ કરું છું ને મારી પોણાબે વર્ષની ઉંમરનું સાવ ઝાંખું સ્મરણ યાદ ચડે છે. હું મારી બા સાથે મારે મોસાળ ભાવનગર આવ્યો હતો. મારા નાના (માના બાપ) મરણ મંદવાડમાં પડ્યા હતા. મોસાળનું નાનું ઘર, નાનાના મંદવાડનો ઘાટલો, તેમને જોવા આવતાં માણસો સિવાય કશું જ મને સાંભરતું નથી. કાઇનાં મોઢાં યાદ નથી.

હું બે અઢી વર્ષનો હઇશ તે વખતનાં સ્મરણો જરા વધુ સ્પષ્ટ છે. મારા બાપા સાથે અમે જે મકાનમાં રહેતા હતા તે મકાન, બાસ કરીને એ મકાનમાં દિવસે પણ રહેતું અંધારું, મારા પાડોશીઓ, ગોઠિયાઓ, એક પટાવાળો, એક ગોઠિયાની બા, અમને ભાગમાં નાગરી પ્રેમોદી આપતાં તે, નજીકના એક ઘટાદાર લીમડા નીચેનો સૂનો પડેલો તકિયો, ત્યાં અમે ધોલકી ધોલકી રમતાં તે, મારી દાદી કાગળના થપેડા બનાવતાં તે, રોટિયો પર દોરા ફરડતાં તે, બે અંગત ભાઇબંધો, એક છોકરો ને તેની નાની બહેન અને તેમનો સ્નેહ અને પક્ષપાત, મારા બાપાએ દાબોટાની બાંડની ગુણીઓ વેપાર માટે સંધરી હતી તેમાં મંકોડા ઊભરાયા હતા તે—બધું જ આજે સાંભરે છે. આ વખતનું એક સ્મરણ ખાસ યાદ છે. મારા મામાના લગ્ન પ્રસંગે અમે મોસાળ આવ્યા હતા, બાવાનું પીવાનું, સૂવાનું કાંઇ યાદ નથી. યાદ છે માત્ર એક પ્રસંગ. મામાની જાન ઊપડતી હતી. શેરીને નાકે શણગારેલી વેલમાં અમે વરરાજાની પડખે બેઠાં છીએ. મારી બાને માથે મોડ છે ને મેં કજીઓ આદર્યો. ગીતો ગવાય છે, આનંદ ઉમંગનો પાર નથી. તેમાં ભાણીઓ (હું) રોઉં?! બધાં મને ફોસલાવે, છાનો રાખે તેમ તેમ તો હું વધારે ભેંકડા બેંચું. મારા બાપાને બારે ગુસ્સો ચડ્યો ને તેણે આવી રથમાંથી મને બાવડેથી બેંચી પાસેના એક ઉકરડા પર ફેંકયો, બસ આટલું જ યાદ છે.

તે પછીની યાદ છે મારી બાના છેલ્લા મંદવાડની. બાનો મંદવાડ વધી પડ્યો એટલે તેને મોસાળ લાવવામાં આવી તેનો ચહેરો તો યાદ નથી પણ તેનો દુર્બળ દેહ બાટલામાંથે દેખાતો ન હતો તે યાદ રહ્યું છે. તે બૂબ ચિડિયા સ્વભાવની થઇ ગઇ હશે એટલે મને ભોગ આપવાને બહાને પોતાના બાટલા પાસે બોલાવે અને પછી મારા વાંસામાં ધબ્બા મારી મને ધોઇ નાખે. મારી નાની મને તેની પકડમાંથી મુકાવે. આ વખતે હું હોઇશ સાડા ત્રણ, પોણાચાર વર્ષનો. થોડા દિવસ પછી બા ગુજરી ગઇ. આગલે દિવસે બાને બૂબ વધારો થયો હશે એટલે નજીકમાં રહેતાં મારા એક ફોઇને ત્યાં રાત્રે મને મૂવા લઇ ગયા. રાતમાં બા ગુજરી ગઇ. મળસ્કે બાને કાઢી ગયા ત્યારે ભાઇબંડાઓ રોતા રોતા ફોઇના ઘર આગળથી નીકળ્યા, એટલું મને આબાદ યાદ છે.

બા મરી ગઇ એટલે મારી દાદીએ અમને (મને અને મારી તે વખતે વરસેક દિવસની બાવણી બહેનને) સંભાળ્યાં. છેક મોટાં થયાં ને પરણ્યાં પસટયાં ત્યાં સુધી આ માએ બાના જેવા જ હેતથી મોટાં કર્યાં.

આમાંનું એક સ્મરણ ટાંકું. અમારા ગામથી રેલ્વે સ્ટેશન બાર ગાઉ છેટું, એટલે અમારે જ્યારે અમારે વતન કે મોસાળ જવું હોય ત્યારે ગાડાની મુસાફરી કરવી પડે. ગાડીનો આવવા જવાનો સમય એવો કથોરો કે વચ્ચે મારગમાં કયાંક અમારે રાત રહેવી જ પડે રસ્તો સૂનો અને ભયંકર. ચારે કોર બાવળનાં જ ઝાડ. સંધી લોકોનાં ગામડાં આવે. અમારે જે ગામડામાં રાત રહેવી પડે તે સાવ નાનું ને કાંઠે એક પીરનો ચોતરો. તે પર પીલુડીનાં ઝાડ. પડખે એક ધૂળિયું ઝૂંપડું અને એક અવેડો. ગાડું બહાર ખુલ્લામાં છૂટે ને અમને ગાડાવાળો પેલા ઝૂંપડામાં ઊતારે.

એક પતરાનો નાનો ડબ્બો દીવો બાળવા લાવી દે. અહીં ઓશરીમાં ખુંગણ પાથરી અમને માસુવારી દે ને એક કોર હું ને એક કોર મારી નાની બહેનની ઉપર હાથ રાખી નાની પોતે આખી રાત જાગતાં બેસી રહે. પોતાના પગ રાખે અમારાં લુગડાંની એક નાનકડી પતરાંપેટી પર. ચારે કોર અંધારું, ઘાડું જંગલ, તમરાં બોલે પણ માને બીક નહીં લાગતી હોય ?

તે પછી સાંભરે છે મને એકડિયા ઘૂંટાવતા હાસમ માસ્તર. માંડ મૂંછનો દોરો ફૂટ્યો હશે. ચોરણો ને અડધિયું કુરતું પહેરે. ચોરણા ઉપર પછેડીની ભેટ બાંધે ને માથે રાતા મધરાસિયાનો ફેંટો હોય આ માસ્તરની મીઠી વાણી, ધીરજ અને વહાલ હજુ ભૂલ્યો નથી છએક વર્ષનો હઇશ એ પછીના એકાદ વર્ષનું સ્મરણ યાદ આવે છે. એક મીરાંબાઈનું મંદિર ને બીજે પૂરબિયો હજ્જરી. તે વખતે અમે ભાટવાટામાં રહેવા ગયેલા. એક ભાટણે સંસાર પર વૈરાગ્ય આવવાથી ત્યાં એક ઠાકરમંદિર સ્થાપેલું, ને પોતે મીરાંબાઈનું નામ ધરણ કરેલું. મીરાંબાઇનો ધોળાં કપડાં પહેરેલો, ચંદનનાં ધોળાં ટીલાં ટપકાં કરેલો અને ગળામાં માળાવાળો દેહ યાદ છે. એઓ આંખો ઢાળી અમારા માથા પર કેવો પ્રેમળ હાથ ફેરવતાં! અને બીજો હજ્જરી. આ ઉત્તર હિંદનો પૂરબિયો. ગામના મુનસફનો પટ્ટાવાળો હતો અને અમારા ઘર પાસેની એક ઓરડીમાં રહેતો. એકલારામ હતો. એકલે હાથે દાળરોટી બનાવતો. તેનાં ઊજળાં ફૂલ ધોળાં કપડાં, તેનો કચ્છો, તેનાં માજીને ઉજળાં મોં દેખાય તેવાં ભોંયા શાહી થાણી, વાટકા ને લોટો ખાસ યાદ રહી ગયાં છે. તે અમને વાર્તાઓ કહેતો એટલે જ મગજમાં ચોંટી ગયો હશે.

હું સાડા સાત આઠ વર્ષનો થયો ત્યારે અમે કંસારાવાડમાં રહેતા. ઘરની બહાર પહોળા, લાંબા ઓટલા એટલે સાંજ પડયે અમે છોકરાં આ ઓટલા પર રમીએ. સામે એક મંદિર હતું. તેના શ્રવણમંદિરમાં શ્રાવણ મહીનામાં ભાગવતની કથા બેસે. અહીં બધાં મોટેરાં કથા સાંભળે ત્યારે છોકરાં મંદિર બહાર અમારા ઘરને ઓટલે ભગુડાં (રાતાં, ગલનાં બી) કોડી અને દોકડાની એકી બેકીનો નાનકડો જુગાર રમે. મને રમતાં આવડતું નહિ એટલે ઊભો ઊભો જોતો. આ દિવસોનાં સ્મરણોમાં નોંધવા જેવાં બીજાં પણ બે ત્રણ સ્મરણ છે. એક છે પાસેની ગોપાળલાલની હવેલીમાં દર્શન ટાણે. ઉનાળામાં ઊડતો ફુવારો. આ મને બહુ જ ચમત્કારિક દૃશ્ય લાગતું. બીજું, પાસેના હોળી ચકલામાં ખેલાતી હોળી. આ પ્રસંગના અજુગતાં દૃશ્યો અને ફાગ ભૂલ્યાં ભૂલાતાં નથી. અને એક છે બીજાં બધાં છોકરાં દર સાંજે દોકડાના ઊનાં ઊનાં ભજિયાં કંદોઇની દુકાનેથી લાવી બટકાવતાં આતાં તે. હું બ્રાહ્મણનો છોકરો રહ્યો એટલે, તેમ જ ગામમાં બ્રાહ્મણનું એક પણ ફરસાણનું હાટ ન મળે તેથી મારે તો આ બધાં બાય તેના મોઢા સામું જોઇ જ રહેવાનું અને ભીખારાની પેઠે નિસાસા નાખવાના! હાય ભૂતકાળના તે વખતનાં પંચાવન વરસ! બાપા શુક્રવારે શુક્રવારિયા હવેજ્યા કરીને બચરાવતા એટલે આ કડવા સ્મરણનું ઝેર ઓછું થતું.

મારા બાપને હું એકનો એક અને પોતે વિધુર થયા પછી ફરી પરણેલા નહિ એટલે મને બહુ સાચવતા. દર શુક્રવારે મને નદીએ ન્હાવા લઈ જતા. એક વખત રમત રમતમાં એમની નજર ચૂકવી હું જરા ઊંડા પાણીમાં જઈ ચડયો. એમણે તરત જ જોયું અને દોડી મને બહાર લાવી ખૂબ વઢેલા. લપટાવેલો નહિ પણ એમની વધુ પડતી સંભાળને લીધે હું સાવ પંગુ રહ્યો હઇશ. મને તરતાં ન આવડે, કોઇ રમત રમતાં ન આવડે, પતંગ ઉડાડવો, ગરિયો ફેરવવો, કોઇ સાહસવાળું કામ કરવું : આ બધું હું શીખ્યો જ નહિ. આના લીસોટા મારી સ્મરણપાટી પર ઘેરા પડયા છે.

આડ ધડે થોડું લખી નાખ્યું. બાળમાનસના કોઇ ખોજંદાને મારાં નાનપણનાં આછાં અધૂરાં સ્મરણો પરથી કાંઇક અભ્યાસનીય મળશે?

ગિરીશ

ગિજુભાઈ અને બા. બા. સંઘ

લગભગ પચીસેક વરસ પહેલાં શ્રી. દક્ષિણા-મૂર્તિ સંસ્થામાં ભાવનગર મુકામે મોન્ટીસોરી સંમેલન ભરાયું હતું. ગુજરાતમાં પૂર્વ પ્રાથમિક કેળવણી અને નૂતન બાલશિક્ષણ સંબંધી વિચાર કરવા માટે ભરાયેલું એ પહેલું સંમેલન હતું. એ સંમેલનને પરિણામે પૂર્વ પ્રાથમિક કેળવણીના પ્રચાર માટે 'મોન્ટેસોરી સંઘ' અને 'શિક્ષણ પત્રિકા'નો જન્મ થયો. શિક્ષણ પત્રિકા એ સંઘનું મુખપત્ર હતું અને એક રૂપિયો આપનાર વાર્ષિક સભાસદોને તે પત્રિકા મળતી હતી. આ મોન્ટે-સોરી સંઘને પાછળથી નૂતન બાલશિક્ષણ સંઘમાં ફેરવી નાખ્યો છે.

જ્યાં સુધી સ્વ. ગિજુભાઈ હયાત હતા ત્યાં સુધી સંઘનું બધું કાર્ય મુખ્યત્વે તે જ કરતા. પત્રિકામાં લેખો પણ સારા આવતા અને તેના ગ્રાહકો પણ ઠીક ઠીક સંખ્યામાં હતા. પત્રિકાની રવાનગી અંગેની બધી જ વ્યવસ્થા અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓની મદદથી હાથો હાથ થઈ જતી અને તે અંગે ખાસ ખર્ચ થતું નહિ. હું જ્યારે અધ્યાપન મંદિરમાં ભણતો હતો ત્યારે અમે સરનામાં લખતાં અને પત્રિકા રવાના કરવાને દિવસે રાત્રે મોડે સુધી જાગી, હાથોહાથ બધું કામ કરી લેતા હતા.

સ્વ. ગિજુભાઈ એ ગિજુભાઈ જ હતા. એમનો વિશિષ્ટ જાતનો પ્રેમાળ સ્વભાવ અને બીજા અનેક ગુણોને લઈને એમના મિત્રો, પ્રશંસકો, સ્નેહીઓ અને વિદ્યાર્થીઓની મોટી સંખ્યા તેમના પ્રત્યે આદર અને પૂજ્યભાવ રાખનાર હતી. અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ સાથેનો તેમનો સંબંધ કુટુંબીજન જેવો, અતિશય મીઠો હતો.

એ એક અનોખી પ્રકૃતિના આજન્મ શિક્ષક હતા. અનેક માણસોને એમણે બાળકો તરફ કેમ વર્તવું એ શીખવ્યું છે. અનેકને એમણે બાલ-પ્રેમી બનાવી, બાળકો માટે કાર્ય કરવાની દીક્ષા આપી છે. વિદ્યાર્થીઓમાં જે-જાતની શક્તિ હોય તેને પ્રોત્સાહન દ્વારા તે ખીલવતા. પરિણામે તેમના કેટલાએ વિદ્યાર્થીઓએ બાલસાહિત્યના સારા એવા લેખકો બની ઠીક ઠીક બાળ સાહિત્ય લખ્યું છે.

સ્વ. ગિજુભાઈની પહેલાના જમાનામાં ગુજરાતી ભાષામાં બાલસાહિત્ય જેવું કંઈ ન હતું એમ કહીએ તો ચાલે. જેમ આજની ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતા ગણાય છે તેમ સ્વ. ગિજુભાઈ ગુજરાતી ભાષાના બાલસાહિત્યના આદિ લેખક હતા. તેમણે થોકબંધ બાળસાહિત્ય અને શિક્ષણ વિષયક સાહિત્ય સર્જ્યું છે. આજની ઘડીએ પણ આ બંને ક્ષેત્રોમાં તેમનું સ્થાન ઘણું જ આગળ પડતું છે.

કેટલીક વ્યક્તિઓ રોકાઓનું કામ થોડાં જ વરસોમાં કરી દે છે. સ્વ. ગિજુભાઈ પણ એ જાતના પુરુષ હતા. સમસ્ત ગુજરાતને બાલ-શિક્ષણની નવીન પદ્ધતિ દ્વારા, બાલવિકાસ કેમ સાધવો એ એમણે બતાવ્યું છે.

ગુજરાતની કેળવણીના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાય એવા એક ધન્ય દિવસે સ્વ. ગિજુભાઈએ કચેરીની સારી કમાણીવાળી વકીલાત છોડી અને શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થામાં શિક્ષક તરીકે જોડાયા. એવા જ એક બીજા પવિત્ર દિવસે ભાવનગરમાં એમના આચાર્યપણા હેઠળ શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર ખુલ્યું. આ સંસ્થા દ્વારા ગુજરાતની કેળવણીના ઇતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે લખાય એવું ગૌરવ ભર્યું કામ સ્વ. ગિજુભાઈ કરી ગયા છે.

સ્વ. ગિજુભાઈ એકોપાસનાના સિદ્ધાન્તમાં માનતા હતા. નૂતન બાલશિક્ષણની સાચી સમજ પ્રજામાં ફેલાય અને બાળકોના સાચા વિકાસ માટેનું કામ ખૂબ ખૂબ ફૂલે ફાલે એ માટે કામ કરવામાં એમણે રાતદિવસ, ટાઢ તડકા, ઊંઘ ઉજાગરા અને શ્રમ કે આરામ વગેરેનો કદી

પુસ્તક–પ્રકાશન અને સાહિત્યની બીજી પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની ઈચ્છા રાખે છે

આજના રૌપ્ય મહોત્સવના આ વર્ષમાં આપણે પૂજ્યભાવે આપણા આદિ સ્થાપકને યાદ કરીએ એ સાવ સ્વાભાવિક છે. હિંદુસ્થાનનાં ગામડાંનાં અને શહેરોનાં, ગરીબનાં કે અમીરનાં, શેઠ સાહુકારોનાં અને મજૂરોનાં, ખેડુતોનાં અને હરિજનોનાં કરોડો બાળકોનો, સાચા અર્થમાં વિકાસ થાય અને તેઓ ઉત્તમ કોટિના નાગરિકો બને એ જોવાની એમની ઝંખના હતી. એ માટે એમણે રાતદિવસ કામ કર્યું. એમનું એ જીવનકાર્ય હજુ અધૂરું છે. સંઘના રૌપ્ય મહોત્સવના આ વર્ષે સ્વ. ગિજુભાઇના કામને અને તેટલું આગળ ધપાવવાનો તનતોડ પ્રયત્ન આપણે કરીએ અને એ રીતે ગુરુઋણમાંથી થોડે અંશે પણ મુક્ત થઇએ એ જ એમની પ્રત્યેની ભક્તિ બતાવવાનો સાચો રસ્તો છે. ઇશ્વર આપણને એ કાર્ય કરવાની બુદ્ધિ અને શક્તિ આપો આ કાર્યમાં આપણા મહાન ગુરુનો આત્મા આપણને પ્રેરો એવી અભિલાષા છે.

સુજુબેન : મોહનભાઇ કિશાભાઇ પટેલ

વિચાર જ નહોતો કર્યો. આવા, બાળકોના સાચા વકીલ અને સેવક જ્યારે પોતાની સેવાની ઠરાવેલી મુદત પૂરી કરી શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થામાંથી નિવૃત્ત થયા ત્યારે ગુજરાતે તેમનો સત્કાર કરવાની તક લીધી. અમદાવાદને આંગણે દરબાર શ્રી ગોપાળદાસ દેસાઇના પ્રમુખપણા નીચે એક ભવ્ય સત્કાર સમારંભ યોજી ગુજરાતે તેમને રૂા. દશેક હજારની એક સન્માન થેલી ભેટ આપી. સ્વ. ગિજુભાઇએ તે રકમની વ્યવસ્થા કરવા માટે થોડાક ભાઇઓની એક વ્યવસ્થાપક સમિતિ નીમી. શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક એ સમિતિના પ્રમુખ છે. આ થેલીની રકમનું રોકાણ કરી કમિટીએ એમાંથી "દિવા સ્વપ્ન" નામનું સ્વ. ગિજુભાઇનું રચેલું શિક્ષણ વિષયક અતિશય રસિક પુસ્તક અને તેમનાં અપ્રસિદ્ધ લખાણોમાંથી સંપાદન કરી 'ઋતુઓના રંગ ભાગ જુદો' 'પ્રાણી પાઠો,' 'વનસ્પતિ પાઠો,' 'આફ્રિકાની સફર,' 'આરેઠ ટોપરાં,' 'નવી વાતો' અને 'ગિજુભાઇના પાઠો ભાગ ૧ તથા ૨' એટલાં, બાલસાહિત્યમાં વિશિષ્ઠ સ્થાન લે એવાં, સરસ પુસ્તકો બહાર પાડયાં છે અને ભવિષ્યમાં પણ તે સમિતિ

સંઘની શાખાઓ

૧. નાગપુર શાખા

તા. ૧ લી ઓગસ્ટ ૧૯૩૬ ને રોજ નાગપુરમાં પ્રથમ ભગિનીમંડળ સંસ્થાદ્વારા બાલમંદિરની સ્થાપના થઇ. પ્રથમ ૩ વર્ષ ભાડાના ઘરમાં બાલમંદિર ચાલતુ હોવાથી ખર્ચની ખેંચતાણ રહેતી હતી. પરન્તુ, ૧૯૩૯ ની સાલમાં ભગિનીમંડળનું પોતાનું મકાન થવાથી બાલમંદિરના વિકાસ માટે સુંદર તક મળી.

૧૯૪૨ માં બાલમંદિરનું પોતાનું નવું મકાન થયા પછી ઘણું સારી રીતે એ ચાલુ થયું.

બાલમંદિર શરૂ થયા પછી તેનો પહેલાં વર્ષનો વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવ્યો ત્યારથી દર વર્ષે વાર્ષિક ઉત્સવ નિમ-તે નૂ. બા. શિક્ષણનું કાર્ય અને આકૃતી લોકો સમક્ષ રજૂ કરવામાં આવતાં. શરૂઆતમાં ૩૦–૪૦ બાળકો બાળમંદિરમાં આવતાં હતાં. તે સંખ્યા ૧૯૪૮ ની સાલમાં વધતાં ૧૦૦ થી ૧૨૫ સુધી જઇ પહોંચી. વચ્ચે ૧૯૪૭ થી ૧૯૫૦ એ દરમ્યાન સંપૂર્ણ પ્રાથમિક વર્ગ ઉઘાડવાનો પ્રયત્ન, બાળમંદિરે કર્યો હતો; પરન્તુ પ્રાથમિક વિભાગ માટે જોઇતી સંખ્યા ન મળવાથી તે પ્રયોગ ત્યારપછી બંધ કર્યો. આજે બાળમંદિરમાં પૂર્વ પ્રાથમિક વર્ગના ૭૫ બાળકો છે.

બાળમંદિર માટે નૂ. બાળ શિક્ષણની તાલીમ પામેલ શિક્ષિકા ૧૯૪૦ માં પહેલ વહેલાં મળ્યા. આ શિક્ષિકાએ બીજા ઉત્સાહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપી બાલમંદિરનું કાર્ય સારી રીતે

ચલાવ્યું. ૧૯૪૯–૫૦ ના વર્ષમાં આ સંસ્થાએ અધ્યાપન મંદિર શરૂ કર્યું. તેમાં ૧૩ વિદ્યાર્થિનીઓ હતી. તે પૈકી ૧૦ પાસ થઇ વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યાને અભાવે અત્યારે અધ્યાયન બંધ કરવું પડ્યું છે. પણ આ અધ્યાપન મંદિરથી બાળમંદિરને ટ્રેન્ડ શિક્ષકો મળી શકયા છે.

બાલકમંદિરના સતત ૧૪ વર્ષના પ્રચારથી, પ્રત્યક્ષ કામથી, નાગપુરમાં નવાં નવાં બાળમંદિરો કાઢવા માટે ઘણાને ઉત્સાહ પેદા થયો છે. સામાન્યત: દરેક નવું બાળમંદિર કાઢવા પહેલાં તેના સંચાલક આ બાળમંદિરમાં આવીને માહિતી મેળવે છે. આ બધાને પરિણામે જ હમણાં પાંચ બાળમંદિરો ચાલે છે. મેડમ–મોન્ટેસોરીનો જન્મ દિવસ ઉજવવા માટે આ બધાં બાળ મંદિરોને આમંત્રણ આપ્યું હતું. તેમાં દરેકે સક્રિય ભાગ લીધો હતો તે વખતે, ચાર જણાએ "મેડમ–મોન્ટેસોરીનું જીવન" "મોન્ટેસોરી શિક્ષણ પધ્ધતિ" ઇત્યાદિ વિષયો ઉપર અભ્યાસપૂર્ણ ભાષણો કર્યા હતાં.

બાલમંદિર તથા બાલશિક્ષણનો પ્રચાર નાગપુર તથા આખા પ્રાંતમાં ઘણી જગ્યાએ અત્યારે નિશ્ચિતપણે થઈ રહ્યો છે.

૨. દક્ષિણ ગુજરાત શાખા

શાખાની સ્થાપના

૧૯૪૭ના સપ્ટેમ્બર માસમાં આ શાખાની સ્થાપના થઇ. શ્રી. કમળાશંકર પંડિત, શ્રી. નટુભાઈ બરાનપુરીઆ વગેરે સુરત આવ્યા અને શ્રી. રતનલાલ માંડવાળાને સંઘના પ્રમુખ, શ્રી. વિદ્યાબહેન ઠક્કરને ઉપપ્રમુખ તથા શ્રી. લતાબહેન નાયક તથા શ્રી. કુસુમબહેન શાહને શાખાના મંત્રી તરીકે ચૂંટયા. ત્યારબાદ સુરત શહેરમાંથી લગભગ ૧૫૦ સભાસદો નોંધવામાં આવ્યા હતા.

બાળશિક્ષણ સંમેલન

આ સંમેલન તા. ૧૯–૧૦–૧૯૪૭ માં શ્રી. તારાબહેન મોડકના પ્રમુખપદે ઓલાવવામાં આવ્યું હતું. આ સંમેલનમાં શ્રી. તારાબહેન મોડક, શ્રી. જુગતરામ દવે, શ્રી ચન્દ્રવદન શાહ, વગેરેએ બાળકેળવણી અંગે પ્રેરક પ્રવચનો કર્યાં હતાં. તે ઉપરાંત (૧) માતૃસંઘની સ્થાપના કરવા અંગે, (૨) બાળમંદિરોની આર્થિક મદદ આપવા માટે સરકારને વિનતિ કરતો (૩) મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતમાં બાળ અધ્યાપન કેન્દ્રો સ્થાપવા સરકારને ભલામણ કરતો–વગેરે ઠરાવો પસાર થયા હતા.

આ સંમેલન અગે બાળપ્રવૃત્તિ અને કળાનો ખ્યાલ આપતું એક નાનકડું પણ સુંદર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. એમાં માટીકામ, ચિત્રકામ, ચિત્રસંગ્રહ, હસ્તઉદ્યોગના જુદા જુદા નમૂનાઓ, ભાષા, વિજ્ઞાન, ભૂગોળ ઇત્યાદિ શિક્ષણ વિષયક આલેખો અને નમૂનાઓનો સમાવેશ થતો હતો. આમાં સુરતના 'જીવન ભારતી બાળ ભવન' તથા કેળવણી મંડળ બાળમંદિરોનો ફાળો મુખ્ય હતો. એ સિવાય મુંબઇના શિશુવિહારમાંથી પણ બોધપ્રદ આલેખો ને હસ્તઉદ્યોગના નમૂનાઓ આવ્યા હતા.

આ ઉપરાંત, સ્થાનિક મહિલા પરિષદના સભ્યોની મદદથી તથા જીવનભારતી બાળભવનના ઉત્સાહી શિક્ષકોની મહેનતથી અમે એક બાળવાડી એક વર્ષ સુધી ચલાવી હતી; એમાં લગભગ ૨૫ બાળકોને રોજ નહાવા, ધોવાનું, રમતગમત, બાગકામ, સંગીત, વાર્તા તથા નાસ્તો આપવામાં આવતા હતા. સંજોગોવશાત એક વર્ષ પછી આ બાલવાડી બંધ કરવી પડી હતી.

સને ૧૯૪૮–૪૯ ને માટે ઉપરનાં જ હોદ્દેદારો કાયમ રહ્યા હતા. મને જણાવતાં દિલગીરી થાય છે કે સને ૧૯૪૯ ના ડિસેમ્બરમાં અમારા ઉત્સાહી પ્રમુખ શ્રી. રતનલાલ માંડવાળાનું શોકજનક અવસાન થયું ને ત્યારપછી એક યા બીજા કારણસર નવી ચૂંટણી કરી શકાઈ નહીં; એટલે ગયા વર્ષમાં શાખાનું કામકાજ શિથિલ રહ્યું છે.

ચાલુ વર્ષે જાણીતા કેળવણીકાર શ્રી ચન્દ્રવદન શાહને શાખાના પ્રમુખ ચૂંટી કાઢયા છે ને એમની દોરવણી હેઠળ શાખા સુંદર પ્રગતિ કરશે એવી આશા છે. ચાલુ વર્ષે પ્રમુખ શ્રી. ચન્દ્રવદન શાહ, ઉપપ્રમુખ શ્રી. વત્સલાબહેન મુખેદાર, મંત્રીઓ શ્રી. કુસુમબહેન શાહ તથા શ્રી ઇન્દિરા બહેન ન્હેગલેકર છે.

ચાલુ વર્ષે માતૃપિતૃસંઘની સ્થાપના કરી એનું યોગ્ય સંચાલન કરવાનો અમારો ઇરાદો છે,

મણિનગરમાં રૌપ્ય મહોત્સવ

અમદાવાદના રૌપ્ય મહોત્સવની શરૂઆત અમદાવાદના બાળશિક્ષક તથા શિક્ષિકાઓ માટે નૂ. બા. શિ. સંઘે યોજેલા બાળકેળવણીના સંસ્કાર વર્ગથી થઇ. આ વર્ગનું ઉદઘાટન તા. ૧૮–૬–૫૧ ને રોજ મધ્યસ્થ ધારાસભાના માનનીય સ્પીકર શ્રી. ગણેશ વાસુદેવ માવળંકરને શુભ હસ્તે, નવી ગુજરાતી શાળામાં કરવામાં આવ્યું હતું. તોરણો અને રંગોળીથી નવી ગુજરાતી શાળાનું મકાન જે રીતે શણગારવામાં આવ્યું હતું તેમાં અમદાવાદના બાળ કેળવણી–રસિક જનતાનો ઉત્સાહ તરી આવતો દેખાતો હતો. વર્ગમાં નામો નોંધાવનાર બાળશિક્ષકો તથા શિક્ષિકાઓની સંખ્યા કુસકે ભુસકે વધતી ગઇ. ૧૫૧ જેટલા શિક્ષકોને આ વર્ગમાં લેવામાં આવ્યા; બાકીના કેટલાએકને સ્થળને અભાવે ના પાડવી પડી. વર્ગનું આખું સંચાલન શ્રી. રેવાશંકરભાઇ, શ્રી. યશસ્વતી ભટ, શ્રી. હરપ્રસાદ ભટ, શ્રી વજુભાઇ દવે, શ્રી. મહીપતભાઇ પટેલ, શ્રી. મનોરમાબેન, શ્રી. કમલિનીબેન, શ્રી. દીપકભાઇ, શ્રી. પ્રતાપરાય પારેખ વગેરે કાર્યકરો પરિશ્રમપૂર્વક કરી રહ્યા છે. મધ્યસ્થ સંચાલન સમિતિ તરફથી શ્રી. નાગલે, શ્રી. શાંતિભાઇ રાવળ અને શ્રી. જયંત શુકલ કરી રહ્યા છે.

શ્રી. નાજર તથા શ્રી. બચુભાઇ મીસ્ત્રી વગેરે જેવી મંડળી પણ આ મહોત્સવના કાર્યમાં ઉત્સાહપૂર્વક સેવા આપી રહ્યા છે.

મહોત્સવનો બીજો મહત્ત્વનો કાર્યક્રમ એટલે અમદાવાદને ઠેર ઠેર ઉજવવામાં આવનાર બાળશિક્ષણ નગરો. એ ઉપક્રમની શરૂઆત અમદાવાદના દક્ષિણ ખૂણામાં આવેલા પરા મણિનગરમાં થઇ હતી. તા. ૨૫ જુનથી શરૂ થતા આખા અઠવાડિયા દરમ્યાન મણિનગરના ચાર રસ્તા પાસે આવેલ રામકૃષ્ણ મિશન તરફથી ચાલતી સરસ્વતી મંદિર હાઇસ્કુલ અને શ્રી. મહેતાની જયહિંદ હાઇસ્કુલ, બાળકો તથા કાર્યકરોની વિવિધ પ્રવૃત્તિથી ધમધમી રહી હતી.

નૂ બા. શિ. સંઘની મધ્યસ્થ સંચાલન સમિતિ તરફથી રૌપ્ય મહોત્સવના વિવિધ ઉપક્રમને સાથ આપવા માટે મણિનગરના સામાજિક કાર્યકર્તાઓ અને બાળમંદિરોના કાર્યકર્તાઓની એક સ્વાગત સમિતિ રચવામાં આવી હતી. આ સ્વાગત સમિતિનું પ્રમુખપદ મણિનગર પરું વસાવનાર શેઠ શ્રી. માણેકલાલ મણિલાલે સ્વીકાર્યું હતું.

સ્વાગત સમિતિના ઉપપ્રમુખપદે મણિનગરના લોકપ્રિય કાર્યકર્તા ડો. નાનુભાઇ આર. દેસાઇની વરણી સર્વાનુમતિથી થઇ હતી. સભાસદોમાં શ્રી. ભવાનીશંકર બાપૂજી મહેતા જેવા કોંગ્રેસના અગ્રગણ્ય અનુભવી કાર્યકર, તેમ જ કેળવણીમાં ઊંડો રસ ધરાવનાર શ્રી. પી સી ડોકટર, શ્રી. શિવાભાઇ પટેલ, શ્રી. કૃષ્ણચંદ્રભાઇ, ગિરધરભાઇ જેવા કાર્યતત્પર સેવકો જોડાયા હતા. બાળમંદિરોની સંસ્થાઓ તરફથી મણિનગરમાં પહેલ વહેલું બાળમંદિર સ્થાપન કરનાર, શ્રી. ગોવિંદલાલ મોહનલાલ ઠાકોર, તેમ જ સરસ્વતી મંદિર હાઇસ્કુલના વ્યવસ્થાપક કાન્તિલાલ મગનલાલ પટેલ, જયહિંદ હાઇસ્કુલના સંચાલક શ્રી. વિજયશંકર મ્રણુશંકર મહેતા, પુષ્પ બાળમંદિરના સંચાલક શ્રી ડોહ્યાભાઇ ખુશાલભાઇ પટેલ અને આદર્શ બાળમંદિરવાળા શ્રી. દીક્ષિતજીએ સ્વાગત સમિતિના મંત્રીઓ તરીકે કામ કર્યું હતું. મણિનગરની સ્વાગત સમિતિનાં બધા જ સભ્યોએ ઉત્સવમાં પોતાના તન, મન અને ધનથી–જેટલો વધારે સાથ આપી શકાય તેટલો આપવા પ્રયત્ન કર્યો છે. રોજ રાત્રે સ્વાગત સમિતિની સભા ભરાતી અને તેમાં કાર્યની દૃષ્ટિએ, બધા જ હળી મળીને, સહકાર સાધીને કાર્યની યોજના કરતા હતા.

બુધવારે મણિનગરને ખૂણે ખૂણે બાળશિક્ષણ નગરનાં પોસ્ટરો લાગી ગયાં હતા.

ગુરુવારે સવારે ૨॥ થી ૩ હજાર બાળકોનું ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું. એ સરઘસ

મણિનગરની પ્રવૃત્તિમાં એક અનેરું દૃષ્ય નિર્માણ કરતું હતું. નાનામાં નાનાં બાળકોના પ્રશ્ન પર પ્રજાનું ધ્યાન ખેંચવામાં પ્રાથમિક શાળાઓ અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ-ભજવ્યો હતો. સરઘસ, બાળકેળવણીનાં સૂત્રો, તેમ જ બાળગીતોમાં સુરુચિપૂર્ણ પસંદગી દેખાતી હતી. સ્વયંસેવકો ઘેર ઘેર બાળ-શિક્ષણ નગરની જાહેર પત્રિકાઓ આપી આવ્યા હતા. ગુરુવાર પહેલાં, નગરમાં કામ કરનાર ત્રણસો ઉપરાંત બાળકો નોંધાઈ ગયાં હતાં. શુક્રવાર ઊગ્યો ત્યારે તો સેવાદળના સ્વયંસેવકો, સરસ્વતી મંદિર અને જયહિંદ હાઈસ્કૂલનાં બાળકો લતા, તોરણો બનાવી બનાવી બાળશિક્ષણ નગરના રસ્તાઓ, ઓરડાઓ, શણગારવામાં મશગુલ થયેલા દેખાતાં હતાં. ઠેર ઠેર રંગોળી અને નાનું સુશોભન, બા. શિ. નગરના સંસ્કારી વાતવરણની પ્રતીતિ કરાવતું હતું. ઉદ્‌ઘાટન માટે સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપની મધ્યમાં ઉચ્ચ સ્થાને સ્વ. ગાંધીજી અને સ્વ. બિજુભાઈની ભવ્ય છબીઓ મુકવામાં આવી હતી. શુક્રવારે સાંજે ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર અને મ્યુનિસિપલ સ્કુલ્સ કમિટીના ચેરમેન શ્રી. મગનભાઈ દેસાઈને હસ્તે બા. શિ. નગરનું ઉદ્‌ઘાટન થવાનું હતું. રસ્તાઓ પર સ્વયંસેવક-સેવિકાઓની હારબંધ ગોઠવણ હતી. સેવાદળનું એક બેંડ, વચ્ચે વચ્ચે વાતાવરણમાં સ્ફૂર્તિ પ્રેરતું હતું. બરાબર ૬ વાગે મગનભાઈ આવ્યા. નૂ. બા. શિ. સંઘના પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઈ તથા મંત્રી શ્રી. તારાબેન મોડક અને સ્વાગત ઉપપ્રમુખ ડો. નાનુભાઈ દેસાઈ, શ્રી. ઠાકોરભાઈ, વગેરે મંડળી વ્યાસપીઠે દેખાતી હતી. પ્રમુખ કાર્યકર્તાઓ સાથે શ્રી. મગનભાઈને બા. શિ. નગર બતાવવામાં આવ્યું. પછી ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત થઈ. સ્વાગત પ્રમુખ શ્રી. માણેકલાલભાઈને અચાનક મુંબઈ જવું પડ્યું તેથી, પ્રમુખ તથા મહેમાનોનું સ્વાગત, પ્રાર્થના અને સ્વાગત ગીતો બાદ ઉપપ્રમુખ ડો. નાનુભાઈએ કર્યું. એમના ભાષણમાં મણિનગરની બાળ કેળવણી વિષે ઉદ્‌બોધક માહિતી હતી. ત્યાર બાદ નૂ. બા. શિ. સંઘના પ્રમુખ શ્રી. સરલાદેવીએ અમદાવાદની બાળકેળવણી સંબંધે ઉલ્લેખ કરીને શ્રી મગનભાઈને પ્રમુખ તરીકે આવકાર્યા હતા. શ્રી. તારાબેન મોડકે નૂ. બા. શિ. સંઘના પચીસ વર્ષના કાર્યનો અહેવાલ તથા તેની આગળના કાર્યની રૂપરેખા દોરી હતી અને સંઘના રૌપ્ય મહોત્સવ નિધિને, દરેક વ્યકિત પોતાથી બનતી મદદ કરે એવી હાકલ કરી હતી. શ્રી. નામજોશીએ બાળશિક્ષણ નગરનો યથોચિત શબ્દોમાં ખ્યાલ રજૂ કર્યો હતો. અંતમાં પ્રમુખ શ્રી. મગનભાઈએ સંઘના કાર્યની માહિતી આપી હતી. સંઘના કાર્ય વિશે બોલતાં કહ્યું કે સંઘની પ્રણાલિકામાં પ્રાણતત્વોનો જે ઉમેરો દેખાય છે તેથી સંઘ એક જાગ્રત સંઘટના લાગે છે. તેનું કાર્ય ચલાવવા માટે પ્રજાએ આગળ આવવું જોઈએ. રાજ્યની મદદની જ્યારે નજીકના ભવિષ્યમાં કોઈ અપેક્ષા દેખાતી નથી ત્યારે પ્રજાએ જ આગળ પડતો ભાગ લઈને સરકારનું ધ્યાન આ કાર્ય તરફ ખેંચવું જોઈએ. આભાર-પ્રદર્શનો પછી આ સમારંભ પૂરો થયો હતો.

શનિવાર સવારે જાણે બધા રસ્તા, બાળ-શિક્ષણ નગર તરફ જ નહિ જતા હોય એવું લાગતું હતું. દરેક દિશામાંથી બાળકોની ટુકડી ને ટુકડીઓ નગરદર્શને આવતી હતી. શનિ-રવિના બે દિવસોમાં આજુબાજુના વિભાગોમાંથી ૩૫-૪ હજાર બાળકો, શિક્ષકો અને વાલીઓ નગરમાં આવી ગયાં. અમદાવાદ, નડિયાદ, આણંદ કલોલથી લોકો બા. શિ. નગરનું પ્રદર્શન જોવા આવ્યા હતા. પ્રદર્શનની વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લઈને સહકાર આપવા મુંબઈથી શિશુવિહાર બાળ અધ્યાપન મંદિરના અધ્યાપિકા શ્રી. હેમલતા બેન માલવી તેમની સહાયક મંડળી સાથે આવ્યા હતા. તેમ જ પાટણથી 'કિલ્લોલ'ના સંચાલક ભાઈ શ્રી પૂનમચંદભાઈ અને તેમની મંડળી આવી હતી. આ સાત દિવસ દરમ્યાન આખું મણિનગર પ્રવૃત્તિમય દેખાતું હતું. પ્રદર્શનની માહિતી ચારે કોર જવાથી લોકો દૂર દૂરથી આવતા. મણિનગરના શૈક્ષણિક જીવનમાં બા. શિ. નગર એક સંસ્મરણીય પ્રસંગ બનશે એમાં કોઈ શંકા નથી.

ચિત્રાક્ષી

નૂ. બા. શિ. સંઘ—થોડા ઠરાવો

એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં સંઘની વ્યવસ્થાપક મંડળની વાર્ષિક અંદાજપત્રની બેઠક દફ્તરમાં મળી હતી. ત્યાર પછી ૩૦ જુને બેલોરા ફર્નિશર્સ, ચોપાટી, મુંબઇ મુકામે શિશુવિહાર મંડળ અને સંઘના જોડાણ સંબંધે વિચાર કરવા વ્ય મં.ની ખાસ બેઠક બોલાવવામાં આવી. એ બંને બેઠકોમાં જે મહત્વના નિર્ણયો લેવાયા તેની નોંધ નીચે આપું છું.

અંદાજપત્ર

એપ્રિલની સભામાં લગભગ સાડા બેતાલીશ હજારના ખર્ચને મંજૂર કરવામાં આવ્યો. જમા બાજુનો અંદાજ ૨૮ હજાર જેટલો છે એટલે ૩/૩॥ હજાર, વર્ષ દરમિયાન મેળવી લેવાના રહેશે એવી ગણત્રી છે. આ સાલે રૌપ્ય મહોત્સવ નિધિ ભેગો કરવાનું કામ ચાલે છે એટલે ચાલુ કામની બોટ તેમાંથી પૂરી પડશે.

શિક્ષણ-પત્રિકા

૨૫ વર્ષના સતત કામ પછી 'શિક્ષણ પત્રિકા' તો બોટમાં ન હોવી જોઈએ, એ ધોરણ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

ગુજરાતી પત્રિકાના ગ્રાહકોની સંખ્યા ઘણી હોવાથી તેમાંથી થોડીઘણી બચત રહે છે. હિંદી પત્રિકાનો ખર્ચ હવે સરભર થાય છે. મરાઠીમાં રૂા. ૬૦૦/૭૦૦ ની બોટ રહે છે. તો બસોબેક ગ્રાહકો વધે તો તે પણ બોજી થઈ જશે, તે માટે પ્રયત્ન કરવાના પ્રયાસો પૂના શાખા કરી રહી છે. નૂ. બા. શિ. સંઘનું હિસાબી વર્ષ ગયા વર્ષથી એપ્રિલથી માર્ચનું કર્યું હતું. શિક્ષણ પત્રિકામાં વારંવાર ફેરફારો ન થાય તો સારું એ દ્રષ્ટિથી તે બદલ્યું ન હતું. પણ હવે હિસાબોની દ્રષ્ટિએ તે અગવડવાળું લાગવાથી 'શિક્ષણ પત્રિકા'નું વર્ષ પણ એપ્રિલથી માર્ચનું કરવું એમ ઠરાવવામાં આવ્યું છે.

લવાજમ ઉઘરાવવાની સરલતાની દ્રષ્ટિએ ૧૯૫૨ ના જાન્યુઆરીમાં જ ૧૫ મહિનાનું રૂા. ૫ લવાજમ લેવાશે. ૧૯૫૩ થી ૬૨ વર્ષે એપ્રિલ મહિનામાં તેની ઉઘરાણી થશે. એ સંબંધમાં વધારે સ્પષ્ટ જાહેરાત ફરીથી ડિસેંબરના અંકમાં કરવામા આવશે.

ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર

ગ્રામ બાલશિક્ષા કેન્દ્રમાં આ વર્ષે વિદ્યાર્થી ઓની સંખ્યા થોડી ઓછી હોવાથી ત્યાં વધારે બોટ દેખાય છે. પણ આવતે વર્ષે સંખ્યા પૂરી થઇ જશે એવી આશા રાખી શકાય. કારણ, સરકાર તરફથી સ્કોલરશિપ લેનાર ૧૫ વિદ્યાર્થી આવશે. કસ્તુરબા કેન્દ્રના ગુજરાત ને મહારાષ્ટ્ર વિભાગ તરફથી પણ થોડી વિદ્યાર્થિનીઓ આવવાની છે. તે ઉપરાંત, હવે સરકારી પરીક્ષા શરૂ થઇ ગઇ તેથી બહારના બીજા વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં આવવાનો સંભવ દેખાય છે આ કેન્દ્રમાં બાળકોના શિક્ષણની ફી લેવાતી નથી. ઉલટા, ગરીબ ને પછાત વર્ગનાં બાળકોનો ન્હાવા ધોવાનો, માથું ઓળવાનો ને નાસ્તાનો બધો ખર્ચ સંસ્થા તરફથી કરવામાં આવે છે. કેટલાંએક બાળકોને તો કપડાં પણ આપવાની જરૂર હોય છે. તેથી આ કેન્દ્રમાં હંમેશા બોટ રહેવાની જ એ લક્ષમાં રાખીને જ અંદાજપત્ર કરવામાં આવે છે તેથી તે બોટવાળું રહે છે. પણ આવા કામ માટે સરકારી મદદ ઉપરાંત ગામ બાળા અને બીજા બનિકોની ઉદારતા ઉપર આધાર રાખવો પડે છે.

વ્યવસ્થાપક મંડળની બેઠકો

બેઠકો સાધારણત : વર્ષમાં ત્રણવાર મળે છે. તેમાં સૌ સભ્યો હાજરી આપી શકે તે દ્રષ્ટિએ, બેઠકોનો દિવસ નક્કી કરવામાં આવ્યો હંમેશ એપ્રિલ, ઓગસ્ટ ને ડિસેંબરના પહેલા અઠવાડિયામાં (બનતા સુધી પહેલે રવિવારે) સભાઓ રહેશે એમ ઠરાવવામાં આવ્યું છે. જે સભ્યો હાજર ન હતા તેમની સંમતિ પત્રથી લેવામાં આવી હતી.

રૌપ્ય મહોત્સવ

રૌપ્ય મહોત્સવના અત્યાર સુધીના કામનું

સમીક્ષણ કરીને એમ ઠરાવવામાં આવ્યું કે દરેક ભાષાવિભાગમાં બબ્બે કાર્યકરો સંઘ તરફથી રાખવામાં આવે તો નિધિનું કામ વધારે સંગીન-ને વ્યવસ્થિત બનશે. સ્થાનિક લોકો મદદ કરે છે, પણ પૂર્ણ વખત આપનારા કાર્યકર્તાઓની જરૂર રહે છે. તેથી પહેલાં કરેલો ૧૨૦૦૦ના અંદાજ ઉપરાંત ૧૪૦૦૦ રૂ. સુધીનો ખર્ચ વધારવાનો વિચાર, સંચાલન સમિતિ ઉપર સૂચનરૂપે મોકલવામાં આવ્યો છે.

રૌપ્ય મહોત્સવ ખર્ચ

જુદા જુદા વિભાગોમાં બાલશિક્ષણ નગરો થાય છે. તેનો ખર્ચ ત્યાંત્યાંના દ્વાર ઉપરની ઉપજમાંથી થશે, એવી પહેલા ગણતરી હતી. હવે અનુભવથી એમ દેખાય છે કે બધી જગ્યાએ પૈસા રાખીને પ્રદર્શનો થઈ શકતા નથી તેમ જ કોઈ કોઈ જગ્યાએ ઉપજ કરતાં ખર્ચ કાંઈક વધારે આવે છે. આ બધી બાબતનો વિચાર કરી, ભેગા થયેલા નિધિમાંથી આ પ્રસંગનો ખર્ચ કરવાની રજા ગ્રોગષ્ટ્ર શાખાએ માગી હતી. આ ખર્ચ, ભેગા થએલા નિધિના ૨૫ ટકાથી વધારે ન હોય એવી તેમની દરખાસ્ત હતી. તેનો વિચાર કરી તેને માન્ય રાખવામાં આવી છે.

શિશુવિહાર મંડળનું વિલિનીકરણ

ગયા બે ત્રણ વર્ષથી શિશુવિહાર મંડળ, સંઘમાં વિલીન કરવા સંબંધે આ બે સંસ્થાના સંચાલકો વચ્ચે ઘણી જ વાટાઘાટ ચાલતી આવે છે. જુનની ૩૦મીએ નૂ બા. શિ. સંઘની, એ જ પ્રશ્ન ઉપર વિચાર કરવા માટે ખાસ બેઠક મળી હતી. આ વખતે વાટાઘાટ પૂરી થઇ અને વિલિનીકરણની બધી વીગતો પણ નક્કી કરવા સુધી વાત આવી છે એટલે નજીકના ભવિષ્યમાં નૂ બા. શિ સંઘમાં શિશુ વિહાર મંડળ વિલીન થઇ જવાનો પૂરેપૂરો સંભવ દેખાય છે. તેમ થાય તો બંને સંસ્થાનું બળ વધશે, કાર્યકર્તાઓ વધશે ને કામ પણ વધારે સંગીન થશે એમાં શંકા નથી

મંત્રી.
નૂ. બા. સંઘ

રૌપ્ય મહોત્સવનો કિલ્લોલ

અમદાવાદમાં :-

તા. ૧૮ મી જુનથી સંસ્કાર વર્ગ શરૂ થયો છે. માનનીય શ્રી માવળંકરસાહેબે ઉદ્ઘાટન કર્યું છે અને ૧૫૧ શિક્ષકો લાભ લઈ રહ્યા છે અમદાવાદના જુદા જુદા સ-તાઓમાં બાળશિક્ષણ નગર ઊભું કરવાનું ધાર્યું છે. મણિનગરમાં આવું નગર બૂબ જ સત્કાર પામી ચૂકયું. નિધિનું કામ પણ જોરમાં ચાલુ છે. શહેરના જુદા જુદા ભાગોમાં એની પૂર્વતૈયારી - મંડાઇ ગઈ છે. ગુજરાતના પાટનગરને શોભે એવો નિધિ ત્યાંથી મળવો જોઇએ.

પૂના : મહારાષ્ટ્ર

સંઘનિધિને માટે રૂપિયા પાંચ હજાર ભેગા કરતા જ જોઈએ-એમ-પૂનાના કાર્યકરોને લાગ્યું છે; અને તે માટે બે ભાઇ-બહેનો કામની પાછળ લાગી ગયા છે. લોકો સારો ઉત્સાહ દાખવે છે

શ્રી અનુતાઇએ કામની શરૂઆત કરી દીધી છે અને ૮ મી તારીખથી થાણા જિલ્લાનાં ગામોમાં ફરવાના છે. તેઓ આઠેક માસ સુધી પ્રચારકાર્ય કરવામાં રોકાશે. કલ્યાણ, થાણા બીંવડીમાં સારો સત્કાર થવાની આગાહી જણાય છે.

મધ્ય ગુજરાત :

મે માસમાં બા વિ નગર થયા બાદ અહીં-સારો ઉત્સાહ પ્રગટયો છે હમણા જ કાર્યકર્તાઓની એક સભા આણંદમાં મળી હતી. કામો વહેંચાઇ ગયા છે અને નગરો ઊભાં કરવાની અને નિધિસંચયની યોજના વિચારાઇ ગઇ છે.

હિંદી વિભાગ :

શ્રી સ. આ. કેળકર જુન માસથી આ વિભાગમાં પહોંચી ગયા છે અને ત્યાંના સ્થાનિક કાર્યકરોનો સાથ લઇ યોજના તૈયાર કરી રહ્યા છે. ટૂંક મુદતમાં જ કાર્યની શરૂઆત થાય તેવી આશા છે.

સૌરાષ્ટ્ર :

જુલાઇ માસમાં શ્રી તારાબેન ભાવનગર જશે, ત્યાર બાદ સૌરાષ્ટ્રના કાર્યક્રમને ચોકકસ સ્વરૂપ સાંપડશે. કાર્યકરોએ આછી રૂપરેખા તૈયાર રાખી છે અને આખા સૌરાષ્ટ્રને ગિજુભાઇની સંઘપ્રવૃત્તિથી જાગૃત કરી દેવાના છે.

બોડીમાં નિધિયોજના :

ગ્રામ બા. શિ. કેન્દ્ર, બોર્ડીના સત્રાંત સમારંભને પ્રસંગે રૌપ્ય મહોત્સવ નિધિ માટેની વિનતિ રજૂ કરવામાં આવી હતી. તેને માન આપી સૌ દાનપત્રિકા લઇ ગયા છે અને વિદ્યાર્થીઓએ સંયુકત રીતે લગભગ ચારેક હજાર ભેગા કરવાનો મંગળ સંકલ્પ કરી લીધો છે.

સંઘનિધિનું મંગળાચરણ :

શ્રી તારાબેન મોડકે સંઘના શિક્ષકો, કાર્યકર્તાઓ અને અન્ય શિક્ષણરસિકોને વિજ્ઞપ્તિ મોકલી છે. એ આ અંકમાં પણ પ્રગટ કરવામાં આવે છે. એમની આ વિજ્ઞપ્તિ નજદીકના શિક્ષક મિત્રોએ સત્વર ઝીલી લીધી છે. શિક્ષકોની આર્થિક સ્થિતિ દુઃખદ હોય છે અને છતાં એમાંથી જ કરેલું પ્રેમદાન વધુ શોભે છે. એમણે આ નિધિના મંગળાચરણ રૂપે જે શરૂઆત કરી છે તે નિધિ માટેની મોટી આશા અને શ્રદ્ધા જન્માવે છે. શ્રી તારાબેનના નિકટના કાર્યકર્તાઓએ જાહેર કરેલ આંકડા, સૌના ઉત્સાહ ખાતર અહીં રજૂ કરીએ છીએ :–

શિશુ વિહાર: સરલાતાઇ દેવધર ૨૫૧, હેમલતાબેન માળવી ૨૫૧, શાલિનીતાઇ જોગલેકર ૨૦૧, મંજરીબેન રાયજી ૨૦૧, માલિનીબાઇ રેગે ૧૦૧, કુસુમબેન બેલગાંવકર ૧૦૧, પ્રમીલાતાઇ આપટે ૧૦૧, વિમલાતાઇ કીર્તિકર ૧૦૧, મંજુલાબેન મહેતા ૧૦૧, કુસુમતાઇ દેશપાંડે ૫૧, અંજુતાઇ ભટ (જૂની વિદ્યાર્થિની) ૧૦૦.

બોર્ડીંગ બાલવાડી: અનુતાઇ વાઘ ૨૫૧, બંડુભાઇ પટેલ ૧૦૧, ગોવિંદભાઇ પટેલ ૧૦૧.

શિક્ષકસંઘ, મુંબઇ:–

શ્રી શેષ નામલે ૧૦૧, મૃદુલાબેન શેઠ ૧૦૧, પ્રભુભાઇ ઉપાધ્યાય ૧૦૧, વિમળા મેન અમીન ૧૦૧, રમેશભાઇ મહેતા ૧૦૧, અનસૂયાબેન બલાવર ૧૦૧.

ઉપરના ભાઇ–બેનો આ રકમ બેકી સાથે અથવા હપ્તે હપ્તે ભરપાઇ કરશે સૌને અમારા હાર્દિક અભિનંદન!

મારી જાહેર વિનતિ

આ અંકમાં મારી જાહેર વિનતિ છપાઇ છે. તેની પાછળ હું અંગત રીતે પણ મારા નવા અને જૂના વિદ્યાર્થીઓ, સાથીઓ ને મિત્રોને મોકલવાની છું. તેમજ પ્રત્યક્ષ મળીને પણ હું મારી માગણી શિક્ષકવર્ગ આગળ મુકું છું. તેને પરિણામે તેમના તરફથી દાનનાં વચનો મળ્યાં છે. તે પણ આ અંકમાં આપ્યાં છે. તેમનાં પોતાના દાન ઉપરાંત, તેમની પાસેથી તેઓ કેટલા રૂપિયા ભેગા કરી આપશે તેનો સંકલ્પ કરવાનું પણ હું તેમને કહું છું. તે પ્રમાણે ઘણાં કામે લાગી ગયાં છે.

મારી આ માગણી અને ઓછામાં ઓછા ૧૦૦ રૂ. ભેગા કરી આપવાનો આગ્રહ હું મારા અંગત સંબંધથી, જેમને હું મારા પોતાના ગણું છું, તેમને કરું છું; ને અત્યાર સુધી જેમણે મને દાનનાં ને ભેગા કરી આપવાનાં વચનો આપ્યાં છે તે મારા પ્રત્યેની લાગણી અને આ કાર્ય પ્રત્યેના પ્રેમને લીધે તેમણે આપ્યાં છે, એમ હું સમજું છું. **છતાં જો કોઇને આ મારું દબાણ જ લાગતું હોય તો તેમણે તેટલી જ સ્પષ્ટતાથી મને કહેવું જોઇએ; અને તેમના તો વચનમાંથી હું તેમને ઘણી જ ખુશીથી મુકત કરીશ.**

પ્રેમના લેણદેણમાં, હાજરીમાં એક વાત ને પાછળ બીજી હોઇ જ ન શકે; તો અત્યારે સુધી જેમણે મને દાન ને નિધિનાં વચનો આપ્યાં છે તે બધાં હું પાછાં ધરી દઉં છું. **હવે જેમના તરફથી સ્વખુશીથી ફરીથી લખાણો આવશે તેમનાં જ દાન ને વચન હું સ્વીકારીશ.**

તારાબેન મોડક

(કવરપેજ ૨ નું ચાલુ)

રૌપ્ય મહોત્સવનું પ્રચારકાર્ય વધુ જોરથી શરૂ કર્યું છે; ત્યાં જ, એ શાખાના ચૂંટાએલા ઉપપ્રમુખ નવનીતલાલભાઇ પટવા– આ સ્થૂળ જગતમાંથી વિદાય લઈ ચાલી નીકળ્યા છે. એમનું આમ અકાળ અવસાન, સંઘના એ શાખાના કાર્યકરો માટે અત્યંત આઘાતજનક છે. એમના ઉત્સાહથી આપણું કાર્ય વધુ દીપત; હવે એમના વગર એ કાર્ય આપણે કરવાનું રહ્યું. પ્રભુ એમને શાંતિ બક્ષો.

૫. બોડી–અધ્યાપન મંદિર : આ વર્ષે પ્રા. પ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર પરીક્ષામાં ૭ જણ બેઠા હતા, તે બધા ઉ-તીર્ણ થયા છે. ત્રણ જણ પ્રથમ વર્ગમાં આવ્યા છે. એસ. એસ. સી. પાસ થયેલાઓને એક વર્ષે અને પ્રાથ. શાળાંત પાસ થયેલાઓને બે વર્ષને અંતે પરીક્ષામાં બેસવા દેવામાં આવે છે. આ પ્રમાણપત્ર ન.ઈ.ડ હયર ટ્રેઇન્ડની બરોબરનું માન્ય થયું છે. નવું સત્ર તા. ૧૦ ઓગસ્ટથી શરૂ થશે. વધુ વીગતો માટે, શ્રી. વ્યવસ્થાપક, બાલવાડી, બોડી–વાયા ઘોલવડ, જિલ્લે થાણા' એ સરનામે પત્રવ્યવહાર કરવો.

૬. યુવકોને કારણે : 'શિક્ષણ અને આનંદ'ના ધ્યેય ઉપર ઊભી થયેલી, હિંદમાં સ્થળે સ્થળે સ્થાન પામેલ 'બાલકન–જી બારી' એક નવી પ્રવૃત્તિનાં પગરણ કરે છે એ આનંદની વાત છે. આજ સુધીમાં આ સંસ્થાએ ૧૪ વર્ષ સુધીનાં કિશોરોનું કાર્ય કરેલું છે; હવે એ કિશોરો યુવાન બન્યા છે. એ યુવાનોને એ જ વાતાવરણ, એ જ આદર્શ અને ભાવનાની જાગૃતિ રહે એ માટે 'બારી'એ 'અખિલ હિન્દ યુવક સંઘ'ની યોજના હમણાં વિચારવા માંડી છે. આ માટે એક પરિષદ પણ બોલાવવામાં આવશે. સ્વતંત્રતાની હવા ફેલાયા બાદ હિંદના યુવકોને સાચું માર્ગદર્શન પૂરું નથી સાંપડયું. યુવકોની શકિત, ઉત્સાહ, ભાવના માટેની કનાગિરી–એ સર્વેને યોગ્ય માર્ગદર્શન કરાવવામાં આ પ્રવૃત્તિથી 'બારી' ભાગ્યશાળી થાઓ. અમે એમને સફળતા ઇચ્છીએ છીએ.

— સુધારો —

સારસા બાલનગર વિષેના ગયા અંકમાં પ્રગટ થયેલ અહેવાલમાં "રૂ. ૧૨૫/– નિધિ માટે એકઠા કરવાનું ઠરાવ્યું છે" એમ છપાયું છે; એને બદલે ૨૫૧ રૂ. વાંચવું – આવો સુધારો કોને ન ગમે ?

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

[સ્થાપના : ૧૯૨૧]

હેડ ઓફિસ : ૧૬, એપોલો સ્ટ્રીટ કોટ, મુંબઇ

શાખાઓ : અમદાવાદ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ અને ઈંદોર

દરેક જાતના ઉદ્યોગો માટે

કેમિકલ્સ, ટેકસટાઇલ, ડાઇઝ, મીલ સ્ટોર્સ, સાઇઝીંગ મટીરીઅલ, સલ્ફર્સ, ફર્ટીલાઈઝર્સના હિંદુસ્તાનના સૌથી મોટા અને ભરોસાપાત્ર ઇમ્પોર્ટર્સ અને સ્ટોકિસ્ટસ

ટેલીગ્રામ્સ : "મનીબાલા, મુંબઇ" ટેલિફોન : ૨૩૮૮૯/૨૪૩૬૬

Regd. No. 2241.

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

ધી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઈ નં. ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ–દરિયાઈ–રેલ્વેની દેશપરદેશની
મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાંથી

મેસર્સ લી. એન્ડ મુરહેડ (ઈંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી
શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય,
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક
સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં
સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે
લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા
અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

શિક્ષણ–પત્રિકાના

— ખાસ અંકો —

સંધના, પચીસ વર્ષના કામનો–રસિક
ઇતિહાસ રજૂ કરતી પરિચય–પત્રિકા

આઠ આના

★

બાળકોને માટે સુંદર સાહિત્ય
રજૂ કરતો **'બાળક અંક'**

આઠ આના

– લખો –

'શિક્ષણ–પત્રિકા' કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬.

આગ–અકસ્માત–જિંદગી

મોટર: દરિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જંરૂરી સાહિત્ય
મગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબાભાઈ મૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬
મુદ્રણ–સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી,, ગામદેવી, મુંબઇ–૭.

બાલશિક્ષણ અંક

સચિત્ર

બાલમિત્ર

વર્ષ : ૨૬] ઓગસ્ટ : ૧૯૫૧ [અંક : ૮

: આદ્યતંત્રી :

ગિજુભાઇ બધેકા

બાળકો જ છે
જગતના સાચા ઘડવૈયા

સર્વના મિત્ર,
: ગિજુભાઇ :

આ મારું છે

આ મારું છે.
તે ઉત્તમ છે.
તે ઉન્નત છે.
હું તેને માટે જીવીશ.
એ મારો જીવન-ધ્યેય છે.
એ મારું જીવનકાર્ય છે.
હું તેને માટે
તન, મન, ધન ખર્ચીશ.
માનવી, એ બરાબર છે;
તારો ધ્યેય તું સાધ
અને જાતને એમાં હોમી દે.

તા૦

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઇ દાણી



વાર્ષિક લવાજમ : બાર રૂપિયા

છૂટક નકલ : છ આના

અનુક્રમણિકા

૧. બાળમહિમા ... ... અંબાલાલ યાજ્ઞિક
૨. બાલદર્શન ... ... રતિલાલ ત્રિવેદી
૩. બાલમંદિરમાં સંગીત ... બાળકૃષ્ણ ભટ
૪. નવા જમાનાનો બાળઉછેર...તારાબેન
૫. રૌપ્ય મહોત્સવનું તંત્ર ... ...
૬. અમદાવાદમાં બા. શિ. નગર ... વિહારી

બાળ વિભાગ

૧. કોયલ રાણી ... ... અનંત શાહ
૨. બીજાંઓને બાતર... ... ... કપિલા ઠાકોર

રૌપ્ય મહોત્સવ

મહારાષ્ટ્રમાં

મહારાષ્ટ્રમાં રૌપ્યમહોત્સવના કાર્ય-ક્રમની શરૂઆત ફે આરીમાં પૂનામાં થઇ. ત્યાર પછી બીજા વિભાગમાં સૌ કરવાને માટે તૈયાર તો હતા, પણ સંઘ તરફથી તે વિભાગમાં જઇને, તેને માર્ગદર્શન આપવા માટે કોઇ છૂટું ન હતું. ગયા મહિનાથી શ્રી અનુતાઇ વાઘને, બોર્ડના ગ્રામ બાલ અધ્યાપન મંદિરના કામમાંથી વર્ષ પૂરું થતાં, આ કામ માટે જ ખાસ છૂટાં કરવામાં આવ્યા છે; એટલે જુલાઇ માસમાં તેમણે થાણા જિલ્લામાં કામ શરૂ કર્યું. તેમને શરૂઆતથી જ સારો યશ મળ્યો. પહેલું બાલશિક્ષણનગર ભિવંડીમાં થયું. તેનું ઉદ્ઘાટન ત્યાંના પ્રાંત ઓફિસર શ્રી શિંદેના પત્ની સૌ. શાંતાબાઇ શિંદે એમ. એ, ટી. ડી. ને હાથે થયું. બન્ને પતિ-પત્નીએ એ બધું બહુ જ રસ લઇને ઝીણવટથી જોયું. સૌ. શાંતાબાઇ શિંદેએ લંડનમાં મોન્ટેસોરી કોર્સ પણ કરેલો, એટલે તેમને આ રીતે નાનાં ગામો સુધી બાલશિક્ષણનું કામ પહોંચેલું જોતાં ખૂબ જ આનંદ થયો. તેમણે આ કાર્યને સારું પ્રોત્સાહન આપ્યું. ગામલોકોએ પણ ખૂબ રસ લીધો. ત્યાં એક બાલમંદિર ચાલતું જ હતું. તેના કાર્યને પણ આનાથી વેગ મળ્યો. ત્યાંની મહિલામંડળની બેનોએ-વિશેષ કરીને શ્રીબેંદુર કુટુંબની નણંદ-ભોજ-ઇએ-રાત દિવસ મહેનત કરીને આ કાર્યક્રમ પાર પાડ્યો. પ્રવેશદ્વારની ઉપજ રૂા. ૮૩ ને બા. શિ. નગરનો બર્ચ રૂા. ૭૩ થયો. ઉપરાંત દાન તરીકે રૂા. ૧૦૮૨ મળ્યા. ઘણા વિચારવંત લોકોએ બાલ-શિક્ષણની પ્રગતિ કેમ સાધવી, પોતાના ગામના બાલમંદિર માટે સગવડ કેમ ઊભી કરવી, ગરીબનાં બાળકો માટે શું કરી શકાય વગેરે મુદ્દાઓ ઉપર ચર્ચા કરી કાંઇક પ્રત્યક્ષ રસ્તાઓ પણ કાઢવાના નિર્ણય ઉપર તેઓ આવ્યા. જેમ કે એક બળદની ગાડી પાંજરાપોળમાં હોય છે. તેમાં બળકો લાવવામાં આવે તો દૂરનાં બાળકો બાલ-મંદિરનો લાભ લઇ શકે. એક આગેવાને પોતાના ઘર આંગણે ગરીબોનાં બાળકો માટે બાલવાડી ચલાવવાની હોંશ બતાવી. તે માટે યોગ્ય શિક્ષિ-કાની શોધ થાય છે.

બીજો કાર્યક્રમ વાડા ગામે થયો. ત્યાં બાલ-શિક્ષણનું એક કલાકનું નાનું, પ્રાત્યક્ષિક, સભામાં બતાવવામાં આવ્યું. ત્યારપછી ભાષણો થયાં એટલાં નાનાં ને તદ્દન નવાં બાળકો પ્રથમ જ પરિચયમાં એટલા વ્યવસ્થિત બનીને બધું કામ કેમ કરતાં હતાં એનું સૌને આશ્ચર્ય લાગતું હતું. સૌ પ્રેક્ષક મંત્રમુગ્ધ થઈને જોતા હતા. છતાં બાળકોને તેનું કશું ભાન ન હતું. તેઓ આગળ પડેલા નવા કામમાં જ મશગુલ હતા. છેલ્લે ત્યાં જ જીવનવ્યવ-હારના કામમા શેકેલી બંડાએલી મગફળી ને ગોળની લાડુડી બનાવીને ત્યાં સ્ટેજ ઉપર જ જ્યારે બધા નાસ્તા કરવા બેઠાં ને વ્યવસ્થિત રીતે હાથ મોઢું ધોઈને પોતાનું પાંદડું કચરાની ટોપ-લીમાં મૂકીને સૌ 'નમસ્તે' કરીને ગયાં ત્યારે સૌ માતા પિતાના હૈયાં આશ્ચર્ય અને આનંદથી ઉભરાયાં.

અહીં પ્રવેશદ્વારની ફી હતી જ નહિ. બર્ચ પણ ૧/૨ રૂપિયાથી વધારે ન થયો, દાન પણ ગામની ૪ હજારની વસ્તીના પ્રમાણમા ઘણું જ સારું, એટલે રૂ. ૩૨૫ થયુ.

હવે પછી થાણા જિલ્લાનાં બીજાં સ્થળોમાં

[અનુસંધાન કવરપેજ ૩ ઉપર]

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

રૌપ્ય મહોત્સવ વર્ષ

વર્ષ ૨૬ : અંક ૮] મુંબઈ [ઓગસ્ટ, ૧૯૫૧

બાળ - મહિમા

ગઝલ

બાળ રવિનાં કિરણોમાંહી,
બાળક નાનાં નૃત્ય કરે;
બાળકુંજમાં બાળ બીજાંઓ
બાળક સહુએ હર્ષ કરે.

બાળ–બીજ એ ગોણે સ્થૂલનું
બાળ–બીજ એમાં પ્રગટે;
બાળ તોફાની બાળક દીસે
બાળ દિવાકર ના જ મટે.

બાળ અરે, એ બાળક સહુમાં
બાળ–બોધમાં પ્રેમ કરે,
બાળ વિશ્વમાં બાળ પ્રેમમાં
બાળ મજાનાં મસ્ત ફરે.

અંબાપ્રસાદ ર. યાજ્ઞિક

પ્રાચીન અને અર્વાચીન બાલ-દર્શન

[જુલાઈ માસમાં અમદાવાદના કાળુપુર વિભાગમાં થયેલ બાળશિક્ષણ નગર પ્રદર્શનના સ્વાગત પ્રમુખ તરીકે શ્રી. રતિલાલ ત્રિવેદીએ આપેલું સત્કાર-વ્યાખ્યાન...તંત્રી]

આજે આપણા નગરના કાળુપુર વિભાગ તરફથી નૂતન બાલશિક્ષણ સંઘનો રૌપ્ય મહોત્સવ ઉજવવા આપણે એકત્ર થયાં છીએ. આ મંગલ પ્રસંગે અત્રે પધારેલાં સર્વ ભાઇબહેનોનો હું સ્વાગત સમિતિ તરફથી સત્કાર કરું છું. આરંભમાં જ આ સંઘના આદ્યપ્રણેતા સ્વર્ગસ્થ શ્રી. ગિજુભાઇનું પુણ્ય સ્મરણ થાય છે. એ મહાન બાલકેળવણીકારના અવિરત પ્રયાસથી લગભગ પચ્ચીસ વર્ષ પૂર્વે ગૂજરાતમાં બાલકેળવણીનો સંજીવનયુગ બેઠો. આ સંજીવનયુગમાં, શિક્ષણ લેનાર બાળકના માનસિક બંધારણનો ઘણો વિચાર કરવામાં આવ્યો છે. યુરોપમાં બાલ-માનસના અભ્યાસ તરફ ધ્યાન ખેંચવાનું ખરું માન રૂસોને છે. એ કુદરત અને માનવબાલનો પૂજક હતો. જેમ પ્લેટો વગેરેએ વ્યકિત અને સમાજના જીવનની મીમાંસા કરી શિક્ષણનું સ્વરૂપ ઘડયું તેમ રૂસોએ, બાલકના માનસિક બંધારણનો અભ્યાસ કરી શિક્ષણનું સ્વરૂપ અને પધ્ધતિ નકકી કરવા જોઇએ એમ ઠરાવ્યું. રૂસોએ વાવેલા આ બીજમાંથી વર્તમાન શિક્ષણશાસ્ત્રનો જન્મ થયો છે રૂસો પછી લાંબા સમય સુધી બાલ-માનસનો અભ્યાસ કરી શિક્ષણનું સ્વરૂપ અને પદ્ધતિ રચવાનો રિવાજ ચાલ્યો. પણ તે બાલ-સામાન્યનો અભ્યાસ કરીને; પરંતુ પ્રત્યેક બાલકના સ્વભાવનો અભ્યાસ થવો જોઇએ, અને તે પ્રમાણે પ્રત્યેક બાલક માટે વિશિષ્ટ શિક્ષણનો પ્રકાર અને શિક્ષણની પદ્ધતિ હોવી જોઇએ, એ શિક્ષણ-શાસ્ત્રના તાજા વિકાસનું માન ખાસ કરીને ડો. મોન્ટેસોરીને ઘટે છે. બાલકેળવણીના પ્રદેશમાં મહાન પરિવર્તન કરનાર આ પ્રતિભાશાળી વિભૂતિએ બાળકોના શિક્ષણના ક્ષેત્રમાં નવા તત્ત્વવિચારો પ્રકટ કર્યા અને એની અસર જગતના સર્વ દેશોની બાળકેળવણી ઉપર પડવા માંડી. આપણે ત્યાં શ્રી. ગિજુભાઇએ દેશ, કાળ વસ્તુસ્થિતિને અનુરૂપ રહીને 'મોન્ટેસોરી પદ્ધતિ' ને અપનાવી. આ શિક્ષણપદ્ધતિને સમસ્ત ગૂજરાતમાં વ્યાપક કરવાના શુભ કાર્યમાં શ્રી ગિજુભાઇ સાથે શ્રી. સરલાદેવી સારાભાઇ અને શ્રી. તારાબહેન મોડકની સેવાઓ ચિરસ્મરણીય રહેશે. આ ઉપરાંત અનેક શકિતશાળી શિક્ષક ભાઇબહેનોએ આ પદ્ધતિદ્વારા બાળકના વિશિષ્ટ સ્વરૂપને વિકસાવવાનું મહા-મૂલ્યવાળું કાર્ય ઉપાડયું છે તે સર્વ, આપણા પરમ આદરને પાત્ર છે. નૂતન બાલ શિક્ષણ સંઘનું, એક પ્રજાકીય સંસ્થા તરીકે જે રૂપાન્તર થયું છે અને એ દ્વારા બાળકેળવણીનાં સંશોધન, સંચાલન અને પ્રચાર થઇ રહ્યાં છે તે પણ ઉપર જણાવેલાં ભાઇબહેનોના સતત પ્રયાસોનું જ સુન્દર પરિણામ છે.

બાળક એ પરમાત્માની સહુથી સુન્દર કૃતિ છે અને કેળવણીથી એ ઉત્તમ મનુષ્ય થઇ શકે છે. આપણા પ્રાચીન ગ્રન્થકારોએ મનુષ્ય જીવનની પાંચ અવસ્થાઓ— બાલ્ય, કૌમાર, યૌવન, મધ્ય અને જરા વર્ણવી છે. એ ગ્રન્થોમાં જણાવ્યા પ્રમાણે, બાલ્યકાળ પહેલાં પાંચ વર્ષ સુધીનો છે; કૌમારનો સમય ૬ થી ૧૬ વર્ષ સુધીનો છે; યૌવન ૧૭ થી ૨૫ વર્ષ સુધીનું છે; મધ્ય અવસ્થા ૨૫ થી ૬૦ વર્ષ સુધીની છે; અને ૬૦ વર્ષ પછી વૃદ્ધાવસ્થા ગણાઇ છે. મનોવિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે પ્રથમનાં પાંચ વર્ષોમાં બાળક માનવસંસ્કૃતિના આદિકાળથી તે આજસુધીની સર્વ અવસ્થાઓમાંથી પસાર થાય છે. અર્થાત્ જંગલી અવસ્થાથી માંડીને આજ સુધીની સુધરેલી સ્થિતિમાં મુખ્ય મુખ્ય પગલાં પોતાના જીવનદ્વારા એ પ્રકટ કરે છે. આ પાંચ વર્ષ સુધીનો બાલ્યકાળ એ મનુષ્ય જીવનનો સહુથી અસરકારક સમય છે. આ વર્ષ દરમિયાન

મનુષ્યત્વની જે ફળવણી બાળકને મળી શકે છે તેના ઉપર એના સમગ્ર ભાવિનો આધાર છે. નૂતનબાલશિક્ષણ સંઘ આ વર્ષોને સહુથી અગત્યનાં ગણે છે અને બાલમંદિરોમાં અઢીથી ૭ સાત વર્ષ સુધીના શિક્ષણક્રમ ઉપર પૂરો ભાર મૂકે છે. આજે, અન્યત્ર જેમ આપણા દેશમાં બાલ-સ્વાતન્ત્ર્યનો નવો યુગ બેઠો છે. આવો નૂતન યુગ પ્રાચીન ગ્રીસમાં અને પ્રાચીન ભારતમાં એકવાર પ્રવર્તતો હતો, પાંચમા સૈકાના એક ગ્રીક ચિત્ર કુમ્ભ ઉપર તે સમયની શાળાનું આલેખન છે. એમાં વિસ્મયકારક હકીકત તો એ છે કે શિક્ષકો કાંઇ જ કરતા ન હોય અને બાળકો જ બધું કરતાં હોય તેમ દેખાય છે. એક બાળક ગીત ગાય છે, બીજો વીણા વગાડે છે અને ત્રીજો ગણિતના મણકા ગણે છે. આ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે શિક્ષક બાળકોની પ્રવૃત્તિઓમાં બાધ વચ્ચે પડતો નથી, પરંતુ બાળકોને જાતે કામ કરવા દે છે, ગ્રીસની કીર્તિ પ્રાચીન જગતમાં ટોચે પહોંચી હતી તેનું મૂળ, તેની બાલશિક્ષણની પ્રથામાં મળી આવે છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

આપણા દેશના ઇતિહાસમાં બાલશિક્ષણનો આવો અભિનવ યુગ શ્રીકૃષ્ણના સમયમાં બેઠો હતો. શ્રીકૃષ્ણની બાળલીલાનું અને બાળજીવનનું પરમ રહસ્ય ભાગવતકારે બરાબર પીછાન્યું છે અને પોતાના મહાન ગ્રન્થમાં એ મૂર્તિમન્ત કર્યું છે. **બાળકમાં પરમાત્માને જોવો** એ નવી દૃષ્ટિ શ્રીમદ્ ભાગવતના કર્તા શુકદેવે આપણને આપી છે. બાળકની મનોહરતા, એની મુગ્ધતા, એની મધુરતા અને એની મસ્તી એ સર્વનાં સુન્દર અને સનાતન વર્ણનો આ ગ્રન્થના દશમ-સ્કન્ધમાં કરેલાં છે. શ્રીકૃષ્ણ, બલરામ અને ગોપકુમારોની બાળલીલા, એમનો વૃન્દાવન-વિહાર, રમણીયવનો, ઉપવનો અને યમુનાને તીરે એમનું પરિભ્રમણ આ સર્વ, કુદરત બાળકનો સ્વાભાવિક ગુરુ છે— એ બાલશિક્ષણના એક મહાન સત્યનું સ્મરણ કરાવે છે. યમુનાની કોમળ અને નિર્મળ વેળુ ઉપર શ્રીકૃષ્ણ અને ગોપ-બાળકો આનંદ કલ્લોલ કરે છે; પર્વતો, ગુફાઓ અને વૃક્ષોની હરિયાળી કુંજોમાં ફરી વળે છે, વન ભોજન કરે છે, નાચે છે, કૂદે છે, ગાય છે, ઠેકે છે, મલ્લયુધ્ધ કરે છે, વિવિધ ઋતુઓના ફેરફારો નિહાળે છે, વનસ્પતિ અને પ્રાણીઓનાં સ્વરૂપ નિરખે છે, અને વંટોળિયો અને દાવાનળના ભયંકર અનુભવો પણ કરે છે. ભાગવતકાર કહે છે તેમ ગાયો ચારતાં ચારતાં વનનાં આ બાળકો સ્થળે સ્થળે બાળલીલા કરે છે. કેટલાંક બાળકો ચિત્રવિચિત્ર પોષાકો પહેરે છે અને કાચ, ચણોઠી, મણિ અને સુવર્ણથી પોતાની જાતને શણગારેલી હોવા છતાં, ફળ, પાંદડાં અને મોરપીછથી પોતાનાં શરીરને શોભાવે છે કેટલાંક વાંસળીઓ વગાડે છે તો કેટલાંક ભ્રમરાઓ સાથે ગુંજારવ કરે છે. કોઇ કોયલની સાથે ટહૂકા કરે છે તો કોઇ પક્ષીઓની છાયા સાથે દોડે છે. કોઈ હંસોની સાથે બરાબર ચાલે છે. તો કોઇ બગલાઓ સાથે બેસે છે. કેટલાક મોરોની સાથે નાચે છે તો કેટલાક ઝાડ ઉપર બેઠેલાં વાંદરાઓની નીચે લટકતી પૂંછડીઓ ખેંચે છે. વળી, કેટલાક તો વાનરોની સાથે આંખ અને મોઢાના ચાળા કરે છે અને કેટલાક ઝાડ ઉપર ચઢી ઠેકાઠેક કરે છે. કેટલાક જળાશયમાં દેડકાંની સાથે કૂદે છે. તો કેટલાક નદીઓના પ્રવાહોમાં ન્હાય છે. કોઇકોઇ તો પડઘાઓની મશ્કરી કરે છે તો બીજા કેટલાક એને ઠપકો આપે છે. આ પ્રમાણે કુદરતના ખોળામાં વનનાં બાળકો આનંદથી ભર-પૂર એવી રમતો રમે છે.

આવી અનેકવિધ રમતો ઉપરાંત શ્રીકૃષ્ણ ગોપબાળકોને શરીરના જોખમે પણ કુદરતમાંથી પુષ્કળ પદાર્થપાઠો આપે છે અને બાળકોને જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. બાળકો પણ કુદરત સંબધી વિવિધ પ્રશ્નો પૂછી શ્રીકૃષ્ણ પાસેથી ઉત્તરો મેળવે છે. આમ સામાન્ય જ્ઞાન ઉપરાંત આ ગોપાલબાલોને ઇન્દ્રિયો, સ્નાયુ, માંસ, અને મજ્જાતન્તુના વિકાસની કેળવણી મળે છે અને એમનાં શરીર અને મન તન્દુરસ્ત બને

છે. ભાગવતકારે આપેલું બાળકોના મુકત વ્યવસાયનું આ ચિત્ર ખરેખર મધુરમનોહર છે અને બાલશિક્ષણનાં સનાતન તત્વોથી ભરેલું છે.

હવે હાલના સમય ઉપર આવી, મોન્ટેસરી પદ્ધતિ ઉપર સ્થપાએલી નૂતન બાલશિક્ષણની કેટલીક સિદ્ધિઓ તપાસીએ. આજ બાલસ્વાતન્ત્ર્યના નવા યુગનું મંડાણ થતાં બાળકોનાં ચિરતનકાળનાં અનેક દુઃખો દૂર થતાં જાય છે. આજ બાલજીવનનું નૂતન દર્શન થવા માંડયું છે બાલજીવન આજ મધુર અને આનંદમય બનતું જાય છે. આજ બાળકોના કોઇ જૂજ નિન્દકો દયાને પાત્ર થઇ રહ્યા છે.

બાળકોનો જો સાચો વિકાસ કરવો હોય તો શિક્ષકે પશ્ચાદ્‌ભૂમિકામાં રહેવું જોઇએ અને બાળકને આગળ રાખવું જોઇએ. પ્રત્યેક બાળક પોતાની જાતને બુદ્ધિપૂર્વક દોરી શકે એ રીતે એનો વિકાસ થવો જોઇએ. એ નિર્ણયો લઇ શકે, ભૂલોમાંથી શીખી શકે અને પોતાના પગ ઉપર ઊભું રહી શકે એ રીતે એનું શિક્ષણ રચાવું જોઈએ. પોતાને શું ગમે છે અને શું નથી ગમતું એ સ્વાનુભવથી બાળક શોધી શકે એવી તક એને મળવી જોઈએ, સ્વાતન્ત્ર્ય અને સંરક્ષણના વાતાવરણમાં પુષ્પની પેઠે એ ખીલવું જોઇએ.

આપણાં બાલમંદિરોની સ્થાપનાનો હેતુ બાળકના વિકાસની પરિસ્થિતિ પૂરી પાડવાનો અને બાળક માટે જ્ઞાનની સામગ્રી યોજવાનો છે. આપણી બાલશાળાઓમાં પ્રત્યેક બાળકનો વિશિષ્ટ સ્વરૂપનો વિકાસ થાય એ એના અસ્તિત્વનું પ્રયોજન છે. આ હેતુ સિદ્ધ કરવા માટે શિક્ષકવર્ગે અને માતા પિતાએ પણ બાળક પ્રત્યે પરમ આદર બલ્કે, બર્ટ્રાન્ડ રસલ કહે છે તેમ, પૂજ્યભાવ રાખવો જોઇએ. વિકસતા બાલજીવન ઉપર જો ઉઝરડા થયા હશે તો તે અન્ત સુધી રહેશે અને એ સુન્દર, ભવ્ય અને વિશ્વસનીય વ્યકિતત્વ ખીલવી શકશે નહિ. બાલશિક્ષણમાં કોઇપણ પ્રકારના શરીરબળ કે અન્ય પ્રકારના હાનિકારક બળનો ઉપયોગ થવો ન જોઈએ; પરંતુ સમજાવટ, ઉપદેશ અને અનુશાસનનો યથોચિત ઉપયોગ કરવો જોઇએ.

આ માર્ગે ઓછે વધતે દરજ્જે આપણાં નવાં બાલમન્દિરો ચાલે છે.

આપણા કોળુપુર વત્તામા દશ બાલમંદિરો છે. એમાં આશરે ૨૦૦૦ બાળકો ભણે છે. આ બાલમંદિરો ઉત્સાહથી બાલશિક્ષણનું કામ કરી રહ્યાં છે. આ સસ્થાઓમાં મારી માહિતી પ્રમાણે અભ્યાસક્રમમાં પુષ્કળ વૈવિધ્ય છે. એમાં ઇન્દ્રિયોની કેળવણી, હસ્તવ્યવસાય, સંગીત, કાવ્ય, ચિત્રકલા, અનેક સ્વતંત્ર પ્રવૃત્તિઓ, ભાષા, ગણિત વિજ્ઞાન, નાટક, ગરબા, નૃત્ય, રાસ, વાર્તાકથન, પ્રવાસ વગેરે બાલશિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે અને બાલજીવનને સુખી અને સારું કરવા માટે પ્રયત્નો થાય છે.

પરંતુ બાળકોના શિક્ષણ માટે હજી ઘણું કરવાનું બાકી રહે છે. પ્રથમ તો બાલશિક્ષણના કુશળ શિક્ષકોની સંખ્યામાં વધારો થવાની જરૂર છે. આવા કુશળ શિક્ષકોને બાલશિક્ષણનાં વિપુલ સાધનોની અપેક્ષા રહે છે. શિક્ષકો અને સાધનોની સાથે બીજા દેશોમાં છે તેમ સુંદર મકાનોની મોટી જરૂર રહે છે. આ મકાનો મનોહર હોય અને આસપાસ થોડોક સુન્દર બગીચો હોય તો ત્યાં બાલકો મુકત વિહાર કરી શકે છે અને આનંદ અને સુખ અનુભવે છે.

આપણા ઉજળા કહેવાતા લત્તાઓમાં બાલશિક્ષણની સંસ્થાઓ બહુ વિષમ સ્થિતિમાંથી પસાર થઇ રહી છે તો મજૂર લત્તાઓનાં બાલશિક્ષણગૃહો અને નગરના ગરીબ વિભાગોનું શું કહેવું? સુખી અને આનંદી બાળપણનો અને એના શિક્ષણનો બાળકમાત્રને હકક છે.

આજની બાલશિક્ષણની સંસ્થાઓ મોટે ભાગે બાનગી સંસ્થાઓ છે. યોગ્ય શિક્ષણ આપવા ઉપરાંત સંસ્થાઓ બાળકોને દૂધ, ફળ, અને સાદું

પણ સારું ભોજન આપી શકે એવી સ્થિતિમાં હોવી જોઇએ. શિક્ષણ સંસ્થાઓમાં સાધનોની વિપુલતા અને સમૃધ્ધિ પણ ઘણે દરજ્જે આવશ્યક છે. બાલશિક્ષણની સંસ્થાઓમાં તો આ સામગ્રી પુષ્કળ પ્રમાણમાં જોઇએ. પરંતુ કેવળ ફીની આવક ઉપર આ સંસ્થાઓ નભી શકતી નથી અને વિકાસ પણ કરી શકતી નથી. આ સંસ્થાઓને સરકારી ગ્રાંટની ખાસ જરૂર રહે છે. જેમ બીજી શિક્ષણ-સંસ્થાઓને સરકારી ગ્રાંટ મળે છે તેમ આ બાલશિક્ષણની સંસ્થાઓને તો એ ખાસ મળવી જોઇએ.

બાળકો એ પ્રજાનું ધન છે-નગરની સાચી સમૃધ્ધિ છે. એના સંપૂર્ણ વ્યક્તિત્વનો વિકાસ થાય અને એ પરિપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કરે એ સર્વ નગરજનોનો આદર્શ હોવો જોઇએ. આ નગરનાં સર્વ બાળકો એ આપણાં બાળકો જ છે. એમનો જીવન-વિકાસ. એમનો આનંદ, એમનું સુખ એ આપણા સર્વનો વિકાસ, આનંદ અને સુખ છે. એઓ સાચા નાગરિકો થાય એમાં આપણું સર્વનું ભૂષણ છે અને આપણા સર્વના જીવનની ધન્યતા છે. તેથી જ આપણા નગરની મ્યુનિસિપાલિટીને અને નગરજનોને, બાલમંદિરો સ્થાપવામાં અને જે અત્રે ચાલે છે તેને નિભાવવામાં અને વિકસાવવામાં છૂટે હાથે મદદ કરવાની, આપ સર્વ તરફથી હું વીનંતી કરું છું. આપણા લત્તાના નાગરિકોને પણ સ્મરણમાં રાખવા વીનંતી છે કે ધન, દાન વડે જ પવિત્ર થાય છે, એ સિવાય એને પવિત્ર કરવાનો બીજો કોઇ માર્ગ નથી.

છેવટે, આજના રૌપ્ય મહોત્સવના મંગલ પ્રસંગે બાળશિક્ષણનાં અનેક અંગોનો સાક્ષાત્કાર કરવાનું એક નવા પ્રકારનું પ્રદર્શન આ શાળાના વિવિધ ખંડોમાં યોજવામાં આવ્યું છે. એનું ઉદ્‌ઘાટન પ્રમુખશ્રીને હસ્તે થોડાક સમયમાં થશે. આ પ્રદર્શનમાં જુદાં જુદાં સાધનો સાથે કામ કરતાં બાળકોને આપ આજ પછીના બે દિવસોમાં જોશો અને બાળકેળવણીનાં જુદાં જુદાં અંગોનો ખ્યાલ મેળવશો.

સ્વાગત સમિતિએ મને સ્વાગતપ્રમુખ નીમી બાળશિક્ષણ વિષે મારા થોડાક વિચારો આપ સર્વ સમક્ષ પ્રગટ કરવાની તક આપી છે તે માટે હું એમનો હૃદયપૂર્વક ઉપકાર માનું છું. ફરી અત્રે પધારેલાં આપ સહુનું હું સ્વાગત કરું છું અને મારું ભાષણ જે આપને કંટાળો આપે એટલું લાંબું છે પણ આજના વિષયને ન્યાય ન કરે તેટલું ટુંકું છે., તે પૂરું કરું છું, અને પ્રમુખશ્રીનું પ્રવચન સાંભળવા આપ સૌની પેઠે હું પણ ઉત્સુક છું.

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

[સ્થાપના : ૧૯૨૧]

હેડ ઓફિસ : ૧૬, એપોલો સ્ટ્રીટ ફોર્ટ, મુંબઇ

શાખાઓ : અમદાવાદ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ અને ઇંદોર

દરેક જાતના ઉદ્યોગો માટે

કેમિકલ્સ, ટેકસટાઇલ, ડાઇઝ, મીલ સ્ટોર્સ, સાઇઝીંગ મટીરીઅલ, સલ્ફર્સ, ફર્ટીલાઇઝર્સના હિંદુસ્તાનના સૌથી મોટા અને ભરોસાપાત્ર ઇમ્પોર્ટર્સ અને સ્ટોકિસ્ટસ

ટેલીગ્રામ્સ : "મનીબાલા, મુંબઇ" ટેલિફોન : ૨૧૮૮૯/૨૪૩૬૬

બાલમંદિરમાં સંગીત

બાલમંદિરમાં બીજા અગત્યના વિષયો સાથે-સાથે સંગીત પણ અગ્રસ્થાને સ્થાપિત છે. બાલમંદિરમાં આવતાં નવાં જૂનાં બાળકો માટે શાંતિ, ઉત્સાહ અને એકાગ્રતાનું વાતાવરણ સર્જવવામાં સંગીત ખૂબ જ ઉપયોગી છે. બાળકના સર્વાંગીણ વિકાસની દૃષ્ટિએ સંગીતકળા મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

મોરલીથી નાચતો ફણીધર અને સંગીતમુગ્ધ હરણ તથા કૃષ્ણની મોરલીથી ઘેલું બનેલું જગત, આપણને સાને સંગીતકળાના વિશિષ્ટ પ્રભુત્વનો ખ્યાલ આપે છે. આવી કળા તો માનવીને ઉચ્ચ-તર જીવનની અલૌકિક ભૂમિકા તરફ દોરી જાય છે.

ખાસ કરીને ૨ થી ૭ વર્ષના ગાળામાં બાળકને પડેલા સંગીત-સંસ્કારો બાળજીવનમાં કાયમી છાપ પાડે છે. સંગીતના આવા હળવા વાતાવરણમાં બાળસ્વભાવ ખીલી ઊઠે છે અને જીવનનો મુક્ત આનંદ-મજા માણવાની સુરુચિ-કેળવાય છે. બાળમંદિરનું સંગીત બીજા સંગીત કરતાં જુદી જાતનું છે તેથી, બાલમંદિરના આચાર્યે સંગીત-શિક્ષકને સાચી દૃષ્ટિ આપવાની રહે છે.

બાળસાહિત્યમાં બાળગીતોનું સ્થાન અગત્યનું છે. ખાસ કરીને બાળજીવનની વિવિધ પ્રવૃત્તિઓનો ઝીણવટથી અભ્યાસ કરી, બાળમાનસની શાસ્ત્રીય દૃષ્ટિને અનુલક્ષી, આવાં બાળગીતો રચાવાં જોઇએ. બાળકોમાં રાત દિવસ કામ કરનારા કે તેમના જ પ્રશ્નો વિચારનારા માણસો જ સુંદર બાળગીતો લખી શકે. બાળકો બોલે અને સમજે તેવી સરળ અને રમતિયાળ શૈલીમાં લખેલાં બાળગીતો બાળકોને ખૂબ ગમે છે. ખરાં બાળગીતો બાળકો હોંશે-હોંશે ગાયાં કરે છે. બાળગીતોનું સાચું માપ ખૂદ બાળકો જ આંકી શકે છે.

બાળગીતો સામાન્યરીતે સહેલાઇથી કંઠસ્થ થાય તેવાં ટૂંકાં, શુધ્ધ, સ્વચ્છ અને રસદાયક જોઇએ. તેમાં વડીલોની મશ્કરી કે ક્રૂરતાના અસભ્ય બોધપાઠ ન હોવા જોઇએ. વિવિધ ઢાળો અને રાગથી યોજાયેલી સુરાવલી બાળકોને ખૂબ આકર્ષે છે. કારણ કે બાળકોને તો નવું નવું જાણવા જોવાની ખૂબ જિજ્ઞાસા થાય છે.

બાળકોના આંતરિક રસને સતેજ કરી તેનામાં છૂપાયેલી સંગીત પ્રત્યેની કુમળી ભાવના જગાવી તેને પોષવામાં સંગીતનાં સાધનો—જેવાં કે ખંજરી, મંજીરાં, દિલરૂબા કે નરઘાંના સુનિયંત્રિત તાલ સાથે રજૂ થતાં બાળગીતોનું અલૌકિક વાતાવરણ સર્જાય છે. બાળગીતોનું શ્રવણ અને ગાયન બાળકો માટે વિશ્રામ, આનંદ અને શિક્ષણનું સાધન બની રહે છે. બાળગીતોમાંના શબ્દો બાળકોને ભાષા-પરિચય પણ આપે છે.

બાળગીતોની રજૂઆત સુંદર અને સંપૂર્ણ રીતે જોઇએ. સારાં બાળગીતો પણ, અપૂર્ણ રજૂઆતને પરિણામે બાળસમાજમાં પ્રિય થઇ પડતાં નથી. આ માટે બાળગીતોની પૂર્વ તૈયારી ખાસ જરૂરની છે જ. સાચું બાળગીત તો બાળ-કંઠમાં અમર થઇ જાય છે. બીજી કંઇક પ્રવૃત્તિ કરતાં કરતાં પણ બાળકો તેવાં ગીતોની લીટીઓ ગુંજતાં માલુમ પડ્યાં છે.

બાળગીતોને શાસ્ત્રીયરીતે વિચારતાં સરળતા ખાતર દસ વિભાગમાં વહેંચી નાખવાં ઠીક છે. (૧) સાદાં બાળગીતો કે હાલરડાં. (૨) અભિનયગીતો (૩) સંવાદ અભિનયગીતો. (૪) નૃત્યગીતો. (૫) રાસ-ગરબા. (૬) જોડકણાં (૭) બાળલોકગીતો (૮) કૃચ-ગીતો—શૌર્યગીતો (૯) પ્રાર્થના ગીતો—ભજનો-ધૂન (૧૦) રાષ્ટ્રગીતો.

હાસ્યગીતો અને સમૂહગીતોને સાદાં બાળ-ગીતોમાં જ ગણી લેવાં ઠીક પડશે.

થોડાંક જાણીતાં બાળગીતોની પ્રથમ પંક્તિઓ નીચે પ્રમાણે છે.

'મેં' એક બિલાડી પાળી છે.' ક્યા! પેલા

બાગમાં દોડી જઉં,' 'એકએક હિંચકે,' 'એક પતંગિયું,' 'ફેરફુદરડી,' 'લીમડા ડાળે,' 'બાલમંદિરમાં જઈને,' 'બાલમંદિરનાં બાળકો,' 'બુઢિયો,' 'પીપી–સીટી વાગી,' 'છુકછુક ગાડી,' 'બાલમંદિરિયું,' 'મીની મીની દૂધ પી ગઇ,' 'મારા પ્રભુ,' 'ચના બનાયા,' 'વરઘોડાનાં વાજાં,' 'કૂકરેકૂક,' 'પોપટભાઇ,' 'લીમડા ડાળે,' 'રંગભર્યાં ફૂલડાં,' 'દૂધવાળી,' 'મઝાનો દેડકડો,' 'ગાંધીજી ગુજરાતી,' 'રંગની ઉજાણી,' 'ધીરે ગોવાલણી,' 'મોરો પતંગ આભે ઊડે,' 'છેટેછેટે ખોરડાં,' 'મોગરાની માળ,' 'સાયકલની ઘંટડી,' 'મારે ઓરડે ઢીંગલી,' 'આવો પારેવાં,' 'આવોને અહીં રમીએ,' 'નગીના વાડી,' 'છે તૈયાર,' 'ફૂલવાળી,' 'લાડુભટ્ટ,' 'બાજે ઘુઘરિયાં,' 'વનવગડાના વાયરા,' 'સમુદરને તીર,' 'ટીણુકી,' 'દમડી,' 'ગાઉં તારું ગીત,' 'ડોલરિયો,' 'રૂપાળા મોર,' 'ધીરે પગલીઓ,' 'ધરતી ધમધમતી,' 'બળતા બપોરમાં,' 'નાની મારી આંખ,' 'જરા જોતો ખરી,' 'ગોરું ગલુડિયું,' 'ઝંમ રે ઝાંઝરિયાં લ્યો,' 'પેલા પંખીને જોઇ,' 'કાળા ને કામણગારા,' 'રમતાં'તાં' 'નંદ કિશોર,' 'ગાંધીના બંદા.' 'સાચના સિપાઈ' અને બીજાં.

બાળગીતોમાં ઢાળ અને તાલ મુખ્ય છે. ચલતીનાં ગીતોમાં બાળકોને નરઘાં સાથે તાલ અપાવવાની રમત રમાડવી સારી છે. સૂર સાથે તાલ આપવામાં બાળકોને મઝા આવે છે. અભિનય અને નૃત્યગીતો દ્વારા બાળકો ગીતના ભાવાર્થને નાજુક રીતે પોતાના શરીરના હલનચલનદ્વારા રજૂ કરી પોતાની નૈતિક હિંમત પૂરવાર કરે છે એટલું જ નહિ પરંતુ અનેરો આત્મસંતોષ મેળવી, મસ્તાન બની, નાચી ઊઠે છે. તેની રગેરગમાં ડોલન ઉભરાય છે અને આ નવા ઉત્સાહથી તેનું જીવન જાણે ભર્યું ભર્યું લાગવા માંડે છે. નાનકડા બાળકનું આવું તાલબદ્ધ સંગીત પ્રેક્ષકોને સુંદર આકર્ષણરૂપ થઇ પડે છે. એનો આત્મા આનંદે ખીલી ઊઠે છે. અને એ જ સાચું બાળસંગીત *

બાલકૃષ્ણ ભટ્ટ

* અમદાવાદ રૌપ્ય મહોત્સવના સંસ્કાર વર્ગમાં આપેલું વ્યાખ્યાન.

નવા જમાનાનો બાળઉછેર

(લેખાંક ૧ લો)

આજકાલ બાળ ઉછેર તરફ, ભણેલા લોકોનું લક્ષ જવા લાગ્યું છે. વિશેષતઃ ભણેલી માતા તે સંબંધે કાંઇક વિચાર કરવા લાગી છે. અને તે વિચારોને અમલમાં લાવવાનો પ્રયત્ન પણ કાંઇક અંશે થાય છે. માતા બાળઉછેરના સંબંધમાં વિચાર કરે, અમુક પ્રસંગે શું કરવું જોઇએ શું ન કરવું જોઇએ તે નક્કી કરીને બાળક સાથે વર્તે, એ વાત તો ઘણી જ આવકાર દાયક છે એમાં શંકા નથી. પણ હજી આપણે ત્યાંની નવી માતા બાળઉછેરમાં બહુ સફળ થઇ છે એમ કહી શકાય નહિ. અત્યારસુધી આપણે જૂની ઢબના બાળ ઉછેરમાંની ઘણી ભૂલો કાઢી છે. સ્વ. ગિજુભાઇએ તો તેને 'બાળકોની કતલ' એ જ નામ આપ્યું હતું. તેમાં ખરું જોતાં વિચાર હતો જ નહિ. પહેલેથી ચાલતી આવેલી પદ્ધતિ આગળ ચલાવવી: ફેર માત્ર વ્યક્તિગત સ્વભાવ અને વ્યક્તિગત પરિસ્થિતિ પૂરતો પડે. આગળથી ચાલતી આવતી પદ્ધતિ કઇ હતી? તેનો વિચાર કરીએ તો મોટાઓની સંપૂર્ણ સત્તા એમ કહી શકાય. મોટાઓએ કહેવું ને નાનાંઓએ તેમ કરવું. વડીલોની આજ્ઞા શિરસાવંદ્ય ગણીને તરત મનાવામાં આવે એ જ બાળકનું કર્તવ્ય. બાળક તે ન સમજે તો આજ્ઞાની સાથે સોટી હતી જ. ટૂંકમાં, ડેસ્પોટિક પદ્ધતિએ સર્વસત્તાધારી પિતાનું રાજ્ય ચાલતું. ઘરનાં બીજાં બધાં તે રાજ્યના અમલદારો ગણાય. તેમણે તે જ પદ્ધતિએ રાજ ચલાવવાનું એટલે કે આજ્ઞા કરવાની ને તે ઉથાપવામાં આવે તો સોટી, હાથ, મોઢું આંખ એનો

ઉપયોગ કરવાનો. સ્વભાવ પરત્વે જ માત્ર એમાં ફેર પડે. કોઇ સીધા સોટી કે હાથનો ઉપયોગ પહેલેથી જ કરે, તો કોઈ વળી મોઢેથી વઢે, બીક બતાવે, ધમકાવે, ગાળો એટલે કડક શબ્દમાં ધિક્કારે ને તેનાથી કાંઇ ન વળે તો હાથનો કે સોટીનો ઉપયોગ કરે. કોઇ તેથીયે આગળ જઇને માત્ર આંખની ધાકથી બાળકોને કાબૂમાં રાખે. મોટી મોટી આંખો કરીને વડીલ એમની સામે જુએ કે બાળક સમજી જાય. ગમે તેમ આમાં કદાચ ડીગ્રીનો ફેર હશે તો પણ મૂળ સિધ્ધાંત એક જ કે મોટાઓની પૂર્ણ સ-તા ને બાળકોએ તેમાં ગોઠવાઇ જવાનું.

હવે નવી માતા ને નવાં પિતાઓ જુદા વિચારો ધરાવે છે. પિતાની પેલી સર્વોપરી સત્તા રહી નથી. બાળઉછેરમાં માતા વધારે ભાગ ભજવવા લાગી છે. બાળઉછેરનું ક્ષેત્ર માતાનું છે એમ કહી ભણેલા પિતાઓએ તે છોડી દીધું. એક તો તેમને વખત જ હોતો નથી. બહારના કામ-ધંધા ઉપરાંત સામાજિક રાજકીય જીવન અને કંઇક આરામ, મનરંજન વગેરેમાં પુરુષોનો વખત જાય છે. દિવસે કામધંધાને લીધે બહાર અને સાંજે ક્લબ અથવા રાજકીય કે જે બીજું ક્ષેત્ર હોય તેમાં વખત જાય. સામાન્ય લોકોની તો જીવનની ધકાધકીમાં જ વખત જાય. કેમકે જીવનનિર્વાહ માટે એક ધંધો કરીને ચાલતું નથી. સવાર સાંજનો ફાજલ વખત આખોયે જ્યારે તેની પાછળ તે કાઢે ત્યારે એક કુટુંબનો નિર્વાહ થઇ શકે છે. એટલે પુરુષવર્ગ તો પોતાને બાળઉછેરની જવાબદારીમાંથી મુક્ત ગણી દૂર રહ્યો અને અત્યારના નવા જમાનાનો નવા વિચારોને શોભે એવી રીતે 'એ ક્ષેત્ર માતાનું છે' એમ કહી માતાના હાથમાં સંપૂર્ણ સત્તા સોંપી દીધી.

હાલની માતાઓ પણ જે ભણેલી ગણેલી છે, જે વિચાર કરી શકે છે, તેને લાગ્યું કે બાળ-ઉછેરનું કામ તે આપણું જ છે. એટલે આપણે જ તે જવાબદારી ઉપાડવી જોઇએ. એટલે પિતાએ ચાર્જ માતાને સોંપ્યો ને માતાએ તે સ્વીકારી લીધો. પણ એ સત્તાફેરફારને લીધે, પિતા એ કામમાંથી બધેજ સંપૂર્ણ છૂટી જઇ ન શકયા. કેટલાંએક છૂટયા પણ ખરા, પણ ઘણી જગ્યાએ તેને માતાના હુકમનું પાલન કરાવનાર એકઝી-કયુટીવ ઓફીસરનું કામ કરવું પડે છે. આમ માતાઓના બાળઉછેરમાં પિતાઓને, તેને જરૂર પડે ત્યારે મદદ કરવી પડે છે. પ્રસંગોપાત પિતા પોતાના જૂના કામના હકકો ભોગવી લે છે વિશેષ પ્રસંગે અથવા મોટી બાબતોમાં પિતાનો વિચાર અથવા શબ્દ એ જ છેલ્લો કાયદો હોય છે એ વાત જુદી, પણ સામાન્યતઃ નવા વિચારના પિતાઓએ બાળઉછેરનું કામ અને સંપૂર્ણ જવા-બદારી માતાને સોંપી અને તે માતાએ સહર્ષ ઉપાડી પણ લીધી.

આ નવી પરિસ્થિતિમાં બાળઉછેર કેવો થાય છે ને તેમાં સર્વસામાન્ય ભૂલો કઇ થાય તે જોઇએ. બનાવના રૂપમાં હોય તો વાંચવામાં રસ પડે છે તેથી કાલ્પનિક પણ પ્રત્યક્ષ બનતા જોએલા એવા દાખલા આપું છું.

(૧)

વધારે પડતી સાચવણ

"કેમ કરીએ? કાંઇ સૂઝતું નથી. વાસંતીને એટલી સાચવું છું છતાં પાંચ દસ દિવસ પણ સારા જતા નથી. સારા સારા ડોકટરને બતાવું છું પણ કાંઇ ફેર પડતો નથી. મને તો ચિંતામાં ને ચિંતામાં ઊંઘ પણ આવતી નથી ને ખાવાનું યે ભાવતું નથી." રમીલાબેન પોતાની મોટી બેન આગળ પોતાની મુશ્કેલીઓ રજૂ કરતા હતા. તેમનું ચિંતાથી મૂંઝાએલું મોં જોઇને મોટી બેને જ તેને પૂછ્યું કે તેને કાંઇ દુઃખ કે ચિંતા છે કે કેમ?

મોટીબેનને ઘેર તો છ સુંદર, તંદુરસ્ત બાળકો મોટાં થયાં હતાં. સાથે તેમના ગુજરી ગએલા જેઠનાં પાંચ છોકરાં પણ હતાં. બેન તો હાથે જ રાંધતાં. આને શું ભાવશે ને તેને શું પચશે એમ કરવાનો તેને વખત નહોતો મળતો,

તે તો દાળ, ભાત, શાક, રોટલી, એકાદ કચુંબર કરીને પતાવી દેતા. કોઇ ન ભાવવાની વાત—કરે ને કકળાટ કરે તો દૂધ દેા કે અથાણું કે ગોળનું ઘડબું આપીને પતાવી દેતા. બારતેરની રસોઇ ને ઘરનું બીજું કામ તેમના એકલાથી ન પતે. એટલે છોકરાંઓની બધાં કામમાં મદદ લેતાં. છોકરાંઓ પણ એક બીજાનું જોઇને ઝટપટ પોતપોતાનાં કામો કરીને રમવા ચાલ્યાં જતાં કે અભ્યાસે વળગતાં. મોટીબેનને રમીલાબેનની મુશ્કેલીઓનો બરાબર ખ્યાલ ન આવ્યો.

"ડાકટરો શું કહે છે? શું વર્તાય છે? તેને કાંઇ રોગ લાગુ પડયો છે?"

"ના, રે. એજ તો મુખ્ય વાત છે ને! ડોકટરો કહે છે બધું બરાબર છે. પણ એ આમ બીજાં છોકરાંની જેમ તંદુરસ્ત રહેતી જ નથી. જોને એના હાથ, પગ, છાતી કેવી દુબળી છે? કોડલિવર ઓઇલ ને વ્હિટેમિનો જાતજાતની ગોળીઓ ને દવાઓ આવે છે તે બધું પહેલેથી જ આપ્યા કરું છું. બરાબર ઘડિયાળને ટકોરે તેને દૂધ, મોસંબી, ગાજર, ટમેટાં જેવું-ડોકટર કહે તેમ જ આપું છું. પણ તેનું શરીર બરાબર તંદુરસ્ત થતું જ નથી."

"હવે તું ચાર દિવસ અહીં રહેજે. જોઇએ તેને અહીં કેવુંક ગમે છે."

બે દિવસ પછી બે બેનો બપોર વચ્ચે વાત કરવા બેઠી. રમીલાબેન કહે, "બેન, મને તો અહીં વાસંતી માટે બહુ ચિંતા થાય છે. આવું બાવું ને રખડવું એની તબિયતે એને સહન નહિ થાય ને પછી વધારે માંદી પડે તો વળી વધારે હેરાનગતિ."

"કેમ શું થાય છે, તેને? કાંઇ ઠીક નથી?"

"એમ કાંઇ બોલી તો નથી. પણ જો કાલે તમારાં છોકરાંઓ સાથે પેલા સાદુભાઇની વાડીએ ગઇ. તે બપોરે બરે તડકે, પાછી આવી, ને હાથમાં શું હતું કહું? આંબલી. મને કહે કે આંબલી બહુ ભાવી; ખૂબ ખાધી. પરમ દિવસે આંબળા લાવી હતી. રોજ કાકડી તો કટલીયે ચાવી જાય છે. તમારાં છોકરાં તો આવા જીવનથી ટેવાએલાં. પણ તેમની સાથે આ તડકામાં ફરે ને પાણીમાં રમે ને જે તે બાધા કરે તે તેને કાંઇ સદે? તેના બાપુજીને બબર પડે તો મને કહેશે કે અહીં આટલું સાચવો છો ને કયાં ગઇ તમારી સાચવણ? માંદી પાડી નાખી ને?"

મોટીબેન હસવું કેમે બાળી ન શકી. તે બોલ્યા, "અલી રમીલા, આ બે દિવસમાં તેને કાંઇ થયું છે? નથી સળેખમ કે નથી પેટનો દુખાવો કે નથી તાવ કે કશું. તો શું કામ તું ચિંતા કરે છે? તારી જેમ હું પણ જોયા કરું છું તેની દિનચર્યા. હું જ તને કહેવાની હતી કે જો તો બે જ દિવસમાં વાસંતીનો ચહેરો કેટલો બદલાઇ ગયો છે! ૮-૧૦ દિવસમાં તો ગાલ લાલ થઇ જશે. બધાંની સાથે સવારે દૂધ પી લે છે ને સાથે સાથે કામે લાગે છે. અગિયાર વાગે તો સારી પેઠે ભૂખ લાગે છે. તે બધાંની સાથે કેવું સરસ જમે છે! તારે ત્યાં એને ભાવે તે બાઇ શકે, તેને અપચો ન થાય માટે તું કેટલી જુદી વાની બનાવી તેને આગ્રહપૂર્વક બવરાવતી? પણ તેને રુચિ ન હોય. ને અહીં તેની છે કાંઇ ફરિયાદ? સાંજે—રોટલો ને દૂધ પણ બાધાં ને કહે "માસીબા, બહુ મીઠો લાગે છે. હજી આપોને.' મેં જ જરા બેકી સાથે વધારે ન થાય માટે નાનકોક ટૂકડો આપી સમજાવી દીધી"

"બેન, તું કહે છે તે સાચું પણ તેથી જ મને બીક લાગે છે. રાત્રે તો કાંઇ દી' એ બે ચાર કોળિયાથી વધારે બાય નહિ, તે અહીં રોટલો બાય, શાક બાય; અથાણું પણ બાય; એ જોઇને જ મને બીક લાગે છે."

"હવે રહેવા દે તારી બીક, તારી બીકથી ને વધારે સાચવણથી જ તેની તબિયત એવી નાજુક થઇ છે. અહીં રહેવા દે, એકાદ વર્ષ જો, મારાં છોકરાંઓની જેમ જ કઠણ થાય છે કે નહિ,"

લોકોને ત્યાં ભોજન તથા રહેવાની વ્યવસ્થા કરવી. આથી આમંત્રિત લોકોને સાચવવ.નું કામ ઓછું થાય છે અને ખર્ચ પણ થતું નથી. (આ વીસનગરનો તથા થોડે અંશે પૂનાનો અનુભવ છે).

૪. સ્વયંસેવક અને શિક્ષક વગેરે, જેટલા જોઇએ તેટલા જ, પરંતુ તેઓ સારા તૈયાર અને જવાબદાર હોવા જોઇએ. તેઓની ખાવાપીવાની વ્યવસ્થા બાળશિક્ષણ નગરને કરવી ન પડે. એક વખતની ચા અથવા કોફી તેઓને જરૂર પડે તો આપવી. તેઓના ક્રમની વ્યવસ્થા એવી રીતે ગોઠવવી કે તેઓ ઘેરથી જ ચા પીને આવી શકે અને ઘેર બીજી વાર જમવા વખતસર જઇ શકે. નહિતર આ બાબતમાં ઘણો જ ખર્ચ થાય છે એટલે આ ધોરણ રાખવું. (આ મુંબઇનો તથા થોડા અંશે પૂના અને વીસનગરનો અનુભવ છે)

૫. વ્યાખ્યાતાઓ તથા વિશેષ આમંત્રિત મહેમાનો માટે ચહા, નાસ્તો, બીસ્કીટ, કેળાં ઇત્યાદિ આપવાનું પ્રયોજન નથી. થંડું પાણી, સોપારી, એલચી, લવીંગ આપી તેમનું સન્માન કરવું અથવા આમાનું કંઇ પણ ન કરો તો પણ ચાલે. સ્થાનિક તથા પરગામના થોડા પરિચિત લોકોની, છેવટમાં એક સભા અથવા પાર્ટી ગોઠવવી પડે તો તેનું ખર્ચ તથા વ્યવસ્થા સ્થાનિક કોઇ પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ 'એટહોમ' રૂપે એવી રીત હોય છે. તે પ્રમાણે જ આપણા કાર્યક્રમમાં ગોઠવવું. આનો ખર્ચ બાળશિક્ષણ નગર ઉપર ન પડે તે જોવું.

આ પ્રકારના બધા વિચાર કરીને બીજા ચાર ઠેકાણેના કાર્યક્રમ ગોઠવવામાં આવ્યા. ઉત્તર ગુજરાતમાં ચાણસ્મામાંથી દાન મેળવ્યું, અને પ્રવેશદ્વાર ફીની પણ થોડી રકમ મળી. પરંતુ બહારગામના લોકોને આમંત્રણ આપીને બોલાવીને તેમની જમવાની તથા રહેવાની વ્યવસ્થા આપણે ખર્ચે કરવાની જે રીત હજુએ ગુજરાતમાં છે તેમાંથી સ્થાનિક વ્યવસ્થાપક મંડળ બચી શકયું નહિ; તેથી રૂ. ૩૭૫ આશરે રકમ મળી છતાં માત્ર રૂ. ૧૫૦) જ ફકત દાન ખાતે જમા થવાના છે. તેથી હવે એવો નિયમ કરવામાં આવ્યો છે કે દાનમાંથી ૨૫ ટકા કરતાં વધારે રકમ કોઇ પણ કારણે વાપરવી નહિ. ચાણસ્માના અનુભવ ઉપરથી પાટણ (ઉ. ગુ.) ના લોકોએ વધારે વિચારપૂર્વક કામ કર્યું. શિક્ષણનગરનું સઘળું ખર્ચ પાટણની એક સંસ્થાએ માથે લીધું અને ઘેર ઘેર ફરીને દાન તે જ વખતે ભેગું કર્યું. અને રૂ ૬૦૦) ની આખી રકમ દાન તરીકે જમા કરાવી. પરંતુ આ પ્રકારની વ્યવસ્થા પણ યોગ્ય ન ગણાય કારણ આ કેકાણે આ સંસ્થા આટલો ખર્ચ કરી શકી અથવા તે કરવામાં ખોટ પણ સહન કરી શકી. ખરુ જોતાં પ્રવેશદ્વાર ફીની રકમમાંથી ખર્ચ નભી શકે તેટલું જ ખર્ચ કરવું જોઇએ, અને જ્યાં પ્રવેશદ્વાર ફીની આવક ન થઈ શકે ત્યાં દાનમાંથી ૨૫ ટકા જેટલું જ ખર્ચ કરવું તે વ્યાજબી થાય.

ત્યાર પછી સારસા (મધ્ય ગુજરાત)ના કાર્યક્રમમાં અમે એમ ઠરાવ્યું કે દાનમાં સંઘને સારસા ગામ તરફથી રૂ. ૨૫૧ આપવા. બાકીનું ખર્ચ ગામ કરે. પરંતુ આ રીત પણ ઠીક નથી. હકીકતમાં એમ બન્યું કે ગામમાં બાલશિક્ષણ નગર નિમિ-તે રૂ. ૫૦૦) ભેગા થયા અને તેમાંથી રૂ. ૨૫૦) બાલશિક્ષણ નગર માટે ખર્ચ થયો પણ તેમ કરવાની જરૂર ન હતી; તેથી ૫૦ ટકા જેટલી રકમ ખર્ચાઇ ગઇ એમ થયું. આથી દાન કેટલું ભેગું થઇ શકે તેનો અંદાજ કરીને તેના ચોથા ભાગ કરતાં વધારેનું ખર્ચ થવા ન દેવું એ ધોરણ રાખવું જોઇએ.

ઉપરના સર્વે અનુભવો પછી અમદાવાદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. પહેલાં એક મોટું સુંદર બાલ શિક્ષણ નગર રચવાનો વિચાર કર્યો હતો; તેને બદલે ઉપરના અનુભવોથી યોજના બદલી નાખી. મોટું બાલનગર કરવામાં અંદાજે રૂ. ૨૫૦૦૦) ખર્ચ કરવાનો થાત. તેને બદલે અમદાવાદમાં ૭ ઠેકાણે નાનાં નાનાં 'નગરો' રચવામાં આવ્યાં. પહેલા 'નગર'નો ખર્ચ પ્રવેશદ્વારની આવક કરતાં થોડો વધારે થયો. પણ તે અમુક અંશે જરૂરનું હતું. બીજા 'નગર'નો ખર્ચ અંદાજે રૂ. ૨૫૦) થયો અને પ્રવેશદ્વારની ફીનું ઉત્પન્ન રૂ. ૫૦૦)ની આસપાસ થયું. આ; સંચાલન સમિતિએ પહેલાં ધાર્યું હતું તેમ થયું

ગણાય. કારણ કે પહેલા 'નગર'માં મંડપ માટે રૂા. ૧૦૦ અને બહારગામના માણસોને બોલાવતાં રૂા. ૧૫૦). શિક્ષકો વગેરેને બોલાવવાની જરૂર હતી. મંડપ પણ બીજું સ્થાનિક ન હોવાથી કરવો પડેલો; પણ બીજાં 'નગરો' વખતે એવો ખર્ચ ન કરવાની નીતિ રાખી છે. હવે ધોરણ બરોબર યોગ્ય માર્ગ ઉપર આવી ગયું છે. બીજી વસ્તુ એમ નક્કી કરવામાં આવી કે 'નગર' બે દિવસ માટે જ રાખવું. શુક્રવારે સાંજના ઉદ્‌ઘાટન કરીને શનિ અને રવિ સવારે તથા સાંજે એમ ચાર વખત 'નગર' ચાલુ રહે. રવિવારે રાત્રે બધો સામાન પેટીઓમાં પેક કરીને શાળાનું સ્થાન ખાલી કરી આપવામાં આવે છે. શુક્રવારે સવારની શાળા રાખવામાં આવે છે અને શનિવારે રજા આપવામાં આવે છે. પ્રત્યેક હાઇસ્કૂલ અને મ્યુનિસિપલ શાળા જેમાં બાળનગર ગોઠવવામાં આવ્યું ત્યાં, આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત આ જ અઠવાડિયામાં આ વિભાગમાં દાન ભેગું કરવા માટે કાર્યકર્તાઓ ફર્યા હતા. વિભાગ જોઇને દાનની રકમ ગોઠવવામાં આવે છે. દાખલા તરીકે મણિનગર વિભાગમાં પહેલું 'નગર' કર્યું, તેમાંથી પાંચ હજાર રૂપિયા જોઇએ એમ ઠરાવવામાં આવ્યું અને આ રકમ મળશે એમ હવે નક્કી લાગે છે.

હવે મહારાષ્ટ્રમાં કાર્યક્રમ શરૂ થઇ ગયો છે. પહેલાં ભીવંડીમાં થયો. તેમાં પ્રવેશદ્વાર પ્રી રૂ. ૮૫) મળ્યા અને ખર્ચ રૂ. ૭૫) થયું; તેથી રૂ. ૧૦) બચ્યા. આ પછી તરત જ દાન એકઠું કરવામાં આવ્યું. ત્યાંથી રૂ. ૧૦૦૦) થી થોડું વધારે દાન મળ્યું, એટલે મૂળથી જ જે ધોરણ ઉપર કાર્યક્રમ કરવાનો હતો તે હેતુ હવે સંપૂર્ણ રીતે સિદ્ધ થવા લાગ્યો છે. એ દિવસથી વધારે 'નગર' રાખવાની જરૂર નથી. તેમ જ બીજા અનેક વધારે કાર્યક્રમ રાખવાની જરૂર નથી. એક રંજન કાર્યક્રમ રાખવો અને દાન માગવાની શરૂઆત પહેલેથી જ કરીને તરત જ ચાર પાંચ દિવસમાં, સવારથી સાંજ સુધીમાં રખડીને પૂરું કરવું. ભાષણોનો કાર્યક્રમ 'નગર'ના ઉદ્‌ઘાટન વિધિ સમયે જ ગોઠવવો. જેથી સ્થાનિક અને નગરના લોકોમાં જે અસર તે વખતે પડી હશે તેથી દાન આપવાની તેઓની ઇચ્છા પ્રબળ થશે.

હજુ અનેક ઠેકાણે કાર્યક્રમ કરવાના છે; ત્યારે અત્યાર સુધી જે અનુભવો મળ્યા છે તેમાંથી રૌપ્ય મહોત્સવનું તંત્ર હાથમાં આવ્યું છે. એ અનુભવનો ઉપયોગ કરીને દર શનિવારે અને રવિવારે જ આવા નગર–કાર્યક્રમ યોજવા એમ ઠરાવ્યું છે.

તા૦

અમદાવાદમાં રૌપ્ય મહોત્સવ

અમદાવાદના જુદા જુદા વિભાગોમાં ઉજવવામાં આવતા નૂ આ શિ. સંઘના રૌપ્ય મહોત્સવનું ઘણું શ્રેય આ વિભાગને છે. રૌ. મહોત્સવ નિમિત્તના સંસ્કાર વર્ગની શરૂઆત આ જ વિભાગમાં થઇ અને અમદાવાદના રૌપ્ય મહોત્સવનું ઘણું ખરું માર્ગદર્શન આ લ-તાના કાર્યકરોએ કર્યું છે.

મણિનગર પછી અહીં રૌપ્ય મહોત્સવ ઉજવવાનું શ્રેય આ વિભાગને મળ્યું. મધ્યસ્થ સંચાલન તરફથી ઉપાડેલા આ ઉપક્રમનું સ્વાગત કરવા માટે, આ વિભાગની બાળકેળવણીની સંસ્થાઓના કાર્યકર્તાઓ અને બાળકેળવણીમાં રસ લેતી જનતાના પ્રતિનિધિઓની એક વિસ્તૃત સ્વાગત સમિતિ રચવામાં આવી. તેમાં શ્રી. સુરેન્દ્ર મજમુદાર, શ્રી. હર્ષદરાય શુક્ર, શ્રી. નૌશિર મોરફતિયા, શ્રી. બાબુભાઇ ઠાકોર, શ્રી. બાપાલાલ દલાલ, શ્રી. નિર્મળાબેન દેસાઇ, શ્રી લાલભાઇ સતિયા, ડો. ભાઉરાવ મહેતા, શ્રી. જેસિંગભાઇ વકીલ, શ્રી. ડાહ્યાભાઇ પટેલ, શ્રી. ડાહ્યાભાઇ વ્યાસ, પ્રો. એસ. આર. ભટ્ટ, શ્રી પ્રાણલાલ રા ળ, શ્રી. સુમન્ત મુનશા, શ્રી રતિલાલ શેરદલાલ, શ્રી. નવીનચંદ્ર વકીલ, શ્રી. નાનુભાઇ દેરાસરી, શ્રી, કે. ટી, દેસાઇ, શ્રી. આનંદી ઠાકોર નાગરિકો તરીકે અને શ્રી. યશસ્વતી ભટ

(બાલમંદિર, બાડિયા) શ્રી. રંજનબેન દલાલ (મોન્ટેસોરી બાલમંદિર, સાકડી શેરી) શ્રી. ભાનુમતિ ચોકસી (ભારત બાલમંદિર, બાલા હનુમાન) શ્રી. ચંદ્રમતિ ઠાકોર (કન્યા વિદ્યાલય બાલમંદિર, રાયપૂર) શ્રી. પુરુષોત્તમ માનજી બુધેલિયા (નવી ગુજરાતી શાળા, દોલતખાના) શ્રી. શંકરભાઈ વ્યાસ (શિશુભારતી બાલમંદિર, રાયપૂર) શ્રી. બાલુભાઇ ભટ્ટ (શિશુમંદિર, ભાઉની પોળ) નરહરિ ભાઇ ભટ (વિદ્યામંદિર, સાંકડી શેરી) શ્રી. જટાશંકર રાવળ (જયહિંદ બાલમંદિર, કામનાથ મહાદેવ, રાયપૂર) વગેરે બાળકેળવણીની સંસ્થાઓ તરફથી સ્વાગત સમિતિમાં જોડાયા હતા. સ્વાગત સમિતિના મંત્રીપદે બાડિયાની કૉંગ્રેસના સેવાભાવી કાર્યકર્તા શ્રી. નાનશા ઠાકોર તેમ જ શ્રી. ભાનુમતિ ચોકસી અને શ્રી. ચંદ્રમતિ ઠાકોરની વરણી થઇ હતી. આ સ્વાગત સમિતિના પ્રમુખપદે બાળકેળવણીમાં ઊંડો રસ ધરાવનાર શેઠ શ્રી. રતિલાલ નાથાલાલ સર્વની સંમતિથી ચૂંટાયા હતા.

શૈ. અ. ના કાર્યક્રમની શરૂઆત

શનિવાર તા. ૬-૭-૫૧ ના રોજ બાડિયાની બધી સંસ્થાઓના સહકારથી, બાળકોના એક ભવ્ય અને વ્યવસ્થિત સરઘસથી થઇ હતી. આ સરઘસની સમગ્ર યોજના અને વ્યવસ્થા શિશુભારતીના મુખ્ય કાર્યકર્તા શ્રી. શંકરભાઇ ના. વ્યાસે ઉપાડી લીધી હતી. સરઘસને મોખરે સેવાદલનું બેંડ વાગતું હતું અને તેની પાછળ સંસ્થાવાર, ત્રણ ત્રણની હારોમાં પાંચ વર્ષની ઉપરનાં લગભગ ૧૫૦૦ બાળકો વ્યવસ્થિત રીતે ગાતાં ગાતાં ચાલતાં હતાં. બે અઢી ફર્લાંગની લંબાઇના સરઘસને, લાલ, લીલા વાવટાઓવાળા સરઘસનાયકો માર્ગદર્શન કરાવતા હતા. ક્ષણે ક્ષણે સરઘસમાં ઘોષવાક્યો અને સૂત્રોનો ભવ્ય પોકાર કરવામાં આવતો હતો. 'આવતી કાલનો સુકાની કોણ?' "બાળકો! બાળકો!!" "આવતી કાલની આશા કોણ?" 'બાળકો બાળકો!' 'સ્વ. ગિજુભાઇ, અમર રહો!' બાળકોને, મારશો નહિ! 'બાળકોને, બિવરાવશો નહિ!' દરેક દસ પ્રીટને અંતરે બાળકોના હાથમાં, બાળકોનું બાલજીવન-વિકાસમાં શું સ્થાન છે, ગીજ નગરરચના કરીને બાળકોને કેવો અન્યાય થયો છે, બાળકોને શું જોઇએ છે તેનો ખ્યાલ આપતાં જુદાં જુદાં ૫૦ પ્રચાર-ફલકો દેખાતાં હતાં. નાનાં નાનાં ભુલકાંઓનું આ સરઘસ શેરીએ શેરીએ ફર્યું ત્યારે હજારો નેત્રો બારીઓ, બારણાંઓ, અટારીઓ અને જ્યાં જગ્યા મળે ત્યાંથી કુતૂહલપૂર્ણ ભાવથી તેનું દર્શન કરતા હતા. વ્યવસ્થિત સરઘસ એ માત્ર પ્રચારનું એક સુંદર સાધન છે એટલું જ નહિ પરંતુ તેની વ્યવસ્થામાં સામાજિક સહકાર, શિસ્તના કેવા સુંદર ગુણો કેળવવાની શક્યતા છે તેનો ખ્યાલ સૌને મળતો હતો. આ વ્યવસ્થિત ઉપક્રમ માટે શ્રી. શંકરભાઈ અને એમના સાથીઓને ધન્યવાદ. સરઘસને અંતે શ્રી. શંકરભાઇની સંસ્થા તરફથી બધાં બાળકોને જાંબુ વંહેચવાનો કાર્યક્રમ રાખ્યો હતો.

બાળશિક્ષણ નગર એ બાડિયાના રૌપ્યમહોત્સવનો બીજો કાર્યક્રમ હતો. પ્રત્યક્ષ બાળશિક્ષણની રચના કરવાનું મહાભારત કામ સંસ્કાર વર્ગના વિદ્યાર્થીઓ. શ્રી. યશસ્વીબેન તથા એમના સાથીદારોએ કર્યું હતું. નગરનું સુશોભન શ્રી. શંકરભાઇ અને તેમના સાથીદાર કાર્યકર્તાઓ અને શ્રી. બચુભાઇ મિસ્ત્રીએ ખૂબ જ ઉત્સાહથી ઉપાડ્યું હતું. ટિકિટ વેચાણ વિભાગ શ્રી. ચંદ્રમતિ ઠાકોરે ઉપાડી લીધો હતો. ઉદ્‌ઘાટન સમારંભની વ્યવસ્થા શ્રી. પુરુષોત્તમભાઇ તથા શ્રી. રેવાશંકરભાઇ અને તેમના સાથીદારોએ લીધી હતી બા. શિ. નગર નિમિ-તે બધી સંસ્થાઓના સહકારથી એક વિવિધ મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેનું નેતૃત્વ શ્રી. રંજનબેન, શ્રી. યશસ્વતી બેન તથા શ્રી. બાબુભાઇએ કર્યું હતું. નગરનો ઉપક્રમ બાડિયાની મ્યુ. સ્કૂલ નં. ૭ માં થયો હતો. અને તે માટે અમદાવાદ મ્યુ. સ્કૂલ કમિટીના ચેરમેન શ્રી. મગનભાઇ દેસાઇ તેમ જ શ્રી. ડાહ્યાભાઇનો સહકાર મળ્યો હતો. એ શાળાના મુખ્ય શિક્ષક શ્રી. મૂળશંકરભાઇ અને તેમના શિક્ષક

(અનુસંધાન કવરપેજ નં. ૩)

આંબા ડાળે

કોયલ રાણી

આંબા ડાળે કોયલ રાણી, ગાયે કંઠને તાણી રે,
કૂઉ કૂઉ ટહુકાર કરીને, ગજવે વન ને વાડી રે...આંબા.

આંબા મોરે ઘૂમ્યા કરતી, ડાળે ડાળે ઝૂલતી રે,
ઊંચે જોતાં થાકું તોયે, ભાળ ન તુજની મળતી રે...આંબા.

ભલે હોય તું રૂપે કાળી, પણ રાગે રૂપાળી રે,
મન ગમતાં તું ગીતડાં ગાતી, કિલ્લોલંતી ફરતી રે...આંબા.

–અનંત શાહ

બીજાંઓને ખાતર

એક નાના ટાપુની આસ-પાસ મોટો દરિયો વિંટાયેલો હતો. ટાપુ પર મોટાં મોજાં ઊછળતાં. કોઇ વાર ધુમસ એટલું ફરી વળતું કે આ ટાપુ દેખાતો પણ નહિ. આવા ટાપુ પર એક પાદરી એકલા રહેતા. આ પાદરી રોજ એક ઘંટ લઇ વગાડતા. ઘંટ સાંભળી દરિયા પર આવતા વહાણવટીઓ સમજી જતા કે પાણી નીચે ભેખડો સંતાઇ ગઇ છે.

વહાણવટીઓ રાત દિવસ લાકડાં લઇ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતા.

લાકડાં તો રોજની જરૂર. લાકડાં વિના તાપણી થાય નહીં ને ઠંડી સહેવાય નહીં. આવાં લાકડાં લઇ ઘણા વહાણવટીઓ ઠંડીમાં પણ નીકળી પડતા. સૌ આ પાદરીનો ઘંટ સાંભળી દિશા બદલતાં, કેટલાંય વહાણવટીઓના જીવ આ પાદરીના ઘંટે બચાવ્યા.

કડકડતી ઠંડી હોય, ધુમસ હોય, ઊંચાં ઊંચાં મોજાં ઊછળતાં હોય તો પણ પાદરી એમનો ઘંટ

વગાડવાનું ચૂકતા નહીં.

વહાણવટીઓ, પાદરીને સાચા દિલથી ચાહતાં. પાદરીને માટે રોજ લાકડાં લઇ જતાં. પાદરી પણ તાપણી કરી ઘરમાં હૂંફ લેતા. આમ વરસો પર વરસો વીતી ચૂકયાં. પાદરી બુઢ્ઢો થયો. કાળી દાઢી રૂપેરી બની. સીધાં, ટટાર હતા તે વાંકા વળી ગયાં, છતાં પણ ઘંટ તો વગાડે જ.

નાતાલની એક સાંજ હતી. પાદરીનો ઘંટ સંભળાયો નહીં. એક બલાસીને વિચાર આવ્યો કે આજે નાતાલની સાંજ છે. પાદરી બાપુને એકાદ લાકડું તો મોકલવું જ જોઇએ. એણે પોતાની સ્ત્રીને કહ્યું "મેરી, આજે રાત્રે હું પાદરી બાપુને એકાદ લાકડું પહોંચાડીશ." એની સ્ત્રી તરત જ તડૂકી ઊઠી : "આટલી ઠંડીમાં, નાતાલની સાંજે, ઘરનું સરસ બાવાનું મૂકીને જવાતું હશે?" એણે તો બલાસીના કપડાં જ સંતાડી દીધાં. થોડી વાર બલાસી સૂવાનો ઢોંગ કરી સૂઇ ગયો. મેરી તથા એનાં બાળકો પણ સૂઇ ગયાં. ઘર હવે તદ્દન શાંત બની ગયું. બલાસી નીકળ્યો. કપડાં ન મળ્યાં તેથી ઘેટાનું ચામડું વિંટાળી પાણીમાં સરસર વહાણ ચલાવી, નીકળી પડયો. એ, ટાપુ પર લાકડું પહોંચાડવા જાય છે ત્યાં તો પાદરીને હાથમાં ઘંટ લઇ બેભાન પડેલો જુએ છે. નાતાલની સાંજે પાદરી પ્રાર્થના કરી બેભાન પડયાં હતાં. તરત જ બલાસીએ પોતાનું લાકડું સળગાવ્યું, તાપણી કરી. કડકડતી ઠંડીમાં પાદરીના હાથ પગ ઠંડા હિમ જેવા થઈ ગયા હતા. બલાસીએ તાપણી કરી; પાદરીને ઉઠાડયો. તરત જ પાદરીએ ઘંટ વગાડયો. ફરીથી હવે રોજ ઘંટ વાગતો થયો. બલાસીને પાદરીએ આશિષ આપી. લાખો વહાણવટીઓના જીવ બચાવનાર પાદરીને બલાસીએ પણ નમન કર્યાં. નાતાલની રાત આમ પૂરી થઈ ગઇ.

કપિલા ઠાકોર

[અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ]

જઈને, સપ્ટેંબરમાં ખાનદેશ તરફ જવાનો કાર્યક્રમ યોજાયો છે.

આ પ્રમાણે શરૂઆત ઘણી સારી થઈ છે. ખાસ કરીને ગામલોકો જ રસ લે છે તે ઘણો જ ઉત્સાહજનક હોય છે, અને રૌપ્ય મહોત્સવની આ રીત કેટલી ઉત્તમ છે તેની ખાત્રી થાય છે.

મુંબઈમાં

ગુજરાતમાં અમદાવાદનો કાર્યક્રમ તો ધમધોકાર ચાલી રહ્યો છે. ત્યારે મુંબઈમાં પણ સપ્ટેમ્બર કે જરા પછી પણ મુંબઈને છાજે એવો કાર્યક્રમ ઘડાય છે. મુંબઈમાં ઘણાં બાલમંદિરો છે, ઘણા કાર્યકર્તાઓ છે અને ઉત્સાહી જનતા છે. એટલે મુંબઈનો કાર્યક્રમ ખૂબ ગાજશે એમાં શંકા જ નથી. ખા. શિ. સંઘની મુંબઈ શાખાએ થોડા જ દિવસ ઉપર શાખાની બેઠક બોલાવીને એની યોજના વહેતી મૂકી છે. હવે થોડા જ વખતમાં તેમનો વીગતવાર કાર્યક્રમ જાણવા મળશે.

સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં

અમદાવાદનો કાર્યક્રમ પૂરો થયા પછી એકી સાથે સૌરાષ્ટ્રમાં અને મધ્ય ગુજરાતમાં કાર્યક્રમની યોજના વિચારાધીન રહી છે. દક્ષિણ-ગુજરાત શાખા પણ પોતાની યોજના ઘડી રહી છે.

આમ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તો રૌપ્ય મહોત્સવની યોજના સુંદર રીતે પાર પડી રહી છે. વખત અને માણસો ઓછા પડે છે; તેથી કદાચ આ કાર્યક્રમ હજી છ મહિના, એકાદ વર્ષ વધુ લંબાવવો પડશે એમ આજે લાગે છે.

હિંદી વિભાગ

આ વિભાગમાં હજી કાર્યની શરૂઆત થઈ નથી; અને એકદમ થવાનો સંભવ પણ દેખાતો નથી. ત્યાં અનેક મુશ્કેલીઓ છે. તેમાં મુખ્ય તો, આ કાર્ય ને માટે જ સંપૂર્ણ વખત આપી શકે એવા કાર્યકર્તાનો અભાવ એ મુખ્ય છે. છતાં ત્યાં પણ કાર્યક્રમ કરવો તો છે જ. એટલે આ બાજુનું કામ પૂરું કરીને, અહીંથી નવરા થએલા કાર્યકર્તાઓ આવતે વર્ષે હિંદી વિભાગમાં જાય અને ત્યાં કામ જમાવે એમ કરવું પડશે.

મંત્રી,
રૌ. મ. સં. સમિતિ

અમદાવાદમાં રૌપ્ય મહોત્સવ

(અનુસંધાન પાના ૧૪ નું ચાલુ)

તથા નોકરવર્ગે ઝાડુ કાઢવાથી માંડીને બાંકડાઓ ઉપાડવામાં અને નગરને બધી રીતે અનુકૂળ થવામાં સહકાર આપ્યો હતો. બાળકનું અને બાળકેળવણીનું કાર્ય કેટલી સુંદર પ્રકૃતિની વ્યક્તિઓને એક જ ભૂમિકા પર લાવવા માટે અને તેમનામાં ભવ્ય સહકારની પ્રતીતિ કરાવવા માટે કેવું સુંદર ક્ષેત્ર છે તેનો ખ્યાલ આ ઉપક્રમમાં વિશેષ રીતે આવ્યો.

શનિવાર તા. ૧૪ મીની સવારે બા. શિ. નગરનું ઉદ્‌ઘાટન અમદાવાદ કોરપોરેશનના લોકપ્રિય મેયર શ્રી. ચિનુભાઇ ચિમનલાલ શેઠને શુભ હસ્તે થયું. ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતાં તેમણે કહ્યું કે "હું વિશ્વાસ પૂર્વક કહું છું કે બાળકો પર જો આવા સંસ્કાર પાડવામાં ન આવે તો બાળકો સંસ્કાર વિનાના નાગરિકો બનશે અને આ શહેરને લજવશે. આ કાર્યને વેગ આપવામાં અમદાવાદ પાછળ પડશે નહિ." સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી. રતિલાલ નાથાલાલ સંજોગવશાત આ પ્રસંગે હાજર રહી ન શકયા, તેથી તેમનું ભાષણ બાડિયાના ઉત્સાહી ને મર્મજ્ઞ કાર્યકર્તા શ્રી. ક. ટી. દેસાઇએ વાંચ્યું હતું. એ ભાષણમાં બાડિયામાં ચાલતી બાળકેળવણીની સંસ્થાઓનો ખ્યાલ અને મુશ્કેલીઓ રજૂ કરી હતી અને બાડિયાનાં બાળકો માટે કોટ પાડીને બાલી થએલી જગા, બાળક્રીડાંગણો માટે આપવાની માગણી કરી હતી. આ પ્રસંગે નૂ. બા. શિ. સંઘના પ્રમુખ શ્રી. સરલાદેવીએ સંઘના કાર્યનું મહત્વ સમજાવ્યું હતું. સૌના યથાયોગ્ય આભાર પછી આ સમારંભ પૂરો થયો હતો.

બા. શિ. નગર જોવા લગભગ ચારથી સાડાચાર હજાર બાળકો, શિક્ષકો તથા વાલીઓ આવ્યા હતા. બાડિયા રાયપુરનો વસતીનો વિસ્તાર જોતાં આ સંખ્યા વધારે ન કહેવાય, પરંતુ જે લોકો અહીં જોવા આવ્યા તેમાં બાડિયાનો ગુજરાતી વર્ગ આવ્યો હતો તે બાબતનું સૌ કાર્યકર્તાઓને સમાધાન મળ્યું હતું.

Regd. No. 2241.

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

ધી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઈ નં. ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખાઓ : પૂના અને સિકંદરાબાદ

હવાઇ–દરિયાઇ–રેલવેની

પરદેશની મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાંથી

મેસર્સ થોમસ કુક એન્ડ સન્સ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય-

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

શિક્ષણ–પત્રિકાના
— ખાસ અંકો —

સંઘનો પચીસ વર્ષનો કામનો રસિક
ઇતિહાસ રજૂ કરતી પરિચય–પત્રિકા
આઠ આના

☆

બાળકોને માટે સુંદર સાહિત્ય
રજૂ કરતો **'બાળક અંક'**
આઠ આના

– લખો –
'શિક્ષણ–પત્રિકા' કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬.

આગ–અકસ્માત–જિંદગી

મોટર: દારૂખાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબુભાઇ મૂલજી દલાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬

ગુજરાત બાલશિક્ષણ સંઘ તરફથી પ્રસિદ્ધ થતું

શિક્ષણપત્રિકા

વર્ષ : ૨૬ સપ્ટેમ્બર–૧૯૫૧ અંક : ૯

: આધતંત્રી :

ગિજુભાઇ બધેકા

સર્વના મિત્ર,

: ગિજુભાઇ :

બાળકો જ છે

જગતના સાચા ઘડવૈયા

બાળકનો આનંદ

બાળક નાનું છે તેથી તેની બધી ક્રિયાઓ બેશક ધીમી છે, છતાં તે સંપૂર્ણ તો છે જ. તફાવત માત્ર સમય અને ગતિમાં પડે છે. પ્રેમમાં તણાઈ જઈ બાળકને આપણે પરતંત્ર બનાવી ન બેસીએ, અથવા તેની સ્વાધીનતાનો સ્વાભાવિક આનંદ લૂંટી ન લઈએ માબાપો જો આટલું જ જાણે તો ય કેવું સારું ?

ગિજુભાઇ

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જયંતિભાઇ દાણી



વાર્ષિક લવાજમ : બાર રૂપિયા

છૂટક નકલ : છ આના

અનુક્રમણિકા

૧. બાલમાનસ વિકૃતિ ... ...તારાબેન
૨. ગામડું પુકારે છે ... ...ગોવિંદ યાજ્ઞિક
૩. નલિનની નીડરતા ... ...નાગજી રબારી
૪. અખાડો–તાલીમ કેન્દ્ર ...કનૈયાલાલ જોશી
૫. સાદી વાત ... ...સરલા ગીલા
૬. બાલમંદિરો શ્રીમંતો માટે?...તા૦
૭. બાળશિક્ષણ પ્રચાર વર્ગ ...વિ૦
૮. અમદાવાદમાં રૌપ્ય પર્વ... ...વિહારી
૯. સૌરાષ્ટ્ર–મહારાષ્ટ્ર

બાળ વિભાગ

૧. આવો ભાઈ... ...રામજી જમોડ
૨. ઝબુક દીવડી... ... ...કપિલા ઠાકોર
૩. ભારતીય પ્રતિજ્ઞા
૪. લાડુની ચોરી... ... ...'કમલ'

તંત્રીની નોંધ

માજી ઘણું જીવો : ગયા માસની ૩૧ મીએ મુંબઈમાં અને એવાં બીજાં અસંખ્ય શહેરોમાં બાળશિક્ષણમાં અલૌકિક દૃષ્ટિ આપનાર, ડો. મારિયા મોન્ટેસોરીનો ૮૧મો જન્મદિન ઉજવાયો. સૌકાંઓ સુધી માનવજાતને જે નહિ જણાયેલું એવું ડો. મોન્ટેસોરીની દિવ્ય દૃષ્ટિ પારખી શકી અને એમણે એ દર્શન જગતને ચરણે ધર્યું. શિક્ષણના ક્ષેત્રમાં એમણે એક અજબ ક્રાંતિ પ્રગટાવી. નૂ. બા. સંઘનું સર્જન અને બાળશિક્ષણ માટેની ગિજુભાઈની ધગશની પાછળની પ્રેરણા, આ માજીને–એમની દૃષ્ટિને આભારી છે. બાળકની અંદર રહેલી માનવતા–દિવ્યતા પ્રગટે એ દિશામાં ડો. મોન્ટેસોરીના પ્રયાસો સદાય અભિનંદનીય, અનુકરણીય છે. એમણે જોયું છે એ અનેકને બતાવવા માટે માજી ઘણું ઘણું જીવો! એ અમારી હાર્દિક પ્રાર્થના.

અમદાવાદ! તને ધન્ય છે : છેલ્લા બે એક માસ દરમિયાન અમદાવાદમાં બાળશિક્ષણનો જે ઉત્સાહ અને ઉલ્લાસ પ્રગટી ગયો એનો ઘણો યશ ત્યાંના બાલશિક્ષકોને, સ્થાનિક સંઘી સભ્યોને અને નામલેભાઈ, જયંતભાઈ અને શાંતિભાઈ રાવળને ભાગે જાય છે. ત્યાંના ધનિકોએ, શિક્ષણ રસિકોએ, વાલીઓએ અને આમ જનતાએ એનો સારો સત્કાર કર્યો, બાળકોનાં સરઘસોએ નવું શક્તિદર્શન આપ્યું; મોન્ટેસોરી પદ્ધતિનું સુંદર આલેખન લોકોને મળી શક્યું; સોના સાથ અને સહૃદયતાથી એમાં ઓર ચમકાર આવી શક્યો. જુદાં જુદાં સ્થળોમાં કુલ છ નગરો રચાયાં. હજારો લોકોએ એ રસથી નિરખ્યાં અમદાવાદ, તારી શિક્ષણરસિકતા માટે તને ધન્યવાદ! પણ સ-ની નિધિ-ઝોળી પણ તું જ ભરી દે એ તને શોભે! ગુજરાતનું તું પાટનગર ને!

મુંબઈમાં મંગળાચરણ : રૌપ્ય મહોત્સવનાં ચોઘડિયાં હવે મુંબઈને આંગણે વાગતાં સંભળાઈ રહ્યાં છે. બબ્બે માસ સુધીનો વિસ્તૃત કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે. આ અંક વાચકોને મળશે ત્યારે, મુંબઈના આદર્શ ઉપનગર–બારમા એની નોબતો વાગી રહી હશે. શ્રી. પ્રભુભાઈ અને શ્રીમતી ધનુબેન ઉપાધ્યાયે પહેલું બીડું ઝડપ્યું છે. ઉપનગરનું, મુંબઈના રૌપ્ય મહોત્સવ પર્વનું પ્રથમ બાળ શિક્ષણનગર બારમાં રચાશે મુંબઈમાં કુલ બારેક આવાં નગરો ભરવામાં આવશે અને આમ, વિશાળ મુંબઈમાં સંઘ-કાર્યનો આ પ્રચાર વધુ સંગીન થઈ શકશે. યોજના એવી છે કે એક સપ્તાહે ઉપનગરમાં તો બીજે સપ્તાહે મુંબઈ તળમાં–એ રીતે શિક્ષણ-નગરો ઊભાં કરવાં. આની સાથોસાથ નિધિ માટેનું પણ કાર્ય પણ ચાલુ રહેશે આ આખો

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૬ : અંક ૯] મુંબઈ [સપ્ટેમ્બર, ૧૯૫૧

બાલમાનસ વિકૃતિ

આપણે સૌ ઘેરઘેર બાળકોને ઉછેરીએ છીએ. તેમની શરીર–પ્રકૃત્તિમાં થોડી ઘણી વિકૃતિ ઉત્પન્ન થાય તો આપણે તે ઓળખતાં શીખ્યાં છીએ. બાળક પણ રડીને કે સૂઈ રહીને ને ખાવાનું છોડી દઈને તેનું શરીર અસ્વાસ્થ્ય આપણને જણાવે છે. ઘણાં ઘણાં ભણેલાં માતાપિતાઓ બાળરોગો વિષે, બાળ આરોગ્ય વિષે, બાળકોનો ખોરાક, તેમની રમત ને કસરત, તેમની ઊંઘ ને વિશ્રાંતિ વિષે વાંચવા, વિચારવા ને અભ્યાસવા લાગ્યા છે. પણ હજી એ જ નાની, કુમળી વયે બાળકોમાં માનસિક વિકૃત્તિઓ પણ પેદા થઈ શકે છે એનો આપણને પૂરતો ખ્યાલ નથી. અને તેવો ખ્યાલ ન હોવાથી ઘણીવાર વિકૃતિઓ વધે છે, વધારે ઊંડી પણ જાય છે ને તેથી બાળપણમાં જડેલી એ વિકૃતિનાં માઠાં ફળ તેને આખી જિંદગી સુધી ભોગવવાં પડે છે. સૌથી દુઃખદ વાત તો એ છે કે આપણે માતાપિતાઓ, જે તેમને જન્મ આપીએ છીએ, જે તેમના પર અત્યંત વ્હાલ રાખીએ છીએ, જે તેમને માટે બધી કુરબાની કરવા તૈયાર હોઇએ છીએ તે આપણે જ, બાળકોની વિકૃતિનાં કારણભૂત બનીએ છીએ. ઘણીવાર જે જે વાતો આપણે બાળકોના હિત માટે કરીએ છીએ તે જ વાતો તેમની વિકૃતિના કારણે બને છે. આ વાત જો આપણે સમજીએ તો આપણા દુઃખનો પાર ન રહે એવી એ હકીકતો હોય છે.

આ વિષયનો દરેક માબાપે અભ્યાસ કરવા જેવો છે. ડોકટરો જાણે છે કે તેટલું નહિ પણ સામાન્ય શરીર આરોગ્ય વિષે આપણે જેટલું જાણી લેવું યોગ્ય ગણીએ છીએ તેટલું તો માનસિક આરોગ્ય વિષે પણ જાણવું જ જોઇએ. ને તે જ્ઞાનના પ્રકાશમાં આપણા વર્તનમાં પણ યોગ્ય ફેરફારો કરવા જ જોઇએ.

સામાન્યતઃ સાદી સાદી દેખાતી બાબતોમાં બાળકોની માનસવિકૃતિની શરૂઆત હોય છે. તે તરફ ધ્યાન ખેંચવાની દૃષ્ટિએ નીચે એક યાદી આપું છું. બાળમાનસ ઉપર અથવા મદદ કેન્દ્રો (Child guidance clinic) માં સામાન્યતઃ કયા પ્રકારના રોગો ઉપર ઉપચાર થાય છે, તેની તે યાદી છે. તેના ઉપરથી પણ આપણાં બાળકો પરત્વે આપણે ઘણું વિચારી શકીએ.

૧. સત્તાનો વિરોધ.
૨. અતિ શરમાળપણું.
૩. ચિંતાતુરપણું.
૪. બોલવામાં મુશ્કેલી.
૫. શૌચ મૂત્ર સંબંધેની મુશ્કેલીઓ.
૬. ઊંઘ ન આવવી.
૭. ચોરી કરવી.
૮. બોટું બોલવું.
૯. ભાંડરડાંની ઈર્ષા.
૧૦, પથારી બગાડવી.
૧૧. ભૂખ ન લાગવી.
૧૨. ખાવાની અરુચિ.
૧૩. ગુંડાપણું ને રખડુપણું,
૧૪. અંગૂઠો ચૂસવો.
૧૫. આંચકી કે ફીટ આવવી.
૧૬. ફેફરું આવવું.
૧૭. શાળામાં બધમેસતાં ન થવું.
૧૮. અભ્યાસની મુશ્કેલી–વગેરે.

ઉપર આપેલી યાદીમાંથી ઘણાં લક્ષણો આપણા બાળકમાં ઘણીવાર દેખાય છે. પણ હજી આપણે તેને વિકૃતિનાં લક્ષણો તરીકે ઓળખ્યાં નથી. એના થોડા દાખલા નીચે આપું છું.

૧. એક ૭ વર્ષનો છોકરો એની માને જ વળગી રહે છે. સૌ જમવા બેસે ત્યારે સરખી-રીતે ભાણે બેસીને એ જમતો નથી. ગમે ત્યારે આવીને મા પાસે હઠ કરીને, કાંઇક મેળવીને ખાઇ લે છે. ચાર માણસો બેઠાં હોય ત્યાં માની સાથે જવામાં પણ એને શરમ લાગે છે, નિશાળે જવાની ચોખ્ખી 'ના' હોય છે.

એ બધા લક્ષણો વિકૃતિની શરૂઆતનાં અવશ્ય ગણાય; તેમાં કાંઇ બહુ ગંભીરતાભર્યું, ભયજનક નથી છતાં આવાં લક્ષણોનો યોગ્ય ઉપ-ચાર થવો જોઇએ.

૨ એક છોકરી ત્રણેક વર્ષની ઉંમરે એક નવું જ લક્ષણ બતાવવા લાગી: મોટાંઓમાંથી કોઇપણ કંઇ કરવાનું કહે કે તરત તે "ના, મારે નથી કરવું" એ તેનો જવાબ. પછી તેને ગમતી વ ત હોય તો પણ 'ના' જ પાડે આવી રીતે સત્તાનો વિરોધ ઘણાં બાળકોમાં દેખાય છે. મોટાંઓ જો કહે કે "ન્હાઇ લે" તો કહેશે "નથી ન્હાવું." ને મોટાંઓ કહે કે "આજે ન્હાઇશ નહિ" તો તાવ હોય કે ટાઢ હોય કે ગમે તેટલું યોગ્ય કારણ બતાવે, તોયે છોકરાં "ન્હાવું જ છે" કરીને બેસે છે. આખરે માને ગુસ્સો કરીને પણ 'હા ની ના' ને 'ના ની હા' કરવી પડે છે. એમાં છોકરાંઓને સત્તાનો વિરોધ કર્યાનો જ આનંદ જોઇતો હોય છે. જે વાતની હા–ના ચાલે છે તે વાત સામે વિરોધ કે ભાવ હોતો નથી. આપણા ઉપર દોર ચલાવવાવાળાનો, જુલમ ગુજારવાવાળાનો વિરોધ કરવાનું જ મન થાય એ જ મુખ્ય વાત હોય છે. અર્થાત્ એ વાત વધારે ઊંડે ઊતરીને તપાસવા જેવી અને યોગ્ય સલાહકાર પાસેથી ઉકેલી લેવાની જરૂર હોય છે.

૩, એક મોટા ઑફિસરનો છોકરો, તેના પિતા બહાર ફરવાને કામે ગએલા હોય ત્યારે મા સાથે જમવા બેસે; પણ ટેબલ પાસે આવે કે તેને બિલકુલ જમવું જ નથી એમ થઇ જતું. સવારે દૂધ પીવાનું પણ એમ જ. બપોરે કે રાત્રે જમતી વખતે ય એમ જ મા તેને ખાવાનો જેમ જેમ આગ્રહ કરે, કડકાઇથી કહે, કાલાવાલા કરીને કહે, તેમ તેમ તેને ખાવાની ના પાડવાનું જ મન થાય. પણ પિતા ઘરે આવે ને ટેબલ પાસે આવે કે ભાઈ ઝટ દૂધ પી જાય ને જમવા ટાણે જમવા લાગે.

આ ભાઇની મોટી બેન નાની હતી ત્યારે તેમના પિતાને યુદ્ધની નોકરી નિમિ-તે બ્રહ્મદેશ તરફ જવું પડેલું ને માએજ તેને એક વર્ષ ઊછેરી હતી. તેનું પણ વલણ એ જ દેખાતું. મા ટમાટાનું સૂપ આપે; છોકરી ના કહીને થૂંકી નાખે. આ ફળ ખાવું જોઇએ; તે ખાવુ જોઇએ; શક્તિને માટે અનેક વસ્તુઓ આપે. પણ છોક-રીની સદાય 'ના' રહેતી. આવા અનુભવો તો મને લાગે છે ઘણાં ઘરોમાં થતાં હશે. કેટલીએક વાર છોકરાંઓમાં ન ખાવાની વૃત્તિ બહુ જ વધે છે ને તેઓ બિલકુલ જ કાંઇ ન ખાય એવું પણ થઇ જાય છે, ત્યારે તો માબાપોને પણ ચિંતા ઉત્પન્ન થાય છે ને તેઓ એને ડૉકટર પાસે લઇ જાય છે. છતાં સાદા ડૉક્ટરોથી કાંઇ તેનો હંમેશ ઉકેલ આવતો નથી.

૪ બીકથી દબાએલાં તો કેટલાંએ બાળકો હોય છે તેથી તેઓ કાંઇ બોલતાં નથી. કોઇ માને છોડીને સહેજ પણ આઘે ખસતાં નથી. કોઇ કશું કરતાં નથી. કોઈ પણ કૃતિ કરવી એ જ તેમને માટે બીક ઉત્પન્ન કરનારું હોય છે. બીકને લીધે જ ઊંઘ ન આવે, રમતમાં રસ ન પડે, કોઇની સાથે ભળે નહિ, હળે નહિ, વગેરે અનેક વિકારો બાળકોમાં દેખાય છે.

૫. બીકની જગ્યાએ ઘણીવાર ચિંતા બેસે છે. બધી બાબતોની ચિંતા થયા કરે છે. એક બાળક બાલમંદિરમાં અંદર આવે જ નહિ ને પગથિયે જ બેસી રહે. તેની સાથેની વાતચીતથી ખબર પડી કે તેને ત્યાં મૂકીને તેની નોકરબાઇ

ઘરે ગઇ તે પાછી આવશે કે નહિ, એવી તેને સદા ચિંતા જ રહ્યા કરે. એ કહેતો કે એ આવે છે કે નહિ તે હું અહીં બેસીને જોઇશ. ૧૧ વાગે બાઇ જાય ને ૨।।/૩ વાગે ઘરે લઇ જવા પાછી આવે ત્યાંસુધી આ ભાઇ રસ્તા તરફ જોઇને બેસી રહે. પછી તો ત્યાં બેઠા બેઠા ચોકકું રમે ને વચ્ચે વચ્ચે જોતો જાય ને પછી અંદર ઓરડામાં રમવા જાય; તો પણ થોડી થોડી વારે રસ્તા તરફ જોઇ આવે, આમ ચાલતું.

૬. બીજી એક છોકરીને જોડા ને છત્રી બહાર ઉતારવાનું કહીએ કે રડવા લાગે. આસ્તે આસ્તે ખબર પડી કે છત્રી ને જોડા ખોવાઇ જવાની તેને ચિંતા રહેતી. તેની છત્રી ને જોડા ઉતારવાની જગ્યા, મારા ટેબલની બાજુના ખૂણામાં ગોઠવી આપીને, 'હું તેના પર ધ્યાન રાખીશ' એમ તેને કહ્યું ત્યારે તે ત્યાં મૂકી ગઇ. છતાં વચ્ચે વચ્ચે આવીને તે સુરક્ષિત છે કે નહિ તે જોઇ જતી. જોડા હાથમાં જ લઇને ફરવું એમ તો કેટલાંયે છોકરાંઓ કર્યા કરે છે.

ઉપર આપેલી યાદીમાં આવેલા વિકારોમાંથી થોડા મેં અહીં આપ્યા છે. એવા બીજા વિકારો પણ આપણી આસપાસ ઘણીવાર જોવામાં આવે છે. એ પ્રકારો મનોવિકૃતિની શરૂઆત છે એટલું તો આપણે ઓછામાં ઓછું ઓળખતાં શીખવું જોઇએ. અને તો ઉપચારનો વિચાર આવવા લાગશે.

તારાબેન

—ગામડું પુકારે છે—

મા— અલ્યા બચુ, ભાખ્યનું ઘોડિયું નાંખ જો !

બચુ— મારે રમવું'સ; ન'ઇ નાંખું જા. (આ સાંભળી કામના ભારે દબાયેલી મા ગુસ્સે થઇ બરાડે છે)

મા— ઊભો રે' ગામના હાહરા, તન હાય! ડહ હાય! એ ચોરી સીક નઈ? (દોડતી બચુને પકડી બે પાંચ ચોડી દે છે)

બચુ— મન મારાંસાં પણ બાપાને આવવા દે; બબર પાડી દઉં–ઉ. ઉ. ઉ. વરી અમાર રમવું ન હોય? જાણે તાંણે અમને જ કામ આપીસી.

મા— રોયા વગર હેં ચોર નઈ તો હમણાં મણનો છહેર કરી નાંખે હા.

અગિયાર વાગ્યા હતા. ગરમી વરસવી શરૂ થઇ ગઇ હતી. એ બંડનું ઘર હતું. હવા માટે ફકત ઉઘાડબંધ બાકોરું, રમચીથી રંગેલું આગળનું એક બારણું જ હતું. બીજા બંડને રક્ષણની જરૂર જ નહોતી. બીજા બંડમાં એક બાજુ ચૂલો હતો. બાજુમાં પાણિયારું હતું. રાંધવાથી બૂબ ધુમાડો થયો હતો. ગોદાઇ ગોદાઇ બહાર જતો હતો. પેલી બાજુ પારણામાં કમનશીબ બાળક ચોધીબામાં બૂબ રડતું હતું. મોટો બચુ રમતમાં મસ્ત હતો. માએ મેથીપાક આપીને ઘોડિયું નાખવા એને નજર કેદ કર્યો. ઘોડિયું નાખતાં નાખતાં નાનો બચુ ઊંઘી ગયો–સાથે મોટો બચુ પણ ધરતીને ખોળે ઢળી પડયો. ગરમીથી અકળાઇ નાનો બચુ જાગ્યો. રડવા માંડયો. માએ મોટા બચુને જગાડયો પણ ઊઠયો જ નહિ. ગુસ્સે થઇ છૂટું એક છાણું માર્યું. છાણાની ચોટ વાગતાં બચુ એબાકળો રાડ પાડતો ઘર બહાર નાઠો. એક આંબલીના ઝાડ નીચે ડુસકાં બાતો બેઠો અને ત્યાં જ ઊંઘી ગયો.

માને નો'તી બબર કે ગરમીથી બાળક રડે છે, કે ધુમાડાના ગોટાથી ગુંગળાય છે. ઘરની રાંધણીમાંથી એ ધુમાડાને છૂટકારો મળે તેમ નહોતો. ગામડાની ગરીબી, હવા ઉજાસ ને જરૂરિયાત પ્રમાણેનાં ઘરો બાંધતાં અટકાવે છે, અને જીવનનું જરૂરી વિજ્ઞાન અને કેળવણીનો તો સદંતર અભાવ હોય છે. બાળક ઉપરના અત્યાચાર માટે કોણ જવાબદાર! મા કે બાપ? સમગ્ર સમાજ જવાબદાર છે

ગામડાની ધરતી આજે માગે છે સાદા અને

સમજી શિક્ષકો. જે તેમનો સામાજિક અને વૈજ્ઞાનિક વિષયો સાદી રીતે સમજાવે જે ગામડે ગામડે આવા બાલશિક્ષક બેસી જાય, ઘરે ઘર ફરે, બાળકોને ઉગારી લે તો કેવું સારું! હાલને તબક્કે તેમની પાસેથી કેળવણીની આશા રાખવી અને એક દાયકો રાહ જોવી બરાબર છે પણ ત્યાં સુધી શું ઊગતી પેઢીને સડવા દેવી? સરકાર ધારે તો ઘણું બધું કરી શકે. અને આપણે!!

આજે આનંદે નાચતો, કુદરતે ખેલતો, સ્વચ્છ, સુઘડ અને તંદુરસ્ત યુવાન રાષ્ટ્રના આ ધનને બચાવવામાં સહાય કરે તો! ગામડું આજે એ પુકારે છે.

ગોવિંદભાઇ યાજ્ઞિક

નલિનની નીડરતા

છાત્રાલયના વિદ્યાર્થી તરીકે હું બાલવાડીમાં જતો અને મારી આવડત પ્રમાણે કાર્યકર્તાઓને મદદ કરતો. પણ એ દિવસે બાલશિક્ષણની તાત્ત્વિક વાતોમાં મને લાંબી ગતાગમ નહોતી પડતી. આજે હવે હું બાલમંદિરમાં પ્રત્યક્ષ કામ કરવા માંડ્યો છું, અને એ વિષે વિચારવા પણ લાગ્યો છું. પરિણામે અનેક પ્રશ્નો ઊઠે છે. નલિનના પ્રશ્નને પણ એવી જ શંકા હતી.

૩॥ વર્ષનો નલિન અઘારા બાલમંદિરનું નવું દાખલ થયેલું બાળક છે. તોફાન, મસ્તી, બરાડા પાડવા, વચ્ચે વચ્ચે બોલવું; ગીત ગાતાં હોઇએ તો વચ્ચે ગરબડ કરવી; વચ્ચેથી ઊઠીને દોડધામ કરવી એમને બહુ ગમે છે આ બધું એ નીડરપણે કરે છે.

એક દિવસ મેં અમારા આચાર્યને પૂછ્યું, "નલિન આમ કેમ કરે છે? નલિન આવ્યો ત્યારે તો ઘણો જ શાંત હતો. ધૂમ, બરાડા, કે બોલવું તેનું તો નામ જ નહોતું ને એકદમ આટલા બધો છૂટો કેમ?' વીગત મેળવતાં માલૂમ પડ્યું કે આનું કારણ એના ઘરનું વાતાવરણ હતું.

નલિનભાઇને, એને ઘેર બહુ જ લાડથી તેમ જ વિશેષ સંભાળથી ઉછેરવામાં આવ્યા છે, એટલે એમની વૃત્તિઓ દબાણી છે. મુક્તવાતાવરણ મળતાં બાલમંદિરમાં એ બમણા જોરથી ઉછાળો મારે છે. બાલમંદિર ચાલતું હોય ત્યારે તેમના બા એકાદ વખત તો ધણુંખરું આવી જાય છે, શિખામણ દઇ જાય છે. "ભાઈ, ચુંથીશ નહિ, શરદી થશે; બરાડા પાડીશ નહિ, ગળું બેસી જશે. ભૂસકો મારીશ નહિ, હાથપગ ભાંગશે." આવી એક બે નહિ પણ અનેક શિખામણો દઇ ઘેર જાય છે. એમની બાને પૂછતાં માલૂમ પડ્યું કે આ જ રીતે એ નલિન સાથે ઘેર પણ કામ લે છે.

નલિનના અંગે અંગમાં ચેતન છે. નવું નવું જાણવાની ને કામ કરવાની એને ભૂખ છે આ બધું એને ઘેર રોકવામાં આવે છે. બાલમંદિરમાં એની છૂટ મળતાં એના પ્રાત્યાઘાતો ન પડે તો બીજું શું થાય? માટી, પાણી, કુસ્તી માટેની પૂછપરછ આ બાલમંદિરમાં એમનાં નિત્યક્રમ બની ગયાં છે. એમની કુસ્તીનો એક પ્રસંગ તો ખૂબ જ મજાનો છે.

બાલમંદિર શરૂ થઇ ગયું હતું. ખંજરી વાગી અને બાળકો ટપોટપ બેસવા લાગ્યાં. એક બે ગીતો, વાર્તા વગેરે થયું. પરંતુ દરરોજના જેવી આજે ધમાલ ન હતી. બહાર કુંડી ઉપરથી ડોલનો અવાજ પણ નહોતો આવતો, વચ્ચે વચ્ચે દોડધામ પણ દેખાતી નહોતી. પણ ત્યાં તો અચાનક હો...હો... હો કરતા નલિનભાઇ આવતાંની સાથે જ ગોઠમઠાં બાવા મંડી પડ્યા. બધાં બાળકો પણ હો....હો... હો કરવા લાગ્યાં અને એમની સાથે જોડાયાં. થોડીવારે એ બધાં શાંત થયાં.

વળી પાછું ગીત શરૂ થયું, ત્યાં નલિનભાઇ વચ્ચે આવી બરાડા પાડવા લાગ્યાં. આચાર્યે તેમની ગાવાની વૃત્તિને સંતોષ આપ્યો, ને એ શાંત થયા. વળી પાછા ઊભા થયા. પોતાની કાલી ભાષામાં બોલવા લાગ્યા. "માલી સાથે કુસ્તી કોને કલવી છે?" કોઇએ જવાબ ન આપ્યો

એટલે બધાં બાળકોને પૂછી આવ્યા, પરંતુ કોઇ તૈયાર થયું નહિ. છેવટે એમની તીવ્ર ઇચ્છા જોઈ આચાર્ય તૈયાર થયા. નલિનભાઇ તો તૈયાર હતા જ; બન્ને વચ્ચે મહા યુધ્ધ જામ્યું. બાળકોને મજા પડી. તાલીઓ પાડવા લાગ્યા. એક વખત આચાર્ય પડે તો બીજી વખત નલિનભાઇ પડે. છેવટે યુધ્ધ પૂરું થયું ને હસતાં હસતાં બન્ને જણ બેસી ગયા. ૩૫ વર્ષના પૂનમભાઇ સાથે કુસ્તી કરતાં ૩૫ વર્ષનો નલિન જરાએ અચકાયો નહિ. એને એમ પણ ન થયું કે આટલો મોટો માણસ મને પછાડશે તો? મને વાગશે તો? જાણે આ વીગતો સાથે કશો જ સંબંધ ન હતો. એને ફક્ત કુસ્તીમાં જ રસ હતો. કુસ્તી બાદ નલિનભાઇ શાંત રહ્યા. બીજી પ્રવૃત્તિઓમાં રોકાયા. અને સમય પૂરો થતાં સૌ ઘેર ગયા. અને, નલિનભાઇની નીડરતા અને આચાર્યની પ્રેમાળતા આ બન્નેનો વિચાર કરતો અને મુકત વાતાવરણનું એક મધુરું દ્રષ્ય જે રીતે જોવા મળ્યું એથી મારી જાતને ધન્ય સમજતો હું પણ ઘેર ગયો.

નાગજી રબારી

અખાડો : એક તાલીમ કેન્દ્ર

આ લેખની શરૂઆત કરતા પહેલાં થોડીક અનુભવેલી બાબત જણાવું તો વાચકવર્ગ મને ક્ષમા કરશે. હું નાનપણથી જ અખાડાનો ભારે શોખીન છું. મેં મારી નાની ઉંમરમાં જ સાધનોવાળી કસરતો તેમ જ, અન્ય જીવનઉપયોગી તાલીમ, અમુક પ્રમાણમાં મેળવી લીધી છે. શારીરિક તાલીમ વગર અને તેના જ્ઞાન વગર બીજું બાહ્ય જ્ઞાન લેવાની આવશ્યકતા મારે મન પછી જ છે. ક્રીડાંગણની તાલીમ આબાલવૃદ્ધ સૌને ઉપયોગી નિવડે છે. મેં બાળપણથી જ જીવનને ઉન્નત કરે એવી, મહત્વની શારીરિક અને માનસિક તાલીમ મેળવી છે. વ્યાયામ શાળાની તાલીમ, ચારિત્રપોષક અને જીવનઉપયોગી નિવડે છે, એ તો સૌ કોઇ અનુભવી શકે તેમ છે.

આજનો બાળક આવતી કાલનો નાગરિક છે, એ સૂત્રને વધારે સાર્થક કરવું હોય તો આઝાદ ભારતના બાલ–કુમારો અને બાલિકાઓને શારીરિક અને માનસિક તાલીમ આપવાની જોગવાઇ શિક્ષણશાસ્ત્રીઓએ વધારે પ્રમાણમાં કરવી જોઇએ. આજના બાલ–વયને સ્વાશ્રયી બનાવવા માટે વડીલોએ અને માતા–પિતાએ બાળકોને આવાં ક્રીડાંગણોમાં મોકલવાં જોઇએ.

'અખાડો એટલે શું?' એવો, ઘણીએ બાળકો તથા મોટાંઓ ઘણીવાર સવાલ કરે છે. અખાડો એટલે વ્યાયામશાળા; બાળકોને રમત રમવાનું પવિત્ર સ્થાન. અખાડામાં બાળકોને, ઘરે ન મળે તેવી ઉપયોગી તાલીમ મળે છે. દેશમાં અખાડાઓ તો ઠેર ઠેર છે પરંતુ તેની સાચી ઉપયોગીતા અને એની મારફત મળતા શિક્ષણથી ઘણાએ અજાણ છે. તનતોડ મહેનત કરી પહેલવાન બનવું, એવો જ સાધારણ રીતે લોકોને અખાડા માટેનો મત છે. પણ આ અધૂરી જ્ઞાનદ્રષ્ટિ છે. આજના અખાડાઓ નૂતન શિક્ષણના સિધ્ધાંતોને અનુસરીને કામ કરે છે; એટલે કે વ્યાયામ સાથે વિદ્યાને પણ અખાડાઓએ મહત્વનું સ્થાન આપ્યું છે. નિઃસ્વાર્થ ભાવે પ્રજા–માનસ અને લોકરૂચિને ગમતો કાર્યક્રમ ઘડી, તન–મનથી એના સભ્યો સેવા કરે છે. કશા પણ ફળની આશા રાખ્યા વગર શાળાઓની માફક પ્રજા ઘડતરનું મહામૂલું કામ કરે છે. ગ્રીષ્મ તાલીમ વર્ગો ઉપરથી જોઇ શકાય છે કે લોકોને અખાડાની પ્રવૃત્તિ ઠીક ઠીક પ્રમાણમાં સમજવા લાગી છે, અને તે ખુશી થવા જેવું છે. આવાં ક્રીડાંગણોમાં બાળકોને લાયક પ્રવૃત્તિઓ યોજાય છે. જેવી કે, બાળ–કુમાર ગ્રીષ્મ વર્ગ, સંસ્કાર વર્ગ, રમતગમતના મેલાવડા, વ્યાયામના પ્રયોગો, રાષ્ટ્રીય–ધાર્મિક તહેવારોના ઉત્સવો, પ્રવાસ–પર્યટન તેમ જ વિશિષ્ટ પ્રકારની શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓ, નાના–મોટા સૌને પૂરી પાડી, દેશને ઉપયોગી એવા સુંદર અને સુદ્રઢ નાગરિકો આવી સંસ્થાઓ તૈયાર કરે છે.

આવા શુભ કાર્યમાં પત્રિકાનો સાથ આવશ્યક છે જ.

અખાડો એટલે જીવનપયોગી શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક, અને આધ્યાત્મિક તાલીમ આપતું સંસ્કાર કેન્દ્ર; બાળકોને ઉપયોગી એવું માર્ગદર્શન અને સાહસિક વૃત્તિ પ્રેરતું વિદ્યાશ્રમ; આવા પવિત્ર ક્રીડાંગણમાં યોગ્ય એવા નવી બાબતોનું જ્ઞાન મળે છે. અખાડામાં શિસ્તબધ્ધ તાલીમ મળે છે. તાલીમ વિનાનું જીવન ઘણે અંશે નિરર્થક નિવડે છે. આવાં અનેક ક્રીડાંગણોએ પર-સેવા પરાયણતાનું જ્ઞાન અને તાલીમ ઘણા ભાઇઓને આપ્યાં છે અને હજુ આપે જાય છે.

અખાડો એટલે શાળાની કેળવણીમાં યોગ્ય પૂર્તિ કરતું કલ્યાણ કેન્દ્ર. માનવજીવનને જીવનના વિકટ પથ પર સફળ યાત્રા કરવાની શારીરિક અને માનસિક તાલીમ આપતું, તેમ જ સાહસિકતાનું બોધદાયક પાઠ ભણાવતું એક વિદ્યાશ્રમ. આવાં ક્રીડાંગણોમાં બાળકો કૂચ, સાદી કસરતો, દોડના પ્રકાર, વિવિધ ડ્રીલો, સાધનોવાળી કસરત, છાવણી જીવન, પ્રાથમિક જીવનની તાલીમ, સ્કાઉટીંગ તેમ જ અન્ય વિષયોનું જ્ઞાન મેળવે છે. આવાં વ્યાયામકેન્દ્રો ગામડે ગામડે થાય એવું ઇચ્છી જવાય છે.

-કનૈયાલાલ જોષી

સાદી વાત.

ત્રણ વર્ષની કમળાનો સૂવાનો વખત થયો. "તારે લીલું ફરાક પહેરવું છે કે ધોળું?" આ પ્રશ્ન તેની માતા પૂછતી હતી. નહાવા સમયે પણ કમળાને નળ ખોલવાની તક પણ એ આપતી અને નહાવાનું પાણી ઘણું ગરમ છે કે ઠંડું એમ પણ એને પૂછવામાં આવતું.

આવી રીતે જે બાળકોને બાળપણથી જ પોતાને લગતી બાબતમાં પસંદગી કરવાની તક આપવામાં આવે, પછી ભલે તે સાવ સાદી બાબત હોય-તો પછી જ્યારે તેઓ મોટાં થાય ત્યારે તેઓ અગત્યની બાબતનો નિશ્ચય કરતાં શીખી જાય છે.

બાળકોનું ધ્યાન રાખી રક્ષણ તો કરવું જ જોઇએ, પરંતુ જે માબાપ પોતાનાં બાળકોને આવી રીતે પસંદગી કરવાની તક ન આપતાં પોતે જ બાળકો માટે બધી પસંદગી કરે છે તો તે બાળકોને મોટાં થતાં વિચાર કરવાની ટેવ સાંપડતી નથી અને મોટેરાંઓ ઉપર આધાર રાખવાની ટેવ કે કુટેવ પડી જાય છે અને પરિણામે પરાવલંબી થાય છે. પછી પોતાને માટે કપડાં કે બીજી વસ્તુ ખરીદવા જતાં પસંદગીમાં મૂંઝાએલાં માલમ પડે છે. કારણ કે તેઓ નાનાં હતાં ત્યારે તેઓને પસંદ કરવાની તક મળી ન હતી.

બાળકોનાં રોજિંદા જીવનમાં પોતાને પસંદગી કરવાની તક અનેકવાર સાંપડે છે અને તેઓને તેમ કરવા દેવામાં આવે તો બાળકો સ્વાવલંબી થતાં શીખે છે. આવી સાદી વાત સમજીએ તો!

× સૂચિત.

સરલા ઝાલા

બાલમંદિર માટે

શિક્ષક જોઇએ છે

અનુભવી અને તાલીમ પામેલા શિક્ષકોએ
પગાર, લાયકાત વગેરે જણાવી
અરજી કરવી

ધી ગુજરાતી વિદ્યામંદિર : સુલ્તાન બજાર,
હૈદરાબાદ — દક્ષિણ

બાલમંદિરો શ્રીમંતો માટે છે

બીજો પ્રશ્ન આવે છે "બાલમંદિરો શ્રીમંતો માટે ચાલે છે; તે માટે નિધિ શા માટે?"

આ પ્રશ્નમાં બે વાતો મિશ્ર થઈ છે. એક તો બાલમંદિરો શ્રીમંતો માટે જ છે કે કેમ? ને બીજો નિધિ એ શ્રીમંતોનાં બાલમંદિરોને માટે ઉઘરાવાય છે કે કેમ?

આજે ચાલતાં ઘણાં બાલમંદિરો જોઈ લઈને ચાલે છે એ વાત સાચી છે. ફી આપી શકે એવા કુટુંબોનાં જ બાળકો તેનો લાભ લઈ શકે છે એ વાત પણ સાચી. ૩–૪ વર્ષનાં બાળકો પાછળ ૫–૬ કે તેથી યે વધારે રૂપિયા દર મહિને ખર્ચી શકે એવાં કુટુંબોની આર્થિક પરિસ્થિતિ બીજા સામાન્ય માણસો કરતાં કાંઈક જરા ઠીક હોય છે એ વાત પણ સાચી. આજે સારી રીતે ચાલતાં બાલમંદિરોનો લાભ ઘણે ભાગે શ્રીમંતોનાં બાળકો લેતાં દેખાય છે એ વાત પણ સાચી છે. પણ આવી પરિસ્થિતિ શા માટે છે એ પ્રશ્ન આપણે વિચારીએ. તે માટે પરિસ્થિતનું પૃથક્કરણ કરવું પડે.

આજે બાલમંદિરો કોણ ચલાવે છે? તેનો આર્થિક ભાર કોણ ઉપાડે છે? આપણી સરકાર બાલશિક્ષણ માટે ખર્ચ કરતી નથી. હમણાં હમણાં વળી થોડાએક બાલમંદિરોને ૨૦ ટકા જેટલી ગ્રાંટ અપાય છે. પણ બીજા ૮૦ ટકાનું શું? મ્યુનિસિપાલીટી કે લોકલબોર્ડો તો હજી એની સામે જોવા ય તૈયાર નથી. અમદાવાદ જેવા ગામમાં એકવાર મ્યુનિ. તરફથી એક બાલમંદિર ચાલતું હતું તે પણ બંધ થયું. પૂનામાં આ વર્ષે કાંઈક અવી હિલચાલ છે.

તો પછી બાલમંદિરો કોણ ચલાવે છે? કોઈ ભગિની સમાજ જેવી સંસ્થાઓ, કોઈ કોઈ છગ્યાએ કેળવણીમંડળો, અને મોટે ભાગે શિક્ષકો પોતે જ. બાલમંદિરોનો ખર્ચ કેમ નભે? ભગિની સંસ્થાઓ લોકો આગળથી ફંડ મેળવીને ચલાવે છે. બીજા બધાંને ફી ઉપર ચલાવવું પડે છે. શ્રી સંસ્થા પણ આખો ખર્ચ લોકો પાસેથી મેળવવા શક્તિમાન નથી. શરૂઆતમાં ખર્ચ કે અમુક દાન મેળવી શકે છે. રોજબરોજના ખર્ચનો મોટો ભાગ ફીમાંથી જ તેઓ પણ મેળવે છે.

પરિણામે બધાં બાલમંદિરોને ફી રાખવી પડે છે. મુંબઈનું સેવામંદિર કે નાયગામ સેંટર અને બોર્ડીની બાલવાડી કે મઢી વેડછીની બાલ વાડીઓ–એવાં હાથની આંગળીએ ગણાવી શકાય એવાં બાલમંદિરો ફી વગર ચલાવવામાં આવે છે; પણ તે સંસ્થાઓને ખર્ચ નભાવવો કેટલો ભારે પડે છે તે ચલાવવાવાળા જ જાણે છે.

બાલમંદિરો ફી કાઢી નાખે તો તેમનો ખર્ચ કોણ નભાવે?

આજે બાલમંદિરોને માટે 'ખર્ચાળ' 'આપણા ગરીબ દેશને ન પોષાય' 'શ્રીમંતોનો વિલાસ' એવો એવી છાપ દઈને તેમને વગોવવામાં આવે છે. તેમના કામની કોઈ કિંમત કરતું નથી. 'પાયાની કેળવણીનો પણ આ પાયો છે' એમ માત્ર ભાષણોમાં બોલાય છે. પણ પ્રત્યક્ષમાં તેને દેશને ઘડનારી બાબતોમાંની એક અગત્યની બાબત (Nation–building activities) તરીકે ગણવામાં આવતી નથી. ઉપરથી "બાલમંદિરો તો શ્રીમંતો માટે છે; તેને રાષ્ટ્ર શા માટે મદદ કરવી" એવા ક્રૂર ને સમજ વગરના ઉદ્‌ગારો તેની સામે કાઢવામાં આવે છે. અંગ્રેજની કહેવત પ્રમાણે કોઈ કૃતઘ્નને મારી નાખવો હોય તો તેને કોઈ ખરાબ વિશેષણ આપો ને મારો' એ પ્રકારની આ બાળ-શિક્ષણની આજે સ્થિતિ છે.

બાલમંદિરો ખર્ચાળ! આપણી યુનિવર્સિટીઓ ખર્ચાળ નથી; કોલેજો ને હાઇસ્કૂલો ખર્ચાળ નથી, પ્રાથમિક શાળાઓ તો પહેલી આવશ્યક વાત. ને બાલમંદિરો ખર્ચાળ એટલે બિનજરૂરી, 'ગરીબ દેશને ન પોસાય એવાં,' 'શ્રીમંતોના બાળકો જેમ ચોકલેટ, પેપરમીંટ ખાય તેમ ભલે બાલ-

મંદિરોમાં જાય' એવાં વિધાનો સમજુ, સત્તાધારી, ને કેળવણી તજ્ઞ કરે તો તેમને શું કહેવું ?

બાલમંદિરોનો મુખ્ય ખર્ચ શિક્ષકનો પગાર ને ઘરભાડું હોય છે. પગારનું ધોરણ પણ માત્ર પ્રાથમિક શાળાના શિક્ષકો જેટલું. મકાન થોડું વધારે મોટું રાખવું જોઈએ. જો કે પ્રાથમિક શાળામાં પણ નાના ઓરડામાં ચાળીસ ચાળીસ છોકરાંને પૂરવામાં આવે છે તે અનિષ્ટ જ છે. છતાં નાનાં બાળકો માટે હરવા ફરવા માટે વધારે જગ્યા આવશ્યક છે. તે પણ ઈંટ, ચૂનાનાં પાકાં મકાનો જ જોઇએ એમ નથી. માંડવામાં પણ બાલમંદિરો સરસ રીતે ચાલી શકે. પણ બાલમંદિરો મફત ચલાવીને શિક્ષકોએ ભૂખે મરવું અથવા લોકોની દયા ઉપર જીવવું એમ સમાજ માગે છે શું? આજે સમાજ, સેવકો પાસે ત્યાગ માગે છે પણ તેની કદર કરતું નથી. ભૂખે મરતાં શિક્ષકોની બહુ તો દયા ખાવામાં આવે છે. પણ તેમને ઘરે પોતાની મેળે કોઇ દાણા ને દક્ષિણા પહોંચાડતું નથી. તેઓ સ્વમાનથી જીવી શકે એવી કોઇ વ્યવસ્થા વિચારતું નથી.

આવી પરિસ્થિતિમાં બાલમંદિરના શિક્ષકોએ બાલમંદિરો ચલાવવાં જ હોય તો કેવી રીતે ચલાવે ? તેમને ફી રાખીને જ ચલાવવાં પડે છે. તેથી આપણે 'બાલમંદિરો શ્રીમંતો માટે છે,' એમ કહીને, એને રાષ્ટ્રોપયોગી પ્રવૃત્તિ નથી, અથવા ફી લઇને બાલમંદિરો ચલાવવાં એ જાણે સમાજનો ગુન્હો કરવામાં આવે છે એવો ખ્યાલ મનમાં ન બાંધવો જોઇએ.

આજે બાલમંદિરોની ફી ન લેવાય તો કાં તો સરકાર ને લોકલબોર્ડો તે ચલાવે, નહિ તો લોકોમાં ફાળો કરીને એનો ખર્ચ પૂરો કરવામાં આવવો જોઇએ.

સરકાર ને લોકલબોર્ડો કે મ્યુનિસિપાલિટીઓ એ લેવા કે એને સારી રીતે મદદ કરવા પણ તૈયાર નથી. એટલે રહ્યો એક જ માર્ગ કે ફાળો કરવો. પણ એ વાત પણ હવે કેટલી અઘરી ને અશક્ય બનતી જાય છે તેનો સૌને અનુભવ છે જ.

બે ત્રણ સંસ્થાઓ જે તદ્દન ગરીબો માટે ચાલે છે તેને માટે જ ફંડ ઉઘરાવતાં સંચાલકો કંટાળી જાય છે. તો જેટલાં બાલમંદિરો છે તેટલાં બધાં જો મફત થઇ જાય તો કેટલા મોટા પ્રમાણમાં ફાળો ઉઘરાવવો પડે !

આજે ફી લઇને જે બધાં બાલમંદિરો ચલાવવામાં આવે છે તેમણે બાલમંદિરોનું કામ ચાલુ રાખ્યું છે, જેમને જરૂર જણાય ને જે તેટલી ફી આપી શકે છે તેટલાં બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણની તો વ્યવસ્થા કરી આપી છે. હવે એ સાર્વત્રિક ને મફત કરવાનું કામ સરકારનું છે. ખાનગી સંસ્થા તે કરી શકે નહિ.

સારાંશ, આજનાં બાલમંદિરો એ માત્ર પૈસાદારનાં બાળકો માટે ચાલે છે, તેમાં ચલાવનારાંનો વાંક નથી. ઉલટું, તેમણે તો એટલી યે પ્રવૃત્તિ ચાલુ રાખી છે કે જેથી કોઇ દિવસે એ પણ સાર્વત્રિક થઇ શકશે.

ખરું જોતાં તો આજને તબક્કે ત્રણ રીતે પૈસાદાર નહિ એવા વર્ગનાં બાળકો માટે બાલમંદિરોની યોજના ઘડી શકાય.

૧. સુખી કુટુંબની ભણેલી સ્ત્રીઓએ મફત કામ કરવા આગળ આવવું જોઇએ.

૨. પૈસાદાર કુટુંબોએ પોતાનાં બાળકો સાથે બીજા એક કે બે બાળકોની ફી પોતે આપવી.

૩. શ્રીમંત ને મધ્યમ વર્ગના ધર્માદાના જે રૂઢ માર્ગો છે તેમાં ફેર કરવો અને ધર્માદા ઉપરનો પહેલો હક્ક બાળકનો ગણવો.

૪. સરકારે અને મ્યુનિસિપાલિટીએ આવાં ગરીબોનાં બાળકો માટે ચાલતાં બાલમંદિરોને અધી ગ્રાંટ આપીને પોષવાં જોઇએ.

આજનાં બાલમંદિરોની જરૂર તો છે જ અને જેમણે ફી આપી શકે એવાં બાળકોની શિક્ષણની વ્યવસ્થા કરી આપી તેમને પણ ધન્યવાદ ઘટે છે. પણ હવે ગરીબ લત્તામાં ને ગામડામાં બાલવાડીઓ નીકળવી જોઇએ. પણ તે ઉપરની રીતે થાય. શિક્ષકોને ભૂખે મારીને નહિ જ.

અમદાવાદ બાળશિક્ષણ પ્રચાર વર્ગ

[સંસ્કાર વર્ગ]

અમદાવાદના રૌપ્ય મહોત્સવના એક અંગ તરીકે સ્થાનિક બાળકેળવણીરસિક જનતા અને શિક્ષકો માટે તા. ૧૮ મી જુનથી એક બાળ-શિક્ષણ પ્રચાર વર્ગ (સંસ્કાર વર્ગ) નવી ગુજરાતી શાળામાં શરૂ કરવામાં આવ્યો હતો. વર્ગનું ઉદ્ઘાટન ભારતી સંસદના માનનીય પ્રમુખ શ્રી. દાદા સાહેબ માવળંકરને શુભ હસ્તે થયું હતું. વર્ગમાં કુલ એકસો એકાવન જેટલા ભાઇ બહેનો જોડાયાં હતાં.

રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિએ અમદાવાદના જુદા જુદા વિભાગોમાં છ બાળશિક્ષણ નગરો ભરવાની જે એક વિસ્તૃત યોજના કરી હતી તેનો લાભ બધા શિક્ષક ભાઇ બહેનોને મળે એ રીતે આ પ્રચારવર્ગનું કાર્ય બાળશિક્ષણ નગરો સાથે જોડી દેવામાં આવ્યું હતું. દર અઠવાડિયાના સોમવાર, મંગળવાર, બુધવાર અને ગુરુવાર–રોજ સાંજના ત્રણ કલાક વર્ગનાં વ્યાખ્યાનો અને નિદર્શનોનું કામ થતું અને શુક્રવારે વર્ગના બધા વિદ્યાર્થીઓને નગરની રચના કરવા માટે જવાનું રાખ્યું હતું. દર શનિવારે અને રવિવારે સવાર સાંજ વર્ગના વિદ્યાર્થીઓની જુદી જુદી ટુકડીઓ જુદા જુદા વિષયોના ખંડોમાં કામ કરવા જતા. એ રીતે દર અઠવાડિએ ભરાતાં આ નગરોમાં વિદ્યાર્થીઓને સાધનો સાથે પરિચિત થવાની સરસ તક મળતી હતી. એકી સાથે વિવિધ વિષયવાર અને ક્રમશઃ ગોઠવાતાં સાધનો, દરેક ખંડની ભીંતો પર એ સાધનો અને વિષયોને લગતા ચાર્ટસ અને માર્ગદર્શન, એનો અપૂર્વ લાભ વિદ્યાર્થીઓને મળ્યો હતો.

વર્ગની વ્યાખ્યાનમાળામાં બાલમાનસશાસ્ત્ર તથા બાળકેળવણી વિષયક વ્યાખ્યાનો આપવા માટે શ્રી. તારાબેન મોડક તથા શ્રી. હરપ્રસાદ ભટ્ટ જેવા અધ્યાપકોની યોજના હતી. શ્રી, નામલે અને શ્રી. પ્રતાપરાય પારેખે બાલઅધ્યાપન કાર્યપધ્ધતિમાં યોજાતાં સાધનો અંગે પરિચય કરાવતાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. શ્રી. દીપકભાઇ મિસ્ત્રીએ હસ્તવ્યવસાયનાં નિદર્શનો યોજીને એ-વિષયની સુંદર રજુઆત વિદ્યાર્થીઓ આગળ કરી હતી.

એ સિવાય વર્ગમાં શ્રી. સરલાદેવી સારાભાઇ, શ્રી. વજુભાઇ દવેએ વર્ગના વિદ્યાર્થીઓને બાળકેળવણી અંગે પ્રેરક ઉદ્બોધનો કર્યાં હતાં. શ્રી. બાલુભાઇ ભટે બાળગીતો પર એક માહિતી પૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.

સાધનપરિચય કરવામાં અને વર્ગની વ્યવસ્થા કરવામાં શ્રી. રેવાશંકરભાઇ મહેતા, શ્રી. યશસ્વતી ભટ, શ્રી. મહીપતભાઇ પટેલ, શ્રી. રતિલાલ નાજર શ્રી. બંચુભાઇ મીસ્ત્રી, શ્રી. કુસુમબેન પટેલ આદિ સંઘપ્રેમી મંડળીએ ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો હતો. મધ્યસ્થ સંચાલન તરફથી શ્રી. જયંતભાઇ શુકલે, જે વિવિધ પ્રકારનું કાર્ય કર્યું તેથી વિદ્યાર્થી વર્ગને ખૂબ જ રાહત મળતી હતી. નગરરચનાનું મહાભારત કાર્ય શ્રી. જયંતભાઇને માથે હતું પરંતુ એ કાર્યમાં વર્ગના બહુસંખ્ય વિદ્યાર્થીએ જે સુંદર સહકાર આપ્યો હતો તેથી બાળશિક્ષણ નગરનું કાર્ય જનતાની દૃષ્ટિએ બહુ સફળ લાગતું હતું. તા. ૨૨ ઓગસ્ટના રોજ બધા વિદ્યાર્થીઓની લેખી પરીક્ષા લેવામાં આવી હતી. એ પરીક્ષામાં કુલ એકસો એકાવન વિદ્યાર્થી-માંથી એકસો ચોદ વિદ્યાર્થીઓ બેઠા હતા. વર્ગના આ બે માસ દરમ્યાન વિદ્યાર્થીઓ અને વ્યવસ્થાપક વર્ગમાં જે સહકાર જગાયો હતો તેને જ ભાગે વર્ગના યશનું ખરું શ્રેય જાય છે.

વિહારી

અમદાવાદનું રૌપ્ય મહોત્સવ પર્વ

ભાવનગર જેમ નૂતન બાળકેળવણીના જન્મ તરીકે જાણીતું છે તેમ અમદાવાદને ગુજરાતની બાળકેળવણીના કર્મક્ષેત્ર તરીકે ઓળખાવીએ તો તે સાર્થ ગણાશે આજે અમદાવાદમાં ૧૦૦ જેટલી જે બાલમંદિરોની સંખ્યા છે તેટલી સંખ્યા ભાગ્યે જ હિંદના કોઇ શહેરમાં હશે. સ્વ. ગિજુભાઇ પાસેથી પ્રેરણા પામેલા શક્તિશાળી કેટલાય વિદ્યાર્થીઓ આ શહેરમાં સ્થાયી થયા છે અને તેઓએ બાળકેળવણીને અહીં લોકપ્રિય બનાવી છે. અહીં બધી જ બાળકેળવણીની સંસ્થાઓ માત્ર પ્રજાના સહકાર પર જ નભે છે. અહીંની પ્રજા બાળકેળવણી પ્રત્યે વધારે અભિમુખ છે એ દેખીતું છે.

શ્રી નૂતન બાળશિક્ષણ સંઘની મધ્યસ્થ રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિના આદેશાનુસાર અહીંના રૌપ્યમહોત્સવનાં મુખ્ય બે અંગો હતાં. એક બાળશિક્ષકોની કેળવણી માટે અહીં સતત બે માસ માટે બાળકેળવણી પ્રચારવર્ગ ચલાવવામાં આવ્યો હતો; અને લોકકેળવણી અથવા વાલીઓની કેળવણી માટે અમદાવાદ શહેરના ૬ વિભાગોમાં જુદે જુદે સ્થળે, બાળકેળવણીનો સમગ્ર ખ્યાલ આપતાં, ૭ બાળશિક્ષણ નગરો ભરવામાં આવ્યાં હતાં. આ બધા કાર્યક્રમોમાં અમદાવાદની જનતાએ સહૃદયતાપૂર્વક સહકાર આપ્યો હતો. તેનો થોડો ખ્યાલ શિક્ષણપત્રિકાના વાચકોને અગાઉ અપાઇ ગયો છે. મણિનગર અને ખાડિયાના બાળશિક્ષણ નગરોના અહેવાલો આ પહેલાં પ્રસિદ્ધ થયા છે અને બાળશિક્ષણ પ્રચાર વર્ગ બાબત આ જ અંકમાં અન્યત્ર માહિતી આપવામાં આવી છે.

ખાડિયાના બાળશિક્ષણ નગર પછી ચાર બાળશિક્ષણ નગરો અનુક્રમે કાળુપૂર, દરિયાપૂર અસારવા અને એલિસબ્રિજ વિભાગમાં યોજવામાં આવ્યાં હતાં. અસારવાનું બાળશિક્ષણ નગર ખાસ કરીને મિલમજૂરોની વસતી માટે યોજવામાં આવ્યું હતું અને તે વસતીનાં બાળકોએ નગરનું જે અપૂર્વ ઉત્સાહથી સ્વાગત કર્યું હતું તેનું વર્ણન કરવું અશક્ય છે. તે જ પ્રમાણે એલિસબ્રિજનું બાળશિક્ષણ નગર એ વિશેષ સાક્ષર લોકોની આગળ રજૂ કરવામાં આવ્યું હતું, અને ત્યાં પણ બાળશિક્ષણ નગરનું ઉત્સાહપૂર્વક સ્વાગત થયું; તેથી મહોત્સવ પર્વમાં ઉત્સાહ અનેકગણો વધ્યો હતો.

કાળુપુર બાળશિક્ષણ નગરના પદાધિકારીઓ અને સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી. રતિલાલ મોહનલાલ ત્રિવેદી અને શ્રી. ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી હતા. શ્રી. પ્રેમચંદ વી. વકીલ, શ્રી. કાંતિલાલ કુ. ઘીયા, શ્રી. જટાશંકરભાઇ, શ્રી. કલાબેન કવિ, તથા શ્રી. ચીનુભાઇ મહેતા મંત્રીઓ હતા.

તે ઉપરાંત તે વિભાગના ૨૩/૨૪ પ્રતિષ્ઠિત ભાઇબેનો સ્વાગત સમિતિના સભ્યો થયા હતા.

આ નગરનું ઉદઘાટન અમદાવાદના મેયરના પત્ની શ્રી. સૌ. પ્રભાવતી બેનના શુભ હસ્તે થયું હતું. સ્વાગત પ્રમુખ શ્રી. રતિલાલ ત્રિવેદીએ, એમની કોટિના સાક્ષરને શોભે એવું, સમગ્ર કેળવણીનું આલોચન કરતું, સુંદર ભાષણ કર્યું.

દરિયાપુર

કાળુપુર પછી શાહપુર, શાહીબાગ અને દરિયાપુરના વિભાગો માટે ચોથા બાળશિક્ષણ નગરની યોજના થઇ હતી. તેના પદાધિકારીઓ નીચે મુજબ હતા :—

સ્વાગત પ્રમુખો : શ્રી. ડો. ગણપતરામ પટેલ, પર્સી વકીલ. નંદુભાઇ મંછારામ.

સ્વાગત મંત્રીઓ : શ્રી. રેવાશંકર શુક્લ, જમનાશંકર પંડ્યા, રમણલાલ પટેલ, જીવણલાલ આચાર્ય, મનોરમા સારાભાઇ, પ્રેમયોગી.

ઉપરાંત સ્વાગત સમિતિમાં દરિયાપુર વોર્ડ તરફથી ૧૭, શાહપુર તરફથી ૧૫ અને શાહીબાગ તરફથી ૧૭ પ્રતિષ્ઠિત નાગરિકોને લેવામાં આવ્યા હતા.

દરિયાપુરમાં નગરનું ઉદ્‌ઘાટન શાહીબાગના જાણીતા મીલ માલેક શેઠ શ્રી. નંદલાલ હરિદાસના શુભહસ્તે થયું હતું. એમના ભાષણમાં નૂતન બાળશિક્ષણ સંઘના પ્રમુખ શ્રી. સરલાદેવીના સમાજકાર્યનો ખૂબ ગૌરવપૂર્વ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

અસારવા

પાંચમું બાળશિક્ષણ નગર અસારવામાં આવેલા મ્યુનિસિપલ સ્કુલ નં. ૧ માં મજૂર કાર્યકર્તા શ્રી. મનહરભાઇ શુકલને હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું અને તે અસારવા, ગોમતીપૂર અને સરસપૂર જેવા મજૂર વસ્તીવાળા વિભાગો માટે ત્યાંના કાર્યકર્તાઓના સહકારથી યોજવામાં આવ્યું હતું. તેના પદાધિકારીઓનાં નામો નીચે મુજબ છેઃ--

સ્વાગત પ્રમુખઃ ત્રીકમલાલ જમનાદાસ વકીલ
,, ઉપપ્રમુખઃ કાંતિલાલ રામચંદ્ર ત્રિવેદી
સ્વાગત મંત્રીઓઃ શંભુલાલ સોમાલાલ પટેલ,
નારણદાસ જીવરામ ગાંધી

આ ઉપરાંત સ્વાગત સમિતિમાં ૩૦ જણને આમંત્રવામાં આવ્યા હતા.

એલિસબ્રિજ

અસારવા પછી છેલ્લું નગર અમદાવાદની નવી વસ્તીવાળા એલિસબ્રિજ વિસ્તારમાં રાખવામાં આવ્યું હતું. પ્રોપ્રાઇટરી હાયસ્કુલના મુખ્યશિક્ષક શ્રી. વિક્રમભાઇ તેમ જ તેમનો શિક્ષકવર્ગ તથા શ્રી. યશસ્વતી બેનના બાલમંદિરના બંતીલા શિક્ષક વર્ગની મદદથી આ બાળશિક્ષણ નગર ખૂબ જ વ્યવસ્થિત રીતે ગોઠવાયું હતું.

મુખ્ય પદાધિકારીઓનાં નામો નીચે મુજબ છે. સ્વાગત પ્રમુખ અને ઉપપ્રમુખઃ શ્રી ઠાકોરભાઇ શ્રી ઠાકોર બંને ચંદ્રકાન્ત મો. જગાભાઇવાળા. સ્વાગત મંત્રીઓઃ શ્રી. ચંદ્રકાંત સી. ગાંધી, હસમુખભાઇ કાશીપારેખ, દામુભાઇ શુકલ, ધ્રુમનબેન દેરાસરી અને રંજનબેન દલાલ.

અહીંની સ્વાગત સમિતિમાં આ વિભાગના અગ્રગણ્ય ૫૩ નાગરિકોએ ભાગ લીધો હતો અને સહાય કરી હતી.

એલિસબ્રિજના આ છેલ્લા બાળશિક્ષણ નગરનું ઉદ્‌ઘાટન આપણી સંસદના માનનીય પ્રમુખ શ્રી. દાદાસાહેબ માવલંકરના શુભ હસ્તે ટાઉન હોલમાં યોજવામાં આવ્યું હતું. અને તે પ્રસંગે એલિસબ્રિજની બાળકેળવણીની સંસ્થાઓના સહકારથી મનોરંજનનો સુંદર કાર્યક્રમ યોજીને બાળશિક્ષણ નગરોના કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

જુન માસથી સતત ચાલતા આ રૌપ્ય મહોત્સવ પર્વને યશસ્વી કરવાનું ઘણું શ્રેય અમદાવાદની રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિને જાય છે. આ સમિતિમાં નવી ગુજરાતી શાળા વાળા શ્રી. રેવાશંકરભાઇ મહેતા, શ્રી યશસ્વતી ભટ્ટ, શ્રી. દીપકભાઇ મીસ્ત્રી, શ્રી હરપ્રસાદભાઇ ભટ્ટ. અને શ્રી. પ્રતાપરાય પારેખ હતા. આ પંચની સમિત્તિએ એક બીજાને પૂરક થઇ મહોત્સવ પર્વનો ઉઠાવ આણ્યો હતો. શ્રી. યશસ્વતી ભટ તથા તેમના સહકારી શ્રી. મહીપતભાઇ પટેલ સંઘના આ કાર્યમાં જે રીતે તન્મય થયા હતા તેથી સંઘને તેમણે કાયમનો ઋણી કરી મૂક્યો છે. સંઘના પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇના સાથ વિશે તો શું કહેવું! સંઘનું કામ આવે ત્યારે પોતાની સામેના કામનો ઢગલો બાજુએ કરી તે સંઘના કામને વેગ આપતા હતા. મહોત્સવના આ પર્વમાં સંઘના નવા અને જૂના અનેક કાર્યકર્તાઓને એક બીજાને સમજવાની જે તક મળી તેથી સ્વ ગિજુભાઇના અગ્રગણ્ય શિષ્ય શ્રી વજુભાઇ દવેનો સહકાર સંઘના ઉપક્રમને મળ્યો છે, અને તેમણે અમદાવાદ રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિમાં જોડાવાનું સ્વીકાર્યું છે. શ્રી. વજુભાઇના આ અભિનંદનીય વલણથી સંઘના બધા જૂના કાર્યકર્તાઓને ઘણો જ આનંદ થયો છે. વહેલામાં વહેલી તકે અમદાવાદમાં સંઘની વિધિસરની શાખા સ્થાપન કરવાની શકયતા હવે સાંપડી છે.

સંઘના આ પ્રચારકાર્ય સાથે રૌપ્ય મહોત્સવ નિધિનું કામ પણ ઠીક ઠીક પ્રગતિ કરી રહ્યું છે. હવે પ્રચાર વર્ગ અને બાળશિક્ષણ નગરોના કામમાંથી મુકત થએલા કાર્યકરો સંઘના ફાળાના કામમાં લાગ્યા છે. તેથી અમદાવાદ જેવા ધનાઢય અને બાલશિક્ષણ પ્રેમી શહેરને શોભે એવી રકમ સંઘની ઝોળીમાં પડશે એવી આશા બંધાય છે.

વિહારી

સૌરાષ્ટ્ર—મહારાષ્ટ્રમાં

આ ઉપરાંત આ જ મહિનામાં સૌરાષ્ટ્રનો કાર્યક્રમ શરૂ થાય છે. સોરાષ્ટ્રની ધારાસભાના પ્રમુખ (સ્પીકર) અને શ્રી દક્ષિણામૂર્તિ ભવનના કાર્યવાહી ટ્રસ્ટી શ્રી જાદવજી મોદી જે સૌરાષ્ટ્ર શાખાના પ્રમુખ છે તેમની આગેવાની નીચે સૌરાષ્ટ્રમાં એક સખ્ખર રૌપ્ય મહોત્સવ સમિતિ નીમાણી છે. એ સમિતિ સૌરાષ્ટ્રનો કાર્યક્રમ અને નિધિ ભેગો કરવાની યોજના ઘડે છે

રૌ. મ. સંચાલન સમિતિના બે કાર્યકર્તાઓ શ્રી. શાંતિભાઇ રાવળ અને શ્રી. જયંતભાઇ શુકલ એ કાર્યક્રમ માટે, સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓની મદદમાં એક માસ ગાળવાના છે. સૌરાષ્ટ્ર શાખાના ઉપપ્રમુખ શ્રી. નર્મદાબેન રાવળ, મંત્રીઓ શ્રી પ્રેમશંકર ભટ્ટ અને શ્રી નરેન્દ્રભાઇ ગિજુભાઈ બધેકા તથા સ્વ. ગિજુભાઇના કાર્ય સાથે વર્ષોથી જોડાએલા અને રસ ધરાવતા શ્રી. મોઘીબેન શ્રી જયાબેન દાણી, શ્રી ચંદુભાઇ ભટ્ટ, શ્રી. ભોગીલાલ, શ્રી. પોપટભાઇ ચુડગર અને તેમના ભત્રીજી શ્રી. શાંતાબેન ચુડગર, શ્રી. લાલભાઇ વોરા વગેરે અનેક કાર્યકર્તાઓ ત્યાં આ કામમાં સક્રિય ભાગ લઇ રહ્યા છે. એટલે સૌરાષ્ટ્રના કાર્યને વિષે કાંઇક વિશેષ ઉત્સાહ છે અને ત્યાંના વાતાવરણમાં જાણે જૂનો,. પચ્ચીસ વર્ષ પહેલાંનો સ્વ. ગિજુભાઇનો કાળ સજીવન થયાનો ભાસ થાય છે.

મરાઠીભાષી પ્રાંત

શ્રી અનુતાઇ વાઘ આ મહિનામાં પણ થાણા જીલ્લામાં જ ફરતાં હતાં. ભીવંડી અને વાડા પછી તેમણે મુદ્દ થાણા, કલ્યાણ, અંબરનાથ વગેરે ગામોની મુલાકાત લીધી. થાણામાં બધાંનો મત, વરસાદ પછી કાંઇક વિશેષ મોટા પાયા પર ત્યાં કાર્યક્રમ કરવાનો થયો છે. તેથી શ્રી અનુતાઇ દહાણુ ગયાં. ત્યાં બરાબર સ્વાતંત્ર્ય દિનને દિવસે તા. ૧૫ ને ૧૬ મી ઓગસ્ટે સારા ઉત્સાહથી બાલશિક્ષણનગરનો કાર્યક્રમ ત્યાંની થોંદા હાયસ્કુલમાં થયો. પ્રવેશદ્વાર પર ટિકીટો રાખી ન હતી. પણ એ લોકોએ સ્વેચ્છાથી આનો બે આના પેટીમાં નાખ્યા હતા. ત્યાં નિધિની ઉઘરાણી માટે હવે પછી જવાનું નકકી થયુ છે.

જવ્હાર- તા. ૨૫ ને ૨૬ મીએ જવ્હારમાં ખૂબ જ યશસ્વી રીતે બા. શિ. નગરનો કાર્યક્રમ પાર પાડયો. અહીંના લોકોનો સહકાર તેમ જ બાલશિક્ષણની વિસ્તારથી માહિતી મેળવવાની જિજ્ઞાસા ખૂબ જ વખાણવા લાયક હતાં. મુખ્ય વાત એ કે ત્યાંના લોકોએ આ કાર્યક્રમને પોતાના ગામનો એક ઉત્સવ ગણીને તેમાં સૌએ પોતાનો ભાગ અતિ આનંદથી ભજવ્યો હતો. બોર્ડીથી મદદમાં ગએલા ૬-૭ વિદ્યાર્થીઓને તેમણે જમવા માટે એકે એક વખત એક એક ઘેર આમંત્રણ આપી એ ભાર, આમ સહકારથી વહેંચી લીધો. ને શિક્ષણના કાર્યક્રમ ઉપરાંત ગામની ૧૦૦ જેટલા બહેનોએ રાત્રે રમત ગમતનો કાર્યક્રમ રાખી આપણા કાર્યકર્તાઓનો સારો પરિચય સાધ્યો હતો. પોતાના ગામમાં બાલમંદિર કાઢવા માટે ત્યાની જનતા ઘણી જ ઉત્સુક છે. બાળકોને પણ નગરના બે દિવસ એટલા ગમ્યા કે ત્રીજે દિવસે પણ તેઓ હાજર થયા ને સામાન ઉપાડેલો જોઇ ખિન્ન થયાં. ત્યાંની વસ્તીના પ્રમાણમાં રૂા. ૨૩૦ નો નિધિ પણ સારો ગણાય.

ખાનદેશ—હવે પછી શ્રી અનુતાઇ ખાનદેશ તરફ જાય છે. તેમનો પ્રથમ કાર્યક્રમ નુંદરબાર ગામે થશે ત્યાંથી પૂર્વ અને પશ્ચિમ ખાનદેશના બન્ને જિલ્લાઓ લેવાનો તેમનો વિચાર છે. ખાનદેશ એ મહારાષ્ટ્રનો સૌથી સધન અને ફળદ્રુપ વિભાગ છે. લોકો પણ સુશિક્ષિત અને ઉત્સાહી છે. ઘણી જગ્યાએ બાલમંદિરો પણ છે. એટલે સંઘના રૌપ્ય મહોત્સવનો આ બાજુનો કાર્યક્રમ સારા પ્રમાણમાં યશસ્વી થશે એવી આશા સેવી શકાય.

આપણી ભાષા

આવો ભાઈ

(અભિનય ગીત)

આવો ભાઈ, આવો સૌએ,
રમીએ સારો ખેલ;
આમ ઝૂકીએ, તેમ ઝૂકીએ,
થઇને સૌએ એક...આવો.

આ જુઓ, છે ભુજ અમારી
બની બહુ અણમોલ
બળથી છે ભરપૂર ભરેલી;
લઇશું પર્વત તોલ...આવો.

પગને જોરે બડા રહીશું
વીરો શા બળવાન બની,
ભારતને આબાદ કરીશું,
તન, મન ધન કુરબાન
કરી...આવો.

હૈયા–બળને જોરે શુરવીર,
જીવન–યુધ્ધમાં ઘૂમી વળો.

દેશ, જાત, બંધુને ખાતર,
હસતે મુખડે મરી જશો...
આવો.

–શામજી જંબોડ

ઝબુક દીવડી

મ્યુનિસિપાલિટીના ગેસના દીવામાં તડ પડી હતી. દીવામાં પવન ફૂંકાય કે તરત જ દીવો ઝબુક ઝબુક થવા માંડતો. રસ્તા પર બીજા બધા દીવા સારા હતા, ફક્ત આ જ દીવડી ઝબુક ઝબુક ઝબૂકયાં કરતી.

રસ્તામાં કોઇને ઠેસ વાગતી કે માણસ તરત જ બોલવા મંડતો "આવી દીવડી ભાંગેલી છે એને કોઇ આંખી કરતું નથી. એ ઝબકયાં જ કરે છે, નથી બોલવાઇ જતી કે નથી પૂરી સળગતી, "છતે દીવે અંધારું."

વળી કોઇ બીજું અંધારે જરા અથડાઇ જાય ત્યારે બડબડતું: "અરે, આ દીવડી નકામી ઊભી છે; નથી બોલવાતી, નથી બરા-

બર અજવાળું આપતી.'' દીવડીને બધાં ગાળો દેતાં.

પણ પેલી કાણી બિલાડી એનાં બચ્ચાંને ઝબુક દીવડી પાસેના ઘરમાં મૂકી જતી હતી. સાંજ પડે કે તરત જ એ ઝબુક દીવડી પાસે આવે ને તરત જ એનાં બચ્ચાંને સાદ પાડે ''મિંયાઉ મિંયાઉ; હું આવી છું.'' બચ્ચાં સમજી જતાં કે મા આવી ગઈ છે.

લંગડી ગાય કંઈક સારા દીવા વટાવી જાય, ઝબુક દીવડીને જુએ કે વળી જાય. ઝબુક દીવડી પાસેના વડ નીચે એનું વાછરડું બેસી રહેતું. ઝબુક દીવડી પાસે આવતી ને એ ભાંભરતી. એટલે વાછરડું પણ મા મા કરતું સામું દોડી આવતું.

પેલું ટૂંકું પંખી જમીન પર ઠેકતું ઠેકતું ઝબુક દીવડી પર નજર નાખતું. બધા સારા દીવા વટાવી એ ત્યાં જ ઊભું રહેતું. એની પાસેના ઝાડની ડાળે એના બચ્ચાનો માળો હતો. એ હોંકારો કરતું ને બચ્ચાં મોં ફાડી ઊંચું જોતાં. બધાંને જ થતું કે ઝબુક દીવડી છે તેથી જ આપણું ઘર મળે છે.

પેલા ભિખિયાની માએ પણ એને કહી મૂકયું હતું કે સાંજ પડે રખે ભૂલો પડતો; દીવા જોતો જોતો આવજે.

ઝબુક દીવડી દેખે કે તરત જ વળી જજે; પાસે જ આપણું ઘર દેખાશે.

સૌની આ ઝબુક દીવડી પાસે, બહુ વખતે એક ભૂરો કોટ ને ટૂંકું ધોતિયું પહેરી એક માણસ આવ્યો. ફૂટેલો કાચ કાઢી એક આખો કાચ મૂકી ગયો. ઝબુક દીવડી હવે ઝબુકતી બંધ થઈ. બીજા બધા દીવા જેવી એ પણ બની ગઇ.

રસ્તે અજવાળું પડવા માંડયું. માણસ ખુશ થઇ ગયો. હવે એને કોઇ ગાળ દેતું નહીં પણ પેલો ભિખિયો, કાણી બિલાડી, લંગડી ગાય ને ટૂંકું પંખી તો ઝબુક દીવડીને શોધ્યાં જ કરતાં ને યાદ કર્યા જ કરતાં.

કપિલા ઠાકોર

ભારતીય બાળકની પ્રતિજ્ઞા

ઘણાં વર્ષો પહેલાં સદ્‌ગત ડો. એની બેસંટે ભારતનાં બાલક-બાલિકાઓ માટે એક મંડળ ઊભું કરેલું. આ મંડળમાં દાખલ થનાર બાળકો અમુક પ્રતિજ્ઞાઓ લેતાં. એ પ્રતિજ્ઞાઓ જોતાં એમ લાગે છે કે એ પ્રતિજ્ઞાઓ અમુક જ રાષ્ટ્ર માટે નહિ પણ સર્વ રાષ્ટ્રનાં બાળકો માટે સુંદર હતી. એ પ્રતિજ્ઞાને લક્ષમાં રાખી જીવન ગાળનાર બાળક ભવિષ્યનો આદર્શ નાગરિક બની શકે એવી એમાં પ્રેરણા હતી.

એ જૂની પ્રતિજ્ઞાઓમાં, સમયને યોગ્ય થોડા ફેરફાર કરી નીચે રજૂ કરીએ છીએ. આ પ્રતિજ્ઞા પ્રમાણે, જો દેશની જુદી જુદી શિક્ષણ સંસ્થાઓનાં બાલક-બાલિકાઓ આ નવી ભાવના મુજબ જીવન ગાળે તો જરૂર ભારત, એક વાર ફરીથી જગતને માર્ગદર્શક બની શકે.

આપ્રતિજ્ઞાઓ નીચે મુજબ છે.

"હું પ્રતિજ્ઞા કરું છું કે:

બધા ધર્મ, સંપ્રદાય, પ્રાન્ત અને દેશના હરેક ભારતવાસીની સાથે હું મિત્રભાવથી વર્તીશ;

લોકોની સેવાને હું રોજ ધ્યાનમાં રાખીશ અને સ્વાર્થને દૂર કરીને હું લોકોના ભલા માટે કામ કરીશ;

જે લોકો અભણ છે એમને ભણાવવાનો અને દુઃખીઓને મદદ કરવાનો હું પ્રયત્ન કરીશ;

જેઓને કોઇ મદદ કરનાર નથી અને જેમની ઉપર અન્યાય થાય છે તેમનું હું રક્ષણ કરીશ;

કોઇ એક ચોકકસ સેવા હાથ ધરી, એ કામમાં હું તલ્લીન રહીશ;

દરરોજ સેવાનું ઓછામાં ઓછું એક કામ કરીશ જ;

દેશના નિયમોની વિરુદ્ધ હું કાંઇજ નહિ કરું,

હું મારા નગરનો, જિલ્લા, પ્રાન્ત અને મારી માતૃભૂમિનો સારો નાગરિક બનીશ.

જ૦

'આનન્દ'ના સૌજન્યથી

ના હું ની ચો રી

મીરાં એક સારી છોકરી હતી. એ હતી તો નાની, પણ એની મા કહેતી એ બધી વાત યાદ રાખતી. એ એની માનું કહ્યું બરાબર કરતી. એનાથી ઘરના બધા લોકો ખુશી રહેતા. એક વાર એની મા કોઈ પાડોશીને ત્યાં ગઈ. જતી વખતે મા મીરાંને અને કૂતરા ટીપુને ઘરમાં મૂકી ગઈ અને કહેતી ગઈ કે તું અહીં જ રહેજે; હું જલ્દી પાછી આવી જઈશ.

મા ગયા પછી મીરાંએ ઘર બંધ કર્યું, અને એનાં રમકડાં લઈ રમવા માંડી. થોડી વાર પછી કોઈએ બારણું ખખડાવ્યું. ટીપુ ભસવા લાગ્યો; મીરાંએ એને રોકયો અને પૂછયું : કોણ છે?'' બહારથી અવા જ આ વ્યો : ''હું છું, રાણી !'' રાણી એટલે મીરાંની બેનપણી. મીરાંએ તરત દરવાજો ઉઘાડયો. બેનપણી અંદર આવી. એના હાથમાં ચાર લાડુ જોઈને મીરાં બોલી : ''રાણી, આ લાડુ કયાંથી લાવી ?''

રાણીએ કહ્યું : ''જો, મા સૂઈ ગઈ હતી. મેં ધીમેથી ડબ્બો બોલી લાડુ કાઢયા અને અહીં લઈ આવી. કોઈ જોઈ ગયું હોત તો ! આવ, આપણે બેઉ મળીને આ ખાઈએ.!''

મીરાં બોલી : ''વાહ રે ! તું તો ચોર લાગે છે. મારી બા કહે છે કે કોઈની ચીજ પૂછયા વિના લઈએ તો તે ચોરી કહેવાય; કોઈ ન દેખે પણ ભગવાન તો બધે છે ને! તેં કેવું ખરાબ કામ કર્યું? હવે તું ભગવાનની માફી માગ કે ફરી આવું કામ નહિ કરે; અને તારી બા પાસે જઈ સાચી વાત કહી દે અને માફી માગી લે''

રાણીને મીરાંની આ વાત સારી લાગી. પહેલાં એણે ભગવાનની માફી માગી : પછી એની મા પાસે ગઈ અને બોલી : ''મને માફ કર''... રાણી આટલું બોલી રડવા લાગી. બધી વાત માને કહી. માએ એને છાતી સરસી ચાંપી અને કહ્યું ''બેટી, તું સાચું બોલી તેથી હું રાજી થઈ છું. જા, પેલા બીજા ચાર લાડુ પણ લઈ જા અને મીરાં અને તું સાથે બેસીને ખાજો. રાણી દોડીને લાડુ લઈ આવી અને રાણી, મીરાં અને ટીપુએ ઉજાણી કરી. મીરાંએ કહ્યું ''જો બહેન રાણી! સાચું બોલવાથી જે આનંદ મળ્યો તે કાંઈ ચોરીથી મળત !''

અનુ૦ જ૦ 'કુમલ'

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

કાર્યક્રમ સુંદર સફળતા પામે એ માટે મુંબઈના કાર્યકરો, સંચાલકો અને શિક્ષકોનું એક સંમેલન પણ થઈ ગયું અને ખૂબ વિચારણા થઈ ગઈ છે. સંઘના કામનો પ્રચાર અને નિધિનો સંચય—બે મહાકાર્યો માટે જનતાનો ને શિક્ષણ-રસિકો સૌનો, સ્થાનિક શાખા અને રૌપ્ય મહોત્સવ સમિતિ સહકાર આપે છે.

અખિલ હિંદ ગિજુભાઈ દિન : આવતા નવેમ્બર માસની ૧૫ મીએ ગિજુભાઈનો ૬૭ મો જન્મદિન આવે છે તે વેળા અને રૌપ્ય મહોત્સવ નિમિત્તે, અખિલ હિંદમાં અને બૃહત્ હિંદમાં "ગિજુભાઈ બાળદિન" તરીકે ઉજવાય એ માટે સૌ સંસ્થાઓને તથા પ્રાંતિય સરકારોને વિનતિ કરવાની એક યોજના સંઘ વિચારી રહેલ છે. આટલાં વર્ષો સુધી હિંદભરમાં બાળ-શિક્ષણ માટેનો જે સંદેશ ગિજુભાઈએ આપ્યો છે અને સંઘે જે સંદેશ ચાલુ રાખી કામ કરવા પ્રયાસ કર્યો છે એનો વધુ પ્રચાર આવશ્યક છે. રા. બા. સંઘ આખા હિંદનાં બાળકોનો પ્રશ્ન વિચારવા માગે છે, આ બાલદિન માટેનું વધુ માર્ગદર્શન આવતે અંકે રજૂ થશે.

૭૦

જાહેરાતો

મોન્ટેસોરી શિક્ષણ પ્રચારમાળા

લે. ગિજુભાઈ-તારાબેન

પાનાં ૧૭૨ રૂ. ૧-૮-૦

બીકણ બંસલી

લે. ગિજુભાઈ

શિ. પ. ના વાચકોને માટે

૧-૦-૦

સંઘ-પરિચય

લે. તારાબેન

પચીસ વર્ષનો કાર્યપરિચય

૦-૮-૦

લખો : શિક્ષણ પત્રિકા કાર્યાલય—શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઈ ૬.

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

[સ્થાપના : ૧૯૨૧]

હેડ ઓફિસ : ૧૬, એપોલો સ્ટ્રીટ ફોર્ટ, મુંબઈ

શાખાઓ : અમદાવાદ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ અને કંદાર

દરેક જાતના ઉદ્યોગો માટે

કેમિકલ્સ, ટેક્સટાઈલ, ડાઈઝ, મીલ સ્ટોર્સ, સાયઝીંગ મટીરીયલ, સલ્ફર્સ, ફર્ટીલાઈઝર્સના હિંદુસ્તાનના સૌથી મોટા અને જરૂરસાપાત્ર ઈમ્પોર્ટર્સ અને સ્ટોકિસ્ટસ

ટેલીગ્રામ્સ : "અનીબાલા, મુંબઈ" ટેલિફોન : ૨૧૮૮૯/૨૪૩૬૬

Regd. No. 2241.

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

શ્રી ગોળ્યે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
કોટ, મુંબઈ નં. ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ-દરિયાઈ-રેલ્વેની
પરદેશની મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાંથી

મેસર્સ થી. એન્ડ કુરહેડ (ઈંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી
શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય,
બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક
સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં
સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે
લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા
અવશ્ય મુલાકાત લ્યો.

જોઈંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

શિક્ષણ-પત્રિકાના
— ખાસ અંકો —

સંઘના પચીસ વર્ષના કામનો રસિક
ઇતિહાસ રજૂ કરતી પરિચય-પત્રિકા
આઠ આના

☆

બાળકોને માટે સુંદર સાહિત્ય
રજૂ કરતો 'બાળક અંક'
આઠ આના

– લખો –
'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬.

બાગ-બગીચા-જિંદગી

મોટર: દરિયાઈ વર્ક્સ-ન્સ કોર્પોરેશન
સર્વ પ્રકારનું બીબાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લીમિ.

—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ ગ્રેશરપેકટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક: શ્રી બાબુભાઈ મૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬
મુદ્રણ–સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી, ગામદેવી, મુંબઇ–૭.

ગુજરાત બાલશિક્ષણ સંઘ દ્વારા સંચાલિત

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૬ ઓક્ટોબર–૧૯૫૧ અંક : ૧૦

: આદ્યતંત્રી :

ગિજુભાઇ બધેકા



બાળકો જ છે
જગતના સાચા ઘડવૈયા

સર્વના મિત્ર,
: ગિજુભાઇ :

બાલશિક્ષણ નગર

બાળકો આનંદથી ભણી શકે તેવો સુંદર ઉપાય ૨૫ વર્ષ પહેલાં રજૂ કરનાર વિભૂતિ–ગિજુભાઇને મારા પ્રેમપૂર્વક પ્રણામ છે. જગત એ બાળકોનું મંદિર છે. બાળક અનંતતાનો યાત્રાળુ છે, આપણો મેમાન છે. એને ઇચ્છિત સેવા, આનંદ આપવા એ આપણી ફરજ છે. 'નગર'ની પ્રવૃત્તિ બાળકો માટે મંગળધામ છે. આપણો દેશ યોગ માટે જાણીતો છે. યોગદ્વારા શાંતિ–મુક્તિ મળે છે. આ 'નગર'ની પ્રવૃત્તિઓ જોતાં એ શાંતિ–મુક્તિ સરલ સાધ્ય લાગે છે.

ગુરુદયાલ મલ્લિકજી

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જમુભાઇ દાણી



વાર્ષિક લવાજમ : ચાર રૂપિયા

છૂટક નકલ : છ આના

અનુક્રમણિકા

૧. યુરોપની કેટલીક સંસ્થાઓ...	તારાબેન	૬. મુંબઇમાં બે બા. શિ. નગરો...	
૨. નાગરિકતા...	... કે. યુ. ભાંભરા		
૩. ઝોટાણાના અનુભવ....	... પૂનમચંદ શાહ	**બાળ વિભાગ**	
૪. મૌખિક ભૂમિતિ...	... તારાબેન	૧. કોણ કહે છે એને રાક્ષસ ?...કપિલા ઠાકોર	
૫. ગિજુભાઇ જયંતિ-સપ્તાહ	... મંત્રીઓ		

તંત્રીની નોંધ

મુંબઇમાં 'નગરો'

ગયા માસથી મુંબઇમાં બાલશિક્ષણ નગરનાં પગરણ મંડાયાં છે; ખાર અને કાલબાદેવીનાં નગરોનો ટૂંકો અહેવાલ આ અંકમાં પ્રગટ કર્યો છે. કાલબાદેવી જેવા લતામાંથી સંઘનિધિમાં સુંદર રકમ મળવી જ જોઇએ પણ 'નગર'ને પરિણામે જેટલો બાળશિક્ષણ-પ્રચાર થાય છે એટલો સહકાર નિધિમાં જણાતો નથી, આપણે હજુ ય આશા રાખીએ કે જનતા આપણી નિધિ-યોજનાને પણ એટલા જ રસથી અપનાવે.

ગિજુભાઈ સપ્તાહ

આવતા માસમાં ગિજુભાઇનો જન્મદિન આવે છે. આ વખતે રૌપ્યમહોત્સવને ધ્યાનમાં લઇ આ જન્મદિન એક સપ્તાહ માટે ઉજવવાનું ઠર્યું છે. તે દરમિયાન નાનાં મોટાં સર્વ સ્થળેથી મોટાં દાનો સાથે, પ્રચાર કાર્ય સાથે, પત્રિકાના ગ્રાહકોની નોંધણી સાથે 'એક આના દાન' પણ ભેગુ કરવામાં આવશે શિક્ષણની સર્વ સંસ્થાના વિદ્યાર્થીઓની આ સંચયમાં સહાય માગી છે. ટીપે ટીપે શું આપણું નિધિ-સરોવર નહિ ભરાય ? વધુ વીગતો રૌ. મ. સં. સમિતિના મંત્રી પાસેથી મળી શકશે

હિંદ શિક્ષણ-પરિષદ

આ માસમાં મુંબઇને આંગણે અખિલ હિંદ શિક્ષણ પરિષદ ભરાવાની છે. એ પ્રસંગે પધારેલા અનેકપ્રાંતીય મિત્રોની સાથે યોજના કરીને, બાલશિક્ષણના સંઘના કાર્યની ઝડપી પ્રગતિ માટે વિચારણા કરવી સરળ બનશે ગિજુભાઇ, તારાબેનનાં ના મો શિક્ષણમાં આગળ પડતાં છે. સંઘ સુપરિચિત છે. આપણે આ તકનો લાભ લઇ આપણા સંઘકાર્યને વધુ સંગીન અને વિસ્તૃત બનાવવા પ્રયાસ કરીએ.

નવાં પ્રકાશનો

પારિજાત-પ્રકાશન : ગાંધીજીના જીવનની પ્રેરણા લઈ પરિવ્રાજક પંડિતરાજ સ્વામીજી ભગવદાચાર્યજીએ 'ભારત પારિજાતમ્' 'પારિજાતાપહાર' અને 'પારિજાત સૌરભમ્'ને નામે ગ્રંથત્રયી તા. ૨જી ઓકટો. પ્રગટ કરી છે. મૂળ એમણે સંસ્કૃત છંદોમાં લખેલ છે અને સુંદર હિંદીમાં ગદ્યાનુવાદ આપ્યો છે. ગાંધીજીને માટે લખાયેલાં પુસ્તકોમાં આ પુસ્તક વિશિષ્ટ સ્થાન પામશે. આખા જગતનાં મહા પુસ્તકાલયોને અને વિદ્યાપીઠોને એ ભેટ આપવામાં આવશે. સ્વામીજીનું આ કાર્ય અમર રહો...**ભોળા-ગુંજન** : સોમાભાઇ ભાવસારનાં ગીતો બાલકોને કંઠે વધતાં જાય છે. સરળ ગીતો, સુંદર અને રંગભર્યાં ચિત્રો, બાલભોગ્ય વિષય અને કુમાર પ્રિન્ટરીની મોહક છપાઇથી તથા બહુ ઓછી કિંમતથી એનો સત્કાર ઘણો ઝડપી થશે જ. અભિનંદન ! !...**પતંગિયાં** : બાલમંદિરોમાં ગવાતાં બાલગીત સંગ્રહોમાં જમુભાઈનો આ સંગ્રહ ખૂબ જ પ્રિય થઇ પડયો છે. આ વર્ષે સાતમી વાર એ પ્રગટ થાય છે-એ બાલપ્રિયતા સિધ્ધ કરે છે. **સવિતા-તરંગ** : ભાઇ કાંતિલાલ શાહ સોનગઢમાં સંગીત શિક્ષક છે. એમના કંઠ અને હાથમાંથી સૂર પ્રગટે છે અને અંતરમાંથી કવિતા ઝરે છે. આ સંગ્રહ એની ઉત્કટ ઊર્મિઓમાંથી પ્રગટેલું સર્જન છે. એમની એ શકિત વધુ વિકાસ પામો. **ફૂલદોલ** : ઘાટકોપર બાલકનજી બારીનું આ વાર્ષિક વિદ્યાર્થીઓનાં માસિકોમાં નવી ભાત પાડે છે. ઘાટકોપરનાં બાળકોના જીવનઘડતરમાં અને આનંદ-શિક્ષણમાં આ સંસ્થાનો ફાળો સુંદર છે. એમની અનેકવિધ પ્રવૃતિઓ જાણીતી છે. વિદ્યાર્થીઓના વિવિધ લેખો, ચિત્રો, પરિચયો, કથાઓ નાનાં-મોટાં સાને રસિક વાચન પૂરાં પાડે છે. બે સા લેખકોને અભિનંદન.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૬ : અંક ૧૦] મુંબઈ [ઑક્ટોબર, ૧૯૫૧

યુરોપની કેટલીક સંસ્થાઓ

યુરોપમાં જોયેલી અને જેને વિષે નોંધ લખી શકાય એવી કેટલીક સંસ્થાઓ છે. એમાંની કેટલીક સંસ્થાઓ વિષે આગલા લેખોમાં હકીકત લખી છે. આ અંકમાં થોડી વધુ માહિતી રજૂ કરું છું.

(૧)

સ્વીડનમાં સ્ટોકહોમ શહેરમાં વિકૃત બાળકોના ઉપચાર માટે શરૂ થયેલ 'ચાઇલ્ડ ગાઇડન્સ ક્લાનીક' નામની સંસ્થા વિશેષ સુંદર લાગી. ત્યાં આવાં બાળકોના મનમાં કઈ જાતની વિકૃતિ છે તે શોધી કાઢી, અને જે જાતની ગ્રંથી બેસી ગઈ હોય તે છોડાવવા માટે અનેક પ્રયોગ ચાલુ હતા એ અમે ત્યાં જોયું. ત્યાંના નાટયપ્રયોગ કાંઈક નવી જ જાતના લાગ્યા. ત્યાં બાલકોનું એક નાનું નાટયગૃહ રાખવામાં આવ્યું છે. ત્યાંનાં બાળકો, ઉપચાર કરનારા દાકતરો અને અન્ય મદદનીશો સૌ સાથે મળીને નાટકો કરે છે. કોઇ કોઇ વાર નાટક, એનાં દૃશ્યો, એનું વસ્તુ વગેરે બધું જ બાળકોએ નકકી કરેલું હોય છે. કોઈ વાર ચાલુ વાતમાંથી નાટક ઉપજાવી કાઢે છે. ઉપરાંત આવાં નાટકોમાં કયું બાળક કઇ જાતની ભૂમિકા કરશે, કોને માટે એ વધુ યોગ્ય છે, એને શું ગમે છે, એનો અભિનય કઇ જાતનો જોઇએ, બાળકોના મન ઉપર કઇ કઇ અસર થાય છે, કયું નાટક કોને વધારે ગમે છે. આ બધું ચર્ચા કરીને જાણી લેવામાં આવે છે; એનું અવલોકન કરવામાં આવે છે. પછી એની ગ્રંથીઓને છોડાવવા દાકતર સૂચના આપે છે. આ ઉપરાંત બાળકો નાટકો લખીને, ભજવીને અથવા જોઈ જોઇને પોતાના મનને ગ્રંથીમુકત કરે છે.

અહીંઆ દાકતર તથા તેની સાથે કામ કરનાર સ્ત્રીઓ વગેરે બધાં આ અભ્યાસમાં ખૂબ જ ઓતપ્રેત જણાયા. તેમનો અભ્યાસ, પ્રયોગ કરવાની દૃષ્ટિ અને કામનો ઉત્સાહ ખૂબ અભિનંદનીય જણાયો. આને માટેની યોગ્ય ઇમારત પણ એમણે ઊભી કરી લીધી છે.

બાળકોને ખબર ન પડે એ રીતે અવલોકન કરવા માટે અહીં ખાસ વ્યવસ્થા રાખવામાં આવી છે. જે ખંડમાં બાળકો રમતાં હોય ત્યાં જો અવલોકનકારો જાય, જોવા લાગે, નોંધ લખવા માંડે તો બાળકો મોકળે મને રમી શકે નહિ. એટલે એક બારીમાંથી આ બધું શાંતિથી જોઇ શકાય એવી વ્યવસ્થા રાખવામાં આવી છે. બાળકોની પાસેની બારીઓ ચિત્રોથી ઢંકાયેલી છે: અને તેમાં જ નાનો કાચ છે ને તેમાંથી જોઇ શકાય છે. આ યોજના વિચારવા જેવી છે. પણ જો કોઈ કારણે બાળકોને જાણ થઇ જાય કે આમ ચોરી છૂપીથી જોવાય છે તો એમનો વિશ્વાસ ચાલ્યો જવાનો. પણ એને માટે પૂરતી કાળજી રાખવી જોઇએ એમ તો લોકો કહેતા જ હતા.

(૨)

આ જ પ્રમાણે માનસશાસ્ત્રનો ખાસ અભ્યાસ અમે બીજે ફ્રાન્સમાં જોઇ શકયા. બીજા દેશોમાં પણ કદાચ આવી સંસ્થાઓ હશે જ. પણ અમારા ઉતાવળા પ્રવાસમાં એ બધાંનું નિરીક્ષણ શકય નહતું. એટલે જ્યાં અમે સરળતાથી પહોંચી શકીએ એવી જ સંસ્થાની મુલાકાતની ગોઠવણ કરી હતી.

પેરિસમાં માનસપૃથકકરણ માટેની એક મોટી સંસ્થા છે અને તે ખૂબ જ મોટું કાર્ય કરી રહી

છે. આ સંસ્થાના મુખ્ય ત્રણ વિભાગ છે. આમાં સૌથી મોટું કામ તે બાળકોની માનસિક ચિકિત્સાનું. આમ છતાં આ લોકો પેરિસ અને બીજા એકબે શહેરનાં બાળકો પૂરતું જ આ ચિકિત્સા-કાર્ય કરી શકયા છે, એમ ત્યાંના કાર્યકરે વિનયથી અમને કહ્યું. આપણે ત્યાં આવું કામ નથી થતું તેથી, ત્યાં જે કામ થયું છે એ પણ અમારી દૃષ્ટિએ તો ઘણું જ મોટું લાગ્યું.

આ તપાસની પાછળનો એમનો મુખ્ય હેતુ એ હોય છે કે કયું બાળક કયા ધંધા અથવા અભ્યાસ માટે યોગ્ય છે એ શોધી કાઢવું એટલે આ લોકો બધાં જ બાળકોનું બુધ્ધિમાપન આમ કરે છે અને દર બે વર્ષે એ ફરીથી જોવામાં આવે છે.

આ અવલોકન બાદ બીજા બે વિભાગ ખોલવામાં આવ્યા. એક તો આ તપાસ બાદ બાળકોમાં જે દેખાય એ જોઇને, એમને યોગ્ય સલાહ આપી એના વિકાસમાં દોરવણી આપવી; આ એક મોટો વિભાગ છે અને તેનો સારો એવો વિકાસ એ લોકો કરી શકયા છે. અહીંયાં જે કોઇ કોર્સ માટે બાળકોને મૂકવામાં આવે છે ત્યાં એની શકિતનો પૂરો ઉપયોગ થાય તથા વિનાકારણ નકામો શ્રમ ન પડે એનું ધ્યાન રાખવામાં આવે છે; એટલે એ બાળકો કોઇ ધંધા માટે અયોગ્ય બનતાં નથી અને માબાપોનો ખર્ચ નકામો જતો નથી અને આ હેતુ ત્યાં બરાબર સચવાય છે.

બીજો હેતુ એ કે વિશેષ હોંશિયાર અને ઉચ્ચ શિક્ષણમાં આગળ વધી શકે એવાં બાળકો, માબાપની તેવી જાતની શિક્ષણ આપી શકવાની અશકિતને કારણે કોઇ પણ સ્થળે કારકૂનગિરીમાં અથવા સાધારણ નોકરીમાં લાગી જાય છે. આમ થવાથી દેશને નુકશાન થાય છે. એ લક્ષમાં લઇને, આવાં બાળકોને આગળ શિક્ષણ લેવા માટે સરકાર તરફથી મદદ આપવામાં આવે છે. આમ આ લોકો પોતાની માનવસંપત્તિની ખાણમાંથી હીરા-માણેક જેવી ઉત્તમ-વ્યકિતઓની શોધ કરી, યોગ્ય માણસને એના યોગ્ય કામમાં લગાડી, તેની પાસેથી તેની શકિતના પ્રમાણમાં ઉત્તમ કામ આપી મહત્વનું કાર્ય કરે છે.

ત્રીજો વિભાગ એ કે જેમાં, આ પરીક્ષા બાદ મનોવિકૃત જણાયેલાં બાળકોને માટે યોગ્ય ઉપચાર-કેન્દ્રો શરૂ કરવાં. જેમ સ્વીડનમાં બાળકોના આંતર જીવનને વ્યકત કરવા દેવા નાટકનો ઉપયોગ કરવામાં આવે છે, એમ અહીં, ચિત્ર દ્વારા એ કાર્ય લેવામાં આવે છે. આ ઉપરાંત, બીજા ઘણા ઉપાયો એ લોકો યોજી રહ્યા છે એમ જણાયું. અનેક ગાંડાઓના ફોટાઓ લઇને, બાળકોને તે બતાવીને પ્રત્યેક વિષય માટે એમનો શો મત થાય છે, અથવા એનાથી એમનામાં કઇ ભાવના જાગૃત થાય છે વગેરે જાણવાને માટે આ એક નવી રીત છે. ચારિત્રપરીક્ષા (Character tests)નો પણ આ લોકો ઘણો ઉપયોગ કરી રહ્યા છે.

આ સંસ્થાનો જ એક ચોથો વિભાગ હતો અને તે બુદ્ધિમાપનની નવી પરીક્ષાની શોધ કરવાનો. આ માટે તત્રા એવી એક મંડળી ચાલુ કામ કરી રહેલી છે. મોટી મોટી પ્રાથમિક શાળાઓમાં આનાં કાર્યાલયો હોય છે અને ત્યાંના શિક્ષકોની મદદથી આ કામ થઇ રહ્યું છે.

આ ઉપરાંત, એક બીજી વાત જાણી અને તે એ કે માનસશાસ્ત્રની દૃષ્ટિના સંશોધનરૂપે અનેક ચલચિત્રો તૈયાર કરવામાં આવે છે. એ ચિત્રપટોનો મુખ્ય-હેતુ અને વિષય શા છે તે જાણી શકાયું નહિ, કારણ ભાષાની મુશ્કેલીને કારણે અમને બતાવનાર બાઇ તે સ્પષ્ટ કરી શકી નહિ. વળી, તે દિવસે ફિલ્મ હજુ તૈયાર થતી હતી એટલે અમને તે બતાવી શકે તેમ ન હતું. આમ છતાં, આ સંસ્થામાં આ કાર્ય માટે એક મોટો વિભાગ છે અને ત્યાં અનેક વિદ્વાન પ્રાધ્યાપકો છે અને વિદ્યાર્થીવર્ગ સંશોધન કરી રહ્યો છે એ તો સમજી શકાયું.

ફ્રાન્સમાં બે વાત ખાસ જોઈ શકાઇ. એક તો ત્યાંની પ્રજા થોડા અને કટોકટીના કામમાં

જગેલી છે તેથી દરેક મનુષ્યની શક્તિ પૂર્ણપણે કામમાં લગાડવી જોઇએ એ માટે આ દેશ ખૂબ જ કાળજી રાખી રહ્યો છે. બીજી વાત એ જોઇ કે બે મહાયુદ્ધોને કારણે સ્થૂળ બાબતોની જેમ આ દેશને માનસિક નુકસાન પણ ઘણું થયું છે. આજે ત્યાં ૭ થી ૧૧ વર્ષ સુધીનાં ઘણાં બાળકો ભયગ્રસ્ત દશામાં દેખાય છે. વળી અમને એમ પણ કહેવામાં આવ્યું કે આ જ રીતે ઘણા શિક્ષક શિક્ષિકાઓનાં મન ઉપર પણ આવી જ અસર ઘણીવાર દેખાય છે. ત્યાં પ્રત્યક્ષ યુદ્ધ ન હતું છતાં, ભયગ્રસ્તતા હતી; કારણ આજુબાજુ સર્વત્ર યુદ્ધ ચાલતું અને તેમને જાગૃત રહેવું પડતું. પુરુષો રાત્રિની રાત્રિઓ સુધી પહેરો લગાવતા અને ઘેર સ્ત્રીઓ ચિંતાગ્રસ્ત દશામાં પડી રહેતી.

વળી, આજુબાજુથી હલ્લો આવી લાગશે એવી દહેશતથી આજનાં બાળકોનાં મન ઉપર અસમતોલતા જણાય છે. એટલે આનો ઉપાય કરવાનું કાર્ય એ લોકોને જરૂરી લાગ્યું છે. ઇટલિ, બેલ્જિયમ, હોલૅંડ, ઇંગ્લાંડ, નૉર્વે વગેરે દેશોની પણ આવી જ સ્થિતિ છે

આ માનસશાસ્ત્રીય સંશોધન અને પરીક્ષા સંસ્થા એક બીજું પણ કાર્ય કરે છે. બીજા દેશોમાંથી પંદર દિવસ, મહિના માટે કોઇ આવી એકાદ ખાસ પ્રશ્નનો અભ્યાસ કરવા માગે તો તેની વ્યવસ્થા કરી આપે છે ને સહાય કરે છે.

ફ્રાન્સમાં એક બીજી પણ નવા પ્રકારની સંસ્થા જોવાની મળી. ત્યાં આવી શાળાને એ લોકો 'કાચ શાળા' (Glass School) કહે છે. આવી શાળાઓ ગામની બહાર દૂર બાંધવામાં આવે છે. તેમાં વર્ગની દીવાલો કાચની હોય છે, તેથી એને કાચશાળા કહે છે. બીજી શાળાઓનાં જે બાળકો વૈદ્યકીય તપાસમાં અશક્ત તથા ક્ષય જેવા રોગથી પીડાતા-લાગે તેમને આવી શાળામાં મોકલવામાં આવે છે. અહીં એને પુષ્કળ સૂર્યપ્રકાશ મળે એ માટે ખાસ ધ્યાન રાખવામાં આવે છે. કેટલાંક બાળકો ખુલ્લામાં બેસે અને જે એટલો સૂર્યતાપ સહન ન કરી શકે તે ભીંતવાળા વર્ગમાં બેસે. આ ઉપરાંત, બીજી વ્યવસ્થા એ લોકોએ જુદી જુદી જાતનાં સ્નાનની કરી છે ત્યાં તરવાની સગવડ છે; અને અમે ગયા ત્યારે ત્યાં વરાળ-સ્નાન પણ ચાલુ હતું.

ત્રીજી વાત એ કે ત્યાં દાક્તરોની સૂચના મુજબ ખોરાક આપવામાં આવે છે. કૉડલિવર ઑઇલ, દૂધ, માખણ, ફળ અને બીજાં વિટામિનોનો એમાં ખાસ સમાવેશ કરવામાં આવે છે.

ચોથી વાત એ કે જેને જેટલા પ્રમાણમાં બૌદ્ધિક અભ્યાસ શક્ય તેટલા પ્રમાણમાં જ તે કરવામાં આવે છે. જે એ ન કરી શકે તેને ચિત્ર અને ઢીંગલીની કળાઓનું કામ આપવામાં આવે છે, આ દેશમાં, દોરીના સંચાલનથી ઢીંગલાના જાતજાતના ખેલની પ્રથા ચાલુ છે. આ માટે ચીંથરાની મોટી ઢીંગલી કરી હતી. અહીં ગાવા, નાચવા, કવાયત કરવી વગેરે પ્રવૃત્તિને ખૂબ સ્થાન આપવામાં આવે છે. અહીં પ્રત્યક્ષ રોગી બાળકો નથી, પણ કૌટુંબિક ઇતિહાસ રોગિષ્ટવાળા હોય તેવા કોઇ અશક્ત મળી આવતાં.

જે બાળકોમાં થોડો ઘણો રોગ જણાય તેને સેનેટેરિયમ શાળામાં ગામની બહાર મોકલવામાં આવે છે. આવી શાળાઓ ડુંગર ઉપર અથવા સમુદ્ર કિનારે હોય છે, અને ત્યાં રોગનો ઉપચાર કરવામાં આવે છે અને એ ઝીલે તેટલો અભ્યાસ તેને કરાવાય છે.

એકંદરે અહીં એક પણ બાળકની શક્તિ નકામી ન જાય માટે તેના શારીરિક અને માનસિક વિકાસ પ્રત્યે ખૂબ જ ધ્યાન અપાય છે.

પેરિસમાં અમે એક પૂર્વ પ્રાથમિક શાળા જોઇ. એના જેવી સુંદર અને સર્વ સગવડવાળી ઇમારત, બાળમંદિરો માટે અમે કોઇ દેશમાં જોઇ નથી. એ શહેરથી દૂર હોવાને કારણે ઘણા ઓછા એ જોવા જાય છે. પણ તેથી શું?

તારાબેન મોડક

નાગરિકતા

આજનો લગભગ દરેક પ્રૌઢ અને શાળામાં ભણતો વિદ્યાર્થી આ કથનથી પરિચિત છે કે 'મનુષ્ય એક સામાજિક પ્રાણી છે.' પણ જો સમાજની તરફ દૃષ્ટિ કરીએ તો કાંઇ જુદું જ દેખાય છે. પોતાને સામાજિક પ્રાણી કહેવરાવવા છતાં દરેક માનવી પોતાના સ્વાર્થની અને મનની દિવાલોમાં જ કૂસાઇ રહે છે. આ જોઇને મનમાં એવી શંકા ઊભી થાય છે કે શું વસ્તુતઃ મનુષ્ય સામાજિક પ્રાણી છે કે સમાજ એના ઊપર લદાયેલો છે; એ પોતાનું સામુદાયિક જીવન બરાબર જીવી શકે છે કે એ દ્વારા એ પોતાનો વ્યક્તિગત સ્વાર્થ જ પૂરો કરવા માગે છે! સમાજ વ્યક્તિના સ્વાર્થ માટે બન્યો છે કે વ્યક્તિએ પણ સમાજ પ્રત્યે કાંઇ વિશેષ ફરજ બજાવવાની છે! આમ છતાં આપણે જાણીએ છીએ કે નાગરિકતા સામુદાયિક જીવનનું જ એક સુવ્યવસ્થિત સ્વરૂપ છે! નાગરિકતાના નિયમ મુજબ વ્યક્તિ કાંઇ પોતાને માટે જીવતી નથી પણ પોતાના પરિવાર, પાડોશી, નગરજનો, દેશબંધુઓ અને અન્ય પ્રાણીઓ પ્રત્યેના કર્તવ્ય અને ફરજ બતાવતી જીવન જીવે છે. જો એ આમ ન કરે તો એને સામાજિક પ્રાણી કેમ કહી શકાય? સામાજિક પ્રવૃત્તિઓ રહેવા છતાં જ્યારે એનો વિકાસક્રમ તૂટી જાય છે અથવા તો વિકૃત બને છે ત્યારે તે, સમાજ પાસેથી માત્ર સ્વાર્થ પૂરો કરવા ઇચ્છે છે અને પોતે છેવટે દુઃખી થતો થતો સમાજને પણ ખાડામાં ધકકેલી દે છે. આજકાલની દશા જોતાં આપણા મનમાં એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઊઠે છે કે આ નાગરિકતાનું મૂળ છે કયાં અને શાથી એ વિકૃત બને છે!

મનુષ્ય ચારે બાજુથી પ્રકૃતિના સૌંદર્યથી ઘેરાયેલો છે. પ્રકૃતિનું કોઇ પણ એવું અંગ નથી કે જેનું એને ખાસ આકર્ષણ ન હોય. આ સૌંદર્યદર્શનથી એને માત્ર મનમાં જ આનંદની લહેરીઓ ઊઠે છે એટલું નહિ પણ એક આશ્ચર્ય થાય છે કે આ સૌન્દર્ય કયાંથી આવે છે અને કયા નિયમો અનુસાર એની ઉત્પત્તિ થાય છે. આનંદ માત્ર ભાવનાત્મક જ નથી પણ એક સર્જનાત્મક શકિત પણ છે. એનાથી જીવન સુંદર રીતે ગતિમાન રહી શકે છે. પોતાના આનંદને માટે સૌંદર્યને મનુષ્ય, પ્રકૃતિના નિયમ અનુસાર ઉત્પન્ન કરે છે. મનુષ્યની પ્રગતિ, સભ્યતા અને સંસ્કૃતિનું મૂળ પણ એની જ ઉપર નિર્ભર છે કે એ આનન્દનો યથેષ્ટ અનુભવ કરી શકે અને એ અનુભવના વિશ્લેષણ દ્વારા એ પોતાના આનંદનાં સાધન પોતે જ કરતો રહે.

જે અનુભવ મનુષ્યને આનંદમાં બાધક લાગે છે અથવા જેનાથી એ ભય પામે છે એવા અનુભવોથી સ્વાભાવિક રીતે એ દૂર રહેવા પ્રયત્ન કરે છે, અથવા તેનો નાશ કરવાનું મન કરે છે. એટલે આ અન્વેષણમય જીવનક્રમ પણ એની પ્રગતિનું એક મોટું કારણ છે. મનુષ્યને સુખ ત્યારે જ પ્રાપ્ત થઇ શકે છે કે જ્યારે એ પોતાના અનુભવ અને પ્રકૃતિના નિયમો—એ બેના સમન્વય દ્વારા એ સમજવા માંડે છે કે કયા પ્રકારનું જીવન એને માટે આનંદદાયક બની શકશે.

પોતાના અનુભવોનું વિશ્લેષણ કરવા માટે મનુષ્યે દાર્શનિક બનવાની જરૂર નથી. જ્યારે દાર્શનિક પોતાના અનુભવોનું વિશ્લેષણ જ્ઞાતરૂપમાં કરવા પ્રયાસ કરે છે ત્યારે સાધારણ વ્યક્તિ પોતાના અનુભવોનું વિશ્લેષણ અજ્ઞાતરૂપમાં સ્વાભાવિક રીતે જ કરતો રહે છે. કદાચ પ્રારંભકાળથી જ મનુષ્યે અનુભવ કરી લીધો હતો કે દુઃખથી બચવા અને સુખથી રહેવા માટે એને સમૂહ અને સમાજની સાથે જીવન પસાર કરવાનું રહેશે. આમ છતાં આજે એવી વ્યક્તિઓ તો ગણીગાંઠી જ મળશે કે જેઓ આ વાત ઉપર વિચાર કરવા બેસે છે કે આ સામુદાયિક અથવા સામાજિક જીવન વગર મનુષ્યના કેવા હાલ થઇ જાય! સૂર્યના તેજ અને પ્રકાશની જેમ સામાજિક જીવન પણ લગભગ પ્રત્યેક મનુષ્યને જન્મથી જ મળેલું

છે. જેમ અસ્તિત્વનો વિચાર કર્યા વગર જાગૃત રહ્યા વગર આપણે આપણા જીવનમાં એનો ઉપભોગ કરતા રહીએ છીએ એમ જ, આપણા સામાજિક જીવનનો આનંદ પણ અજ્ઞાતરૂપે આપણે લૂંટ્યા જ કરીએ છીએ. ફેર માત્ર એટલો જ છે કે સૂર્યનો પ્રકાશ પ્રકૃતિદત્ત છે પરન્તુ સમાજ આપણા પરિશ્રમથી ઘડાય છે અને સ્થિર રહે છે. એટલે આપણે જો સમાજ પ્રત્યે ઉપેક્ષા બતાવીએ તો આપણે એના પતનને માટે આમંત્રણ દઇએ છીએ. પરિણામે, બિચારો ઉપેક્ષિત સમાજ આપણને સુખ પહોંચાડવાને બદલે, આપણા જીવનમાં ભાર રૂપ બને છે. કારણ, સમાજ આપણા જીવનને માટે સૂર્યના પ્રકાશ અને તેજની માફક પૂર્ણરૂપે આવશ્યક છે; એટલે સભ્ય મનુષ્યે તો જાગૃતિપૂર્વક સામાજિક જીવનના નિયમો સમજવા અને એનું અનુચિત પાલન કરી સમાજ પ્રત્યેનું કર્તવ્ય બજાવવું. સભ્યતા અને સામાજિક જીવન, એને કાંઇ એકબીજાથી અળગા પાડી શકાય નહિ; કારણ કે સભ્યતા સામુદાયિક જીવનનું જ ફળ છે અને એ મનુષ્યને માટે હંમેશા અનિવાર્ય છે. એટલે સમાજનો પાયો હંમેશા સુદૃઢ રાખવો એ દરેક વ્યક્તિની પ્રથમ ફરજ છે.

જ્યારથી મનુષ્યે આ પૃથ્વી ઉપર જીવનનો પ્રારંભ કર્યો છે ત્યારથી એ કોઇ ને કોઇ વાતાવરણમાં અવશ્ય રહયો જ છે. દરેક પ્રાણી માત્ર સાથે વાતાવરણનો અતૂટ સંબંધ છે. જો વાતાવરણ અનુકૂળ ન હોય તો જીવન અસંભવિત બની જાય છે. એટલે કોઇ પણ પ્રાણીના પ્રારંભિક જીવનનો વિચાર કરતી વખતે સૌથી પ્રથમ વાત એ વિચારવાની છે કે કેટલા કાળથી એ પ્રાણી એવી અનુકૂળ સ્થિતિમાં રહેલ છે; જેમાં એ માત્ર જીવિત રહેલ છે એટલું જ નહિ પણ એનો વિકાસ પણ સારી રીતે થયો હોય. પણ એક પ્રશ્ન ઊઠે છે કે મનુષ્યની માફક અન્ય પ્રાણી પણ પોતાનો વિકાસ કેમ ન કરી શકે! એનું વાતાવરણ પણ મનુષ્યની માફક બદલાતું રહે છે જ; પણ માલુમ તો એમ પડયું છે કે એવાં બીજાં પ્રાણીઓનું વાતાવરણ વધારે બદલાઇ જાય છે તો એનું અસ્તિત્વ જ બંધ થઇ જાય છે. આની ઉપરથી આપણે એમ કહી શકીએ કે વિકાસ માત્ર વાતાવરણથી જ નથી થતો; પણ માણસની અંદરથી જ એને માટેની સંભાવના, વિકાસોન્મુખી એક પ્રવૃત્તિ રહેલી છે એટલે મનુષ્યના વિકાસ અને એના વાતાવરણની પરિવર્તનશીલતાનું કારણ ક્યાંય બહાર શોધવા જવાની જરૂર નથી પણ એના સ્વભાવ ઉપરથી જ એ જાણી શકાય છે. મનુષ્ય જાતે જ પોતાની માનસિક તથા શારીરિક આવશ્યકતાઓની પૂર્તિ માટે વાતાવરણને બદલાવતો રહે છે અને તેને અનુરૂપ એની સભ્યતા નિર્માણ પામે છે. નવા વાતાવરણ અને સભ્યતામાં રહેવાને માટે એનો પહેલાનો સ્વભાવ અનુકૂળ થતો ન હતો; આથી વાતાવરણના પારવર્તનની સાથે-સાથે એ આવશ્યક બન્યું કે એ પોતાના વ્યક્તિત્વનો પણ વિકાસ કરે; એટલે કે એ સાંસ્કૃતિક જીવન વીતાવે જેથી એ પોતાની સ્વનિર્મિત સભ્યતામાં સુખપૂર્વક રહી શકે. સંસ્કૃતિ અને સભ્યતાને ઘણો ઘનિષ્ટ સંબંધ છે કે જેની તુલના પ્રકૃતિમાં વાતાવરણ અને પ્રાણીઓમાં સંબંધની સાથે થઇ શકે છે. જેમ કોઇ પણ પ્રાણી અનુકૂળ વાતવરણ વગર નથી જીવી શકતું તેમ, અનુકૂળ સભ્યતા વગર સંસ્કૃતિ પણ સુરક્ષિત રહી નથી શકતી.

વાતાવરણ બદલવું એટલું મુશ્કેલ કાર્ય નથી જેટલું આપણા પોતાના સ્વભાવમાં પરિવર્તન કરવાનું કામ છે. એટલે જ એક જ સમય, દેશ અને સમાજમાં પણ સંસ્કૃતિ ને સભ્યતામાં કાંઇ કાંઇ ફેર રહે છે. આ સમસ્યા વળી વધુ ગહન અને વિકટ છે. આપણે જાણીએ છીએ કે પ્રૌઢોમાં થોડુંક પણ પરિવર્તન લાવવું એ અસંભવિત નહિ તો ખૂબ જ કઠિન કાર્ય તો છે જ. આવી જાતનો વિકાસ જે મનુષ્યને સાચા અર્થમાં માનવી બનાવે છે, અનુભવ વગર શક્ય નથી. બબર નથી કે આવી નાની વાત પણ આપણે કયારે પૂરી સમજીશું કે મનુષ્ય કેવળ વાતાવરણ યા

ઉપદેશથી પોતાનો વિકાસ નથી કરતો પણ પોતાના અનુભવથી પરિવર્તન પામે છે. એમાં પણ જ્યારે એનું પોતાનું જ મન જ્યારે બદલાવા તૈયાર હોય છે. આટલા જ માટે બાલ્યકાળને આજે વધુ મહત્વ આપવામાં આવે છે.

બાળક જ એક એવી વિશેષ અવસ્થામાં હોય છે અને એવી વિશેષ શક્તિઓ ધરાવે છે કે જેથી એ પોતાના વાતાવરણમાંથી ઘણું ગ્રહણ કરીને પોતાની જાતને ઇચ્છિત અને નવીનતમ સભ્યતાને અનુકૂળ બનાવી લે છે, સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસ અથવા દેશ અને રાષ્ટ્રના નિર્માણમાં જે સહયોગ આપણને આપણી નવસંસ્કૃતિને સમુચિત લાલન–પાલન દ્વારા પ્રાપ્ત થઇ શકે છે, એટલી સફળતા પ્રૌઢોની પાછળ પડવાથી નથી આવી શકતી. મનુષ્યની મહાનતા પૂર્ણતયા ભલે પ્રૌઢાવસ્થામાં પ્રગટ થતી હોય પણ એનાં બીજ તો બાલ્યકાળથી જ એમાં વિદ્યમાન હોય છે; અને જો એને યોગ્યરૂપમાં વિકાસનો અવસર પ્રાપ્ત થાય તો એ યુવાવસ્થા અને તરુણાવસ્થાના વિકાસ-પથ પરથી પાછી અને પ્રગટ થાય છે. એમાં સંદેહ નથી કે સભ્યતાના નિર્માણમાં બાળકનો કોઇ પ્રત્યક્ષ હાથ નથી. એ તો પ્રૌઢ લોકોનું કામ છે જેઓ પોતાની માનસિક અને શારીરિક જરુરિયાતોને અનુરૂપ વાતાવરણને બદલવામાં સમર્થ હોય છે. પણ આ સભ્યતાને જીવનમાં ઓતારતાં પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવાનું અને સંસ્કૃતિથી રચનાના શ્રી ગણેશ માંડવાનું કાર્ય તો અવશ્ય બાળક સિવાય કોઇ બીજાથી પૂરું નહિ થઇ શકે. જન્મ સમયે બાળક એક પ્રકારે અપૂર્ણ માનવસ્વરૂપમાં જન્મે છે કારણ કે ન તો એ વેળા એનામાં પ્રૌઢો જેટલી ભાવના કે વિચારશક્તિ હોય છે કે ન તો એ શારીરિક દૃષ્ટિએ સ્વાધીનતાપૂર્વક જીવન જીવી શકવા સમર્થ હોય છે. મનુષ્યનું બાળક પણ પોતાના બાલ્યકાળમાં બાળક કહેવરાવવાને યોગ્ય નથી હોતું. જન્મ પછી વાતાવરણમાં પોતાના અનુભવના આધાર ઉપર એ પોતાની માનવતાનો વિકાસ કરે છે. અહીંથી જ એ સભ્યતાના ગ્રહણદ્વારા સંસ્કૃતિની રચનાનો પ્રારંભ કરે છે. એટલે નાગરિક જીવનનો પાયો ઠીક એ જ વખતે થાય છે કે જ્યારથી બાળક પોતાની રીતે સભ્યતામાં વિભિન્ન પ્રકારના અનુભવ કરતો સાંસ્કૃતિક જીવન જીવવા માંગે છે. સંસ્કૃતિ, સભ્યતા અને નાગરિકતા-ત્રણેય પરસ્પર અવલંબી છે. સામુદાયિક જીવનથી અલગ સંસ્કૃતિનું કોઇ સ્થાન નથી. નાગરિકતા એ બેઉના સંયોગનું ફળ છે. બાળકનું કાર્ય સંસ્કૃતિ અને સભ્યતામાં અનુકૂળતા ઉત્પન્ન કરવાનું છે. એટલે નાગરિકતાની શોધ અને તેનું બીજારોપણ બાળકના જ જીવનમાં સુગમતાપૂર્વક થઈ શકે છે.

મનુષ્ય અને અન્ય પ્રાણીઓની તુલના કરતી વખતે આપણે પ્રશ્ન કર્યો હતો કે મનુષ્યની માફક અન્ય પ્રાણી પણ પોતાનો તથા પોતાના વાતાવરણનો વિકાસ કેમ નથી કરી શકતું! એના ઉત્તરમાં આપણે જોયું હતું કે મનુષ્યના સ્વભાવમાં જ આ અંતરનું રહસ્ય અને વિકાસક્રમની ચાવી મળી શકે છે. 'મનુષ્યનો વિકાસ' એટલે પ્રત્યેક વ્યક્તિનો વિકાસ; જે બાલ્યાવસ્થાથી માંડી પ્રૌઢાવસ્થા સુધી નિરંતર થયા કરે છે. એટલે કદાચ પ્રકૃતિ બાળકને અસહાય અને અપૂર્ણ રાખે છે કે જેથી એ પોતાની સામેની સભ્યતામાં પોતાના અનુભવો દ્વારા સાંસ્કૃતિક જીવનનું નિર્માણ કરતું કરતું પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરે.

અન્ય પ્રાણીઓમાં જન્મકાળે એટલી બધી અપૂર્ણતા નથી દેખાતી એટલે વાતાવરણના અધિક પરિવર્તનની સાથે જીવન વીતાવવામાં એ અસમર્થ રહે છે. સભ્યતા, સંસ્કૃતિ અને નાગરિકતાનું મૂળ બાલ્યકાળની આ અપૂર્ણતામાં છે, જેને એ પોતાના જીવનમાં જાતઅનુભવ દ્વારા પૂર્ણતામાં પરિમિત કરી શકે છે; અને સાથે સાથે મહાન માનવતાનું નવનિર્માણ કરે છે. નાગરિકતાનું નિર્માણ બેથી થઇ શકે: એક તો બાલક અને બીજું પ્રૌઢ. કુદરતે આ ઉદ્દેશ્યની પૂર્તિને માટે જ બાળકને માટે પૂર્ણ આયુનો દીર્ઘ સંચય રાખ્યો છે અને પ્રૌઢનો સ્વભાવ

સ્નેહથી પૂર્ણ; એટલે એકનો વિકાસ અને બીજાનું સ્નેહદાન એ દ્વારા બેઉ જણ જીવન-નિર્માણના પૂરક બનીને માનવમહત્તાનો સત્કાર કરી શકે અને પ્રાણીમાત્રનું કલ્યાણ કરી શકે. પોતાના અભાવ-દ્વારા સભ્યતાને ગ્રહણ કરવી અને સંસ્કૃતિની રચના કરવી એ બાળકનું કામ છે. પરંતુ એને માટે અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવું તથા એ વાતાવરણમાં બાળકને અનુભવ કરવાની સુગમતા કરી આપવી એ પ્રૌઢોનું કામ છે. પ્રૌઢ જેટલા પ્રમાણમાં આ કાર્યમાં પાછળ રહે છે તેટલા પ્રમાણમાં બાળક પણ પોતાની સંસ્કૃતિના જીવનમાં અવિકસિત રહે છે અથવા તો વિકૃત અવસ્થા પામે છે. આ દોષથી દુષિત હોવાને લીધે આપણા સમાજની હરએક વ્યકિત નાગરિક કહેવારાવતાં છતાં એ નથી સાચો નાગરિક કે નથી સાચા નાગરિક થવાનું, યોગ્ય વાતાવરણ.

આપણા સમાજમાં નથી બાળકનું કોઇ સાચું સ્થાન કે, નથી પ્રૌઢનું સાચું સ્થાન. આપણે મોટે ભાગે "અમારી સભ્યતા, અમારી સંસ્કૃતિ, અમારું શિક્ષણ" 'અમારી નાગરિકતા' અને 'અમારા નાગરિક અધિકાર'–વગેરેની ચર્ચા હંમેશા જોરથી કરીએ છીએ પણ સાથે સાથે નાગરિકતાના મૂળને નિર્બળ કરતા જઈએ છીએ. કારણ બાળકની સાથેના આપણા દૈનિક વ્યવહારમાં સભ્યતા અને સંસ્કૃતિના વિકાસની કોઇ દૃષ્ટિ નથી. આજે સભ્યતા અને સંસ્કૃતિને શિક્ષણની વધુમાં વધુ કોઇને દૂર રાખતા હોઇએ તો તે બાળક છે; જ્યારે ખરી રીતે એ જ વાસ્તવમાં સભ્યતા અને સંસ્કૃતિનું ધારણ અને પોષણ કરનાર યોગ્ય પાત્ર છે.

જ્યાં સુધી આ સ્થિતિ રહેશે ત્યાં સુધી આપણી સભ્યતા અને સંસ્કૃતિમાં ન તો કાંઇ પવિત્ર સૌંદર્યનો સમાવેશ થઇ શકશે કે ન તો સ્વાભાવિક સાધનો દ્વારા આપણું ચારિત્રનિર્માણ થઇ શકશે. આપણે જો નાગરિકતાના મૂળને સુદૃઢ બનાવી અને તેના ઉપર રાષ્ટ્રનું નવનિર્માણ કરવું છે તો સૌથી પ્રથમ બાળક સાથે પૂર્ણ ન્યાયથી જીવતાં સીખવું જોઇશે.

અનુ૦ જ૦ હા૦ કે. ચુ. ઝાંબરા

ઝોટાણા બા. શિ. નગરના અનુભવો

વિસનગર, ચાણસ્મા અને પાટણ પછી ઉ. ગુજરાતમાં તા ૮–૯ સપ્ટેમ્બરના બાલશિક્ષણ નગર ભરવાનો ચોથો વારો ઝોટાણાનો હતો. શનિ, રવિ બે દિવસનો કાર્યક્રમ રાખવો અને કરબાનાં ગામોમાં ફરવું એમ વિચાર્યા પછી કુકરવાડા, ગોજારીઆ, વસઇ, હારીજ, ઝોટાણા એમ પાંચ સ્થળોએ પૂર્વ તૈયારી માટે ભાઈ સોમચંદ શાહ જઇ આવ્યા. યોજના સૌને ગમી પણ ખર્ચનો અંદાજ અને યોગ્યસાની મોસમને કારણે સમયની પ્રતિકૂળતા દરેક સ્થળે આડે આવતાં. જ્યાં જઇએ ત્યાં બધું જ નવેસરથી શરૂ કરવાનું, સાધનો અને માણસો બધુ જ સાથે લઇને જવાનું અને બાલનગર, મનોરંજન, નિધિ, પ્રચાર સભાઓ, અને પ્રાસંગિક પરિચર્યા જે કંઇ કરવા ધારીએ તે બધું જ જાતે ઊભું કરવાનું; એટલે સહેજે દસ–બાર માણસોની ટૂકડી તો લઇ જ જવી પડે અને બે ત્રણ દિવસનો ભોજન–ખર્ચ પણ થાય જ. ઘેરથી ભાથું લઇ જવાની તૈયારી અમારી તો હોય જ અને દર વખત નહી છે. પણ જ્યાં જઇએ ત્યાંના લોકોનું મન કેમ માને? વિકેન્દ્રિત ધોરણે ઘેર ઘેર વહેંચાઇ જવાની યોજના પણ અમે જ્યાં જઇએ છીએ ત્યાં પહેલેથી મૂકીએ છીએ; સહુને એ ગમે પણ છે અને છતાંએ 'ગામની શોભા' અને બીજી બીજુ કંઇક અંશે ભિન્ન સંપ્રદાયિક ધોરણે રચાયેલી અમારી ટૂકડી આ બને તત્વો આડે આવે છે, અને કેન્દ્રિત ભોજન વ્યવસ્થા એક અનિવાર્ય જરૂરીઆત બની જાય છે, એ કારણે ખર્ચ પણ વધે છે. આ દિશામાં અમે ખૂબ જ જાગ્રતપણે વિચારતા આવ્યા છીએ. અને કદાચ હવે પછીનાં સ્થળોએ એને અમલી

બનાવી શકીશું એમ લાગે છે. સારું, 'વિચાર કરી જણાવીશું' આ જાતના જવાબો બધેથી મળેલા. પણ ઝોટાણાએ આ પ્રશ્નને ખૂબ-જ વિધેયાત્મક રીતે વિચાર્યો અને તા. ૩ સપ્ટેમ્બરે બે ત્રણ ભાઇઓ મળવા આવ્યા ને કહ્યું કે અમે બધી વ્યવસ્થા કરી લીધી છે, અને તમે તારીખો જણાવો. અમારે તો બહુ જ વિચારવાનું હતું જ નહિ. શુભસ્ય શીઘ્રમ્ તા. ૮-૯-સપ્ટેમ્બરની અમે દરખાસ્ત મૂકી અને તારથી એ ભાઇઓએ સંમતિ આપી.

કિલ્લોલના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓની એક ટુકડી જરૂરી સાધન સામગ્રી સાથે તા. ૭ મીએ જઇ પહોંચી. ભાઇ ઇશ્વરાચાર્ય અનેક ઇચ્છાઓ છતાં અંગત કારણોસર ન આવી શકયા. પણ મંગાવ્યા પ્રમાણેનાં સાધનો સાથે એમણે શ્રી ગોવિંદભાઇ અને સીતારામભાઇને મોકલ્યાં. બધાંએ સાથે મળી બાકીના દિવસમાં તો ગુજરાતી શાળાના મકાનમાં એક સુંદર નગરરચના કરી દીધી. ગુજરાતી તેમ જ અંગ્રેજી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમ જ કેળવણી મંડળના સભાસદો—આ સહુએ પણ પ્રેમપૂર્વક પોતાનો ફાળો આ બધાં કાર્યમાં ખૂબ નોંધાવ્યો. ગામની મધ્યમાં રાતના ૮—૩૦ વાગે પ્રચાર સભા રાખવામાં આવી. અને પછી તો જાહેરાતનું પૂછવું શું ? વહેલી સવારથી જ તા ૮મી ના રોજ લોકોનાં ટોળાં ઊભરાવા લાગ્યાં.

કેળવણી મંડળના પ્રમુખ શ્રી મણિભાઇ શાહના શુભ હસ્તે પ્રદર્શન ખુલ્લું મૂકયું. ઝોટાણાના ઇતિહાસમાં આ જાતનો આ પહેલો પ્રસંગ હતો. પ્રવૃત્તિઓથી ગૂંજતા ઓરડાઓ અને કામ ચલાઉ ઊભું કરેલું ક્રીડાંગણ આ બધાંનો, પેટ ભરીને નાનાં મોટાં સહુએ લાભ ઉઠાવ્યો હતો.

રાતના મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ધારવા કરતાં બહુ જ મોટી સંખ્યાની આ પ્રસંગે હાજરી થઇ હતી. આ કારણે લાઉડસ્પીકરની જરૂર જણાતી હતી પણ ધીમે ધીમે બધું ગોઠવાઇ ગયું હતું અને જે કંઇ વીગતો અને વાનગીઓ રજૂ કરવા ધારી હતી તે સારી રીતે રજૂ થઇ શકી હતી.

આ બાલનગર પ્રસંગે ઝોટાણાની કેળવણી માટે ખાસ આમંત્રણથી આજુ બાજુની દરેક પ્રાથમિક શાળાઓનાં શિક્ષકોને શનિવાર બપોરથી બોલાવ્યા હતા. અને એ બધાએ નગર રચનાનો સુંદર લાભ ઉઠાવ્યો હતો. શ્રી પૂનમચંદ શાહે ક્ષણિક દૃષ્ટએ એમની સાથે વાતો કરી હતી તેમ જ પ્રદર્શનનો ઝીણવટ ભર્યો પરિચય કરાવ્યો હતો.

આ બધા જ શિક્ષકોને જમવા રહેવાની સગવડ કેળવણી મંડળે પૂરી પાડી એમના પ્રશ્નને સરળ બનાવી આપ્યો હતો. પરિણામે એક આખો દિવસ-શિક્ષકો આનંદથી રહી શકયા હતાં; અને યોજનાનો ઘણો સારો લાભ લઇ શકયા હતા. વ્યવસ્થા, નગરરચના અને વાર્તાલાપ આ બધાથી એક વિશેષ પ્રકારનો સંતોષ થયાની વાતો મુકતકંઠે એમની પાસેથી સાંભળવા મળતી હતી.

બીજે દિવસે બપોરના બહેનોની એક સભા રાખવામાં આવી હતી. બહેનો માટે સભા એ ઝોટાણા માટે પહેલો પ્રસંગ હતો બપોરના બે વાગ્યાનો સમય હતો. ત્રણ વાગ્યા સુધી તો ફકત ચાર પાંચ બહેનો આવેલી પણ એથી કંઇ નિરાશ થઇ બેઠું બેસી રહેવાય ? મોકલ્યાં વિદ્યાર્થીઓને ઘેરઘેરથી બોલાવવા, અને જોતજોતામાં સંખ્યા વધવા માંડી. આંકડો લગભગ સો જેટલો થઇ ગયો. એમની સાથે ઘરગથ્થુ વાતો કર્યા બાદ બધાની સાથે ફરીને પ્રદર્શન બતાવ્યું. સહુ પોતપોતાની રીતે પ્રદર્શનની પ્રશંસા કરતાં અને બાળકો પ્રત્યેના પોતાના અજ્ઞાન અંગેની વાતો કરતાં કરતાં વિખરાયાં

એક બાજુ આમ બાલનગરનો હેતુ સફળતાપૂર્વક સિધ્ધ થતો જતો હતો ત્યારે બીજી બાજુ નિધિ માટેની પણ વાત શરૂ કરી. અમારી પાસે તો અમારી વાત સ્પષ્ટ હતી, ઘેરઘેર ફરી જે કંઇ મળે તે બેગું કરવા અને વધુમા વધુ લોકો

પાસે બાળકોની વાતો પહોંચાડવાના અમારા મનોરથ હતા. કેળવણી મંડળની સલાહ લઈને જ એમ થાય તો સારું એમ માની એમને એક ચિઠ્ઠી લખી. એ બધા મિત્રો પણ સંધનિધિનું મહત્વ સારી રીતે સમજી શકયા હતા. એમણે મંડળ તરફથી કંઈક ઊંચક રકમ આપવા ઠરાવ્યું. લગભગ રૂપિયા ૧૫૧ આપવાની એમની ઇચ્છા હતી. સ્થાનિક પરિસ્થિતિ અને વરસાદ ખેંચાવાને કારણે લોકોના સંજોગો વગેરેનો ખ્યાલ આપી એમણે એમની ઇચ્છા વાકેફ કરી. અમે અમારી દરખાસ્ત મૂકી અને એમણે એ વધાવી લીધી. એક એક દુકાન અને એક એક ઘર ફરવા અમે નિરધાર કર્યો હતો. એમણે જે કંઈ આપ્યું એ પ્રેમપૂર્વક વધાવી લીધું હતું. બે દિવસનું કામ બોલતું હતું. નગરચના અને કાર્યકર્તાઓની છાપ સૌના મન પર તાજી હતી; અને આવાં કાર્યોની ઉપયોગિતા સૌને સમજાઈ હતી. સાંજે યથાશકિત હિસ્સો આપ્યો. કોઈ સ્થાનિક વ્યકિતની શરમ પાડવા અમે ઇચ્છયું ન હતું. જ્યાં જઈએ ત્યાં વાતો સમજાવતા અને જે કંઈ આપે તે લઈ પાછા ફરતા. ખેંચતાણ અને શરમા શરમથી લેવાતાં નાણાંને બદલે આ પ્રથા સૌને સાચે જ ગમી હતી અને જઈને ઊભા રહેતાં જેણે જે કંઈ આપવા ઇચ્છા વ્યકત કરી એમાં ઉમેરો કરવા કંઈ પણ આગ્રહ કર્યો ન હતો. પરિણામે બે ત્રણ સ્થળે તો એવા પણ અનુભવો થયા કે માણસને પોતાને જ લાગ્યું કે થોડું આપ્યું "ફરી જોઈશું; બીજીવાર વળી વધારે આપીશું." "બરાબર ન આપ્યું હોય તો કહેજો." આ એમના ઉદ્‌ગારો હતા. એક વાતનો ખૂબ જ આનંદ છે કે જ્યાં જ્યાં ગયા કોઈએ આંગણે ગયેલા જોઈ આવું જોયું નથી કે ટાળવા પ્રયત્ન કર્યો નથી. સાંભળ્યા, સમજ્યા પછી સૌએ કંઈક ને કંઈક આપ્યું જ છે. બજાર પતાવ્યા પછી અમે ઘેરઘેર ફરવા માંડયા "અરે! ભાઈ દુકાને જઈએ" ભાયડા આપશે "આપવું હશે એ" "બહેન જે આપવું હોય તે આપો; આ તો બાળકોનું કામ છે, મહેમાન ઘેર આવે છે તો કંઈ ઓછા દુકાને મોકલીએ છીએ?" "અમારી પાસે કયાંથી પૈસા હોય?' અમે વીનવતા સમજાવતા અને "તમારી પાસે જે કંઈ હોય તેમાંથી આનો બે આના જે કંઈ આપવું હોય તે આપો" કહેતા અને બે પૈસાથી શરૂ કરી બે રૂપિયા સુધી નાની મોટી બધી જ રકમો બહેનોએ પણ આપી છે. નીચલો થર અને પછાત વર્ગનો ફાળો પણ નાનો સૂનો નથી. ફરતાં ફરતાં અમે એક કુંભાર વાસમાં ગયા. બે ત્રણ ભાઈઓ ઢોલીઓ ઢાળી બેઠા હતા, એમને વાત સમજાવી એમણે કહ્યું "ભાઇ, તમે કલાક પછી આવો." મહોલ્લામાં એ અમારી સાથે ફર્યા અને બે ચાર આના કરતાં કરતાં રૂપિયા ૫-૭-૦ ભેગા થયા. અંગ્રેજી શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓને મળ્યા અને એમણે પણ અનુક્રમે રૂપિયા ૧૦ તથા પંદરનો ફાળો નોંધાવ્યો. બીજા મિત્રોને પાટણ પાછા ફરવાનું હતું અને મારે પણ મહેસાણા અગત્યનું કામ હતું એટલે રોકાવાય એમ ન હતું. એટલે વિધિસર તો સૌ વિખેરાયા પણ અમારા મનમાં એક એક ઘેર ફરવાની તીવ્ર અભિલાષા હતી એટલે ભાઈ નાગજી રબારીને અમે એ માટે પાછળ રાખ્યો, નાગજી કોઇ પીઢ કાર્યકર્તા નથી કે નથી કોઇ પ્રભાવશાળી નાગરિક. એ તો છે એક ભાવુક વિદ્યાર્થી. પણ એની શકિતવૃત્તિ માટે અમને માન છે એ કારણે ઘણીવાર એને આકરી કસોટીએ ચઢાવે એવાં કામો સોંપીએ છીએ અને પ્રસંગે એ પણ એના પર મૂકેલા વિશ્વાસને પૂરવાર કરવા પાછો નથી પડતો. નિધિના એના અનુભવો એના જ શબ્દોમાં મૂકું તો ઠીક રહેશે.

"બધાએ ગયા અને હું એકલો? હું શું કરી શકીશ? અને કોણ સહકાર આપશે? કોઇ ખીજાશે તો? કોઇ ગાળ દેશે તો? એવે વખતે હું શાંતિ જાળવી શકીશ? એમને હું હેતુ સમજાવી શકીશ? મારાથી કંઈ ઊંધું તો નહીં વેતરાઇ જાય? આવા અનેક વિચારો કરતો હું બધાને વળાવીને સ્ટેશનેથી છૂટો પડયો. એક બાજુ ભય હતો હું બધાને વળાવીને સ્ટેશનેથી છુટો પડયો. એક બાજુ ભય હતો નિષ્ફળ નિવડવાનો, તો બીજી બાજુ ભાવના

હતી સંસ્થામાંથી જે કંઈ પીધું છે એને આધારે પુરુષાર્થ કરવાની. આમ અનેક વિચારો કરતો હું ગામમાં પહોંચ્યો. ગયો સીધો કન્યાશાળામાં વાતચીત કરી. સહુ ઘેર ગયા. પૈસો બે પૈસા લઈ આવ્યા. અને ૪૦ જેટલી બેનોમાંથી- રૂ. ૨-૫-૦ લઈ આગળ વધ્યો. લગભગ પાંચ વાગ્યા હતા. ગયો પટેલવાસમાં. સહુને આંગણે જતો, બાળકો માટે બે વાતો કરવી છે. તમે સાંભળશો ? તમે પ્રદર્શન જોયું હતું ? રાતના નાટક જોવા આઝાદ ચોકમાં આવ્યાં હતાં ? આમ પ્રશ્નો પૂછતો. એ પૂછે એના ઉત્તર આપતો અને સૂઝે એ રીતે એમને સમજાવતો. અને આનો બે આના જે ઝોળીમાં નાખે એ સ્વીકારી આભાર માનતો, હું આગળ વધતો. એક ડોશીમા મોઢું ચઢાવી બેઠાં હતાં. પડછંદ કાયા અને રૌદ્ર મુખાકૃતિ. એમની વાણીમાં ઘૃણા હતી. ખાદીનાં કપડાં પહેરેલો અને જોઈ એમણે તો કોંગ્રેસને ભાંડવા. વિવિધ શબ્દ-પ્રયોગો સાથે લગભગ પા કલાક એમનું પુરાણ ચાલ્યું; આખોએ વખત હું તો શાંત જ રહ્યો. માજી શાંત થયાં એટલે મેં બોલવાનું શરૂ કર્યું. આંગણે આવવાનો હેતુ સમજાવ્યો અને પછી તો માજી ખૂબ જ નરમ થઈ ગયાં. ભાવમાં આવી ગયા, પાણી પાયું અને પ્રેમથી એમણે બાળ-ઝોળીમાં પાવલી નાખી રામ રામ કર્યા. બીજા એક મહોલ્લામાં ગયો. ત્યાં એક ઢોલીમા ઓઢીને સૂઈ ગયેલાં, "કેમ માજી?" પૂછતાં જ તાડુકી ઉઠ્યાં 'જાવ ભા જાવ,' જોયા છે તમને અમારે કાંઈ નથી આપવું. છૈયાએ કાલેજ રૂપિયો આપ્યો છે; નેંકળી પડ્યાં છે. મોટાં બહુરૂપી કૃષ્ણ ભગવાન થઈને. મારે તો કશુંજ નથી આપવું.

મેં કહ્યું "માજી, હું તો બહુરૂપી નથી; વિદ્યાર્થી છું પાટણથી આવ્યો છું. નાનાં છોકરાંની વાતો કરવા આવ્યો છું. માજી ઊભાં થયાં, સ્વસ્થ થયાં પાંચેક મિનિટ પ્રેમથી વાતો કરી અને પાવલી આપી રાજી થયાં, અને "મીતો જાણ્યું બહુરૂપી છ; તીમાં ના ઉઠી" કહેતાં કંઈક શરમાયાં.

પટેલોના મહોલ્લા પૂરા કરી હું ગયો હરિજન વાસમાં. એક ભાઈ મળ્યા, સમજુ લાગ્યા. એમની સાથે વાતો કરતો હતો ત્યાં થોડાંક બાળકો પણ ભેગાં થયાં. થોડાક વિદ્યાર્થીઓ પણ આવ્યા બધાંને બેસાડ્યાં. ગીત ગવડાવ્યાં. વાર્તા કહી અને આવવાનો હેતુ સમજાવ્યો. કહ્યું "બધાં વિચારી રાખજો. અત્યારે તો-મોડું થયું છે, કાલે સવારે આવીશ," પેલા ભાઈએકહ્યું "આ મહોલ્લા વતી અત્યારે જ બે રૂપિયા આપું; નકામું ઘેર ઘેર ક્યાં અથડાશો.? અને કાલતો કુંડ ઉઘાડીશું; નકામા ગંધે મરશો." મેં તો આગ્રહ રાખ્યો. "કાલે આવીશ અને ઘેર ઘેર ફરીશ. અમે તો પાટણમાં વણકર, ચમાર, અને ભંગીઓનું પણ કામ કરીએ છીએ. ગંધથી અમે ટેવાયેલા છીએ." એને હું બીજે દિવસે આવું એ ન ગમ્યું. કારણ સારા માણસો આવે અને બધું ગંદું હોય એ ઠીક નહિ. પણ મેં તો નક્કી જ કર્યું હતું એટલે ગયો. ઘેર ઘેર ફર્યો અને રૂ. ૧૦-૭-૦ ભેગા કરી સહુની પ્રેમભરી ભેટ લઈ પાછો ફર્યો.

બીજા પણ બે ત્રણ મહોલ્લા બાકી હતા. એ પતાવી, જમીને બાજુના એક ગામમાં ગયો. લગભગ ૧/૨ માઈલ દૂર હશે. શાળામાં બાળકોને ગીતો ગવડાવ્યાં, વાતો કરી શિક્ષકો સાથે વાતો કરી અને જે કંઈ મળ્યું એ લઈ એક મુસ્લીમ ફ-તામાં ગયો. એક બહેન બીડીઓ વાળતાં હતાં, મનથી થયું રિવાજ વિરુધ્ધ થશે અને ગાળો આપી પડશે તો ! છતાંએ હિંમત કરી ગયો. વીગત સમજાવી અને "મારે તો છોકરું નથી પણ તમે કહ્યું એ બધું ગમ્યું એટલે બે આના આપું છું" કહી એ મુસ્લીમ બહેને મહોલ્લામાં સહકારની શરૂઆત કરી, પછી તો આખો મહોલ્લો ફર્યો અને એમનો પણ પ્રેમ ભર્યો સહકાર લઈ પાછો ફર્યો. ગાડીનો સમય થયો હતો એટલે સ્ટેશને આવ્યો.

ઊભે રસ્તે એક જ વિચાર ઘેરાયો કરતો હતો કે શ્રીમંતોની મહેલ મહેલાતો કરતાં આ ઝૂપ-ડામાં વસતાં માનવી કેટલાં પ્રેમાળ ? અને એમનો સહકાર પણ કેટલો ઉદાત્ત ? દ્રવ્યનો આંકડો ભલે ઊંચો ન જાય પણ એમણે આંગણે પહોંચવાની

ભાવના હૈયું ભીનું કરે એવા અવનવા અનુભવો કરાવે છે. કેળવણીમંડળની ઊંચક રકમ લેવાને બદલે ઘેરઘેર ફરવાની દરખાસ્ત મૂકી અને બાકી વધેલું પૂરું કરવાની જવાબદારી મને સોંપી, સાથે જ પૂનમભાઈએ મને તો મારા જીવનઘડતર માટે એક નવીન દિશા બતાવી છે." આમ નિધિ માટેના પ્રયાસો પણ ઝોટાણામાં મૌલિક તથા ખૂબ મઝાના હતા. એકંદરે રૂપિયા ૧૭૦ ભેગા થયા હતા. ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા અને પ્રવાસની તેમજ ઇતર ખર્ચના મળી લગભગ ૧૦૦ રૂપિયા જેટલો ખર્ચ કેળવણીમંડળે જ ઉપાડી લીધો હતો. કેળવણી મંડળના સભ્યોનું એકસંપી અને સારું એવું ઉત્સાહી જૂથ ઝોટાણામાં છે. અનુભવી અને પીઢ એવા કેટલાક મિત્રો અને આશાભર્યા જુવાનીઆઓનો ત્યાં સારો મેળ જામ્યો છે.

બહારથી કોઇને પ્રમુખ ન લાવતાં કેળવણીમંડળના સભ્યોએ જ બધા પ્રસંગો શોભાવ્યા હતા અને પોતપોતાની રીતે સહુએ પ્રસંગે પોતાના કાર્યની સમજણ અને શુભેચ્છાઓ વ્યક્ત કર્યાં હતાં.

ગામની પ્રજા ખૂબ ઉત્સાહી છે. મંડળના ઉપપ્રમુખ અને શ્રી હરિભાઇના શબ્દોમાં કહું તો "ઝોટાણા ગામ ભરતિયું ગાડું છે. અને ગામના વિકાસ માટે દ્રવ્ય ખર્ચવાની અને શક્ય એટલું બધું જ કરી છૂટવાની તૈયારી અને અનુકુળતા બન્ને ત્યાં છે. બાળશિક્ષણને કેન્દ્રમાં રાખી બીજું શું શું કરી શકાય એની વીગતવાર યોજના કેળવણી મંડળના સભ્યોને સમજાવવામાં આવી છે અને એ બધું અમલી આકાર પકડે–જોને માટે પૂરતી શક્યતા છે જ— તો ઉત્તર ગુજરાતમાં ઝોટાણા પણ એક સારું કેન્દ્ર બની શકે એવું જરૂર લાગે છે."

પૂનમચંદ શાહ

ભૌમિક ભૂમિતિ

ભૂમિતિને લગતાં કેટલાંએક કાર્ડસ છપાવેલું એક સાધન, સ્વ. ગિજુભાઇ સ્મારક પ્રકાશન તરફથી બહાર પડયું છે. તે કાર્ડસ ઘણાં બાલમંદિરોમાં વેચાતાં લેવાયાં છે. પણ તેનો ઉપયોગ ભાગ્યે જ કર્યાય જોવામાં આવે છે. વ્યાકરણ સંબંધેની રમતો વાંચીને રમતાં થાય તે પહેલાં જેમ ભૌમિક રમતો ચાલી શકે છે; તેવી જ રીતે ભૌમિક ભમિતિ, ભૌમિક ભૂગોળ અને વનસ્પતિ શાસ્ત્ર હોઇ શકે છે. ભૌમિક ભૂમિતિની વાતચીત ને રમતો નીચે પ્રમાણે થઇ શકે.

ચિત્રમાં સરળ રેષા (રેખા) તિર્યગ્ અથવા ત્રાંસી રેષા, વક્ર રેષા, સર્પાકાર રેષા, કરવત રેષા વગેરે રેષાનાં ચિત્રો છે. તે ચિત્રમાં તે તે રેષા કોઇ ચિત્ર સાથે બતાવેલી છે. જેમ કે સાપનું ચિત્ર દોરીને એક બાજુએ કાળી જાડી રેષા દોરેલી છે; જેથી તે સર્પાકાર રેષા શા માટે કહેવાય છે તેની બાળકોને કલ્પના આવે.

આ ચિત્રો બાળકો જોઇ શકે છે. તે વિષે થોડી વાતચીત થાય ન રપાચ્યાના નામા માઢેથી કહી શકાય. બાળકો પણ તે નામો ઉચ્ચારે, અને ઓળખાવે પણ તેનું જુદી જુદી રીતે પુનરાવર્તન ન થાય ત્યાં સુધી તે વાત તેમના મન પર ઠસે નહિ. તે માટે થોડી એક રમતો રમી શકાય.

આપણે ત્યાં લીટી ઉપર ચાલવાની રમત હોય છે. ઉપર પ્રમાણે જુદી જુદી રેષાઓનો, ચિત્ર ઉપરથી પરિચય આપ્યા પછી, લીંટાપર ચાલવાની રમત રમી શકાય. એક સીધી લીટી ચોકથી દોરવી. એક સર્પાકાર રેષા, અર્ધ કે પા ગોળાકારની હોય જ્યારે કરવત રેષા કરવતનાં આંકા જેવી ખુણાવાળી હોય. વક્ર રેષા આવી ગોળના ભાગ જેવી હોય, જ્યારે ત્રાંસી /// આમ હોય.

રમત માટે બાળકો આ લીટીઓ તરફ મોઢું કરીને બેઠાં હોય ત્યાં એક જણ અથવા શિક્ષક નામ બોલે. જેમ કે, રમણભાઇ કરવત.

એટલે રમણભાઇ ઊઠીને કરવત રેષા પર ચાલી આવે. મોઢેથી કરવત કરવત એમ બોલતા જાય,

પછી શિક્ષક બીજું નામ બોલે, 'કમલબેન, ત્રાંસી' એટલે કમલબેન ત્રાંસી લીટી ઉપર 'ત્રાંસી' 'ત્રાંસી' 'ત્રાંસી' એમ બોલતાં ચાલી આવે. બીજાં જેનાનાં બાળકો પણ એની સાથે તેમ બોલે.

શરૂઆતમાં ભૂલો થતી હોય તો એ જ પ્રકારની લીટીઓ દોરવી ને તે ત્રિપદ પદ્ધતિએ પાકી કરાવવી. જેમકે આ ત્રાસી આ વક્ર. ત્રાંસી બતાવો, વક્ર બતાવો એમ દરેક પદનું બે ચાર વાર પુનરાવર્તન કર્યા પછી કહેવું — આ કેવી? આ કેવી? એમ પૂછીને શબ્દો યાદ કરાવવા. ત્યાર પછી આ ચાલવાની રમત રમી શકાય. ચાલવા માટે હંમેશ કામમાં આવે એ પ્રકારની ધોળા કે રાતા રંગથી લીટીઓ દોરીને પણ રાખી શકાય.

બીજું પાટિયા ઉપર ચિત્ર કરીને પણ પુનરાવર્તન થઇ શકે છે. જેમ કે પાટિયા ઉપર ગોળ કે ચોરસ આકૃતિ કાઢી રાખવી. તેમાં કહીએ તેવી રેષા પૂરવાની રમત રમી શકાય. "રમેશ, પૂરો કરવત રેષા" એટલે રમેશ ઊઠીને આકૃતિમાં કરવતના આંકા જેવી એક લીટી કાઢી આવે. "વિમુબેન, સર્પાકાર રેષા પૂરો." એટલે વિમુબેન સર્પાકાર રેષા પૂરે. ત્રાસી કહીએ કે કે.ઇ //// એમ લીટા કરે, આમ રમી શકાય.

અથવા બાળકો ગમે તે રેષાનું નામ બોલે અને શિક્ષક આકૃતિમાં તેવી રેષા પૂરતા જાય, એમ પણ રમી શકાય.

ત્યાર પછી લીટા દોર્યા વગર ચોરસમાં ત્રાંસી લીટીમાં ચાલો, સર્પાકાર ચાલો; કરવત ચાલો; એમ પણ કહી શકાય. આખું ટોળું જેમ કવાયત વખતે આગેવાનની પાછળ પાછળ ચાલે છે તેમ આ જાતના લીટા પર ચાલે. એટલે બાળકોની બનેલી એ લીટી તે તે આકારની દેખાશે. એવી જ રીતે બે ટુકડીઓ કરી સમાંતર રેષામાં ચાલે. અથવા સામસામા ત્રાંસી લીટીમાં ચાલે ને એકબીજાની વચ્ચે થઈને જાય. એ પ્રકારની રમતો લઇ શકાય. એ લીટીઓ કેવી હોય તેની કલ્પના મનમાં પાકી કરતાં જાય. પછી ચિઠ્ઠી-વાચનની કક્ષાએ ચિઠ્ઠીવાચન તરીકે જ્યારે એ સાધન તેમની પાસે આવે ત્યારે તેમાં જરાપણ અમરું અથવા ન સમજાય એવું રહેતું નથી.

કોણની બાબતમાં પણ કસરતમાં કરીએ છીએ તેમ હાથ પહોળા કરી તે તે પ્રકારના કોણ કરી શકાય 'કાટખૂણો' કહીને આપણે એક હાથ સીધો, ઊંચો અને એક હાથ આડો લાંબો કરીએ તો તે કાટખૂણો થાય. ઊંચો કરેલો હાથ લાંબા હાથ તરફ નમાવીને લઘુકોણ ને તેનાથી બીજી બાજુએ નમાવીને ગુરુ કોણ બનાવી શકાય. અર્થાત્, આ કસરત પહેલાં, એ ત્રણ ખૂણાનો પરિચય, ચિત્ર ઉપરથી ને ત્યાર પછી પાટિયા પર દોરીને કરાવવો જોઇએ.

પહેલાં એક લાકડી બીજી લાકડી પર ઊભી રાખીને કહેવું, "કાટખૂણો" પછી તે એક તરફ ઢળતી કરીને કહેવું "જુઓ, લઘુકોણ ને ગુરુકોણ" પછી એ લાકડીને બદલે કોઇ છોકરો ગંમત ખાતર ટટ્ટાર ઊભો રહે ને કહે "કાટખૂણો." ત્યારપછી જાણે એક બાજુએ ઢળી પડતો હોય તેમ કરતો કહે "લઘુકોણ ને ગુરુકોણ". એ મોટે ભાગે તેમ કરતાં પડે જ છે ને હસી પડે છે. એમ કરતાં જમીન ઉપર, ભીંત ઊભી હોય તેનો કાટખૂણો કરીને ઊભે છે. ને જો એ ઢળી પડે તો, પડે તે બાજુએ લઘુકોણ થતો જાય ને તેની વિરુધ્ધની બાજુએ ગુરુકોણ થાય. એ વાત બાળકોની નજરમાં ને કલ્પનામાં આવવી જોઇએ. બગીચામાં લાકડી બરાબર ઊભી રોપીએ ને પછી તે એક બાજુએ ઢળી જાય તો શું થયું તે આપણે ભૌમિતિક પારિભાષિક શબ્દોમાં કહી શકીએ. એમ બાળકો માત્ર શબ્દો શીખે એટલું જ કામનું નથી પણ દુનિયામાં જ્યાં ત્યાં રેષાઓ અને ખૂણાઓ જોતાં થાય ને જે આંખે દેખાય તેને યોગ્ય શબ્દમાં વર્ણવે એમ-થઇ જવું જોઇએ. ડો. મોંટેસોરીએ આ બધા વૈજ્ઞાનિક શબ્દોનો પરિચય તે તે વિજ્ઞાન કે શાસ્ત્રના અભ્યાસ તરીકે યોજ્યા નથી પણ સમૃદ્ધિને માટે યોજ્યા છે. જે જોઇએ છીએ તેને પણ ઝીણવટથી જોઇને તેને યોગ્ય શબ્દ આપવો એ જ ખરું ભાષાશિક્ષણ છે.

તા૦

સ્વ. ગિજુભાઈ જયંતિ સપ્તાહ

તા. ૧૫મી નવેમ્બર ૧૯૫૧ને દિવસે બાલ શિક્ષણ સંઘના આદ્ય સંસ્થાપક સ્વ. ગિજુભાઈની ૬૭મી જયંતિ આવે છે. જ્યાં સંઘ સાથે જોડાયેલી બાલશિક્ષણ સંસ્થાઓ છે, ત્યાં સર્વત્ર ૧૫ મી નવેમ્બરથી શરૂ થતું અઠવાડિયું સ્વ. ગિજુભાઇ જયંતિ સપ્તાહ એ રીતે ઉજવવામાં આવે છે, સ્વ. ગિજુભાઇએ પોતાનું સમગ્ર જીવન બાલશિક્ષણના કાર્યમાં સમર્પણ કરેલું હોવાથી 'સ્વ. ગિજુભાઇ સપ્તાહ'ને નૂતન બાલશિક્ષણ સંઘે 'જયંતિ સપ્તાહ'નું સ્વરૂપ આપ્યું છે.

એ અઠવાડિયું બાલશિક્ષણના પ્રચારાર્થે બાળકોનું વ્યવસ્થિત સરઘસ કાઢવામાં આવે છે; કોઇ સ્થળે ગિજુભાઇના બાલસાહિત્યનું વિવિધ દર્શન કરાવનારું પ્રદર્શનો યોજવામાં આવે છે. કોઇ સ્થળે સ્વ. ગિજુભાઇના આત્માને અંજલી આપવામાં આવે છે; કોઇ ઠેકાણે વાલીઓ માટે, નાગરિકો માટે તથા શિક્ષકો માટે સભાઓ ભરીને બાલશિક્ષણના કાર્યને વેગ આપવામાં આવે છે. કોઇ ઠેકાણે સ્વ. ગિજુભાઇને પ્રિય એવા બાલ-શિક્ષણ અંગેના પ્રશ્નો સંબંધી જનતાને જાગૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

આ વર્ષે સ્વ. ગિજુભાઇએ સ્થાપેલા નૂતન બાલશિક્ષણ સંઘના રૌપ્ય મહોત્સવનું વર્ષ છે. ગયા માર્ચ મહીનાથી સંઘની જુદી જુદી શાખાઓ દ્વારા બાલશિક્ષણના પ્રચારાર્થે બાલશિક્ષણ નગરો, સભાઓ, વ્યાખ્યાનો, પ્રદર્શનો તથા સંસ્કારવર્ગ વગેરે રૂપે સંઘના રૌપ્ય મહોત્સવ કાર્ય-ક્રમની શરૂઆત થઇ છે. આવા પ્રચારકાર્યની સાથે બાલશિક્ષણના ફાળાનું કાર્ય પણ બધે ઠેકાણે શરૂ થઇ ગયું છે. સ્વ. ગિજુભાઇ અને તેમના સહ-કાર્યકર શ્રી. તારાબહેન મોડકે સ્થાપેલી બાલ-શિક્ષણની પ્રણાલિકાને વધુ સ્થાયી સ્વરૂપ આપવાની દૃષ્ટિથી સંઘના રૌપ્ય મહોત્સવના શુભ અવસર પર પાંચ લાખનો ફાળો ભેગો કરવાનું કાર્યકર્તાઓએ નક્કી કર્યું છે.

તો આ રીતે રૌપ્ય મહોત્સવના વર્ષમાં આવતો સ્વ. ગિજુભાઇ જયંતિ સપ્તાહ આ વર્ષના કાર્યક્રમને શોભે એવી રીતે સંઘની પ્રત્યેક શાખાએ, અને પ્રત્યેક સંસ્થાએ ઉજવવો જોઇએ— એવી સંઘના કાર્યકર્તાઓની સ્વાભાવિક ઇચ્છા થઇ છે. આ ઇચ્છાને અનુસરીને સંઘની મધ્યસ્થ રૌપ્ય મહોત્વ સંચાલન સમિતિએ "એક આના બાલ શિક્ષણ ફંડ" ની વિશાળ યોજના તૈયાર કરી છે અ. યોજના પ્રમાણે પ્રત્યેક શહેરમાંની તથા ગામડાની દરેક બાલ સંસ્થાએ સ્વ. ગિજુભાઇ જયંતિ સપ્તાહના કાર્યક્રમમાં નીચે પ્રમાણેનો કાર્યક્રમ યોજવો અને બાલશિક્ષણ નિધિને મદદ કરવી એવી વિનતિ છે.

પ્રત્યેક બાલશિક્ષણ સંસ્થાએ શકય હોય તો સપ્તાહ દરમિયાન દરરોજ સવારના, બાલમંદિરનાં પાંચ વર્ષની ઉપરનાં બાળકોની પ્રભાતફેરીઓ કાઢવી. આ પ્રભાતફેરીમાં થોડા મોટી વયનાં બાળકોએ પોતાની પાસેનું સંઘનું પ્રતીક પ્રભાત-ફેરી જોવા આવનાર પ્રેક્ષકોને આપીને, એક આનાની માગણી કરવી.

તેવી જ રીતે આખા દિવસ દરમ્યાન જયારે પણ સમય મળે ત્યારે પ્રતીકોની ચોપડી પાસે રાખીને જે વ્યકિત મળે તેની પાસેથી બાળશિક્ષણના ફાળા માટે એક આનાની માગણી કરવી. આવી રીતે પ્રત્યેક બાળકે પોતે ખપાવેલી પ્રતીકોનો હિસાબ પોતાની સંસ્થાના શિક્ષકોને આપવો.

બાલશિક્ષણનું પ્રતીક વેચવાનું કાર્ય ફકત બાલમંદિરોનુ જ નહિ, પણ શિક્ષણ સાથે સંબંધ ધરાવતી પ્રાથમિક, માધ્યમિક, અથવા ઉચ્ચ શિક્ષણ સંસ્થા પણ આ કાર્ય પોતાનું જ સમજીને આગળ ધપાવે. એ રીતે બાલશિક્ષણ કાર્યકર્તાઓએ બધી શિક્ષણ સંસ્થાઓનો સહકાર સાધવો. મોટી મોટી રકમોથી, શ્રીમંત વર્ગનો જેટલો સહકાર સંઘને મળશે તેટલો જોઇએ જ છે. પરંતુ આવી નાની રકમો દ્વારા થતા ફાળામાં બાળશિક્ષણનું

પ્રચાન કાર્ય વધુ વિસ્તૃત અને વ્યાપક પ્રમાણમાં થવાની શકયતા છે.

તેથી આ વખતના ગિજુભાઇ સપ્તાહમાં બાલશિક્ષણના ફાળાનું કાર્ય યશસ્વી કરવા માટે દરેક પ્રકારની શિક્ષણ સંસ્થાએ પોતાની મેળે આગળ આવવું. આ પ્રભાતફેરીમાં વહેંચવાની પ્રચારપત્રિકાઓ અને પ્રતિકોની ટુકડા માટે મંત્રી 'અ. શૈ. મહોત્સવ સંચાલન સમિતિ, ઓફીસ ફરનીશર્સ, ચોપાટી. મુંબઇ ૭ એ સરનામે માગણી કરવી. બાળશિક્ષણ ફાળા સંબંધીનું સર્વ સાહિત્ય દરેક સંસ્થાને ત્યાંથી પૂરું પાડવામાં આવશે. ગુજરાતી ભાષી દરેક બાલશિક્ષણ સંસ્થા નૂતન બાલશિક્ષણ સંઘ જેવી પ્રાદેશિક અને વ્યાપક રીતે બાલશિક્ષણનું કાર્ય કરતી સંસ્થાને મદદ કરવાનું શ્રેય લેશે એ દૃષ્ટિથી આ વિનતિ કરીએ છીએ.

તારાબહેન મોડક
કાન્તિલાલ કારિયા
મંત્રી,
નૂ. બા શિ સં. રૌ. મ.
સંચાલન સમિતિ.

મુંબઇના રૌપ્ય મહોત્સવો

બાર (૧)

મુંબઇ શાખાની રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિના ઉપક્રમે સાન્તાક્રુઝ, બાર અને વાંદરા વિભાગની શિક્ષણ સંસ્થાઓ અને નાગરિકોના સહકારથી મુંબઇના રૌપ્ય મહોત્સવનો પહેલો કાર્યક્રમ ઘોડબંદર રોડ પર આવેલી પ્યુપિલ્સ ઓન સ્કૂલ અને શારદા મંદિરના મકાનમાં યોજાયો હતો અને બાળનગર ગોઠવાયું હતું.

મુંબઇના પહેલા જ બાલશિક્ષણ નગરની ઉદ્‌ઘાટન ક્રિયા પ્યુપિલ્સ ઓન સ્કૂલના ચોગાનમાં તા. ૨૨-૯-૫૧ ને શનિવારના રોજ સવારના આઠ વાગે શાંતિનિકેતનના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. ગુરુદયાળ મલીકજીના વરદ હસ્તે થઇ હતી.

શરૂઆતમાં પ્રાર્થના બાદ સ્વાગત પ્રમુખ શ્રી છોટુભાઇ મારફતીયાએ સંઘનું અને પધારેલા નાગરિક ભાઇબહેનોનું સ્વાગત કર્યું હતું અને બાળકેળવણીની જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો. સંઘની સંચાલન સમિતિના પ્રમુખ શ્રી તારાબેન પ્રેમચંદે નૂતન બાલશિક્ષણ સંઘનો પચ્ચીસ વર્ષનો પરિચય ટૂંકમાં આપ્યો હતો અને સંઘનું કામ એ આપણા સૌનું કામ છે એમ જણાવી સંઘને જે રીતે મદદ કરી શકાય તે રીતે મદદ કરવા વિજ્ઞપ્તિ કરી હતી.

શ્રી શેષ નામલેભાઇએ નગરની રચનાનો પરિચય આપતાં જણાવ્યું હતું કે આપણે આપણાં નગરોના પ્લાન કરીએ છીએ પણ બાળકોનાં નગરોનો વિચાર કરતા નથી. આજ બાળકો આપણી પાસે આવાં નગરોની માગણી કરી રહ્યાં છે એટલે આપણે તે વિચારવું જ જોઇશે. નગરના દરેક ઓરડાની પ્રવૃત્તિઓનો સુંદર ચિતાર વાલીઓ સમક્ષ મૂકતાં જણાવ્યું હતું કે આ બાળકોનું નગર છે પણ સાચું તો વાલીઓનું શિક્ષણ છે.

ત્યારબાદ પ્રમુખશ્રીએ "નગર" ખુલ્લું મુકાયેલું જાહેર કરતાં જણાવ્યું હતું કે બાળકો પ્રત્યેની આપણી જવાબદારી અને આવતી કાલના બનનાર નાગરિકને સાચું શિક્ષણ આપવાની આપણી ફરજ આપણે અદા કરવી જોઇએ.

અંતમાં આભાર-વિધિ બાદ વંદેમાતરમ્ ગાઇ સૌ વિખરાયાં હતાં.

કાલબાદેવી (૨)

સ્વ. શ્રી. ગિજુભાઇ સ્થાપિત નૂતન બાળશિક્ષણ સંઘના રૌપ્ય મહોત્સવની ઉજવણી અંગે કાલબાદેવી, ભૂલેશ્વર અને વી. પી. રોડની શિક્ષણ સંસ્થાઓ અને નાગરિકોના સહકારથી જી. ટી. હાઇસ્કૂલમાં યોજાયલા બીજા બાળશિક્ષણ નગરની ઉદ્‌ઘાટન ક્રિયા હાલાઇ મહાજન વાડીમાં તા. ૨૮-૯-૫૧ ને શુક્રવારે સાંજના ૬ વાગે શ્રી.

— (અનુસંધાને કવરપેજ ૩ ઉપર)

આપણે આપણા

કોણ કહે છે એ રાક્ષસ છે !

ગામમાં કંઈ ચોરી થાય તો સૌ કહેઃ પેલો રાક્ષસ રાતના આવી ચોરી કરી જાય છે.'' ગામમાં ખૂન થાય તો સૌ કહેઃ ''પેલો રાક્ષસ જ અંધારે કાળું કામ કરી જાય છે.'' કોઈ લૂટાયું તો કહેશે, 'રાક્ષસે જ કર્યું.' કોઈએ એને નથી જોયો, નથી જાણ્યો અને બધાં જ એને ભૂત કહે છે, રાક્ષસ કહે છે.

ગોપાળ રોજ આ બધું સાંભળતો. રાત પડે કે જંગલમાં ચરરચૂરર ચૂરરચૂરર અવાજ આવે. લોકો કહે છેઃ ''રાક્ષસ ઊઠયો છે. એની ધમાલ શરૂ થઈ છે. સૌ સૂતાં હોય ત્યારે એ સૌને બીવરાવવા રાતના ઊઠે છે.

કોઈ કહે છેઃ 'એનાં દાત લાંબા છે.'
કોઈ કહે છેઃ 'એના બાલ લાંબા છે.'
કોઈ કહે છેઃ 'એના પગ ટૂંકા છે.'
કોઈ કહે છેઃ 'ધરતીથી વેંત જ એ ઊંચો છે.'

લોકો એને માટે જુદી જુદી વાતો કરે છે, ને ગોપાળ સાંભળે છે.

એક દિવસ ગોપાળ નક્કી કરે છે. હિંમત કરી હું જ એક વાર જઉં તો ખરો ને જોઉં તો ખરો, જાણું તો ખરો.

ગોપાળની મા ના પાડે છે.
ગોપાળના બાપા ના પાડે છે.

પણ ગોપાળ કહે છેઃ ''બાપુ, જુઓ તો ખરાં પેલા ધસમસતાં, વહેતાં ઝરણાં પર પાટિયા પુલ બની ગયાં. ત્યાં જ પેલા સોનિયાનો પગ લપસી પડયો ને મરી ગયો હતો ને ?

નદીમાં ઘોડાપર આવ્યાં ત્યારે તરાપા કોણે તરત બૂડી દીધા? જરા જોઈએ તો ખરાં એ કયાંથી આવે છે. ?

જંગલના ઝીક ઝાંખરામાં જતાં કાશીના છોકરાને સાપ કરડયો હતો. ત્યાર પછી જંગલમાં પગવાટ બની ગઈ એ કોણે કરી હશે !

તડકે માણસો તપી જતાં તો વચમાં કોઈએ એક નાની પરબડી

ભૂકી. આ બધું કંઈ થોડું રાક્ષસ કે ભૂત કરતો હશે ?

જરા જોઉં તો ખરો એ કોણ કરે છે ?

ગોપાલે હિંમત કરી. સાથે મશાલ રાખી. સાંજ પડી અને એ નીકળી જાય છે. સાંજની રાત થાય છે. ખાસ તારા નથી દેખાતા. ઝાડીમાંથી કંઈક અવાજ આવે છે. ગોપાળ પહેલાં તો ગભરાય છે. ઘડીક ભર એની હિંમત ચાલી જાય છે. પણ પાછો ટટ્ટાર થઈ જાય છે. હાથમાંની મશાલ સળગાવે છે.

પેલો વનવાસી, મશાલનું તેજ દેખી ઊંચું જુએ છે. તેને થાય છે કે આવા વખતે જંગલમાં કોણ આવ્યું છે.

'તું કોણ છે ! અહીં ક્યાંથી ?'

'હું તો પેલા ગામડેથી આવ્યો છું.તમને જ મળવા.''

''મને 'મળવા ?'' રોજ રાત્રે આ દિશામાંથી અવાજ આવે છે. વર્ષો થયાં લોકો કહે છે કે અહીં રાક્ષસ છે.. તે તમે જ છો ? તમારે માટે તો કેટલીય વાતો થાય છે. કોઈ કહે છે: ''તમે જાડા છો; કોઈ કહે છે તમે ટૂંકા છો. તમારા દાંત લાંબા છે.'' કંઈકેટલું કંઈક વાતો થાય છે. મને વિચાર આવ્યો છે કે જંગલમાં લાકડાં કાપવા જતા કઠિયારાઓ માટે આ પગવાટ કોણે કરી છે ? ધસમસતાં પાણી પર આ પાટિયા પૂલ કોણે કર્યો છે ? નદીના કાંઠા દેખાય નહીં ત્યારે તરાપા ને હોડી કોણે તરતાં મૂકયાં છે ? કોઈ જાણતું નથી કે આ કોણ કરે છે; મને થયું, જરા જોઉં તો ખરો !''

વનવાસીએ કહ્યું: હું જ રાત્રે આ બધું બનાવું છું. લાકડું દિવસે ભેગું કરું ને રાત્રે વહેરું છું. હું પણ તમારામાંનો જ માણસ છું. મારી હનુમાનની દેરી પાણીમાં તણાઈ ગઈ, તે દિવસથી મારું મન એકાએક દુનિયામાંથી ઊઠી ગયું છે. હું વર્ષોનો પૂજારી ને મારું જ મંદિર ગયું ! તે દિવસથી હું આ વનમાં વસું છું.

× × ×

ગોપાળ પાછો ગામમાં આવે છે. લોકો સાથે વાતો કરે છે. બધાં જ કૌતુકથી પૂછે છે: કોણ છે ? આ રાક્ષસ કોણ છે !

ગોપાળ કહે છે કે નથી એ રાક્ષસ; નથી એ ભૂત. આપણા જેવો જ એ માણસ છે. ગામ બહાર વસે છે, પણ ગામનો રખવાળ છે. હવે કોણ એને રાક્ષસ કહેશે !

કપિલા ઠાકોર

અમદાવાદ શાખા–સ્થાપના

તા. ૨૯–૯–૫૧ને શનિવારે અમદાવાદના બાળશિક્ષકો, સંચાલકો, સંઘ હિતેચ્છુઓની એક મિટિંગ શ્રી સરલાદેવી સારાભાઇના પ્રમુખપદે મળી હતી. જેમાં અમદાવાદમાં નૂતન–બાળશિક્ષણ સંઘની શાખા સ્થાપવાની વિચારણા કરવામાં આવી હતી. શરૂઆતમાં સંઘ–શાખા સ્થાપવામાં સંમતિ દર્શાવતા પત્રોના વાંચનમાં મુખ્ય પત્રો દાદાસાહેબ માવલંકર, શેઠ શ્રી કસ્તુરભાઇ, શેઠશ્રી નંદલાલ હરિદાસ, શ્રી ઠાકોરભાઇ અને શેઠશ્રી ચંદ્રકાંતભાઇ વ.

શ્રી સરલાદેવીએ સંઘ શાખાની જરૂરીઆત અને સ્થાનિક માગણી વિષેની સ્પષ્ટતા કરી બંધારણીય વિચારો રજૂ કર્યા હતા. ભાષામંત્રી શ્રી. શાંતિભાઇ રાવળે બંધારણનો એક મુસદ્દો સભ્યોને વાંચી સંભળાવ્યો હતો. નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૧. અમદાવાદમાં સંઘ શાખા સ્થાપવાનું આ સભા ઠરાવે છે, અને આ માટે એક બંધારણ સમિતિ નીચેના સભ્યોની નિમવામાં આવે છે.

શ્રી સરલાદેવી સારાભાઇ, શ્રી શેઠ માણેકલાલ મણિલાલ, શ્રી બાપાલાલ દલાલ, શ્રી વજુભાઇ દવે, શ્રી ડૉ. નાનુભાઇ દેસાઇ, શ્રી નાનશા ઠાકોર, શ્રી હરભાઇ ભટ્ટ, શ્રી પ્રતાપરાય પારેખ, શ્રી મહિપતભાઇ પટેલ, ધુમનબેન દેરાસરી, શ્રી મૃદુલાબેન શર્મા, શ્રી ઘનશ્યામભાઇ વ્યાસ, શ્રી યશસ્વતી બેન ભટ્ટ, શ્રી જટુભાઇ રાવળ, શ્રી શાંતિભાઇ રાવળ.

બંધારણનો મુસદ્દો તૈયાર કરવા માટે નીચેના સભ્યોની એક પેટા સમિતિ નીમવામાં આવે છે.

શ્રી શાંતિભાઈ રાવળ, શ્રી યશસ્વતીબેન ભટ્ટ, શ્રી બાપાલાલ દલાલ, શ્રી હરભાઇ ભટ્ટ, અને શ્રી કલાવતી બેન કવિ છે.

ઠરાવ ૨ જો : તા. ૭–૧૦–૫૧ ના રોજ બંધારણ સમિતિ, પેટા સમિતિએ તૈયાર કરેલ મુસદ્દાનું વાંચન કરી સુધારા વધારા સાથે તા. ૨૧–૧૦–૫૧ ના રોજ મળનાર સામાન્ય સભામાં રજૂ કરશે.

(અનુસંધાન પાના ૧૪ નું ચાલુ)

શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયે 'નગર'નો પરિચય આપતાં જણાવ્યું હતું કે બાળકોમાં છૂપાયલી શક્તિનું સ્પષ્ટ દર્શન 'નગર' જનતાને આપે છે. બીજા વક્તાઓએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

અંતમાં પ્રમુખશ્રીએ 'નગર' ખુદ્દલું મૂકાયલું જાહેર કરતાં જણાવ્યું હતું કે નવી પેઢીના વિકાસ માટે જનતાએ અને ખાસ કરીને માબાપોએ પોતાના ચારિત્ર માટે સજાગ રહેવું પડશે.

અંતમાં આભાર વિધિ અને વંદેમાતરમ્ બાદ સૌ વિખરાયાં હતાં.

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

[સ્થાપના : ૧૯૨૧]

હેડ ઓફિસ : ૧૬, એપોલો સ્ટ્રીટ ફોર્ટ, મુંબઇ

શાખાઓ : અમદાવાદ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ અને ઇંદોર

દરેક જાતના ઉદ્યોગો માટે

કેમિકલ્સ, ટેક્સટાઇલ, ડાઇઝ, મીલ સ્ટોર્સ, સાયઝીંગ મટીરીઅલ, સલ્ફર્સ, ફર્ટીલાઇઝર્સના હિંદુસ્તાનના સૌથી મોટા અને ભરોસાપાત્ર ઇમ્પોર્ટર્સ અને સ્ટોકિસ્ટસ

ટેલીગ્રામ્સ : "અનીબાલા, મુંબઇ" ટેલિફોન : ૨૧૮૯૯/૨૪૩૬૬

Regd. No. 2241.

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડી એ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક

×—◯—×

આજે જ પધારો

શ્રી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઈ નં. ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઇ–દરિયાઇ–રેલ્વેની
પરદેશની મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી વીગતો,

અમારે ત્યાંથી

મેસર્સ લી. એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જોય્ંદ–તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

શિક્ષણ–પત્રિકાના
—ખાસ અંકો—

સંઘના પચીસ વર્ષના કામનો રસિક
ઇતિહાસ રજૂ કરતી પરિચય–પત્રિકા
આઠ આના

☆

બાળકોને માટે સુંદર સાહિત્ય
રજૂ કરતો **'બાળક અંક'**
આઠ આના
– લખો –
'શિક્ષણ–પત્રિકા' કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬.

આગ–અકસ્માત–જિંદગી

મોટર: દરિયાઇ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું :
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે લેખી સાહિત્ય
મગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુ. કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫–૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ,
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બાબીબેન મૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ–૬
મુદ્રણ–સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી,, ગામદેવી, મુંબઇ–૭.

ઘર શાળા સંબંધ

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૬ નવેમ્બર–૧૯૫૧ અંક : ૧૧

સર્વના મિત્ર,

: ગિજુભાઇ :

: આદ્યતંત્રી :

ગિજુભાઇ બધેકા

બાળકો જ છે

જગતના સાચા ઘડવૈયા

શિક્ષકોને

આપણે શિક્ષકો એટલે અધ્યયન–અધ્યાપન કાર્યના પુરાણકાલીન ઋષિ મુનિઓના વંશજો. આપણો ધ્યેય ત્યાગ અને પ્રેમ હોય. આપણો વિચાર શુદ્ધ ને ઉદાત્ત હોય.

આપણે દુનિયાને જીવનનો માર્ગ બતાવવાનો છે; નહિ કે આપણે દુનિયાના જીવનને પગલે ચાલવાનુ છે. આપણે દુનિયાની વિટંબનાથી ગૂંગળાયા વગર દુનિયાને તમાંથી મુક્ત કરવાની છે.

ગિજુભાઈ

: સંપાદક :

તારાબેન મોડક

: સહસંપાદક :

જમુભાઇ હાણી



વાર્ષિક લવાજમ : ચાર રૂપિયા

છૂટક નકલ : છ આના

ચાનુ ક મણિ કા

૧. ગિજુભાઈની ચાધના ... જમુભાઇ દાણી
૨. જેલમાં જઈશ તો ... તારાબેન
૩. પૂર્વ પ્રાથમિક સંસ્થા ... શેત્ર નામલે
૪. વર્ગોની સાઠમારીના મૂળમાં ... ગો. યાજ્ઞિક
૫. એ અખતરો સફળ થયો ... પૂનમચંદ
૬. બાળશિક્ષણ જયંતિ સપ્તાહ... નામલે.
૭. રૌપ્ય મહોત્સવ ખપરો ... વિહારી.

બાળ વિભાગ

૧. પાનાં વિનાની ચોપડી ... કપિલા ઠાકોર

તંત્રીની નોંધ

બાલશિક્ષણ જયંતિ સપ્તાહ: સદ્‌ગત ગિજુભાઇની જયંતિ અંગેનું સપ્તાહ આ વર્ષે નવા ઉત્સાહથી અને ઉલ્લાસથી ઉજવાય એ જરૂરી છે. સંઘની રૌપ્ય મ. સં. સમિતિએ નવેમ્બરની તા. ૧૫ થી ૨૨ સુધીનું સપ્તાહ, હિંદ ભરમાં "બાલશિક્ષણ જયંતિ સપ્તાહ" રૂપે ઉજવાય એમ આદેશ આપ્યો છે. આ સપ્તાહની ઉજવણી એટલે બાળશિક્ષણ ક્ષેત્રમાંના ગિજુભાઇના કાર્યની ઉજવણી; એમણે કરેલા કાર્યને માટેની આપણી પ્રેમાંજલિ; નવાં કામોને માટેની રૂપરેખાનો દિવસ; સંઘનાં અધૂરાં સ્વપ્નાંને સિદ્ધિને પંથે આણવાનો પ્રસંગ.

સઘે બાળકોનો સંઘ પણ ઇચ્છયો છે એ સુંદર વાત છે. મોટાઓ નથી કરી શકયા તે કદાચ બાળકોનો વિશાળ સમુદાય ધારે તો સાધ્ય કરી શકશે. સંઘે પાંચ લાખની ટહેલ નાખી છે; બાળમંડળી મંડશે તો પાંચ હજાર શા-વિસાતમાં! પણ આપણા અંતરમાં હશે તેવો જે ઉત્સાહ બાળકોમાં પ્રગટશે. સંઘની પચ્ચીસીના આ મંગળ વર્ષમાં આપણે જાનતું અજાણતું કરી છૂટીએ એટલું જ બસ છે.

મુંબઈની શિક્ષણ પરિષદ: ગયે માસે મુંબઇને આંગણે અખિલ હિંદ શિક્ષણ પરિષદની ૨૬મી બેઠક ભરાઇ ગઇ. ડો. અમરનાથ ઝા, આચાર્ય નરેન્દ્ર દેવ, શ્રી બળા સાહેબ ખેર વગેરેના પ્રવચનો સુંદર અને પ્રેરક હતાં. શિક્ષકોનું સ્થાન, સરકારમાં અને સમાજમાં ગૌરવભર્યું રહે, એ વસ્તુ પણ સ્પષ્ટ રીતે સ્વીકારાઇ. હેગીંગગાર્ડન પરના પાર્કમાં મેયર સાહેબે શિક્ષકોને જ આમંત્ર્યા અને સન્માન્યા. વિભાગીય પરિષદોએ પોત પોતાના પ્રશ્નોની તલસ્પર્શી છણાવટ કરી પરિષદ સફળ થઇ–પણ જીવનના પાયાની–બાળશિક્ષણની વાતને જેટલું અને જેવું સ્થાન જોઇએ એવું હતું ખરું! શિક્ષણક્ષેત્રમાં નવો પ્રયોગ કરનાર ત્રણ જ આ કયાં!!

સંઘનિધિ:

રૌપ્ય મહોત્સવ વર્ષનો અડધો કાળ પૂરો થઇ ગયો છે અને છતાં પાંચ લાખની નિધિ-ટહેલમાં શું! અહીં તહીં છૂટા પ્રયાસો થઇ રહ્યા છે પણ એટલેથી કાંઇ ચાલશે! રૌપ્ય મહોત્સવ સંચાલન સમિતિની વિનતિ છે કે સંઘના સભ્યો અને બાળશિક્ષણમાં રસ લેતા સૌ ભાઇ-બેન જ્યાં હોય ત્યાં. નાના કે મોટા સ્વરૂપમાં શકય તેટલો બધો પ્રયાસ કરે અને સંઘના કાર્યમાં સ્નેહભર્યો સહકાર આપે.

જ્ય૦

સંઘનિધિની કોથળી એક વર્ષ સુધી ખુલ્લી રાખી છે.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૬ : અંક ૧૧] મુંબઈ [નવેમ્બર, ૧૯૫૧

ગિજુભાઇની સાધના

આજકાલ કરતાં ગિજુભાઇના સ્થૂળ દેહને ગયાને બાર વર્ષ પૂરાં થયાં છે. આ વર્ષે ગિજુભાઇએ શરૂ કરેલ નૂતન બાલશિક્ષણ સંઘનું રૌપ્ય મહોત્સવ પર્વ ચાલી રહ્યું છે. આ માસમાં આપણે **'અખિલહિંદ ગિજુભાઇ બાળાંશક્ષણ સપ્તાહ'** ઉજવવાના છીએ. આપણા આ કાર્યક્રમો માત્ર પ્રાસંગિક જ ન બને એ જોવાની જવાબદારી આપણી છે.

ગિજુભાઇ જીવતી જાગતી **તપસ્વી** વ્યકિત હતા. સંસારની વચ્ચે રહેતાં પણ સંન્યાસીનું એનું જીવન હતું એમણે બાળશિક્ષણ માટે નથી જોઇ રાત કે નથી જોયા દિવસ. અખંડ સેવા કાર્ય એ એના રોમેરોમમાં વણાયેલુ હતું.

એમણે એકલે હાથે અને પ્રારંભિક મુશ્કેલીઓ વચ્ચે ઊભા રહી જે કર્યું છે એટલું ય, આપણે સૌ સાથે મળીને ય ભાગ્યે જ કરી શકીએ એટલું વિશાળ અને સંગીન છે. એ સાધક હતા. એમની ચિરસાધના આપણે કાંઇક પણ ઝીલીશું ?

નાનો કે મોટો, અભણ કે સાક્ષર, રાય કે રંક–એમને મન સમાન હતા. સૌ પ્રત્યેનો એમનો આદર સ્વાભાવિક હતો. આંગણે આવેલાનું એ એક સરખા ભાવે સન્માન કરતા. ગિજુભાઇ એમ સમદૃષ્ટા હતા.

એમના જીવનમાં એક જાદુ એ હતું કે એ તન તોડી કાર્ય કરતા એમ, આજુબાજુના સૌમા એવી જ ધગશ, એમના સામીપ્યમાં તો એ પ્રગટાવતાં, પચીસપચાસ જણ પાસેથી એકી સાથે કામ લેવાની દક્ષતા એમનામાં હતી, તેઓ એક સિધ્ધ કાર્યદક્ષ હતા.

એમનું હૈયું બાલપ્રેમી હતું. બાલકના વિચારે જ રંગાયેલ થોડી વિશ્વ–વ્યકિતઓમાં આપણે એમને મૂકી શકીએ. એમની એ ધેલછાએ એમણે અનેકને રંગ્યા ન હોત તો સંઘનું આજે પથરાયું છે તે કાર્ય ભાગ્યે જ થઇ શકયું હોત. ગિજુભાઇ **બાલઘેલા** હતા.

વાર્તાઓ કે જોડકણાં, વ્યાખ્યાનો કે લેખો, પાઠો કે પ્રવચનો—સૌ એમની કલમમાંથી વિના પ્રયાસે શબ્દસ્વરૂપ લેતું. બાલસાહિત્યમાં એ બાલ ભાષા મૂકતા; માબાપોને અપાતાં પ્રવચનોમાં અનુભવનો અર્ક ઠાલવતા; લેખોમાં એ જ્ઞાનની જ્યોતિ દાખવતા. ગિજુભાઇ કુશળ લેખક હતા.

શિક્ષણની દૃષ્ટિ અને એના પ્રશ્નોના ઉકેલ એમને આપો આપ પ્રગટતા. ડો. મોન્ટેસોરીની શિક્ષણપધ્ધતિને એમણે પોતાની પધ્ધતિ બનાવી દીધી હતી. હિંદને અનુરૂપ એવા આવશ્યક ફેરફારો પણ એણે શરૂ કર્યા હતા. શ્રી. કાકાસાહેબે કહ્યું છે તેમ બાળકેળવણીની ગિજુભાઇની પધ્ધતિ એમની પોતાની હતી. તેઓ આવા એક શિક્ષણવિશારદ હતા.

ગિજુભાઇને જ્ઞાનની જડતા સ્પર્શી શકી ન હતી. યંત્રવાદ એમને કઠોર બનાવી શકયો ન હતો. એમનુ હૈયું સાદુ અને સરળ, પ્રેમાળ હતુ. અનેકનાં કૌટુમ્બિક અને વ્યાવહારિક દુઃખોની કથા એ સાંભળતા અને માર્ગ દાખવતા સૌને એ પોતાના

બાલશિક્ષણની સેવાર્થી ગિજુભાઇને અંજલિ આપો.

'આત્મજન' લાગતા. ગિજુભાઇ એવા હુમદર્દી હતા.

બાળક અને વડીલો તથા શિક્ષકો વચ્ચે પડેલા જુગજૂના અંતરને ગિજુભાઇએ તોડી નાખ્યુ. એ બાળકોની સાથે નાચ્યા, કૂદ્યા, ગાયું અને ગવરાવ્યું. નાટકો કર્યાં અને બાળકોમાં રહેલું કંઇ કંઈ સુંદર પ્રગટાવ્યું. સામી વ્યક્તિમાંથી સર્વોત્તમને પ્રગટાવે એવા ગિજુભાઇ એક વિરલ કલાકાર હતા.

સમાજને, શિક્ષણ રસિકોને, માબાપોને, શિક્ષકોને, બાળકોને સર્વ કોઇને માટે ગિજુભાઇનું જીવન અને કાર્ય તથા સંદેશ એક મહાન પથ દર્શક બન્યા છે ગિજુભાઇએ એમના જીવનથી પ્રગટાવેલો એ જ્યોતિ અખંડ પ્રજ્વળતો રહો. અને આપણે સૌ એનો પ્રકાશ ઝીલી, બાળશિક્ષણની સાધવામાં નવા વેગ, ઉત્સાહ અને પ્રેરણાથી આગળ ધપીએ. ગિજુભાઇનું કાય અમર છે; આપણો અમર પ્રેરણા આપણે એમાંથી પામીએ.

જયુભાઈ દાણી

હું જેલમાં જઈશ તો મને ખૂબ ગમશે!

પોલિસે આજે એક બાળકને મારી પાસે મોકલ્યું. તે એક બાળ ગુન્હેગાર હોવાથી કોર્ટે તેને મારી પાસે મોકલવાનો આદેશ આપ્યો હતો. બાળકને પકડવામાં આવ્યું ત્યારે તેના મોઢા પર એક પ્રકારનું સમાધાન દેખાતું હતું. તેના મોઢામાંથી શબ્દો નિકળ્યા: "હવે મારી બાને સારું લાગશે. હું જેલમાં જઈશ તો તેને આનંદ થશે."

મેં બાળક સામું જોયું. બાળક દેખાવે રૂપાળું હતું તેના ચહેરા પર નિશ્ચય અને આનંદના ભાવ પ્રકટ થએલા દેખાતા હતા. તેને લઇને મારી ઉપચાર રૂમમાં આવી અને તેની સાથે મેં વાતો શરૂ કરી. બાળક ખૂબ જ સભ્યતાથી અને સારી રીતે વાતો કરતું હતું.

આ બાળકે ચોરીઓ કરી હશે અને તે કોઇ એવી જ ટોળકીનો નાયક હશે એવું, તેને જોઇને કોઇને પણ સાચું લાગ્યું ન હોત; પણ પોલિસે તો એ જ ગુન્હાઓ માટે તેને કોર્ટ આગળ રજૂ કર્યું હતું અને પછી તેને મારી પાસે મોકલવામાં આવ્યું હતું. તેની સાથે વાતો કરીને મેં તેને તેના ઘરે મોકલ્યું અને બીજે દિવસે મને મળવાનું કહ્યું.

મેં તે બાળકની માને મળવા માટે બોલાવી. તેની પાસેથી બાળકના કુટુંબની બધી વીગતો મેળવી લીધી. આ બુધ્ધિવાન અને સમજુ હતી અને તેથી જ આ બાળક મારી સલાહથી સુધરી શકયું. માએ બાળકની બાબતમાં જે હકીકત રજૂ કરી તે નીચે મુજબ હતી.

આ કુટુંબ સાધારણ સારી સ્થિતિનું ગણાય. રહેવા માટે છ ઓરડાઓ તેઓ વાપરતા હતા. ઘરમાં પતિપત્ની અને ત્રણ બાળકો. પહેલું અને મારી પાસે આવેલું બાળક બાર વર્ષનું, બીજું ચાર વર્ષનું અને ત્રીજું દોઢ વર્ષનું. પિતા કુશળ કારીગર પણ સહેજ અબોલ અને દારુડિયો હતો. માતા બુદ્ધિમાન, ભણેલી પણ સ્વભાવે કડક અને ક્રોધી લાગી.

પહેલું બાળક આવ્યું ત્યારે પહેલા જ વર્ષમાં માતાને ન્યુમોનિયા થએલો અને પછી તે ઘણી જ અશકત બનેલી. બાળકની તંદુરસ્તી સારી હોવાથી તેને બહુ સંભાળવાની જરૂર જણાઇ નહિ. તે વખતે બાળકની દાદીમા ઘરમાં હતાં અને તે જ આ બાળકનું બધું કરતાં. દાદીમા બાળકને જે લાડ કરતા તે માતાને ગમતું ન હતું. એને લાગતું કે અત્યારે આ ઉંમરમાં જ બાળકને ખરા શિસ્તે લગાડી શકાય. તેથી માતા અને બાળકના દાદીમા વચ્ચે મતભેદ અને ખટરાગ જામતો પરંતુ માતા પોતે અશકત હોવાથી બાળકની સંભાળનું કામ તેનાથી ન થતું. એ રીતે પ્રેમ

વધારવાનું કામ દાદીમા કરતાં અને માતા બાળકને કેવળ શિસ્તમાં રાખવા પ્રયત્ન કરતી.

બાળક ત્રણ વર્ષનું થયું અને તેનું "ના–ના" કહેવાનું વલણ દેખાવા લાગ્યું. કંઈ કામ કરવાનું કહીએ કે તે ના જ કહે અને જે ન કરવાનું હોય તે કરવાની જ હઠ લે. માતાએ ઘણા કડક ઉપાયો યોજ્યા. બાળકે ઘણો માર ખાધો પણ કંઈ સુધારો થયો નહિ. એની પથારી ભીની કરવાની ટેવ તે સાત વર્ષનો થયો ત્યાં સુધી ગઈ નહિ. બીજી બાબતોમાં એક ટેવ જાય ત્યારે એના કરતાં વધારે ખરાબ ટેવ દેખાતી. સાત વર્ષનો થયો ત્યારે તેને એક ભાઈ આવ્યો. તેથી તો તેનું મગજ વધારે બગડયું. તે ચોરીઓ કરવા લાગ્યો. સીગરેટ, ઘડિયાળ વગેરેની તે ચોરીઓ કરતો. હસ્ત–મૈથુનની પણ ટેવ તેને પડી. માના ધ્યાનમાં આ વાત આવી ત્યારે તેણે તેની ઈન્દ્રિય કાપી નાખવાની ધાક આપી.

તેને શાળામાં મૂકવામાં આવ્યો. અભ્યાસમાં તે હોશિયાર હતો. તેનો બુધ્ધિ–અંક ૧૨૫ હતો. પરંતુ શિક્ષકોની તેની સામે હમેશ ફરિયાદ રહેતી. બીજાં બાળકોને તે હેરાન કરતો. તે તોફાન કરતો ને બધાં ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કરતો. શિક્ષકની ફરિયાદ આવે ત્યારે મા બહુ ગુસ્સે થાય અને તેને મારે પણ તેની કંઈ અસર થતી નહિ.

દિવસે દિવસે તેનો સ્વભાવ વધારે વિચિત્ર થતો ગયો. તેને કઈ રીતે સુધારવો, તેની કોઈને સમજ પડતી ન હતી. શિક્ષકે સલાહ આપી કે તે જ્યારે તોફાન કરે ત્યારે તેને ઊંધવા મોકલવો તેની પણ કંઈ અસર ન થઈ.

તેનું તોફાન અને વિચિત્રપણું વધતું જ ગયું. તે નખ કરડતો, વાળ ખેંચતો, અને મા માટે જરા પણ પ્રેમ નથી એવું બતાવતો. હંમેશ ગળ્યું ખાવા માગતો; માને ઠીક ન લાગતું. કોઈ પ્રાણીની ઉપર ક્રૂરતા બતાવે તે એને ગમતું નહિ. કૂતરાને અથવા ઘોડાને કોઇ મારે તો તે રડવા લાગતો, પણ આવું રડવું તે કોઇને બતાવતો નહિ

આગળ જતાં તેને ફીટસ આવવા મંડી. ફીટ આવે એટલે તે બધી વસ્તુઓ ફેંકવા લાગે. આવી અનેક વિચિત્ર બાબતો તે કરતો

બાઇબલની સારા માણસોની વાતો કોઇ કહેવા માંડે કે તે એટલું વિચિત્ર અને ગંદું બોલે કે બીજાં બાળકો હસતા અને શિક્ષકો ગુસ્સે થતાં. સાધારણ રીતે તે બરાબ છોકરો છે એમ કહેવાતું.

આજ આરસામાં તેને ચોરી કરતાં પકડયો અને કોર્ટમાં તેને, ટોળીનો નાયક છે એમ કહીને ઊભો કર્યો.

ઉપચાર

મારી પાસે તે બીજે દિવસે આવ્યો. હું તેને રમવાના ઓરડામાં લઈ ગઈ અને મેં તેને રમકડાંનું કબાટ બતાવ્યું, અને એમાંથી જે ગમે તે લઈને રમવાનું મેં એને કહ્યું. હું તેની સાથે હસીને વાતો કરતી હતી. તેની એને બૂબ નવાઈ લાગી.

તે તરત જ રમવા મંડી પડયો. તેની છ રમતોમાં તેના મનનું રહસ્ય બહાર આવ્યું. તે રમતો નીચે પ્રમાણે છે.

પહેલી રમત રેતીની ટ્રેની વચ્ચોવચ્ચ તેણે મંદિર મૂકયું. મંદિરના ચારે ખૂણે ચાર તોપો, મંદિર સામે મોઢું કરીને મૂકી. પછી એક નર્સ જેવી દેખાતી ઢીંગલી લઈને તેને પેલી ચાર તોપોની બાજુએ ફેરવી. તે વખતે બડબડતો હતો "આ તોપોના ગોળાઓ હું છટવા દઈશ નહિ; અટકાવી રાખીશ." પછી તે જરા વિચિત્ર રીતે હસ્યો. કબાટ પાસે જઈ તેણે બીજાં રમકડાં જોયાં, અને એણે રમત છોડી દીધી.

ગિજુભાઇની બધા શિ. પ. ના ગ્રાહકો વધારો.

બીજી રમત : બીજી રમત વેળા તે બેપરવાઈ બતાવતો આવ્યો ને આવતાંની સાથે તુચ્છતાથી હસ્યો. તરત કબાટ પાસે જઈને તેણે એક કદરૂપામાં કદરૂપા મોઢાની ઢીંગલી લીધી અને તેને એક સિંહ ઉપર બેસાડીને એણે એ બન્ને જણને પાટિયા ઉપર એવી રીતે નચાવ્યા કે જાણે તે કોઈને શિક્ષા કરે છે. સાથે બબડતો હતો કે આ જુઓ આ સિંહને પાળનારી આવી આવી રીતે એણે થોડો વખત કર્યું. પછી એક ઠેકાણે તેણે ફાંસીનો માંચડો ઊભો કર્યો. ત્યાં પેલી કદરૂપી ઢીંગલીને લઈ ગયો પણ આગળ કંઈજ ન કરતાં તેણે તેને ફેંકી દીધી અને રમત છોડીને બીજે ઠેકાણે ગયો.

ત્રીજી રમત : આ વખતે આવ્યો ત્યારે બૂબ સભ્યતાથી એણે મને નમસ્કાર કર્યા અને મને કહ્યું, એક સુંદર કલ્પના આવી છે. તેણે ટ્રેમાં નૃત્ય માટે એક ખુલ્લી હવા-વાળી જગ્યા તૈયાર કરી, અને આજુ બાજુ સુંદર વૃક્ષો ગોઠવ્યાં. પછી તેણે ત્રણ યુગલો નાચતાં હોય એમ ગોઠવ્યા પણ ટ્રેના એક ખૂણામાં બે આગના બબા લાવીને મૂક્યા, અને બોલ્યો રહેવા દે એ અહીંઆ; કોઈ આગ લગાડે તો બંબા જોઈશે.'

ચોથી રમત: આ સમયે તેણે વાઘ લીધો અને ટ્રેમાં મૂક્યો, અને બોલ્યો: આ સર્કસમાંથી ભાગી આવ્યો છે; પછી નર્સને તેની પાસે ગોઠવી અને ફરી બબડ્યો; આ પ્રાણી માત્ર પર દયા કરનારી છે અને તે વાઘ સાથે સારી રીતે વર્તે છે. કારણ વાઘ કેટલો ભયંકર છે તેની નર્સને બબર નથી."

પાંચમી રમત : રેતીના રણમાંની ફળદ્રુપ અને પાણીવાળી જગા તૈયાર કરી. તેમાં એક સ્ત્રી અને પુરુષ ગોઠવ્યાં. આજુ બાજુ બૂબ હિંસક જનાવરો ગોઠવ્યાં તેમાં વાઘ પાસે એક વાઘનું બચ્ચું મૂક્યું અને સ્વગત બબડ્યો : તે બિચારો એકલો છે, બૂણામાં એક સંરક્ષક ટોળી તે ફળદ્રુપ ભાગ તરફ જતી હોય એ રીતે ગોઠવી.

છઠ્ઠી રમત : ટ્રેમાં ફરીથી, પહેલું મંદિર ગોઠવ્યુ એક બોંબર વિમાન લીધું અને તેને એ મંદિર ઉપર ઉડાવ્યું, અને છેવટે મંદિર આગળ રેતીમાં તેને પાડ્યું અને મોઢુ રેતીમાં ઘુસાડી દીધુ, તે વખતે તે બૂબ જ દુઃખી જણાયો; પણ પછી તે ત્યાંથી ઊઠ્યો અને બોલ્યો હ...ટ હ...ટ આવી બરાબ રમત મારે નથી રમવી' અને અસ્વસ્થ-પણે તે ચાલી ગયો.

હવે એના જીવનની મુશ્કેલીઓ સંપૂર્ણરીતે મારા ધ્યાનમાં આવી. પહેલી વાત તો એ કે અર્ભકાવસ્થામાં માતા અને પિતા તરફ જે કૌટુંબિક સંબંધ યોગ્ય રીતે બંધાયો નહોતો તેની મુખ્ય અડચણ એ હતી કે તે ભાવનાપ્રધાન હોઈ તેને ભાવનાત્મક સંતોષ મળ્યો નહોતો. આથી તે બીજી અનેક રીતે સંતોષ મેળવવાનો પ્રયત્ન કરતો હતો.

જેને Substitute Satisfaction કહેવાય એટલે કે સાચા સંતોષને બદલે સંતોષ મેળવવા માટે કંઈક બીજું કરવા તરફ તે સ્વભાવિક રીતે વળ્યો. નખ કરડવા, પથારી બગાડવી અને છેવટે હસ્ત-મૈથુન. વગેરે બધા પ્રકારો ભાવનાત્મક અસંતોષ દબાવીને, સંતોષ મેળવવા માટે તે કરતો.

માતા પાસેથી ભાવનાનો પરિપોષ તો થયો જ નહોતો; પણ એનાથી વિરુદ્ધ કડક શિસ્ત માટે તે જે ઉપાય કરતી તેથી, તેની ભાવના વધુ દબાતી અને તેથી તેની આક્રમણશીલતા વધી. આનું નિદર્શન તે ઘણી વાર માને ત્રાસ થાય એવી બાબતો કરીને, અથવા ઘણીવાર અન્યને અને એમાં પણ બાસ કરીને શિક્ષકને તથા અન્ય બાળકોને ત્રાસ થાય એવી રીતે વર્તતો.

માને તેનું આ આક્રમક વર્તન ઘણું અસહ્ય થઈ પડતું. તેથી તે વધુ ને વધુ કડક ઉપાયો યોજતી. તે બૂબ જ જીદ્દી તથા હઠીલો છે એમ

સમજીને તે તેને સુધાર૧ા માટે જે ઉપાય કરતી તેના દ્વારા તેના મનમાં ઘર કરી ગયેલો અસંતોષ વધુ ગાઢ બનતો. આટલું જ નહિ તો આગળ ઉપર તેને પોતાના ગુન્હેગારીપણાની જાણ થવા લાગી; અને પોતે ખરાબ છે એનું ભાન થવા લાગ્યું. એટલે Guilt Sense ગુન્હાની ભાવના વધવા લાગી અને પેલી ત્રાસ આપવાની મનોભાવનાનો પ્રતિકાર, તે ગુન્હેગાર બનવાનો પ્રયત્ન કરીને કરવા લાગ્યો. પણ પોલિસે પકડયો તેની સાથે કરેલો તેનો ઉદ્‌ગાર ધ્યાનમાં લેવા જેવો છે. તે બધા પ્રકારનું ખરાબ વર્તન માને ત્રાસ આપવા માટે કરતો હતો, અને માને ત્રાસ આપવાનું કારણ તેની તરફથી, જોઈતો ભાવનાત્મક સંતોષ તેને મળતો નહોતો તે હતું. તેની રમતોમાં પણ આ જ દેખાઈ આવતું હતું, કે તેના જીવનની મુખ્ય અડચણ તેની મા પરત્વેના સંબંધની જ હતી.

હવે તેની સર્વ રમતો તપાસીને જોઈએ. મેં તેનો અર્થ નીચે પ્રમાણે કર્યો. પહેલી જ રમતમાં ચર્ચને તેણે મધ્યભાગમાં મૂકયું. ચર્ચ એ ઘણું ખરું માનું જ પ્રતીક (symbol) હોય છે. તોપના ગોળા એટલે પોતાની આક્રમણ કરવાની ઇચ્છા, અને નર્સ એ મા પર આક્રમણ કરવું નહિ એવું વ્યકત કરનારું એનું પોતાનું મન હતું; અને રમતોમાં તે જ આક્રમણ અટકાવતી.

બીજી રમતમાંની કદરૂપી સ્ત્રી એટલે એની માનું પ્રતીક. સિંહ એટલે તે પોતે, અને પોતે સિંહ હોઈને પણ તેની મા તેને કેવી ક્રૂર રીતે દાબમાં રાખે છે, તે રમીને બતાવ્યું. તે સમયે તેની પોતાની આક્રમણ કરવાની ઇચ્છા પણ દેખાઈ. તે પોતાની માને ક્રૂર સ્ત્રીને ફાંસીના માંચડા તરફ લઇ ગયો. પછી તેને ફેંકી દીધી, કારણ તેનું પોતાનું મન આવી ઇચ્છા દાબી દેતું હતું.

ત્રીજી રમતમાં તેણે પોતાની ઇચ્છા સંતોષી લીધી. બધી મુશ્કેલીઓ દૂર થઇ ને મા અને તેની પોતાની વચ્ચેનો સંબંધ પોતાને ગમે એવો મિત્રાચારી ભર્યો થયો છે એવી કલ્પના કરી આટલું જ નહિ તો તે સંબંધ કાયમ રહે માટે સંરક્ષણાત્મક યોજના કરી. આગ લાગે તે ઓલવવા માટે બે આગના બંબા ગોઠવ્યા. એ પોતાની આક્રમણ કરવાની ઇચ્છાની આડે આવતી મુશ્કેલીઓનો સામનો કરવા માટેનાં સાધનો હતાં.

ચોથી રમતમાં એ જ ઇચ્છા પૂર્ણ કરવા માટેની રમત ચાલુ હતી. આ રમતમાં માને નર્સ બનાવી અને તેની અને વાઘની મૈત્રી થઈ છે અને તે પ્રાણીઓ પર દયા કરનારી છે એવી કલ્પના કરી છે.

આગળની રમતમાં આવી ઇચ્છેલા તથા કલ્પના દ્વારા ઉપસ્થિત કરેલી તેની તથા તેના માના સુમેળની સ્થિતિ ફરીને બગડશે કે શું એ સંબંધી ચિંતા વ્યકત થયેલી છે. "વાઘનું બચ્ચું બિચારું એકલું છે!" એમ કહીને સંરક્ષણ માટે સંરક્ષક ટોળી (Rescue Party) ગોઠવી.

છેલ્લી રમતમાં મા અને પોતાની આક્રમકવૃત્તિ એ બન્નેનાં જ પ્રતીકો ચર્ચ અને બૉંબર બતાવ્યાં અને છેવટે બૉંબર ચર્ચ આગળ નીચે પડે છે અને તેનું માથું રેતીમાં ઘૂસી જાય છે. એટલે પોતાની આક્રમકવૃત્તિ પર પોતાના મને પૂર્ણપણે વિજય મેળવ્યો છે એમ વ્યકત થાય છે. પરંતુ આખરે આ બધી કલ્પનાની જ રમતો છે એમ એના ધ્યાનમાં આવે છે આવું સાચું કયાં છે એવી ખબર પડવાથી તે અસ્વસ્થ થાય છે અને આવી અર્થહીન રમતો નથી રમવી એમ કહીને તે રમત છોડીને જતો રહે છે.

આ બધું થતાં સુધીમાં તેણે પોતાની માની જગ્યાએ પોતાના મનમાં મારી મૂર્તિની સ્થાપના કરી હતી. તેથી તેની આક્રમણવૃત્તિ અને માનોપ્રેમ મારા તરફ વળ્યો. મને ગાળો ભાંડતો હું હસીને

મનમાં ન લાવતી. એક વાર તો "તને મારી-નાંખવાનું મન થાય છે." I want to kill you એમ કહીને મને મારવા આવ્યો હતો. પરંતુ મેં તેને મારવા દીધો નહોતો. પણ હું તેના ઉપર ગુસ્સે થઇ નહોતી. "તને આમ કેમ થાય છે તે બધું મને સમજાય છે" એવું મેં કહ્યું.

એ પછી તેનો અને તેની મા વચ્ચેનો સંબંધ સુધરવા લાગ્યો અને તેની સાથે તેનું ખરાબ વર્તન પણ સુધરવા લાગ્યું.

તેણે પોતાની મેળે મારી પાસેથી કામ માગી લીધું. સંદેશા લઇ જવા લાવવા વગેરેનાં મારાં કામો તે ઉત્તમ રીતે કરતો ૭ મહિના પછી તે શાળામાં જવાને તૈયાર થયો.

(સ્વીડનના એક ઉપચારગૃહમાંની સત્ય ઘટના)

તારાબેન મોડક

પૂર્વ પ્રાથમિક સંસ્થા

(બાળમંદિર કેવું હોવું જોઇએ)

પૂ. પ્રા. શાળાના સ્વરૂપનો પ્રશ્ન

શાળા એટલે સામુદાયિક રીતે ભણાવવાનું સ્થળ. શાળાના એ અર્થમાં બાળમંદિર, શિશુવિહાર, બાલવાડી અથવા કોઇ પણ નામ ધારણ કરતી પૂર્વપ્રાથમિક શાળા, એ માત્ર 'શાળા' ન બનવી જોઇએ. પરંતુ આજના ધોરણે ચાલતી, ઘણી પૂર્વ પ્રાથમિક સંસ્થાઓ પર, આજની અન્ય શાળા-ઓની એટલી અનિચ્છનીય અને ઊંડી અસર છે કે તેની સામે પૂર્વ પ્રાથમિક શાળાઓનું રક્ષણ કેમ કરવું એ પૂર્વપ્રાથમિક કેળવણીનો એક કૂટ પ્રશ્ન બની ગયો છે. સામાન્ય જનતા, વાલીઓ, શિક્ષકો અને કેળવણીકાર ગણાતા ઘણા લોકોની, શાળા માટેની કલ્પના એટલી દૃઢ બની ગઇ છે કે તેથી કોઇ પણ બાળમંદિર તેની શુધ્ધ ભૂમિકા રાખીને કામ કરી શકતું નથી. વધારે તો શું કહેવાય પણ અધ્યાપન મંદિરમાં તાલીમ લીધેલા બાળશિક્ષકો પણ આજુબાજુની આ શાળાઓ, શાળાના સંચાલકો, શિક્ષકો અને વાલીઓની શાળા સંબંધે દૃઢ થએલી આ કલ્પનાને લીધે અને તેમના આગ્રહને લીધે ભણેલું ભૂલી જાય છે અથવા તેમને ભૂલવું પડે છે. પરિણામે પૂર્વપ્રાથમિક સંસ્થા બાળમંદિર મટીને પ્રાથમિક શાળા બની જાય છે. ત્યાં બાળકોના વિકાસને અનુકૂળ એવું વાતાવરણ મળવાને બદલે બાળકોનાં પ્રાણબળોને તોડી પાડનારું એક જડ તંત્ર નિર્માણ થાય છે.

બાળમંદિર એટલે ઘરશાળા

બાળમંદિર તો ઘર અને શાળાને જોડનારો એક અતિ મહત્વનો અને આવશ્યક એવો પૂલ છે. આ સંસ્થાનું સ્વરૂપ ચાલુ શાળાઓ કરતાં તદ્દન જુદું જ રાખવું જોઇએ; એ દૃષ્ટિથી જર્મન બાળકેળવણીકાર ફ્રોબેલે પોતાની પૂર્વ પ્રાથમિક શાળાનું નામ 'નાનાંઓનું ઉદ્યાન' Kinder Garten રાખ્યું. તે જ પ્રમાણે સુપ્રસિધ્ધ મોન્ટેસોરી પધ્ધતિના પ્રણેતા ડો. મોન્ટેસોરીએ પણ પોતાની સંસ્થાઓનું નામ 'બાલઘર' Children's House રાખ્યું. આપણા દેશની બાળકેળવણીના આદ્યદૃષ્ટા સ્વ. ગિજુભાઇએ 'બાળમંદિર' નામ પસંદ કર્યું. અને શ્રી. તારાબેને 'બાલવાડી' શબ્દ પ્રચલિત કર્યો અંગ્રેજી ભાષામાં યોજાતો Nursery નર્સરી શબ્દ એ જ રીતે પૂર્વ પ્રાથમિક શાળાનું વિશિષ્ટ સ્વરૂપ સમ-જાવનારો શબ્દ છે. આમ બાળકેળવણીના આદ્ય પ્રણેતાઓએ બાળશિક્ષણ–સંસ્થાઓ અંગે ગમે તેટલી સ્પષ્ટતા કરી છે છતાં આજ આપણી સંસ્થાઓ આજની અન્ય શાળાઓને ચીલે જ ચઢતી દેખાય છે.

પૂર્વ પ્રાથમિક–શિક્ષણ–કાલખંડના એક છેડે

ઘર હોય છે તો બીજે છેડે પ્રાથમિક શાળાની શરૂઆત થતી હોય છે. બાળકની ઉંમરની ભાષામાં કહીએ તો અહીં ત્રણ વર્ષની ઉંમર થાય ત્યાંસુધી બાળક ઘર અને તેના આજુબાજુના વાતાવરણમાં ઉછેરાતું હોય છે અને પછી જ તેને પૂર્વપ્રાથમિક સંસ્થામાં દાખલ કરાય છે. અહીં તે ત્રણ સાડા-ત્રણ વર્ષ સુધી રહે છે અને ૭ વર્ષ પૂરાં થાય ત્યારે તે પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવી શકે છે. તેથી ઘર અને આંગણાના મર્યાદિત વાતાવર-ણમાંથી બાળકને લઈને તેને શાળાસુધી પહોંચાડવું એ પૂર્વપ્રાથમિક સંસ્થાનું સ્વાભાવિક કાર્ય બની જાય છે. અર્થાત્ એની સંસ્થા માત્ર ઘર જેવી બને અથવા તો માત્ર નિશાળ જેવી બને તે બરાબર નથી. ઘર અને શાળામાંથી બાળવિકાસને અનુકૂળ એવાં તત્વોનો તેમાં સમાવેશ થવો જોઈએ.

બાળ કેળવણીની સંસ્થામાં ઘરનું સંકુચિત વાતાવરણ ન રહેવું જોઈએ; તે જ પ્રમાણે ચાલુ શાળાઓની યંત્રવત જડતા પણ ત્યાં આપણે સ્વીકારી શકતા નથી. ઘરમાં નાની મોટી મંડળી હોય છે. તેમાં નાનાંઓની જરૂરિયાતો અમુક હદે જ સ્વીકારવામાં આવે છે; તેથી ઘરના વાતા-વરણમાં બાળકના જીવન-વિકાસના કાર્યને અમુક ઉંમર પછી મર્યાદા આવી જાય છે. તે જ રીતે શાળામાં સામુદાયિક રીતે શિખવવાની વર્ગ-પધ્ધતિને લીધે બાળકના વિકાસના કાર્યને અથ-ડામણ ઊભી થાય છે. બાળકેળવણીની સંસ્થામાં ઘરમાંથી ઘર જેવું સ્નેહાળ અને લાગણીવાળું વાતાવરણ આણવું જોઈએ, તેમ જ તેમાં શાળા જેવું સામાજિક વ્યવસ્થાનું તંત્ર પણ નિર્માણ કરવું એ બાળકના વિકાસની દૃષ્ટિએ અતિ મહત્વનું કામ છે.

ઘરમાં બાળક માટે આપ્તભાવ હોવાથી બાળકને સ્વાભાવિક રીતે જ મહત્વ પ્રાપ્ત થાય છે ઘરનું આ પ્રેમાળ વાતાવરણ - અને તેમાં જોવામાં આવતી બાળકની પ્રતિક્ષા બાળ કેળવ-ણીની સંસ્થામાં બહુ જ જરૂરની હોય છે. બીજું, ઘરમાં બાળકને સંપૂર્ણ સંરક્ષણ પણ મળતું હોય છે; તે રક્ષણ બાળકને બાળસંસ્થામાં પણ મળવું જોઈએ. એથી ય વધારે ઘર જે ન આપી શકે તે બાળવિકાસક સ્વાતંત્ર્ય આપીને, બાળ કેળવણીની સંસ્થા ઘર કરતાં પણ એક ડગલું સહેજે આગળ વધી શકે છે. ઘરમાં નાની મોટી મંડળી રહેતી હોય છે અને તે બધાંની સગવડોની દૃષ્ટિએ ઘરનું તંત્ર ચાલતું હોય છે. પરંતુ, બાળમંદિર તો બાળકોનું જ ઘર રહ્યું; તેથી બાળકોના સંર્વાગી વિકાસની દૃષ્ટિએ યોજીને બાળમંદિર બાળકને વધારેમાં વધારે સ્વતંત્રતા આપી શકે છે.

ઘરની જેમ જ શાળાના જીવનમાંથી કેટલાંક તત્વો બાળમંદિરમાં રજૂ થવાં જોઈએ. શાળા એટલે વિદ્યાર્થીઓનું સામુદાયિક જીવન. સામુદાયિક જીવનમાં પરસ્પર સહકાર, વ્યવસ્થા—આ બાબતનું તંત્ર પણ બાળમંદિરમાં નિર્માણ થવું જોઈએ. બાલસંસ્થાનું સામાજિક તંત્ર એવું હોવું જોઈએ કે તેમાં દરેક વ્યક્તિને વધારેમાં વધારે ક્રિયાશીલ રહેવાની સ્વતંત્રતા મળવી જોઈએ. જીવનનો છોડ સ્વતંત્રતાની યોગ્ય આબોહવા વગર ખીલી શકતો નથી. ચાલુ શાળાઓના જડ તંત્રમાં સ્વતંત્રતાના પ્રાણ રૂંધવામાં આવે છે. ચાલુ શાળાની વર્ગ-પદ્ધતિ, સમય પત્રક, પાઠોનું તંત્ર, શિક્ષણનાં સાધનો, વધારે તો શું કહેવું પણ શાળાનું ફર્નિચર અને મકાન પણ જાણે બાળકની સ્વતંત્રતાને દબાવી-દેવા માટે જ યોજાએલાં દેખાય છે. તેથી ચાલુ શાળામાંથી બાળમંદિરમાં લઈ જવા જેવું કશું દેખાતું નથી. પરંતુ શાળા એટલે સામુદાયિક વ્યવસ્થાતંત્ર બાળમંદિરને પણ ઊભું કરવાનું હોય છે એ ધ્યાન બહાર ન જવું જોઈએ.

પૂર્વ પ્રાથમિક સંસ્થાનું આ સ્વરૂપ ધ્યાનમાં લઈને તેને કાર્યક્ષમ કરવાની દૃષ્ટિએ આ સંસ્થાનું એકમ (Unit) નિશ્ચિત કરવાની ખૂબ જ

ગિજુભાઈનું સાહિત્ય વાંચો, વિચારો, વંચાવો.

આવશ્યકતા છે. આ સંસ્થા કોઈ મોટા કુટુંબ જેવી નાની (૮-૧૦ બાળકોની) નહિ થઈ શકે; તેમ જ તેમાં બાળકોની સંખ્યા સેંકડે ગણી શકાય એટલે સુધી પણ ન થવી જોઇએ. બાલસંસ્થા ઘર કરતાં વ્યાપક, પરંતુ કારખાનાની ઢબે વિકાસ પામતી શાળાઓની જેમ તે મે.ટી પણ ન બનવી જોઇએ.

શહેરની સંસ્થાઓમાં શાળાની પ્રતિષ્ઠા સંબંધે એક ગેરસમજણ દૃઢ થતી દેખાય છે. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા જેમ વધારે હોય તેમ તેની પ્રતિષ્ઠા વધારે ગણાય છે. શાળામાં આવતા મહેમાનો, ઇન્સ્પેકટરો, વાલીઓ, શાળાના સંચાલકને જે પહેલો પ્રશ્ન પૂછે તે એ હોય છે કે શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે? શાળાની વિદ્યાર્થી–સંખ્યાનો સંબંધ, શાળા પ્રતિષ્ઠા સાથે (Strength સાથે) જોડી દેવામાં આવે છે. શિક્ષકો અને સંચાલકો પણ આ આંકડો જેમ બને તેમ વધારે હોય તો તે કહેવામાં એક પ્રકારનું ગૌરવ અનુભવે છે. "અમારી આ સંસ્થાના એકલા પ્રાથમિક વિભાગમાં જ આઠસો વિદ્યાર્થી છે." એમ કહેનાર શિક્ષકના ચહેરા પર એવા તો મોટાઇના ખ્યાલો રજૂ થતા હતા કે એમની વ્યાખ્યા પ્રમાણે શાળા એટલે ત્રેપો પર ત્રેપો અને અને તેમાં ખીચોખીચ ભરેલાં બાળકો એટલું જ હોય એવું લાગતું હતું. એવા લોકો સાથે જ્યારે કોઈ ૪૦/૫૦ વિદ્યાર્થીઓ હોય એવી નિશાળની વાત કરવાનો પ્રસંગ પડે છે ત્યારે તેઓ આપણું સાંભળવા જ તૈયાર હોતા નથી. "૪૦/૫૦ બાળકોની તે કઇ નિશાળ કહેવાય! એમાં શું મોટું ધ્યાન આપવા જેવું!" શાળાના શિક્ષકોની આ કારખાનાવૃત્તિનો રોગ, શહેરોનાં ઘણાં બાળમંદિરોને પણ લાગ્યો હોય એવું દેખાય છે ખાસ કરીને મોટી, પ્રાથમિક કે માધ્યમિક શાળાઓની સાથે જોડાયેલાં બાળમંદિરની સ્થિતિ તો ઘણીજ કરુણાજનક હોય છે.

મોટી શાળાઓ સાથે જોડાયેલાં બાળમંદિરો

મોટી સંસ્થાઓના સંચાલકોને બાળમંદિર એટલે એના અનેક કલાસોમાંનો એક અથવા બેનો ઉમેરો એવું લાગતું હોય છે. "અમારે ત્યાં પણ બાલમંદિર વર્ગ શરૂ કરવાનો છે; કે.ઇ સારી શિક્ષિકા મેળવી આપો" એવી માગણી તેઓ કરે છે અને તે પ્રમાણે ત્યાં, જ્યારે શિક્ષક કે શિક્ષિકા મોકલીએ ત્યારે એક ઓરડો કે બે ઓરડા અને થોડાં સાધનો તે શિક્ષકને સોંપીને તેઓ છૂટા થાય છે એવા મોન્ટેસોરી કલાસોમાં પંદરી ૩૦, ૪૦, ૫૦, ૬૦, અને કોઈ ઠેકાણે ૭૦ સુધી શિશુઓને ભરવાનો પ્રયત્ન થાય છે. વર્ગની ચાર ભીંતોમાં બે ટેબલોની વચ્ચેના બાચામાં ૩,૪,૫, વર્ષની ઉમરનાં શિશુઓ જ્યારે દબાવીને ભરેલાં જોઉં છું ત્યારે મારું હૃદય હાલી જાય છે. બાળમંદિરનું એના કરતાં વધારે વિડંબન શું હોઇ શકે? આના કરતાં તો પૂર્વ પ્રમાણિક શિક્ષણ સમૂળગું ના હોય તો ય ચાલે–એવું કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. એવા વર્ગોને **બાળકોનાં કતલખાનાં** સમજીને વાલીવર્ગે તે સંબંધમાં કડક વલણ ધરવું જોઈએ અને આ કુમળી ઉંમરનાં બાળકો પર થતો અત્યાચાર અટકાવવો જોઇએ.

બાળમંદિરમાં બાળકોની કુલ સંખ્યા કેટલી હોવી જોઇએ, દરેક બાળશિક્ષકને કેટલાં બાળકો સોંપવાં જોઇએ, દરેક બાળકને વ્યક્તિશઃ કામ કરવા માટે, કેટલી જગા મળવી જોઇએ, સામુદાયિક વ્યવસાયો માટે, ક્રીડાંગણ અને બાગ માટે કેટલી જગા બાળકેળવણીની સંસ્થાના એક યુનિટમાં રાખવી જોઇએ, શિક્ષકોને સંસ્થાઓમાં કેટલો અવકાશ મળવો જોઇએ વગેરે વીગતો આપણે બીજે વખતે જોશું.

શેષ નામશે

વૃગેની સાઠમારીના મૂળમાં

આજે પૃથ્વી પર બે વર્ગ પડી ગયા છે. ગરીબ અને તવંગર. માનવસંસ્કૃતિના આરંભથી જ આ ભેદ માલૂમ પડે છે. ઇતિહાસ ઉપર દ્રષ્ટિપાત કરવાથી પણ એ માલુમ પડે છે. આજે એ ભેદ પરાકાષ્ટાએ પહોંચ્યા છે. સહુ કોઇ શાંતિ વાંચ્છે છે છતાં યુધ્ધની કારમી ભીંસમાં ધકેલાઇ જાય છે. તે માટે કોઇ દેશ કે પક્ષને જવાબદાર ગણી આક્ષેપ કરવો નકામો છે. એ માટે થોડાંક માનસશાસ્ત્રીય કારણો જોઇએ.

પૃથ્વી પર ઉભરાતા વિગ્રહો, દ્વંષ, ઇર્ષા વગેરેનું મુખ્ય કારણ સત્તાધિશોનું અને ધર્મનું પતન એ જ જવાબદાર છે. સત્તાધિશો પોતાની સત્તા ટકાવી રાખવા માટે સંસ્કૃતિને વિશે સતત ખોટા ખ્યાલો ઉત્પન્ન કરી લોકોમાં જંગલી, હિંસક વૃત્તિ જગાડવામાં પાછા પડતા નથી. સંસ્કૃતિ અને ધર્મને નામે માણસને તેની ઇચ્છા-શક્તિ હીન ગુલામ બનાવે છે. તેનું પરિણામ આજે તેમને જ ભોગવવાનો વખત આવી લાગ્યો છે. આવી ઉશ્કેરણીમાંથી પરિણમતા દારુણ યુધ્ધ અને તેનાં પરિણામોનું કારુણ્ય, બેકારી અને વાસ-નાથી ઉભરાતો સમાજ સર્જાય છે. સમાજમાંથી સંયુકત કુટુંબની જવાબદારી નષ્ટ થાય છે. આવી પરિસ્થિતિ જ સમાજવાદ કે સામ્યવાદ જેવા વાદને જન્મ આપે છે. તે માટે અમુક દેશ કે પક્ષ નહિ પણ સત્તાધારીઓનું દમન અને કાર્યપધ્ધતિ જવાબદાર છે.

ઊભા થયેલા વાદને ડામવા માટે, તેને થીગડાં મારી અને સંતોષવા વ્યર્થ પ્રયત્ન થાય છે, પણ મૂળ નીતિને કાયમ રાખવા આગ્રહ રખાય છે,

આ બધાનું મૂળ માણસનો અહમ્ છે તે અહમ્ માણસના જીવનના વિકાસ માટે બહુ જરૂરી છે. માણસની અંદર નદીના પ્રબળ વહેણની માફક એક જીવનવેગ વહેતો હોય છે. તે માણસને ઉચ્ચ માર્ગે લઇ જવા પ્રયત્ન કરે છે પણ તેમ કરતાં વચ્ચે ઘણા અવરોધો નડે છે. પછી સફળતા ન મળતાં તે જીવનવેગની મહેચ્છાઓ, અજ્ઞાત મનમાં ઘર કરે છે. જીવનવેગ ઘણી વખત એટલી પ્રબળતાથી વહેતો હોય છે કે માણસ ઘણી વખત નીતિને પણ બાજુ પર મૂકે છે. અજ્ઞાત મનમાં ભેગા થયેલા વેગો ઘણી વખત માનસબિમારીને માર્ગે વળે છે. નીતિને બાજુ પર મૂકવા જતાં ઘણી વખત માણસને કોઇ રોકે છે; તે રોકનાર પેલો અહમ્ છે.

અતિરકિત અહં એ જ ધર્મનો અને સંસ્કૃતિનો પ્રતિનિધિ છે. તે અહંને ઉપદેશે છે, કાબુમાં રાખે છે. કોઇ ખરાબ કામ કરવા જતાં આત્મા ડંખે છે, તેને આપણે અંતરાત્માનો અવાજ કહીએ છીએ. એ જ અતિરકિત અહં છે. બીજી રીતે કહીએ તો વિવેક દૃષ્ટિ છે. નાના બાળ-કમાં જ્યારે નૈતિક શકિતનો ઉદય નથી થયો હોતો ત્યારે અતિરકિત અહંનું કામ બહારની, મા-બાપની કે સત્તાધિશની કે શિક્ષકની સત્તા કરે છે. મા-બાપ શિક્ષક, સત્તાધિશ એટલે ધર્મ, સંસ્કૃતિ વગેરેનું પ્રતિનિધિત્વ.

પછી બહારની આ બધી અસરો અતિરકિત અહંનું સ્થાન લે છે. અતિરકિત અહં કામ કરતું થાય છે. નીતિ વિરુધ્ધ જતાં તે, માણસને સખ્ત-તમાં સખ્ત શિક્ષા કરે છે. પ્રાયશ્ચિત્ત કરાવે છે. દમન પણ કરાવે છે. આમ અહમ્ ઉપર અતિર-કિતનું આધિપાત્ય જામે છે. હવે અતિરકિત અહં, મા-બાપનો વારસો નહિ પણ મા-બાપના અતિરકિત અહનો વારસો છે. આ અતિરકિત અહં જીવનસંજોગમાં ઘડાએલા જાતિનાં ફરમાનોનું રૂપ ધારણ કરી નીતિ, ધર્મ અને સંસ્કૃતિને નામે માણસને ફટકારે છે. પણ આ બધું ઘડી કાઢનાર આપણો સત્તાધીશ વર્ગ અને ધર્માધીશો છે. તેથી અતિરકિતની નીતિ પણ તેમણે ઘડી કાઢેલ નીતિ

જ બની છે ને આ વર્ગ હિતની દૃષ્ટિએ ઘડેલી નીતિ (અતિરકિત અહમ) સત્તાવિહીન જનસમાજનું હિત નહિ, પણ અહિત જ કરે છે. જીવનવેગને સ-તાવાન વર્ગની વિરુધ્ધ જવા પ્રબળ રીતે ધક્કો મારે છે અતિરકિત અહમ્ તેને ખૂબ દમે છે. આ પ્રકારની પ્રતિક્રિયાઓથી માણસને ગાંડપણ, ગુન્હેગારી ઊ-તેજક, પોષક અને રક્ષક બનાવશે. આજની લડતોમાં આપણે ગાંડપણ જોઇશું પણ તેની પોષક આ સત્તા જ છે.

આજના વિગ્રહો, લડતો એ ઉપર પ્રમાણેની જીવનવેગ અને અંતરકિત અહમની લડાઇના પરિણામરૂપ છે. આવા આંતરકલેશથી જ્ઞાનતંતુઓ ઉશ્કેરાય છે, તેને Battle of nerves કહે છે અને તેથી આજની સ્થિતિ સર્જાઇ છે. આ જ્ઞાનતંતુથી ઉશ્કેરાએલ માનસ, સમાજ તેને અનુમોદન આપતા કોઇ પણ પ્રવાહમાં ઘસડાઇ જશે. તે પ્રવાહ સામ્યવાદનો, સમાજવાદનો કે ગાંધીવાદનો હોય.

આથી મોડોવહેલો જે વાદ આવવાનો છે તેથી ડરવાપણું છે જ નહિ દુનિયાની શાન્તિ આ વર્ગની શાન્તિમાં જ છે તેથી તેના આગમનને સ્વીકારી તેનાં મૂળ કારણો નાબૂદ કરવાથી આપણને ભય રહેતો નથી. આપણી અહિંસક નીતિ અને આધ્યાત્મિક દ્રષ્ટિ એમાં સંપૂર્ણ માર્ગદર્શક નિવડે, આપણા સર્વોદયના સિદ્ધાન્તમાં સર્વનો ઉદય સાધવાનો હેતુ–ભાવ છે. હૃદયપલટો એ આપણી સાધનાનું હથિયાર છે. દરેક દેશની નૈતિક દ્રષ્ટિ જોતાં હિન્દ નૈતિક તેમ જ આધ્યાત્મિક દૃષ્ટિથી ભરપૂર છે ભલે આજે આપણી પડતી થઇ હોય છતાં કોંગ્રેસ પોતાના મૂળ સ્વરૂપમાં ઊભી થાય તો ચોકકસ પૃથ્વી પર નવો પ્રકાશ પાથરે આખરે દરેક રાષ્ટ્રને અહિંસા અને શાન્તિ સ્વિકારવી પડશે. પણ તે ચિનગારીનુ સાચું સ્વરૂપ હિન્દે બતાવવું જરૂરી છે. એટલે હવે પડયા ત્યાંથી ઊભા થઇ આગળ વધવું–એ જ સાચો માર્ગ છે

ગોવિંદભાઇ યાજ્ઞિક

એ અખતરો સફળ થયો.

ઓટાણા બાલનગરના અનુભવો પછી મન સાથે નકકી જ કર્યું હતું કે હવેના બાલનગરનું સ્વરૂપ એવું હોવું જોઇએ કે જ્યાં ઓછામાં ઓછો ખર્ચ થાય, વધારેમાં વધારે માણસોનો સંપર્ક સધાય, આમ જનતાને આંગણે પહોંચી, નિધિ એકઠો થાય. જ્યાં જ્યાં જઇએ ત્યાં પૂર્વ તૈયારીથી શરૂ કરી પ્રાસંગિક પ્રવચનો અને નગર રચનાથી માંડી રંજનકાર્યક્રમ આ બધું જ આપણે સંભાળવાનું હોય એટલે આઠ દશ જણની ટુકડી સાથે લઇ જવી એ એક અનિવાર્ય જરૂરીઆત બની જાય. એ બધાનું કેન્દ્રિત રસોડું સહેજે ખર્ચાળ બની જાય. એની પાછળ થતા ખર્ચને બાદ કરીએ એટલે નિધિ માટે બહુ અવકાશ રહે નહિ. એ ત્રણ સ્થળોના અનુભવ પછી આ બાબત ગંભીરપણે નકકી કરી કે જ્યાં જઇએ ત્યાં ભોજન વ્યવસ્થા તો વિકેન્દ્રિત ધોરણે જ રાખવી અને માણસાથી એનો સફળતા પૂર્વક અમલ પણ થયો.

માણસાની હાઇસ્કૂલના મુખ્ય શિક્ષક ભાઇ કૃષ્ણવદન એક ઉત્સાહી જુવાન છે અને એમના માર્ગદર્શન નીચે શાળાના વિદ્યાર્થીઓ અનેકવિધ વિકાસપોષક પ્રવૃતિઓ કરતા રહ્યા છે. આ શાળાના વિદ્યાર્થી મંડળ તરફથી એક પત્ર આવ્યો કે 'દર મહિને કોઇક વિદ્વાન વકતાને અમે બહારથી બોલાવીએ છીએ જે વિદ્યાર્થીઓને કંઇક બોધપ્રદ વાતો કરે. આ વખતે તમે ન આવો ?' 'કલાક બે કલાક વાતો કરી પાછા ફરવા કરતાં નિરાંતે સહુની સાથે પરિચય થાય અને આ રૌપ્ય મહોત્સવ પ્રસંગે બાલશિક્ષણને જ વધારેમાં વધારે મહત્વ અપાય એવું હું તો ઇચ્છું; એટલે માણસાના બાલનગરની જવાબદારી તમે ઉપાડી લો તો આ

આ બધું સહેલાઇથી શક્ય બને.' આ જાતનો વળતો જવાબ જતાં જ એમણે વાતને વધાવી લીધી. 'દશ જણની વિકેન્દ્રિત ધોરણે ભોજન વ્યવસ્થા અને પ્રવાસખર્ચનું કેળવણી મંડળ અને વિદ્યાર્થીમંડળના સહકારથી ગોઠવાઇ જશે અને તમે જરૂર આવો.' આ શબ્દોમાં એમણે આવકાર્યા અને પછી તો ઓકટોબર ૬–૭ ના દિવસો માણસામાં બાલનગર માટે નકકી થયા. બે હપ્તે તા. ૫મી રાત સુધીમાં કિદ્લોલની ટુકડી આવી પહોંચી અને સહુના સહકારથી મોડી રાત સુધીમાં નગરરચના બધી થઇ ગઇ. તા. ૫મી એ રાતના પ્રચારસભા અને સવારે પ્રભાતફેરી. આ બધાના સહકારે ધટતો પ્રચાર પણ થઇ ગયો અને તા. ૬ઠીએ સવારે ૯ વાગે ગામના આગેવાન ગૃહસ્થ શેઠ શ્રી લલ્લુભાઇ હકમચંદના પ્રમુખસ્થાને બાલનગરનું ઉદ્ઘાટન થયું. શરૂઆતમાં શ્રી કૃષ્ણવદન ભાઇએ પ્રસંગનો ઇતિહાસ સમજાવ્યો અને બાલનગર અને એના યોજકોનું ભાવભીનું સ્વાગત કર્યું. ત્યારબાદ શ્રી પૂનમચંદ શાહે બાલશિક્ષણની દ્રષ્ટિ, રૌપ્ય મહોત્સવ વર્ષ અને બાલ-નગરોની યોજના અને પ્રત્યક્ષ પ્રતીક સાધનો દ્વારા જૂદા જુદા ખંડોમાં રજૂ થયેલી પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો. વચ્ચે વચ્ચે ભાઇ નાગજી અને પ્રવીણનાં પ્રેરક ગીતો વાતાવરણમાં માધુર્ય અને ચેતના પૂરતાં હતાં. શેઠશ્રી લલ્લુભાઇએ આ પ્રવૃતિને અંતઃકરણ પૂર્વક આશીર્વાદ આપ્યા હતા. અને લગભગ અગીઆર વાગે પ્રદર્શન ખુલ્લું જાહેર થતાં સહુએ રસપૂર્વક એનું નિરીક્ષણ કર્યું હતું. સ્થાનિક બાલમંદિરના સંચાલક શ્રી ચંપકભાઇ અને કાર્યવાહકો શ્રી રતિભાઇ મહેતા, ચંદુભાઇ શાહ અને બીજા મિત્રોનો ઉત્સાહ પણ નોંધપાત્ર હતો. પ્રદર્શન શરૂ થાય તે પહેલાં બાલ મંદિરનાં બાળકો અને શિક્ષકો પ્રવૃતિખંડોમાં પહોંચી ગયાં હતાં અને સાધનો સાથે રોકાયેલાં હતાં એ કારણે વાતાવરણ વધારે જીવંત બન્યું હતું.

પ્રાથમિક શાળામાં શિક્ષકો સાથે વાર્તાલાપ, કન્યાશાળામાં બહેનો સાથે પણ એવો જ કંઇક કાર્યક્રમ અને વિદ્યાર્થીઓ સાથે અંગ્રેજી શાળામાં ગોઠવાયેલો વાતચીતનો કાર્યક્રમ: આ બધાને કારણે ગામના વિવિધ વર્ગો સાથે સારો એવો પરિચય કેળવી શકાયો હતો.

શાળાના શિક્ષકોને ત્યાં, ગામના નાગરિકોને ત્યાં અને વિદ્યાર્થીઓને ત્યાં જમવાની વ્યવસ્થા સંપર્કની દ્રષ્ટિએ ખૂબ જ સફળ પૂરવાર થઇ હતી. શાળાઓમાં રજાઓ હતી. ઉપરાંત પ્રાથમિક શાળા અને અંગ્રેજી શાળાનાં મકાનો ગામના બે જુદે જુદે છેડે હતાં. છતાંયે પ્રાથમિક શાળાના શિક્ષકોએ અને કન્યાશાળાની બહેનોએ પણ ઠીક લાભ ઉઠાવ્યો હતો અને સહકાર આપ્યો હતો.

બાલનગર અને રાતના રંજન કાર્યક્રમ આ બધામાં પોતાની યથાશકિત આર્થિક સહાય આપીને પણ સહુએ સારો સહકાર આપ્યો હતો.

અમારી સહુની અનિચ્છા છતાંએ આગ્રહ પૂર્વક એક ટંક પોતાને ત્યાં ભાવથી જમાડી શેઠશ્રી લલ્લુભાઇએ પોતાનો યથાશકિત ફાળો આપી નિધિની શરૂઆત કરી હતી. થોડાક જ કલાકમાં ટુકડી આખુંયે ગામ ફરી વળી હતી અને બાલ-ઝોળીમાં જે કંઇ મળ્યું એથી સંતોષ અનુભવી તા. ૭ મી રાતના સામાન સમેટી માણેકપુર આવી હતી.

વિજાપુર તાલુકામાં માણેકપુર કંઇક પ્રગતિ-શીલ ગામડું ગણાય છે અને એનો બધો જ યશ ગામના જુવાન મિત્રો શ્રી વેણાભાઇ અને મોતી-ભાઇને ફાળે જાય છે. શ્રી વેલાભાઇ ત્યાંની પ્રાથમિક શાળામાં શિક્ષક છે અને મોતીભાઇ મહેસાણા જિલ્લાના સેવાદલના વડા છે. ગામની સાંસ્કારિક, રૌક્ષણિક, અને આર્થિક ઉન્નતિની અનેકવિધ પ્રવૃત્તિઓમાં આ બન્ને મિત્રો પોતાનાં નિયત કામો બહારના સમયમાં ખૂબ જ સક્રિય રસ લે છે અને એ બધાનું ચોકકસ પરિણામ પણ જરૂર દેખાય છે.

નવાં બાલમંદિરો શરૂ કરી બાલશિક્ષણનું કામ વિસ્તારો.

વહેલી સવારે પૂર્વ તૈયારી કરી લીધા બાદ તા. ૮ મીએ સવારે ૯ વાગે માણેકપુરના બાલનગરનું ઉદ્‌ઘાટન થયું હતું. ગામના જ વર્ષો-જૂના શિક્ષક શ્રી રવિશંકર દવે માટે પ્રમુખસ્થાનની દરખાસ્ત મૂકાઈ ત્યારે "હાકોર સાહેબ નીચે બેસે અને હું પ્રમુખસ્થાને ન શોભું." આવા સૂરમાં એમણે એ સ્થાન સ્વીકારવા આનાકાની કરી હતી પણ ખૂદ ઠાકોર સાહેબે જ એ દરખાસ્તને અનુમોદન આપ્યું ત્યારે "સમાનતાની દુનિયા હવે આપો આપ સર્જાતી જાય છે અને ધન અને સત્તાને બદલે વિશેષ પ્રસંગે વિશેષ લાયકાતને જ મહત્વ મળવુ જોઈએ" એ ભાવ સહુના મોઢા ઉપર સ્પષ્ટ તરવરતો દેખાતો હતો.

શાળાનો ઘંટ વાગ્યો અને છોકરાંઓ ભેગાં થવા માંડ્યાં. મોટાંઓ પણ આવ્યાં અને ઘડીભર એક મેળા જેવું વાતાવરણ જામી પડ્યું. શાળા બહાર વિશાળ કદમાં પથરાયેલો વડલો ક્રીડાંગણ માટે ખૂબ જ અનુકૂળ પૂરવાર થયો હતો.

રાતના મનોરંજન કાર્યક્રમ રાખ્યો હતો પણ નવરાત્રિના એ દિવસો હતા અને માતાજીના ચોગાનમાં ગામના કેટલાક ઉત્સાહી જુવાનો, ઉત્તરા અભિમન્યુનો ખેલ ભજવવાના હતા એટલે નવો ચોકો ઊભો કરવાને બદલે એમની સાથે જ ભળી જવાનું પસંદ કર્યું અને પ્રસંગે ભેગી મળેલી મેદનીને બાલશિક્ષણની બે વાતો સંભળાવવાની અને જ્યાં જ્યાં જઈએ ત્યાં સહુની સાથે હળી મળીને આપણું કાર્ય આગળ વધોરવાની આ રીત વ્યવસ્થિત રીતે રજૂ થઈ હતી.

બીજે દિવસે સવારે ઉપડ્યા પ્રતાપનગર અને સાંજનાં ત્યાં પણ બાલજગતનું ઉદ્‌ઘાટન થયું. ત્યાંના ડોક્ટર શ્રી ફૂલચંદભાઈ મહેતા એ પ્રસંગે પ્રમુખસ્થાને હતા. પ્રતાપનગર પણ ખૂબ જ ઉત્સાહી ગામ છે. ગામની વસ્તી છે ફક્ત લગભગ ૪૦૦ માણસની. પાંચડીપને આખું ગામ છે. બહાર ગામથી આવી વેપાર માટે વસેલી ત્યાંની મોટા ભાગની વસ્તી છે પણ એકંદરે લોકો સુખી છે અને ખૂબ જ પ્રેમાળ છે. નવરાત્રના દિવસો દરમ્યાન તેમણે ત્યાં એક જ્ઞાન સપ્તાહ રાખ્યું હતું. બહારગામથી મિત્રો આવતા અને એમનાં મતવ્યો રજૂ કરતાં. આ બધામાં બાલનગર અને રાતનો રંજન કાર્યક્રમ આ બધાએ નવી ભાત પાડી ત્યાંની એ. વી. સ્કૂલના શિક્ષકો અને કાર્યકર્તાઓ આ બધાનો રસ ખૂબ જ પ્રસંશનીય હતો ગામના પ્રમાણમાં નિધિ પણ ઠીક ભેગો થયો.

માણસામાં સહકારી મંડળીઓએ અને કેળવણી મંડળે, માણેકપુરમાં ત્યાંના 'વિકાસ સંઘે' અને પ્રતાપનગરમાં કેળવણી મંડળે નિધિમાં અને અર્થમાં ઠીક ફાળો આપ્યો. આ ત્રણે ગામમાં થઈ લગભગ રૂ ૩૫૦) જેટલો આંકડો થયો હતો. કોઈનો પણ વાદ લીધા સિવાય સહુએ પોતાની રીતે હિસ્સો આપ્યો હતો એ ખૂબ જ નોંધપાત્ર હતું. એક શિક્ષકે ખાનગીમાં આવી પોતાનો ફાળો ઇશ્વર ભગવાનની પેઢીના નામે આપ્યો ત્યારે તો ખૂબ જ આનંદ અને હાસ્યમય વાતાવરણ જામ્યું હતું. બીજાંઓ કરતાં તો ચઢીઆતો હિસ્સો આપેલો જાહેર થાય એ એમને ઠીક ન લાગ્યું અને છતાંએ અંતરની મહેચ્છા દાબી ન દેતાં એમણે જે રસ્તો કાઢ્યો એ તો સાચેજ સહુ કોઈને માટે પ્રેરક છે.

આમ માણસા–માણેકપુર–પ્રતાપનગરના બાલનગરના અનુભવો પણ અનેક રીતે પ્રેરક પૂરવાર થયા છે. દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં પણ એનાં બાળકો વિષેની વાતો સાંભળવા તૈયાર છે જ અને પોતાનો યથાશક્તિ ફાળો આપવામાં પણ પાછા નથી જ પડતા એ જાતનો અમારો અનુભવ દિવસે દિવસે દૃઢ થતો જ જાય છે.

રંજન કાર્યક્રમો દ્વારા આપણી વાતો પહોંચાડવા ની રીત જે અમલી બને તો ગામડાંઓમાં એ ખૂબ જ સફળ અને અસરકારક બને છે. ટુકડી હજુ પણ નાની બનાવવા અને બાલનગરોનું

સ્વરૂપ જીવનવ્યવહાર અને વ્યકતવસાયની પ્રવૃત્તિઓ સ્થાનિક ઊભી કરી લેવા તરફ, પ્રવૃત્તિઓને વેગ આપવા તરફ અને પ્રવૃત્તિખંડોને બદલે પ્રતીક સાધનો પૂર્વક મર્યાદિત રાખવા તરફ અમારું વલણ વિશેષ ઢળતું જાય છે. ઇન્દ્રિયવિકાસ, ભાષા, ગણિત અને આ બધાંના વૈજ્ઞાનિક સાધનો સુંદર અને અદ્‌ભુત હોવા છતાં ગામડાંમાં લઇ જઈ શકાય એવી પ્રવૃત્તિઓમાં તો જીવનવ્યવહાર, ક્રીડાંગણ અને સંસારપોષક સમૃદ્ધ પ્રવૃત્તિઓ જ ગણાવી શકાય; અને સામાન્ય માણસ પોતાને ઘેર વસાવી શકે કે ઉત્સાહી વ્યકિત ઓછા ખર્ચે આદરી શકે એવા તો આ જ પ્રવૃત્તિઓ રહીને! હવે પછીનું બાલનગર કદાચ આ અંગે તો પૂર્વ આદર જરૂર ઊભો કરશે.

માણસા–માણેકપુર–પ્રતાપનગર વિદ્યાર્થી ઘોરણે ભોજન વ્યવસ્થા માટેનો અમારો અખતરો હતો અને એ સાચે જ સફળ થયો છે. આ વિષય માટે પણ એ દ્વારા ઘણી શકયતાઓ ઊભી થઇ છે.

પૂનમચંદ શાહ

બાળશિક્ષણ જયંતિ સપ્તાહ

બાળકોનાં સરઘસો

સરઘસ એ પ્રચારનું અને લોકકેળવણીનું પ્રભાવી સાધન છે અને તેનો–ઉપયોગ આપણા દેશમાં વર્ષોથી પ્રચલિત છે. આપણા સામાન્ય સામાજિક જીવન વ્યવહારમાં અને નૈમિત્તિક ઉત્સવોમાં પણ આપણે સરઘસનું સ્થાન સ્વીકાર્યું છે. તેથી કેળવણીના ક્ષેત્રમાં જો સરઘસનો ઉપયોગ કરવામાં આવે તો લોકકેળવણીનું અને બાલકેળવણીનું પણ એક પ્રભાવી સાધન બની શકશે એ વિશે મને જરા પણ શંકા નથી.

તા. ૧૫મી થી તા. ૨૨ સુધીના બાલશિક્ષણ જયંતિ સપ્તાહમાં બાળકેળવણીના પ્રચારાર્થે બાળકોનાં સરઘસોના કાર્યક્રમમાં ઉપયોગી થઇ પડે એ દૃષ્ટિએ કેટલાક ઘોષવાકયો અને સૂત્રો અહીં રજૂ કરું છું.

ઘોષવાકયો કેવી રીતે બોલવાં તેની તાલીમ બાળકોને જો અગાઉથી શાળામાં જ અપાય તો લોકો આગળ તેની રજુઆત સારી રીતે થઇ શકશે

એક મંડળી પૂછે: બીજી મંડળી જવાબ આપે:

આવતી કાલના નાગરિક કોણ?...બાળકો! બાળકો!!
આવતી કાલના નેતા કોણ?... ,, ,,
બાળકોને જોઇએ શું? ... સમાનતા! સમાનતા!!
બાળકોને ગમતું શું? ... નિર્ભયતા! નિર્ભયતા!!
લાલચ, ઇનામ ... નહિ જોઇએ નહિ જોઇએ
વેર, ઝેર ... ,, ,, ,, ,,
શિક્ષા, બક્ષિસ ... ,, ,, ,, ,,
ઇર્ષા, સ્પર્ધા ... ,, ,, ,, ,,
લ-તે લ-તે જોઇએ શું? બાલવાડીઓ! બાલમંદિરો
રમવા કૂદવા જોઇએ શું? ક્રીડાંગણો! ક્રીડાંગણો!

ગિજુભાઇ! — અમર રહો
શિક્ષણ સંઘ! — ઘણું જીવો.

ઘોષવાકયોની સાથોસાથ સરઘસમાં સુંદર મોટા અક્ષરે લખેલા ટૂંકાં શૈક્ષણિક સૂત્રો પણ રાખવાં જોઇએ સરઘસમાં સાથે બેંડ હોય અથવા તો બાળકોની એક ટુકડી કૂચ-ગીતો ગાતી હોય અને પાછળ બાળકો ત્રણ ત્રણની હારમાં વ્યવસ્થિત રીતે ચાલતાં હોય ત્યારે નિશ્ચિત અંતરે સૂત્રોનાં ફૂલકો યોજવાં જોઇએ. સૌથી સામે **બાલશિક્ષણ જયંતિ સપ્તાહ** એવું ફલક રાખવું. સરઘસ લાંબું હોય તો દર ૧૦૦ ફીટે એવાં વધારે ફલકો રાખવાં. બીજાં કેટલાંક સૂત્રો:

બાળ ઉધ્ધારમાં જગતનો ઉદ્ધાર છે.
બાળકેળવણી પછાત તો સમાજ પણ પછાત.
સ્થળે સ્થળે ક્રીડાંગણ સ્થાપો.
બાળરોપાને સાચવશું તો બધું સચવાશે.

બાળકો ઈશ્વરીદીધાં છે; ઈશ્વરને ગમે તેમ એને સાચવો.

બેઠી બાળકેળવણીનો બહિષ્કાર કરો.

બાળકેળવણી એટલે જીવનના પાયાની કેળવણી.

બાળક જ દુનિયામાં શાંતિ સ્થાપી શકશે.

રાષ્ટ્રનું સૌથી સાચું ધન બાળકો છે.

દ્યાનનો પ્રવાહ બાળકેળવણી તરફ વાળો

આપણાં લાખો બાળકો દુર્લક્ષિત છે; ધ્યાન આપો.

બાળકો માગે છે: ઘરમાં અને નગર-રચનામાં સ્થાન.

બાળશિક્ષણ જયંતિ સપ્તાહના કાર્યક્રમમાં બાળશિક્ષકો નાનાં બાળકોનાં વ્યવસ્થિત સરઘસો કાઢીને પૂર્વાચર પ્રચલિત એવાં લોક કેળવણીનાં અને બાળકેળવણીનાં સાધનનો ઉપયોગ કરે એમ હું ઈચ્છું છું. ના૦

રૌપ્ય મહોત્સવ

મુંબઈ શાખા: ઓકટોબર તા. ૧૩ અને ૧૪ ના રોજ શાખાનું ત્રીજું બાળશિક્ષણ નગર ઘાટકોપરમાં રામજી આસર વિદ્યાલયમાં યોજવામાં આવ્યું હતું. ઘાટકોપરની પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક તથા માધ્યમિક સંસ્થાઓ તથા નાગરિકોનો સુંદર સહકાર નગરના મંત્રીઓના પરિશ્રમથી સંધાયો હતો. નગરનું ઉદ્ઘાટન ગુજરાતના વયોવૃદ્ધ સાક્ષર શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ કર્યું હતુ. સ્વાગત પ્રમુખ તરીકે બાળકેળવણીમાં સક્રિય રસ ધરાવનાર શ્રી. દુર્લભજીભાઇ ખેતાણીએ સ્વીકાર્યું હતું. ઘાટકોપરના કાર્યક્રમમાં બાળકોના સરઘસનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને ૧૫૦૦ થી ૨૦૦૦ બાળકોના આ ભવ્ય સરઘસમાં ઘાટકોપરના અગ્રગણ્ય નાગરિકોએ પણ ભાગ લીધો હતો.

બાળશિક્ષણ નગરોનો એક મહત્વનો ફાયદો એ છે કે આ કામ કરતાં કરતાં તે તે વિભાગના ખરા કાર્યકર્તાઓનો બહુ નિકટ પરિચય કાર્યકર્તાઓને મળે છે. શ્રી. ખાન વજીર સાહેબ અને તેમના સહ કાર્યકર્તા શ્રી. જશવંતરાય મહેતાનો પરિચય એ રીતે કાર્યકર્તાઓને ખૂબ જ ઉદ્બોધક લાગ્યો. ઘાટકોપરમાં પ્રવેશદ્વાર – મૂલ્ય રૂા. ૫૦૦ જેટલું મળ્યું. બાળશિક્ષણ ફંડમાં ત્રણ હજાર કરતાં વધુ રકમના આંકડાઓ લખાયાનું કહેવાય છે. ફંડનું કામ હજી ચાલી રહ્યું છે

અમદાવાદ શાખા :

સપ્ટેમ્બર આખર સુધી બાળશિક્ષણ નગરોનો કાર્યક્રમ પૂરો કર્યા પછી દાન માટે શ્રી. શાંતિભાઇ રાવળ સ્થાનિક બાળકેળવણી રસિકજનતા તથા કાર્યકર્તાઓની મદદથી આગળ કામ કરી રહ્યા છે.

ઉત્તર ગુજરાત શાખા

આ શાખામાં રૌપ્ય મહોત્સવની જ્યોત સતત પ્રકટતી રાખવાનું શ્રેય શ્રી. ઇશ્વરલાલ આચાર્ય તથા શ્રી. પૂનમચંદ શાહ અને 'કિલ્લોલ'ના કાર્યકર્તાઓને ફાળે જાય છે. ગુજરાતી ભાષાપ્રદેશમાં રૌપ્ય મહોત્સવની શરૂઆત આ શાખાએ કરી છે. ઓકટોબરના બીજા અઠવાડિયામાં ચિત્રપુર તાલુકાના માણસા, માણેકપુર અને પ્રતાપનગર એમ ત્રણ સ્થળોએ બાલશિક્ષણ નગરો ભર્યાં. જમવાની વ્યવસ્થા વિકેન્દ્રિત ધોરણે કરી હતી એટલે ખર્ચ ગાડીભાડું અને બીજો પરચુરણ ખર્ચ એ સિવાય નથી. નિધિમાં રૂા. ૩૪૦ એકઠા થયા છે."

મધ્ય ગુજરાત શાખા

છૂટક છૂટક ઘણાં સ્થળો બાળશિક્ષણ નગરોની માગણી કરી રહ્યા છે. નગરના કામમાં ઘણા કાર્યકર્તાઓનો સહકાર જરૂરી હોય છે. તે દૃષ્ટિએ કાર્યકર્તાઓમાં ફરીને મ. ગુ. શાખા રૌ. મહોત્સવના કાર્યક્રમોમાં બીજી શાખાઓની સાથ થાય એવા પ્રયાસો શ્રી. જયંત શુકલ કરી રહ્યા છે

દક્ષિણ ગુજરાત શાખા

ફેબ્રુઆરી માસમાં આ વિભાગમાં કાર્ય શરૂ કરવાનો વિચાર શાળાના કાર્યકર્તાઓ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર શાખા:

અત્યારે ચૂંટણી અને દુષ્કાળનું વાતાવરણ હોવાથી વધારે અનુકુળ સંજોગોમાં સૌરાષ્ટ્ર શાખાનો કાર્યક્રમ કરવાનું વિચારાઇ રહ્યું છે. વિહારી.

બાળવિભાગ

પાનાં વિનાની પોથી

ચિંતાનંદ કરીને એક મહાન સાધુ હતો. રેવા કાંઠે એની નાની ઝૂંપડી હતી. એને મળવા, એમનો ઉપદેશ લેવા કંઈક લોકો ભેગા થતા. કોઈક પોતાનું દુઃખ ઠાલવવા પણ આવતા.

એક દિવસ રાતના બાર વાગ્યા હતા. વરસાદ મુશળધાર પડતો હતો. ત્યાં સાધુને બારણે ટક ટક ટક અવાજ કરી, કોઈએ બારણું ઠોકયું.

"કોણ છે? આવી કાળી રાતે કોણ આવ્યું છે?" સાધુએ પૂછયું.

"એ તો હું કાળિયો ચોર છું." કાળિયા ચોરે કહયું.

"અરે, તું કાળિયો ચોર! મારે ત્યાં! તને મારે ત્યાં શું મળવાનું? છતાંય આ વરસાદમાં કયાંય જતો નહીં. અહીં મારી સાથે સૂઈ જા."

"સાધુ મહારાજ, રખડતાં રખડતાં મારા પગ જ આપની કુટિર તરફ વળ્યા. આમાં કંઈક પ્રભુની યોજના હશે. આપ મને આજે ઉપદેશ આપો. મને વાંચતાં નથી આવડતું". કાળિયાએ કહયું.

"ઠીક ભાઈ, તું અત્યારે સૂઈ જા; સવારે વાત." સાધુ મહારાજે કહયું.

સવાર પડી. સાધુ ને કાળિયો ચોર નાહયા, ધોયા ને નીકળ્યા.

સાધુ મહારાજે એને પૂછયું.

"જો કાળિયા, આ સામે શું છે?"

"આ તો ઝાડ છે, મહારાજ." કાળિયાએ કહયું.

"જો, આ ઝાડ પર કંઈ લખ્યું છે?"

"ના, મહારાજ."

"એને પથરો માર જોઉં."

બાળકો જ છે આવતી કાલના સાચા ઘડવૈયા.

કાળિયાએ પથરો માર્યો ને તરત જ ફળ નીચે પડ્યું.

"લે, આ કુહાડી. આવતી કાલે જંગલમાંથી થોડી ડાળી કાપી લાવજે." મહારાજે કહ્યું.

"ઠીક", કહી કાળિયો બીજે દિવસે જંગલમાંથી લાકડાં કાપી લાવ્યો.

સાધુ મહારાજે કહ્યું. "આ લાકડાં ચેતાંવ. શું થાય છે?"

"મહારાજ! એ બળે છે, ને મને ઠંડીમાં હૂંફ આપે છે." કાળિયાયે કહ્યું.

"ચાલ, આગળ ચાલ!"

કાળિયો આગળ ચાલ્યો.

"જો, આ શેનો અવાજ છે?" "આ તો નદી છે મહારાજ!"

"જો, કેટલું ધસમસતું પાણી આવે છે! પણ એ પોતે એકેય ટીપું પીએ છે?"

"ના, મહારાજ."

"છતાંય એ પાણી મોતીના દાણા જેવો મોલ આપશે; એતરે એતરે, ગામડે ગામડે માણસ માટે હસતી હસતી ને ગાતી ગાતી એ જશે ને ઠેર ઠેર ધાન ઊગાડશે."

"હવે તારા પગ નીચે જો; તું શેના પર ઊભો છે?"

"પૃથ્વી પર, મહારાજ." કાળિયાયે કહ્યું.

"જો, એ પૃથ્વી પર લોકો ગંદવાડ, શૌચ નાખી પૃથ્વીનાં પડો બગાડી નાખે છે. છતાંય માણસને એ ધાન આપે છે, ફળ આપે છે, સૂવાને પોતાનો પટ આપે છે; તે ઉપરાંત, વસંતનાં ફૂલો પણ આપે છે."

"આ બધું જોયું? ઝાડ મૂંગું રહીને પરોપકાર કરે છે, નદી મૂંગી કલ્યાણ કરે છે, પૃથ્વી દુઃખ વેઠી સુખ આપે છે.

આ જ તારી પોથી; હવે તારે કોઇ બીજી પોથી વાંચવી નહિ પડે. તારે પગલે પગલે, આવી પોથીનાં પાનાં પડ્યાં છે; એમાંથી જે ઉપદેશ મળે તે લેજે ને જીવજે."

આટલું કહી કાળિયો ને મહારાજ છૂટા પડ્યા.

કપિલા ઠાકોર

ગિજુભાઈ બાલમંદિરી હતા; તમે ય એવા થશો!

ગુજરાતી મરાઠી હિન્દી

શિક્ષણ પત્રિકાના નવા ગ્રાહકો નોંધો

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

: ગુજરાતી :	: મરાઠી :	: હિન્દી :
બાબુભાઈ મૂલજી દયાલ	અશ્વિનીબાઈ પરાંજપે	કાશીનાથજી ત્રિવેદી
શાંતારામ નારાયણ લેન	૨૦૨/૧ સદાશિવ પેઠ,	૫૧ નંદલાલ પુરા લેન
વાલકેશ્વર, મુંબઈ ૬.	પૂના ૨.	ઈન્દોર

નાણાવટી એન્ડ કંપની લિમિટેડ

[સ્થાપના : ૧૯૨૧]

હેડ ઓફિસ : ૧૬, એપોલો સ્ટ્રીટ ફોર્ટ, મુંબઈ

શાખાઓ : અમદાવાદ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ અને ઈંદોર

દરેક જાતના ઉધોગો માટે

કેમિકલ્સ, ટેકસટાઈલ, ડાઈઝ, મીલ સ્ટોર્સ, સાઈઝીંગ મટીરીયલ, સલ્ફર્સ, ફર્ટીલાઈઝર્સના હિંદુસ્તાનના સૌથી મોટા અને ભરોસાપાત્ર ઈમ્પોર્ટર્સ અને સ્ટોકિસ્ટસ

ટેલીગ્રામ્સ : "અનીબાલા, મુંબઈ" ટેલિફોન : ૨૬૮૮૯/*૪૩૬૬

દેવકરણ

DEVKARAN NANJEE BANKHARNI & CO. LTD.

હેડ ઓફીસ મુંબઇ, ૫૪ શાખાઓ અને ૧૦ સેફ ડીપોઝીટ વોલ્ટ.

* અમારા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૪ % લેખે વ્યાજ આપવામા આવે છે. ખાતે રૂ. ૧૦૦૦થી ખાતું ખોલાય છે.

* અમારી ૬ વર્ષ અને ૩ વર્ષની ફેર વેલ્યુ સર્ટીફીકેટસ લગભગ ૩-૧/૨ % અને ૨-૩/૪ % વ્યાજ આપે છે.

* અમારા સેવિંગ્સ બેંક ખાતાઓમાં ૧-૧/૨ % ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂ. ૨૦ થી ખાતું ખોલાય છે

નાણાની બચત કરવામાં દેનાબેંક તમને મદદ કરેછે

ગિજુભાઈની
લખેલી
રંગબેરંગી
બી
કણુ
*
ચૂ
ચૂ
ચી
ચી
આજે જ મગાવો
બેઠક ઉપયોગી

: પ્રાપ્તિસ્થાન :
શિક્ષણ પત્રિકા કાર્યાલય,
શાંતારામ નારાયણ લેન.
વાલકેશ્વર. મુંબઈ ૬.

Regd.- No. 2241.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિદ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેચંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

શિક્ષણ-પત્રિકાના
— ખાસ અંકો —

સંઘના પચીસ વર્ષના કામનો રસિક ઇતિહાસ રજૂ કરતી વિશેષાંક-પત્રિકા
આઠ આના

*

બાળકોને માટે સુંદર સાહિત્ય રજૂ કરતો **'બાળક અંક'**
આઠ આના
— લખો —
'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર: ફાયર્સ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
ચડતી શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું:
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.
—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રેસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

બંગડીની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

ધી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઇ નં. ૧

ટેલીફોન : ૨૦૪૪૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઇ-દરિયાઇ-રેલ્વેની
પરદેશની મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાંથી

મેસર્સ લી. એન્ડ મુરહેડ (ઇંડિયા)

લિમિટેડની.

શાખા બારકાં મેળવો.

મુદ્રક અને પ્રકાશક . આ બા ભાઇના મૂલજી દેવાળી, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ-૬

બાળ મિત્ર
અને
શિક્ષણ પત્રિકા

વર્ષ : ૨૬ | ડિસેમ્બર–૧૯૫૧ | અંક : ૧૨

: આશીર્વાદ :

ગિજુભાઈ બધેકા

સર્વના મિત્ર,
: ગિજુભાઈ :

બાળકો જ છે
જગતના સાચા ઘડવૈયા

સાચું શિક્ષણ

શિક્ષણ એ પ્રકારનું હોવું જોઇએ કે જે માનવીને સભ્ય બનાવે અને તેની માનસિક દૃષ્ટિ વિશાળ બનાવે. શિક્ષણની મદદથી તે, દેશના ને વિશ્વના, તેમ જ સમાજના સર્વ પ્રશ્નોમાં રસ લેતો થવો જોઇએ. આટલું જ નહિ પણ પોતાના સમાજની સેવા કરવાની ભાવના એનામાં જાગૃત થવી જોઇએ; શિક્ષણથી એ સારો નાગરિક બનવો જોઇએ. આ પ્રકારનું સાચું શિક્ષણ પ્રગતિને પંથે લઇ જઇ શકશે.

જવાહરલાલ નહેરુ.

: સંપાદક :
તારાબેન મોડક

: સહસંપાદક :
જયુભાઇ દાણી



વાર્ષિક લવાજમ : બાર રૂપિયા

છૂટક નકલ : ૧૦ આના

આ નુ ક મ ણિ કા

૧. યુરોપનો પ્રવાસ–યુનેસ્કો ... તારાબેન મોડક
૨ ગ્રેહ મીઠી ઝપાટ ... ગિરીશ
૩. આ જરૂર વાંચો ... ...
૪ હાહા–હીહીને પ્રશ્નોત્તરી ... તા૦
૫. પૂર્વ પ્ર ગિર સૂંઘ્યા
લૈર્ગિક જીવને ... ઈશ નાગલે
૬. આનસશાસ્ત્ર ને માનવી ... કિ હુ. પંડ્યા
૭. રૌપ્ય મહોત્સવ સમાચાર

બાળ વિભાગ

૧. "ગમુસ્નાં ફૂલ" ... જેલભારતી
૨. જૂનું ઘર ... કવિતા ઠાકોર

તંત્રીની નોંધ

સદ્‌ગત દરબાર સાહેબ : આ સપ્તાહમાં ગુજરે તે એક વિરલ સેવક ગુમાવ્યા. સ્વ. દરબાર ગોપળદાસભાઇનું અવસાન સંઘના સભ્યો માટે વિશેષ દુઃખદ છે. સ્વ. ગિજુભાઇનાં બાળશિક્ષણની ઊંડી દૃષ્ટિ જાગી તો ડૉ. મોન્ટેસોરીના પુસ્તકે, પણ એ પુસ્તકનું પ્રથમ સૂચન કરનાર દરબાર સાહેબ હતા. જે કાળે આત્મભોગની વાતો પણ હજુ નેતાઓ બોલી કરતા ત્યારે દરબાર સાહેબે રાજ્યને ત્યજી દીધું અને દેશસેવાની દીક્ષા લીધી. સરળ અને સ્નેહાળ એમના જીવનથી દરબાર સાહેબે અસંખ્ય સેવકોના અંતરમાં ઊંડું સ્થાન લીધું છે. સ્નેહ, સેવા અને સ્વાર્પણ એ દંપતીના જીવનમાં સ્વાભાવિક બની ગયેલાં. સદ્‌ગતની એ સેવા અમર રહો...

સંઘ-શિશુનું વિસ્તૃતીકરણ : દિવસો જતા જાય છે અને સંઘ સાથેનું શિશુવિહારનું વિસ્તૃતીકરણ વધુ ને વધુ નિકટ આવતું જાય છે. એને અંગેના બંધારણના ફેરફારોની સૂચનાઓ મગાવાઇ છે. ફેબ્રુઆરીની સામાન્ય સભા સમક્ષ એની બહાલી પણ માગવામાં આવશે. સંઘના રૌપ્ય મહોત્સવ વર્ષની એ એક અતિ મંગળ સિદ્ધિ ગણાશે.

સંઘ-નિધિને કાજે : શ્રી. તારાબેન મોડક, સંઘ માટેનો નિધિસંચય કરવા માટે હેર હેર પ્રવાસ ખેડી રહ્યા છે અમદાવાદે એમનો કીક સત્કાર કર્યો. મુંબઇ કેવો અને કેટલો સત્કાર કરશે? કવિ ટાગોર ઝોળી લઇ નીકળ્યા ત્યારે ગાંધીજીએ એ છલકાતી દીધી હતી; તારાબેનની ઝોળી કોણ છલકાવશે? બાલશિક્ષણના સૌ રસિકોને આ હેલ છે.

અમદાવાદ શાખા : આ શાખાની સ્થાપના અંગે ગયા માસમાં શ્રી રાજલક્ષ્મીબેનને પ્રમુખપદે સામાન્ય સભા મળી હતી બંધારણ સમિતિએ તૈયાર કરેલ બંધારણ મુસદ્દો રજૂ કરવામાં આવ્યો હતો અને ફલમવાર સર્વાનુમતિથી મંજૂર થયો હતો. સભ્યત્વ, ઉમેદવારી વગેરેની તાજીઓ નિયત થઇ હતી હવે મત પત્રકો મોકલવામાં આવશે અને તા. ૨૬ મી ડિસે થી મતગણતીનું કામ શરૂ થશે.

સાહિત્યની વિકાસ-યોજનાઓ : રાજ્યના માલિકી અને પ્રકાશન ખાતા તરફથી નાની નાની અનેક પત્રિકાઓ પ્રગટ કરવામાં આવી છે, અને આ રીતે ગ્રામજનતાને વિકાસ યોજનાઓથી પરિચિત કરવામાં આવે છે. કેળવણી, ખેતી, કામદારો, ગ્રામસ્વરાજ, ઉદ્યોગ વિકાસ ખનિજ અને જળસંપત્તિ, વીજળીકરણ, જમીનસુધારણા વગેરે વિવિધ વિષયોની માહિતી નિષ્ણાતો પાસેથી સંગ્રહીને આ આળા તૈયાર થઇ છે. સૌરાષ્ટ્રને એ માટે અભિનંદન!

જ. ઉ.

નૂતન બાળશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા



વર્ષ ૨૬ : અંક ૧૨] મુંબઈ [ડિસેમ્બર : ૧૯૫૧

—યુરોપનો પ્રવાસ—

યુનેસ્કો

૧૯૪૯ના સપ્ટેમ્બરમાં અમે ફ્રાન્સમાં ગએલાં ત્યારે પેરિસમાં યુનેસ્કોની જાગતિક પરિષદ ચાલુ હતી. અમને ત્યાં હિંદી વકીલની મારફત પરિષદના પ્રેક્ષક ગણીને અંદર જવાનું મળ્યું. યુનેસ્કોને માટે આટલું બધું વાંચતાં હતાં અને સાંભળવાની તક મળી એ અલભ્ય લાભ મળ્યો એમાં શંકા નથી.

યુનેસ્કોની ઇમારત તથા એકકનું દિવાનખાનું વગેરે જગતમાં સર્વ શ્રેષ્ઠ છે એમાં શંકા નથી. જગતના અનેક દેશોની પ્રતિનિધિ મંડળી ત્યાં ફરતી ફરતી દેખાઇ. એકની જગાએ દરેક દેશના નામનાં મોટાં મોટાં પાટિયાં, તે તે વિભાગમાં લગાડવામાં આવ્યાં હતાં. તેથી કોણ કયા દેશમાંથી આવ્યું છે તે તેના વ્યાખ્યાન વખતે સહજ પણે સમજાતું હતું. પ્રેક્ષકોની ગેલેરી પ્રતિનિધિની પાછળની બાજુ રાખી હતી. તેટલું માત્ર બરોબર ન લાગ્યું. કારણ કે સર્વની પીઠ જ દેખાતી હતી. અધ્યક્ષ તથા સેક્રેટરી વગેરે તદ્દન સામે સારી રીતે દેખાતા હતા.

અહીંયાં, કાનમાં લગાડવાના ફોન દરેકને મળતા હતા. તેથી દરેકનું ભાષણ અંગ્રેજીમાં બેઠેથી સાંભળી શકાતું હતું. જુદા જુદા દેશોને મદદ કરવા માટે—ખાસ કરીને યુદ્ધની અસર પામેલા દેશોનાં બાળકોના શિક્ષણ માટે કેટલી તથા કેવી મદદ કરવી એ પ્રશ્નની ચર્ચા થતાં ઘણા જોરથી ભાષણ થયાં હતાં વક્તા ફ્રેન્ચ કે જર્મની ભાષામાં બોલતા હોય તો પણ તે જ વેળા આપણે અંગ્રેજીમાં તે સાંભળી શકીએ. વક્તા અટકે અથવા ખાંસી થાય તો તે પણ સંભળાય. એવું ઘણું જ આશ્ચર્ય લાગ્યું. આગળથી ભાષાંતર કરી મૂકેલું નથી હોતું. તે જેમ જેમ બોલતા જાય તેમ તેમ ઝટ ઝટ બરોબર ભાષણ કર્યા સરખું ભાષાંતર કરીને, બોલવાની કળા અજબ રીતે ભાષાંતરકારોએ સાધ્ય કરી છે એમાં શંકા નથી.

સર રાધાકૃષ્ણન વગેરે આપણી ભારતની મંડળી બેઠેલી હતી. તેમનું આવવું જવું વગેરે જોઇને આનંદ થતો હતો. સર રાધાકૃષ્ણનનું ભાષણ આગલે દિવસે જ થઇ ગયું હતું તેથી તેમને સાંભળવાનું મળ્યું નહિ.

બપોરે જમવાને વખતે મોટાં મોટાં ઝુમ્મર લટકતાં હોય એવા ખંડમાં જગતના બધા જ લોકો એકઠા થયા હતા. દરેક દેશના સર્વ ભાગના યોગ્ય એવા જમવાના પદાર્થો ત્યાં હતા. દાખલા તરીકે અમને દહીં, ભાત તથા બટાટાનો રસ્સો, ભાજી વગેરે ખાવાનાં મળ્યાં. ત્યાં પ્રકાશન મંદિરને ભેટ મળેલાં પ્રકાશનો જોયાં: તે માત્ર સામાન્ય તથા થોડાં લાગ્યાં.

આ સમયે પેરિસમાં તાપને લીધે નિશાળો બંધ હતી તેથી અમે પાછા આવીને ફરીથી નવેમ્બરમાં પેરિસ ગયાં. તે વખતે યુનેસ્કોમાં રોજ જમવા જતાં હતાં તે વખતે કાર્યકર્તાઓની મુલાકાત પણ લીધી હતી. બાળકોના શિક્ષણ-વિષયક, કલાવિષયક, શિક્ષણ સંબંધી, ભાવનાત્મક વિકાસ તથા વિકૃતિ વગેરે સંબંધી, યુનેસ્કો કંઇ વિશેષ અભ્યાસ અથવા સંશોધન કરે છે કે? તથા પૂર્વ પ્રાથમિક વયનાં બાળકોના શિક્ષણ

સંબંધી માહિતી એકઠી કરવા માટે તેનો વિભાગ કે એવું કંઇ છે કે? એમ એ પ્રશ્નો અમે પૂછ્યા હતા. બીજાનો ઉત્તર નકારાત્મક મળ્યો, અને પહેલાનો ઉત્તર એવો મળ્યો કે, યુનેસ્કોએ હમણાં યુધ્ધજન્ય પારસ્થિતિ છે તેથી અનેક દેશના અનેક પ્રકારે પાંગળાં તથા અપંગ થએલાં બાળકોને કેવી મદદ કરવી, એ જ પ્રશ્ન મુખ્યત્વે હાથ ધરેલો છે. તેના હાથ, પગ, આંખ, કાન વગેરે તૂટેલાં, ભાંગેલાં હોઇ શારીરિક દોષ આવ્યા હોય તથા માનસિક ધક્કો લાગવાથી માનસિક મૂઢતા આવી હોય, એવાં બંને પ્રકારનાં બાળકોના શિક્ષણ માટે શું કરવું, તથા પુષ્કળ બાળકો ઘરબાર વગરનાં, માબાપ ન હોય એવાં, અનાથ થયાં હોય, તેની વ્યવસ્થા શી કરવી; તથા દેશદેશોમાં જે દ્વેષ, વેર, યુધ્ધને લીધે ઉત્પન્ન થયાં તેની અસર બાળકોની ઉપર ન પહોંચતાં તેના આંતરદેશીય પ્રેમ, સહાનુભૂતિ અને અરસ-પરસ સમજાવવાનો આ દિશામાં પ્રયત્ન કરવો, આ પ્રશ્ન મુખ્ય છે એમ બધાંને લાગે છે–એવું કહેવામાં આવ્યું. સ્વિત્ઝર્લેંડમાં પેસ્ટોલોજી, ગામડામાં ચાલેલા મિ. ક્રોટીનો પ્રયોગ તેની ધોરણ ઉપર જ ચાલતો હોય છે કે? આ પ્રશ્નનો જવાબ હકારમાં મળ્યો.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંબંધી યુનેસ્કો કંઇ જ કરતું નથી એમ લાગ્યું. તેથી તેનું મહત્વ નથી એમ સમજીને એ પ્રશ્ન તે હાથ ધરતું નથી કે શું? એમ પૂછતાં કહેવામાં આવ્યું કે "મહત્વ તો સંપૂર્ણ લાગે છે, પણ યુધ્ધોત્તર પરિસ્થતિની અડચણનો પ્રશ્ન હજી દૂર કરવાનો મુશ્કેલ છે. સિવાય પેરિસમાં એક બીજી સોસાયટી પૂર્વ પ્રાથમિક શિક્ષણનો વિચાર કરે છે તેથી તેણે તે પ્રશ્ન હાથ ધર્યો નથી."

"મેડમ મૉંટેસરીના વિચાર યુનેસ્કો.ને જૂના લાગે કે કેમ?" એમ પૂછતાં તે વખતે એક તજ્ઞે તેના માટે ખૂબ સન્માનથી ઉદ્‌ગાર કાઢયો અને યુનેસ્કોએ તેનું સન્માન કરવાનું ઠરાવ્યું છે, એવું કહેવામાં આવ્યું. પુષ્કળ દેશોમાં જઇને આવેલા શિક્ષણ–અભ્યાસુ અહીં આવીને કહે છે કે યુરોપમાં મોન્ટેસરીનું નામ પણ કોઇને ખબર નથી. આપણે ત્યાં જ માત્ર મોન્ટેસોરીના નામે નિષ્કારણ ગુણ ગાન ગાયા કરીએ છીએ. એ ઉદ્‌ગારોને ધ્યાનમાં લઇને જ ઉપરનો પ્રશ્ન યુરોપના શિક્ષણ તજજ્ઞોને પૂછ્યો હતો. તથા યુરોપમાં જઇ આવેલા લોકો માત્ર પ્રવાસ દરમ્યાન ઉપર ઉપરથી જોઇને બીજાની મોંઢેથી વાતો સાંભળીને મત બાંધી દે છે. એ લોકો પ્રત્યક્ષ તેના કામને જોઇ આવેલા નથી હોતા તેથી તેઓ યુરોપનો મત છે એમ અહીં આવીને કહે છે. તેનો અહીં પ્રત્યક્ષ પુરાવો જોવાનો મળ્યો.

અમારી પાસે થોડો સમય હતો. તેથી અમે યુનેસ્કોના કામ સંબંધી એટલો પણ પરિચય મેળવી શકયાં એટલે અમને સંતોષ થયો, અથવા તો પૂરેપૂરું સમાધાન થવું કયાંય પણ શકય જ ન હતું. કારણ કે દરેક ઠેકાણે એમ જ લાગ્યું કે અહીં એક દોઢ કલાક નહીં પણ ઓછામાં ઓછું એક એક અઠવાડિયું રહેવું જોઇએ. પણ તેનો ઉપાય ન હતો. એક બે દેશોમાં રહીને તપશીલવાર માહિતી મેળવવી અથવા શકય તેટલું વધારે દેશોમાં જઇ સાધારણ કલ્પના મેળવવી એ બંને પૈકી અમે ખુલ્લી આંખે બીજો માર્ગ સ્વીકાર્યો હતો. તેટલાથી એટલો સંતોષ માનવો એ જ રસ્તો હતો.

યુનેસ્કો પ્રમાણે જ ઇંગ્લેંડની હાઉસ ઓફ કોમન્સની બેઠક જોવાને અમે ઉત્સુક હતા. કારણ, એક તો નાનપણથી અમે સાંભળતાં અને વાંચતાં આવેલી ખૂબ પરિચયની બાબત એક વખત આંખે જોવી જ જોઇએ એવું લાગતું હતું, તથા જગપ્રસિધ્ધ રાજકારણી નેતાને પ્રત્યક્ષ જોઇને, સાંભળીને સમાધાન મેળવવાની પણ તીવ્ર ઇચ્છા હતી જ. મુંબઇના વિધિમંડળનો થોડા અનુભવ હોવાથી પાર્લામેન્ટરી ચર્ચા, ઉત્તરો, પ્રત્યુત્તરો વગરે ત્યાં કેવા હોય છે, તે પણ સાંભળવાની ઇચ્છા હતી પરન્તુ આ બાબતમાં અમારી પૂર્ણપણે નિરાશા જન્મી. તે એવા પ્રકારની કે મોઢાં સુધી અડકેલા પ્યાલાએ પણ તરસ છીપી નહિ. આ પ્રકારની નિરાશાથી મનમાં ભારે ચટકો લાગ્યો.

પાર્લામેન્ટની ઇમારત વગેરે અમને ઘણી સારી રીતે થેામસકુકના પ્રવાસમાં જોવાની મળેલી. તે વખતે પ્રત્યક્ષ ચર્ચા સાંભળવા સંબંધીની ઉત્સુકતા વધેલી. અમને એવી ખબર મળી હતી કે, ઈંડિયા હાઉસ પાસેથી અમને પાસ મળી શકશે. તે વખતે બજેટની મહત્વની સેશન ચાલુ હતી. પૌંડનું અવમૂલ્યકરણ થયું હતું. સર સ્ટ્રેફર્ડ ક્રિપ્સનું ભાષણ તે જ દિવસે થવાનું હતું. તે જ દિવસે અમે પાસ લીધેા. ચર્ચિલનું પણ, વિરોધ તરીકે જોરથી ભાષણ થવાનું છે એવું સાંભળ્યું હતું. તેથી ઘણા જ વહેલા જઇને અમે અમારા નંબર કયારે આવશે તેની ઉત્કંઠાથી વાટ જોતાં હતાં. શરૂઆતમાં ચાર પાંચ જણના નંબર આવ્યા પછી તેા માત્ર કલાક, બે કલાક, ૩ કલાક થવા લાગ્યા. કેાઈ અંદરથી બહાર આવશે ત્યારે બહારના અંદર જઇ શકશે. ૪૦-૫૦ જણાની મંડળી અમે નીચેના હેાલમાં વાટ જોઇને બેઠાં હતાં. વરસાદ ખૂબ જોરથી પડતેા હતેા. ઠંડીથી બરફ ઠરેલાં હતાં. પણ જગા છેાડવાની ઇચ્છા ન હતી. તેથી જ ચાર કલાક બેઠા. તેવામાં થેાડી હિલચાલ થઇ, ત્રણ ચાર જણાનાં નામ આવ્યાં. ત્યારપછી તરત જ અમારી વારી આવી. આટલી પ્રતિક્ષા કરેલી સાર્થક થઇ એટલે હર્ષથી અમે ઉપર ગયાં.

પણ જેટલા આતુરતાથી અમે ઉપર ગયાં તેટલી જ નિરાશામાં અમે ઘેરાયાં. પહેલી વાત તેા એ કે પ્રેક્ષકેાની ગેલેરી, સ્પીકરના માથા ઉપર; ત્યારપછી આગળની ત્રણ હાર પત્રકારેાને માટે રાખી મૂકવામાં આવેલી; પછી ત્રણ ચાર હારમાં જગા મળે ત્યાં બેસી જવાનું. એટલે પાર્લામેન્ટના લાંબા હેાલનેા છેવટનેા થેાડેા ભાગ અમને દેખાતેા હતેા. મંત્રીમંડળ તથા વિરેાધી પક્ષના બાંકડા બિલકુલ દેખાતા ન હતા. બીજી વાત ક્રિપ્સ, ચર્ચિલનાં ભાષણેા થઇ ગયાં હતાં. તે ચાલુ હશે તે વખતે જ અમે ચાર કલાક નીચે બેઠાં હતાં, તેવી ખબર મળી. છેવટે મામૂલી ભાષણેા ચાલતાં હતાં. કેાઈ પણ પ્રખ્યાત વકતાઓનાં ભાષણેા ન સાંભળવા મળ્યાં. તેનેા પસ્તાવેા થતેા હતેા. એટલું જ નહિ પણ ચર્ચિલ, ક્રિપ્સ, એટલી વગેરેનાં મેાઢાં પણ જોવાં નહિ મળ્યાં એટલે જ મનમાં ભારે દુઃખ થયું. આગળ થેાડી નકામી જગા હતી ત્યાં જઇને બેસવાની પરવાનગી માગી પણ તે જગા બાતમીદારેા માટેની છે; ત્યાં બેસવા દેવામાં આવે નહિ, એમ કહ્યું. બાજુની ગેલેરી ઉપર જઇને બેસવા દેવામાં આવે નહિ કે? પણ પૂછતાં પહેલાં જાણ્યું કે તે જગામાં ફક્ત હાઉસ ઓફ લેાર્ડસના સભાસદ અને તેના મહેમાનેા જ બેસી શકે.

છેવટે પ્રસ્તાવેા કરતાં રહ્યાં. ઇન્ડિયા હાઉસને પ્રેક્ષકેાની આ અડચણની કલ્પના હેાવી જ જોઇએ. તે લેાકેાએ અમને એકાદ લેાર્ડસના મહેમાન કેમ ન કર્યા? એવી રીતે મનમાં ને મનમાં બબડતાં બબડતાં અમે પાછા ફર્યાં.

તેટલામાં એટલું માત્ર દેખાયું કે મુંબઇના એસેમ્બ્લીમાં આરામથી બેસવાના બાંકડા અને આગળ ટેબલ છે તેવી, ત્યાં સભાસદેા માટે વ્યવસ્થા નથી. બધી અગવડ વાળી જ વ્યવસ્થા લાગી. ત્યાંના કરતાં મુંબઇ અથવા દિલ્હીના હેાલ્સ પુષ્કળ જ સગવડવાળા અને યેાગ્ય બાંધણીના લાગે છે. બેામ્બિંગથી હાઉસ ઓફ કેામન્સ પડયું; તેથી કેામન્સ વાળાઓ લેાર્ડસ સભાની જગામાં જેમ તેમ બેસતા હતા એવી પણ અમને ખબર મળી. ગમે તેમ હેાય પણ અમારી નિરાશા ખૂબ મેાટી હતી.

તારાબેન મેાડક

સંઘ—નિધિમાં આપનેા ફાળેા મેાકલ્યેા?

એક મીઠી લપાટ

સ્વ. શ્રી. ગિજુભાઇ બાળકોના એલી હતા. બાળકોના વકીલ હતા અને બાળકોના ઉદ્ધારક હતા કે તારણહાર હતા;- એવું બધું આજ દિવસ સુધી અમે મોટેરાંઓએ ઘણું બધું કહી નાખ્યું છે. હવે આજ તો બાળકોને સમજાય તેવું થોડું કે કહીએ.

ગિજુભાઇ બાળકો ઉપર બહુ પ્રેમ, હેત વગેરે રાખતા હતા. પણ તેનો અર્થ ગિજુભાઇ આ શબ્દોનો વેવલાઇથી ઉપયોગ કરતા હતા એમ નથી. ગિજુભાઇ સામાન્ય રીતે ગંભીર રહેતા હતા અને હસતા ત્યારે પણ મોં જ મલકાવતા. એમને વિશેની આ વાત એમનાં બાળમંદિરનાં બાળકો સાથેના રોજીન્દા વર્તાવ ઉપરથી બબર પડશે.

લગભગ બપોરે ૧૧॥ વાગ્યે શહેરમાંથી બાળકોને લઇને ઘોડાગાડીઓ આવતી; તેમ જ બીજાં આસપાસથી ચાલીને આવનારાં બાળકો પણ તે જ વખતે ચાલ્યાં આવતાં દેખાતાં હોય. તે બધાં ટેકરી પરના બાળમંદિરમાં ઉપર આવે અને પગથિયાં ચઢતાં હોય ત્યાં ગિજુભાઇ બસુસ કરીને ઊભા રહેતા અને દરેક બાળકને નમસ્કાર કરીને, સહેજ હસીને તથા માથું નમાવીને આવકાર આપતા. કોઇ બાળક ગુલાબનું ફૂલ લાવ્યું હોય; કોઇ વળી ડોલર કે ચમેલીનું ફૂલ લાવ્યું હોય કે કોઇ બાળક પોતે તકલી પર કાંતેલા સુતરના ધાગા લાવ્યું હોય. તે બધું ગિજુભાઇને તેઓ હોંસથી બતાવતાં અને ગિજુભાઇ પણ તેમને સહેજ સ્મિત કરીને આવકારતા. તે પછી સંગીત ચાલતું. ત્યાં પણ જરા ઊંચી બેઠક પર સંગીતશિક્ષકની બાજુમાં અક્કડ અને ટટાર રીતે ગિજુભાઇ બેસતા. બિલકુલ હસતા નહિ, ફક્ત તેમની ચમકતી આંખો, સામે બેઠેલાં બધાં બાળકોને જાણે હેતથી લીંપી લેતી હોય તેમ તેમના ભાંગેલા ચશ્માંમાંથી ચારેકોર ફરતી. તે દિવસે જે કહેવાનું હોય તે પણ અનુલેખન લખાવતા હોય તેવી, સ્પષ્ટ અને ધીમી ભાષાગતિથી ગંભીરપણે બોલી જતા. ચારે કોર શાંતિ શાંતિ દેખાતી; પણ આ શાંતિ ચુંગળાવી નાંખે તેવી ન હતી. પ્રસન્ન, બાછી ઝાકળ-ચાદર જેવી એ શાંતિ મને લાગતી. તે પછી બાળકો સૌ સૌના ઓરડામાં જતા અને ત્યાં પણ શાંતિ અને ગંભીરતાપૂર્વક કામ ચાલતું ઉપાહાર વખતે પણ જે ક્રિયાઓ થતી તેમાં પણ ગિજુભાઇનું મૌન સૌને મીઠાશથી ભરી દેતું. વિશિષ્ટ કાર્યક્રમો હોય ત્યારે પણ ગિજુભાઇ હંમેશની સમતુલા ગુમાવતા-નહિ. નાટકમાં વાળંદ થયા હોય ત્યારે કે મીંયા ફુસકી બન્યા હોય ત્યારે કે સસાભાઇ સાંકળિયાના બાવા બન્યા હોય ત્યારે પણ શ્રોતાજનોને પેટ પકડીને હસાવતા, પણ પોતે તો સહેજ જ મલકતા.

આ અને આવું બધું બતાવે છે કે ગિજુભાઇ અત્યારનાં બાળમંદિરોના કાર્યકરોની જેવા-વેવલા ન હતા. અત્યારે તો સ.....ર.....સ, સા.....બા.....શ, ધ.....ણું.....સુંદર વા.....હ.....વા.....હ અને એવા ઉ-તેજનના શબ્દો એમને બોલતાં સાંભળું છું ત્યારે મને ગિજુભાઇ સાંભરે છે, અને ગ્લાનિ થાય છે. એમ નહિ કે આવા શબ્દો ન જ બોલવા. નકકર કામ કર્યા પછી બાળકોને ઉ-તેજન ખાતર જ ફકત કરકસરથી આવા શબ્દો બોલાય એ વધારે હિતાવહ છે. જો બાળકો પ્રત્યે આપણો સાચો પ્રેમ હશે તો ઉમળકાથી વહાલના કે કદરના કોઇ ઉદ્‌ગારો આપણા મુખમાંથી સ્વભાવિક રીતે જ સરી પડશે.

ગિરીશ

તમારા ઘરમાં 'બીજણ સાસુલી' આવી ?

આ જરૂર વાંચો

૧. સંઘ વ્ય. મંડળના બે ઠરાવો

તા. ૧૦—૧૧—'૫૧ ના રોજ મુંબઇમાં નૂ. બા. સંઘના વ્ય મંડળની એક બેઠક કાશ્મિર હાઉસમાં મળી હતી, આ વખતે નીચેના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. ૧. ક. શિશુવિહાર મંડળનું સંઘમાં વિલિનીકરણ થયા પછી ત્રણ વર્ષ માટે શિ. વિ. મંડળના ત્રણ સભ્યોને નૂ. બા. સંઘના વ્ય. મંડળ ઉપર સ્વીકૃત (Co-opt) કરી લેવા. ખ. શિ. વિ. મંડળે લીધેલી લોનને અંગે એ મંડળે કરેલી શરતોને સંઘ માન્ય રાખશે. ગ. આ વિલિનીકરણને પરિણામે, સંઘના બંધારણમાં ઘટતા ફેરફારોનો મુસદ્દો તૈયાર કરવા એક સમિતિ નીમાઇ છે. એમાં સંઘ તરફથી શ્રી. તારાબેન પ્રેમચંદ, શ્રી. ચંદુલાલ મો ઝવેરી અને શ્રી. કાન્તિલાલ કારિયા રહેશે.

૨. ૧૯૫૨ ના ફેબ્રુઆરી માસના છેલ્લા સપ્તાહમાં સુરતમાં સંઘના કાર્યકર્તાઓનું સંમેલન અને સંઘની વાર્ષિક સામાન્ય સભા બોલાવવી. તારીખ અને સ્થળની જાહેરાત જાન્યુઆરીની પત્રિકામાં પ્રગટ થશે.

૨. નવું બંધારણ — તમારાં સૂચનો

નૂ. બા શિ. સંઘના બંધારણમાં છેલ્લા ફેરફારો નવ વર્ષ પહેલાં થયા હતા આજ સુધીના નવા અનુભવે ચાલુ બંધારણમાં થોડાક નવા ફેરફારો કરવાની હવે જરૂર છે એમ વ્ય. મંડળને લાગે છે. આ માટે એક પેટાસમિતિ નીમવામાં આવી છે; એના આમંત્રક શ્રી. તારાબેન મોડક છે. સભ્યોને વિનંતિ છે કે જે સભ્યો સંઘના બંધારણમાં જે ફેરફાર સૂચવવા માગતા હોય તેમણે **તા. ૧૫મી જાન્યુઆરી ૧૯૫૨ સુધીમાં** શ્રી. તારાબેન મોડક, ૧૧૮ હિન્દુ કોલોની, દાદર, મુંબઇ ૧૪—એ સરનામે મોકલી આપવા. બંધારણની નકલ માટે શ્રી. બાબીબેન મૂળજી દયાલ-વાલકેશ્વર, મુંબઇ, ૬ ને સરનામે લખી જણાવવાની વિનતિ છે.

૩. પત્રિકાનું નવું વર્ષ — લવાજમ

આજ સુધી પત્રિકાનું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણવામાં આવે છે. પણ સંઘે હવે પોતાનું વર્ષ એપ્રિલથી માર્ચ સુધીનું નક્કી કર્યું છે; અને તેથી પત્રિકાના હિસાબમાં મુશ્કેલી રહે છે આથી હવે એવું ઠરાવ્યું છે કે **આ વરસે પત્રિકાનું વર્ષ ૧૯૫૧ ના ડિસેમ્બરમાં પૂરું ન કરતાં ૧૯૫૨ના માર્ચ સુધી લંબાવવું.** જે સભ્યોનું લવાજમ ડિસેમ્બર ૧૯૫૧માં પૂરું થાય છે તેમણે એક વરસને બદલે સવા વરસનું—રૂા પાંચ—લવાજમ મોકલી આપવું. એ સભ્યોને આના બદલામાં, ૧૯૫૨ ના જાન્યુ. અંકથી ૧૯૫૩ ના માર્ચ સુધીના ગ્રાહક ગણવામાં આવશે. વધુ માહિતી માટે શિ. પ. કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬—ઉપર પત્ર લખો.

દાદા દાદીઓ માટેની પ્રશ્નાવલી

દાદા દાદીઓ નીચેના પ્રશ્નના જવાબો આપે. પહેલા પાંચ પ્રશ્નના જવાબ નકારાત્મક અને બીજા પાંચ પ્રશ્નોના હકારાત્મક હોવા જોઇએ, એવી અપેક્ષા છે.

પ્રશ્ન ૧ લો—તમારા પૌત્ર કે પૌત્રીએ કંઇ ગુનો કર્યો હોય અને તે બદલ તેમને તેના માત પિતા ધમકાવે છે તો તમે પૌત્ર કે પૌત્રીનો પક્ષ લઇ કંઇ વિરોધ કરો છો કે?

ઉત્તર — દા. ત છોકરાએ ઉધ્ધતપણાથી જવાબ આપ્યો હોય તે બદલ તેમની માતાએ તેને માફી માગવા કહ્યું હોય તો તમે તે વખતે માત પિતાને એમ કહો છો કે "જવા દે, એમાં કંઇ નહિ."

તેમ કર્યું હોય તો માતા પિતાની સત્તા અને માર્ગદર્શનમાં બાધ આવે છે. બાળકના મનમાં ગોટાળો ઉત્પન્ન થાય છે, અને તે માતપિતાનું કહેલું સાંભળતા જ નથી.

પ્રશ્ન ૨ જો—તમે તમારા પૌત્ર પૌત્રીને તેમના માતા પિતાને પૂછ્યા વિના વચ્ચે વચ્ચે ચોકલેટ, પીપરમીન્ટ, પેંડા વગેરે આપો છો કે?

(ખાસ કરીને નાના પૌત્ર પૌત્રીને)

ઉ-તર — તમે જો એમ કરો તો બાળકોની બરી ભૂખ મરી જાય છે. વખતસર જમવાની ભૂખ લાગતી નથી. તેમને જમાડવાનું કઠણ થઇ જાય છે.

પ્રશ્ન ૩ જો—તમે તમારા પૌત્ર પૌત્રી સાથે રમત ગમતમાં એટલો બધો ભાગ લો છો કે જેથી તે એક બીજાને કે તેની સાથે રમવાવાળા છોકરાઓને પણ ભૂલી જાય છે?

ઉ-તર —જે બાળકો આપસ આપસમાં તથા પોતાની સરખી વયનાં છોકરાંઓ સાથે રમવાનું, મજા કરવાનું છોડીને તેના આનંદ માટે તે વડીલ મંડળી ઉપર જ અવલંબિત રહેતાં હોય તેવાં બાળકો માટે દયા જ બાવી જોઇએ.

પ્રશ્ન ૪ થો—તમારા પૌત્ર કે પૌત્રીને જમતી વેળા 'બરાબર જમ' 'હજી લે' 'થોડું લે' એવા પ્રકારની સૂચના વારંવાર તમે આપો છો કે?

દા. ત. આજે બાજુને રોટલી બાવા સંબંધી ત્રણ વાર કહેવું પડ્યું, તો તેને કાલે ચાર વખત નકકી કાલાવાલા કરવા જ પડશે.

પ્રશ્ન-૫ મો—તમારા પૌત્ર કે પૌત્રી રડવા લાગે ત્યારે તમને ખૂબ ચિંતા થાય છે? તમે ત્રાસી જાઓ છો?

"કોઇ એક ઘરમાં બાળક રડતું કે તેની દાદીથી તે સહન થતું ન હતું, તેથી બાળકની મા તે રડતાંની સાથે તેને ઉપાડી લઇ છાનો રાખવાનો પ્રયત્ન કરતી. રડવાનો પ્રસંગ ટાળવા તે હંમેશ આતુર રહેતી. પણ તેમ કરવાથી પરિણામ એવું આવ્યું કે બાળક ખૂબ જ હઠીલું થઈ ગયું. કેટલાંય વર્ષ સુધી રાત દિવસ ગમે ત્યારે તે રડતું કે તેને ઉપાડી લઇ છાનું રાખવું પડતું. આથી માતા પિતા ને તે બાળકનું જીવન અસહ્ય થઇ પડ્યું હતું.

પ્રશ્નાવલી ૨ જી

પ્ર ૧ લો—તમારા પૌત્ર પૌત્રીને સંભાળવાનું કામ માથે લઇને તમે તમારા જુવાન વહુ દીકરાને બહાર ફરવા જવાની છૂટ આપો છો?

ઉ-તર :—"દા. ત. મારી એક બહેનપણીની મા તેને ત્યાં થોડા એક મહિના રહેવા માટે આવી હતી. તે વખતે બહેનપણીને મેં કહ્યું, કે હવે તમને બહાર ફરવા જવાનું મળતું હશે." બહેનપણીએ કહ્યું, "બિલકુલ જ નહિ." કેમકે તેની મા તેનાં બાળકોને સંભાળવાને રાજી ન હતી. એટલે બાળકો સાથે ફરવા જવાનું તેનાથી બની શકતું ન હતું. છોકરીને તેમના પતિ સાથે ફરવા જવાની સગવડ કરી આપવી જોઇએ એ બાબત દાદીને બિલકુલ લક્ષમાં આવતી ન હતી.

પ્ર. ૨ જો —તમારા ૫-૬ વર્ષના પૌત્ર કે પૌત્રીને તમે તેના વર્તાવ અંગે કંઈ કહેતા છો કે?

ઉ-તર —રોજ કહેવાવાળા માતા પિતાના બોલની અસર બાળકો ઉપર બહુ થતી નથી. પણ ત્રાહિત માણસો જો કંઈ સૂચન કરે તો તેની અસર ઠીક ઠીક થાય છે.

આ બાબતમાં બાળકોને કંઈ સૂચના કરવા જેવી છે તે પ્રથમ માતા પિતા સાથે વાતો કરી જાણી લેવી, અને પછી બાળકોને તે અંગે સૂચના દાદા દાદીઓએ કરવી જોઈએ. આથી માતા પિતાને બરી મદદ થશે.

પ્ર. ૩ જો—તમે તમારા પૌત્ર પૌત્રીને સાથે લઈ ફરવા જાઓ છો કે?

ઉ-તર —આ બાબત તદ્દન નાની છે. પણ આથી બાળકો તમારા ઉપર ખૂબ રાજી રહેશે. બાળકોને ફરવા લઈ જવાની માની ઇચ્છા હોય છે પણ તે ઘરના કામમાં ગૂંથાએલી હોવાથી તે કરી શકતી નથી. બાળકોને ફરવા જવાનો ખૂબ આનંદ હોય છે. આથી તેની માને પણ થોડો વખત શાંતિ અને સ્વસ્થતા મળે છે. તે તેને મન ખૂબ કિંમતી લાગે છે.

પ્ર. ૪ થો—તમે ઘરના કામમાં કંઈ વધારે મદદ કરો છો?

ઉ-તર — બાબત નાની છે. પણ આવી મદદથી તમારા તરુણ વહુ દીકરાને કેટલીક સગવડ મળે છે. કામમાંથી તેમને છૂટકારો મળે છે.

પ્ર. ૫ મો — તમે તમારા પૌત્ર કે પૌત્રીથી દૂર રહેતા હો તે વખતે વચ્ચે વચ્ચે તેમને કંઈ કાગળ લખો છો કે? તથા કંઈ નાની એવી ભેટ મોકલો છો કે?

ઉ-તર —બાબત નાની છે પણ તે બાળકના જીવનમાં સમૃધ્ધિ આપે છે.

આટલા પ્રશ્ન દાદા દાદીને પૂછ્યા પછી એક જ પ્રશ્ન માતા પિતાને પણ પૂછવા જેવો લાગે છે.

પ્રશ્ન :— તમે કદી દાદા દાદીની પરિસ્થિતિનો, તેમની ભૂમિકા સમજી લઈને વિચાર કર્યો છે કે?

ઉ-તર :— દા. ત. એકાદ વખત દાદીને થઈ આવે કે લાવને બાળકને લઈને રમાડું, લાડ લડાવું. દાદાને થાય કે બજારમાંથી ટીકડી, પેંડા આણીને બવડાવું; પણ આ પ્રસંગો તમને પ્રતિકૂળ લાગતા હોય, બાળકને નુકશાનકર્તા હોય તો તે વખતે તમે પોતે દાદા દાદીની ભૂમિકા સમજીને તેમની દૃષ્ટિએ વિચાર કરો છો કે?

બાળકોના ઉછેરની બાબતમાં જો કોઇ મહત્વની બાબત હોય તો તે ઘરમાં રહેતાં સર્વનું એકદિલી ભર્યું વાતાવરણ છે. પતિ પત્ની, દાદા દાદી, બાળકો સૌ એક બીજાં સાથે હળીમળીને રહેતાં હોય તો તેમાંથી બરું સુખ અને સમાધાન મળી રહે છે.

(અંગ્રેજી પરથી) તા૦

પૂર્વ પ્રાથમિક સંસ્થા

લેખાંક બીજો : બાળમંદિરનું મકાન

બાળમંદિરના મકાનની કલ્પના માટે, બાળમંદિરમાં કેટલાં બાળકો લઈ શકાય તેની મર્યાદા સ્પષ્ટ અને નિશ્ચિત કરવાની જરૂર છે. બાળમંદિર એટલે બાળકોનું સામાજિક ઘર. એ ઘરનું વાતાવરણ, તેની અંતર્બાહ્ય રચના બાળકોના જ સર્વાંગી વિકાસને અનુલક્ષીને હોઇ શકે. તેના વિશિષ્ટ પ્રકારના સ્વરૂપ વિશે વિચારતાં આપણે આગળ તેનું વર્ણન 'ઘરશાળા' તરીકે કર્યું છે. એ ઘરશાળાની કાર્યક્ષમતા અને તેનું ઘર જેવું મર્યાદિત સ્વરૂપ જાળવી રાખવા માટે પણ બાળકોની સંખ્યાનો પ્રશ્ન નિશ્ચિત રીતે વિચારવાની જરૂર છે.

ડા. મોન્ટેસોરીનો સ્પષ્ટ મત

કોઇ પણ બાળમંદિરમાં બાળકોની સંખ્યા વીસ કરતાં ઓછી અથવા ચાલીસ કરતાં વધારે ન હોવી જોઇએ એવો ડો. મોન્ટેસોરીનો સ્પષ્ટ મત છે. યુરોપના જુદા જુદા દેશોમાં તેમ જ ઇંગ્લેંડ અને અમેરિકામાં દરેક બાળમંદિરમાં (Nursery School) વધારેમાં વધારે કેટલી સંખ્યા લેવી તે નિશ્ચિત કરવા માટે શાસ્ત્રીય પાયા

પર મનોવૈજ્ઞાનિક સંશોધન પણ થયું છે અને તેથી ડા. મોન્ટેસોરીના મત અથવા અનુભવને સમર્થન મળે છે.

આપણી સ્થિતિ

પચીસ વર્ષ પહેલાં સ્વ. ગિજુભાઈએ દક્ષિણામૂર્તિ ભવનમાં જે બાળમંદિરનું મકાન ચોજ્યું તેમાં ૬૦ થી ૭૫ બાળકોનો સમાવેશ કરી શકાય એવી તેમની કલ્પના હોય એવું દેખાય છે. શ્રી. દક્ષિણામૂર્તિ બાળમંદિર પછી સૌરાષ્ટ્રમાં બાળમંદિરો માટે જ્યાં જ્યાં મકાનો થયાં ત્યાં લગભગ એ જ સંખ્યાની મર્યાદા સ્વીકારેલી દેખાય છે. શરૂઆતમાં આપણાં બાળમંદિરોને બાળકો કેમ મળે તે જ મોટો વિકટ પ્રશ્ન હતો. એથી બાળમંદિરમાં કેટલાં બાળકો લેવાં જોઈએ એ પ્રશ્ન, સ્વ. ગિજુભાઈની સામે ન હતો. હજી પણ ગામડાંઓનાં બાળમંદિરોમાં બાળકોની સંખ્યા ૪૦ થી ૫૦ ની મર્યાદિત જ હોય છે. પરંતુ બાળમંદિરોનો પ્રચાર જેમ શહેરોમાં વધતો ગયો તેમ બાળમંદિરોમાં બાળકોની સંખ્યા વધવા લાગી.

સર્વને ઊંધે રસ્તે દોરતું અર્થતંત્ર

જેઓના હાથમાં આજે શહેરોનાં બાળમંદિરોનું સંચાલન છે તેઓ બાળમંદિર એટલે નાનાં બાળકોનો એક ક્લાસ એવો અર્થ કરે છે અને આ ક્લાસ પૅગભર કરવા, એમાં જેટલાં બાળકો આવે તેટલાં ભરતાં જ જાય છે. ઘણાં ખરાં બાળમંદિરો સરકારી અથવા લોકોની પૂરતી આર્થિક મદદને અભાવે બાળકોની માસિક ફી પર જ નભતાં હોય છે. આમાં બાળકોની સંખ્યા અમર્યાદિત રીતે સ્વીકારવાનું સંચાલકોનું ધોરણ હોય છે. જેમ બાળકો વધે તેમ આવક વધે અને તે આવકમાંથી બાળમંદિરો માટે વધારે સગવડો કરી શકાય અથવા તો બાળમંદિરમાં આવતી ખોટ પૂરી શકાય–એ મનોદશા માત્ર પ્રોપ્રાયટરી બાળમંદિરોમાં જ નહિ, પરંતુ સાર્વજનિક બાળમંદિરોમાં પણ દેખાય છે એવી સંસ્થાઓમાં બાળશિક્ષણ વિષે કંઈવાર જે સાંભળવા માગે તેને જરૂર સંભળાશે; પરંતુ સંચાલકો આ શિક્ષકોનો કચવાટ સાંભળવા જ માગતા હોતા નથી. તેઓ ફરિયાદ કરે તો 'પછી ખરચ કયાંથી કાઢીએ? તમારા પગારો કયાંથી આપીએ?' એવું સંચાલકો તેઓને સંભળાવે છે અને તેઓનું મોઢું બંધ કરવાનો પ્રયત્ન કરે છે. બિચારા બાળકોનું પૂછવું જ શું? સંચાલકોથી દબાએલો શિક્ષક આ બાળકોને દાબી દાબીને બાળમંદિરના ઓરડામાં પૂરવા પ્રયત્ન કરે છે.

બાળમંદિરો કે જે શરૂઆતમાં બાળકો માટેના સ્વાતંત્ર્ય, સ્વાશ્રય અને સ્વયંસ્ફૂર્તિના પોકારોથી શરૂ થયાં તેને જ નામે આજે બાળકોને કેટલી ક્રૂર રીતે ઓરડાઓમાં પૂરવામાં આવે છે! તે જે કોઈ જોશે તેને બાળમંદિરમાં બાળકોની સંખ્યાના નિયંત્રણનો પ્રશ્ન અતિ અગત્યનો લાગશે. પૂર્ણ પ્રાથમિક કેળવણી એ રીતે સસ્તી કરવી એ પૂર્ણ પ્રાથમિક કેળવણીનો પ્રાણઘાત કરવા બરાબર છે. તેનાં પ્રાણતત્ત્વો સાચવીને તે કેવી રીતે સસ્તી કરી શકાય તેની ચર્ચા આપણે કોઈ અન્ય સ્થળે કરીશું. અત્યારે બાળમંદિરમાં બાળકોની સંખ્યા વધારીને બાળમંદિરનું અર્થતંત્ર જાળવવાના જે પ્રયત્નો થાય છે તે બાળકોના હિતમાં નથી તે દર્શાવીને, કોઈ પણ બાળમંદિરના એકમમાં ચાલીશથી પચાસ કરતાં વધારે સંખ્યા ન રાખવા તરફ સંચાલકો પ્રગતિ કરતા રહે તે, બાળક અને બાળકેળવણીના હિતમાં છે; તેની નોંધ સંચાલકો, વાલીઓ અને શિક્ષકો લે એમ હું ઇચ્છું છું.

બાળમંદિરનો સંસાર

બાળમંદિરમાં બાળકોની સંખ્યા ૪૦ થી ૫૦ નિશ્ચિત કર્યા પછી તે સંખ્યા માટે કેટલા શિક્ષકો, કેટલા મદદનીશો જોઈએ તેની મર્યાદા સ્પષ્ટ થાય છે. સામાન્ય રીતે બે શિક્ષકો અને બે મદદનીશો ગણીએ તો આ બધા માટે બાળમંદિરમાં શી શી સગવડો જોઈએ તેનો વિચાર બાળમંદિરના મકાનની કલ્પના માટે આવશ્યક છે. બાળમંદિર એ ઘર છે; તેથી તેમાં રસોઈનું સ્ટોર, સગવડતાવાળાં જાજરૂ, મૂતરડીઓ, બાથરૂમો, વાસણ ઊટકવાની જગા, બળતણ મૂકવાની જગા, આંગણું, બગીચો, પાળવા માટે કેટલાંક પશુ પંખીઓ–જે સારા

બરનાં આવશ્યક અંગે ગણ્યા ને બાળમંદિરનાં આવશ્યક અંગો બને છે. બાળમંદિર એ શાળા છે તેથી તેમાં પ્રાર્થના, સંગીત, ભોજન અથવા ઉપહાર, વાર્તા, નાટય રમતો વગેરે, આરામ પ્રવૃત્તિ માટે વ્યવસ્થા અને વ્યક્તિગત સામુદાયિક પ્રવૃત્તિ માટે આવશ્યક કેળવણીનાં સાધનો અને તે સાધનો માટે યોગ્ય વ્યવસ્થા, ઓફિસ વગેરે સગવડો બાળમંદિરમાં આવશ્યક હોય છે. આ બધી સગવડો બાળમંદિરમાં આપી શકાય તો જ બાળમંદિર એ બાળકોની ખરેખરી ઘરશાળા થાય— અને બાળકો માટે એવું ઘર અથવા મકાન આપી શકાય, તો જ કોઇ સંસ્થાએ બાળમંદિર શરૂ કરવું. નહિ તો બાળ-શિક્ષણ માટે ખોટી ભ્રમણા ઊભી ન કરવી. એક બે કલાસો ખોલીને તેને બાળમંદિર કહેવું અને તેમાં, ખીલતાં ફૂલ જેવાં બાળકોને પૂરી દેવાં, તેમાં બાળકનું શારીરિક, માનસિક અને નૈતિક અહિત છે, એવાં બાળમંદિરો ચલાવીને સંચાલકો બાળકેળવણીનું રાષ્ટ્રઘડતરનું કાર્ય થાય છે એમ માનતા હોય અને વાલીઓ એવાં બાળમંદિરોમાં પોતાનાં બાળકોને મોકલીને પોતાનાં બાળકો પ્રત્યેની ફરજ અદા થઇ એમ મનમાં સમાધાન લેતાં હોય તો એ નરી આત્મશ્લાઘા જ સમજવી. એવાં બાળમંદિરો કરતાં બાળકો ઘરમાં ને શેરીઓમાં રખડે તોય ચિંતા કરવા જેવું નથી. ખુલ્લી હવા, પ્રકાશ અને રમતા કૂદવા માટે ખુલ્લી જમીન મળવી તે તેના વિકાસ માટે સૌથી પહેલી ને પ્રાથમિક જરૂરિયાત છે. તેની પ્રાપ્તિ એ બાળકનો જન્મસિદ્ધ હક ગણવો જોઇએ અને તે કોઇ બાળક પાસેથી ઝૂંટવી લેવાનો પ્રયત્ન કરતું હોય તો તે કૃત્ય સમાજદ્રોહી ગણીને તે માણસ શિક્ષાને પાત્ર લેખાવો જોઇએ. આજનાં શહેરોમાં ઘેર ઘેર બાળકોને ખુલ્લી ચોખ્ખી જગા મળતી નથી માટે જ તો બાળમંદિરોની યોજના છે. બાળમંદિર જ જો એક બે ઓરડાનું બંધિયાર કેદખાનું બની જતું હોય તો તે બાળમંદિર કેવી રીતે કહી શકાય? બાળમંદિરની જરૂરિયાતો સમજીને જ તેના મકાનનો વિચાર થવો જોઈએ એ દેખીતી વાત છે.

હાઉસિંગ સોસાયટીઓ અને નવાં નગરો રચનારા ધ્યાનમાં લે

વસતીની દર આઠ વ્યક્તિઓમાં એક વ્યક્તિ પૂર્વ પ્રાથમિક અથવા ૬ વર્ષ કરતાં નાનું બાળક હોય છે, તમારી કુલ વસતીના આઠમા ભાગના નાગરિકો માટે તમે તમારી હાઉસિંગ સોસાયટીમાં અથવા નવનગર રચનામાં શું વિચારી લીધું છે તે જોઇ લેશો. એ બાળકો માટે જો તમે કંઇ વિચાર્યું ન હોય તો તમે પાછળથી મૂંઝાશો. દરેક ૮૦ થી ૧૦૦ કુટુંબોના રહેઠાણમાં એક બાળમંદિર આવશ્યક છે. આથી દરેક બાળમંદિરમાં જોઇતી બાળકોની ૪૦ થી ૫૦ સંખ્યા મળી રહેશે. એ દરેક બાળકના માથાદીઠ રહેઠાણમાં બાળમંદિર માટે ૨૦૦ ચો. ફીટ જગા એટલે કે કુલ ખુલ્લી ઓછામાં ઓછી ૮ હજારથી ૧૦ હજાર ચો. ફીટ ખુલ્લી જગા રાખવાની જરૂર છે. તે રાખશો તો જ તમારાં બાળકો પ્રત્યેની તમે તમારી પ્રાથમિક ફરજ અદા કરી છે એમ ગણાશે. આ ખુલ્લી જગા પર માત્ર ૬ વર્ષ કરતાં નાનાં બાળકોનો જ હક રહેવો જોઇએ. એ જગા પર પછી તમને પોસાય તો બાળકકાર્યાંગણ કરો અથવા બાળમંદિર કરો; પણ દર ૮૦ થી ૧૦૦ કુટુંબો દીઠ એટલી ખુલ્લી જગા રાખવી એ બાળકોના જન્મસિધ્ધ હક તરીકે સ્વીકારશો.

ખુલ્લી જગા અને બાંધકામ

૮ થી ૧૦ હજારના ચો. ફીટના એટલે કે ૮૦'×૧૦૦' અથવા ૧૦૦'×૧૦૦' ના આ પ્લોટ પર ઓછામાં ઓછું ચોથા ભાગ પર બાંધકામ થાય અને બાકીના ત્રણ ભાગની જમીનમાં એક ભાગ પર બાળમંદિરનો બગીચો બનાવવો અને બે ભાગ બાળકોના ક્રીડાંગણ માટે વાપરવો. પ્લોટનો ચોથો ભાગ એટલે કે ૨૦૦૦ ચો. ફીટથી ૨૫૦૦ ચો. ફીટમાં બાળમંદિરનું જે મકાન થાય. તેમાં જગાની વહેંચણી સામાન્ય રીતે નીચે મુજબ થાય તો તે બાળમંદિર માટે ઘણી અનુકૂળતા રહે.

બાળકોની પ્રવૃત્તિના બે ઓરડા	૮૦૦	ચો.	ફીટ.
બાળકોનું રસોડું	૩૦૦	,,	,,
સ્ટોર અને ઓફિસ	૩૦૦	,,	,,
જાજરૂ, મૂતરડીઓ અને સ્નાનગૃહ	૧૨૦	,,	,,
આરામ, વિશ્રાંતિ માટે ઓરડો	૧૨૦	,,	,,

ઓટલાઓ, પરસાળ વગેરે માટે બાકીની જગા

સામાન્ય રીતે પ્રવૃત્તિના ઓરડાઓમાં બાળક દીઠ ૬૬ ચો. ફીટથી ૨૦ ચો. ફીટ જગા પૂરતી ગણાય છે અને અન્ય વ્યવસ્થા માટે એટલી જ જગા રખાય તો બાળમંદિરની બધી જરૂરિયાતો પૂરી કરી શકાય. બાંધકામની અને બીજાં અંગોની વગેરે હવે પછીના અંકમાં વિચારી લેશું.

શેષ નામહે

માનસશાસ્ત્ર ને માનવી

આજે આપણે જ્યાં ને ત્યાં માસિક, પાક્ષિક, અને અઠવાડિકોમાં તથા સારા સારા વિદ્વાન કેળવણીકારોનાં વ્યાખ્યાનોમાં એક જ વ ત વાંચીએ છીએ, સાંભળીએ છીએ, જાણે સારાય હિન્દુસ્તાનમાં એક જ ધૂન મચી રહી છે. 'બાળકને સ્વતંત્રતા બક્ષો,' "બાળકને મુક્ત વાતાવરણમાં ઉછરવા દો." અને ઊંડા નિશ્વાસ સાથે સ્મૃતિ થઇ આવે છે આપણા ગત બચપણની. મન વિચારે ચડે. એક ક્ષણમાં તો અનેક વિચારો આવે ને પાછા ચાલ્યા જાય. પરિણામે આ તરફ વિચાર કરવા પ્રેરણા જાગે છે.

વિચારકોએ બાલ્યકાળને 'જીવનનું પ્રભાત' લેખ્યું છે. જીવનનો, ચારિત્ર્ય-ઘડતરનો પાયો આજ કાળમાં નંખાય છે, એટલા માટે કે બાળક દેખીતું ઘણું નાનું લાગે, છતાં તે થોડી મુદ્દતમાં ઘણું જ શીખી લે છે. ચેતનસૃષ્ટિના કોઈ પણ જીવજંતુ, પક્ષી કે પશુનાં બચ્ચાં કરતાં મનુષ્ય તરીકે બાળકમાં કંઇક વિશેષપણે કુતુહલતા ને જિજ્ઞાસા હોય છે. એટલું જ નહિ પણ અનુકરણ કરવાની, કંઇક અવનવું રચવાની એક પ્રકારની સર્જનશક્તિ હોય છે.

જો આ વાત સ્વીકારીએ તો સહેજે સમજી શકાય કે તેના (બાળકના) જન્મદાતા પિતા-માતાનું વર્તન ને એકેએક પ્રવૃત્તિ શુદ્ધ, વિચારયુકત હોવી જોઇએ; બાળક ચાર-પાંચ વર્ષનું થાય ત્યાં સુધી ઘરમાં એટલે કે માતાપિતાની સમીપમાં વધુ રહેતું હોય છે. કહેવત છે "કુમળો છોડ જેમ વાળીએ તેમ વળે" તો બાળકરૂપી કુમળા છોડને આપણી અજ્ઞ નતાને લીધે ખોટી રીત વાળવાની ભયંકર ભૂલ ન કરી બેસીએ, એ માબાપોનો ત્યારે ધર્મ.

કઈ ખોટી રીત, કઇ સાચી રીત, તેનો આપણી પાસે સ્પષ્ટ ખ્યાલ હોતો નથી.—અન્ય શબ્દોમાં કહું તો આ બાબતમાં આપણે બહુ જ સ્થૂલ સ્વરૂપે વિચાર કરતા હોઇએ છીએ દરેક માબાપ પોતાના સંતાનોને સુઘડ ને સજ્જન નાગરિક ઘડવા ઇચ્છા રાખતા હોય છે, જ્યારે સમાજમાં તેથી ઊલટું જ નજરે પડે છે. આપણાથી ઘણી વખત બોલાઇ જતું હોય છે કે "હીરા તો કયાંક જ હોય; બાકી બધે પાણા" સહેજે વિચારવાનું મન થાય. આનું કારણ શું?

બાળક બે અઢી વર્ષનું થાય ત્યાંસુધી તો પારણામાં સૂતા સૂતા તે આસપાસ બધું જ જોયા જ કરતું હોય છે. તેનામાં સમજણશક્તિ ન હોવા છતાં તેની આછી પાતળી છાપ શિશુમન પર પડે છે જ. અઢીથી ચાર પાંચ વર્ષ સુધીનો ગાળો કે જે માણસજાત માટે અતિ અમૂલ્ય લેખાયો છે, જેમાં સંસ્કાર-નિરૂપણ સુલભ છે, તે અરસામાં બાળક ઠીક પ્રમાણમાં બોલતાં શીખ્યું હોય છે. તેના સ્નાયુઓ હલનચલનની ઠીક ઠીક શક્તિ ગ્રહણ કરી શકયા હોય છે.

આથી આજ સુધીમાં જોયેલું તે હવે વર્તનમાં મૂકવા જાણ્યે અજાણ્યે પણ પ્રયત્ન કરતું હોય છે.

આજે તો આપણા દેશમાં કેળવણીમાં ઠીક ઠીક નવા વિચારો દાખલ થયા છે. મેડમ મોન્ટેસોરી તથા ગિજુભાઇએ બાળકની અવદશાથી ઉદ્ભવેલ સંવેદનોનાં ફળ રૂપ, આવેલા વિચારોને અનુભવની કસોટીએ કસીને વૈજ્ઞાનિક ઢબે પદ્ધતિનું રૂપ આપીને જીવંત દૃષ્ટાંતો આપણી સમક્ષ મૂકયાં છે.

અઢીથી પાંચ વર્ષનો અણમૂલ બાલ્યકાળ બળકે બાલમંદિરમાં ગાળવો જોઇએ, જ્યાં તેને સમૂહમાં જીવવાની તાલીમ મળે, જ્યાં તે એક નહિ પણ અનેક જુદા જુદા સ્વભાવના, રૂપરંગના, સમાન વયના બાળકો સાથે પોતાની જાતને યોગ્ય રીતે ગોઠવી શકે, એટલું જ નહિ પણ પોતાના ભાવિ જીવન માટેનો યોગ્ય વિકાસ આવા અનુકૂળ વાતાવરણવાળા બાલમંદિરમાં જ સાધી શકે.

આપણો દેશ બીજા દેશોની સરખામણીમાં ઘણો જ ગરીબ છે. તેના કરતાંય વધારે મોટા ભાગની વસ્તી અજ્ઞાન, અભણ છે. એટલે કેળવણીને સાચા અર્થમાં આપણે હજુ સમજી શકયા નથી. આ અને આવાં અનેક કારણોને લીધે કેટલાય માબાપો પોતાનાં બાળકોને તેમના જીવનવિકાસ માટે જરૂરી સાધનો કે અનુકૂળ વાતાવરણ આપી શકતા નથી. બાળકના મનો વ્યાપારની દરેક ક્રિયા પ્રક્રિયાને અવલોકવા કે સમજવાનો અવકાશ આપણી પાસે છે નહીં. અરે! પોતાનાથી જાણ્યે અજાણ્યે થતી દરેક ક્રિયાનું નિરીક્ષણ કરવા મનોવિજ્ઞાનની કસોટી પર ચડાવવાનો બિલકુલ સમજણ જ નથી.

આનું પરિણામ આજે આપણે જોઈ શકીએ છીએ. અનુભવી શકીએ છીએ. મોટા ભાગનાં બાળકોમાં શારીરિક તેમ જ માનસિક, અસલ બામીઓ રહેવા પામે છે. તેનું ફળ તેને પોતાને માટે જ નહિ પણ સમાજ કે રાષ્ટ્ર માટે અતિ ભયંકર હોય છે. અને તે ક્ષતિઓ ઘણે અંશે દૂર કરવાનો એક માત્ર ઉપાય બાલમંદિર છે.

આજે આપણે ત્યાં ચોવીશ કલાકનાં બાલમંદિરો હોતાં નથી. માત્ર ચાર કલાક માટે જ છે. એટલે બાકીનો વખત બાળક માબાપ પાસે જ રહેવા પામે છે. તો પછી આપણી ભાવિ પ્રજાના હિત ને ઉત્કર્ષ ખાતર દરેક માબાપે પોતાના જીવનને અવલોકતાં શીખવું જોઈએ. જાણ્યે અજાણ્યે થતી દરેક ક્રિયા પ્રક્રિયા ઉપર વિચાર કરવો જોઈએ. જેથી એ પોતાના જીવનથી, એને ઘેર આવેલ બાલજીવને સંપૂર્ણ સહાયરૂપ થાય.

દિલ્હીપરાયુ પંડ્યા.

રૌપ્ય મહોત્સવ સમાચાર

બાળશિક્ષણ જયંતિ સપ્તાહ

ચાલુ વર્ષ મુ. બા. શિ. સંઘના રૌપ્ય મહોત્સવનું હોવાથી દર વર્ષે ઉજવાતું સ્વ. ગિજુભાઇ જયંતિ સપ્તાહ અને હવેથી બાળશિક્ષણ જયંતિના નામે ઓળખાતું આ સપ્તાહ આ વર્ષે જુદી જુદી શાખાએ અને સંસ્થાએ વિશેષ રીતે ઉજવ્યું છે. મધ્યસ્થ રૌપ્ય સમિતિએ આ સપ્તાહ દરમ્યાન બાળકોના રૌપ્ય મહોત્સવ ફંડની યોજના કરી હતી. આ યોજનામાં એક આનાવાળી દોઢ લાખ શુભેચ્છા ટિકિટો છપાવવામાં આવી હતી અને તે સંઘ પ્રત્યે શુભેચ્છા ધરાવનાર સંસ્થાઓને સોંપવામાં આવી હતી. દરેક સંસ્થાનાં નવાં જૂનાં બાળકોએ ઘેર ઘેર જઈને આ સપ્તાહ દરમ્યાન આ ટિકિટોનું સરસ વેચાણ કર્યું છે અને એ રીતે સંઘનું નામ ઘરે ઘર જાણીતું કરાવી દીધું છે. દરેક શાખામાં નીચે મુજબ ટિકિટો મોકલવામાં આવી હતી:

સૌરાષ્ટ્ર ૯૦૦૦, અમદાવાદ શાખા ૧૬૦૦૦, કચ્છ ૩૨૦૦, ઉત્તર ગુજરાત ૬૪૦૦, મધ્ય ગુજરાત ૯૬૦૦, દ. ગુજરાત ૫૪૦૦, મધ્ય ભારત ૨૨૪૦૦, પૂના ૪૮૦૦, દક્ષિણ મહારાષ્ટ્ર ૯૬૦૦, મુંબઇ ૪૦,૦૦૦, બોર્ડી ૮૦૦, વેજલકા ૮૦૦, પરચુરણ ૨૨૦૦૦. કયાં કેટલું વેચાણ થયું તેના આંકડાઓ આવતા અંકે આપીશું. આ ટિકિટ વેચાણ ઉપરાન્ત શાખાઓની અનેક સંસ્થાઓમાં સરઘસો, મેળાવડા, વ્યાખ્યાનો પ્રદર્શનો આદિના કાર્યક્રમો થયા છે. અમદાવાદમાં ૩ હજાર બાળકોનો મેળાવડો, શ્રી તારાબેનનું ભાષણ. વિસનગરમાં શ્રી. પોપટલાલ ચુડગરનું વાલીઓ સમક્ષ ભાષણ; વડોદરામાં સરઘસ અને સભા; કોલ્હાપૂરમાં સરઘસ અને સભા; મુંબઇની ઘણી સંસ્થાઓએ સ્વ. ગિજુભાઇને જુદેજુદે પ્રકારે અંજલી આપી હતી. મુંબઇ શાખા તરફથી શ્રી. કાકુભાઇનું સ્વ. ગિજુભાઇના કાર્યની મહત્તા સ્પષ્ટ કરતું ભાષણ રાખવામાં આવ્યું હતું.

બાળશિક્ષણ નગરો

વડોદરા (મધ્ય ગુજરાત શાખા) તા. ૧૪, ૧૫ અને ૧૬ ના રોજ મધ્ય ગુજરાત શાખાનું

ત્રીજું અને વડોદરાનું પહેલું બાળશિક્ષણ નગર —વડોદરા યુનિવર્સિટીના માનનીય વ્હાઇસ ચાન્સેલર શ્રી હંસાબેન મહેતાના શુભ હસ્તે, મહારાણી ગર્લ્સ હાઇસ્કૂલમાં ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. વડોદરાનું બીજું બા. શિ. નગર તા. ૧ ડિસેંબરના રોજ ઘડિયાળી પોળમાં આવેલ શ્રી. સયાજી હાઇ-સ્કૂલમાં શ્રી. સવિતાબેન અમીનના વરદ હસ્તે ખુલ્લું મુકાયું હતું. વડોદરાના રૌપ્ય મહોત્સવ નાટે વડોદરાની શિક્ષણ–સંસ્થાઓના પ્રતિનિધિ તેમ જ કેળવણીમાં રસ લેતા નાગરિકોની એક સ્વાગત સમિતિ રચવામાં આવી હતી અને તેનું પ્રમુખસ્થાન વડોદરાના કાર્યકર શ્રી. છોટાભાઇ સુતરિયાએ લીધું હતું. બાળશિક્ષણ નગરનો લાભ વડોદરાની જનતાએ ખૂબ ઉત્સાહ થી લીધો હતો.

વિસનગર (ઉત્તર ગુજરાત શાખા)

તા. ૨૧ અને ૨૨મીના રોજ વિસનગરના નગરપાલિકા બાળમંદિરની આગેવાની હેઠળ ઉત્તર ગુજરાત શાખાનું આ સાતમું બાળશિક્ષણ નગર સ્વ ગિજુભાઇના સ્નેહી શ્રી. પોપટલાલ ચુડગરના શુભ હસ્તે ખુલ્લું મૂકાયું હતું.

બોરીવલી (મુંબઇ શાળા)

તા. ૧ અને તા. ૨જી ના રોજ બોરીવલી, કાંદાવલી, મલાડ અને ગોરેગાંવ વિભાગ માટે, બોરિવલીની ગોપાળજી હેમરાજ હાઇસ્કુલમાં બાળ શિક્ષણ નગર યોજવામાં આવ્યું હતું. શુક્રવાર તા. ૩૦ નવેમ્બરના રોજ ૩૦૦૦ બાળકોનું ભવ્ય સરઘસ બોરિવલીના મુખ્ય રસ્તાઓ પર ફરી વળ્યું હતું, તેનું પ્રમુખ પદ જાણીતા સામાજિક તથા રાજકીય કાર્યકર શ્રી. જયશ્રીબેન રાયજીએ સ્વીકાર્યું હતું.

વિલેપાર્લે (મુંબઇ શાખા)

તા. ૮મી અને ૯મીના રોજ વિલેપાર્લેમાં બાળશિક્ષણ નગર યોજવામાં આવ્યું હતું. અહીં પણ સરઘસ અને સંમેલનના કાર્યક્રમો યોજાયા હતા સંમેલનના પ્રમુખ તરીકે અંધેરીના જાણીતા કાર્યકર શ્રી ચુનીલાલ બરફીવાલાની વરણી થઇ હતી. પારલામાં આને અંગે ખૂબ ઉત્સાહ જણાયો હતો.

કોલ્હાપૂર નેપાણી (મહારાષ્ટ્ર) શ્રી. અનુતાઇ વાઘ તથા શ્રી. તારાબેન મોડક દક્ષિણ મહારાષ્ટ્રમાં નૂ. બા. શિ. સંઘ પ્રચારાર્થ ફરી આવ્યા. કોલ્હા-પૂરમાં ત્યાંના કલેક્ટરના પત્ની મિસિસ વામના શુભ હસ્તે બા. શિ. નગર ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. નિપાણીમાં બાળકોનું સરઘસ તથા શ્રી. અનુતાઇનાં વ્યાખ્યાનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દાનની અને ફાળાની વીગતો આવતા અંકે આપીશું.

વિહારી

ગુજરાતી મરાઠી હિન્દી

શિક્ષણ પત્રિકાના નવા ગ્રાહકો નોંધો

વાર્ષિક લવાજમ આઠ રૂપિયા

: ગુજરાતી :	: મરાઠી :	: હિન્દી :
બાબીબેન મૂલજી દયાલ	માલિનીબાઇ પરાંજપે	કાશીનાથજી ત્રિવેદી
શાંતારામ નારાયણ લેન	૨૦૨/૧ સદાશિવ પેઠ,	૫૧ નંદલાલ પુરા લેન
વાલકેશ્વર મુંબઇ ૬.	પૂના ૨.	ઈન્દોર

ધૂળ ની ઢગલી માં થી

“ બકુલનાં ફૂલ ”

“ગિજુભાઇ! લો પાણી.’ નાની દોઢ બે વરસની હું ભાવનગર દક્ષિણામૂર્તિના અધ્યાપનમંદિરનાં ભાષણો ચાલુ હોય, બધે નીરવ શાંતિ પથરાઇ હોય, ગિજુભાઇની વાગ્ધારા અતૂટ ચાલતી હોય અને વિદ્યાર્થીઓ એકસરખા સાંભળતા હોય ત્યાં ગિજુભાઇને માટે હું પાણીનો પ્યાલો ભરીને લઇ આવું અને મારી કાલીઘેલી બોલીમાં તેમને પાણી પીવાનું કહું. મને બરાબર યાદ છે; ગિજુભાઇ મારા સામું જુએ. ભાષણમાં ખલેલ પાડયા બદલ ન એમને મારા ઉપર ગુસ્સો આવે, કે ન એમના કપાળમાં કરચલીઓ પડે. પણ એમની આંખોમાં હાસ્ય ચમકી ઊઠે. પ્રેમભર્યા બે હાથ ઉમળકાભેર આગળ આવે; એક હાથમાં પાણીનો પ્યાલો લે અને બીજો હાથ મારા માથા ઉપર ફરે. ગિજુભાઇ એ પાણી ગટગટાવી જાય. કોઇ કહે, ગિજુભાઇ! એ તો જજરૂ જવાના પાણીના પીપમાંથી પાણી ભરી લાવી છે. જુઓને, એનાં કપડાં. ન્હાઇ ન્હાઇને પીપ ખાલી કરી નાખ્યું હશે. કેવી ટાઢે થરથરે છે! ગિજુભાઇ આ બધું શાંતિથી સાંભળે અને ફરી એમની આંખો હસી ઊઠે. ન એમના મુખ ઉપરના ભાવ બદલાય, કે ન એમને એવું પાણી પીધા બદલ પસ્તાવો થાય. પછી મારા ઉપર ખીજવાની તો વાત જ ક્યાં? ઉલટાનું કહે, “જા, જેલભારતી, બીજું પાણી લઇ આવ.’ કહે છે કે હું જઉં એટલે વિદ્યાર્થીઓને કહેતા: બાળકના પ્રેમને પિછાનો. બાળક તમારી પાસે જેટલા પ્રેમથી આવે છે તેટલા જ પ્રેમથી તેને આવકાર આપો. એને ધુત્કારશો નહિ, એની અવગણના કરશો નહિ; એને નિરાશ કરશો નહિ. આમ એક

પાણીના પ્યાલા ઉપરથી બાલ-શિક્ષણના સિદ્ધાન્તો એમના મુખમાંથી સરી પડતા.

વર્ષો વીત્યાં. હું મોટી થઇ હતી. એવામાં એક વખત સમાચાર મળ્યા કે ગિજુભાઇ બિમાર છે; તેમને લકવો થયો છે અને હરકીસનદાસ હોસ્પીટલમાં એમને રાખવામાં આવ્યા છે. હું, બા અને બાપુજી સાથે તેમને જોવા જવા માટે તૈયાર થઈ. ગિજુભાઇને ફૂલો બહુ ગમતાં. બાળકોને એ કુમળાં ફૂલો સાથે સરખાવતાં. હું પણ એમને માટે થોડાં સુગંધીદાર ફૂલો લઇ હોંશે હોંશે ગઈ. ગિજુભાઇ પલંગ પર સૂતા હતા. ન હાલી શકે કે ન બોલી ચાલી શકે. જે કહેવું હોય તે માંડમાંડ પાટી ઉપર લખે, નહિ તો ઇશારો કરે. હું ગઇ અને દૂર ખુરશી ઉપર બેઠી. પિનાકીન ભાઈ ભજન ગાતા હતા. મન તો ઘણું થતું હતું કે દોડીને ગિજુભાઇને બાઝી પડું. એમની સાથે પેટભરીને વાંતો કરું, પણ ત્યાંનું ગંભીર વાતાવરણ મને મૂંઝવતું હતું. મને કોઇ એમની પાસે જવા દેતું ન હતું. પણ ત્યાં તો ભજન પૂરું થયું અને ગિજુભાઇએ જ મારી મૂંઝવણ ટાળી દીધી. તેમણે મને ઇશારાથી બોલાવી. હું ગઇ અને મેં એમને ફૂલો આપ્યાં. મને થયું કે હમણાં ગિજુભાઇ કંઈ બોલશે; એક વખ્યો મારશે, કે પછી માથે હાથ ફેરવશે. પણ મને શી ખબર કે ગિજુભાઇની શારીરિક શક્તિઓ હણાઇ ગઇ છે અને હવે એમનો હાથ મારા માથા ઉપર કદી નહિ ફરે કે 'જા, જેલભારતી, બીજું પાણી લઇ આવ.' એવા શબ્દો પણ જીવનમાં ફરી કદીય સાંભળવાના નહિ મળે. એમણે બદલામાં, મને પણ ફૂલો આપ્યાં, શેનાં ફૂલો ખબર છે? બકુલનાં. કેટલી મીઠી અને પ્રેરક એની સુવાસ! એની ઝીણી ઝીણી પાંખડીઓ જોઈને તો ગિજુભાઇની મૂછો જ યાદ આવે. મનમાં દુઃખ થતું હતું કે ગિજુભાઇ આજે હોત તો! હસતાં, રમતાં અને કિલ્લોલ કરતાં બાલપુષ્પો જોઇ એમની છાતી કેવી ફુલાત! એમને કેટલો બધો આનંદ થાત! પણ બહુ

લનું ફૂલ યાદ આવતાં, એ દુઃખ ઊડી ગયું; મન પ્રફુલ્લિત થયું; ફૂલ સૂકાઈ જાય છે, ચિમળાઈ જાય છે છતાં પણ એમની સુવાસ વાતાવરણને ભરી દે છે, અને પવનલહરીઓ એ સુવાસને દૂર દૂર પ્રસરાવે છે. ગિજુભાઇ આપણી વચ્ચે આજે સદેહે નથી. એમનો દેહ સૂકાઈ ગયો છે—નષ્ટ પામ્યો છે, પરંતુ એમની સુવાસ હજુ પણ વાતાવરણને ભરી દે છે. આપણે પણ પવનલલરીઓ બની એ સુવાસને ભારતને ખુણેખુણે શું ન પ્રસરાવી શકીએ? જો આપણે આટલું જ કરીએ તો ગિજુભાઈનું પ્રતિબિંબ એક એક બાળકના મુખડામાં આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ. આ રીતે જ આપણે ગિજુભાઈ પ્રત્યેની આપણી ભક્તિ અને પ્રેમભાવ પ્રદર્શિત કરી શકીએ.

આવા વિચારોમાં કંઈ કેટલો ય વખત હું એની છબી આગળ ઊભી રહી હોઈશ અને હજુ પણ રહેત એની કલ્પના નથી આવતી. પણ, "લે મોટીબેન, તારા માટે ફૂલો લાવ્યો; તને બહુ ગમે છે ને?" બાબાના એ શબ્દોએ મને જગૃત કરી. પાછું વળીને જોયું તો બાબાના હાથમાં રૂમાલ ભરીને મારાં મનગમતાં બકુલપુષ્પો હતાં. મારું મન આનંદથી ભરાઈ ગયું. મેં પ્રેમપૂર્વક પુષ્પો લઈ લીધાં અને ચૂમ્યાં. એ જ પુષ્પોથી મેં ગિજુભાઇની છબી આગળ ફૂલઅક્ષરો લખ્યા :

"ગિજુભાઇ અમર રહો."

જેલભારતી પ્ર. ઉપાધ્યાય

જૂનું ઘર

૨૦ વરસનું જૂનું ઘર ખાલી કરવાને હવે બે જ દિવસ રહ્યા. બાને તો જાણે ઘડી ઘડીમાં આંખમાં આંસુ આવી જતાં. બાપાને પણ કાંઇ ગમતું નહીં. તનુને એની ઘેાળી બિલાડીની ચિંતા થવા માંડી. મનુને પોતાની તોફાની ટોળી મૂકવી ગમી નહીં. ફક્ત નાની માધવી બોલ્યા કરતી, પૂછ્યા કરતી; "હવે ક્યારે નવે ઘેર જઈશું"?

અમારું ઘર કેમ ભૂલાશે? પાસેના પીપળા તળેનું પેલું ગાયનું ટોળું દાણાવાળાનું થૂલું વાગોળ્યા જ કરતું. સવાર પડે કે પંખી ગાતાં. પાસેના પીપળા પરથી ટોળે

ઊડતાં ને ટોળે પાછાં આવતાં. સવારે દાણાની થાળી મૂકી કે અફાળીને બાય. એનો અવાજ મધુર મધુર લાગે. પાસેનો તુળસી-ક્યારો અમે આવ્યા ત્યારે તટેલો હતો. પછી બાપુએ સમરાવ્યો, બાએ રંગાવ્યો. આસપાસથી રોજ કોઇ કોઇક પાણી રેડી જાય ને ઘીનો દીવો મૂકી જાય. અમારી તો દરેક પરીક્ષા વખતે બા કહે "જા તુળસી-ક્યારે ઘીનો દીવો મૂકી આવ."

આ બધું કેમ છોડાશે? વિચાર આવે ને સૌની આંખો ભીની થાય. કોઇને હોસ્તારની ટોળી સાંભળે; કોઇને તુળસીક્યારો, તો કોઇને પંખીનું ટોળું સાંભળે.

આમ કરતાં બરેબર છેલ્લો દિવસ આવ્યો.

બાએ તુળસીક્યારા પર અખંડ દીવો મૂકયો. પાસેના મંદિરમાં એકને બદલે બે વાર જઇ આવી.

તનુ ધોળી બિલાડી પાસે બેસી જ રહેયો. એને બે ત્રણ દિવસનું દૂધ ત્રણ રકાબીમાં મૂકયું.

બાપાએ પણ સાંજ પડતાં મારી સાથે ઊભા રહી પંખીઓને ઘેર વળતાં જોયાં જ કર્યાં.

નાની બહેન પોતાના રોપેલા ગલગોટાને બે વાર પાણી પાઇ આવી.

પંખીઓની તાસકમાં મનુ બપ બપ ચણ નાખી આવ્યો.

જાણે બધા જ જના ઘર માટે છાનું છાનું રડતાં જ ન હોય! પથ્થરને આંખો હોત તો તે પણ ભીની થાત.

છેવટે સૌ દાદર ઊતર્યા. પડોશી આવ્યાં – સૌ કહેવા લાગ્યા "માયા રાખજો". બધાની આંખો ભીની થઇ. પેલો પીપળો, પેલો તુલસી-ક્યારો, પેલાં પંખીઓ પણ જાણે બોલતાં હોય, જાણે કહેતાં કે કે માયા રાખજો—એવું લાગ્યું. અમે ગાયને પંપાળી. એણે પણ જાણે આંખો ઊંચી કરી કહ્યું "માયા રાખજો."

પંખીઓએ પાંખ ફફડાવી નહીં. બોલતાં આવડતું હોત તો તે પણ કહેત "માયા રાખજો." પણ નવે ઘેર પહોંચી સૌ તેને શણ-ગારવામાં પડી ગયા, બા બિચારા કામના ઢગલામાં દટાઇ ગયાં. અમે સૌ દિવાલ શણગારવામાં પડયાં. ઉષા તો બાગના મોટા ગલગોટા જોવા લાગી. નવા ઘરની નવા-ઈમાં સૌ પડી ગયાં. જૂનું ઘર તો પલકમાં ભૂલાઇ ગયું.

જૂના ઘરમાં નવા માણસો આવ્યાં. અમારું જૂનું ઘર શણગારવામાં નવા માણસો કામે લાગી ગયાં.

અમને નવું ઘર મળ્યું, જૂના ઘરને નવા માણસો મળ્યાં.

પંદરમો મોન્ટેસોરી કોર્સ:

તા. ૧૦ ડિસે. થી તા. ૧૦ એપ્રિલ '૫૨ સુધીને માટે હૈદ્રાબાદ (દક્ષિણ)માં ૧૫મો મોન્ટે. કોર્સ રાખવાનું ઠર્યું છે. એનું સંચાલન શ્રી. પુસ્ટન કરશે. મોન્ટેસોરી પદ્ધતિ, સાધનો વગેરેની ત્યાં તાલીમ આપવામાં આવશે. મેટ્રિક અથવા તત્સમ પાસ હોય તેમનેજ સ્થાન મળશે.

વર્ગની ફી રૂ. ૧૭૫ રાખવામાં આવી છે એને અંગેની વધુ માહિતી નીચેને સરનામેથી મેળવી શકાશે. મીરીયમ રાજવાડે—ઓનરરી ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી. એગમપેઠ, હૈદ્રાબાદ-ડેક્કન.

ચાણુકપુરી ઇન્ડ કંપની લિમિટેડ

[સ્થાપના : ૧૯૨૧]

હેડ ઓફિસ : ૧૬, ઓપેરા હાઉસ રોડ, મુંબઇ

શાખાઓ : અમદાવાદ, કલકત્તા, દિલ્હી, નડીયાદ અને પૂના

દરેક જાતના ઉદ્યોગો માટે

કેમિકલ્સ, ટેકસટાઇલ, ડાઇઝ, મીલ સ્ટોર્સ, સાયન્ટીફીક મટીરીયલ, સલ્ફર્સ, ફર્ટીલાઈઝર્સના હિંદુસ્તાનના

સૌથી મોટા અને જરૂરસાધન સપ્લાયર્સ અને સ્ટોકિસ્ટસ

ટેલીગ્રામ્સ : "ચનીબાલા, મુંબઇ" ટેલિફોન : ૨૫૯૯૬૫/૬૬૬૬

હેડ ઓફિસ મુંબઇ, ૫૮ શાખાઓ અને ૧૦ મેઇલ ડીપોટસ મોકલે.

---

* આપણા સ્પેશ્યલ સેવિંગ્સ ડીપોઝીટ ખાતામાં ૨-૧/૮ % લેખે વ્યાજ આપવામાં આવે છે. દાને રૂા. ૧૦૦૦થી ઓછું બેલાશ છે.

* આપણી ૬ વર્ષ અને ૭ વર્ષની કિંમ્સ સર્ટીફીકેટ્સ લગભગ ૩-૧/૨ % અને ૪-૩/૪ % વ્યાજ આપે છે.

* આપણા સેવિંગ્સ બેંક ખાતામાં ૧-૧/૨ % દર લેખે વ્યાજ આપવામાં આવે છે અને રૂા. ૨૦ થી ઓછું બેલાશ છે

આપણી ઓફીસ કરવામાં દિલાકેક તમારે ત્યાં કરેકે

ગેરન્ટીડ
લાયકી
[illegible]
આપે જ બનાવો
પોતે જ વાપરો
. ગ ચિન્હાન :
શિકારુ અન્નિકા હાયસ્કિલ,
નીતારામ નાગપણ કો.,
વાન્દ્રેકાર. મુંબઇ ૬.

Regd. No. 2241.

બેંગલોરની કેપ અને જ્યોર્જેટની

સાડીઓ

ચોકડીવાળી અને વિવિધ રંગોમાં વિવિધ
પાલવ અને પાટલીપાલવથી સુશોભિત
તદ્દન નવો જ સ્ટોક

×—○—×

આજે જ પધારો

શ્રી બોમ્બે સ્વદેશી કોઓપરેટિવ

સ્ટોર્સ કંપની લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ,
ફોર્ટ, મુંબઈ નં. ૧

ટેલીફોન : ૨૦૪૫૩

શાખા : પૂના અને સિકંદરાબાદ

હવાઈ-દરિયાઈ-રેલ્વેની

પરદેશની મુસાફરી માટેની ટિકિટો

અને તેને લગતી બીનતો,

અમારે ત્યાંથી

મેસર્સ બી. એન્ડ મુરહેડ (ઈંડિયા)

લિમિટેડની

શાખા મારફત મેળવો.

શિક્ષણનું સર્વ સાહિત્ય

નૂતન કેળવણીના સિધ્ધાંતોને અનુસરતી શાળાઓને ઉપયોગી એવું શિક્ષણસાહિત્ય, બાલમંદિર અને નર્સરી સ્કૂલનું પ્રબોધક સાહિત્ય, જ્ઞાન આપતી ઇતર પ્રવૃત્તિઓ માટેનાં સાધનો, નકશા અને ચિત્રપટના લીસ્ટ માટે લખો અથવા આ બધું નજર સમક્ષ જોવા અવશ્ય મુલાકાત લ્યો.

જેયંદ તલકશી એન્ડ સન્સ,
૧૪૬, હોર્નબી રોડ મુંબઇ ૧.

શિક્ષણ-પત્રિકાના

— ખાસ અંકો —

સંઘના પચીસ વર્ષના કામનો રસિક
ઇતિહાસ રજૂ કરતી પરિચય-પત્રિકા
આઠ આના

☆

બાળકોને માટે સુંદર સાહિત્ય
રજૂ કરતો 'બાળક અંક'
આઠ આના

– લખો –

'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય, વાલકેશ્વર, મુંબઇ ૬.

આગ—અકસ્માત—જિંદગી

મોટર: હવિયાઈ વર્કમેન્સ કોમ્પેન્સેશન
સર્વ પ્રકારનું વીમાકામ
સરળ શરતોથી થાય છે.
લાગવગ ધરાવતા ઉત્સાહી કાર્યકરોને
સંતોષકારક મહેનતાણું:
એજન્સી કે પ્રતિનિધિત્વ માટે જરૂરી સાહિત્ય
મંગાવો.

ધી ઇન્ડીઅન ગ્લોબ ઇન્સ્યુરન્સ કું. લી.

—: હેડ ઓફિસ :—
૩૧૫-૩૨૧ પ્રોસ્પેક્ટ ચેમ્બર્સ, હોર્નબી રોડ
મુંબઇ

મુદ્રક અને પ્રકાશક : શ્રી બ્યાબીએન જૂલજી દયાળ, શાંતારામ નારાયણ લેન, વાલકેશ્વર, મુંબઇ-૬
મુદ્રણ-સ્થળ : પ્રતિમા પ્રિન્ટરી,, ગામદેવી, મુંબઇ-૭.

18
D
PO